દ્રાં

પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

# શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર




ભાગ-૪

અધ્યાય ૬૭થી ૮૪

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય



જે જે દિસે તે તે દત્ત- ॥ સ્વરૂપ જાણ નિશ્ચિત ॥ બહાર અંદર પ્રતીત ॥ થાતાં ભીતિ ક્યાં રહે ॥ ૧ ॥
રેવા ગંગા ગોદાવરી ॥ તત્ત્વરૂપે નિર્મલ વારિ ॥ નામરૂપ ખોખાં ખાલી ॥ બાળી નાંખી જો મહીં ॥ ૨ ॥
રૂપ બહુ નામબહુ ॥ નામભેદે લીલા બહુ ॥ વિધવિધ વર્ણવી સહુ ॥ બહુવિધ ગ્રંથોમાં ॥ ૩ ॥
જે નિરાકાર તે સાકાર ॥ દત્તરૂપે અવતાર ॥ ધરી કરે લીલા અપાર ॥ જે તે પૂર્વે વર્ણવી ॥ ૪ ॥
આવ્યા દિન બહુ કઠણ ॥ થાતાં વ્યાપ્ત કલિ જાણ ॥ જાણી એહ સચ્ચિદ્‌ઘન ॥ પુનઃ ધરે અવતાર ॥ ૫ ॥
એ દિગંબર શ્રીદત્ત ॥ શ્રીપાદરૂપે પ્રગટ ॥ થયા વિપ્રસ્ત્રીના સુત ॥ વળી યતીશ નૃસિંહ ॥ ૬ ॥
કરી બહુ લીલા તહીં ॥ મહારાષ્ટ્ર કર્ણાટક મહીં ॥ સારભૂત વર્ણવી અહીં ॥ કહી બધી કો શકે ॥ ૭ ॥
આપ્યું રાજ ધોબીડાને ॥ શું ન દે તે ભક્તોને ॥ ગાતાં લીલા એકાગ્ર મને ॥ ભવતરણે વાર શી ॥ ૮ ॥
પામે શ્રી મતિ કીર્તિ ॥ વિદ્યા આયુષ્ય સંતતિ ॥ અંતે કૈવલ્યપદ પ્રાપ્તિ ॥ જીવન્મુક્તિ જીવતાં ॥ ૯ ॥
સિદ્ધિ પાદ દાસી તેની ॥ જેણે ઓળખ્યો એ ધણી ॥ શ્રીપાદરાજ ચિંતામણી ॥ કલિતાર ન બીજો ॥ ૧૦ ॥
જે સ્વાદ લીલામૃતનો ॥ કોણ બાપડો ત્યાં સુધાનો ॥ સુધા સ્વર્ગ, આ ખજાનો ॥ મર્ત્યલોકનો મોંઘો રે ॥ ૧૧ ॥
જેમ વલ્લકીથી નાદ ॥ થાય સુખે હસ્તગત ॥ સાકારે નિરાકાર તત્‌ ॥ સ્વાન્તે ભક્ત અનુભવે ॥ ૧૨ ॥
એ વલ્લભ અંતર્યામી ॥ બહાર સદ્‌ગુરુરૂપે સ્વામી ॥ ખડો સંનિધ સ્મર્તૃગામી ॥ આત્મારામી દેખ રે ॥ ૧૩ ॥
એને ભરોસે છોડી કાજ ॥ જીવતાં કરી લે રાજ ॥ લોક-કુલ-શાસ્ત્ર લાજ ॥ છોડી જગે નાચ રે ॥ ૧૪ ॥
રાત દિન એ જ સ્મરણ ॥ થાતાં અન્ય વિસ્મરણ ॥ દેહ ગેહ જગ સંપૂર્ણ ॥ નંદનવન ભાસશે ॥ ૧૫ ॥
રે'શે ગંતવ્ય ના પછી ॥ જ્યાં અખંડ ધૂન મચી ॥ આપે આપ જોઈ રાચી ॥ વૃત્તિ પાછી ન ભંગે ॥ ૧૬ ॥
દિગંબર એક વેષ્ટિ ॥ રે'તાં બધે આનંદવૃષ્ટિ ॥ ચિંતા ચેષ્ટા મિથ્યા સૃષ્ટિ ॥ તરંગ ગતિ અર્ણવે ॥ ૧૭ ॥
રંગ રાગ બધા શમે ॥ જોઈ સ્વાત્મ સ્વાત્મે રમે ॥ દેવભક્તલીલાક્રમે ॥ આક્રમે અગમ્ય ॥ ૧૮ ॥

**પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ**
(શ્રી ગુરુલીલામૃત કર્મકાંડની પ્રસ્તાવના)

દ્રાં

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

# શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર



ભાગ-૪

અધ્યાય ૬૩થી ૮૪

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

મુદ્રક : હિમાંશુ ટ્રેડર્સ
અમદાવાદ
(૦૭૯-૫૪૫ ૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
'RAHH' RANG-PREM NI
'ગુંજન', ૧૭, અક્ષરકુંજ સોસાયટી,
ગોપી-વિદ્યાનગર રોડ.
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
'વરેણ્યમ્',
૬/ એ, કલ્પતરુ સોસાયટી,
અંકુર, અમદાવાદ. ૩૮૦ ૦૧૩.
(૦૭૯-૨૭૪૮૦૦૮૮)


આવૃત્તિ : બીજી
પોષ સુદ બીજ, ૨૦૬૧.
બુધવાર તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૫

પ્રત . ૫૦૦

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરની અનુમતિથી


શ્રી મધુસૂદન પ્ર. દવેના સૌજન્યથી

ત્રીસ રૂપિયા



## વિશ્વગુરુ દત્તાત્રેય ભગવાન

વન્દે યોગિવરં પરાત્પરતરં વન્દેડનસૂયાત્રિજં
વન્દે બાલજડોપમં નિરુપમં વન્દેડવધૂતં નુતમ્ ।
વન્દે કંજપદં મદં હતગદં વન્દે નિરસ્તાપદં
વન્દે ભક્તહૃદમ્બુજાર્કમમલં વન્દે ત્ર્યરિષ્ટાનલમ્ ॥



**રંગ અવધૂત મહારાજ**
**(નારેશ્વર)**

વન્દે રંગગુરું વિભૂતિવિરલં વન્દે ગતાઽહંકૃતિં
વન્દે દત્તપદારવિન્દનિરતં વન્દે વરં ભાવિકમ્ ।
વન્દે સારવિદં સુશિષ્યગતિદં વન્દે સદા સારદં
વન્દે રંગજ જન્મસંસ્કૃત કૃતં વન્દે વિરંગં વિભુમ્ ॥



## આશીર્વચન

દેવની આજ્ઞાથી દેવ પુરુષે સમાધિભાષામાં લખેલો શ્રીગુરુલીલામૃત ગ્રંથ એ દિવ્ય ઔપાસનિક ગ્રંથ છે. જ્ઞાન, કર્મ અને ઉપાસનાના ત્રણે કાંડના ૧૯૦૦૫ દોહરાનું ભકતો શ્રદ્ધાપૂર્વક પારાયણ કરે છે અને એમને સાત્ત્વિક આનંદ પણ મળે છે. પરંતુ તેઓ ઘણાં દોહરા સમજી શકતા ન હોવાથી એની મૂંઝવણ પણ રહે છે. આ અંગે ઘણાં ભાઇ-બહેનો પ્રશ્નો પૂછે છે પણ ખરાં.

આપણા દેશના ઓછું ભણેલા ભાઇ-બહેનોને આ પ્રશ્ન પજવતો હતો જ, એમાં પરદેશમાં પણ પારાયણ કરનાર ભકતો મુશ્કેલી અનુભવતાં હતાં. એમનો સમાવેશ થયો. એમનાં કિશોર વયનાં બાળક બાલિકાઓએ પારાયણ કરવામાં રસ દાખવ્યો એટલે આ મૂંઝવણ ઘેરી બની. એમાંથી એવો વિચાર જન્મ્યો કે આ દોહરાનું ગદ્યમાં રૂપાંતર થાય તો સમસ્યા ઘણી હળવી થઇ જાય. આ જ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા માટે શું કરવું જોઇએ એ વિચાર્યું.

આવું દેવકાર્ય કરી શકે એવા ભકતો તેમનાં કાર્યમાંથી આટલો સમય કાઢી શકે કે કેમ? આવો પ્રશ્ન મનમાં થયો. પછી વિચાર્યું કે નિવૃત્ત હોય તેને કહેવું. એટલે કુલીનભાઇ માટે વિચાર આવ્યો. તેમણે નાનાં-મોટાં ઘણાં પ્રકાશનો કર્યાં છે. એટલે તેમને પૂછ્યું. તેમણે હા કહ્યું. આ વાત મેં ગઇ સાલ પરદેશ જતાં કરેલી અને એવું કહેલું કે હું આવું ત્યાં સુધીમાં થઇ જાય તો સારું. તેને છપાવી દઇશું, અને ખાસ તો મારો વિચાર આનું અંગ્રેજી પણ કરાવવાનો છે જેથી પરદેશનાં બાળકો અને મોટાંઓ પણ લાભ લઇ શકે, જે જરૂરનું છે જ.

તેમણે આ દેવકાર્યનું ખૂબ જ પવિત્રતાથી લેખન કર્યું છે. તેમાં ઉપાસનાની દૃષ્ટિ પણ ખરી. એટલે એ જાણી કોને આનંદ ન થાય? એ બધી વિગતો તેઓ એમના નિવેદનમાં લખશે જ. એટલે હું વધુ નહિ લખું.

ગુરુમહારાજ તેમને આવાં કાર્યો કરવાની મતિ, શક્તિ અને રતિ અર્પે એવું ગુરુમહારાજને પ્રાર્થવું રહ્યું. આપણા મૂર્ધન્ય વિદ્વાનોને પૂછીને, સલાહ લઇને, સુધારા વધારા કરાવે તેમ કરજો તેમ પણ કહ્યું અને એ પ્રમાણે આ કાર્ય સંપન્ન થયું છે. ભગવદ્કાર્ય દિવ્ય ને ભવ્ય થવું જોઇએ.

આ ગ્રંથનું પ્રકાશન શ્રી દિલીપભાઇ ભટ્ટ (અમેરિકા) તથા શ્રી મધુસૂદનભાઇ પી. દવે (અમેરિકા) એમનાં માતા-પિતાની સ્મૃતિમાં બહાર પાડીને એમણે અનુકરણીય કાર્ય કર્યું છે.

ગુરુમહારાજના અમોઘ આશીર્વાદ આપણા સર્વ પર ઊતરો તેવી મનીષા સહ.

ૐ
પ્રેમ

અવધૂત કુટિર
લીંચ (૩૮૪ ૪૩૫)
(૦૨૭૬૨-૨૮૨૩૪૩)

# આવકાર

શ્રીગુરુલીલામૃત વરદ ગ્રંથ છે. કારણ કે તે સમાધિભાષામાં લખાયેલો છે. પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતીજી- તેમના ગુરુએ- વરદ સ્વપ્નમાં એ લખવાની આજ્ઞા કરી અને પૂ.શ્રીરંગ અવધૂત મહારાજે એમની પ્રેરણાનુસાર અને પોતાના "ભણતર સામેની છેલ્લી લડાઇ"ની જેમ લખ્યા કર્યું. ઘણી વાર તો એમના હાથની આંગળીઓ અકડાઇ જાય તે હદે સતત લખ્યા કર્યું !

"નવ જાણું ગુર્જર ગિરા" એમ પૂ.શ્રી ગુ.લી.માં કહે છે. પણ એમની ગુર્જર ગિરા ગીર્વાણ ગિરા છે અને તે પણ સમાધિભાષાની. તેથી ગુજરાતી વિદ્વાનોને પણ માથું ખંજવાળવું પડે તેવી છે.

વળી માણસને પદ્ય સમજવું અઘરું પડે છે. વેદાંતના સિદ્ધાંતો તો ગદ્યમાં પણ સમજવા અઘરા પડે તો પછી પદ્યમાં હોય ત્યાં શું થાય? તેથી જ ઘણા સમયથી એ સમગ્ર પદ્યાત્મક દોહરાઓનું ગદ્ય રૂપાંતર થાય તેવી માંગ હતી. એક બે પ્રયત્નો થયા ને હસ્તલિખિત રૂપમાં નારેશ્વર આવ્યા પણ ખરા, પરંતુ તે બધાએ સૂર્યનો પ્રકાશ જોયો નહીં.

પ્રા. કુલીન ઉપાધ્યાય પરિવારમાં જાણીતા છે અને તેમણે આ ગ્રંથનું ગદ્યરૂપાંતર કરી પૂ. પ્રેમઅવધૂતજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે જે સ્વયં સદ્ભાગ્ય છે.

સંસ્કૃતમાં તો **ગદ્યં કવીનાં નિકષં વદન્તિ** - ગદ્ય તો કવિઓની કસોટી કરનાર હોય છે. પણ તે તો સ્વતંત્ર કાવ્યાત્મક ગદ્યની વાત છે. અહીં પૂ.શ્રીના દોહરાઓને ગદ્યમાં રૂપાંતરિત કરવાનું હોવાથી અને શ્રી કુલીનભાઇ શબ્દોના સ્વામી હોવાથી એવી કોઇ કસોટી નથી.

હું તેમને અભિનંદું છું ને આ રૂપાંતરને આવકારી પૂ.શ્રીના શુભાશિષ તેમને મળો એવી પ્રાર્થના કરું છું.

વડોદરા

**- ધીરુભાઇ જોષી**

# ગદ્યરૂપાંતરકર્તાનું નિવેદન

શ્રીગુરુલીલામૃત ગદ્યરૂપાંતરનો ચોથો ભાગ અધ્યાય ૬૩ થી ૮૪ પ્રકાશિત કરતાં ભગવાનની લીલાનો અને સદ્‌ગુરુની કૃપાનો અનુભવ કરું છું. શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર-ભાગ ૧, ૨ અને ૩ ને જે રીતે આવકાર મળ્યો એ જોતાં આ દેવનું કાર્ય દેવ જ કરી રહ્યો છે એવું લાગે છે.

આ ગ્રંથમાં અધ્યાય ૬૩ થી ૮૪નું ગદ્યરૂપાંતર, પાદટીપ ઉપરાંત '**કર્મ**' વિશેની થોડી સમજ આપવાનો પ્રયત્ન કર્યો છે. કર્મકાંડના અધ્યાયના સંદર્ભમાં કર્મ વિશેની સમજ ઉચિત ગણાશે.

કર્મ વિશેની સમજ મુખ્યત્વે પ.પૂ.પ્રકાશાનંદજી (ગોદડીયા મહારાજ), પૂ.વિનોબાજી અને પૂ.વિદિતાત્માનંદજીના સાહિત્ય પર આધારિત છે. એ ત્રણેના ચરણોમાં ભાવપૂર્વક વંદન કરીને ઋણ સ્વીકારું છું. આશા છે સાધક વર્ગને આ પ્રયાસ ગમશે.

આ સમગ્ર ગ્રંથનું મૂળ લખાણ મુ. ધીરુભાઈએ ખૂબ દિલથી અને જહેમત ઊઠાવીને જોયું છે. એમના અતિ વ્યસ્ત કાર્યક્રમમાંથી પણ સમય કાઢીને એમણે ખૂબ ઉપયોગી સૂચનો કર્યા છે. એ માટે હું એમનો ખૂબ ખૂબ આભારી છું.

ગદ્યરૂપાંતર ભાગ ૧ માટે શ્રી ધીરુભાઈએ લખેલો આવકાર આ ભાગ માટે પણ સ્વીકાર્યો છે. આ માટે એમનો આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીએ ભાગ ૧ માટે આપેલું આશીર્વચન આ ભાગ માટે પણ સ્વીકાર્યું છે. એમનો તો ઋણ સ્વીકાર કરતા પણ સંકોચ અનુભવુ છું. આ સમગ્ર કાર્યનું પ્રેરણાબળ અને ચાલકબળ તેઓશ્રી જ છે.

આ ગ્રંથના બધા જ પ્રકરણોના પ્રૂફોને ઝીણવટતાથી તપાસીને બધું ઠીક કરવામાં મદદ કરનાર મુ.શ્રી ટી. આર. જોષી સાહેબનો અને મુ. નવનીતભાઈ પાઠકનો ઋણી છું. મુ. અનિલભાઈના સાથ, સહકાર અને હૂંફને યાદ કર્યા વિના કેમ ચાલે? સૌ. અંજનીની તથા કુટુંબીજનોની મદદને પણ બિરદાવું છું. ગ્રાફિકસનું કામ કરનાર મારા ભત્રીજા રવીશ ઉપાધ્યાયનો તથા મુદ્રણકાર્ય કરાવી એને પુસ્તક આકારે વ્યવસ્થિત મૂકવામાં મદદરૂપ બનનાર પ્રેસના માલિક શ્રી ઇન્દ્રવદનભાઈ પટેલનો પણ આભારી છું.

આ ગ્રંથનું પ્રકાશન ચૈત્ર સુદ પાંચમના રોજ થાય છે તેને ભગવાનની લીલા સમજુ છું કારણ કે આ તિથિએ પ.પૂ.શ્રીરંગ અવધૂત ગુરુ મહારાજે આજીવન અવિવાહીત રહેવાનું નકકી કર્યું હતું અને આ જ તિથિએ પૂ. પ્રેમ અવધૂતજીએ પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના સૌ પ્રથમ નયનદર્શન કર્યા હતાં.

**"આંખ મળી ને હૈયું ખોયું**
**પરબ્રહ્મનું રૂપ જ જોયું"**

તે આ જ તિથિએ. વાચકોના અભિપ્રાયો આવકારું છું.


કુલીન ગ. ઉપાધ્યાય.

'વરેણ્યમ્'
૬/એ, કલ્પતરુ,
અંકુર, અ'વાદ. (૩૮૦ ૦૧૩)
(૦૭૯-૨૭૪૮૦૦૮૮).

## સ્મરણાંજલિ
## (શાર્દૂલવિક્રીડિત)

**પ્ર**જ્ઞા આપની સત્ત્વશીલ હૃદયે સંસ્કારને સિંચતી,
**ભા**ર્યા ભાવથી ભાર ભવતણો તાણે જ **લીલાવતી.**
**શં**ભુ દેવ જ જ્ઞાનના, કરી તમે શિક્ષક બની સાધના,
**ક**રીએ વંદન પ્રેમથી ચરણમાં સ્વીકારજો પ્રાર્થના.
**ર**ક્ષે શૈશવમાં **હેમકુંવરબા** હૈયા તણા ભાવથી,
**મો**તીરામ પિતા તણું બની ગયા મોતી આદર્શથી.
**તી**વ્ર દુઃખ સહ્યું કદી નવ કહ્યું, સદ્‌ભાવ હૈયે ધરી,
**રા**જી થાઉં, સદા કરી અવરને રાજી, રીતી વળી,
**મ**ધ્યે જીવન સુખ સંતતિ તણું પામ્યા પ્રભુ પ્રેમથી,
**દ**ર્શાવ્યો પરિવાર પ્રેમ ઉરથી, ભેળા રહી જીવતાં.
**વે**લો વિસ્તરે પાંચ પુત્ર જીવને ને પુત્રી પણ આપની,
**ને**કી શિક્ષક ધર્મની જીવી ગયા દીધો અમર વારસો.

## (અનુષ્ટુપ)

પુત્ર, પુત્રવધૂ, પુત્રી, જામાતા વળી સંગમાં,
આપને અંજલિ અર્પે રંગાઇ **પ્રેમ રંગ**માં.
**પ્રેમ**ની છે અમીદષ્ટિ પિતા! આશિષ આપના,
આપના ચરણે મૂકી માથું કરીએ વંદના.

**: અમે આપના સંતાનો :**

| | |
|---|---|
| સૌ. નિર્મળાબેન વિ. દવે. | શ્રી વિનોદભાઇ પ્ર. દવે. |
| સૌ. પ્રવિણાબેન મ. દવે. | શ્રી મધુસૂદનભાઇ પ્ર. દવે. |
| સૌ. રંજનબેન મ. દવે. | શ્રી મહેન્દ્રભાઇ પ્ર. દવે. |
| સૌ. જ્યોત્સ્નાબેન બિ. દવે. | શ્રી બિપિનભાઇ પ્ર. દવે. |
| સૌ. શોભાબેન હ. દવે. | શ્રી હર્ષદભાઇ પ્ર. દવે. |

સૌ. અંબિકાબેન ગિરીશભાઇ વ્યાસ.

•

# કર્મ

શરીર, ઇંદ્રિયો અને અંતઃકરણ વડે થનારી ક્રિયાને કર્મ કહેવામાં આવે છે. તેના બે પ્રકાર છે.

(૧) લૌકિક કર્મ (૨) શાસ્ત્રીય કર્મ.

શાસ્ત્રીય કર્મના ચાર પ્રકાર છે.

(૧) કૃષ્ણ (૨) શુકલ (૩) મિશ્ર (૪) અશુકલ અકૃષ્ણ.

કૃષ્ણકર્મમાં હિંસા, ચોરી, પરદારાનો સમાગમ કરવો વગેરે નઠારાં કર્મોનો સમાવેશ થાય છે.

શુકલ કર્મમાં તપ વગેરે સકામ પુણ્ય કર્મોનો સમાવેશ થાય છે. મિશ્રકર્મમાં દાનાદિ પુણ્ય અને હિંસાદિરૂપ પાપ બંને હોય તેવાં સોમયાગ વગેરે કર્મોનો સમાવેશ થાય છે. અશુકલ અકૃષ્ણ કર્મમાં આ લોકની કે પરલોકની કોઇ કામના રાખ્યા વિના પોતાનું કર્તવ્ય સમજીને કરવામાં આવતાં પુણ્ય કાર્મોનો સમાવેશ થાય છે.

શાસ્ત્રોક્ત કર્મને વિહિત અને નિષિદ્ધ એવા બે વિભાગમાં પણ વહેંચવામાં આવે છે. જે કર્મ કરવાનું શાસ્ત્ર કહે છે તે વિહિત કર્મ અને જે કર્મ કરવાનો શાસ્ત્ર નિષેધ કરે છે તે નિષિદ્ધ કર્મ.

વિહિત કર્મના ચાર પ્રકાર છે.

(૧) નિત્ય કર્મ: જે કર્મ રોજે રોજ કરવાના હોય છે તે.દા.ત. સ્નાન, સંધ્યા વગેરે.

(૨) નૈમિત્તિક કર્મ: કોઇ પ્રસંગ નિમિત્તે કરવાના કાર્યને નૈમિત્તિક કર્મ કહેવામાં આવે છે. દા.ત. ગ્રહણ નિમિત્તે કે શ્રાદ્ધ નિમિત્તે કરવાનાં કર્મ, પુત્ર જન્મ નિમિત્તે કરવાનું જાત કર્મ વગેરે.

(૩) કામ્ય કર્મ: કોઇ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે કરવામાં આવતાં કર્મને કામ્ય કર્મ કહેવામાં આવે છે. દા.ત. પુત્ર કામેષ્ટિ યજ્ઞ કરવો.

(૪) પ્રાયશ્ચિત કર્મ: પાપની નિવૃત્તિ માટેનું કર્મ. દા.ત. તીર્થયાત્રા, ઉપવાસ, ચાંદ્રાયણ વ્રત વગેરે. પાપ પણ જ્ઞાત અને અજ્ઞાન એમ બે પ્રકારનાં હોય છે. અને એને દૂર કરવા માટે અસાધારણ અને સાધારણ એમ બે પ્રકારના પ્રાયશ્ચિત કર્મો જણાવાયા છે.

કર્મના સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એમ ત્રણ પ્રકાર પણ પાડી શકાય.

સંચિત કર્મ એટલે ફળ આપવાને તૈયાર નહિ એવાં અપક્વ કર્મ. આ કર્મનું ફળ ભવિષ્યમાં મળશે ત્યાં સુધી તે સંચિત થયેલા રહે છે. ક્રિયામણ કર્મ એટલે વર્તમાન જન્મમાં કરવામાં આવેલા અને ફળ દેવાને તત્પર થયેલા કર્મો. દા.ત. પાણી પીવાનું કર્મ તરસ સંતોષવાનું તરત જ ફળ આપે છે અને પ્રારબ્ધ કર્મ એટલે સંચિત કર્મો પૈકીના એવા કર્મો કે જે ફળ આપવા તૈયાર થયા છે. આમ જે કર્મ વડે જાતિ, આયુષ્ય અને ભોગ નક્કી થયેલ છે તે પ્રારબ્ધ કર્મ કહેવાય.

કર્મના અધ્યાત્મ કર્મ, આધિદૈવિક કર્મ અને આધિભૌતિક કર્મો એવા ત્રણ પ્રકાર પણ પાડવામાં આવે છે.

કોઇ દુ:ખી અથવા ગરીબ ઉપર ઉપકાર કરવો એ આધ્યાત્મિક કર્મ કહેવાય, ઇંદ્રાદિ દેવોની પ્રસન્નતા

માટે જે કર્મ થાય તે આધિદૈવિક કર્મ કહેવાય છે જ્યારે બ્રહ્મભોજન, ગાયોને ઘાસ નાંખવું વગેરે કર્મો આધિભૌતિક કર્મો કહેવાય છે.

**કર્મનું મહત્ત્વ :** માનવી કર્મ કર્યા વગર રહી શકતો નથી. વળી શરૂઆતમાં અંત:કરણની શુદ્ધિ માટે નિષ્કામ ભાવથી કર્મ કરવું ઘણું મહત્ત્વનું છે. સકામ કર્મ બંધન ઊભું કરે છે એ વાત સાચી પણ નિષ્કામ કર્મ અંત:કરણની શુદ્ધિ કરે છે એ પણ સાચું. ચાવીથી તાળું ખૂલે પણ ખરું અને બંધ પણ થાય. ચાવી કેવી રીતે ફેરવીએ છીએ તે મહત્ત્વનું છે.

હિંદુ ધર્મના તત્ત્વજ્ઞાનમાં કર્મ દ્વારા ચિત્ત શુદ્ધિ, ઉપાસના દ્વારા વિક્ષેપનો નાશ અને જ્ઞાન દ્વારા આવરણનો નાશ કરવાનો હોય છે.

કર્મ એ બાહ્ય પ્રાપ્તિનું નહીં પરંતુ આંતરિક વિકાસનું સાધન બનવું જોઇએ. કર્મ કરવા પાછળનું પ્રયોજન, હેતુ ઊંચા પ્રકારનો હોવો જોઇએ. ગીતામાં ભગવાન અર્જુનને કર્મ વિશે ઘણું બધું સ્પષ્ટતાથી કહે છે. ભગવાન અર્જુનને કહે છે કે તારો અધિકાર માત્ર કર્મો કરવા પૂરતો જ છે. એના ફળની બાબતમાં નહિ. કર્મ ફળને જ હેતુ બનાવીને તું કર્મ કરીશ નહિ તે જ રીતે નિષ્ક્રિયતામાં પણ પ્રીતિ રાખીશ નહિ.

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન |
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સ સત્વકર્મણિ || (૨/૪૭)

હે અર્જુન ! તને કર્મ કરવાની સ્વતંત્રતા છે, કર્મફળ નક્કી કરવાની કે કર્મફળનો આગ્રહ રાખવાની નહીં. આ વાત સમજવા જેવી છે. કર્મમાંથી મળતા બધા લાભો વિશે આપણને હંમેશાં જાણકારી હોતી નથી. પરિણામે એની જાણકારી ન હોવાથી કર્મને અંતે જે લાભ કે ફાયદો જોઇ શકાય છે તે સ્થૂળ લાભને જ આપણે કર્મનું ફળ માની લેવાની ભૂલ કરી બેસીએ છીએ અને આવા સ્થૂળ લાભને ધ્યાનમાં રાખીને જ આપણે કર્મની પસંદગી કરતાં થતાં જઇએ છીએ.

એટલું જ નહિ, પરંતુ પછી તો એ લાભ વધુને વધુ પ્રમાણમાં કેવી રીતે મળે એનો જ વિચાર કરીને કર્મની ગુણવત્તાનો ભોગ પણ આપતા થઇ જઇએ છીએ. કર્મના સ્થૂળ લાભનો વિચાર કરીને કર્મ ન કર એવી ભગવાનની શીખ છે.

કર્મફળમાં આસક્તિ ન રાખવી કે એના ફળનો વિચાર ન કરવો એનો અર્થ એવો નથી કરવાનો કે કર્મફળ મળશે જ નહીં. કર્મ કરવાથી કર્મનું ફળ તો નિશ્ચિતરૂપથી મળે જ છે પરંતુ આ કર્મ કરવાથી મને આ જ અને આવું જ ફળ મળવું જોઇએ એવી દૃષ્ટિ રાખીશ નહીં. પાણી પીવાથી ઇચ્છીએ કે ના ઇચ્છીએ પણ તરસ મટે જ છે. ખાવાથી ભૂખ સંતોષાય જ છે. આમ વ્યક્તિ ઇચ્છે કે ના ઇચ્છે પણ એને કરેલા કર્મનું ફળ તો મળે જ છે.

વળી ગીતામાં ભગવાન એમ પણ કહે છે કે જો કર્મમાંથી મળતું ફળ એ જ તારા કર્મનું પ્રેરક બળ હોય તો પછી તું **નિયત કર્મ** કર.

નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણ: |
શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધ્યેદકર્મણ: || (૩/૮)

તું શાસ્ત્ર વિહિત (શાસ્ત્રે જણાવેલા) સ્વધર્મરૂપી કર્તવ્ય કર્મ કર; કેમ કે કર્મ ન કરવા કરતાં કર્મ કરવું શ્રેષ્ઠ છે, તેમ જ કર્મ ન કરવાથી તારો શરીર નિર્વાહ પણ સિદ્ધ નહીં થાય.

કર્મ વગર રહેવું શક્ય પણ નથી અને ઇચ્છનીય પણ નથી. એટલે જો કર્મફળની આશાથી જ તું કર્મ કરવાનો હોય તો તું નિયત કર્મ કર, કર્તવ્ય કર્મ કર, ફરજની ભાવનાથી થયેલું કર્મ કર. મનુષ્ય સંસારમાં રહીને અનેક વેશ ભજવતો હોય છે તો એ વેશને અનુલક્ષીને જે કર્મ કરવાની ફરજ હોય તો તે કર્મ એણે કરવા જ જોઇએ.

**કર્મ એ ઋણ ફેડવાનું સાધન બનવું જોઇએ :**

દરેક વ્યક્તિનું અસ્તિત્વ એ ઘણી વ્યક્તિ અને ઘણી વસ્તુના સહકારને, મદદને આભારી છે. વ્યક્તિનું શરીર એ તેના માતા-પિતાને આભારી છે. વ્યક્તિમાં રહેલું જ્ઞાન, આવડત, કુશળતા વગેરે માટે એ શિક્ષકોનો, મિત્રોનો અને સગાસંબંધીઓનો ઋણી છે. શરીરમાં રહેલી કાર્યશક્તિ માટે દેવતાનો ઋણી છે. એ જે ભોજન કરે છે, વસ્ત્રો પહેરે છે કે અન્ય સુખ સગવડનો ઉપયોગ કરે છે એ માટે કેટલા બધાનો આભાર માનવો પડે એમ છે.

માણસ મકાનમાં રહે છે એ બાબતનો જ વિચાર કરીએ તો એના માથે કેટલા બધાનો ઉપકાર છે? મકાન બાંધવા માટે સૌ પ્રથમ પાયાના ખોદનારાનો આભાર. પાયા ખોદનારા જે ત્રિકમ, પાવડા અને તગારાથી કામ કરે છે એ ત્રિકમ, પાવડા અને તગારા બનાવનારાનો આભાર. આ ત્રિકમ, પાવડા અને તગારા બનાવવામાં જે લોઢું જોઇએ તે લોઢું જમીનમાંથી ખોદી, તેને સાફ કરી, લુહારને ત્યાં પહોંચાડનાર બધાનો આભાર માનવો રહ્યો.

મકાન ચણવા ઇંટ જોઇએ. એટલે કડિયા, મજૂર અને ઇંટ વેચનારનો આભાર. ઇંટ બનાવનાર કુંભારનો, માટી લાવનાર ગધેડાનો અને ગધેડાને હાંકનારનો આભાર. ઇંટ પકવવા માટે બળતણ જોઇએ એટલે એ બળતણ પૂરું પાડનારનો આભાર.

જો આ વાતને લંબાવીએ તો પાનાના પાના ભરાય. આપણે વસ્ત્ર પહેરીએ છીએ તો એ સીવનાર દરજીનો આભાર. દરજી જે મશીનનો ઉપયોગ કરે છે તે મશીન બનાવનારનો આભાર. આ મશીન ફેક્ટરીથી દરજીની દુકાને લાવનારનો આભાર. મશીન બનાવવા માટેની જરૂરી વસ્તુ પૂરી પાડનાર અને મશીન બનાવનાર કારીગરનો આભાર. બટન કે ચેન બનાવનારનો આભાર. કાપડ બનાવનાર કારીગરનો આભાર. જમીન ખેડીને, કપાસ પકવીને, રૂ બનાવીને, રૂની ગાંસડી બનાવીને જેણે જેણે કાર્ય કર્યું છે તે બધાનો કપડા પહેરનાર ઋણી છે. વૃક્ષો, વનસ્પતિ, જીવ-જંતુ, પશુ-પક્ષી બધાના આપણે ઋણી બનીએ છીએ. આ ઋણ ચૂકવવાની દૃષ્ટિથી જોતાં પણ વ્યક્તિએ પોતાનાં નિયત કર્મો કરવા જોઇએ.

**યોગ: કર્મસુ કૌશલમ્ ।**

પોતાના નિયત કર્મો- ફરજરૂપ કર્મો કેવી રીતે કરવા? એનો જવાબ છે પોતાનું જ્ઞાન, સમજ અને આવડત બધાંનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને કર્મ કરવું જોઇએ. એનું કર્મ એ ભગવાનની પૂજા છે, ભક્તિ છે એમ સમજીને સારામાં સારી રીતે કર્મ કરવું જોઇએ. જે કર્મ આપણને ફરજરૂપે આવી મળે તે કર્મ વેઠ તરીકે નહિ પણ પોતાની આવડતનો, કુશળતાનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને કરવો જોઇએ. પોતાનું કર્મ એ પૂજા કરવા માટેનું ફૂલ છે એમ સમજી સુંદર અને શ્રેષ્ઠ રીતે કરવું જોઇએ. આ રીતે નિયત કર્મ કુશળતાપૂર્વક કરવાની વૃત્તિથી અંત:કરણની સ્વાભાવિક

પ્રસન્નતા અને સ્વતંત્રતા જન્મે છે. આવી પડેલું કર્મ એ ઇશ્વરની ભેટ છે એમ માનીને તેનો સ્વીકાર કર અને એને શ્રેષ્ઠ રીતે પૂરું કર.

નિયત કર્મને કુશળતાપૂર્વક, શ્રેષ્ઠ રીતે કરવું એ જ યોગ છે એવું ભગવાન ગીતામાં કહે છે.

બુદ્ધિયુકતો જહાતીહ ઉભે સુકૃત દુષ્કૃતે |
તસ્માદ્યોગાય યુજ્યસ્વ યોગ: કર્મસુ કૌશલમ્ || (૨/૫૦)

સમબુદ્ધિયુકત માણસ પુણ્ય અને પાપ બેયને આ લોકમાં ત્યાગી દે છે- તેમનાથી મુકત થઇ જાય છે. માટે તું સમત્વરૂપ યોગમાં જોડાઇ જા. આ સમત્વરૂપ યોગ એ જ કર્મોમાં કુશળતા છે અને તે જ કર્મબંધનમાંથી છૂટવાનો ઉપાય છે.

વ્યક્તિ કયું કર્મ કરે છે તે અગત્યનું નથી પરંતુ તે શ્રેષ્ઠ રીતે કરે, પોતાની બધી જ કુશળતા વાપરીને કરે તે અગત્યનું છે.

માણસે કરેલા બધા કર્મો ભગવાનને અર્પણ કરવાનો અર્થ જ એ છે કે પોતાની ફરજના ભાગરૂપે આવી મળેલા કર્મને ઇશ્વરની ભેટ ગણીને એને પ્રેમપૂર્વક અને શ્રેષ્ઠતાપૂર્વક કરવું. એટલે કે કર્મ કરવામાં પ્રેમ અને આનંદ મળવો જોઇએ અને પોતાની બધી જ શકિતનો શ્રેષ્ઠ ઉપયોગ થવો જોઇએ.

**કર્તવ્યમાં અવરોધ :**

લાલસા અને અહંકાર એ બે કર્તવ્ય કરવામાં આડે આવતી મુખ્ય બે વૃત્તિઓ છે. જે નથી તે મેળવવું (યોગ) અને જે મળેલું છે તેને જાળવી રાખવું (ક્ષેમ) આને લાલસાવૃત્તિ કહે છે. આ લાલસાવૃત્તિ તીવ્ર બને ત્યારે વ્યક્તિ કર્તવ્ય કર્મો કરવામાંથી ચલિત થઇ જાય છે. આ લાલસામાંથી ઉપર ઉઠવા માટે વિવેકની જરૂર પડે છે. લાલસાની તીવ્રતામાં વિવેકનો અભાવ હોય છે. વસ્તુ સહજ રીતે મળે અને એનો ઉપભોગ કરીએ અને આનંદ માણીએ એ એક વાત અને આનંદ માટે એ વસ્તુને ગમે તે રીતે અને ગમે તે ભોગે મેળવવાનો પ્રયત્ન કરીએ એ બીજી વાત. અવિવેકને કારણે વિષયોમાંથી કે વસ્તુમાંથી મળતાં સુખને અને આનંદને સાચા માની લેવામાં આવે છે. આવી ગેરસમજ જ તીવ્ર લાલસા જન્માવે છે. વસ્તુમાંથી કે વિષયોમાંથી મળતો આનંદ કે સુખ ક્ષણિક છે, પરાધીન છે અને આભાસમાત્ર છે એવી સમજ આવી જાય તો લાલસા મટી જાય.

કર્તવ્ય કર્મમાંથી ચલિત કરનારી બીજી વૃત્તિ તે અહંકાર. અહંકારને લીધે જ વ્યક્તિ અમુક કર્મ કરતાં નાનમ અનુભવે છે. અમુક કર્મ કરવાનું મળે તો અહં સંતોષાતો હોય છે. દા.ત. ભગવાનની આરતી કરવાનું મળે. આમાંથી બચવાનો ઉપાય છે નમ્રતા, સરળતા. બધા જ કર્મો સરખા છે અને પ્રભુને રાજી કરવાના એ સરખા ફૂલો છે. આપણે ભાગે આવેલું કોઇ પણ કર્મ એ ઇશ્વરની ભેટ છે એમ માનવાથી અવરોધ દૂર થાય છે. લાલસા અને અહંકાર બંને રજસમાંથી જન્મે છે અને તેને વિવેક દ્વારા દૂર કરી શકાય છે.

લાલસા અને અહંકાર રજસમાંથી જન્મે છે તો તમસમાંથી આળસ અને પ્રમાદના દોષો જન્મે છે. આળસમાં વ્યક્તિને કર્મ કરવાની ઇચ્છા થતી નથી. તેને કર્મ કરવામાં રસ પડતો ન હોવાથી તેને ટાળવાની ઇચ્છા

થાય છે. આમ આળસુ માણસ નિષ્ક્રિય બની જાય છે. જ્યારે પ્રમાદમાં વ્યક્તિ જે કર્મ કરવાનું હોય તેને બદલે બીજું જ કાંઇ કર્યા કરે છે. પ્રમાદ અસાવધાનીમાંથી જન્મે છે અને તે સાવધાનીથી દૂર થાય છે.

ઈશાવાસ્ય ઉપનિષદ કર્મ કરતા કરતા સો વર્ષ જીવવાની વાત કરે છે. શરીરધારી માટે કર્મ કરવાનો માર્ગ એ જ સાચો માર્ગ છે. મનુષ્યને કર્મ વળગતું નથી પરંતુ કર્મફળની વાસના વળગે છે જે યોગ્ય નથી. કર્મ જડ છે એ ચેતન મનુષ્યને ક્યાંથી વળગવાનું? માનવ કર્મનો નેતા છે. એણે કર્મ ઉપર વર્ચસ્વ દર્શાવવાનું છે. કર્મ એને શું બાંધવાનું? 'ન માં કર્માણિ લિમ્પન્તિ' એ ગીતાના વાકયનો માનવે અનુભવ કરવાનો છે. આ ભાવનાને રજૂ કરતી નીચેની પંક્તિ વાંચવી ગમે એવી છે.

કરતા રહીને કર્મ આ સંસારમાં-
સો વર્ષનું હો ઇષ્ટ જીવન આપણું.
છે દેહધારી કાજ બસ આ એક પથ,
એના વિના ના પંથ બીજો ભાસતો.
માનવ ન બંધાયે કદીયે કર્મથી,
એને વળગતી કર્મફળની વાસના.

**કર્મત્યાગ કરતાં કર્મયોગ શ્રેષ્ઠ છે :**

કર્મયોગ અને સંન્યાસ બંને મોક્ષ આપનારા છે. પરંતુ એ બંનેમાં કર્મના ત્યાગ કરતાં કર્મયોગ શ્રેષ્ઠ છે. કારણ કે કર્મયોગમાં લોકસંગ્રહ વગેરે ગુણ અધિક છે. એટલા માટે નિષ્કામ કર્મની શ્રેષ્ઠતા છે. ભગવાન કહે છે :

યજ્ઞદાનતપ:કર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ |
યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્ || (અ. ૧૮/૫)

યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી પરંતુ એ તો અવશ્ય કરવા જોઇએ કારણ કે યજ્ઞ, દાન અને તપ- એ ત્રણેય કર્મો બુદ્ધિશાળી મનુષ્યોને પવિત્ર કરનારાં છે.

ભગવાન આગળ જણાવે છે કે શરીરધારી કોઇ પણ માણસ દ્વારા સંપૂર્ણપણે બધાં જ કર્મોને ત્યજવા શક્ય નથી; માટે જે કર્મફળનો ત્યાગ કરે છે એ જ ત્યાગી કહેવાય છે. (અ. ૧૮/૧૧)

નિષ્કામ કર્મ અને ઉપાસના એકી સાથે કરવા જોઇએ. ઇશાવાસ્ય ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે જેઓ કેવળ કર્મરૂપી અવિદ્યાની જ ઉપાસના કરે છે અર્થાત કર્મ કરે છે તેઓ મોટા અજ્ઞાનને પ્રાપ્ત થાય છે અને જે લોકો કર્મને છોડીને કેવળ ઉપાસના કરે છે તે લોકો કેવળ કર્મ કરનારા લોકોથી પણ વધારે અજ્ઞાનને પ્રાપ્ત થાય છે. એટલે કર્મ અને ઉપાસના એકી સાથે કરવા જોઇએ.

**પૂ.વિનોબાજીના કર્મ અંગેના વિચારો જાણવા જેવા છે :**

કર્મયોગી પોતાનું કર્મ બીજા કરતાં વધારે સારી રીતે કરશે. તેને માટે કર્મ એ ઉપાસના છે, કર્મ એ પૂજા છે. **ગીતામાં કર્મ શબ્દ સ્વધર્મના અર્થમાં વપરાયો છે.** આપણે ખાઇએ છીએ, પીએ છીએ અને ઊંઘીએ છીએ

એ બધા કર્મોને ગીતા કર્મ તરીકે નથી ઓળખાવતી. કર્મ શબ્દનો અર્થ સ્વધર્માચરણ કરવાનો છે. આ સ્વધર્માચરણરૂપી કર્મ કરતાં કરતાં કામ, ક્રોધને જીતીને નિષ્કામતા કેળવવાની છે. ચિત્તની શુદ્ધિ ન થાય ત્યાં સુધી નિષ્કામતા કેળવાતી નથી. આ રીતે ચિત્તના સંશોધનને માટે જે કર્મો કરવાના હોય છે **તેને ગીતા વિકર્મ કહે છે.**

ગીતા કર્મ, વિકર્મ અને અકર્મ એવા ત્રણ પ્રકારની ચર્ચા કરે છે. **કર્મ એટલે સ્વધર્માચરણની બહારની સ્થૂળ ક્રિયા. આ બહારની સ્થૂળ ક્રિયામાં ચિત્ત રેડવું તેનું નામ જ વિકર્મ છે.** બહારના સ્થૂળ કર્મની સાથે અંદરનું ચિત્તશુદ્ધિનું કર્મ જોડાય તો જ નિષ્કામ શબ્દનું મહત્ત્વ પ્રતિત થાય. નિષ્કામ કર્મ શબ્દમાં કર્મ કરતાં નિષ્કામ શબ્દનું મહત્ત્વ વધારે છે. સ્વધર્માચરણનું કર્મ કરતાં કરતાં મનનું વિકર્મ (ચિત્ત રેડીને કર્મ કરવાની ભાવના) ના હોય મોટું જોખમ રહે છે.

કર્મની સાથે મનનો મેળ હોવો જોઇએ. આ મનના મેળને જ ગીતા વિકર્મ કહે છે. બહારનું સ્થૂળ કર્મ તે સાદું કર્મ; અંદરનું; મન રેડીને કરેલું કર્મ તે વિકર્મ. કર્મની સાથે વિકર્મની જોડે બંધાવાથી ધીરે ધીરે નિષ્કામતા કેળવાતી જાય છે. હાથથી સેવા કરનારે મનથી પણ સેવાભાવ કેળવવાનો છે. મનમાં ભગવાનનું ચિંતન ના હોય તો કેવળ ભૂખ્યા રહ્યા એ ઉપવાસનો શો અર્થ?

હૃદયની ભીનાશ બાહ્ય કર્મમાં નહીં હોય તો તો તે સ્વધર્માચરણ સૂકું રહેશે. તેને નિષ્કામતાના ફળ-ફૂલ નહીં બેસે. દિલમાં દર્દી પ્રત્યે દયાભાવ નહીં હોય તો દર્દીની સેવાનું કાર્ય કંટાળો આપનારું અને નીરસ થઇ જશે. એ બોજારૂપ બની જશે. આમ કર્મ (સ્થૂળ આચરણ)ની સાથે વિકર્મ (હૃદયની ભીનાશ, મનમેળ) જોડાવાથી નિષ્કામતા કેળવાય છે. વિકર્મ દાખલ ન થાય ત્યાં સુધી કર્મ જડ રહે છે. તેમાં ચૈતન્ય હોતું નથી.

કર્મ એ જ્ઞાનને ચેતાવનારી આંચ (અગ્નિ) છે. કર્મમાં વિકર્મ રેડવાથી કર્મ દિવ્ય દેખાવા માંડે છે. મા બાળકના વાંસા ઉપર હાથ ફેરવે છે ત્યારે પોતાનું હૃદય ઠાલવે છે. કર્મમાં વિકર્મ રેડેલું હોવાથી કર્મ કરવાનો અપૂર્વ આનંદ મળે છે.

કર્મની સાથે વિકર્મની જોડી બંધાવાથી શક્તિ સ્ફોટ થાય છે અને તેમાંથી અકર્મ નિર્માણ થાય છે. આનો અર્થ એટલો જ કે રેડીને કરેલા કર્મમાં કર્મ કર્યાનો ભાર રહેતો નથી, કર્મ કર્યું એવું લાગતું નથી. ચિત્તશુદ્ધિથી કરેલું કર્મ નિર્લેપ હોય છે. તેનું પાપ કે પુણ્ય કંઇ બાકી રહી જતું નથી. આમ બોજો ન લાગે તેવું કર્મ તે જ અકર્મ.

કર્મ --> સ્વધર્માચરણની બાહ્ય સ્થૂલ ક્રિયા.

વિકર્મ --> હૃદયના ભાવ સાથે, મનમેળથી કરેલી બાહ્ય ક્રિયા.

અકર્મ --> દિલ રેડીને કરેલા સ્થૂળ કર્મથી જાગતી નિષ્કામ ભાવનાનો કારણે આ કર્મ મેં કર્યું એવો બોજો ઊભો થતો નથી.

આમ કર્મ અકર્મ કેવી રીતે બનતું હશે? એ કળા કોની પાસે જોવાની મળે? સંતો પાસેથી આ કળા જોવાની મળે. સંતોના ચરણોમાં બેસવાથી કર્મનું અકર્મ કરવાની કળા શિખવા મળે છે. સંતો હજારો કર્મોમાં ગૂંથાયેલા હોવા છતાં જરા સરખો ક્ષોભતરંગ પોતાના માનસરોવરમાં ઊઠવા દેતા નથી. સંતો પાસે ગયા વગર આ ખૂબી સમજાતી નથી. શાંતાકારં ભુજગશયનં એવું પરમેશ્વરનું વર્ણન છે. હજાર ફેણવાળા શેષ પર સૂતેલા હોવા છતાં

શાંત છે. આવું જ સંતોનું છે. હજારો કર્મ કરવા છતાં કોઇ કર્મ કરતા નથી. સંતો આપણને જીવનનો ગ્રંથ વાંચવાની કળા શીખવાડે છે.

સાધના માટે બાહ્ય સ્વધર્માચરણ અને અંદરથી મનનું વિકર્મ બંને જોઇએ. બાહ્ય કર્મો ટાળવાથી કશો અર્થ સરતો નથી. બાહ્ય કર્મોમાં આપણા મનનું સ્વરૂપ ખૂલ્લું થાય છે. બાહ્યકર્મો એ આપણું અસલ સ્વરૂપ દેખાડનારી આરસી દે અને એટલા પૂરતું કર્મનો આભાર માનવો જોઇએ. આરસીમાં મોઢું મેલું દેખાય તેથી શું આપણે આરસી ફોડી નાંખીશું કે? ના. મોઢું ચોખ્ખું કરીને પાછું આરસીમાં જોઇશું કે હવે સારું થયું કે નહીં? તે પ્રમાણે આપણા મનનો મળ- કર્મ વડે બહાર આવે છે તેથી શું તે કરવાનું બંધ કરવાનું કે? કર્મથી અળગા રહેવાથી, દૂર ભાગવાથી મન નિર્મળ થશે કે? ખરેખર તો કર્મ કરતાં રહેવું જોઇએ અને મન નિર્મળ થાય તે માટેની કોશિશ કરતાં રહેવું જોઇએ. મનમાં દોષ છે એની જાણ થાય તો તેને દૂર કરવાનો ઉપાય વિચારી શકાય. કર્મ કરતાં કરતાં દોષ વિશે જાણકારી મળશે. એને દૂર કરવા વિકર્મની યોજના કરવી.

કર્મ નિર્મળ કરવાના એકધારા પ્રયાસ કરવાથી આપણા હાથે સહેજે નિર્મળ કર્મ થવા માંડશે અને પછી તો એ કર્મ ક્યારે થયું તેનો ખ્યાલ પણ નહીં રહે. કર્મનું અકર્મ કેવી રીતે બને છે તે વાત સંતોના ચરણ સેવવાથી સમજાય છે. આ અકર્મ અવસ્થાનું વર્ણન કરવા વાણી પણ અધૂરી પડે છે.

નાનું છોકરું પહેલ વહેલું ચાલતા શીખે છે ત્યારે તેને કેટલું કષ્ટ પડે છે? પણ પછી જ્યારે ચાલવાનું સહજ થઇ જાય છે ત્યારે તો એ વાતો કરતો કરતો ચાલે છે. ચાલવાનું કર્મ કરવામાં બિલકુલ ધ્યાન રાખવું પડતું નથી. મન પણ જે તે કામમાં ગૂંથાયેલું હોય ત્યારે તેને તેનો થાક લાગે છે પરંતુ કર્મો સહજ બની જાય ત્યારે તેનો થાક લાગતો નથી. કર્મ જાણે કે અકર્મ બની જાય છે. કર્મ આનંદમય બની જાય છે અને કર્મનું અકર્મ બને એ આપણું ધ્યેય છે અને એ ધ્યેય હાંસલ કરવા માટે જ સ્વધર્માચરણરૂપી કર્મ કરવાનું હોય છે. ટૂંકમાં સ્વધર્માચરણનાં કર્મો વિકર્મની સહાયથી નિર્વિકાર કરવાની ટેવ કેળવાતાં કેળવાતાં તે બધાં સ્વાભાવિક થઇ જાય છે. પછી મોટા મોટા પ્રસંગો પણ કઠણ લાગતા નથી. કર્મયોગની આવી આ કૂંચી છે. કૂંચી નહીં હોય તો તાળું તોડવામાં હાથે ફોલ્લા ઊઠ્યા વગર નહીં રહે. પણ કૂંચી જડે તો? એક ક્ષણમાં કામ ખલાસ. પણ આ કૂંચી મનને જીતવાથી મળે છે. મનોજય માટે એકધારી અને ચીવટથી પ્રયત્નો કરવા જોઇએ. મનનો મેલ ધોવાઇ જાય પછી બાહ્ય કર્મો ત્રાસરૂપ લાગતાં નથી. અરે, ખુદ કર્મ કર્યાનો ખ્યાલ પણ રહેતો નથી. મા બાળકની સેવા કરે છે તેનો તે શું અહેવાલ પ્રસિદ્ધ કરે છે કે? માતા તો એમ જ કહે છે કે મેં શું કર્યું? મેં તો કંઇ કર્યું જ નથી. માતાને કરેલા કર્મનો ભાર લાગતો નથી. વિકર્મની મદદથી મન પરોવીને, હૃદય રેડીને માણસ કર્મ કરે છે ત્યારે તે કર્મ રહેતું જ નથી. તે અકર્મ બને છે. પછી તેમાં કલેશ, કષ્ટ કે વાંકુંચૂંકું કશું રહેતું નથી.

કર્મ કરવાનું ચાલુ હોય છે માટે તે યોગ છે; પણ કરવા છતાં કરું છું એમ કરનારને લાગતું નથી એટલે તે સંન્યાસ છે. તે કંઇક એવી તરકીબથી કર્મ કરે છે કે તેનાથી તે લેપાતો નથી. માટે તે યોગ છે અને કરવા છતાં તેણે કંઇ કર્યું ન હોવાથી તે સંન્યાસ છે.

અકર્મની બીજી બાજુ તે યોગ છે. એ પણ સમજવા જેવી છે. સંન્યાસી કર્મ કરવા છતાં કર્મ કરતો નથી

એ જેમ સાચું છે તેમ બીજું પણ એટલું જ સાચું છે કે તે કોઇ પણ કર્મ કરતો નથી છતાં આખી દુનિયા પાસે કર્મ કરાવે છે. તેનામાં અપાર પ્રેરક શક્તિ છે. અકર્મની ખૂબી જ આ છે. અનંત કાર્ય કરવાની જરૂરી શક્તિ અકર્મમાં ભરેલી હોય છે. વરાળને વાસણમાં જ પૂરી રાખીએ તો એનામાં અપરંપાર શક્તિ પેદા થાય છે. સૂર્ય પણ કશું કર્યા વગર બધાને કામ કરતો કરી દે છે. અકર્મમાં કર્મ ઠાંસીને ભરેલું હોવાથી પ્રચંડ કાર્ય પાર પડે છે. જેને આવી અવસ્થા સિદ્ધ થઇ હોય તે સિદ્ધ અને આળસુ વચ્ચે બહુ મોટો ફેર છે. અકર્મમાં સંન્યાસી કર્મશક્તિને પૂરી રાખે છે. ઇંદ્રિયો વડે કશું ન કરવા છતાં તે અનંત કર્મો કરે છે. કર્મયોગ સાધન પણ છે અને નિષ્ઠા પણ છે, પણ સંન્યાસ એકલી નિષ્ઠા છે. નિષ્ઠા એટલે અંતિમ અવસ્થા.

**પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે શ્રીગુરુલીલામૃતમાં રજૂ કરેલા કર્મ વિશેના ખ્યાલો પણ સમજવા જેવા છે :**

કર્મના ફળ બધાએ ભોગવવા જ પડે છે અને તેથી સાવધાનીપૂર્વક કર્મ કરવા જોઇએ. સુખ અને દુઃખ એ પોતે કરેલા કર્મના જ ફળો છે અને એમાંથી દેવ, માનવ, જ્ઞાની કે મૂઢ કોઇ છટકી શકતું નથી. વળી પોતાના કર્મનું ફળ જાતે જ ભોગવી લે એ જ ઉચિત છે.

દેવ ઋષિ કિન્નર ભલે, હોય જ્ઞાની કે મૂઢ,
અટલ કાયદો કર્મનો, કોઇ ન પામે છૂટ. (અ. ૩ / દો. ૪૬)

જાતે ભોગવવું રહ્યું, સ્વકૃત પાતક જેહ,
શિષ્યાદિ દ્વારા નહીં થાય પાપ ક્ષય એહ. (અ. ૩ / દો. ૫૪)

જ્ઞાની પુરુષ કર્મ કરવાનો કે નહીં કરવાનો આગ્રહ રાખતો નથી. એ તો જે સહજતાથી આવી પડે તે નિષ્કામભાવે કરે છે. એટલે એને કર્મનું બંધન થતું નથી. એ આત્મતૃપ્ત બધું કરે છે છતાં કશું કરતો નથી.

મમત્વ સ્વપ્ને ના લહે, અંતર્નિષ્ઠ સદાય,
આત્મતૃપ્ત આત્મજ્ઞ એ, કરી કરે ન કાંય?
કર્મે આગ્રહ ના કરે, ના અકર્મે તેમ,
કર્માકર્માતીત એ, રહે નૈષ્કર્મ્યે એમ. (અ. ૨૦/ દો. ૩૪-૩૫)

ગીતાની જે વાત કર્મ, વિકર્મ અને અકર્મરૂપે પૂ. વિનોબાજીએ કરી છે એ જ વાતને પૂ.શ્રી સમજાવતાં લખે છે કે :

સ્વવર્ણાશ્રમ કર્મનું કરવું પાલન જાણ;
ફલાભિસંધિ સર્વદા ત્યજી, નિષ્કામ માન.
કર્મોનું શું કામ ત્યાં? સ્વપ્ને કુતર્ક એમ,
કરવો ના કદી સાધકે, કહું ઉપયોગ તેમ.

ઇશ્વરાર્પણ બુદ્ધિથી કરતાં કર્મો તેમ,
બળે પાપ, થાએ ક્ષણે ચિત્તશુદ્ધિ પણ એમ. (અ. ૩૪ / દો. ૪, ૫ અને ૭)

કર્મ સ્થૂળ ક્રિયા છે. એ મન વગર, હૃદયની ભીનાશ વગર કરીએ તો વેઠ બને છે. મન રેડીને કરીએ તો કર્મ વિકર્મ બને છે.

મનપૂર્વક જે થાય તે, થાએ સમ્યક્ જાણ;
ના તેવું કાયિક કદી, નકી વેઠ એ માન. (અ. ૪૭ / દો. ૮)

પોતે કરેલા કર્મોનું ફળ સુખ કે દુ:ખ મળે ત્યારે એનો સહર્ષ સ્વીકાર કરવામાં જ ડહાપણ છે. દુ:ખ માટે બીજાને દોષ દેવાની વૃત્તિ એ મૂર્ખામી છે. પૂ.શ્રી લખે છે કે :

પૂર્વાર્જિત આવી મળે, સુકૃત કે દુષ્કૃત;
સ્વકૃત ભોગવવું રહ્યું ! કોણ ભોગવે ઉત?
વાવ્યું તે લણવું રહ્યું, હોય સ્વર્ણ કે રાખ;
સૂરજને કાં દોષ દે? પડી આંખમાં ઝાંખ.
મૂરખ હતભાગી કરે દોષારોપ અન્યત્ર,
સુખ દુ:ખો આવી મળે કર્યા અત્ર પરત્ર. (અ. ૭૨ / દો. ૬૩ થી ૬૫)

સારું વા નરસું કરે જે જે જેવું કર્મ;
તેવું ફળ તેને મળે; જાણ કર્મનો મર્મ.
વાવે તે પામે સહુ, નહીં કોઇનો દોષ,
કર્માધીન જગત્ બધું જાણી રાખ સંતોષ.
જેવી જેની વાસના, વર્તે ઇંદ્રિય તેમ;
ગુણાધીન કર્મો કરે, ફળ ઉપજે વળી એમ. (અ. ૭૫ / દો. ૯ થી ૧૧)

પોતાના કર્મના ફળ હસીને કે રડીને, ભોગવવા તો પડે જ છે અને એ ભોગવ્યે જ કર્મનો ક્ષય થાય છે. એ વિના બીજો ઉપાય નથી એવું પૂ.શ્રીએ નીચેના દોહરા દ્વારા સમજાવ્યું છે.

સ્વાર્જિત ભોગવવું રહ્યું પુણ્ય પાપ વા તેમ,
વિના ભોગવ્યે ના છૂટે કર્મ, ના ગતિ એમ. (અ. ૮૧ / દો. ૪૬)

માનવ, દેવ અને દાનવ બધા કર્મને આધીન છે. કર્મ પ્રમાણે મળતા ફળને ભોગવ્યે જ છૂટકો. દેવો પણ એમાંથી બાકાત નથી તો પછી મનુષ્યનું તો શું ગજું?

સંસારે પ્રાણી સહુ કર્માધીન સુજાણ;
ગુણાનુસારે સૌખ્ય ને પામે દુઃખ પ્રમાણ.
કલ્પાયુષ દેવો અહા, તે પણ કર્માધીન,
કાલગ્રસ્ત બધા ! કથા કોણ મર્ત્યની દીન? (અ. ૮૪ / દો. ૧૪૯-૧૫૦)

જો વ્યક્તિ સુખ ઇચ્છતો હોય અને સુખ એ કર્મનું ફળ હોય તો પછી એણે એવાં જ કર્મો કરવા જોઇએ કે જેનું ફળ સુખ થઇને આવે. પરંતુ કર્મ કરતી વખતે માનવી અહંકારમાં, ગફલતમાં કે અન્ય કારણે ન કરવાના કર્મો કરે છે પરિણામે ફળરૂપે આકરા દુઃખો મળે છે. પરંતુ એ આવે છે ત્યારે અકળાય છે, પસ્તાય છે અને રડે છે. માણસે કર્મ કરતી વખતે જ સાવધાની રાખવી જોઇએ. ભગવાનને ગમે, લોકોને ઉપકારક થઇ પડે એવા કર્મો કરવા જોઇએ. આવા કર્મો કરવામાં જ વ્યક્તિનું શ્રેય રહેલું છે.

રીઝે ઇશ્વર જે થકી, તેવું શાસ્ત્રોક્ત કર્મ-
કરવું ભાવે સર્વદા, જેથી પામે શર્મ. (અ. ૧૦૯ / દો. ૯૨)

સંતોની અવહેલના કદી ન કરવી જાણ;
વૃત્ત્યનુકૂલ થઇ સદા રે'વું ભાવે માન. (અ. ૧૧૦ / દો. ૧૧૮)

માટે પૂર્વજથી અહીં ચાલ્યું આવે જેહ,
સત્કર્માદિક ના કદી મદે છોડવું તેહ. (અ. ૧૧૧ / દો. ૧૦૧)

માટે શુષ્ક જ્ઞાનીઓ તણી સોબતે એમ-
ચઢી, કર્મ ના ત્યાગવું સ્વૈરવૃત્તિથી એમ.
કરી સાધુની સંગતિ રે'વું તદાજ્ઞા માંહ્ય,
સદાચારરત સર્વદા, જેથી પાતક જાય. (અ. ૧૧૨ / દો. ૯૨)

જીવના સુખ દુઃખનું કારણ કર્મ છે. સકામ કર્મ બંધનનું કારણ છે અને કનષ્કામ કર્મ મુક્તિપ્રદ છે એમ જણાવતાં પૂ.શ્રી જણાવે છે કે :

કર્મૈવ કારણં વિદ્ધિ જીવાનાં સુખદુઃખયોઃ |
સાર્થં બન્ધાય નિષ્કામં મુક્તયે સમુદાહૃતમ્ || (અક્ષરગીતા- શ્લોક ૧૪)

કર્મ વિશેના પોતાના વિચારો પૂ.શ્રીએ 'અવધૂતી આનંદ' ભજનસંગ્રહમાં પણ ઠેર ઠેર રજૂ કર્યા છે. થોડીક પંક્તિઓ માણીએ.

(૧) કકકા કર્મ તણી છે વસમી વાટડી,
વાવે તેવું પામે સહુ કો જગ્ત જો,
કૂડાં કર્મ તણું ફળ કૂડું છે નકી,
રૂડાં કર્મ તણું ફળ રૂડું જાણજો ....

(૨) કર્મ કૃતિકા અટલ કાયદો, વાવે તેવું લણવું રે;
બાવળ વાવ્યે કંટક પામે, આંબે કેરી સાખ;
સહુ નિજ હસ્તક રે .... સખી શરદપૂનમની રાત.

(૩) કર્મ સંગાતે રે, જીવડાં, જાવું જમ દરબાર;
લાડી વાડી રે, ગાડીઓ, કામ ન આવે લગાર.

(૪) હૃદયનું કોડિયું, ભગતીનું ઘી હેરી,
કર્મ-દીવેટે જ્ઞાન જ્યોતિ ! રુદિયામાં દીવા.

(૫) કરવું તો નિષ્કામ કર્મ હો સાધો ! કરવું તો નિષ્કામ કર્મ.
સોંપી ફળ પ્રભુને, કરવું જે આવે,
સ્મરવું હરિપદ દમ-બ-દમ.

(૬) કરની બીન કથનીકી કીમત કૌડી જાન બજારોં હૈ (૨)
બિન કથની કરની કર બંદે ! ઉધરે સંત હજારોં હૈ.

(૭) વાંચ્યા સમગ્ર બંને પત્ર || જેથી સુખ અત્ર પરત્ર ||
કરવું તત્કર્મ સર્વત્ર || અન્યત્ર ધ્યાન ન દેવું ||

(૮) તપસી ! એક કહ્યું તું માન, આળસ સઘળી મૂકી જાણ,
**સદાચાર પુષ્પોથી** કરી, પ્રભુનું પૂજન ઉરથી કરી,
સેવા સદ્‌ગુરુ કરવી જાણ, તન મન ધન એ પર કુરબાન,
ઈશ્વર ગુરુમાં ભેદ લગાર ના માને, તે સમજે સાર.

(૯) કર્મ કારમાં કરશે જેહ, આખર એકલ રોશે એહ.

(૧૦) આપ કર્મથી આપ બંધાય, દોષ અન્યને ક્યમ દેવાય?
હાથ થકી તું કરતો કર્મ, અંતે ચરરર કાપે મર્મ.
દેખી મનમાં અતિ ગભરાય; રોવાથી આખર શું થાય?

(૧૧) કર્યા કર્મ ભોગવ્યે છૂટાય, આપ કરે ને આપ બંધાય,
એ તો કર્મ કાયદો કહ્યો, તું પોતે અકર્મા રહ્યો.

ગીતા કહે છે કે કર્મની ગતિ ગહન છે. દુર્યોધનના મુખે વેદ વ્યાસ બોલાવરાવે છે કે હું ધર્મ શું છે તે જાણું છું પરંતુ તે આચરી શકતો નથી અને અધર્મ શું છે તે પણ જાણું છું, પરંતુ તે આચર્યા વગર રહી શકતો નથી. આ

દુર્યોધનની લાચારી છે.

**પૂ. પ્રેમ અવધૂતજીના** કર્મ વિશેના વિચારો પણ આ જ વાત સમજાવે છે. પરંતુ જરા સરળતાથી સમજાવે છે.

(૧) જાણેલું કામ નહિ આવે, જીવેલું જ કામ આવશે. બીજી રીતે કહીએ તો કાર્યાન્વિત ન થયેલું જ્ઞાન ભારરૂપ છે.

જ્ઞાનં ભાર: ક્રિયાં વિના.

(૨) અવધૂતને તો આચરવાની જરૂર છે, એને જીવવાની જરૂર છે. તમે એને એવો જીવી નાંખો કે તમારું જીવન જ આદર્શમય બને.

(૩) સમાજને ઉપયોગી એવું કોઇ પણ શુભ કર્મ એ યજ્ઞ જ છે. તે વડે સમાજમાં સંપત્તિનું સંતુલન જળવાય અને સાચો સમાજવાદ સ્થપાય.

(૪) આપણને આપેલી કોઇ પણ સંપત્તિથી કે શક્તિથી કોઇ પણ જીવની આંતરડી ઠારવી તેનું નામ જ સાચું ઇશ્વર પૂજન છે.

(૫) સદાચરણ વગર સર્વ વ્યર્થ છે. નીતિ નિયમને, સદાચારને જો દેશવટો આપીશું તો સ્વપ્ને પણ સુખ કે શાંતિ નહિ મળે.

(૬) આપણા હૃદયમાં આમાંથી જેટલું સમજાય અને સમાય તેટલું પણ આચરણમાં ઉતારો. આ આચરણ ખૂબ અઘરું છે, ઊંચી વાતો છે તેવું ન માનશો. તમે એ સાચી દિશામાં ડગલું માંડો, પછીથી આગળ લઇ જવાની જવાબદારી એ વિશ્વંભરની છે.

(૭) વિશ્વમાં નાંખેલો કાંકરો એક દિવસ તમારા જ પગમાં ખૂંચશે કારણ કે સમગ્રતાનો નિયમ છે કે જે વસ્તુ જ્યાંથી ઉત્પન્ન થાય છે ત્યાં જ સમાય છે, એનું ત્યાં જ વિસર્જન થાય છે. તમારા જ ખરાબ સંકલ્પોને કર્મો તમને જ દુ:ખદાયી થશે. બીજાને તો થશે ત્યારે થશે પણ પહેલાં તો તમને જ દુ:ખદાયી થશે.

(૮) આપણું કોઇ પણ કર્મ તેના વિશ્વ મંદિરમાં ક્ષોભ કરે છે. તેનાથી થતી અસરો છેવટે આપણે જ ભોગવવી પડે છે. અત્યારે આપણે જ્યાં છીએ અને જેવા છીએ તે આપણા કર્મનું ફળ છે. માટે એવું કર્મ ન કરો, એવા સંકલ્પ ન કરો, એવો શ્વાસ ન લ્યો કે જે તમને દુ:ખરૂપ થાય.

શ્રીગુરુલીલામૃત જેવા દિવ્ય ગ્રંથનું પારાયણ કરવા પાછળનો હેતુ આપણા જીવનને ઉદ્દાત્ત બનાવવાનો છે. કર્તવ્યરૂપે આવેલા કર્મને હું દિલ રેડીને કરું, મારી કાર્યકુશળતા પૂરેપૂરી પ્રગટ કરું, ફળની લાલચથી પ્રેરાઇને ના કરું અને ઇશ્વર પ્રીત્યર્થે કર્મ કરી એને અર્પણ કરું તો પણ ઘણું.

કર્મ વિશેની ઉપરની ચર્ચા આપણા મનમાં કેટલીક બાબતો સ્પષ્ટ કરે તો પણ પૂરતું છે.

- કર્મ કર્યા વગર રહી શકાતું નથી તેથી કર્મ તો કરવા જ પડશે.
- સ્વધર્માચરણના કર્મો દિલ રેડીને, મન મૂકીને કરીશ.
- કર્મ કરવાનું પ્રેરક બળ ફળની લાલચ નહીં પણ પ્રભુની પૂજારૂપે કરવાની વૃત્તિ રહેશે.

- કર્મનું જે ફળ મળશે તે હું હસતે મોંએ સ્વીકારીશ અને એને યોગ્ય ગણીશ.
- નિષ્કામ ભાવથી કરેલા કર્મો કદી બંધનરૂપ બનતા નથી. એ પાપ કે પુણ્ય જન્માવતા નથી માટે એ સ્થિતિએ જવા હું પ્રયત્નશીલ બનીશ.
- સકામ વૃત્તિથી કરેલા કર્મના ફળરૂપે જે સુખ દુ:ખ આવી મળે તેને હું સહર્ષ સ્વીકારીશ. દુ:ખ માટે કોઇ અન્યને દોષી નહીં ગણું.
- જે થઇ ગયું તે થઇ ગયું, પણ હવે હું સાવધાનીપૂર્વક, નિષ્કપટ ભાવે, નિષ્કામ વૃત્તિથી કર્મ કરીશ.

ગુરુ મહારાજ આપણા આવા સંકલ્પોને ચરિતાર્થ કરવાનું બળ આપે અને એવી કૃપા વર્ષાવે એવી પ્રાર્થના.

• કુલીન ઉપાધ્યાય
અમદાવાદ.

## પત્રગીતા — પત્ર નં.૪

**કર્મણ્યે વાધિકારસ્તે માફલેષુ કદાચન|**
**મા કર્મ ફલ હેતુર્ભૂ: મા તે સંગોસ્ત્વ કર્મણિ||** (ગીતા અ/૨ શ્લોક-૪૭)

કહું કથા કર્મ તણી || જાણ એ તો અતિ ઝીણી || શુક્લ કૃષ્ણ મિશ્ર ભણી || અજ્ઞાની તણાએ ||૧||
એ મર્મ જાણીને જ્ઞાની || વર્તે વ્યતીત① પિછાની || ત્રિગુણાતીત એ તો ધણી || સ્વયં બની ગયો રે ||૨||
વરેણ્યે②ના ધરે મમતા || કનિષ્ઠે ના ઘૃણા તથા || મિશ્રામિશ્રે સદા સમતા || અહંતા ત્યાગીને ||૩||
ના જ્યાં વાસનાનું મૂળ || વર્તે અનાસક્ત સ્થૂળ || કર્તૃત્વની ના રે ધૂળ || સ્પર્શે મેલ ના તહીં ||૪||
આ અધિક સારું કરૂં || આ તો ખોટું ના આચરું || આથી કીર્તિ આમાં મરૂં || આ તો ભલું કાં છોડું ||૫||
એવી કામનાથી અજ્ઞાની || ગ્રહી કર્તૃત્વ પડે પ્રાણી || કરનારો તો ન્યારો ધણી || આંખ કાણી એ વિના ||૬||
વિચાર આ તો સૂક્ષ્મ અતિ || જાણે કોઇ વિરલો જતિ || કર્માકર્મની એ રીતિ || ગૂઢ કથી શાસ્ત્રમાં ||૭||
જાણસ્તે ન③ ફલાકાંક્ષી || મરે ઝેર હાથે ભક્ષી || રહેવું બની બધે સાક્ષી || પક્ષાપક્ષી છોડીને ||૮||
છોડી માન અપમાન || કરવું યથાપ્રાપ્ત જાણ || કર્મ સહજ દોષપૂર્ણ || તોએ પણ ત્યાજ્ય ના ||૯||
ભલે ફલ્ગુ④ કે મહાન || ના નિર્દોષ એકે જાણ || ધૂમયુક્ત અગ્નિ માન || નિદર્શન⑤ ત્યાં કહ્યું ||૧૦||
જો ફલેચ્છા પાડે બંધને || સોંપી તેને ઇશચરણે || રહેતાં દોષ નાવે કને || લેપ મને સ્પર્શે ના ||૧૧||
कृतेषु चाकृतं पश्येदकृतेषु कृतं तथा | कृताकृतज्ञः स ज्ञानी न कृतैबध्यते कदा *||૧૨||
કર્મ કરૂં એ આગ્રહ || ના કરૂં એ દુરાગ્રહ || ત્યજવા બંને મિથ્યા ગ્રહ || સુખાવહ અસંગ ||૧૩||
ક્ષેત્ર દાર પુત્ર ધન || મારૂં મારૂં કહી જન || પ્રાપ્તાપ્રાપ્તે તોડે તન || ઠરે ક્ષણ ના કદિ ||૧૪||
કેમ ચરિતાર્થ ચાલે || કીર્તિ યશ કેમ મળે || ચિંતામાં એ આયુ એળે || સરવાળે ગુમાવે ||૧૫||
દુ:ખ ન શોધ્યુંએ મળે || તેમ સુખ આપમેળે || જાણી રહેવું પ્રાપ્તસ્થળે || જ્ઞાનબળે નિશ્ચિંત ||૧૬||

કર્મ મા ત્ર ત્યજયે તેમ || નૈષ્કર્મ્ય ન પામે એમ || વિના ગ્રહ્યે દેખી હેમ || નાચે કેમ મન જો ||૧૭||
આ અ કર્મ વા આ કર્મ || મોટા મોટા ન લહે મર્મ || જાણી વિરલો પામે શર્મ || કર્મધર્મ ગૂઢ આ ||૧૮||
એ ⑥વ ર્મ અનાસક્તિનું || જાણી કર્મફળત્યાગનું || પ્હેરે તે ના ડરે અણુ || જોઇ રેણુ પ્હાડ વા ||૧૯||
પડી ફન્દે કામનાના || પડ્યા જીવ જો રે નાના || બનો દાસ વાસનાના || બંધનાગારમાં ⑦ ||૨૦||
ના રે લ ભ્યાંશલેશ તહીં || વૃથા કલેશ વહે અહીં || પડી આશાતૃષ્ણા મહીં || જાય રહી હાડકાં ||૨૧||
ફળ હે તુ મિથ્યા જાણ || કરી સર્વ ઇશાર્પણ || થાવું અનન્યશરણ || તનમન હોમીને ||૨૨||
જલ તુ ષાર⑧ જલે શમે || થતાં શાંત વાયુ ક્રમે || છોડી નામરૂપ રમે || પરમે એકરૂપ ||૨૩||
पुन र्भूः स्यात्तथा नैव वासनामुक्तितः पुमान् | क्षीणे भोगे तनु त्यक्त्वा ब्राह्मणा ह्येकतां व्रजेत् **||૨૪||
ફળે મા ત્રા અનુપાને || તેમ જ્ઞાની કર્મગહને || ફરે અસંગાવરણે || નિર્ભયપણે એ ||૨૫||
તરે તે લ પાણી મહીં || તેમ જાણ જ્ઞાની અહીં || ખાય માખણ છોડી દહીં || દંડ ગ્રહી જ્ઞાનનો ||૨૬||
ગુણ સં ઘ વર્તે ગુણે || તેમાં શું રે નડે મુને || માની એમ અહંગ્રહણે || બંધને ના પડે ||૨૭||
કરે ગો ષ્ઠી નિર્લેપતાની || બેસે નિશ્ચેષ્ટ બકધ્યાની || બાહ્યદષ્ટિએ અજ્ઞાની || દષ્ટિ કાણી ના છીપે⑨ ||૨૮||
नर स्त्व कर्मा यश्चान्तः स्मरते विषयांस्तथा | पच्याते नरके घोरे मिथ्याचारः स पापभुक् ***||૨૯||
જેમ કરી સૂર્ય ના કરે || જ્ઞાની સાક્ષિવત્ આચરે || અજ્ઞ અહં મમત્વે મરે || કોક તરે કરોડે ||૩૦||
એ મ ર્મ નવ જાણીને || પડે જે કો સ્વેચ્છાચરણે || રડે પડી અભિમાને || યમશરણે થાતાં એ ||૩૧||
ના પા ણિ ગ્રહણ ગુણકા || કરે તેથી શું કુમારિકા || અન્નાભાવે જે કડાકા || તે લૂખા ઉપવાસો ||૩૨||
કર્મ રં ગ એ અગમ્ય || જાણી રહેવું જ્ઞાનદમ્ય || પામે તથા પદ કમ્ય || જાણ રમ્ય અવર્ણ્ય ||૩૩||
તરં ગ વાસના નાના || છોડી, અદ્વૈતઉપાસના || કરી થાવું શાંત શાણા || પીઇ જ્ઞાનામૃત એ ||૩૪||
તત્સત્ ૐ હવે તપસી || આજે પુણ્ય એકાદશી || થતાં દશ એક વશી || રહ્યો હસી અવધૂત ||૩૫||

**-રંગ અવધૂત મહારાજ**


---

૧. ત્રિવિધકર્માતીત ૨. શ્રેષ્ઠ વસ્તુમાં ૩. ચોર ૪. ક્ષુદ્ર ૫. દષ્ટાંત ૬. બખ્તર; કવચ ૭. સંસારરૂપી જેલમાં
૮. છાંટા, કણ ૯. ઢાંકી રહે, છાની રહે.

*ભાવાર્થ :- કર્મમાં અકર્મ જુએ અને તેવી જ રીતે અકર્મમાં કર્મ જુએ, એમ કર્મઅકર્મનો મર્મ જાણનાર જ્ઞાની કર્મોથી કદીએ બંધાતો નથી.

**ભાવાર્થ :- એ રીતે વાસનાથી મુક્ત થતાં મનુષ્ય ફરીથી જન્મતો નથી અને પ્રારબ્ધભોગ ક્ષીણ થતાં, શરીર છોડી બ્રહ્મ સાથે વિદેહકેવલ્ય પામે છે.

***ભાવાર્થ :- બહારથી અકર્મણ્યતાનો ડોળ કરનાર જે માણસ અંતઃકરણમાં વિષયચિંતન કર્યા કરે તે ઢોંગી, પાપાહારી મનુષ્ય ઘોર નરકમાં સડે છે.




**પ્રેમ અવધૂત (લીંચ)**

સેવાયાં ગુરુરંગરાજ ચરણે નીતં સ્વકીયં વયો
બુદ્ધં સદ્‌ગુરુ માનસં સ્વમનસા ગુર્વર્પિતેનેહ દ્રાક્ ।
સિક્તા ભક્તજનાઃ સ્વનેત્ર કરુણા તોયેન યેનાન્વહં
તં વન્દે સ્મિત શોભિતાસ્ય કમલં પ્રેમાવધૂતં ગુરુમ ॥

(રચિયતા : સ્વ. ડૉ. અરુણોદય ન. જાની)

# ઋણ સ્વીકાર



સ્વ. શ્રી પ્રભાશંકર મોતીરામ દવે
[જન્મઃ ૧૪-૮-૧૯૧૮] [અવસાન : ૭-૧૧-૧૯૯૪]

ગં. સ્વ. લીલાવતીબેન પ્ર. દવે
[જન્મઃ ૧૫-૧૧-૧૯૨૨]

માતા અમારાં પાર્વતી પિતા શિવસ્વરૂપ
માતપિતા કૃપા થકી શોષાયે ભવકૂપ
માતપિતાના પુણ્યથી સુખી સૌ સંસાર
રંગ-પ્રેમસત્સંગથી થઇ જાશું ભવપાર

લિ.

| | |
|---|---|
| સૌ. નિર્મળાબેન વિ. દવે | શ્રી વિનોદભાઇ પ્રભાશંકર દવે |
| સૌ. પ્રવિણાબેન મ. દવે | શ્રી મધુસૂદન પ્રભાશંકર દવે |
| સૌ. રંજનબેન મ. દવે | શ્રી મહેન્દ્રભાઇ પ્રભાશંકર દવે |
| સૌ. જ્યોત્સનાબેન બિ. દવે | શ્રી બિપિનભાઇ પ્રભાશંકર દવે |
| સૌ. શોભાબેન હ. દવે | શ્રી હર્ષદભાઇ પ્રભાશંકર દવે |

સૌ. અંબિકાબેન ગિરીશભાઇ વ્યાસ

# વંદનાષ્ટક

આજ્ઞા કરે અવધૂતને જે ગ્રંથ રચવા સ્વપ્નમાં,
ને દે ચરિતામૃત ઘડો જાતે જઇને હાથમાં,
તું પાન કર, પિવાડ જેને હોય તૃષા - વેદના,
એ દત્ત **વાસુદેવ**ના **શ્રીપાદપદ્મે** વંદના. ..... (૧)

આદેશ ગુરુનો શિર ધરી, જે ગ્રંથની રચના કરે,
ને દોહરા છંદે, છલોછલ બ્રહ્મરસ એમાં ભરે,
જીવન સફળ પારાયણે એ જ્ઞાન, કર્મ, ઉપાસના,
દત્તાવતારી **રંગ**ના ચરણારવિંદે વંદના. ..... (૨)

આ દિવ્યભાષા દોહરાની ના બધા સમજી શકે,
સત્ત્વર રૂપાંતર ગદ્યમાં એનું કરી નાંખો તમે,
આજ્ઞા કરીને જે કરે કૃપા અમીનાં છાંટણાં,
એ સદ્ગુરુ **શ્રીપ્રેમ**ના પાદાબ્જે હો મમ વંદના. ..... (૩)

અત્રિજ ને સુત અનસૂયાના, જ્ઞાનના અવતાર જે,
અર્જુન આયુ અલર્કને યદુનો કરે ઉદ્ધાર એ,
પ્રહ્લાદ પરશુરામને એની કૃપાની ઝંખના,
એ દેવ **દત્તાત્રેય**ના હો ચરણકંજે વંદના. ..... (૪)

લીલા કરે કુરવપુરે ને એ જ પાછા અવતરે,
જઇ ગાણગાપુર વાડીમાં કંઇ દિવ્ય લીલા આચરે,
તાર્યા ઘણાં ભક્તો, હર્યાં વળી દુઃખડાં કંઇ રંકનાં,
**શ્રીપાદ નૃસિંહ સરસ્વતી**ના પદસરોજે વંદના. ..... (૫)

પાપીગણુ પરિવારના સંકટભર્યા દિવસો મહીં,
સુકાન લઇને હાથમાં, જે સાચવે પડખે રહી,
ક્યાંથી ભૂલું હું એ બધા ઉપકાર સાચા સંતના,
**પાગલ પ્રકાશાનંદ**ના આ ચરણકમળે વંદના. ..... (૬)

સારાંશ ગ્રંથતણો લખે બે વાર જો **પાપીગણુ**,
એ બીજમાંથી ફૂટતું આ વૃક્ષ ગદ્યાંતર તણું,
જેણે સિંચ્યા સંસ્કાર એ માતા **જયા**ની અર્ચના,
એવાં રૂડાં માતા-પિતાનાં ચરણકંજે વંદના. ..... (૭)

પરિવાર કેરી હૂંફ ને જ્યાં મદદ કરતી અંજની,
લહાવો બન્યો આ કાર્ય જાણે ગાઉં હું શિવરંજની,
'સત્કાર્ય છે આશિષ સ્વયં' ચાલુ રહે એ પ્રાર્થના,
સહુમાં નિહાળી રંગને, સહુની કરું હું વંદના. ..... (૮)

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય.

|| શ્રી ગણેશાય નમ: ||

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત
શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર.

## અનુક્રમણિકા


| અનુ. નં. | વિગત | દોહરા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અધ્યાય-૬૩ | ૧૪૫ | ૧-૧૦ |
| ૨. | અધ્યાય-૬૪ | ૫૮ | ૧૧-૧૫ |
| ૩. | અધ્યાય-૬૫ | ૫૮ | ૧૬-૨૦ |
| ૪. | અધ્યાય-૬૬ | ૧૨૫ | ૨૧-૨૯ |
| ૫. | અધ્યાય-૬૭ | ૧૪૦ | ૩૦-૩૮ |
| ૬. | અધ્યાય-૬૮ | ૨૦૦ | ૩૯-૫૦ |
| ૭. | અધ્યાય-૬૯ | ૧૬૦ | ૫૧-૬૦ |
| ૮. | અધ્યાય-૭૦ | ૨૧૨ | ૬૧-૭૩ |
| ૯. | અધ્યાય-૭૧ | ૭૨ | ૭૪-૭૮ |
| ૧૦. | અધ્યાય-૭૨ | ૮૨ | ૭૯-૮૪ |
| ૧૧. | અધ્યાય-૭૩ | ૧૧૮ | ૮૫-૯૨ |
| ૧૨. | અધ્યાય-૭૪ | ૧૩૮ | ૯૩-૧૦૧ |
| ૧૩. | અધ્યાય-૭૫ | ૧૧૦ | ૧૦૨-૧૦૮ |
| ૧૪. | અધ્યાય-૭૬ | ૭૨ | ૧૦૯-૧૧૪ |
| ૧૫. | અધ્યાય-૭૭ | ૭૦ | ૧૧૫-૧૧૯ |
| ૧૬. | અધ્યાય-૭૮ | ૭૦ | ૧૨૦-૧૨૪ |
| ૧૭. | અધ્યાય-૭૯ | ૧૦૩ | ૧૨૫-૧૩૨ |
| ૧૮. | અધ્યાય-૮૦ | ૧૩૨ | ૧૩૩-૧૩૯ |
| ૧૯. | અધ્યાય-૮૧ | ૬૨ | ૧૪૦-૧૪૪ |
| ૨૦. | અધ્યાય-૮૨ | ૧૭૮ | ૧૪૫-૧૫૩ |
| ૨૧. | અધ્યાય-૮૩ | ૨૬૨ | ૧૫૪-૧૬૬ |
| ૨૨. | અધ્યાય-૮૪ | ૧૬૮ | ૧૬૭-૧૭૭ |

# અધ્યાય : ૬૩

આ અધ્યાયનું નામ **'શનિપ્રદોષમાહાત્મ્ય'** છે. આ અધ્યાયમાં **૧૪૫** દોહરા છે.

શિષ્ય નિરંજને પૂછ્યું કે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ગોકર્ણમાં કેટલાં વર્ષ રહ્યા? અને પછી ક્યાં ક્યાં ફર્યા? (૧-૨).

અલખે કહ્યું કે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ગોકર્ણમાં ત્રણ વર્ષ રહીને પછી તેઓ શ્રીશૈલ પર્વતે ગયા. ત્યાંથી પ્રભુ કુરવપુરમાં આવ્યા. કૃષ્ણા-વેણીના સંગમે લીલા કરીને શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ સમય જતાં તિરોધાન થયા અને બીજે અવતાર ધારણ કર્યો. આમ છતાં તે હજી આજે પણ ગુપ્તરૂપે કુરવપુરમાં વસે છે. (૩-૧૮).

આ કુરવપુરમાં ધર્મમાં રત રહેનાર એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ અંબિકા હતું. એને પુત્ર થતા હતા પણ મરી જતા હતા. નસીબ જોગે એક દીકરો જીવ્યો પરંતુ છેક મંદબુદ્ધિનો નીકળ્યો. (૧૯-૩૦).

ઘણા પ્રયત્નો કરવા છતાં પુત્ર વિદ્યા શીખ્યો નહિ. સમય જતાં બ્રાહ્મણ મૃત્યુ પામ્યો. માતા ભીખ માગીને પોતાનું અને પુત્રનું પેટ ભરતી હતી. લોકો ન સહેવાય એવાં મહેણાં-ટોણાં મારતા હતા. આથી કંટાળીને માતાએ પુત્ર સાથે નદીમાં ડૂબી મરવાનો વિચાર કર્યો. (૩૧-૪૭).

મા અને દીકરો નદીમાં ડૂબી મરવાના સંકલ્પ સાથે નદી તરફ જતાં હતાં ત્યારે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ એમને જોતાં પાસે બોલાવીને બધી વાત પૂછી. માતાએ પોતાની દુ:ખભરી કહાણી સંભળાવી અને આશીર્વાદ માગ્યો કે આવતે જન્મે બુદ્ધિશાળી પુત્ર થાય એવી કૃપા કરો. (૪૮-૬૯).

શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ એને શનિપ્રદોષ વ્રત કરવાનું અને ભગવાન શંકરનું અર્ચન કરવાનું કહ્યું. આ વ્રતના પ્રભાવે જ ભગવાન કૃષ્ણ યશોદાના ઘરે જન્મ્યા હતા તે વાર્તા પણ કહી. પછી મંદબુદ્ધિના બાળક ઉપર આશીર્વાદાત્મક હાથ મૂકતાં તે પણ વિદ્વાન બની ગયો. એ મંદબુદ્ધિ ધરાવતો બ્રાહ્મણબાળ વિદ્વાન થયો અને પરણીને સુખી થયો. (૭૦-૧૪૫).

શિષ્ય નિરંજન બોલ્યો કે હે ગુરુજી ! ગોકર્ણનો અદ્‌ભુત મહિમા સાંભળ્યો. હવે મને એ કહો કે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ- અવધૂત- એ સ્થળે કેટલો સમય રહ્યા? (૧). હે કૃપાસાગર ! મને આ જાણવાની જ અખંડ લગની લાગી રહી છે. મારા હૃદયમાં આનંદ સમાતો નથી અને ભારે પાપ (ઉદ્દંડ) પણ ટળી રહ્યાં છે. (૨).

અલખજી બોલ્યા કે હે વત્સ ! તું સાવધાન થઈ જા. તને અપૂર્વ આનંદ થાય એવું અદ્‌ભુત ચરિત્ર કહું છું. (૩). લોકોનું ભલું કરવા માટે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ગોકર્ણમાં ત્રણ વર્ષ રહ્યા અને પછી એ ભક્તપ્રતિપાળ પ્રભુ શ્રીપર્વતે (શૈલ પર્વતે) ગયા. (૪). જેનાં ચરણનાં દર્શનમાત્રથી બધાં તીર્થો ફર્યાનું પુણ્ય મળે છે અને 'ચરણં પવિત્રં' એવું વેદો કહે છે એવા સુંદર કાંતિવાળા શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ લીલા કરી રહ્યા છે. (૫). લોકોનું કલ્યાણ

કરવા માટે આ સંતો બધે ફરે છે અને તીર્થમાં જઇને તીર્થને પવિત્ર કરે છે અને અવનવી (વિચિત્ર) લીલાઓ કરીને એ તીર્થનો મહિમા વધારે છે.① (૬). શ્રી શૈલ પર્વત ઉપર ચાર મહિના રહીને ભકતોને દર્શન આપીને અને જ્ઞાનનો બોધ આપીને કંઇ કેટલાયે લોકોનો ઉદ્ધાર કર્યો. (૭). નિવૃત્તિસંગમમાં પવિત્ર સ્નાન કરીને પછી શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ જંગલ જેવા કુરવપુર ક્ષેત્રમાં આવ્યા. (૮).

જેની ચારે બાજુ કૃષ્ણા અને વેણી નદી અખંડ વહ્યા કરે છે એવા નવેય ખંડમાં દુર્લભ આ ક્ષેત્રના મહિમાનું કોણ વર્ણન કરી શકે? (૯). વિષ્ણુસ્વરૂપ કૃષ્ણા નદી અને શિવસ્વરૂપ વેણી નદી દર્શન માત્રથી જ ભવકૂપને શોષીને મોક્ષપદ આપી દે એવી છે. (૧૦). જો એના મહિમાનું વર્ણન કરવા બેસું તો તો આ ગ્રંથ બેહદ મોટો થઇ જાય, તેથી હું ટૂંકમાં કહું છું તે હે વત્સ ! તું સાંભળ. (૧૧).

**શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ત્યાં આવ્યા તેથી આ સ્થાનનો મહિમા અપાર વધ્યો. કલિકાળના મળમાંથી તારનાર શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ભકતો માટે ત્યાં રહ્યા. (૧૨). જે કોઇ એમને ભક્તિભાવથી ભજે છે તે જ્ઞાન, લક્ષ્મી** અને શ્રેષ્ઠ સંપત્તિ પામે છે અને એનાં બધાં પાપો નાશ પામે છે. (૧૩). કૃતયુગમાં (સત્યયુગમાં) ઉદ્ધાર કરનાર જે જનાર્દન ભગવાન હતા તે જ કલિમાં શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુના સ્વરૂપે અવતર્યા છે. એટલે એમનાં ચરણો ભાવપૂર્વક સેવો. (પકડો.)② (૧૪). વેદો કૂતરાં બનીને એમના પવિત્ર પગ હંમેશાં ચાટી રહ્યા છે. એ મહિમાનું કોણ વર્ણન કરી શકે? એ પૈકી થોડી દિવ્ય લીલાનું વર્ણન કરું છું. (૧૫). સમય જતાં એ યતિશ્રેષ્ઠ ત્યાં જ બ્રહ્મલીન થયા અને એમણે બીજો અવતાર લઇને અલૌકિક કાર્યો કર્યાં. (૧૬).

હજી આજે પણ ગુપ્તસ્વરૂપે ગુરુવર કુરવપુરમાં વસી રહ્યા છે અને ભકતોને દર્શન આપે છે જેથી તેઓ આ સંસારરૂપી કૂવાને તરી જાય છે. (૧૭). હે શિષ્ય ! એમણે બીજે દેહ ક્યાં ધર્યો (જન્મ લીધો) એ હું તને કહું છું તે તું સાંભળ. એ જ (કુરવપુર) ગામમાં એક ધર્મપ્રેમી બ્રાહ્મણ રહેતો હતો. (૧૮). એ બ્રાહ્મણ વેદ જાણનારો અને નીતિથી જીવનારો હતો. અંબિકા નામની એની પતિવ્રતા પત્ની હતી અને નિષ્કામ ભાવથી પતિને ભજતી હતી. (૧૯). એ (પતિ-પત્ની) બન્ને જણાં સદાચારી હતાં. પરંતુ કર્મનો યોગ એવો ગહન હતો કે પુત્ર જન્મીને મરી જતા હતા અને પ્રયત્નો કરવા છતાં આ પરિસ્થિતિ બદલાતી ન હતી. (૨૦).

અનેક તીર્થ કર્યાં અને વ્રતો આચર્યાં, સંત મહંતને સેવ્યા ત્યારે નસીબ જોગે એક પુત્ર જીવ્યો. પણ અરેરે ! એ મંદબુદ્ધિનો નીકળ્યો !! (૨૧). આવા મૂરખ પુત્રને અંબિકા મોહવશ પ્રેમથી મોટો કરતી હતી. એને વિધિપૂર્વક જનોઇ દીધું અને પછી પિતાએ એને શાસ્ત્રોનાં સૂત્રો શીખવવા માંડ્યાં. (૨૨). પરંતુ એ મંદબુદ્ધિવાળો અજ્ઞાની એક પણ મંત્ર મોઢે કરી શકતો નહિ. પિતાને અતિશય ચિંતા થતી હતી. એને થયું કે આ મૂઢ મારું નામ બોળશે ! (ઘર ભાંગશે !) (૨૩). એ અંતરમાં ખૂબ દુ:ખી થયો અને વિચારવા લાગ્યો કે કેટલાયે પ્રયત્નો પછી પ્રારબ્ધ યોગે આ પુત્ર જીવ્યો તો ખરો પરંતુ મૂરખ અને બાહુક (બાઘા) જેવો નીકળ્યો !! (૨૪). હે ભગવાન ! મારું તો આખું કુળ ડૂબી ગયું ! ગયા જન્મોનાં ગહન કર્મોને કોણ મિથ્યા કરી શકે? એવું બોલીને દુ:ખથી લાચાર થઇ ગયો. (૨૫). પુત્રને પિતા યુક્તિ-પ્રયુક્તિથી શિખવાડે પરંતુ એ શીખે જ નહિ, પ્રયત્નો નિષ્ફળ જ જાય. પછી આખરે કંટાળીને પુત્રને ક્રોધથી મારે. (૨૬). પુત્ર રડે ખરો પણ એને કશું આવડે નહિ. મારવાથી શું વળે? જો

મારવાથી બુદ્ધિ ખીલતી હોય તો તો મૂરખ પણ કવિ થઇ જાય.③ (૨૭). રોજ રોજ એનો એ જ લોહી ઉકાળો. મા પણ ખૂબ કલ્પાંત કરતી હતી. પતિને મારતાં રોકીને પગે લાગીને કહેતી કે હે નાથ ! એને મારશો નહિ. (૨૮). માતા બોલી કે કેટલાયે પ્રયત્નો પછી, પ્રારબ્ધ યોગે કરીને આ એક દીકરો જીવતો રહ્યો છે. એ ભલે છેક મૂઢ રહ્યો. મારે તો એ દીર્ઘાયુ થઇ સુખે જીવે એટલે બસ. (૨૯). એના નસીબમાં જ વિદ્યા નહિ હોય તો મારવાથી શું થવાનું છે? હે દયાળુ પતિદેવ, તમે દયા કરો. ભગવાને ધાર્યું હશે તેમ જ થશે !! (૩૦).

પૂર્વજન્મનું કર્મ કોણ ફેરવી શકે એમ છે? એ દેખાવમાં ભલે કદ્રૂપ (વિદ્યાના તેજ વિનાનો) હોય. હવે એને મારશો નહિ, નહિ તો તમારી નજર સમક્ષ જ હું પ્રાણત્યાગ કરી દઇશ ! (૩૧). પત્નીનાં વેણ હૃદયમાં વાગ્યા અને બ્રાહ્મણે માથે હાથ મૂક્યો. 'અરે ! નસીબ પણ કેવું છે !' એમ બોલીને એણે બોલવાનું બંધ કર્યું અને એ શાંત થઇ ગયો. (૩૨). એણે પુત્રને મારવાનું બંધ કરી દીધું અને દીકરાને પત્નીને સોંપી દીધો. પછી મનમાં સંતોષ રાખીને દિવસો પસાર કર્યે જતો હતો ત્યાં જ ઘાત આવી. (૩૩). સમય જતાં એ વેદજ્ઞ બ્રાહ્મણ માંદો પડ્યો. રોગમાં શરીર ઘસાઇ ગયું અને પ્રારબ્ધવશ મૃત્યુ પામ્યો. (૩૪). મૂરખ પુત્ર અને વિધવા સતી (પત્ની), બન્ને દુ:ખી અને ગરીબ હતાં. માગી ભીખીને શરીરનું પોષણ કરીને શરીર ટકાવતાં હતાં. (જીવતાં હતાં.)④ (૩૫).

માતા ભીખ માગીને પુત્રનું પેટ ભરતી હતી !! આ જોઇને લોકો નિંદા કરતા. તેઓ કહેતા હતા કે આ તો જીવતે જીવ મડદું છે !! (૩૬). લગ્ન કરવાની તેની ઉંમર થઇ પરંતુ કોઇ કન્યા આપવા તૈયાર ન હતું. લોકો પુત્ર પર ફિટકાર વરસાવતા હતા એને કારણે માતા મનમાં અપાર વેદના (દુ:ખ) અનુભવતી હતી. (૩૭). લોકો પુત્રને મહેણાં મારતા. કહેતા કે માથા પર ઘડો મૂકીને બધાના ઘરનું પાણી ભર, ઢોરોને ચરાવવા લઇ જા, લૂગડાં ધો. કારણ કે તું તો મૂરખ મનુષ્યના રૂપમાં ગધેડો જ છે. (૩૮). હે મૂઢ ! હે ગમાર ! તારા કરતાં તો પથ્થર પણ સારો. બ્રાહ્મણ કુળમાં તેં નાહકનો જન્મ લીધો છે. તું તો બ્રાહ્મણકુળ માટે શરમરૂપ છે, ચમાર છે. (૩૯). તારો પિતા તો શાસ્ત્રોનો જાણકાર, વેદો (શ્રુતિ)નો જાણકાર અને પુણ્યનો ભંડાર હતો. એની ઉજ્જવળ કીર્તિ તો ચારે દિશામાં ગાજે છે. (૪૦). તેં એનું (તારા બાપનું) નામ ડુબાડ્યું (બોળ્યું) અને માતાનું યૌવન બગાડ્યું. અરેરે ! તને તો પણ શરમ નથી આવતી? તને ધિક્કાર છે. તું જંગલમાં કેમ જતો રહેતો નથી? (૪૧). માતા ભીખ માગી લાવે તે ખાઇ ખાઇને તું માતેલા સાંઢ (આખલા) જેવો થયો છે. તારા પિતૃઓનું પતન થશે અને છતાં તને એનું કાંઇ મનદુ:ખ નથી? ધિક્કાર છે તને. (૪૨). અરે ! હે કુળ માટે અંગાર સમાન (કુલાંગાર) ! તું આવું નકામું જીવન જીવે છે એના કરતાં મરી કેમ જતો નથી? એ દુર્મતિવાળા અને ખરાબ જીવન જીવનારા ! આના કરતાં તો તું ગંગાજળમાં ડૂબી મર. (૪૩).

લોકોની નિંદા-વગોવણી સાંભળી સાંભળીને એ મૂઢ ખૂબ જ દુ:ખી દુ:ખી થઇ ગયો. એણે માતાને કહ્યું કે હવે તો આની હદ આવી ગઇ છે. હવે હું ચોક્કસ પ્રાણત્યાગ કરીશ જ. (૪૪). જો બધાં મારી નિંદા જ કર્યા કરવાના હોય તો મારે નાહક જીવીને પણ શું કરવાનું? અને એ તો સાચી જ વાત છે કે મારું પોષણ કરવામાં તને ખૂબ મહેનત પડે છે. (૪૫). આ બધાનો અંત લાવી દેવા હું ઘોર જંગલમાં જઇને ગંગા નદીમાં ડૂબી મરું અને ધન્ય થઇ જવાય એવા મૃત્યુને વરું. (૪૬). પુત્રનાં આવાં વચનો સાંભળીને માતા ખૂબ શોક કરવા લાગી. ચિંતામગ્ન

થઇને રડતાં રડતાં સતી બોલી કે હું પણ તારી સાથે આવીશ. (૪૭). ત્યાંથી નીકળીને બંને કૃષ્ણા નદીના કિનારે આવ્યાં અને દુ:ખ વ્યકત કરતાં હતાં ત્યાં જ ધીરપુરુષ એવા શ્રીપાદશ્રીવલ્લભ ગુરુ આવી પહોંચ્યા. (૪૮). મુનિઓમાં શ્રેષ્ઠ અને સૌના તારણહાર એવા શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ સ્નાન માટે આનંદથી જતા હતા ત્યારે દુ:ખનો નાશ કરનારા શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુને જોઇને સતી સ્ત્રીએ પુત્ર સાથે જઇને એમનાં ચરણ પકડ્યાં. (૪૯). દુ:ખને લીધે કંઠ રૂંધાયો છે, આંખમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં છે અને બંનેએ કહ્યું કે (હે પ્રભુ !) આ પાણીમાં ડૂબી મરવા માટે અમને આજ્ઞા (મંજૂરી) આપો. (૫૦).

લોકો કહે છે કે આત્મહત્યા એ ભયંકર પાપ છે. એટલે હું આપને પ્રાર્થના કરું છું કે આપ એની સંમતિ (રજા) આપો તો અમારો બધો શોક ટળી જશે. (૫૧). હે મુનિરાય ! આપ રજા આપશો તો અમને શ્રદ્ધા છે કે અમારી સદ્‌ગતિ થશે. આ સાંભળીને દયાના સાગર (દયાના ભંડાર) શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ બોલ્યા કે પ્રાણ તજવાથી શું થશે? (૫૨). એવું તે શું દુ:ખ આવી પડ્યું કે આવા દુર્લભ પ્રાણ ત્યજવા માટે તૈયાર થઇ ગયાં છો? એ બ્રાહ્મણની સ્ત્રીએ હાથ જોડીને પોતાનું બધું જ દુ:ખ કહેવા માંડ્યું. (૫૩).

હે ભકતવત્સલ ગુરુ મહારાજ ! આ પુત્ર નિમિત્તે ભારે દુ:ખ આવી પડ્યું છે અને તેથી પ્રાણત્યાગ કરવા તત્પર થયાં છીએ. (૫૪). પુત્ર મેળવવા માટે મેં કંઇ કેટલાંયે વ્રતો અને તીર્થો કર્યાં, ઘણાં દેવ-દેવીઓ સેવ્યાં અને ઘણા પ્રખ્યાતિ પામેલા સંત મહંત સેવ્યા ત્યારે આ પુત્ર જન્મ્યો પરંતુ એ અતિ મંદ મતિનો પાકયો છે. બધા જ લોકો એની નિંદા-ટીકા કરે છે પછી કયાંથી જીવવાનું ગમે? (૫૫-૫૬). મારા પતિ તો વેદશાસ્ત્રના જાણકાર હતા અને શ્રેષ્ઠ બ્રાહ્મણમાં એમની ગણતરી થતી હતી. એનો પુત્ર આવો મૂઢ અને મંદબુદ્ધિનો કયાંથી પાકયો? ખરેખર ! કર્મની ગતિ ગહન છે. (૫૭). હે ગુરુ મહારાજ ! તમે એટલી દયા કરો કે જેથી બીજા જન્મે આવો મંદબુદ્ધિનો પુત્ર ન થાય. મારી મનની આટલી ઇચ્છા પૂરી કરો. (૫૮). હવે પછીના જન્મમાં સારો પુત્ર પ્રાપ્ત થાય એવો કોઇ સારો ઉપાય બતાવો. હું આપને ફરી ફરીને પગે લાગું છું. (૫૯).

હે કૃપાસાગર ! તું ગરીબોનો બેલી છે. ગરીબાઇને દૂર કરનાર દેવ છે. આજે અમારા સદ્‌નસીબે આ ચરણનાં દર્શન થયાં. હું આપની શી સેવા કરું? (૬૦). હે પ્રભુ ! આ સંસારમાં જન્મીને સ્વપ્નમાં પણ સુખ જોયું નથી. હે ગુરુજી ! મેં વિવિધ પ્રકારનાં દુ:ખો સહન કર્યા છે. મેં તો હંમેશાં દુ:ખ જ સહન કર્યું છે. (૬૧). જેટલા સારા પુત્રો હતા તે બધા મૃત્યુ પામ્યા. પણ બકરીના ગળે લટકતાં આંચળ જેવો આ નકામો અને દુ:ખ દેનારો એક મૂર્ખ પુત્ર જીવતો રહ્યો. એણે કૂખ લજવી છે. (૬૨). આટલું ઓછું હોય તેમ હું વિધવા થઇ અને મારા નસીબમાં ભીખ માગવાની વેળા આવી. હે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ! મારા પર દયા કરીને મને સત્પુત્રની ભીખ આપો. (૬૩). હે પ્રભુ ! મારી આ માગણી સ્વીકારો અને હવે પછીના જન્મમાં આપના જેવા પૂજ્ય સુપુત્રનું દાન આપો. (૬૪). હે પ્રભુ ! મને કોઇ એવો સારો ઉપાય બતાવો કે જેને લીધે હું એવો પુત્ર પામું કે જેને બધાં વંદન કરે, અને લોકો એનાં ગુણગાન ગાય. (૬૫). આવું થાય તો એનાથી જન્મ મરણનો ફેરો ટળે, હું ધન્ય થઇ જાઉં અને જેના પુણ્ય બળે સહુ પિતૃઓ હંમેશને માટે સ્વર્ગમાં વાસ કરે. (૬૬). આપની જેમ નાની ઉંમરે બધાનો પૂજ્ય અને સર્વ સ્વીકૃત બને એવો બ્રહ્મજ્ઞાની પુત્ર હે મહંત ! મને પ્રાપ્ત થાય એવી કૃપા કરો. (૬૭). જેનાં ચરણકમળને જ્ઞાની અને અજ્ઞાની

બધા પગે લાગે તથા જે ભકતજનો માટે શાંતિ, શ્રેય અને સુખનું હંમેશનું આશ્રયસ્થાન હોય. (૬૮). આવું બોલીને ફરી પાછું ઉભય ચરણમાં માથું નમાવ્યું. બ્રાહ્મણ સ્ત્રીની વાણી સાંભળીને ધીર ગંભીર સદ્ગુરુ પ્રસન્ન થયા. (૬૯).

કરુણાકર સદ્ગુરુ બોલ્યા કે હે સતી ! તું ભક્તિભાવથી ભગવાન શિવને ભજ. એ ઇશની આરાધનાથી તને કૃષ્ણ જેવો પુત્ર થશે. (૭૦). ભગવાન શંકરનાં અર્ચન, વ્રત અને દર્શનથી ગોપી ધન્ય ધન્ય થઇ ગઇ. એ ગોપીના પુણ્યને વશ બાળકૃષ્ણ ભગવાન ગોવાળિયાના ઘરે અવતર્યા. (૭૧). તું પણ ભગવાન શિવનું પ્રેમથી આરાધન કર જેથી આવતા જન્મમાં તને જ્ઞાની અને સદ્બુદ્ધિવાળો પુત્ર થશે. (૭૨).

બ્રાહ્મણપત્ની બોલી કે હે ગુરુજી ! એ પુણ્યશાળી ગોપી કોણ હતી? અને શિવજીનાં પૂજન-વ્રત-દર્શનથી એ કેવી રીતે ધન્ય ધન્ય થઇ ગઇ તે મને કહો. જેથી હું પણ એ રીતે ભગવાન શંકર (ચંદ્રમૌલિ)નું વ્રત વિધિસર કરું. આવું કહીને પાછી ચરણમાં પડી એટલે દયાદષ્ટિવાળા શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ બોલ્યા. (૭૩-૭૪).

સદ્ગુરુએ કહ્યું કે તું ભાવપૂર્વક શનિપ્રદોષના સદ્વ્રતથી ભગવાન શંકરનું પ્રદોષકાળે પૂજન કર જેથી ભગવાન શંકર પ્રસન્ન થશે. (૭૫). જગતના પ્રાણરૂપ એવા પુત્રને કેવળ દર્શનમાત્રથી ગોપી પામી હતી એવી સગુણ ઇશની વ્રતકથા સ્કંદપુરાણમાં કહેવામાં આવી છે. (૭૬). આ સાંભળીને વિધવા બ્રાહ્મણ સ્ત્રી ફરીથી બોલી કે હે ગુરુ મહારાજ ! મારા મનમાં હરખ સમાતો નથી. મારું આ શરીર આપનાં ચરણોમાં ન્યોછાવર કરી દઉં છું. (૭૭). ભગવાન ગોવાળિયાના ઘરે અવતર્યા અને એમણે ગોવાળિયાનો વેષ પહેર્યો એ સુંદર અને મનને આનંદ આપનારી મીઠી કથા આજે આપના મુખેથી સાંભળી. હે પ્રભુ ! એણે શી રીતે વ્રત કર્યું એ સઘળી કથા મને સવિસ્તર કહો જેથી હું પણ એ રીતે પ્રદોષપૂજન કરું અને એનું ફળ પામું. (૭૮-૭૯).

શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ બોલ્યા કે હે સાધ્વી ! જો હું તને સ્કંદપુરાણની એ કથા કહું છું તે તું સાંભળ. ઉજ્જયિની નામે એક સુંદર નગરી હતી. (૮૦). ત્યાં એક નવાઇ પમાડે તેવી વાત બની. આ નગરમાં ચંદ્રસેન નામે એક રાજા રાજ્ય કરતો હતો. એ ધર્મશીલ, દાની, પ્રજા પર પ્રેમ રાખનારો અને સારી ટેક રાખનારો હતો. (૮૧). એનો મણિભદ્ર નામે એક જીગરી મિત્ર હતો. એ (મણિભદ્ર) શિવજીનો પરમ ભકત હતો અને આળસ વગર શિવપૂજનમાં મગ્ન રહેતો હતો. (૮૨). એની નિષ્ઠા અને પૂજા જોઇને ભગવાન શંકર પ્રસન્ન થયા અને એને ચિંતામણિ આપ્યો. એનું તેજ ચારે દિશામાં સમાતું ન હતું. (૮૩). એ અમૂલ્ય મણિ કરોડો સૂર્યની જેમ ઝળહળતો (ઝગમગતો) હતો. મણિભદ્ર એ મણિને પ્રેમથી રાતદિવસ ડોકમાં પહેરી રાખતો હતો. (૮૪). ચિંતામણિના તેજના સ્પર્શમાત્રથી લોખંડ સોનું બની જતું હતું અને જે માગીએ તે મળતું હતું એટલે એનો મોહ કોણ ન રાખે? (૮૫). એ મણિના સ્મરણનો પ્રભાવ એવો હતો કે મન જેનું ચિંતન કરે તે વસ્તુ તરત મળી જતી. આ મણિને કારણે મણિભદ્ર લોકોમાં પ્રસિદ્ધિ પામ્યો એટલે એ મેળવવા અસંખ્ય રાજાઓ દોડ્યા. (૮૬). કોઇ સ્નેહથી મણિ માગતા હતા તો વળી કોઇ કૌતુકવૃત્તિથી માગતા હતા. કોઇ વેચાતો માગતા તો વળી કોઇ બળજબરીથી માગતા હતા. (૮૭). એમણે (રાજાઓએ) દૂતોને મોકલીને કહેવરાવ્યું કે તું કોઇ પણ શરતે મણિ આપવા તૈયાર થા, નહિ તો યુદ્ધ કરવા તૈયાર થા. (૮૮). આમ છતાં મણિભદ્ર કોઇ પણ રીતે મણિ આપવા તૈયાર થયો નહિ એટલે બધા રાજા ભેગા થયા અને 'મણિ' 'મણિ' નું રટણ કરતાં ઉજ્જયની નગરને ઘેરો ઘાલ્યો. (૮૯). એ દિવસે તેરસ ને

શનિવાર હતો. મણિભદ્ર પ્રદોષપૂજનમાં મગ્ન હતો અને સાથે રાજા ચંદ્રસેન પણ શિવજી પાસે બેઠો હતો. (૯૦). એ મહાકાલેશ્વર લિંગની આનંદ ઉલ્લાસથી પૂજા કરતો હતો. એ આદર્શ શિવાલયમાં ગોવાળિયાના બાળકો એ પૂજન જોવા ભેગા થયા. (૯૧). રાજા અને મંત્રી બંને સાથે મળીને વિધિસર પૂજન કરતા હતા. આ જોઇને ગોવાળિયાના બાળકોના હૃદયમાં પણ આનંદ ઊભરાયો. (૯૨). એ બાળકોએ વિચાર્યું કે ચાલો આપણે પણ ઉત્સવપૂર્વક પૂજન કરીએ અને એમ બોલીને પોતાનાં આંગણામાં બધો પૂજા સામાન એકઠો કર્યો. (૯૩).

જાત જાતના ને ભાત ભાતના પથ્થરો ગોઠવીને સરસ શિવાલય બનાવ્યું અને પથ્થરનું શિવલિંગ બનાવી બાળકોએ એ અગમ્યનું પૂજન કર્યું. (૯૪). એમણે જેવું જોયું હતું તે પ્રમાણે ઉમંગથી કલ્પિત ઉપચારોથી માનસ પૂજા અને બાહ્યપૂજા પણ કરી. (૯૫). જે મળ્યું તેનાથી ઉપચાર કરી, આનંદથી પત્ર-પુષ્પ અર્પણ કરીને ગોવાળિયાના બાળકોએ ભેગા થઇને કૌતુકપૂર્વક પૂજન કર્યું. (૯૬). નૈવેદ્યમાં જળ (પાણી) મૂક્યું, મુખથી જય જયકારનો ઘોષ કર્યો અને હર્ષભેર નાચ્યા અને કૂદયા. આનાથી શિવજીને સંતોષ થયો.૫ (૯૭). જમવાનો સમય થયો એટલે માતાએ બૂમ પાડી પરંતુ ભજનની ધૂન એવી જામી હતી કે બાળકો ખાવા પીવાનું પણ ભૂલી ગયાં હતાં. (૯૮). ગોપીઓ આવીને ધમકાવીને પોતપોતાનાં સર્વ બાળકોને લઇ ગઇ પરંતુ એક બાળક તો એવો મસ્તીમાં મચી રહ્યો હતો કે તે તાત્કાલિક ઘરે ગયો નહિ. (૯૯). એની મા એને ઠપકો આપતી ત્યાં આવી પહોંચી અને એને ગાલ પર એક લપડાક મારી દીધી અને બોલી કે અલ્યા વંઠેલ વાંદરા ! તને કોઇની બીક જ નથી રહી, કેમ? (૧૦૦). આ ઘોર અંધારી રાતે બધાં છોકરાં પોતપોતાનાં ઘરે પહોંચી ગયાં તો તું અહીં એકલો શું કરે છે? ચાલ, ઊઠ અને મૂઆ (મેર) ઘરે ચાલ. (૧૦૧). જમવાનો સમય થઇ ગયો છે અને તારા બાપુ તારી જમવામાં રાહ જુએ છે. ચાલ ઊઠ. ઊઠે છે કે પછી બીજી લાત મારું? (૧૦૨). બાળક શિવભજનમાં મગ્ન હતો અને એને લગની લાગી હતી તેથી તે ઊઠ્યો નહિ. ક્રોધે ભરાઇને માતાએ શિવલિંગ ફેંકી દીધું અને શિવાલય તોડી નાંખ્યું. (૧૦૩). ક્રોધપૂર્વક પૂજાનો ભંગ કરીને પગ પછાડતી એ ઘરે ગઇ. પથ્થર ગબડતાં અવાજ થયો એટલે બાળક જાગ્યો અને જોયું તો ત્યાં તો પથ્થરનો ઢગલો હતો !! (૧૦૪).

દેવની અવગણના થયેલી જોઇને અને પૂજા ખંડિત થયેલી જોઇને ગોવાળિયાના એ બાળકે અતિશય વિલાપ કર્યો અને રડતાં રડતાં ક્ષણે ક્ષણે બેભાન થઇ જવા લાગ્યો. (૧૦૫). ચિત્તમાં લિંગનું એકાગ્રપણે ધ્યાન કરીને પ્રાણ એકાગ્ર કર્યા. એને મરવા જેવો થયેલો જોઇને જેની આગળના ભાગમાં પોઠિયો છે તેવા ભગવાન શંકર (શૂલપાણિ) પ્રસન્ન થયા. (૧૦૬). આંગણાંમાં શિવ મંદિર રચાઇ ગયું અને પથ્થરનું લિંગ રત્નનું લિંગ થઇ ગયું. એ રત્નલિંગના પ્રકાશથી જાણે સૂર્ય ન ઊગ્યો હોય એવું લાગતું હતું. એનાથી બાળક જાગ્યો. (૧૦૭). ત્યાં પાર્વતી સહિત ભગવાન શંકર સાવધાનીપૂર્વક પોતાના સ્વરૂપમાં ઊભા રહ્યા અને પોતાના હાથથી બાળકને ઉઠાડીને જાતે પંપાળવા લાગ્યા. ભગવાન શંકર બોલ્યા કે હે બાળક ! તું ઊઠ અને આ નકામો શોક મૂકીને મનગમતું વરદાન માગ. હું તને મનવાંછિત આપીશ. તું શોક કર્યા વગર સુખપૂર્વક માગ. (૧૦૮-૧૦૯). બાળકે કહ્યું કે હે પ્રભુ ! મારી માતાનો અપરાધ ક્ષમા કરો. હે ભગવાન ! એણે પૂજાનો ભંગ કર્યો છે પણ આપ એના પર કોપ કરશો નહિ. (૧૧૦). બાળકનાં એવાં વચન સાંભળીને પાર્વતી સાથેનાં ભગવાન શંકર પ્રસન્ન થયા અને જવાબમાં એ દયાના

સાગર બોલ્યા કે હે બાળક ! તું દુ:ખી થઇશ નહીં. (૧૧૧). તારી માતાએ મારી પ્રદોષપૂજા જોઇ છે તેનાથી તે પાવન થઇ ગઇ છે. એ આવતા જન્મે આ પુણ્યબળે ચોક્કસ દેવપુત્રની માતા થશે. (૧૧૨). ભગવાન શ્રીહરિ-નારાયણ એમના પુત્ર તરીકે કૃષ્ણરૂપે અવતરશે. આ મારું સત્ય વચન છે. હે બ્રહ્મચારી ! તું કહે કે હું તને શું આપું? (૧૧૩). મારા વરદાનના પ્રભાવે તારી બધી મનોકામના પૂર્ણ થશે. તારો વંશ પણ ધન્ય ધન્ય થશે. તું બધા પ્રકારનું સંપૂર્ણ સુખ ભોગવ. (૧૧૪). ત્યાં આવું વરદાન આપીને ભગવાન શંકર લિંગમાં લીન થઇ ગયા. બિચારો નાનો બાળક તો આભો બનીને પગે લાગી રહ્યો. (૧૧૫).

કરોડો સૂર્ય સમાન એ તેજસ્વી રત્નજડિત શિવલિંગ શિવમંદિરમાં શોભી રહ્યું છે. લોકો એના તેજથી આશ્ચર્યચકિત થઇ ગયા. (૧૧૬). એના તેજથી એમ જ લાગતું હતું કે જાણે સૂર્યોદય થયો કે શું? (લડવા આવેલા) રાજાઓને પણ મનમાં શંકા થઇ. એમણે મનમાં વિચાર્યું કે લડવાની વાત પડતી મૂકી દર્શન કરીને આપણું કલ્યાણ સાધીએ. (૧૧૭). આ રાજા ખૂબ જ પુણ્યશાળી છે. એની સાથે કોણ વેર બાંધે? અહીં તો રાત્રે જ નગરમાં સૂર્યદેવ ઊગ્યા છે કે શું? (૧૧૮). એમ વિચારીને ત્યાં દૂતો મોકલીને સંદેશો કહેવડાવ્યો કે અમે દર્શનની ઇચ્છાથી આવ્યા છીએ. હે રાજા ! અમને પાવન કરો. (૧૧૯). આ સાંભળીને (ઉજ્જયની નગરીનો) રાજા સામે ચાલીને આનંદથી લેવા ગયો. બધા એકબીજાને પ્રેમથી ભેટ્યા અને કહેવા લાગ્યા કે આ કેવું વિસ્મયકારક છે ! (૧૨૦). આ અંધારી રાત્રે આકાશમાં પ્રકાશ (તેજ) સમાતો નથી. રાત્રે સૂર્યોદય થયો હોય એવું ક્યાંય જોયું પણ નથી અને સાંભળ્યું પણ નથી. (૧૨૧). ચંદ્રસેન રાજા સાથે અન્ય રાજાઓનો સમાજ આશ્ચર્ય અનુભવતો ચાલવા લાગ્યો. ત્યાં રત્નજડિત દિવ્ય શિવાલયને શોભતું જોઇ રહ્યા. (૧૨૨). રત્નલિંગનાં દર્શન કરીને એ અંગેનો બધો જ વૃત્તાંત બાળકના મુખેથી સાંભળ્યો અને બધા બોલી ઊઠ્યા કે હે બાળક ! તને ધન્ય છે ! ધન્ય છે ! (૧૨૩). રાજાને અતિશય આનંદ થયો. એણે બાળકને અઢળક સંપત્તિ દાનમાં આપી. એને બધા ગોવાળિયાનો વડો બનાવીને પછી બધા પોતપોતાના ઘરે ગયા. (૧૨૪).

હે બ્રાહ્મણ સ્ત્રી ! આ શનિપ્રદોષ પૂજાના ફળરૂપે રાજા નિર્ભય થયો અને દુશ્મનો દોસ્ત થઇ ગયા એ વાતમાં શંકાને કોઇ સ્થાન નથી. (૧૨૫). ગોવાળિયાના એ છોકરાએ ઘરે આવીને એની માતાને કહ્યું કે હે મા ! તું ધન્ય થઇ જાય એવી વાત સાંભળ. આવતા જન્મમાં તારી કૂખે ભગવાન વિષ્ણુ પુત્રરૂપે અવતરશે. (૧૨૬). ભગવાન શંકરે પ્રસન્ન થઇને મને આ વરદાન આપ્યું છે. તેં પ્રદોષપૂજન જોયું તેથી ભગવાન શિવ સંતુષ્ટ થયા છે. (૧૨૭). તારો અપરાધ માફ કરીને મને આવું સરસ વરદાન આપ્યું છે. મને નાનો (સાન) બાળક જાણીને ભોળા શંભુ મારા ભાવથી પ્રસન્ન થયા છે. (૧૨૮). આ રીતે ગોવાળિયાના છોકરાએ માતાને આ બધા સમાચાર કહી સંભળાવ્યા. ઇશ્વર સંતુષ્ટ થતાં શું ના મળે? (૧૨૯). આમ માત્ર પૂજા અને દર્શનથી ભગવાન શંકર પ્રસન્ન થયા. હે બ્રાહ્મણ સ્ત્રી ! તું ભક્તિ ભાવથી શિવને ભજ. તારા બધા કલેશો દૂર થઇ જશે. (૧૩૦). જો તારા મનમાં સારા પુત્રની ઇચ્છા હોય તો પ્રદોષકાળે શિવનું પૂજન કર. તને મારા જેવો અતિ જ્ઞાની અને પૂજ્ય પુત્ર થશે. (૧૩૧).

આમ કહીને શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ શાંત થયા એટલે વિધવા સ્ત્રી મનોમન રડતી રહી. એનાથી એનું દુ:ખ સહન થતું ન હતું. એનો શોક બહાર ઊભરાતો હતો. (આંસુ પડતાં હતાં). (૧૩૨). એના મનનો ભાવ

જાણીને મુનિરાયે તેના પુત્રને બોલાવ્યો અને તેના પર કૃપા કરીને તેના માથે પ્રભુએ વરદ હાથ મૂક્યો. (૧૩૩). હાથ મૂકતાંની સાથે એ વેદશાસ્ત્રનો જાણકાર થયો, પરમ જ્ઞાની થયો. ભાષ્ય અને તર્કનો જાણનાર થયો અને વિદ્યામાં વૃદ્ધ ગણાયો.(૬) (૧૩૪). શુદ્ધ સ્વરથી વેદ પાઠ કરતો થયો અને એકદમ સરસ મઝાનાં કાવ્યો રચતો થઇ ગયો. એ જોઇને વિસ્મય પામીને બ્રાહ્મણ સ્ત્રીએ કહ્યું કે આ તો સાક્ષાત્ ભગવાન જ છે. (૧૩૫). લોકોનું ભલું કરવા માટે મનુષ્ય વેષે ભગવાન જ અવતર્યો છે. અમારાં પૂર્વ જન્મનાં એવાં પુણ્ય હશે તે સદ્‌ગુરુનાં અમને દર્શન થયાં અને અમારું જીવન ધન્ય થઇ ગયું. (૧૩૬). મનોમન આવો નિશ્ચય કરીને વારેવારે એ પુણ્યપ્રદ પદને પ્રણામ કરવા લાગી અને કહેવા લાગી કે આનાથી વળી બીજો શંકર કોણ છે? હે પ્રભુ ! વેદોનો પિતા પણ તું જ છે. (૧૩૭). હું તો તારું જ પ્રદોષપૂજન કરીશ જેથી તારા જેવો પુત્ર થાય અને જેનો યશ વેદ-શાસ્ત્રો પણ ગાશે. હે શ્રીપાદશ્રીપાદવલ્લભ પ્રભુ ! તારું બોલેલું ફોગટ નહિ જાય. (૧૩૮). ત્યાં આવો નિશ્ચય કરીને (તરત) માનસ પૂજન કર્યું અને પછી ઘરે જઇને પ્રદોષપૂજન કરીને એમાં જ લીન થઇ ગઇ. (૧૩૯).

સદ્‌ગુરુની કૃપાને કારણે એ પુત્ર સદ્‌બુદ્ધિવાળો, જ્ઞાની, નમ્ર, વેદજ્ઞ, ગુણવાન, પરમ પૂજ્ય અને સુંદર કાંતિવાળો થઇ ગયો. (૧૪૦). હર્ષભેર લગ્ન કરીને પિતાના ગામમાં ગયો અને વંશોદ્ધાર કરીને અક્ષયધામને પામ્યો. (૧૪૧). આવું ત્રણે લોકમાં મળવું દુર્લભ એવું ગુરુકૃપાનું ફળ હોય છે. ગુરુની કૃપા થતાંની સાથે જ દુર્લભ એવા આ ત્રણે લોક મળી રહે છે. (૧૪૨). કૃપાસાગર એવા ગુરુ પ્રસન્ન થતાં એ મૂઢ બુદ્ધિવાળો આ રીતે તરી ગયો. એમની આવી અપાર લીલાનું વર્ણન કોણ કરી શકે એમ છે? (૧૪૩). શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ એ સાક્ષાત્ કલ્પવૃક્ષ છે એ તું જાણી લે અને ભકતોનો ઉદ્ધાર કરનાર એ કુરવપુરમાં હાજરાહજૂર રહેલા છે. (૧૪૪). અલખનાં આવાં વચન સાંભળીને સારી ધીરજવાળો શિષ્ય જે બોલ્યો તે વાતનો અપૂર્વ એવો રંગ હવે પછીના અધ્યાયમાં વર્ણવાશે. હે ગંભીર સંતો ! તમે એ સાંભળજો. (૧૪૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શનિપ્રદોષમાહાત્મ્ય'** નામનો **ત્રેસઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૬૩

(૧) દોહરા ૪, ૫ અને ૬ સંતોનાં જીવનનું દર્શન કરાવે છે. સંતોનું જીવન લોકોનું ભલું કરવા માટે જ હોય છે. એમને

પોતાનો તો સ્વાર્થ હોતો જ નથી. સત્ય નારાયણની કથાની શરૂઆતમાં પણ આવે છે કે "એકદા નારદો યોગી પરાનુગ્રહકાંક્ષયા, પર્યટાન્ વિવિધાન્ લોકાન્ પૃથ્વીલોકમુપાગતા". સંત, વૃક્ષ, મેઘ બધા પરોપકારાર્થે જ જીવતા હોય છે. બીજું એના ચરણો વનને નંદનવન બનાવતા હોય છે. એ જ્યાં પગ મૂકે ત્યાં તીર્થ ઊભું થાય છે છતાં પોતે તીર્થોમાં ફરે છે એમાં પણ તીર્થને પવિત્ર કરવાનો જ આશય છે. તીર્થો પણ આવા સંતો પોતાનામાં સ્નાન કરે એવું ઇચ્છે છે. આને કારણે જ સંત જેમ કહે તેમ કરવું જોઇએ કારણ કે એ કયા હેતુથી, કોનો ઉદ્ધાર કરવા, કોનું ભલુ કરવા, ક્યાં જવાનું વિચારતા હોય એની આપણને શું ખબર પડે? પૂ.શ્રી પુણા કુંભારિયા મગનભાઇના ઘરે ગયા હતા તેની પાછળની દ્દષ્ટિને ઘણા સેવકો સમજી શક્યા નો'તા. પતિતજનને પાવન કરવા સામે પગલે જવાનું પણ સંતો સ્વીકારતા હોય છે.

(૨) કૃતે જનાર્દનો દેવસ્, ત્રેતાયાં રઘુનંદન: |
દ્વાપરે રામ કૃષ્ણૌ ચ કલૌ શ્રીપાદવલ્લભ: ||

(૩) દોહરા ૨૦ થી ૨૭ને સમજીએ તો કેટલાક કલેશો દૂર થાય. પતિ અને પત્ની બંને સદાચારી અને વિદ્વાન હોય તો પણ એનું બાળક ભણી-ગણીને વિદ્વાન થાય જ એવો નિયમ નથી. ઘણીવાર અભણ માતા-પિતાનું બાળક ખૂબ ભણતું હોય છે. એટલે મા-બાપે બાળકની બુદ્ધિશક્તિને ધ્યાનમાં લઇને તે મુજબ અપેક્ષા રાખવી. 'જેનામાં ગત જેટલી કરે તેટલું તેમ' આ વાતને જેટલી ઝડપથી સ્વીકારાય એટલા કલેશ ઓછા.

બીજું કે યાદશક્તિ, બુદ્ધિશક્તિ ઓછી હોય તો, એને જે કાંઇ શક્તિ મળી હોય એમાં વિકાસ થઇ શકે પણ જે શક્તિ મળી જ ના હોય તે વિકસાવી શકાય નહીં. એક જ માતા-પિતાનાં બાળકોની પણ સમજશક્તિ, યાદશક્તિ અને બુદ્ધિશક્તિ જુદી જુદી હોઇ શકે. સમજુ મા-બાપ પુત્રમાં જે કાંઇ હોય તેને સ્વીકારી લે છે. મારવાથી વ્યક્તિ ભણી શકતી નથી. શિક્ષાથી આળસ કે કામચોરી દૂર કરી શકાય પણ માનસિક વિકાસ ન કરી શકાય.

(૪) મંદબુદ્ધિવાળાં બાળક પ્રત્યે પિતા અને માતાનું વલણ જુદું છે. માતાને મંદબુદ્ધિવાળું બાળક વધુ વ્હાલું હોય છે. ક્ષતિયુક્ત (વિકલાંગ) બાળક પ્રત્યે માતાનો જે ઉત્કટ પ્રેમ છે તે જ એને ભગવાન બનાવે છે. પિતા મંદબુદ્ધિનાં બાળકને જોઇને દુ:ખી થાય છે અને કડવાં વેણ બોલે છે પરંતુ માતા માટે તો બાળક એનું સર્જન છે. 'લોહીની સગાઇ' નવલકથામાં ગાંડી મંગુ પ્રત્યેનો માતાનો ઉત્કટ પ્રેમ એ કેવળ વાર્તા નથી પણ ખરેખર બનેલી હકીકત છે. મંદબુદ્ધિવાળા બાળકનું માતાને દુ:ખ હોય છે પણ એ દુ:ખને માતૃપ્રેમ ઢાંકી દે છે.

મંદબુદ્ધિનાં બાળક વિષે માતાને પણ મનમાં દુ:ખ તો છે જ એ દોહરા ૫૫ થી ૫૯ વાંચતાં માલૂમ પડે છે, પણ માતાને પુત્ર પ્રત્યે શુદ્ધ પ્રેમ હોવાથી એ દુ:ખ સમજે છે પણ ગમે ત્યાં પ્રગટ કરતી નથી. હું પુત્રને તરછોડું તો એ ક્યાં જાય? અને એનું કોણ? "માતા પુત્રને પાવન કરનારી નથી, પાવન ગણનારી છે" એ વાક્યમાં માતાના પ્રેમની પરાકાષ્ટા સૂચવાઇ જાય છે.

(૫) શિવજીનું એક નામ આશુતોષ છે. આશુતોષ એટલે જલદી (આશુ)થી પ્રસન્ન થનારા, સંતુષ્ટ થનારા (તોષ). ભાવ ભક્તિથી પાણી ચઢાવી 'બં બં ભોલા'નો જયઘોષ કરો એટલે શિવજી પ્રસન્ન. ગોવાળિયાએ નૈવેદ્યમાં જળ

મૂક્યું પરંતુ ભજનની જે ધૂન મચાવી એમાં એમનો ઊંચો ભાવ વ્યકત થાય છે. ભગવાન ભાવના ભૂખ્યા છે. ભગવાન શંકર એવા ભોળા છે અને ભકતવત્સલ છે કે ગોવાળિયાના બાળકની માતાને પૂજનનાં દર્શનની ભાવના ન હતી એટલે ભાવના વગર મંદિર અને લિંગ જોયાં તો પણ એને દેવમાતા થવાના આશીર્વાદ આપી દીધા !

(૬) શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ મંદબુદ્ધિવાળા પુત્ર ઉપર હાથ મૂક્યો એટલે એ વિદ્વાન અને ગુણી થઇ ગયો. અવતારી પુરુષોમાં એવી સ્પર્શ શક્તિ હોય છે કે એ સ્પર્શ દ્વારા પરિસ્થિતિ બદલી શકે. સંતો સ્પર્શથી રોગો પણ મટાડી શકે છે. મધર ટેરેસાને સંતનું બિરૂદ આપતાં પહેલાં રોગ મટાડવાની તેમની સ્પર્શશક્તિના પુરાવા રજૂ થયા હતા. એમનામાં સ્પર્શ દ્વારા ઘાને રૂઝવવાની પણ શક્તિ હોય છે જેને **Healing Power** કહેવામાં આવે છે. સંતોનાં ચરણમાં માથું મૂકીને વંદન કરવા પાછળ પણ આવી જ ભાવના છે.

●

## અધ્યાય : ૬૪

આ અધ્યાયનું નામ '**રજકવરપ્રદાન**' છે. આ અધ્યાયમાં **૫૮** દોહરા છે.

શિષ્ય નિરંજને અલખને શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ કુરવપુરમાં કરેલી લીલાનું વર્ણન કરવાની વિનંતી કરી એટલે અલખે લીલાનું વર્ણન કરવાનું શરૂ કર્યું. (૧-૩).

કુરવપુરમાં એક ધોબી રહેતો હતો. શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ નદી પર ત્રણ વાર સ્નાન કરવા જાય ત્યારે દરેક વખતે એ વંદન કરતો. એટલે એક દિવસ શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ પૂછ્યું કે હે ધોબી ! તું કેમ રોજ ત્રણ વાર પગે લાગે છે? હું તારા પર પ્રસન્ન થયો છું. હું તને રાજ આપીશ. આ સાંભળીને ધોબીએ લૂગડાંને છેડે ગાંઠ વાળી જેથી આ વાત યાદ રહે. (૪-૧૪).

ધોબી એની સમજ પ્રમાણે સેવા કરતો હતો. વસંત ઋતુમાં વૈશાખ માસમાં એક મુસલમાન રાજા એનું લશ્કર લઇને સ્ત્રીઓ સાથે વિહાર કરવા આવ્યો. સ્ત્રીઓ સાથેની એની ક્રીડા જોઇને અને એનો વૈભવ જોઇને ધોબીને થયું કે આ રાજાને ધન્ય છે. રાજા થવામાં બધાં સુખ છે. (૧૫-૨૬).

એટલામાં શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ સ્નાન કરવા આવ્યા એટલે ધોબીએ વંદન કર્યાં. શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ તરત પૂછ્યું કે હે રજક ! મનમાં શું વિચારો ચાલે છે? ધોબીએ મનની વાત જણાવી એટલે પ્રભુ બોલ્યા કે તેં જન્મ ધરીને સુખ જોયુ નથી. વાસના રહી જાય તો તે આપણને હેરાન કરે છે. એટલે તારી રાજા થવાની ઇચ્છા છે તેથી તું રાજા થઇને રાજ સુખ ભોગવ. (૨૭-૩૩).

પ્રભુએ કહ્યું કે જા તું મુસલમાન તરીકે જન્મ ધર અને રાજસુખ ભોગવ. એ વખતે હું નરસિંહ સરસ્વતી તરીકે સંન્યાસી થઇ તને દર્શન આપીશ. આ સુખ ભોગવવા ધોબીએ પ્રાણ ત્યજ્યા. (૩૪-૪૬).

શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુનો મહિમા વધવા માંડ્યો એ જોઇને આસો વદ બારસે (વાઘ બારસે) એમણે હસ્ત નક્ષત્રમાં પોતાની દેહ લીલા સંકેલી લીધી. (૪૭-૫૮).

શિષ્યોમાં ઉત્તમ અને બુદ્ધિશાળી એવો બાળ નિરંજન બે હાથ જોડીને અને ભક્તિ ભાવથી નમન કરીને બોલ્યો કે મારા કાન પ્રભુની લીલા સાંભળવા ખૂબ જ આતુર છે. (૧). હે પ્રભો ! શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ કુરવપુરમાં રહ્યા પછી જે લીલા કરી તે ભવતારક લીલાની કથા આગળ કહો. (૨). શિષ્યની વિનંતી સાંભળીને અને એના હૃદયનો ભાવ પારખીને અલખજી ખૂબ આદરપૂર્વક બોલ્યા કે હે નિરંજન ! શ્રીગુરુલીલા એ ભવ (સાગર તરી જવા માટેની) નાવ છે. (૩).

હે વત્સ ! તું સાંભળ. હું તને અમૃતસભર અને કૌતુક જન્માવે એવું ચરિત્ર કહું છું. કુરવપુર ગામમાં પુણ્યશાળી અને પવિત્ર એવો એક ધોબી રહેતો હતો. (૪). એ શ્રીગુરુનો સેવક બન્યો અને દિવસમાં જ્યારે જ્યારે

શ્રીપાદશ્રીવલ્લભ ગુરુ સ્નાન કરવા જાય ત્યારે દંડવત્ પ્રણામ કરતો હતો. (૫). લોકોને શિક્ષણ મળે એ હેતુથી શ્રીપાદશ્રીવલ્લભ યતિરાય દરરોજ આનંદપૂર્વક કૃષ્ણા તટે સ્નાન કરવા જતા હતા. (૬). જેનાં દર્શન કરવાથી ગંગાસ્નાન કરતાં પણ વધુ પુણ્ય મળે છે તે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ લોકોને શિખવાનું મળે એવા હેતુથી સ્નાન કરવા જાય છે. આવા સંતને ધન્ય હો. (૭). જે નિત્ય શુદ્ધ છે એને વળી સ્નાનની શી જરૂર? જે કૃતાર્થ છે (જેનો હેતુ સિદ્ધ થયો છે) એને વળી કામ કરવાની શી જરૂર? પરંતુ સંતો આ બધું લોકો પર કૃપા કરવાના હેતુથી કરતા હોય છે.① (૮). શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ રોજ કૃષ્ણા નદીમાં ત્રણ વાર સ્નાન કરવા જતા હતાં. ભકતના પ્રતિપાળ એવા શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુને ધન્ય છે. (૯). ત્યાં ધોબી દૂર આવેલા ઘાટ ઉપર વસ્ત્રો ધોતો હતો અને પ્રભુને સ્નાન કરવા માટે જતા જોઇને ત્રણેય વાર પ્રેમપૂર્વક લાંબો થઇને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતો હતો. (૧૦). તન, મન અને વચનથી, ભક્તિથી નમ્ર બનીને, નિત્ય નિયમથી એ નિશ્ચલ નેત્રકમળથી વંદન કરતો હતો. (૧૧). આ રીતે રોજ રોજ વંદન કરવામાં કેટલાક દિવસો વહી ગયા. એક દિવસ ગુરુવરે પૂછ્યું કે તારા મનમાં શું છે? (૧૨).

અલ્યા ધોબી ! તું આ શરીરને કેમ તકલીફ આપે છે? તું રોજ રોજ લાંબો થઇને કેમ પગે લાગે છે? હું તારા પર પ્રસન્ન થયો છું. હું તને રાજ આપીશ.② (૧૩). એ વાણી સાંભળીને ધોબીએ વસ્ત્રના છેડે ગાંઠ બાંધી અને હાથ જોડીને કહ્યું કે હે પવિત્ર પ્રભુ ! તમે તો સત્ય સંકલ્પ છો અને આપની વાણી સત્ય જ થાય. (૧૪). સંસારની બધી ચિંતા છોડીને સેવક વધુ પ્રેમભાવ દર્શાવતો થયો. ગુરુવરને જતા આવતા જોઇને દરેક વખતે ભકત નિત્ય નિયમથી પગે લાગતો હતો. (૧૫). વાળી ઝૂડીને અને પાણી છાંટીને આંગણું સાફ રાખતો હતો અને હંમેશાં ગુરુજીનો પડ્યો બોલ ઝીલી લેતો હતો તથા એમના નામનો જાપ જપતો હતો. (૧૬). ઘણા દિવસો વહી જવા છતાં ધોબી સેવા કરતાં થાકતો ન હતો અને સદ્ગુરુને દેવ માનીને એમની મન, વાણી અને કર્મથી સેવા કરતો હતો. (૧૭).

એવામાં વસંત ઋતુ આવી અને મઝાનો વૈશાખ માસ આવ્યો. મુસલમાન રાજા ત્યાં પોતાની રાણીઓ સાથે ક્રીડા કરવા આવ્યો. (૧૮). વસ્ત્ર અને અલંકારથી વિભૂષિત રાજા નાવમાં બેસીને સ્વરૂપવાન અને યુવાનીના મદથી મત્ત એવી સુંદરીઓ સાથે વિહાર કરતો હતો. (૧૯). કિનારા ઉપર હાથી, ઘોડા અને પાયદળ સાથે સાથે ચાલતાં હતાં અને સુંદર વસ્ત્રોથી સુશોભિત સેવકો ખૂબ આનંદથી જયઘોષ કરતા હતા. (૨૦). કાનને સાંભળવા ગમે એવા મધુર સ્વરે વિવિધ વાજિંત્રો વાગી રહ્યાં હતાં અને રાજા કૃષ્ણા નદીના ભરપૂર જળમાં સ્ત્રીઓ સાથે આનંદથી ક્રીડા કરતો હતો. (૨૧). આવું અનુપમ દૃશ્ય જોઇને અને વાજિંત્રોનું સંગીત સાંભળીને ધોબી દંગ થઇ ગયો અને પરિણામે ગુરુનું સ્મરણ ભૂલી ગયો. (૨૨). એના મનમાં થયું કે જો જન્મ ધરીને આવું વૈભવી સુખ ભોગવવાનું ન મળે તો એવા જન્મને ધિક્કાર છે અને આવો પશુ સમાન જન્મ ફોગટ છે. (૨૩). ધન્ય છે રાજાને અને એની રાણીઓ પણ કેવી સુંદર છે. એનો વૈભવ પણ કેવો અપરંપાર છે ! એ કેવો હસે-ખેલે છે ! એને લેશમાત્ર દુ:ખ નથી. (૨૪). શું એ ઇશ્વરનો ભકત હશે? એણે પૂર્વજન્મમાં એવાં તે શાં પુણ્ય કર્યાં હશે? અથવા એને એવો કેવો સમર્થ ગુરુવર આવી મળ્યો હશે? કે પછી ભગવાન શંકર એના પર પ્રસન્ન થયો હશે? (૨૫).

ધોબી વિચારે ચઢી ગયો કે આ કેવી રીતે રાજા થયો હશે? ધન્ય છે એને. એ દરમ્યાન શ્રીપાદ ગુરુને આવેલા જોઇને શરીરથી દંડવત્ પ્રણામ કર્યા. (૨૬). પગે લાગીને ઊભો રહ્યો એટલે દયાના ભંડાર અને શ્રુતિતાત

એવા શ્રીપાદ પ્રભુ એના મનની ઇચ્છા (હૃદયની વાસના) પારખી ગયા. (૨૭). ભકતનું મન પામી જઇને ભકતવત્સલ પ્રભુએ ધોબીને પાસે બોલાવીને પ્રસન્ન વદને પૂછ્યું કે તું શું વિચારે છે તે સાચે સાચું બોલી નાખ. (ભસી કાઢ.) (૨૮). ધોબી બોલ્યો કે હે ગુરુવર ! આ રાજાનો વૈભવ જોઇને મને આનંદ આનંદ થઇ ગયો. મને થયું કે ધન્ય છે આ રાજાના જીવનને. (૨૯). ગયા જન્મે એણે પોતાના ગુરુની (સ્વામીની) એક નિષ્ઠાથી સેવા કરી હશે અથવા એના પૂર્વ જન્મનું તપ એકઠું થયું હશે અથવા કોઇ દેવ પ્રસન્ન થયા હશે? (૩૦). મનમાં સહેજ વિચાર આવ્યો અને ચિત્ત તો ક્યાંનું ક્યાં દોડવા લાગ્યું. હે કૃપાસાગર ! મનમાં તો જાત જાતની કામનાઓ જાગી ઊઠી. (૩૧). આ મૂઢ ચિત્ત, અવિદ્યાવશ એવું ભમે છે કે હે નાથ ! એ મને વિહ્‌ળ કરી નાંખે છે. વિષયનું નાહક ચિંતન કરવાથી શું મળે? હે તાત ! તારાં ચરણ જ સુખ આપનાર છે. (૩૨).

હસીને શ્રીપાદ ગુરુ બોલ્યા કે અલ્યા રજક ! તેં તો જન્મીને દુ:ખ, દુ:ખ ને દુ:ખ જ વેઠ્યું છે અને કંઇ કેટલાં કષ્ટ સહન કર્યાં છે તો હવે તું રાજસુખ ભોગવ. (૩૩). ઇંદ્રિયો તૃપ્ત ના થઇ હોય તો ચિત્ત સ્થિર રહેતું નથી. બાકી રહી ગયેલી (અસંતોષાયેલી) વાસના પછીના જન્મમાં ખૂબ હેરાન કરે છે.③ (૩૪). આવાં મધુર વચનો સાંભળીને ધોબીએ મસ્તક નમાવીને કહ્યું કે હે પ્રભુ ! હવે તમે ઉપેક્ષા કરશો નહિ અને તમારા આશિષ સફળ થાય એવું કરો. (૩૫). શ્રીપાદશ્રીવલ્લભ ગુરુએ કહ્યું કે તારું મન સંપૂર્ણ રીતે રાજ્યસુખ ઝંખે છે. જા ! તું મ્લેચ્છ જાતિમાં તરત જન્મ ધર. ત્યાં તારી ઇંદ્રિયો તૃપ્ત થશે. (૩૬).

ધોબીએ બન્ને હાથ જોડીને કહ્યું કે હે ગુરુરાયા ! તમારો વિયોગ અરેરે ! નહિ સહેવાય. મને ફરી પાછાં દર્શન આપજો. (૩૭). મારા હૃદયમાં તમારું સદા સ્મરણ રહે એવી કૃપા કરજો. આ બાળકને પ્રભુ ભૂલશો નહિ. હું તમને વારે વારે વંદન કરું છું.④ (૩૮). શ્રીગુરુએ ફરી પાછું કહ્યું કે જા ! તું વૈદૂર્યનગર (બેદરપુર)માં જન્મ લે. તને ત્યાં જીવનના અંત સમયે મારું આનંદથી દર્શન થશે. (૩૯). જા, તને ત્યાં મારાં દર્શનમાત્રે (આ જન્મનું) સત્યનું જ્ઞાન થશે. મારું આ વચન સાચું માની, ચિંતા કર્યા વગર તું જા. (૪૦). હું પણ ફરીથી હેતુવશ આ ધરતી પર નરસિંહ (નૃસિંહ) સરસ્વતીના નામથી પૂર્ણ સંન્યાસીરૂપે અવતરીશ. (૪૧). તું મ્લેચ્છ યોનિમાં જન્મીને રાજા તરીકેનું સુખ ભોગવ. સેવક એવા ધોબીએ ચરણકમળમાં ફરી પાછા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૪૨).

ધોબીને પાસે બોલાવીને કૃપામૂર્તિ ગુરુરાયે પૂછ્યું કે હે ધોબી ! તારી શું ઇચ્છા છે? તારે આ જન્મે રાજાનું સુખ ભોગવવું છે કે આવતા જન્મે? (૪૩). ધોબીએ કહ્યું કે હે પ્રભુ ! હવે તો હું ઘરડો થઇ ગયો છું અને શરીર પણ લથડી ગયું છે. આવતા જન્મે યુવાનીમાં રાજા તરીકેનું સુખ સારી રીતે ભોગવવાની ઇચ્છા છે. (૪૪). આ સાંભળીને સદ્‌ગુરુ બોલ્યા કે હે સેવક ! તું હવે બીજો જન્મ ધરી લે અને નિષ્કંટક રાજ્ય ભોગવી અંતે સત્યને જાણી લેજે. (૪૫). શ્રી ગુરુની આજ્ઞા શિરોમાન્ય કરીને રજકે તરત જ દેહ છોડ્યો અને વૈદૂર્યપુરે (બિજાપુરમાં) મ્લેચ્છકુળમાં રાજકુમાર થઇને જન્મ્યો. (૪૬). ધોબીની આ આશ્ચર્ય જન્માવે એવી અને રસ પડે એવી એ જન્મની એ કથા તને આગળ ઉપર કહીશ. શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ત્યાં થોડો સમય રહ્યા એ દરમ્યાન એમનો અપાર મહિમા વધ્યો. (૪૭). એ મહિમાનું વર્ણન કોણ કરી શકે? અને કરવા જઇએ તો આ ગ્રંથસાગર અગાધ છે. તેનું ટૂંકમાં વર્ણન કરું. ચૌદ લોકમાં યશ ગવાય છે. (૪૮). શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુની અમૃતમયી દૃષ્ટિનો અને મહિમાનો પાર નથી. એ દિવ્ય સ્થાનનું

માહાત્મ્ય પણ એવું છે કે એનો પાર પમાય જ નહિ. (૪૯). ભકતોની મનોકામના તરત જ ફળે એવા પ્રસિદ્ધ કુરવપુરના મહિમાનું પૂરેપૂરું વર્ણન કોણ કરી શકે? (૫૦).

ભકતના સખા એવા શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ત્યાં થોડો સમય રહ્યા અને પછી લૌકિક દૃષ્ટિથી ત્યાંથી અદૃશ્ય થયા. (૫૧). આસો વદ બારસ (વાઘ બારસ) ને હસ્ત નક્ષત્ર (ઋક્ષ) હતું. એ સમયે કૃષ્ણાનદીના જળમાં પ્રભુ કહેવા પૂરતું લીન (અદૃશ્ય) થયા. (૫૨). આજે પણ લોકો ગુરુદ્વાદશીના નામથી ઉત્સવ ઉજવીને એ પુણ્યશ્લોકી પ્રભુને યાદ કરે છે. (૫૩). શ્રીપાદશ્રીવલ્લભ હંમેશાં અદૃશ્ય રહે છે પરંતુ જ્ઞાની એને જોઇ શકે છે અને ભાવના રાખનારને આજે પણ દર્શન આપે છે. (૫૪). એ પ્રસિદ્ધ કુરવપુર ક્ષેત્ર આજે કુરુમગડ્ડાના નામથી ઓળખાય છે. જ્યાં શ્રીપાદશ્રીવલ્લભ યતીશ્વર નિત્ય જાગૃત રહે છે. (૫૫). આજે પણ જે ભકતો મનમાં શ્રદ્ધા અને ભક્તિ રાખીને જાય છે તેને ખુલ્લી આંખે એમનાં પુનિત દર્શન થાય છે. (૫૬). લોકોનું કલ્યાણ કરવાના હેતુથી એણે બીજો અવતાર ધારણ કર્યો છતાં કુરવપુરમાં અદૃશ્યરૂપે રહીને આજે પણ ભકતોનો ઉદ્ધાર કરે છે. (૫૭). **રંગ** કહે છે કે આ સાંભળીને નિરંજન ત્યાં જે બોલ્યો તેની અનુપમ કથા હવે આગળ આવશે જે સાંભળવાથી પાપનો નાશ થશે. (૫૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'રજકવરપ્રદાન'** નામનો **ચોસઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૬૪

(૧) પૂ.શ્રીએ પોતાની આચરી બતાવેલી જીવનધારાને શ્રીગુરુલીલામૃતના દોહરા દ્વારા કુશળતાપૂર્વક વ્યકત કરી છે. દોહરા ૬ થી ૮ પૂ.શ્રીને પણ લાગુ પડે છે. પૂ.શ્રીએ પોતાની માતાની કરેલી સેવા કે કરેલી ઉત્તરક્રિયા પાછળનો હેતુ સમાજને એક આદર્શનો રસ્તો ચીંધવાનો હતો. સાચા સંતો જીવન જીવીને લોકોને ઉપદેશ કરતા હોય છે. સમાજ શ્રેષ્ઠ પુરુષનાં આચરણને ધ્યાનમાં રાખીને જીવન જીવે છે એ સાચા સંતો ભૂલતા નથી. "મારું જીવન એ જ મારો ઉપદેશ છે" એમ સાચા સંતો કહે છે તે આનું નામ.

(૨) દોહરા ૧૨ અને ૧૩ દ્વારા સંત અને તેને અનુસરનાર સંસારીનો વ્યવહાર માનસિક દૃષ્ટિથી વર્ણવાયો છે. પૂ.શ્રી પત્રમંજૂષામાં જેને 'આજોબાનું શ્રેય' કહે છે તે સ્વાર્થવૃત્તિનો અહીં સંકેત છે. ધોબી દિવસમાં ત્રણ વાર પગે લાગે છે તો એમાં કેવળ સંત પ્રત્યેનો પ્રેમ નથી. કંઇ પામવાની, મેળવવાની સ્વાર્થ વૃત્તિ પણ છે. દરેક સંતને આની

ખબર હોય છે કે એની પાસે લોકો દુન્યવી સુખની આશાથી જ આવે છે. 'તું શરીરને કેમ કષ્ટ આપે છે? તું કેમ રોજ પગે લાગે છે?' આવું શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ કેમ પૂછ્યું? આમાંથી આપણે એ શીખવાનું કે આપણે આવી હલકી વૃત્તિથી કોઇ સંતનું શરણું ન સેવીએ. મા બાળકને કેમ પ્રેમ કરે છે? આ પ્રશ્નનો જવાબ મા એવો આપે કે હું પ્રેમ કરતી નથી, પ્રેમ થઇ જાય છે, પ્રેમ દર્શાવ્યા વિના રહી શકતી નથી. આવી વૃત્તિથી જો સંતને સેવવામાં આવે તો વ્યક્તિનો જન્મ મરણનો ફેરો ટળી જાય.

(૩) આ દોહરો ખૂબ ધ્યાન માંગી લે છે. જ્યાં સુધી ઇંદ્રિયો તૃપ્ત નથી થતી ત્યાં સુધી મન સ્થિર થતું નથી એટલે મનને સ્થિર કરવા માટે ઇંદ્રિય તૃપ્ત થવી જોઇએ. પરંતુ આનો અર્થ એ નથી કે અમર્યાદિત ભોગો ભોગવવા. વાસના ન રહે એ માટે મનને સમજાવીને કામ લેવું જોઇએ. વૃત્તિઓનો વિરોધ નહિ પણ નિરોધ થવો જોઇએ. યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ|

(૪) દોહરા ૩૫ થી ૩૮ નો અભ્યાસ થવો જોઇએ. સાચા સંતો સામી વ્યક્તિની વૃત્તિનો અભ્યાસ કરીને, એનો સ્વીકાર કરીને એમાંથી રસ્તો કાઢે છે. સાચા સંતો પોતાના સંકલ્પો બીજાના પર લાદતા નથી.

ધોબી પગે લાગતો હતો ત્યારથી જ શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુને ખબર હતી કે એણે બીચારાએ જીવન ધરીને સુખ જોયું જ નથી. તેથી સુખની ઇચ્છા કરે એ સ્વાભાવિક છે. એ સાચું છે કે ખોટું એવું વિચારતા નથી. એટલે ઇંદ્રિયો તૃપ્ત કરવાની વાત કરી કે તરત જ ધોબીએ કહ્યું કે તમે જે આશિષ આપી તે જલદી સફળ કરો. શ્રીગુરુના વિયોગ અંગેનું દુઃખ છે પણ રાજા થવાની ઇચ્છા એટલી બળવત્તર છે કે પહેલાં રાજસુખ ભોગવવાનું અને એની સાથે સાથે ગુરુનું સ્મરણ અને દર્શન ઇચ્છવાનું.

આવું આપણા બધાનું છે. ગુરુની પાસે બેઠા પછી પાદરે સાક્ષાત્ ભગવાન દર્શન આપતા હોય તો પણ ત્યાં જવાની ઉત્કંઠા ન થાય એવા ભકતો કેટલા? આપણે તો ગુરુની સેવા દુન્યવી સુખો આપે ત્યાં સુધી જ કરનારા ભકતો. એ કંઇ ગુરુનિષ્ઠા નથી કે ગુરુભક્તિ નથી. ધીરે ધીરે વૃત્તિને ઊંચે લઇ જવાની છે.

●

## અધ્યાય : ૬૫

આ અધ્યાયનું નામ '**મૃતશ્રેષ્ઠ્યુદ્ધરણ**' છે. આ અધ્યાયમાં **૫૮** દોહરા છે.

અલખનાં વચનો સાંભળીને નિરંજને શ્રીગુરુની લીલા સાંભળવાની ઉત્કટ ઇચ્છા વ્યક્ત કરી. નિરંજને કહ્યું કે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ બીજે અવતાર ધર્યો હોવા છતાં કુરવપુરમાં પણ રહ્યા એ કંઇ સમજાયું નહિ. (૧-૨).

આ સાંભળીને અલખે એની પાછળ રહેલું રહસ્ય સમજાવતી વાત કરી. બીજે અવતાર ધરવા છતાં કુરવપુરમાં પણ ગુરુનું સ્થાન કેવું જાગૃત છે એ સમજાવવા એક દૃષ્ટાંત કહ્યું. (૩-૧૫).

વલ્લભેશ નામે એક કાશ્યપગોત્રી બ્રાહ્મણ હતો. એ ધાર્મિક હતો અને વેપાર કરીને જીવનનિર્વાહ ચલાવતો હતો. દર વર્ષે કુરવપુર શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુનાં દર્શને જતો હતો. એક વાર એણે સંકલ્પ કર્યો કે જો વેપારમાં ધાર્યો લાભ થશે તો કુરવપુરમાં જઇને ચાર હજાર બ્રાહ્મણોને ભોજન આપીશ. ભગવાનનું કરવું તે એને વેપારમાં ધાર્યો લાભ થયો. (૧૬-૨૩).

સંકલ્પ મુજબ ધન લઇને એ કુરવપુર જવા નીકળ્યો. એની પાસેના ધનની વાત જાણીને બે-ત્રણ ચોરો સાથે થયા અને અમે પણ શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુને માનીએ છીએ અને કુરવપુર જ જઇએ છીએ એવું કહીને વલ્લભેશને વિશ્વાસમાં લીધો. નિર્જન જંગલ આવતાં એને મારી નાંખી ધન લઇ લેવા ચોરોએ એના પર તલવારથી હુમલો કર્યો, એનું માથું કાપીને દ્રવ્ય લઇ લીધું. (૨૪-૩૧).

મરતાં મરતાં વલ્લભેશે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુને યાદ કર્યા. યાદ કરતાંની સાથે જ શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ પ્રગટ થયા અને ચોરોને મારી નાંખ્યા. એક નિર્દોષ સહચોરને પ્રભુએ વલ્લભેશના ધડ સાથે માથું જોડવાનું કહ્યું અને પછી ભસ્મ નાંખી અને દિવ્ય દૃષ્ટિ કરી એને જીવતો કર્યો. જેવો વલ્લભેશ ઊઠ્યો તેવા જ પ્રભુ અદૃશ્ય થઇ ગયા. (૩૨-૫૮).

અલખજીનાં એવાં વચન સાંભળીને બુદ્ધિશાળી શિષ્યે પ્રણામ કર્યા અને કહ્યું કે હે ગુરુજી ! મારા બન્ને કાન સદ્‌ગુરુની લીલા સાંભળવા તલસે છે. (૧). નિરંજન બોલ્યો કે હે પ્રભુ ! એક બાજુ આપ એમ કહો છો કે એમણે બીજે ઠેકાણે જન્મ ધર્યો અને બીજી બાજુ એમ કહો છો કે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ તેમ છતાં ત્યાં (કુરવપુરમાં) જ રહ્યા. તો આ ન સમજાય એવી લીલાનું વર્ણન કરો. (૨). હસતા મુખે અલખજી બોલ્યા કે ખરેખર એ નવાઇ પમાડે એવી ને ન સમજાય એવી લીલા છે. વિશ્વવ્યાપી એ ભગવાન તો ચિત્રવિચિત્ર રૂપો ધરતો રહે છે. (૩). એ એક, અજન્મા, વિશ્વનું સર્જન કરનાર પરાત્પર દેવ આમ તો નિર્ગુણ છે પણ ભક્તોના કારણે એણે બીજે અવતાર ધારણ કર્યો. આમ છતાં ભક્તોને વરદાન આપનાર શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ત્યાં (કુરવપુરમાં) પણ વસી જ રહ્યા છે એ

વાતમાં શંકા કરીશ નહિ. (૪-૫). તું સાંભળ કે પરશુરામ પણ ચિરંજીવી હોવાને કારણે આજે પણ અદશ્યરૂપે જીવે છે અને અન્ય અવતારો ધરીને કંઇક ભક્તોનાં કામ કર્યા કરે છે. (૬).

આદિ દેવ નારાયણ ભગવાન પણ સૃષ્ટિનું સર્જન, સ્થિતિ અને સંહાર કરે છે અને એ માટે બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર સ્વરૂપે વિવિધ રૂપો લે છે. (૭). દુર્વાસા મુનિનો શ્રાપ સ્વીકારીને એમણે જાતજાતના ને ભાતભાતના (ચિત્રવિચિત્ર) અવતારો ધારણ કર્યા અને ધર્મનું રક્ષણ કરવા માટે કેવાં કેવાં કામો કર્યાં? (૮). એ આદિ (શરૂઆત)માં છે, મધ્યમાં છે અને અંતમાં પણ એ જ છે. એનો કયારે પણ ભંગ નથી, એ અભંગ છે. નિ:સંગ એવી એ ત્રિમૂર્તિનો કોણ પાર પામી શકે? (૯).

જ્યાં શ્રીપાદશ્રીવલ્લભ ગુરુ અદશ્યરૂપે રહ્યા એ કુરવપુર તીર્થને ધન્ય છે. બીજે અવતાર ધર્યો હોવા છતાં આજે પણ ત્યાં પ્રત્યક્ષ છે. (૧૦). આ (કુરવપુર) ક્ષેત્રનાં દર્શન માત્ર કરવાથી પણ મનોકામના સિદ્ધ થાય છે, મનમાં કરેલી ઇચ્છા તરત જ ફળે છે અને આખરે મોક્ષ મળે છે. આ જગજાહેર વાત છે. (૧૧). શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુના એ વસતી સ્થાનનો મહિમા અપાર છે અને એનું વર્ણન કોણ કરી શકે એમ છે? હું તને એમાંથી થોડી સારરૂપ વાત કહું છું. (૧૨). જ્યાં શ્રીગુરુ મહારાજ વાસો કરતા હોય ત્યાં કામધેનુ પ્રત્યક્ષરૂપે વસે છે અને ભાવિક ભક્ત ત્યાં નવે નિધિ, અડસઠે તીર્થો અને તેત્રીસ કોટિ દેવતાને પોતાની નજરે નિહાળે છે. (૧૩). જો હૃદયમાં દૃઢ ભક્તિ હોય તો આ દુર્ગમ સંસાર સાગર પણ તરી જાય છે. આજે પણ શ્રીપાદશ્રીવલ્લભ ગુરુ ત્યાં હાજરાહજૂર છે એવો પરચો ભક્તને જોવા મળે છે.① (૧૪). એ દેવ તો ભક્તના આવવાની જ રાહ જોતો હોય છે. એ કદી પણ ભક્તની ઉપેક્ષા કરતો નથી. હે ભક્ત નિરંજન! હું તને એક દૃષ્ટાંત કહું (તે સાંભળ). હંમેશાં એની સેવા કરજે. (૧૫).

હે સમજુ શિષ્ય (નિરંજન) ! હું તને એક જૂની (બહુ વર્ષો પહેલાંની) વાત કહું છું તે તું સાંભળ. વલ્લભેશ નામે એક ધાર્મિક બ્રાહ્મણ રહેતો હતો. (૧૬). કશ્યપ ગોત્રમાં જન્મેલો એ બ્રાહ્મણ સદાચારી હતો અને વણિક વૃત્તિથી પોતાનાં કુટુંબનું ભરણપોષણ કરતો હતો. (૧૭). દર વર્ષે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુનાં દર્શન કરવા કુરવપુર જતો અને શ્રીગુરુની લીલાનું અમૃત ગાન કરતો. (૧૮). એક દિવસ એણે શુભ સંકલ્પ કરીને વેપાર શરૂ કર્યો. એણે સંકલ્પ કર્યો કે હે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ! જો આ વર્ષે મને અઢળક કમાણી થશે તો હું મન મૂકીને ધર્મમાં પૈસો વાપરીશ. (૧૯). હું ચાર હજાર બ્રાહ્મણોને એમને મનભાવતું ભોજન જમાડીશ. હે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ ! શ્રીગુરુ મહારાજ ! મારી વહારે ચઢો. (૨૦). એવો દૃઢ નિશ્ચય કરીને અને હૃદયમાં શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુના ચરણકમળનું સ્મરણ કરીને મુખેથી ગુરુનું નામ ગાતો ગાતો એ આનંદપૂર્વક વેપાર માટે નીકળ્યો. (૨૧). જે જે સ્થળે એ વેપાર માટે ગયો તે બધે જ સ્થળે એને અનેક ગણો લાભ થયો. એણે વિચારેલું તેનાથી પણ વધારે અનેકગણું ધન મળ્યું. એ ગુરુના ગુણલા ગાવા લાગ્યો. (૨૨). એ મનમાં શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુનાં ચરણનું હંમેશાં ચિંતન કરતો હતો. એને બેસુમાર ધન મળ્યું અને એ હરખાતા મને ઘરે આવ્યો. (૨૩). ચાર હજાર બ્રાહ્મણોને મનભાવન ભોજન આપવાના સંકલ્પને પૂરો કરવા એણે ઝડપથી તૈયારી કરી અને એ બ્રાહ્મણ-વલ્લભેશ- જરૂરી ધન લઇને કુરવપુર જવા માટે નીકળી ગયો.② (૨૪). આ વાત જાણીને બે-ત્રણ ચોર એની પાછળ પાછળ જવા લાગ્યા. એ દુષ્ટ જનોએ હૃદયમાં કપટ રાખીને એની સાથે મિત્રાચારીનો ડોળ કર્યો. (૨૫). ધનની લાલચે એ દુષ્ટો

એની સાથે જોડાયા અને કૂડકપટથી પ્રેમ દર્શાવીને બે-ત્રણ દિવસ એની સાથે રહ્યા. (૨૬).

જ્યાં કોઇની અવરજવર ન હતી એવો નિર્જન વનનો ભયાનક રસ્તો આવ્યો. ત્યાં એ સ્થિતિ જોઇને ચોરોએ પૂછ્યું કે અરે ભલા ભોળા ભૂદેવ ! તમે ક્યાં જાવ છો? (૨૭). બ્રાહ્મણે તો બધી સાચી વાત કરી દીધી. ચોરોએ જવાબમાં કહ્યું કે એમ ! અમે પણ ત્યાં જ જઇએ છીએ. ચાલો ! આપણે તો ગુરુબંધુ થયા અને આ સારો મેળ પડી ગયો. (૨૮). જુઓ ! અમે પણ દર વર્ષે કુરવપુર જઇને શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુના દર્શન કરીને આ દેહને પાવન કરીએ છીએ. (૨૯). બ્રાહ્મણે તો વાત સાચી માની લીધી અને મનમાં વિશ્વાસ પણ આવી ગયો. બધી બીક છોડીને એ તો ચાલવા લાગ્યો. એ તો નિર્જન અને સંગાથમાં કોઇ હોય એ બન્ને પરિસ્થિતિમાં તટસ્થ હતો. (૩૦). લાગ જોઇને એ દુષ્ટોએ હુમલો કર્યો. મ્યાનમાંથી તલવાર કાઢીને વલ્લભેશનું માથું ધડથી જુદું કર્યું અને એનું બધું ધન હરી લીધું. (૩૧). મરતાં મરતાં બ્રાહ્મણે (વલ્લભેશે) ભકતવત્સલ શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુનું સ્મરણ કર્યું. ત્યાં તો મેઘગર્જના કરતો ભસ્મ વિભૂષિત એક જટાધારી ત્યાં આવીને ઊભો રહ્યો. (૩૨). એ હાથમાં ત્રિશૂલ અને નાની તલવાર તથા ક્રોધને લીધે લાલઘૂમ આંખોવાળો હતો. યાદ કરતાંની વારમાં પ્રિય ભકત માટે એ સ્મર્તૃગામી દેવ આવી પહોંચ્યો. (૩૩). ત્રિશૂલની તીક્ષ્ણ ધારથી ચોરોનો વધ કરી નાંખ્યો. એટલે એક જણ શરણે આવીને મસ્તક નમાવીને રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હે જગન્નાથ ! હું આપના પગમાં પડું છું. હું નિર્દોષ છું અને ગરીબ માણસ છું. મારામાં ચોરીની વૃત્તિ જ ન હતી. આ ચોરોનો સંગ કર્યો એટલો જ મારો દોષ. (૩૪-૩૫). મને ખબર ન હતી અને હું એમની સાથે થયો તે વાત હે દેવ ! તું સર્વ સાક્ષી હોવાથી જાણે છે. તું ઘટ ઘટનું બધું જાણે છે. મને મારશો નહિ. હું હંમેશાં તમારી સેવા કરીશ. (૩૬). આ સંગદોષને માફ કરીને શરણે આવેલા મને હે દયાના સાગર ! જીવતદાન આપ. હું તમને વધુ શું કહું? આ નાના બાળકનું રક્ષણ કર. (૩૭). ચોરનાં એ વચન સાંભળીને શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ એને અભયદાન આપ્યું અને કહ્યું કે આ ભસ્મ લે અને પેલા બ્રાહ્મણ ઉપર નાંખ. (૩૮). ચાલ, હવે વાર ના કર. આ માથાને ભસ્મ દ્વારા સાંધ. એમ કહેતાં જ ચોર ઊઠ્યો અને વંદન કરીને માથાને ધડ સાથે સારી રીતે જોડ્યું. માથા વગરના ધડને ભસ્માંકિત કર્યું અને એની સાથે માથાને જોડ્યું એટલે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ નેત્ર સ્થિર કરીને અમૃત દૃષ્ટિ ફેંકી એની સાથે જ ધીરજવાન બ્રાહ્મણ સફાળો ઊઠ્યો. (૩૯-૪૦).

એટલામાં અંધારી રાત પૂરી થઇ અને સૂર્યોદય થયો. ગુરુવર અદશ્ય થઇ ગયા અને ચોર તો બાઘાની માફક જ જોઇ રહ્યો. (૪૧). ઊંઘમાંથી ઊઠતો હોય એમ બ્રાહ્મણભકત ઊઠ્યો અને મૃત્યુ પામેલા ચોરોને જોઇને પૂછ્યું કે આમને કોણે મારી નાંખ્યા છે? (૪૨). હે ભાઇ ! તેં મને ખોળામાં લઇને કેમ ઝાલી રાખ્યો છે? આમને કોણે મારી નાંખ્યા છે? આ બધી શી વાત છે? (૪૩). ચોરે કહ્યું કે હે બ્રાહ્મણ ! હું તમને શું કહું? આ બધી ન માન્યામાં આવે એવી વાત છે. આ ચોરોએ તને મારી નાંખ્યો હતો. હે ભાઇ ! આ બધા એમનાં કર્મે જ મર્યા છે. (૪૪). સુંદર શરીરધારી, માથે જટાધારી અને હાથમાં ત્રિશૂલધારી કોઇ તપસ્વી આવ્યો. એમણે આમને મારી નાંખી તને જીવાડ્યો. (૪૫). તારું માથું ધડથી જુદું થઇ ગયું હતું. અભિમંત્રિત ભસ્મને લીધે જ તું જીવતો થયો. મને અભયદાન આપીને તારી સંભાળ લેવા માટે મને સોંપ્યો છે. (૪૬).

એ તપસ્વી અત્યાર સુધી અહીં જ હતો. કોને ખબર એ હમણાં જ અદશ્ય થઇ ગયો. એ એકદમ અલોપ થઇ ગયો. ખબર નહિ કે એ કયાં ગયો? (૪૭). ભસ્મથી સુશોભિત દેહવાળો એ મુનિ તારા પ્રાણનું રક્ષણ કરીને કયાં ગયો એ હું જાણતો નથી. (૪૮). હું માનું છું કે એ સાક્ષાત્ ભગવાન સદાશિવ ત્રિપુરારિ જ હશે. તું એનો એકનિષ્ઠ ભકત હોવાથી તારા ઉપર એ પ્રેમ રાખે છે. (૪૯). આ સાંભળીને એ બ્રાહ્મણને મનમાં અતિશય દુ:ખ થયું અને બોલ્યો કે હે ગુરુ મહારાજ ! અરેરે ! મને દર્શન આપ્યા વિના જ તમે અદશ્ય થઇ ગયા?③ (૫૦).

પછી એ બ્રાહ્મણ ધન લઇને વિશ્વાસપૂર્વક કુરવપુર ગયો અને કૃષ્ણા તટે ખૂબ ધામધૂમથી પાદુકાપૂજન કર્યું. (૫૧). ચાર હજાર બ્રાહ્મણોને મનભાવતું ભોજન આપીને શ્રદ્ધાપૂર્વક પૂજન કરીને તે નિમિત્તે ત્રણ દિવસનો ઉત્સવ કર્યો. (૫૨). આવા તો કંઇ કેટલાયે ભકતો તરી ગયા અને ભકતોના મનોરથ સિદ્ધ થઇ ગયા. હે સુભકત **નિરંજન ! શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુનો મહિમા આવો અપાર છે તે તું જાણી લે. (૫૩). શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ જયાં અદશ્યરૂપે વસે છે એ કુરવપુરનો મહિમા ખૂબ વધ્યો અને ભાવિક ભકતો રોજ રોજ ત્યાં જાય છે. (૫૪).** લોકોની દષ્ટિથી ગુપ્ત થઇને એમણે બીજે અવતાર લીધો તો પણ શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ (હજી આજે પણ કુરવપુરમાં) અદશ્યપણે હંમેશાં હાજરાહજૂર છે. (૫૫).

નારાયણ ભગવાન અજન્મા હોવા છતાં આનંદથી અનેક અવતારો ધારણ કરતા હતા અને તો પણ એ નિર્લેપ રહેતા હતા. પછી ભલે અજ્ઞાનીજનને એમ લાગે કે એ એમાં લેપાયા છે. (૫૬). સર્વવ્યાપી શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ નૃસિંહસરસ્વતી નામે અન્ય અવતાર ધરીને અપરંપાર લીલાઓ કરી. (૫૭). હે ધીરગંભીર સંતો ! એ વાતનું અનુસંધાન હવે આગળ ઉપર કરાવીશ. અહીં તો મરેણ પામેલા બ્રાહ્મણને જીવતો કર્યો એ **રંગ**રસ જ હે ધીર ! રેલાયો છે. (૫૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'મૃતશ્રેષ્ઠ્યુદ્ધરણ'** નામનો **પાંસઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૬૫

(૧) સિદ્ધપુરુષો- દેવપુરુષો સ્થૂળ દેહનો ત્યાગ કરે પછી પણ એ બધે રહીને લીલા તો કર્યા જ કરે છે. એનો અનુભવ કરવા માટે ભકતમાં દઢ ભક્તિ હોવી જોઇએ. શ્રીગુરુલીલામૃતમાં અધ્યાય ૧૨૨માં દોહરા ૧૨૨માં પૂ.શ્રી જણાવે છે કે બ્રહ્મલીન થયા પછી તો સિદ્ધપુરુષને સ્થૂળ દેહનું બંધન ન રહેતાં એ વધુ અસરકારક રીતે બધે કાર્યાન્વિત

થઇ શકે છે.

કારણ કે જનદષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર |
તો યે સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર ||

(અધ્યાય-૧૨૨/ દોહરો ૧૨૨)

આપણા ગુરુમહારાજ પૂ.રંગ અવધૂતજીની બ્રહ્મલીન થયા પછીની લીલાનો પણ ગ્રંથ રચાય એમ છે.

(૨) વલ્લભેશ વેપાર કરતો હતો પરંતુ એની વૃત્તિ વેપારી ન હતી. એનામાં મૂળ ધર્મરત બ્રાહ્મણના ગુણો હોવાથી સંકલ્પ ફળતાં જ તેણે કુરવપુરમાં જઇને ધન ખર્ચવાની તૈયારી કરી. એની અનન્ય ભક્તિનું ફળ જ એ કે ભગવાને ચોરોને મારીને એને જીવતો કર્યો. આની સામે સત્યનારાયણ વ્રત કથામાં આવતા વાણિયાએ બાધા રાખી. એની બાધા ફળી. દીકરી જન્મી તો પણ કથા ન કરાવી. લગ્ન થયે કથા કરાવીશ એમ કહીને વાત ટાળી. દીકરીના લગ્ન પછી પણ કથા ના કરાવી. પરિણામે જેલમાં જઇને દુ:ખી થવું પડ્યું. વ્યક્તિને સદ્‌બુદ્ધિ મળે તો બધું કાર્ય બરોબર થાય, નહિ તો વેપારીવૃત્તિથી ભગવાનને છેતરે અને આખરે જાતે દુ:ખી થાય. 'વૃત્તિ'ને સાત્ત્વિક બનાવે એવી પ્રાર્થના જ ગુરુમહારાજ પાસે કરવી જોઇએ.

(૩) વલ્લભેશ, ચોરો અને નિર્દોષ સાથીદાર ત્રણેનું પ્રારબ્ધ કેવું ! ચોરો મૃત્યુ પામ્યા. વલ્લભેશને જીવાડ્યો, વલ્લભેશનું કામ કર્યું પણ દર્શનનો લાભ ના મળ્યો અને નિર્દોષ સાથીદારને દર્શન થયાં !

●

## અધ્યાય : ૬૬

આ અધ્યાયનું નામ '**નરસિંહસરસ્વત્યાવતાર**' છે. આ અધ્યાયમાં **૧૨૫** દોહરા છે.

નિરંજને અલખને પૂછ્યું કે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ બીજો અવતાર ક્યાં લીધો તે વિસ્તારથી કહો. (૧-૨).

અલખજીએ કહ્યું કે બ્રાહ્મણ સ્ત્રીને આપેલું વરદાન સત્ય કરવા શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ બ્રાહ્મણના ઘરે અવતાર લઇને લીલા કરી. (૩-૪).

ગયા જન્મમાં અંબિકા નામની જે બ્રાહ્મણ સ્ત્રી હતી તેણે શનિપ્રદોષ વ્રતના પ્રભાવે મૃત્યુ પછી વરાડ (ઉત્તરદેશ)માં કરંજ નગરમાં વાજસનેયી બ્રાહ્મણના ઘરમાં જન્મ લીધો. ત્યાં એનું નામ અંબા રાખવામાં આવ્યું. પરણવા યોગ્ય ઉંમર થતાં એ જ ગામના માધવ નામના બ્રાહ્મણ સાથે એનાં લગ્ન કર્યાં. સાસરે પણ તે ભગવાન શંકરનું પૂજન-અર્ચન કરતી હતી. પતિ-પત્ની બન્ને પ્રદોષ વ્રત પૂજન કરતાં હતાં. (૫-૧૨).

ભગવાન શંકરની કૃપાથી અંબાએ પોષ સુદ બીજને દિવસે એક બાળકને જન્મ આપ્યો. રડવાને બદલે એ 'ૐ' 'ૐ' જ બોલતો હતો. જ્યોતિષીએ એના અતિ ઉજ્જવળ ભવિષ્યનું કથન કરીને એનું નામ નરહરિ રાખ્યું. માતાને સ્તનમાં પૂરતું દૂધ નો'તું આવતું એટલે તે સ્તનને કેવળ સ્પર્શ કરીને દૂધની ધારા વહેવડાવી. બાળક મોટો થતો જતો હતો પણ ૐ સિવાય બીજું કશું બોલતો ન હતો. બાળકનું મૂકત્વ દૂર કરવા ઘણાં વ્રત-પૂજન કર્યાં પણ ૐકાર સિવાય બીજું બોલતો ન હતો. (૧૩-૫૮).

આઠ વર્ષે જનોઇ આપવું જોઇએ પણ બોલતો નથી તો પછી ભિક્ષા કેવી રીતે માગશે? મા-બાપ ઘણું દુઃખ કરતાં હતાં ત્યાં બાળકે સ્પર્શમાત્રે લોખંડનું સોનું કરવાનો ચમત્કાર બતાવ્યો અને ઇશારતથી કહ્યું કે મને જનોઇ દેશો પછી બોલીશ. એટલે એને જનોઇ દેવાનું નક્કી થયું. (૫૯-૮૦).

ભવ્ય તૈયારી જોઇને લોકોએ ઘણી નિંદા કરી. પરંતુ એને યજ્ઞોપવીત આપ્યા પછી ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના મંત્રથી એણે ભિક્ષા માગી એટલે મા-બાપને ખૂબ આનંદ થયો. પણ એણે તરત જ ઘર છોડવાની ને સંન્યસ્ત લેવાની વાત કરી તેથી મા દુઃખી દુઃખી થઇ ગઇ. પણ માતાને સમજાવવા તત્ત્વજ્ઞાન સંભળાવવાનું શરૂ કર્યું. (૮૧-૧૨૫).

નિરંજન બોલ્યો કે હે અલખજી ! હું તમને અનન્ય ભાવે પ્રણામ કરીને વિનંતી કરું છું કે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ અન્ય અવતાર ક્યાં ધારણ કર્યો તે કહો. (૧). એમણે ત્યાં અવતાર ધરીને જે જે લીલા કરી હોય તે મને વિસ્તારથી કહો. શ્રીગુરુની લીલાનું અમૃતપાન ભવસાગર તારનારું છે. (૨). શિષ્યની આ વિનંતી સાંભળીને અલખ પ્રભુ બોલ્યા કે હે નિરંજન ! તને ધન્ય છે અને તારા માતા પિતાને પણ ધન્ય છે. તું સાચો ગુરુભક્ત છે. (૩).

ગયા જન્મમાં (બ્રાહ્મણની વિધવા સ્ત્રીને) જે વરદાન આપ્યું હતું તે સત્ય કરવા અને લીલા કરવા શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ એક બ્રાહ્મણના ઘેર જન્મ લીધો. (૪). શ્રીપાદ ગુરુના ઉપદેશથી અમાની શંકરનું પૂજન કરીને અને નિયમપૂર્વક શનિપ્રદોષનું વ્રત કરીને મૃત્યુ પામી. (૫).

ઉત્તરદેશ-વરાડમાં કરંજનગરનાં બ્રાહ્મણકુળમાં વાજસનેયી બ્રાહ્મણના ઘરે એ સુંદર દેહધારી બાળકીરૂપે જન્મી. (૬). પિતાએ સંપૂર્ણ જાતકર્મ વિધિસર કર્યું અને પિતાએ એનું નામ અંબા રાખ્યું. એ કન્યા ઝડપથી મોટી થવા લાગી. (૭). પ્રેમની કળા સમાન એ કન્યા પરણવાલાયક થઇ એટલે માતાપિતાને લગ્નની ચિંતા થવા લાગી અને તેથી વર શોધવા લાગ્યા. એક યોગ્ય મૂરતિયો મળી ગયો. (૮). એ જ ગામમાં રહેતા માધવ નામના બ્રાહ્મણને સારા ચારિત્રવાળો અને શિવભકત જાણીને પિતાએ એની સાથે વેવિશાળ કરી દીધું. (૯). ધામધૂમથી લગ્નોત્સવ ઊજવીને ગૃહસ્થાશ્રમને અનુરૂપ યોગ્ય વિધિથી કન્યાદાન આપી દીધું અને કન્યાને સાસરે વળાવી દીધી. (૧૦).

સુશીલ અને ધાર્મિક એ સતી પૂર્વજન્મના સંસ્કારના કારણે પતિના ઘરે ભગવાન શંકરની પ્રેમથી પૂજા કરતી હતી. (૧૧). પતિ અને પત્ની બંને શનિપ્રદોષનું વ્રત અને પૂજન કરતાં હતાં અને શનિપ્રદોષે શિવજીનું ભાવથી પૂજન કરતાં હતાં. (૧૨). એમની શ્રદ્ધા ભક્તિથી ભગવાન શંકર પ્રસન્ન થયા અને પરિણામે દેખાવડી અંબા સોળમે વર્ષે ગર્ભવતી થઇ. (૧૩). ગર્ભાધાનના ત્રીજે મહિને માધવે ગર્ભનું રક્ષણ કરનાર અનવલોભન પુંસવન સંસ્કાર કર્યો. (સ્ત્રી ગર્ભવતી થાય તેના ત્રીજે મહિને એને પવિત્ર કરનાર સંસ્કારનું નામ છે અનવલોભન સંસ્કાર. માણસ પર થતા સોળ સંસ્કાર પૈકીનો આ પહેલો સંસ્કાર છે.)[૧] (૧૪). ગર્ભવતી અંબાને પવિત્ર તીવ્ર ઇચ્છાઓ થતાં જ તે જ્ઞાનની વિવિધ વાતો કરતી. આ સારાં લક્ષણ જોઇને બ્રાહ્મણશ્રેષ્ઠને ખૂબ જ આનંદ-સંતોષ થતો. (૧૫). આઠમે મહિને ખોળો ભર્યો (સીમંતોન્નયન સંસ્કાર થયા) અને વાયનનાં દાન કર્યાં. સ્ત્રીઓએ આરતી ઉતારીને મંગલ ગીતો ગાયાં. (૧૬).

નવ માસ પૂરા થતાં શુભ દિવસે અને પવિત્ર સમયે અંબાએ પુત્રને જન્મ આપ્યો. પિતા આનંદમાં તરબોળ થઇ ગયો. (૧૭). પોષ સુદ બીજ ને શનિવારના પુણ્ય દિવસે ત્રિમૂર્તિએ સ્વયં અવતાર લીધો. (૧૮). પોતે અવતારી છે એ જણાવવા માટે એ જન્મેલા બાળકે ૐકારનું રટણ કરવાનું શરૂ કર્યું. જન્મતાંની સાથે જ ૐકારની એકદમ મધુર વાણી સાંભળીને સ્ત્રી પુરુષો દંગ થઇ ગયાં. (૧૯). પિતાએ જાત કર્મો કરી બ્રાહ્મણોને અનાજ, સોનું અને સુંદર વસ્ત્રોનાં આનંદપૂર્વક દાન આપ્યાં. (૨૦). જન્મલગ્ન જોઇને જ્યોતિષીએ કહ્યું કે હે માધવ ! આ પુત્ર ખૂબ ધન્યભાગી છે. એના જેવો બીજો કોઇ થશે નહિ. (૨૧). આ શ્રેષ્ઠ ઉપદેશક સદ્‌ગુરુ થશે અને આ દયાના સાગરનાં લોકો યશોગીત ગાશે. એની કૃપા થતાં મૂગો પણ પંડિત થઇ જશે. (૨૨). એ સાચે જ લોકશ્રેષ્ઠ અને વિશ્વવંદ્ય થશે. એનું વચન વેદવાક્ય ગણાશે અને પગ ચિંતામણિરૂપ મનાશે. (૨૩). આઠે સિદ્ધિ અને નવે નિધિ એની સેવામાં, એની આજ્ઞાની રાહ જોતાં હાથ જોડીને રોજ ઊભાં હશે અને પ્રારબ્ધ પણ મનમાં ગભરાતું રહેશે. (૨૪). એ કદી પણ લગ્ન કરશે નહિ કે એને સંતાન થશે નહિ. એ બધાનો પૂજ્ય થશે. (૨૫). એ દૃષ્ટિમાત્રથી પાપીને પાવન કરનારો થશે. એ ઇશ્વરનો અવતાર છે એમાં શંકાને સ્થાન નથી. (૨૬). હે બ્રાહ્મણ ! તને ધન્ય છે. આ પુત્ર નથી પણ સાક્ષાત્ પરમેશ્વર જ છે. એ ઉદારતાથી દૈન્ય હરી લેશે. એમ કહીને જ્યોતિષી

બાળકને પગે લાગ્યા. (૨૭). તારા મનમાં જે જે ઇચ્છા જાગશે તે બધી વિના પ્રયત્ન સફળ થશે. એની કૃપા થતાં કાળનું જોર પણ ચાલશે નહિ. (૨૮). સાવધાન રહીને એની દિવસ રાત યોગ્ય સાર સંભાળ લેજો. આ પ્રત્યક્ષ (સુખનો) ભંડાર છે જે તારા સદ્‌નસીબે તારા ઘરે આવ્યો છે. (૨૯). પ્રસન્ન ચિત્તવાળા જ્યોતિષીઓ આવું બોલીને પછી શાંત થયા. માતા-પિતાએ વસ્ત્ર, અલંકાર અને ધન આપીને જ્યોતિષીઓને રાજી કર્યા. (૩૦). શ્રેષ્ઠ બ્રાહ્મણોએ આનંદિત થઇને આશીર્વાદ આપ્યા અને પછી ઘરે ગયા. માતાએ બાળકના હાથે રક્ષા બાંધી. (૩૧).

તરતનું જન્મેલું બાળક મધુર સ્વરે 'ૐ ૐ' રટે છે એ વાત બધે પ્રસરી ગઇ એટલે એ જોવા માટે લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં. (૩૨). આવી આશ્ચર્યકારક ઘટના જોવા માટે નર-નારીઓનાં ટોળાં ઊમટ્યાં. બાળકને નજર ન લાગે એ હેતુથી માતા બાળકને સંતાડવા લાગી. માની માયા અને મોહ આશ્ચર્ય જન્માવે છે. (૩૩). લોકોની નજર લાગી જાય એવી નાહકની બીક રાખીને માતાએ કપાળે ભસ્મ લગાડી અને બાળકના હાથે કાળો દોરો અભિમંત્રિત કરીને બાંધ્યો. (૩૪). જે સ્વયં ભગવાન હોય એ બાળકને શાની નજર લાગે? તો પણ લૌકિક દૃષ્ટિથી માતા પિતા આવા ટુચકા કરતાં હતાં. (૩૫). બારમે દિવસે માધવે સ્વસ્તિવાચન કરીને યથા વિધિ નામકરણ સંસ્કાર કર્યા. (૩૬).

આ બાળક ભગવાનની જેમ જગતમાં પાપ અને સંતાપ હરનાર થશે માટે એનું નામ નરહરિ- દૈન્ય હરનાર એવું તારક નામ રાખ્યું. (૩૭). માતા પ્રેમથી જતન કરતી હતી, હેતથી હાલરડાં ગાતી હતી પરંતુ બાળકને સ્તનપાન દ્વારા પૂરતું દૂધ મળતું નથી એની એ રાત દિવસ ચિંતા કરતી હતી. (૩૮). માતા મનોમન બોલતી કે હે નાથ ! મારા સુકાયેલાં સ્તનમાં દૂધ નથી એટલે આ બાળક ભૂખથી ટળવળે છે અને એની ભૂખ શાંત થતી નથી. (૩૯). દૂધ ભરેલા આંચળવાળી બકરી અથવા દૂધથી ભરેલા સ્તનવાળી પ્રેમાળ ધાવ શોધો જેથી બાળકને પેટ ભરી દૂધ મળે અને બાળકને પણ શાંતિ વળે. (૪૦). આ સાંભળીને રડવાનું છોડીને બાળક હસવા લાગ્યો અને તરત જ 'મા'ના સ્તનને સ્પર્શ કર્યો જેની સાથે જ સ્તનમાંથી બત્રીસ ધારે અમૃતસમું દૂધ આવવા લાગ્યું. (૪૧). શરીરે પહેરેલી કંચુકી ભીંજાઇ અને ભૂમિ પર દૂધની ધાર પડી. આ જોઇને માતાને આનંદ આનંદ થયો અને આશ્ચર્યમાં ગરકાવ થઇ ગઇ. (૪૨). લોકોની નજર લાગવાની બીકે આ વાત કોઇને કરી નહિ. વાંકા વળીને બાળકને ચુંબન કર્યું અને એનું દિવસ રાત લાલન-પાલન કરવા લાગી. (૪૩). બાળકને આનંદથી પારણામાં સુવાડીને હરખભેર હાલરડાં ગાતી હતી. બાળક ધરતી પર જ રમતો હતો. એને ઘોડિયું કે હાલરડાં ગમતાં ન હતાં. (૪૪). એ તો એકલું એકલું જ રમતું રહેતું અને બોલ્યા વગર આનંદ કિલ્લોલ કરતું હતું. એકાક્ષરી ૐકાર સિવાય બીજું કાંઇ બોલતું ન હતું. (૪૫). આ જોઇને માત-પિતા હંમેશાં ચિંતા કર્યા કરતાં હતાં. માતા વહાલથી ઘણુંયે શીખવવાનો પ્રયત્ન કરે પણ બાળક તો જવાબમાં ફકત 'ૐ' જ બોલતો હતો. (૪૬). આ સાંભળીને તો માત-પિતાને અનહદ ચિંતા થતી હતી. એમને થતું કે માનો યા ના માનો પણ આ બાળક મૂગો છે. ખરેખર પ્રારબ્ધ બળવાન છે.② (૪૭). એમણે પોતાના કુલગુરુને અને જ્યોતિષીને તેડાવ્યા અને માતાએ વિવેકભરી રીતે પૂછ્યું કે આ બોલતો નથી તો એના મૂગાપણાનું કારણ શું હશે તે હે પવિત્ર બ્રાહ્મણો ! મને કહો. (૪૮). આ મૂકત્વનો દોષ ટળે અને બાળક બોલતો થાય એવો હે ગુરુજી ! કોઇ સારો ઉપાય કહો. શાસ્ત્રોકત રીતે જે કરવું પડે તે અમે

કરશું. (૪૯). એટલે જ્યોતિષીએ કહ્યું કે ધર્માચરણથી પાપનો નાશ થાય છે. કુળદેવીની પૂજા-અર્ચા કરો જેથી દોષનો નાશ થશે. (૫૦). ખાસ તો રવિવારે વિશેષરૂપથી પીપળાનું પૂજન કરી, તેના પાંદડાં ઉપર અન્નનું ભોજન કરવાથી મૂળમાંથી દોષ જતો રહેશે. (૫૧). કોઇ વળી એવી સલાહ પણ આપતું કે એને ટૂંકા અને સરળ શબ્દ યુક્તિપૂર્વક બોલાવવા. એવા શબ્દો સાંભળતાં ધીમે ધીમે એ જરૂર બોલશે. (૫૨). વળી કોઇ બાળકના માથે હાથ ફેરવીને વહાલથી કહેતું કે બેટા ! આ શબ્દ બોલ તો. એ સાંભળીને બાળક હસીને અણમોલ એવો 'ૐ' બોલતો. (૫૩).

ૐકારનો એકદમ સ્પષ્ટ ઉચ્ચાર સાંભળીને બધાંને નવાઇ લાગતી. કોઇ કહે કે આ બહેરો તો નથી જ છતાં બીજું કશું બોલતો નથી એ કેવું વિચિત્ર છે ! (૫૪). આ વાતો સાંભળીને એ હસીને 'ૐ ૐ' એમ બોલતો અને જાણી બૂઝીને બીજું કશું બોલતો ન હતો. એ આવું કેમ કરતો હતો એનું કારણ એ જ જાણતો હતો. બીજા કોઇ એની અટકળ કરી શકતું નહીં. (૫૫). આમ ને આમ સાત વરસનો થયો છતાં પણ ૐ સિવાય બીજું કશું બોલતો ન હતો. મા-બાપ ખૂબ ચિંતા કરતાં હતાં. જીવવું પણ ગમતું ન હતું. (૫૬). મા-બાપે વિચાર્યું કે ખરેખર ! પ્રારબ્ધ જ બળવાન છે કે એ મૂગો જન્મ્યો. હવે તો એને જનોઇ આપવાનો સમય આવી ગયો. એ જનોઇ આપવાની વિધિનું કેવી રીતે પાલન કરશે? શું કરવું એની સૂઝ પડતી ન હતી. (૫૭). કુળગોરને તેડાવીને પૂછ્યું કે હે પુરોહિત ! આ મૂગાને કેવી રીતે યજ્ઞોપવીત સંસ્કાર આપવા તેનો રસ્તો બતાવો. (૫૮). પુરોહિતે કહ્યું કે જુઓ ! બ્રાહ્મણ કુળમાં આ બાળકનો જન્મ થયો છે એટલે એટલું તો નક્કી જ છે કે આઠમે વર્ષે જનોઇ દઇ દેવું જોઇએ. (૫૯). બધાં શાસ્ત્રો આ જ વાત કરે છે. એમાં વાર ન લગાડવી જોઇએ. આ સાંભળીને મા-બાપ ચિંતા કરવા લાગ્યાં અને આંખનાં આંસુથી ગાલ ભીંજાયા. (૬૦). અરે ! નસીબ જ વાંકું થયું છે. હે હરિહર (ભગવાન) ! હવે આનું શું થશે? એને કેવી રીતે મંત્રનો ઉપદેશ થશે? અને એમાં કોણ મદદ કરશે? (૬૧).

ભગવાન શિવ શંકરનું વ્રત કર્યું અને હંમેશાં પ્રદોષ પૂજન કર્યું તે બધું શું ફોગટમાં જશે કે શું? ખરેખર ભાવિ વિશે કંઇ વિચારી શકાતું નથી કે ટાળી પણ શકાતું નથી. (૬૨). ભગવાનની કૃપાથી સરસ મઝાનો પુત્ર થયો પરંતુ મૂગો નીકળ્યો. એ બોલતો કેમ નથી? એનો ઉપાય કોણ બતાવશે? (૬૩). આ એક જ પુત્ર છે. બીજા પુત્રની તો સ્વપ્ને પણ શક્યતા નથી. ઘડપણમાં એ શું પાળશે અને શું સારસંભાળ લેશે? (૬૪). આવો પુત્ર તો થયો છતાં ના થયા જેવો જ ગણાય. મનની બધી મનમાં જ રહી ગઇ. અરેરે ! શનિપ્રદોષનું ફળ આમ નિષ્ફળ કેમ ગયું? (૬૫). ભગવાનના ઘરમાં એવી શી ખોટ હતી તે છેક આવો પુત્ર આપ્યો ! આવું બોલીને સતી ધ્રુસકે ધ્રુસકે રડતી હતી. એટલે એ સુપુત્ર એની પાસે પહોંચી જતો હતો. (૬૬). બાળક હાથથી ઇશારો કરીને માતાને જેમ જેમ સમજાવે તેમ તેમ માતા વધારે રડતી જતી હતી. એમાં એને કાંઇ સારું દેખાતું ન હતું. (૬૭). આ જોઇને બાળકે ધીમે રહીને હાથમાં લોખંડ ઝાલ્યું અને સ્પર્શમાત્રથી એનું સોનું કર્યું. માતા તો દંગ થઇને આ જોઇ જ રહી. (૬૮). પોતાના પતિને બોલાવીને સ્મિત કરીને સોનું આપ્યું અને બનેલી બધી વાત કરી એટલે પતિ પણ ખૂબ નવાઇ પામ્યો. (૬૯). એ સોનું ઘરમાં સંતાડી દઇ, એને બીજું લોખંડ આપ્યું તો સ્પર્શમાત્રથી એ પુત્ર એનું સોનું કરી દેતો હતો. (૭૦). ઘરમાં જેટલું લોખંડ હતું તે બધું સોનું થઇ ગયું. બાળકની દ્દષ્ટિ પડતાં જ લોખંડ સોનું બની જતું. (૭૧). આ બધી સમૃદ્ધિ

જોઇને માતા-પિતાને વિશ્વાસ આવી ગયો. એને ભેટી પડીને કહેવા લાગ્યા કે હે બેટા! અમને નાહકનો શું કામ હેરાન કરે છે? (૭૨). તું અમારો કુળદીપક સમાન દીકરો છે અને ખરેખર અમને તારનારો છે. તારાથી અમને દરેક પ્રકારનું સુખ મળ્યું છે. પરંતુ તું બોલતો કેમ નથી એટલું જ સમજાતું નથી. (૭૩). હે દેવ! માયાથી વીંટળાયેલા અમે તારો મહિમા જાણતા નથી અને તેથી ન બોલવાનું પણ બોલીએ છીએ. તું અમને સત્વરે ક્ષમા કરી દે. (૭૪). તું અમારા મનની ઉત્કટ અભિલાષા પૂરી કર અને હે દીકરા ! તું કાલું ઘેલું પણ કંઇ બોલ. તારી અમૃત જેવી વાણી સાંભળવા અમે ગાંડા-ઘેલા થયા છીએ. (૭૫).

બાળકે હસી પડીને ઇશારો કરતાં કહ્યું કે મને જનોઇ આપો. તમે આનંદપૂર્વક મૌજીબંધન કરો એટલે હું નિ:સંકોચ બોલીશ. (૭૬). ઉપવીત સંસ્કાર થયા પછી હું બોલીશ એમ સંકેત કરીને કહ્યું એટલે પિતાએ આનંદમાં આવી જઇને બધા સાથે વિચારણા કરી. (૭૭). જ્યોતિષીને બોલાવીને મુહૂર્ત નક્કી કર્યું. ખૂબ ખર્ચ કરીને સરસ મંડપ બંધાવ્યો. બધાં સગાંસંબંધી પણ આવી પહોંચ્યાં. (૭૮). ચારે વેદોના જાણકાર બ્રાહ્મણો, પોતાની શાખાનાં અને પોતાનાં ગોત્રનાં સગાં-સંબંધીઓ, સ્વજનો અને જીગરી મિત્રો બધાં જ પત્ની અને પુત્ર સાથે સહકુટુંબ આવી પહોંચ્યાં. (૭૯). બધાએ મંડપને તરત જ રત્નોથી હરખભેર શણગાર્યો. માધવ બ્રાહ્મણ પણ આનંદભેર અપાર દ્રવ્ય વાપરતો હતો. (૮૦). આ જોઇને ગામના લોકો કહેતા કે આ મૂરખ પુત્રની પાછળ આટલો બધો ખર્ચ કરવાનો શું અર્થ છે? મોહમાં ભ્રાંત થયેલો પિતા પણ બચાવેલું દ્રવ્ય નાહક શું કામ વેડફતો હશે? (૮૧). આટલું દ્રવ્ય વાપર્યા પછી પણ વ્રતબંધન કેવી રીતે કરશે? એને ગાયત્રીનો ઉપદેશ કેવી રીતે આપશે? અને યજ્ઞોપવીત આપ્યા પછીની આચાર વિધિ વગેરે કેવી રીતે થશે?[3] (૮૨). બીજા વળી કહે કે એમાં આપણું શું ગયું? આપણે નકામી ચર્ચા કરવાની શી જરૂર? (આપણને તો) જમવામાં લાડુ અને દક્ષિણા મળશે. મંત્રની વાત પડતી મૂકો !! (૮૩). આમ જાતજાતના અને ભાત ભાતના નવા નવા તર્ક વિતર્કો લોકો કરતા હતા. પરંતુ માતા પિતા તો પુત્રને દેવ માનીને પ્રસન્ન રહેતાં હતાં. (૮૪). સુગંધીભર્યું અત્તર ચોળીને સ્નાન કરીને પહેલાં પુણ્યાહવાચન થયું અને પછી ગૃહસ્થધર્મના નિયમોને અનુસરીને યથાવિધિ ચૌલકર્મ સંસ્કાર કર્યો. (૮૫).

પહેલાં આ પ્રમાણે બધી વિધિ પતાવીને, માતાની સાથે પ્રેમથી ભોજન કરીને પછી બટુક પિતા પાસે ગયો. (૮૬). શુભમુહૂર્ત જોઇને યજ્ઞોપવીત ધારણ કર્યું અને પિતાએ આનંદથી વિધિ અનુસાર મંત્રનો ઉપદેશ કર્યો. (૮૭). કમરે મુંજ (ઘાસ)નો કંદોરો બાંધી ડોકમાં પવિત્ર મૃગચર્મ પહેરીને બટુક મનમાં મંત્ર જપતો હતો. પરંતુ મોટેથી બોલતો ન હતો. (૮૮). પુત્રનો મધુર અવાજ સાંભળવા માટે તલપાપડ થયેલી સુંદર વાળવાળી માતાએ આનંદથી આશીર્વાદ આપ્યા અને જ્યાં માતાએ પ્રથમ ભિક્ષા આપી ત્યાં જ બટુક ઋગ્વેદની ઋચા 'અગ્નિમીળે' બોલ્યો એટલે એ સાંભળીને બધા મૂગાપણાનું દુ:ખ ભૂલી ગયા.[4] (૮૯-૯૦). માતાએ જ્યાં બીજી વારની ભિક્ષા આપી ત્યાં બટુકે 'ઇષેત્વેતિ' એવી યજુર્વેદની ઋચા ગાઇ. એ સાંભળીને એની મૂગાપણાની ભ્રાંતિ ગઇ. (૯૧). ત્રીજી ભિક્ષા આપતાંની સાથે જ એ બ્રહ્મચારી 'અગ્ન આયાહીતિ' એવી સામવેદની ઋચા તાલ સાથે ગાવા લાગ્યો. (૯૨). આ સાંભળીને સમગ્ર સમાજ આશ્ચર્યચકિત થઇ ગયો અને કહેવા લાગ્યા કે આને કોણ મૂગો કહેશે? શું મૂગો માણસ વેદ બોલી શકે ખરો? ખરેખર આ બાળકે તો માની કૂખ દીપાવી છે. (૯૩). આ તો વેદતાત

એવો પરમ પુરુષ છે. બધા એનો જયજયકાર કરવા લાગ્યા. આ કોઈ સામાન્ય માનવી નથી. આ તો દેવના અવતાર એવા સાક્ષાત્ જગદ્ગુરુ શંકરાચાર્ય છે. (૯૪). આવું બોલીને ઉત્સુકતાસભર લોકોએ માથું નમાવીને વંદન કર્યાં. આ જોઇને માતા પિતા હર્ષઘેલાં થઇને માથું ડોલાવવા લાગ્યાં. (૯૫). તીક્ષ્ણબુદ્ધિવાળા બ્રહ્મચારી બટુકે તરત જ માતાને શીશ નમાવીને કહ્યું કે હે મા ! હવે મારે ભિક્ષા માગવાના હેતુથી બધે ફરવું છે તો તું મને જવાની આજ્ઞા આપ. (૯૬). તેં જ ભિક્ષા માગવાનો ઉપદેશ કર્યો છે તો હવે તારા બોલ ખોટા ના પાડીશ. હવે ભિક્ષાનું ખાવા માટે ભિક્ષુક થઇને બધાં તીર્થોમાં સ્થિર મનથી ફરવું છે. (૯૭).

હે મા ! લોકોનું ભલું કરવા માટે મારે ઘરે ઘરે ફરવું જરૂરી છે. હંમેશાં બ્રહ્મચર્ય પાળીને અને હાથે ભિક્ષા માગીને સદાય વેદાંતમાં રત અને નિર્મળ રહી માત્ર કૌપીન તેમજ કંથા ધરીને તીર્થાટન નિમિત્તે ફરવું છે. હે મા ! કૃપા કરો. (૯૮-૯૯). પુત્રનાં આવાં વચન સાંભળીને માતા દુ:ખી દુ:ખી થઇ ગઇ. એની આંખમાંથી દડ દડ આંસુ વહેવા લાગ્યાં અને વારે વારે મૂર્છિત થવા લાગી. (૧૦૦).

ક્ષણમાં મરવા જેવી થઇ જાય અને બીજી ક્ષણે સાવધ થાય. શોકમાં ગરકાવ થયેલી માતા અતિશય વિલાપ કરતાં કરતાં 'અરેરે ! પુત્ર ! હાય ! પુત્ર !' એમ બોલતી હતી. (૧૦૧). અમને એમ હતું કે તું અમને ઘડપણમાં સાચવશે પરંતુ એ આશા પર પાણી ફરી વળ્યું. આ સુખની કળી ખીલીને ફૂલ બને એ પહેલાં જ કેમ ખરી પડી? અરેરે ! દુ:ખનો ડુંગર તૂટી પડ્યો. (૧૦૨). બાળપણમાં મૂગો રહીને એક શબ્દ પણ બોલ્યો નહિ એટલે તારી કાલીઘેલી વાણી સાંભળવાની અમને અભાગી ના મળી. (૧૦૩). આજે સદ્ભાગ્યે જ્યારે પવિત્ર અમૃતવાણી સાંભળવાની મળી ત્યારે એમ થયું કે ચાલો ! આખરે ભગવાન શંકરનું પૂજન ફળ્યું તો ખરું. ત્યાં તું આવું અવળું ક્યાં બોલે છે? (૧૦૪).

આ રીતે અતિશય હતાશ થયેલી માતા અંબા અત્યંત આક્રંદ કરવા લાગી ત્યારે પરમ પ્રકાશરૂપ સદ્ગુરુ આશ્વાસન આપતાં કહેવા લાગ્યા કે હે મા ! તું નકામો ખેદ ના કર. તું હૃદયમાં થોડો વિવેક રાખ. જો ! તું એ જાણી લે કે મેં ધર્મનું રક્ષણ કરવા માટે આ અવતાર ધારણ કર્યો છે. (૧૦૫-૧૦૬). હું ઘરમાં બેસી રહીને શું કરું? લોકો મારી રાહ જોતા ઊભા છે. હે મા ! તું મને જવા દે. આ નશ્વર શરીર અંતે તો રાખ જ થવાનું છે. (૧૦૭). જો મા ! તને સદ્ગુણી અને ચતુર એવા ચાર દીકરા થશે અને એ બધા તારી સેવા કરશે એમાં જરા પણ સંશય કરીશ નહિ. (૧૦૮). ગયા જન્મે તેં ભગવાન ત્રિપુરારિ શંકરનું સદ્ભક્તિથી અર્ચન પૂજન કર્યું હતું. આવું કહીને જ્યાં માથા ઉપર હાથ મૂક્યો ત્યાં તરત જ ગયા જન્મનું બધું યાદ આવી ગયું. એ વખતના શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ પોતે જ પુત્રરૂપે અવતર્યા છે એ વાત યાદ આવતાં ખૂબ જ આનંદમાં આવી ગઇ અને ભાવપૂર્વક પગે લાગી અને એમનાં ચરણકમળ પકડ્યાં. પ્રેમનાં પુષ્કળ અશ્રુથી ભીંજાયેલી માતાના મનનો ખેદ ટળી ગયો. (૧૦૯-૧૧૧). માતાને ભેટી પડીને ગુરુનાથે એમને ઉઠાડ્યાં અને ઉઠાડતાં-ઉઠાડતાં કાનમાં કહ્યું કે હે મા ! આ વાત ગુપ્ત જ રાખજે. એને પ્રગટ કરીશ નહિ. (૧૧૨). હું સંસાર માંડવાનો નથી. હું સંન્યાસી જ થવાનો છું. હે મા ! હવે તું જલદીથી રજા આપ એટલે મોક્ષપ્રદ તીર્થોમાં ફરવા નીકળું. (૧૧૩). હે મા ! હું આ જ કારણે અવતર્યો છું. એ અંગે તું શંકા કરીશ નહિ. આટલું બોલીને પ્રભુ શાંત થયા એટલે માતાએ સ્નેહપૂર્વક કહેવાનું શરૂ કર્યું. (૧૧૪).

મને છોડીને તું જશે તો હું નહિ જીવી શકું. તારા સિવાય અમારે કોઇ બીજો પુત્ર નથી અને નાનપણમાં સંન્યાસી થઇને વનમાં જવું એ ધર્મ વિરુદ્ધ છે. (૧૧૫). હજી તારા મોંમાંથી છઠ્ઠીનું ધાવણ તો સુકાયું નથી. પછી વનમાં જવાનું કયાંથી હોય? બાળપણમાં તપ કરતાં અમે તો કોઇને જોયો નથી. તું વર્ણાશ્રમ ધર્મનો તો વિચાર કર. (૧૧૬). પ્રથમ બ્રહ્મચર્યાશ્રમમાં બાર વર્ષ સુધી ગુરુના ઘરે રહીને વિદ્યા પ્રાપ્ત કરવાની હોય છે અને પછી લગ્ન કરીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો રહે છે. (૧૧૭). વિવિધ પ્રકારનાં અનેક પુણ્યપ્રદ કર્મો કરીને પછી એષણાઓનો ત્યાગ કરવાનો હોય છે અને એ એષણાઓનો ત્યાગ થાય પછી સંન્યસ્ત સ્વીકારવાનો હોય છે. (૧૧૮). વેદાધ્યયન કરીને બ્રહ્મચર્યથી શુદ્ધ થઇને ચિત્તમાં જ્ઞાન થતાં આર્ષ (ઋષિ)ઋણમાંથી મુકત થઇશ. (૧૧૯). પછી દેવ અને પિતૃઓના ઋણમાંથી સારી રીતે મુકત થવું જોઇએ અને એને માટે શાસ્ત્રાજ્ઞા મુજબ યોગ્ય સ્ત્રી સાથે (ઉદ્વાહ્ય સદર્શીં પત્નીં) લગ્ન કરવાં જોઇએ. (૧૨૦). સારાં સંતાનોની ઉત્પત્તિ કરી વંશનું રક્ષણ કરવું જોઇએ અને યજ્ઞયાગાદિ દ્વારા દેવોનું તર્પણ કરવું જોઇએ. (૧૨૧). પછી વાનપ્રસ્થ જીવન ગાળીને દેહનું દમન કરવું જોઇએ અને ધીમે ધીમે શમ-દમ વગેરે સાધીને પછી સંન્યસ્ત સ્વીકારવો જોઇએ.(૫) (૧૨૨). આ રીતે એક આશ્રમમાંથી બીજો આશ્રમ સ્વીકારી અંતે સંન્યસ્ત લેવાથી મુક્તિ હથેલીમાં રહે છે. એ ક્રમ ન સાચવીને બાળપણમાં સંન્યાસી થવાથી પતન નિશ્ચિત છે. (૧૨૩). પ્રબળ ઇંદ્રિયોને સંતોષીને અને વાસનાને શાંત કરીને ધીરે ધીરે તપશ્ચર્યા કરીને પછી દેહ દમીને સંન્યાસી થવું જોઇએ.(૬) (૧૨૪). માતાનાં એ વચન સાંભળીને શ્રીગુરુએ હાસ્ય કરી જે તત્ત્વજ્ઞાન કહ્યું તેનો અનુપમ **રંગ** (આનંદ) આગળ આવશે. (૧૨૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'નરસિંહસરસ્વત્યાવતાર'** નામનો **છાસઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૬૬

(૧) હિંદુ ધર્મમાં વ્યક્તિને સોળ સંસ્કાર આપવામાં આવે છે. જીવ ગર્ભમાં આવે ત્યારથી જગતને છોડીને જાય ત્યાં સુધી સંસ્કાર આપવામાં આવતા. પુંસવન સંસ્કાર એ પહેલો સંસ્કાર છે અને અગ્નિ સંસ્કાર એ સોળમો છેલ્લો સંસ્કાર છે. આ અધ્યાયમાં પુંસવન સંસ્કાર, અનવલોભન સંસ્કાર, સીમંતોન્નયન સંસ્કાર, જાતકર્મ સંસ્કાર, નામકરણ સંસ્કાર, ચૌલકર્મ સંસ્કાર, ઉપનયન સંસ્કાર, લગ્ન સંસ્કાર વગેરેનો ઉલ્લેખ છે.



7

(૨) આપણે સંસારી કેવા પામર છીએ અને આપણા સુખની વ્યાખ્યા કેવી મર્યાદિત અને ભ્રામક છે તેનો પરિચય માધવ અને અંબાનાં ચિંતન દ્વારા રજૂ થયો છે. બાળક જન્મ્યું ત્યારે રડ્યું નહિ અને 'ૐ ૐ'નો ઉચ્ચાર કરતું હતું એટલે એ અસામાન્ય છે એ તો ખ્યાલમાં આવી જ ગયું. જ્યોતિષીએ ભવિષ્યકથન કર્યું એ પણ અવતારી પુરુષ તરીકેનું જ કર્યું. (દોહરા ૨૧ થી ૨૯.) એટલે પણ મા-બાપને ખબર તો થઇ જ કે આ અસામાન્ય બાળક છે. સ્તનમાં પૂરતું દૂધ ન આવવાથી માતા ચિંતા કરતી હતી તો સ્તનને બાળકે સ્પર્શ કરતાં જ દૂધની ધાર વહેવા લાગી (દોહરો ૪૧.) એ ચમત્કાર પણ બાળક અસામાન્ય છે એવું સૂચવે જ છે. આમ છતાં પણ બાળક કેવળ બોલતું નથી એને કારણે માતા-પિતા કેટલું દુઃખ વ્યક્ત કરે છે? (દોહરા ૪૬ થી ૬૭.) પોતાનું સંતાન ન પરણે, આદર્શ જીવન જીવે તો પણ મા-બાપ દુઃખ અનુભવે તો એ કેવી પામરતા કહેવાય ! આપણે તો એવું ઇચ્છીએ કે બાળક જન્મે, સંસારની ભાષા બોલે, સંસારનાં સુખ ભોગવે અને છેવટે સંસારમાં ને સંસારમાં જ મરે. લશ્કરમાં જોડાય, સંન્યાસી થાય કે ધાર્મિક કે સામાજિક સેવાર્થે અપરિણિત રહે એવું તો ઇચ્છીએ જ નહિ ને !

(૩) લોકોને ટીકા કરવાની ટેવ હોય છે એનો સરસ ઉલ્લેખ છે. માધવ ખોટા પૈસા વેડફે છે એવી ચિંતા કરનારો માધવનો હિતેશરી નથી, પણ સંસારી ચતુર પુરુષોની આ જીવન પદ્ધતિ છે. તેથી જ પૂ.શ્રીએ દત્તનામસ્મરણમાં લખ્યું કે :

વદે સંયમે ષંઢ કામી જ ભોગે,
મહામૂર્ખ દાને ન દે ક્ષુદ્ર લાગે,
કરે ભક્તિ અંધો ન નાસ્તિક તાત,
જુએ દોષ દુષ્ટો બધે આમ હન્ત.

અર્થ: જો સંયમપૂર્વક જીવે તો એને નપુંસક છે એવું કહે. ભોગ ભોગવે તો કામી છે એવી ટીકા કરે. દાન આપે તો મહા મૂરખ છે એવું કહે અને ન આપે તો કૃપણ છે એમ કહે. જો ભક્તિ કરે તો અંધશ્રદ્ધાળુ છે એમ કહે અને ભક્તિ ન કરે તો નાસ્તિક છે એમ કહે. ખરેખર ! દુષ્ટ માણસો બધે જ દોષ જુએ છે.

જેને ભજન સાથે કામ, તેને ચર્ચા છે હરામ એવું પણ પૂ.શ્રીએ લખ્યું છે. જેની પાસે ઊંચાં ધ્યેયો છે, શ્રેયકારી પ્રવૃત્તિ છે, સારું વાંચન અને ચિંતન છે તે આવી વગોવણીથી દૂર રહે છે.

(૪) **(૧)** પ્રથમ ભિક્ષા : ઋગ્વેદનો મંત્ર.

અગ્નિમીળે પુરોહિતં યજ્ઞસ્ય દેવમ્ ઋત્વિજં હોતારં રત્ન ધાતમમ્ |

**(૨)** બીજી ભિક્ષા : યજુર્વેદ મંત્ર.

||ૐ|| ઇષે ત્વો ર્જે ત્વા વાયવ સ્થ દેવો
વ: સવિતા પ્રાર્પયતુ શ્રેષ્ઠ તમાય કર્મણડ... |

**(૩)** ત્રીજી ભિક્ષા : સામવેદ મંત્ર.

અગ્ન આ યાહિ વીતયે ગૃણાનો હવ્યદાતયે | નિ હોતા સત્સિ બર્હિષિ ||

(૫) દોહરા ૧૨૦ થી ૧૨૨નો ભાવ રજૂ કરતો શ્લોક :

ઉદ્વાહ્ય સદર્શીં પત્નીં પુત્રાનુત્પાદ્ય તન્તવે ।
યજ્ઞૈરિષ્ટ્વેશ્વરં શુદ્ધો મતિમાનન્સન્યસેત્તતઃ ॥

અર્થ : યોગ્ય સ્ત્રીની સાથે લગ્ન કરી, પ્રજાતંતુના રક્ષણ માટે પુત્રોત્પાદન કરી, યજ્ઞોથી ઇશ્વરનું યજન કરી પછી બુદ્ધિમાને સંન્યાસ લેવો.

(૬) એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં જઇ છેલ્લે સંન્યાસ લેવા પાછળનો દષ્ટિકોણ છે કે ઇંદ્રિયોને તૃપ્ત કરી, વાસનાને શાંત કરી પછી સંન્યાસ લેવો. ઘણીવાર આવેશમાં આવીને નાની ઉંમરે સંન્યસ્ત કે દીક્ષા લઇ લે, પછી મોટી ઉંમરે વાસના જોર કરે અથવા ઇંદ્રિયો પ્રબળ બને ત્યારે પતન થવાની શક્યતા રહે છે.

●

## અધ્યાય : ૬૭

આ અધ્યાયનું નામ **'ગુરુપીઠિકા વર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૪૦** દોહરા છે.

આ અધ્યાયમાં શ્રીગુરુ સૌ પ્રથમ માતાને જીવનની ક્ષણભંગુરતા સમજાવે છે. જેનો વૈરાગ્ય પ્રબળ ન હોય એને માટે આ બધી વાત સમજાય એવી છે પરંતુ હું તો સંન્યાસ માર્ગનો જ પ્રવાસી છું તેથી મારે ગળે આ વાત ઊતરતી નથી. (૧-૨૬). આ વાત સાંભળીને વિદ્વાનો ખુશ થયા પરંતુ માતાએ કહ્યું કે તું મારી રજા વિના જશે તો હું જીવી શકીશ નહિ. હું મારી આંખે બીજા પુત્રનું મોં જોઉં પછી ભલે તું જજે. (૨૭-૩૨).

આ વાત સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે એક નહિ પણ બે પુત્રોનાં મોં જોયા પછી મને રજા આપજે, પરંતુ પછીથી આનાકાની કરીશ નહિ. હું તારા ઘરમાં એક વર્ષ રહીશ. (૩૩-૩૫).

આવું કહીને શ્રીગુરુ ઘરે રહ્યા. એક વર્ષ દરમ્યાન વિદ્વાનોને પણ વેદાધ્યયન કરાવ્યું. વર્ષ પૂરું થતાં માતાએ જોડિયા પુત્રોને જન્મ આપ્યો. સુંદર એવા બંને પુત્રો ત્રણ માસના થયા એટલે શ્રીગુરુએ રજા માગી. (૩૬-૪૭).

માતાએ ભૂતકાળને યાદ કરી પોતાનાં વર્તન બદલ ખેદ વ્યકત કર્યો. શ્રીગુરુએ કહ્યું કે મા ! તું યાદ કરશે એટલે હું હાજર થઇશ. તને હજી બે પુત્ર અને એક કન્યા થશે અને હરેક પ્રકારનું સંસારનું સુખ મળશે. હે મા ! ગયા જન્મમાં તેં ભગવાન શંકરનું પૂજન કરેલું તેનું આ ફળ છે. ત્રીસ વરસ પછી પાછું મારું દર્શન થશે. મારે હવે બદરિકાવન જવું છે. (૪૮-૬૩). માત-પિતાની આજ્ઞા લઇને શ્રીગુરુ બદરિકાવન થઇને કાશી આવ્યા. એમની સાધના અને તપશ્ચર્યાથી પ્રભાવિત થઇને કૃષ્ણસરસ્વતી સ્વામીએ શ્રીગુરુને સંન્યસ્તની દીક્ષા આપીને એમનું નૃસિંહસરસ્વતી નામ રાખ્યું. (૬૪-૧૦૬).

નિરંજને પૂછ્યું કે શ્રીગુરુએ કૃષ્ણસરસ્વતીને કેમ ગુરુ કર્યા? એનો જવાબ આપતાં અલખે ગુરુ પરંપરાનું રહસ્ય પ્રગટ કર્યું. (૧૦૭-૧૪૦).

શ્રીગુરુએ કહ્યું કે હે મા ! તું સાંભળ. આ દેહ અનિત્ય છે. પંચ મહાભૂતોનું આ શરીર જડ છે. શરીરના ઘડાને ફૂટતાં વાર લાગતી નથી.① (૧). આ જીવન અતિ ક્ષણભંગુર છે. એનો કોણ વિશ્વાસ કરે? આ સંસારના ભોગ વિલાસ પણ ક્ષણ પૂરતા જ છે. માટે હે મા ! તું મને જવાની અનુમતિ આપ. (૨). આ દેહ ક્ષણમાં નાશ પામે એવો છે અને આ વૈભવ કાયમનો નથી. આ બધામાં એક મૃત્યુ જ હંમેશાં આપણી પાસે રહે છે તેથી માણસે જીવે છે ત્યાં સુધીમાં ધર્મ કરી લેવો જોઇએ. (૩). હે મા ! તેં જે શિખામણ આપી એ તો જે લાંબું જીવન જીવવાનો હોય એને માટે સારી છે અને એ ભલે જગતામાં મોજ-મજા માણે પરંતુ એ વાતથી જ્ઞાની પુરુષ કેમ છેતરાય? (૪). કરોડો ઉપાયો કરવા છતાં બે દિવસ વધારે શરીરને ટકાવી શકાતું નથી. હે મા ! કાદવ ચૂંથવાથી કાળના પંજામાંથી કેવી

રીતે બચી શકાય? (૫). જ્યાં સુધી આ શરીર સ્વસ્થ છે ત્યાં સુધીમાં બેહદ પુણ્ય કરી લેવું અને ભગવાનનું ભજન કરીને સંતાપ વિનાના થઇ જવું. (૬). જેણે મૃત્યુ ઉપર વિજય મેળવ્યો હોય તે આ શરીરને ભલે નિત્ય માને. તારી શિખામણ માનીને પછીથી જીવનમાં ધર્મ કરશું એવું ભલે વિચારે. (૭). ક્ષણે ક્ષણે આયુષ્ય ઘટતું જાય છે અને પળે પળે મોત પાસે ને પાસે આવતું જાય છે. માટે તરત ને તરત નાની ઉંમરથી જ ધર્મકાર્ય શરૂ કરી દેવું જોઇએ. (૮). છીછરાં જળમાં માછલાં જેમ દુ:ખી, દીન અને અનાથ હોય છે તેમ અલ્પ આયુષ્યને કારણે લોકો આખર વેળાએ પસ્તાય છે.② (૯). આંખના પલકારામાં સૂર્યનો રથ હજારો જોજનનો રસ્તો પસાર કરે છે અને બાવીસ હજાર ગામો ફરે છે. એવું (આંખના પલકારા જેવું) ચંચલ-અસ્થિર આપણું જીવન છે. (૧૦). પીપળાનાં પાંદડાં પર પડેલું પાણી ક્ષણવારમાં નીચે સરી જાય છે તેવો જ અતિ અસ્થિર આ દેહ છે અને તરત જ કાળના મુખમાં સરી પડે છે. (૧૧). મૃત્યુરૂપી કાળ આ વૃદ્ધ છે, યુવાન છે કે બાળક છે એવું કશું જોતો નથી. એ તો કોઇનું પણ શરીર શાંત કરી દે છે. માટે આ જ ક્ષણે ધર્મ કરો. (૧૨). આ નશ્વર શરીરનો એક પળ પૂરતો પણ કોણ વિશ્વાસ કરે? મોત તો હંમેશાં આપણી પડખે જ હોય છે. માટે આવતીકાલનો ભરોસો રાખવો નહિ. (૧૩). માટે હે મા ! જે કાલે કરવાનું હોય તે આજે જ કરી લેવું અને જે ઘડી પછીનું હોય તે આ ક્ષણે જ કરી લેવું જોઇએ. મૃત્યુ કોઇની રાહ જોતું નથી. (૧૪). જેમ પાકીને પીળું પડેલું પાંદડું વૃક્ષ ઉપરથી ગમે તે ક્ષણે આપણી ધ્યાન બહાર પડે તે જ રીતે આ દેહ પણ ગમે ત્યારે પડી જશે. આ મૃત્યુ સારો-ખરાબ સમય જોતું નથી. (૧૫). જેમ શાહુકાર ઉછીનાં નાણાં આપ્યા પછી રોજ જ દિવસો ગણતો હોય છે તેમ મૃત્યુ પણ આયુષ્યની ગણતરી કરતું હોય છે. એમાં એ છૂટના દિવસો મૂકતું નથી. (૧૬). જેમ વહી ગયેલું પાણી પાછું આવતું જ નથી તેમ વહી ગયેલું આયુષ્ય પાછું મળતું નથી. હે મા ! ગયેલા દિવસ પાછા આવતા નથી. માટે તું રજા આપવામાં વાર કરીશ નહિ. (૧૭). આ જીવન, ધન અને જોબન વર્ષાઋતુમાં આવેલાં પૂર સમાન છે. જે મનુષ્ય ધર્મ કરતો નથી તે માણસના વેષમાં પશુ જ છે અને ગધેડાની જેમ નકામો આ શરીરનો ભાર ખેંચે છે. (૧૮). જે દિવસે પુણ્ય કાર્ય ન થાય તે દિવસ વેડફાઇ ગયો એમ માનવું. યમરાજના હૃદયમાં દયા જેવું છે જ નહિ. તેથી ધર્મ કરે એ જ સાચું જીવ્યા એમ મનાય. (૧૯). સ્ત્રી, ધન, ઢોર અને આ શરીર તેમજ પુત્ર અને પરિવાર બધું જ અસાર છે. એને કાયમી માનીને જે એમાં આનંદમસ્તી માણે છે તે માણસ માણસ નથી પણ ઢોર છે અને ગમાર છે. (૨૦). જેમ મગર એની દાઢથી શિકાર પકડી લે તેમ આ દુ:ખનાં ઘર સમું ઘડપણ આ સંસારમાં અચાનક આવીને એકદમ ઝડપી લે છે. (૨૧).

આ બધું જાણી વિચારીને જ્ઞાની પુરુષ ભરયુવાનીમાં જ સારું એવું પુણ્ય કાર્ય કરે છે અને જડ બુદ્ધિવાળો 'પુરુષ પછી કરીશું' એમ વિચારીને કાળના ભરોસે સંસારના કૂવામાં મોજ મસ્તી માણતો રહે છે. (૨૨). જેને ભગવાને અમરપટો લખી આપ્યો હોય તે ભલે એવી હઠ કરે કે હું તો ભવિષ્યમાં ધર્મ કરીશ અને એ દલીલને આધારે શરીરમાં પ્રેમ રાખે તો ભલે રાખે. (૨૩). જે યમનો જીગરી દોસ્ત હોય તેને અથવા જે લુચ્ચાઓનો સરદાર હોય તેને તારી આ શિખામણ ગમે એવી છે. પરંતુ હે મા ! તું મને હવે રોકીશ નહિ. (૨૪). અસાર એવો આ સંસાર જાઇના ફૂલ જેવો ચંચળ-ક્ષણ પૂરતો છે. એને બગડી જતાં શું વાર લાગે? આ સંસાર તો માયાવી સ્વપ્ન બજાર છે. (૨૫). જેમ ચપળ એવી વીજળીને જોઇએ ન જોઇએ એટલામાં તો અદશ્ય થઇ જાય એ જ પ્રમાણે આ ચાર દિવસની

સંસારની ચાંદની અને દેહની રોશની પણ છે એમ તું જાણ. (૨૬).

આ બટુક જે જ્ઞાન ભરી વાતો કહેતો હતો તે બધી વાતો સંતવૃંદ સાંભળતું હતું. એ બધા બોલી ઊઠ્યા કે ધન્ય છે ! ધન્ય છે ! જેને મૂગો માનતા હતા તે હવે કેવું બોલે છે ! (૨૭). માએ કહ્યું કે તારી આ સત્ય અમૃતવાણી બધી સાંભળી પરંતુ બીજા પુત્રો થશે એ વાત આ ઘેલું મન માનવા તૈયાર થતું નથી. (૨૮). હે કુળદીપક દીકરા ! તેં કહ્યું કે બીજા ચાર દીકરા થશે તો એક પુત્રને હું મારી નજરે નિહાળું ત્યાં સુધી તું ચાર દિવસ રોકાઇ જા. (૨૯). એક પુત્ર થયા પછી હું તને રાજી ખુશીથી જવાની સંમતિ આપીશ. ત્યાં સુધી તું ઘરમાં રહે. મારી આટલી નાની વિનંતી સ્વીકાર. (૩૦). આ મારું કહ્યું નહિ માનીને જો તું ઘરની બહાર જતો રહીશ તો બેટા ! તું એટલું ચોક્કસ સમજજે કે હું જીવતી નહિ હોઉં. (૩૧). તું પુત્ર નથી પરંતુ કુળદીપક છે અને આ કુળને તારનારો દેવ છે. તેં બધાની વચ્ચે જે વચન કહ્યાં છે તે સત્ય થાય તેમ કર. (૩૨).

હસીને શ્રીગુરુ બોલ્યા કે હે મા ! મારું વચન સત્ય થાય પછી તું પણ તારું બોલેલું બરોબર પાળી બતાવજે. (૩૩). ચાલ, એક નહિ પણ બે પુત્રો થાય પછી તું મને રાજીખુશીથી રજા આપજે. પછી હું ઘરમાં નહિ રહું અને તે વખતે તું પણ ગુસ્સે ભરાતી નહિ.② (૩૪). હે મા ! હું તારા ઘરે બરાબર એક વર્ષ રહીશ. તારી મનની પ્રબળ ઇચ્છા સંતોષાય તે પછી તું મને જવાની અનુજ્ઞા કરજે. બસ ! (૩૫). આ પ્રમાણેનો નિશ્ચય કરીને શ્રીગુરુ ઘરમાં રહ્યા અને યોગ્ય શિષ્યો પર કૃપા કરીને એમને વેદનાં અંગ સહિત અધ્યયન કરાવતા હતા. (૩૬). ગામના લોકો આ જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા અને કહેવા લાગ્યા કે આ બાળકની બુદ્ધિની પારંગતતા કેવી અદ્‌ભુત છે ! અંગ સહિત વેદાધ્યયન કેવું કરાવે છે? આ બટુકને ધન્ય છે ! ખરેખર ધન્ય છે ! (૩૭). ચારે વેદમાં અને છએ શાસ્ત્રોમાં નિપુણ એવા પંડિતો પણ ખાસ વિદ્યાર્થી થઇને શ્રીગુરુ પાસે ભણતા હતા. (૩૮). આ રીતે શિષ્યોને અધ્યયન કરાવતા શ્રીગુરુ પિતાના ઘરે એક વર્ષ રહ્યા. માતા ગર્ભવતી થઇ એટલે શ્રીગુરુને હર્ષભેર પૂજવા લાગી. (૩૯).

એકાએક ધનભંડાર મળી જતાં જેમ માણસ આનંદઘેલો થઇ જાય તેમ આ બાળકને જોતાં માતા ઘેલી ઘેલી થઇ જતી. (૪૦). મનમાં એના પ્રત્યે દેવભાવ રાખી, એને રોજ પ્રેમથી પગે લાગતી. એવામાં નવ મહિના પૂરા થતાં માતાએ જોડકા પુત્રોને જન્મ આપ્યો. (૪૧). વીજળી જેવાં દેખાવડાં બન્ને બાળકોને જોઇને માતપિતાને અપાર આનંદ થયો અને બાળકોને પ્રેમથી ચૂમી ભરવા લાગ્યા. (૪૨). ખરેખર ! સદ્‌ગુરુના આશીર્વાદ કેવી રીતે નિષ્ફળ થાય? અંતરમાં જેની જેવી નિષ્ઠા હોય તેવું ફળ તે પામે છે. (૪૩). ત્રણ મહિના સુધી માતાને બન્ને બાળકોનું લાલન પાલન કરતી પોતે નજરોનજર જોઇ અને એમ કરતાં વર્ષ પૂરું થતાં માતાની પાસે જઇને હાથ જોડીને ઊભા રહ્યા અને કહ્યું કે હે મા ! તારી મનની ઇચ્છા પૂરી થઇ ગઇ.④ (૪૪-૪૫).

આ બન્ને દીકરાઓ પૂર્ણ આયુષ્યવાળા થશે. આ પછી પણ બીજા બે પુત્રો થશે અને ત્યારબાદ એક પુત્રી થશે. એ બધાં ખૂબ સુંદર લક્ષણવાળાં થશે. (૪૬). હે મા ! તારી વાસના પૂર્ણ થઇ. એટલે જેમ મેં વચન પાળી બતાવ્યું તેમ તું હવે સુખેથી અને નિશ્ચિંત થઇને પ્રસન્ન ચિત્તે મને રજા આપ. (૪૭). આવું કહીને માતાપિતાને પ્રણામ કરી તેમને સંતુષ્ટ કર્યાં. ત્યારે માતાપિતા બોલ્યાં કે હે બેટા ! તું અમારા કુળનું દૈવત છે. તું સ્વામી છે. તને ધન્ય છે. તું શ્રેષ્ઠ છે ! તને બીજું શું કહીએ? (૪૮).

હે દેવ ! તારી માયાથી મોહિત થયેલા અમે તને ઓળખી શક્યા નથી. અમે જ્ઞાનનું મહત્ત્વ જાણતા નથી અને સંસારના કૂવામાં સડ્યા કરીએ છીએ. (૪૯). માતા બોલી કે હે મારા લાલ ! મોહવશ તને મેં મારો દીકરો માનીને તને ઘણા નિષ્ઠુર શબ્દો કહ્યા છે તે બધા તું માફ કરી દે. (૫૦). તને ઘરમાં ગોંધી દઇને અસહ્ય દુ:ખ આપ્યું છે. અમે તને જોરજુલમથી તને ન ભાવતું હોય તેવું પણ ખવરાવ્યું છે. (૫૧). તને કોઇ દિવસ કેડે ઊંચક્યો નથી કે કદી લાલનપાલન કર્યું નથી. હવે અમારાં મનમાં બહુ પસ્તાવો થાય છે. હે સ્વામી ! આ બધું તું માફ કરી દે. (૫૨). પ્રદોષપૂજનના ફળસ્વરૂપ સાક્ષાત્ ભગવાન શંકર જ વંશોદ્ધારક પુત્રરૂપે અવતર્યો છે. એમાં શંકાને કોઇ સ્થાન જ નથી. (૫૩). હે પુણ્યશાળી સ્વામી ! હવે પછી અમારું જીવન કેવું જશે તે કહે. હે કૃપામૂર્તિ ! અમારું જન્મમરણનું દુ:ખ ટાળીને તું અમને ધન્ય કરી દે. (૫૪). જેમ સગર રાજાના મરેલા પુત્રો પર ભાગીરથી ગંગા ફરી વળી અને તેમનો ઉદ્ધાર કર્યો તેમ મારી કૂખે જન્મીને તેં સમગ્ર કુળને પવિત્ર કરી દીધું છે. (૫૫). મુશ્કેલીથી તરી શકાય એવા આ સંસાર સાગરમાં અમને એકલા મૂકીને તું જતો રહેશે પછી તારાં દર્શન વગર અમે કેવી રીતે જીવશું? (૫૬).

માતાનાં આવાં પ્રેમાળ વચનો સાંભળીને હસીને ગુરુનાથ બોલ્યા કે હે મા ! તને જ્યારે પણ દર્શનની ઇચ્છા થાય ત્યારે તરત તું મારું સ્મરણ કરજે- મને યાદ કરજે. (૫૭). યાદ કરતાંની સાથે જ હું તે જ ક્ષણે તારી પાસે આવી જઇશ. હે મા ! તું ચિંતા કરીશ નહિ. લાવ ! તારો હાથ મને આપ. હું તને વચન આપું છું. (૫૮). તને બે પુત્રો અને એક પુત્રી થશે. ગરીબાઇ તો તમારાથી દૂર ભાગતી ફરશે. ઘરમાં લક્ષ્મીનો અખંડ વાસ થશે અને સુખની રેલમછેલ થશે. (૫૯). ગયા જન્મે તેં ભગવાન શંકરનું-ત્રિપુરારિનું વ્રત કર્યું હતું તેનો આ બધો મહિમા છે. તારા વંશમાં લક્ષ્મીનો અખંડ વાસ થશે. એમાં શંકા રાખીશ નહિ. (૬૦). આ જન્મે બધાં સુખો ભોગવીને અંતે તું પરમધામને પામીશ. ભગવાન શંકરના પૂજનને લીધે હવે તારો ફરી જન્મ નહિ થાય અને જન્મમરણનું દુ:ખ નહિ રહે. (૬૧). શિવજીની આરાધના કરીને તેં મને જન્મ આપ્યો છે. હે મા ! તારી બધી કામના પૂર્ણ થઇ છે. હવે મને જલદી જવાની આજ્ઞા-રજા આપ. (૬૨). હે મા ! ત્રીસ વરસ પછી ફરી મારું દર્શન થશે. મારે હવે બદરિકાવનનાં દર્શન માટે જલદીથી જવું છે. (૬૩). આવું બોલીને શ્રીગુરુ જવા તૈયાર થયા અને માતા પિતાની રજા લઇને એ સુંદર દેહધારી ઘરની બહાર નીકળ્યા. (૬૪).

માતા પિતા સાથે નગરનાં સ્ત્રી, પુરુષો અને બાળકો પણ સાથે વળાવવા ચાલ્યાં અને કહેવાં લાગ્યાં કે આ બાળકને ધન્ય છે. (૬૫). આ બ્રહ્મચારી તપ કરવા માટે વનમાં જાય છે તે ખરેખર ધન્ય વાત છે. એ માનવના વેશમાં પણ પુરાણપુરુષ જ છે. એને ધન્ય હો. (૬૬). ત્યાં વળી કોક બોલ્યું કે આ ક્યારેય પણ નહીં જોઇ હોય અને નહીં સાંભળી હોય એવી કેવી નવાઇની વાત છે કે નાનો બાળ આનંદથી જંગલમાં જાય છે અને માતા-પિતા તેને વળાવવા જાય છે ! (૬૭). ખરેખર ! જે કાળજાંને કઠણ કરીને પુત્રને આ રીતે વળાવતાં હશે તેમનું મન પથ્થર જેવું અતિશય કઠોર હશે. (૬૮). વળી બીજો બોલ્યો કે આ કેવું અચંબો જન્માવે એવું છે કે અજ અને અવ્યય એવો આ આદિપુરુષ કોઇ ચોક્કસ હેતુ માટે અવતર્યો જણાય છે. (૬૯). અરે ! આ તો તદ્દન સત્ય છે. એમાં અનુમાન કરવા જેવું કંઇ છે જ નહિ. શું સાત વર્ષનો બાળક વેદો બોલી શકે ખરો કે? (૭૦). વેદોની બધી જ શાખાનું સુસ્વર

ગાન કરે છે. તે ખરેખર ધન્યતાને પાત્ર છે. એને કોણ માનવી કહેશે? ખરેખર ! એ તો પુરાણ પુરુષ જ છે, બીજું કોઇ નહિ. (૭૧). આવું બોલીને સંતોએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને અનેક પ્રકારનાં વિવિધ સ્તોત્રો દ્વારા એના ગુણ અને કીર્તિનાં ગાન ગાયાં. (૭૨). આમ બધા સાથે ને સાથે ચાલતા હતા એટલે પછી સદ્ગુરુનાથે બધાને રોક્યા અને પાછા ફરવા કહ્યું એટલે એ લોકો વંદન કરીને પાછા વળ્યા. પરંતુ માતા-પિતા ગયાં નહિ. (૭૩). ગામના બધા લોકો દેખાતા બંધ થયા એટલે પ્રભુએ માત-પિતાને પોતાનાં ત્રિમૂર્તિ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. (૭૪).

શ્રીપાદશ્રીવલ્લભસ્વરૂપ દત્તાત્રેયનાં દર્શન કરીને માતા પિતાએ એ દિવ્ય સ્વરૂપને વંદન કર્યાં. (૭૫). હાથ જોડીને પ્રણામ કરતાં કરતાં કહ્યું કે હે ત્રિમૂર્તિ ! તને ધન્ય છે. હે જગદ્ગુરુ ! આપનો જય હો ! આપનાં પુણ્યપ્રદ ચરણોનાં દર્શન કરીને અમે ધન્ય ધન્ય થઇ ગયા. (૭૬). હે વિશ્વનો ઉદ્ધાર કરનાર દેવ ! તમે અમને ભવસાગરથી તારી દીધા તેથી તમને ધન્ય છે. અમને પાછાં દર્શન આપી ધન્ય ધન્ય કરી દેજે. (૭૭). આમ બોલીને ફરી પાછા તેમના પગ પર માથું મૂક્યું એટલે સદ્ગુરુએ આનંદથી એમને ઉઠાડીને શુભાશિષ આપી અને ભેટી પડીને કહ્યું કે તમે મનમાં ભરોસો રાખજો અને એમને આશ્વાસન આપતાં કહ્યું કે ફરી પાછાં જરૂરથી દર્શન આપીશ. (૭૮-૭૯). પછી ગુરુજીએ જાતે પોતાના હાથ વડે એમને પાછા વાળ્યા. પાછું વળીને વારે વારે જોતાં માત-પિતા સંતુષ્ટ મનથી ઘર તરફ પાછાં ફર્યાં. (૮૦).

વરદમૂર્તિ શ્રીગુરુ બદરિકાવન જતાં વારાણસીનાં સુંદરક્ષેત્ર પુણ્યાનંદકાનનમાં ગયા. જ્યાં સ્વયં વિશ્વનાથ ભગવાન વસે છે, એવી ત્રણે લોકમાં ઉત્તમ એવી અવિમુકતપુરી અનુપમ કાશીને ધન્ય છે. (૮૧-૮૨). શ્રીગુરુ ત્યાં રહીને રોજ નિયમપૂર્વક ત્રિકાળ સ્નાન કરતા હતા અને આત્મામાં આનંદ માણનાર એ સુજ્ઞ પુરુષ પ્રેમથી અનુષ્ઠાન કરતા હતા. (૮૩). વિશ્વનાથનાં દર્શન કરીને અને યમ-નિયમ વગેરે સાધીને યોગાભ્યાસમાં દિવસો પસાર કરતા હતા. (૮૪). અષ્ટાંગ યોગની સાધના કરીને તપશ્ચર્યામાં સમય પસાર કરતા હતા. શ્રીગુરુ આ રીતે વાણી ઉપર સંયમ રાખીને એકલા સમય પસાર કરતા હતા. (૮૫).

એમને જોઇને બીજા તપસ્વીઓ, યતિશ્રેષ્ઠો, મુનિઓ, અવધૂતો, વ્રત આચરનારા અને જપ કરનારા બધા જ ખૂબ જ આશ્ચર્ય અનુભવતા હતા. (૮૬). એ લોકો અંદરોઅંદર કહેતા કે આ બ્રહ્મચારીને ધન્ય છે. એ પોતે જ ધુરંધર ગુરુ જણાય છે અને સર્વશ્રેષ્ઠ આ સદ્ગુરુ વિવેકસરનો યોગાભ્યાસ કરે છે. (૮૭). આટલી નાજુક કાયા હોવા છતાં આકરી તપશ્ચર્યા કરે છે. ખરેખર ! એના વૈરાગ્યને ધન્ય છે. એનામાં લેશમાત્ર આસક્તિ નથી. એ તો જીવન્મુકત જ છે.[૫] (૮૮). એ શરીરની બિલકુલ આળપંપાળ કરતા નથી અને ત્રણવાર ઠંડા જળથી મણિકર્ણિકા ઘાટે સ્નાન કરે છે. આ બાળક ખરેખર સંન્યાસ ધારણ કરવાને પાત્ર છે- યોગ્ય છે. (૮૯). એ બધા આ રીતે અંદરોઅંદર વાતો કરતા હતા ત્યારે ત્યાં એક મહાબુદ્ધિશાળી, વૃદ્ધ, તપસ્વીમાં શ્રેષ્ઠ, જ્ઞાની અને પરમ વિવેકી એવા કૃષ્ણસરસ્વતી નામના પવિત્ર બ્રહ્મજ્ઞાનીએ શ્રીગુરુવરને જોઇને પ્રેમથી નીતિવાળાં વચનો બોલતાં જણાવ્યું કે હે યતીશ્વરો ! ખરેખર ! આ બ્રહ્મચારી એ માનવી નથી. પરંતુ વિશ્વવંદ્ય-પરમપુરુષ છે. એને પ્રેમથી પગે લાગો. (૯૦-૯૨). એનો વેષ ભલે બાળકનો છે અને ઉંમર નાની છે તો પણ એ એક જ વંદન કરવાને યોગ્ય છે.

તમે વિવેક રાખીને એને ભક્તિભાવથી નમસ્કાર કરો. (૯૩). ઉંમરમાં મોટો હોય તેને પગે લગાય અને નાનાને પગે ના લગાય એવી દોષભરેલી દૃષ્ટિ મૂર્ખમાં હોય છે. જ્ઞાની પુરુષની દૃષ્ટિ કદી પણ આવી હોતી નથી. (૯૪). હે યતિવરો ! ત્રણે લોકમાં પ્રસિદ્ધ એવા ત્રિમૂર્તિને તમે અભિમાન છોડીને નિશ્ચિતરૂપથી પ્રણામ કરીને કૃતાર્થ થઇ જાઓ. (૯૫). જ્ઞાની પુરુષ જ્ઞાનને પ્રમાણ માનીને સદ્‌ગુણને નમે છે. તાડનું ઝાડ ઊંચું છે અને તુલસીનો છોડ નાનો છે છતાં તમે કોને વંદ્ય ગણશો? (૯૬).

એની પ્રાર્થના કરીને લોકોના ભલા માટે આપણે બધા સંન્યસ્તની દીક્ષા આપીને અને એની પાસેથી આપણે પણ શીખીએ. (૯૭). આપણામાં સ્થિર ભક્તિ રહે અને જગતનું કલ્યાણ થાય એ હેતુથી હે યતિવરો ! બધા જઇને એમને પ્રાર્થના કરો અને એમને વંદન કરીને માન આપો. (૯૮). લોકોનું ભલું કરવા માટે સમર્થ અને સર્વ લોકોના ગુરુ એવા એના દર્શનમાત્રથી પણ પતિત જન પાવન થઇ જાય છે. (૯૯). માટે એ ભલે બાળક છે છતાં એની પાસે જઇને પ્રાર્થના કરીને એની પાસે સંન્યસ્ત ગ્રહણ કરાવીએ અને આપણે બધા કૃતાર્થ થઇ જઇએ. (૧૦૦). આવો નિશ્ચય કરીને બધા મુનીશ્વરની પાસે ગયા અને હાથ જોડીને વિનંતી કરતાં કહ્યું કે હે ગુરુદેવ! અમે તમારા દાસ છીએ. (૧૦૧). હે સર્વશ્રેષ્ઠ ! તમે અમારી પ્રાર્થના સાંભળીને લોકોનું ભલું કરવા માટે અને ભકતજનોનો ઉદ્ધાર કરવા માટે સંન્યાસ ગ્રહણ કરો. (૧૦૨). આ કળિયુગમાં બધા જ લોકો સંન્યાસની નિંદા કરે છે. આ સંન્યસ્તધર્મની સ્થાપના કરવા માટે પૃથ્વી પર ચારે દિશામાં કોઇ સમર્થ જણાતું નથી. (૧૦૩). શાસ્ત્ર વચનોનો એકતરફી અને મર્યાદિત અર્થ કરીને દુર્જનો વેદ દ્વારા માન્ય, લોકપ્રસિદ્ધ અને પાવનકારી સંન્યાસ ધર્મનો નિષેધ કરે છે. (૧૦૪). વેદમાન્ય આ પાવનકારી આશ્રમનો ઉદ્ધાર કર. જેથી હે પ્રભુ ! લોકો પર ઉપકાર થશે અને દુર્જનોની બોલતી બંધ થઇ જશે. (૧૦૫). કૃપાના સાગર એવા સદ્‌ગુરુએ આ વચનો સાંભળીને સંન્યસ્ત ગ્રહણ કર્યું અને વૃદ્ધ કૃષ્ણસરસ્વતીએ ખાસ સંન્યસ્તની દીક્ષા આપી. (૧૦૬). અલખનાં એવાં વચન સાંભળીને શંકાશીલ શિષ્ય નિરંજને પૂછ્યું કે હે પ્રેમાળ પ્રભુ ! મને એક શંકા થઇ છે તેનું નિવારણ કરો. (૧૦૭).

જગદ્‌ગુરુ સમાન આ શ્રીગુરુ અન્ય ગુરુ શા માટે કરે? ત્રિમૂર્તિના અવતારને વળી અન્ય ગુરુનું શું કારણ? (૧૦૮). અલખે કહ્યું કે હે વત્સ ! તું સાંભળ. ત્રેતાયુગમાં સ્વયં ભગવાન રામે વસિષ્ઠ મુનિને ગુરુ કર્યા હતા. (૧૦૯). દ્વાપરયુગમાં ભગવાન શ્રીકૃષ્ણે પણ સાંદીપનિ ઋષિને ગુરુ કર્યા હતા. ભગવાન પોતે પણ જ્યારે મનુષ્યરૂપે અવતરે છે ત્યારે સામાન્ય મનુષ્યની જેમ જ વર્તે છે. (૧૧૦). લોકોને શીખવવાના (ઉપદેશ કરવાના) હેતુથી સિદ્ધ પુરુષો સ્વયં આવું વર્તન કરે છે અને બતાવે છે કે સદ્‌ગુરુ વિના કદી જ્ઞાન મળતું નથી. સદ્‌ગુરુ જ જ્ઞાનનું અંજન આંજે છે.⑥ (૧૧૧).

જો સાંભળ ! શ્રીગુરુ બધામાં જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ અને યતિવર એવા કૃષ્ણસરસ્વતીને ગુરુ કરે છે. (૧૧૨). વંદન કરી રહેલા શિષ્યએ ફરી પાછું પૂછ્યું કે શ્રીગુરુએ કૃષ્ણસરસ્વતીને કેમ ગુરુ તરીકે પસંદ કર્યા? (૧૧૩). બધા સંન્યાસીઓમાં જેને આટલું બધું સન્માન આપ્યું એ કૃષ્ણસરસ્વતી કોણ હતા તે હે સુજ્ઞ એવા અલખજી મને સવિસ્તર કહો. (૧૧૪). મને મૂળ સદ્‌ગુરુની પીઠ વિશે પણ બધું જ વિગતવાર કહો. હે પાપને હરી લેનાર ! મારું

મન એ બધું સાંભળવા ખૂબ જ આતુર છે. (૧૧૫). કૃપા કરીને મને બધું જ કહો. જેથી મને સંતોષ થાય. નિરંજનનાં આવાં વચન સાંભળીને અલખજી પ્રસન્નતાપૂર્વક બોલ્યા. (૧૧૬).

મૂળપીઠમાં સૌથી આદિ ગુરુ કૈલાસ પર્વત પર વસનાર ભગવાન શંકર ગણાય. તેના શિષ્ય ભગવાન વિષ્ણુ ગણાય. વિષ્ણુના શિષ્ય બ્રહ્મા થયા અને તેના શિષ્ય વસિષ્ઠ થયા. તેના શિષ્ય શક્તિ થયા અને તેના શિષ્ય વિદ્વાન પરાશર થયા. પછી તેના શિષ્ય સ્વયં વ્યાસ નારાયણ થયા. પછી તેના શિષ્ય થયા શુક્રાચાર્ય અને તેમના શિષ્ય થયા ગૌડપાદ. પછી એમના શિષ્ય ગોવિંદપાદ થયા અને તેમના શિષ્ય સ્વયં શંકરનો અવતાર એવા શંકરાચાર્ય થયા. તેમના શિષ્ય વિશ્વરૂપેશ થયા. ત્યાર પછી બોધજ્ઞાનગિરિ શિષ્ય થયા અને પછીથી તેના શિષ્ય સિંહગિરિ થયા. ત્યાર પછી હે તાત ! એના શિષ્ય ઈશ્વરતીર્થ થયા. એના શિષ્ય નૃસિંહતીર્થ થયા અને એના શિષ્ય વિદ્યારણ્ય થયા. આ વિદ્યારણ્ય સર્વવિદ્યાના તીર્થરૂપ અને સર્વ શાસ્ત્રના વિશારદ હતા. પછી એના શિષ્ય મલયાનંદ થયા. એના થયા દેવતીર્થ અને પછી એમના શિષ્ય થયા શ્રુતિતાત યાદવેન્દ્ર સરસ્વતી. આ યાદવેન્દ્ર મુનિના શિષ્ય કૃષ્ણસરસ્વતી હતા. આમ આ યતિ પુરાતન શિષ્ય હોવાથી એને માન આપવામાં આવ્યું હતું. (૧૧૭-૧૨૪).

શ્રીગુરુ એમના શિષ્ય થયા અને એમનું નામ નૃસિંહસરસ્વતી રાખ્યું અને સંન્યાસમાર્ગનું સારી રીતે સ્થાપન કરવા માટે અને લોકોનું ભલું કરવા માટે ચોથો આશ્રમ ધારણ કરી વેદો ઉપર પ્રવચન આપવા લાગ્યા. અને તેથી નાની ઉંમરના હોવા છતાં બધા તેમને પગે લાગતા હતા અને પૂજતા હતા. (૧૨૫-૧૨૬). લોકોમાં પ્રસિદ્ધિ પામવાથી પંડિતો એમને પૂજવા લાગ્યા અને પાવન એવાં કાશીક્ષેત્રમાં બધા યતિવરો એમની સેવા કરવા લાગ્યા. (૧૨૭). કેટલોક સમય ત્યાં રહીને ત્યાંથી પછી ઘણા શિષ્યો સાથે બદરિકાવન ગયા. લોકો એમનાં યશોગાન ગાતા થઇ ગયા. (૧૨૮). લોકોનું ભલું કરવા માટે તેઓ બધાં તીર્થોમાં ફરતા હતા અને નવે ખંડમાં પ્રસિદ્ધ એવા મેરૂ પર્વતની પ્રદક્ષિણા કરી. (૧૨૯). પૃથ્વી પરનાં બધાં તીર્થોમાં ફરીને બધા શિષ્યો સાથે યતિવર અલૌકિક ઉપદેશ આપતા આપતા ગંગાસાગર આવી પહોંચ્યા. (૧૩૦). લોકોનો ઉદ્ધાર કરવા માટે કલ્યાણપ્રદ જે અનંત કર્મો કર્યાં તે બધાં તો કોણ જાણી શકે? અને એનું રહસ્ય કોણ વર્ણવી શકે? (૧૩૧). એમની સંપૂર્ણ લીલાનું વર્ણન કોણ કરી શકે? એ વર્ણન કરવાથી તો ગ્રંથ બેહદપણે વધી જાય. આ લીલા પૈકીની કેટલીક લીલાઓ મારી અલ્પમતિ અનુસાર કહું છું. (૧૩૨).

ગંગાસાગર તીર્થમાં ફરતા ફરતા ઉત્તમ દેહધારી શ્રીગુરુ તીર્થરાજ પ્રયાગ આવી પહોંચ્યા. (૧૩૩). શ્રીગુરુને આવેલા જાણીને દર્શનની ઉત્કંઠા ધરાવનાર સ્ત્રી, પુરુષ, વૃદ્ધ, યુવાન અને બાળકો એમ બધાં લોકો દર્શન માટે દોડ્યાં. (૧૩૪). એમાં માધવ નામનો એક શ્રેષ્ઠ બ્રાહ્મણ પણ આવ્યો. એને યોગ્ય પાત્ર જાણીને શ્રીગુરુએ એને શિષ્ય બનાવ્યો. (૧૩૫). એને આનંદથી સંન્યસ્ત આપીને પછી બ્રહ્મજ્ઞાન આપ્યું અને એનું દ્વૈતનું અજ્ઞાન હરી લીધું. માધવ સરસ્વતીને ધન્ય છે. (૧૩૬). શ્રીસદ્‌ગુરુના અનેક શિષ્યો હતા, પરંતુ એ બધામાં શ્રેષ્ઠ અને પ્રીતિપાત્ર તો માધવ જ હતો. ખરેખર એને ધન્ય છે. (૧૩૭). પછી ત્યાંથી બધાંને સાથે લઇને શ્રીગુરુ આગળ જવા નીકળ્યા. સમગ્ર શિષ્યમંડળ શ્રીગુરુની તન અને મનથી ખૂબ સેવા કરતું હતું. (૧૩૮).

આ સાંભળીને નિરંજને આગળ ઉપર જે પ્રશ્ન પૂછ્યો અને બુદ્ધિશાળી અલખજીએ એનો જે જવાબ

આપ્યો એનું વર્ણન ખરેખર અનુપમ છે. (૧૩૯). ગુરુનું આ ચરિત્ર કામધેનુ છે એમાં કોઇ શંકા નથી. જો શ્રદ્ધા ભક્તિ હોય તો **રંગ** કહે છે કે એ જીવતે જીવ તારી દે છે (જીવન્મુક્ત બનાવે છે). (૧૪૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગુરુપીઠિકા વર્ણન'** નામનો **સડસઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૬૭

(૧) નિત્યાનિત્ય વિવેક એ સાધનચતુષ્ટયનું સૌ પ્રથમ અને અતિ મહત્ત્વનું સાધન છે. આ શરીર નાશવંત છે, ક્ષણ ભંગુર છે અને વિનાશી છે છતાં માનવી એને કાયમી માને છે. આ શરીર ગંદુ છે છતાં માનવી એને સુંદર માને છે. શરીરમાં મળ-મૂત્ર, રક્ત અને રેત સિવાય શું છે? આ શરીર દુ:ખનું મૂળ છે છતાં માણસ એને સુખનું સાધન ગણે છે. આને જ અવિવેક કહે છે. દોહરા ૧ થી ૨૬ નો રોજ પાઠ કરીએ તો જીવનનો સાચો રસ્તો એક દિવસ જરૂર મળે.

દો બાતનકો ભૂલ મત જો ચાહત કલ્યાણ |
**નારાયણ ઇક મોતકો દૂજે શ્રીભગવાન** ||

(૨) અલ્પ જળમાં- છીછરાં જળમાં માછલીનું જીવન દુ:ખી અને લાચાર હોય છે. એને સ્થળચર કે ખેચર પક્ષી ક્યારે ખાઇ જાય એનું શું કહેવાય? મૂકેલો શ્વાસ પાછો લઇ શકીશું કે કેમ તેની આપણને જ ક્યાં ખબર છે? જીવનનો ભરોસો નથી એનો પાકો નિશ્ચય કરીને થાય એટલું પુણ્યકાર્ય બને તેટલી ત્વરાથી કરવું જોઇએ. જેણે જાતની સાથે અને જગતની સાથે છેતરપિંડી જ કરવી છે તેની વાત જુદી છે. 'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ' એ ન્યાયે જેટલું ઝડપથી કર્યું તેટલું કમાયા અને તે જ સાચું.

(૩) આપણા હિંદુ ધર્મમાં 'માતા'નું સ્થાન દિવ્ય અને ગૌરવપ્રદ મનાયું છે. સંન્યસ્ત લીધા પછી સંન્યાસી પૂર્વજન્મના સંબંધી સાથે કોઇ સંબંધ રાખતો નથી તો પણ માતાને પ્રણામ કરવાની આજ્ઞા છે. વળી માતાની સંમતિ વિના સંન્યસ્ત લેવાની રજા નથી. માતાને સમજાવીને પછી એની રજાથી સંન્યસ્ત લેવાનું છે એ વાત આ અધ્યાયમાં વારે ઘડીએ દોહરાવાઇ છે. માતાની બધી શરતો મંજૂર રાખીને, માતાને રાજી કરીને અને માતાની રજા લઇને પછી જ શ્રીગુરુ ગૃહત્યાગ કરે છે. માતાને નારાજ ન કરવાના હેતુથી જ સ્વામી શ્રીપ્રકાશાનંદજીએ પૂ.શ્રી મોટાને

(પૂર્વાશ્રમનું નામ ચુનીભાઇ) લગ્ન કરવા સમજાવ્યા હતા. આમ માતાને નારાજ કરીને આધ્યાત્મિક માર્ગે કદમ મૂકી શકાય નહિ એવો આદર્શ પ્રસ્થાપિત કર્યો છે.

(૪) આ અધ્યાયનો પ્રસંગ ચિંતન માગી લે છે. પુત્ર સાક્ષાત્ ઇશ્વર છે એવું જાણ્યા પછી પણ મા સંસારી સુખની કલ્પનામાંથી બહાર નીકળી શકતી નથી. આઠ વર્ષનો છોકરો સંન્યાસી થવા નીકળે છે એ જોઇને માતા-પિતા પણ સંસારનો ત્યાગ કરી શક્યા હોત. પરંતુ પોતાની કૂખે દૈવીપુત્ર પાક્યો હોવા છતાં માતા સંસારમાં જ જીવવા ઇચ્છે છે અને શ્રીગુરુ એની બધી લૌકિક ઇચ્છા સંતોષે છે. આમ સંતો સામી વ્યક્તિની વૃત્તિ પારખીને, એને સંતોષીને પોતાનું કાર્ય સાધી લે છે. સંસારી એવું માગે કે મારું દુઃખ દૂર કરો. સાધક એવું માગે કે મારા દુઃખનું કારણ દૂર કરો. આપણે પણ પૂ.શ્રીની ભક્તિ દ્વારા સાચા સાધક થવા પ્રયત્નશીલ બનીએ.

(૫) વિવેકયુક્ત તીવ્ર વૈરાગ્ય ઉદ્ભવવો અને એને કાયમ ટકાવી રાખવો એ ખૂબ અઘરું છે. જે વર્ણન શ્રીગુરુ માટે પૂ.શ્રીએ કર્યું છે એ જ વર્ણન પૂ.શ્રી રંગ અવધૂત મહારાજને પણ લાગુ પડે છે. કથાકાર શાંતિલાલ ઠાકરે (શરણાગતનો તારણહાર પુસ્તક જોવું.) જણાવ્યું છે તેમ નડિયાદમાં શાંતિભાઇ ઠાકરને ત્યાં પૂ.શ્રી પ્રકાશાનંદજી (ગોદડિયા) મહારાજ વિરાજતા હતા અને ત્યાં પૂ.શ્રી યુવાન વયે પધાર્યા. એમને જોઇને, એમનો તીવ્ર વૈરાગ્ય જોઇને પૂ.પ્રકાશાનંદજી ખૂબ પ્રભાવિત થયા અને પૂ.શ્રીના ગયા પછી શાંતિભાઇ ઠાકરને કહ્યું કે જો જીવનભર આવો વૈરાગ્ય ટકી રહે તો એમની માતાને ધન્ય છે. કેવો ઊંચો સદ્ભાવ વ્યક્ત થયો !

(૬) સિદ્ધ પુરુષો સ્વયં આચરી બતાવીને લોકોને ધર્મનો પંથ દર્શાવે છે. આચાર એ જ ઉપદેશ એ સાચા સંતનું જીવનસૂત્ર છે. જ્યારે જ્યારે ઇશ્વર પણ માનવ દેહ ધરે છે ત્યારે સામાન્ય માનવીના જેવું જ વર્તન કરે છે. એ પોતાની સિદ્ધિને અને શક્તિને છૂપાવે છે, પ્રગટ કરતા નથી અને તેથી ભગવાન રામે વસિષ્ઠઋષિને અને ભગવાન શ્રીકૃષ્ણે સાંદીપનિ ઋષિને ગુરુ કર્યા હતા અને એક સામાન્ય શિષ્યના જેવું જીવન જીવ્યા હતા. અસામાન્ય હોવા છતાં સામાન્ય બનીને જીવવું એ અસામાન્ય વાત ગણાય. ભગવાન કૃષ્ણે ગોવર્ધન પર્વત ઊંચક્યો ત્યારે કોઇની મદદની જરૂર હતી ખરી? છતાં મિત્રોને કહ્યું કે તમારી મદદ વગર આ પર્વત હું ઊંચકી શકત નહિ. બીજાને મોટા કરવામાં જ મોટા માણસની સાચી મોટાઇ છે.

●

## અધ્યાય : ૬૮

આ અધ્યાયનું નામ '**વિપ્રશૂલહરણ**' છે. આ અધ્યાયમાં **૨૦૦** દોહરા છે.

આ અધ્યાયમાં નિરંજન અલખને શ્રીગુરુલીલાકથામૃતનું હજી પણ પાન કરાવવાની વિનંતી કરે છે અને અલખનો આભાર માને છે. (૧-૧૨). અલખજીએ કહ્યું કે થોડો સમય શ્રીગુરુ તીર્થરાજ પ્રયાગમાં રહ્યા ત્યારે એમના અનેક શિષ્યો થયા. એ બધાને લઇને શ્રીગુરુ દક્ષિણ દેશમાં થઇને પોતાની જન્મભૂમિ કરંજનગરમાં આવ્યા. (૧૩-૨૩).

કરંજનગરમાં રહીને, લોકોના ઘરે ભિક્ષા કરીને બધાને સંતોષ આપ્યો. માતા-પિતાને પૂર્વજન્મનું સ્મરણ કરાવવા શ્રીપાદશ્રીવલ્લભરૂપે દર્શન આપ્યું. મા-બાપે પ્રેમથી સ્તુતિ કરી. માતા-પિતાને આશ્વાસન આપતાં એમના ઉજ્જવળ ભાવિની અને સુખરૂપ જીવનની ખાતરી આપી. (૨૪-૪૨).

પૂર્વજીવનની બહેન રત્નાને એના ભાવિ વિશે કહ્યું કે તારા ગયા જન્મના ઘોર પાપના કારણે તને કોઢ નીકળશે અને તારો પતિ સંન્યસ્ત લઇને ઘર છોડી જશે. આ સાંભળી રત્ના ખૂબ દુ:ખી થઇ અને એમાંથી બચવાનો ઉપાય બતાવવા કરગરી ત્યારે શ્રીગુરુ બોલ્યા કે તારો પતિ ઘડપણમાં ઘર છોડી જશે, બસ ! તને કોઢ નીકળશે ત્યારે ફરીથી મારાં દર્શન થશે. તને રોગ થાય એટલે તું ગાણગાપુર જતી રહેજે. (૪૩-૬૭). શ્રીગુરુ ત્યાંથી નાસિક-ત્ર્યંબક ક્ષેત્રમાં આવ્યા. ગૌતમી-ગોદાવરી નદીનું વિગતવાર માહાત્મ્ય વર્ણવતાં શ્રીગૌતમ ઋષિ કેવી રીતે નદીના પ્રાગટ્ય માટે નિમિત્ત બન્યા તેનું વર્ણન કર્યું. (૬૮-૯૨). મંજરીક ગામમાં માધવારણ્ય નામના નૃસિંહ ભગવાનના ભકતનો ઉદ્ધાર કર્યો. એ ભકતે શ્રીગુરુનું સ્તોત્ર દ્વારા સ્તવન કર્યું. (૯૩-૧૦૮).

શ્રીગુરુ ત્યાંથી વાસરક્ષેત્રમાં આવ્યા. પેટમાં થતી પીડાને કારણે જીવનથી કંટાળીને એક બ્રાહ્મણ પ્રાણ ત્યાગ કરવા જતો હતો. મહાનવમીના ઉત્સવ નિમિત્તે જમ્યો હતો તેથી અતિશય પીડા થતી હતી. શ્રીગુરુએ શિષ્યોને મોકલીને એને પાસે બોલાવી દુ:ખનું કારણ પૂછ્યું. પેટમાં જરા પણ અન્ન જાય તેથી આવી તકલીફ થાય છે એમ કહ્યું. એ જ વખતે ગામનો અધિકારી સાયંદેવ સ્નાન કરવા જતો હતો તેને બોલાવીને શ્રીગુરુએ કહ્યું કે તું એને જમાડ. સાયંદેવે શ્રીગુરુને પણ ભિક્ષા માટે આમંત્રણ આપ્યું. જેનો શ્રીગુરુએ સ્વીકાર કર્યો. શ્રીગુરુએ જણાવેલી વસ્તુ બ્રાહ્મણે ખાધી અને તેનું દુ:ખ દૂર થયું. (૧૦૯-૨૦૦).

સદ્‌બુદ્ધિવાળા એ નિરંજન શિષ્યે અલખ ગુરુના ઉભય ચરણમાં પ્રણામ કરીને વિનંતી કરી કે હે સદ્‌ગુરુજી ! મારામાં રહેલાં દ્વંદ્વો દૂર કરો. (૧). હે ભવસાગર તારનાર યોગીશ્વર ! આપનો જયજયકાર હો ! હું આપને વંદન કરું છું. આપે શ્રીગુરુકથા વિસ્તારથી કહી તેથી મારું બધું દુ:ખ ટળી ગયું છે. (૨).આમ છતાં સત્કથાનાં અમૃતનાં પાનથી મારી તરસ છિપાઇ નથી. એ સત્કથામૃત પાનની તરસ ક્ષણે ક્ષણે વધતી જ જાય છે, તીવ્ર થતી જાય છે. હે સંયમી

ગુરુ ! એ તૃષાને શાંત કરો. (૩). હે ગુરુજી ! કામધેનુ સમાન આ ગુરુકથા આપે કહી- પ્રગટ કરી છે. આપ ધન્ય છો. પરંતુ હજી મારું મન ધરાતું નથી- તૃપ્ત થતું નથી. એ સાંભળવાની તીવ્ર ઇચ્છા થાય છે. (૪). ભૂખનાં દુ:ખથી વ્યાકુળ થયેલી ગાય ભરપૂર ઘાસવાળું બીડ પામતાં જેમ ત્યાંથી ખસવાનું નામ લેતી નથી તેવી જ સ્થિતિ મારી પણ છે. (૫). જેને માટે સ્વપ્નમાં પણ છાસ મેળવવી દુર્લભ હોય તેવાને દૂધનો સાગર મળી જાય પછી એ બીજે ખસે જ શાનો? (૬). માયાથી વીંટળાયેલો અને ભ્રષ્ટ એવો હું અગમ્ય એવું ગુરુકીર્તન જાણતો નથી. ત્યાં તારા જેવો શ્રેષ્ઠ સ્વામી મને મળ્યો. (૭). હું લાચાર થઇને અજ્ઞાનરૂપી અંધકારમાં પડ્યો હતો ત્યારે તેં ગુરુથી અભિન્ન એવી શ્રીગુરુરૂપ જ્યોતિ બતાવીને પ્રકાશ કરી દીધો. (૮). હે સાધુપુરુષ ! તને ધન્ય છે. તેં મારા ઉપર બહુ મોટો ઉપકાર કરી દીધો છે. એના બદલામાં હું શું કરી શકું તેનું મને ભાન નથી. હું તો બે હાથ જોડીને વંદન કરું છું અને એને જ પૂરતું માનું છું. એમાં નવાઇ નથી. (૯). કલ્પદ્રુમ આપનારને બદલામાં શું આપી શકાય? દૂધના સાગરનું દાન કરનારને બદલામાં નાનો ને છીછરો કૂવો આપીએ તો કેવું લાગે? એ સારું દેખાય ખરું કે? (૧૦). ચિંતામણિ આપનારને બદલામાં કાચ આપવાથી કાર્ય સરે કે? ખરેખર ! તારા ઉપકારનો બદલો ક્યારેય પણ વાળી શકાય એમ જ નથી. (૧૧). વંશપરંપરાગત તારી સેવા કર્યા કરીએ તો પણ તારો ઉપકાર વાળી શકાય એમ નથી. હે સંસારાગ્નિના તાપને શાંત કરનારા પ્રભુ ! હું મારી જાત જ તમારાં ચરણોમાં અર્પી દઉં છું.① (૧૨). તેં જે ધર્મની વાતો કરી તેનાથી મનમાં શાંતિ થઇ અને ચિત્ત પ્રભુનાં ચરણમાં સ્થિર થયું. વળી મારા હૃદયમાં ગુરુભક્તિની જ્યોત જાગી ઊઠી છે. (૧૩).

શ્રીગુરુએ પ્રયાગ આવી માધવનો ઉદ્ધાર કર્યો અને એને સંન્યસ્તની દીક્ષા આપી તે પછી જે બન્યું તે પુણ્યકથા કહો. (૧૪). હે અલખગુરુ ! આપ કૃપા કરીને શ્રીગુરુની લીલામૃતની સારરૂપ કથા કહેવાનું ચાલુ રાખો. શિષ્યનાં આ વચન સાંભળીને ગુણોના ભંડારરૂપ અલખજીએ બોલવાનું શરૂ કર્યું. (૧૫). નિરંજનના માથા ઉપર હાથ મૂકીને અને એને આશ્વાસન આપતાં કહ્યું કે હે સદ્‌ગુણના ભંડાર સમાન બાળક ! તને ધન્ય છે. તને કાળ પણ બાધારૂપ નહિ નીવડે. હું કહું તે તું સાંભળ. (૧૬).

હવે તને ગુરુનાં ચરણો સાંપડ્યાં છે એટલે તું સુખેથી સંસાર સાગર તરી જઇશ. ગુરુભક્તિમાં રતિ રાખીને જો તું પૂછતો હોય તો હું તને આગળની સારરૂપ કથા કહું છું. (૧૭). લોકોના ઉદ્ધારક એવા શ્રીગુરુ પ્રયાગમાં થોડો સમય સુખેથી રહ્યા. એ દરમ્યાન અનેક સદ્‌ગુણી (વ્યક્તિઓ) એમના શિષ્યો થયા. એ બધામાં માધવ પટ્ટ શિષ્ય હતો. (૧૮). જો બધા શિષ્યોનાં નામ ગણાવવા બેસું તો તો ગ્રંથ અનહદ મોટો થઇ જાય તેથી સાત પ્રખ્યાત શિષ્યોનાં નામ કહું છું તે તું સાંભળ. (૧૯). સૌથી પહેલા શિષ્યનું નામ બાળ સરસ્વતી હતું. બીજાનું નામ કૃષ્ણ સરસ્વતી. ત્રીજાનું નામ માધવ સરસ્વતી. ચોથા સદાનંદ જે અતિ ધન્ય છે. પાંચમા જ્ઞાન જ્યોતિ સરસ્વતી, છઠ્ઠાનું નામ ઉપેંદ્ર અને સાતમા શિષ્યનું નામ સિદ્ધ હતું. આ બધા એક એકથી ચઢિયાતા હતા. (૨૦-૨૧). આ બધા શિષ્યોને લઇને શ્રીગુરુ દેશના દક્ષિણ ભાગમાં આવ્યા અને યતિવરે ત્યાં અનેક ક્ષેત્રો પાવન કર્યાં. (૨૨). પછી ત્યાંથી કરંજપુર આવીને માતા-પિતાને મળ્યા. ભાઇઓ, બ્હેન, સગાં વહાલાં બધાં શ્રીગુરુનાં ચરણમાં વંદન કરી રહ્યાં. (૨૩). શ્રીગુરુ આવ્યા છે એ વાત નગરજનોએ જાણી એટલે બાળકોથી માંડીને વૃદ્ધો સુધીનાં બધાં સ્ત્રી,

પુરુષો બીજો બધો કામ-ધંધો છોડીને દર્શન માટે દોડ્યા. (૨૪). આનંદથી વંદન કરીને પ્રફુલ્લિત થઇને પૂજન કરતા હતા. ઘણા બધા બ્રાહ્મણો ભિક્ષા માટે આમંત્રણ આપતા હતા. (૨૫). અનેક રૂપો ધરીને, ઘેર ઘેર ભિક્ષા લઇને, શ્રીગુરુએ ન સમજાય તેવી-અગમ્ય-લીલા કરીને બધા લોકોને સંતોષ આપ્યો. (૨૬).

આ જોઇને વિસ્મય પામીને લોકો કહેતા હતા કે આ તો સાક્ષાત્ ભગવાન વિષ્ણુ જ છે. વેષથી સંન્યાસી જેવા જણાય છે, બાકી હકીકતમાં તો પરમ પુરુષ જગતપિતા જ છે. (૨૭). બ્રહ્મા, હરિ, હર એ ત્રિમૂર્તિએ લોકોનાં કાર્ય કરવા માટે જ આ અવતાર ધારણ કર્યો છે. જે કોઇ એને સામાન્ય મનુષ્ય માનશે તે ભયંકર નરકમાં જશે. (૨૮). આમ લોકો વિવિધ રીતે વખાણ કરતા હતા. પિતા પણ સંતુષ્ટ થઇને એમને પૂજતા હતા. આ બધું જોઇને માતાને અંતરમાં ખૂબ જ આનંદ થયો. (૨૯). (માતાને) પૂર્વ જન્મનું સ્મરણ કરાવવા માટે શ્રીગુરુએ શ્રીપાદશ્રીવલ્લભનું રૂપ લીધું. 'મા' ને અતિ હર્ષઘેલી જોઇને યતિવરને પણ આનંદ થયો. (૩૦). શ્રીગુરુનાં ચરણમાં માથું મૂકીને 'મા' એ કહ્યું કે હે દેવ ! તને ધન્ય છે. તું ભકતને કયારેય પણ ભૂલતો નથી. તું એની સેવા જોઇને રીઝે છે-પ્રસન્ન થાય છે. (૩૧). પોતાના ગયા જન્મનું સ્મરણ થતાં અંબાએ પતિને કહ્યું કે ખરેખર મારી પ્રદોષપૂજા ફળી છે અને શિવ-સંકલ્પ પણ સત્ય થયો છે. (૩૨). ગયા જન્મે મેં વિશ્વવંદ્ય પુત્ર મેળવવા માટે શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુનું પૂજન કર્યું હતું. મારી એ સેવા સાચે જ સફળ થઇ છે. (૩૩). એમણે પણ મારા પુત્રરૂપે અવતરીને એમનું વચન પ્રસન્નતાપૂર્વક પાળી બતાવ્યું છે. આ સાંભળીને પતિએ વંદન કર્યું. પછી બન્ને જણાં સ્તુતિ કરવા લાગ્યાં. (૩૪). આંસુથી કંઠ રૂંધાયો અને ગદ્ ગદ્ વેણથી કહેવા લાગ્યાં કે હે યતીશ્વર ! હે સ્વામી ! હે દયાના સાગર અને ગરીબજનોના બેલી ! હે પ્રભુ ! અમને આ સંસાર સાગરમાંથી પાર ઉતાર. (૩૫).

શ્રીગુરુ બોલ્યા કે જે કુળમાં સંન્યાસી થાય છે તે કુળને ધન્ય છે. એ પુણ્યથી સાચેજ બેતાલીસ કુળનો ઉદ્ધાર થાય છે. (૩૬). એ વંશને કાયમ માટે બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે અને એનું કદી પણ પતન થતું નથી. (૩૭). એને યમની ભીતિ પણ સતાવતી નથી તથા સંતતિનું દુ:ખ પણ રહેતું નથી. (વળી આ વંશનો કોઇ જીવ) નરકલોકમાં હશે તો તે પણ બ્રહ્મલોકમાં જશે. (૩૮). તમારાં ભાગ્યની હું શું વાત કરું? તમારાં પુણ્યનું વર્ણન કોણ કરી શકે એમ છે? (૩૯). તમે હવે ચોક્કસ સ્થિર બ્રહ્મપદને પામશો અને તમારે હવે યમની બીક પણ રાખવી નહિ. આ રીતે માતપિતાને ધીરપુરુષ સદ્‌ગુરુએ આશ્વાસનનાં વચનો કહ્યાં. (૪૦). તમારા આ પુત્રો આઠે ઐશ્વર્યથી સંપન્ન અને સો વર્ષના આયુષ્યવાળા થશે. તેઓ પુત્ર-પૌત્રને અને અચળ લક્ષ્મીને નજરોનજર જોશે. (૪૧). અંતકાળે તેઓનો કાશીમાં કલ્યાણપ્રદ વાસો થશે. વેદ વગેરેમાં જણાવ્યા પ્રમાણે કાશી એ તો પરમ મોક્ષનું કવચ છે. (૪૨). મનમાં વિશ્વાસ રાખીને મનમાંથી બીજી ચિંતા કાઢી નાંખો. આ સાંભળીને બીજી બધી આશા (ઇચ્છા) છોડીને માત-પિતાએ શ્રીગુરુનાં ચરણમાં પ્રણામ કર્યા.② (૪૩).

પૂર્વાશ્રમની બહેન રત્નાએ આવીને વિનત ભાવે વંદન કરીને કહ્યું કે હે સ્વામી ! ભવસાગરમાં ડૂબેલી મને પાર ઉતારો. (૪૪). હું આ સંસારના ચક્કરમાં સપડાઇ છું અને મને માયાની જાળ ખેંચે છે. ત્રિતાપનો દાવાનળ મને દઝાડે છે. હે પ્રતિપાળ ! તમે મારું રક્ષણ કરો. (૪૫). સંસાર સાગરમાં કામાદિ મગરો જેવા ભય સામે હું લાચાર થઇને હંમેશાં ડરૂં છું અને ક્ષણ ક્ષણ ચિંતામાં પસાર કરું છું. મને રાત દિવસ ચેન પડતું નથી-બેચેન રહું છું. (૪૬).

મારા પર દયા કરો અને મને આમાંથી છોડાવો જેથી હું સુખેથી તપ કરી શકું અને નિરંતર જપ કરી શકું. એ સિવાય મારા હૃદયમાં બીજી કોઇ ઇચ્છા નથી. (૪૭).

આ સાંભળીને શ્રીગુરુ હસીને બોલ્યા કે હે રત્ના ! સ્ત્રીઓ માટે પતિસેવા એ જ તપ છે અને એ જ પરમ જપ છે. પતિસેવા સિવાયનું બીજું બધું નકામું છે. (૪૮). પતિસેવા જ ગતિ આપનારી માની છે, એનાથી જ ઇશ્વર પ્રસન્ન થાય છે. એ જ મોક્ષનું પરમપદ અપાવનાર છે. પતિ એ જ કેવળ ત્રિમૂર્તિરૂપ ભગવાન છે. (૪૯). પતિવ્રતાપણાના અડગ પાલનથી આ ત્રણે લોકમાં કોઇ વસ્તુ દુર્લભ નથી અને પતિ વિના ત્રણે લોકમાં સ્ત્રીને બીજું કોઇ તારનાર નથી. (૫૦). તેથી હે બહેન ! મનને સારી રીતે સ્થિર કરીને અને પતિને પરમેશ્વર માનીને એની સેવા કર. તો તારી મુક્તિ થશે. ચારેય વેદો પણ એમ જ કહે છે. (૫૧). હે બહેન ! તું મનમાં દુઃખી ના થા. મેં જે કહ્યું એને તદ્દન સત્ય માનજે. સ્ત્રીને પતિ વગર તારનારો બીજો કોઇ નથી એ વાત સાચી છે અને તદ્દન સાચી છે.③ (૫૨).

ગુરુનાં આ વચનો સાંભળીને વિનમ્ર થઇને રત્ના બોલી કે હે ગુરુમૂર્તિ ! તું જ બ્રહ્મવિદ્ છે અને કલ્યાણકારી છે. હું તને વંદન કરું છું. (૫૩). તું ભૂતકાળ અને ભવિષ્યકાળ બંને જાણે છે. તો મારા ભાવિ વિષે મને કહે. મારી આગળ ઉપર શી દશા થશે એ પણ સવિસ્તર કહે. (૫૪).

શ્રીગુરુ બોલ્યા કે હે બહેન રત્ના ! તારાં ઘણાં પાપો એકઠાં થયેલાં છે. તારા હૃદયમાં મેલી વાસનાઓ છે એટલે તારે દુઃખો તો સહેવાં જ પડશે. (૫૫). ભોગવી લેવાથી જ પ્રારબ્ધનો ક્ષય થાય છે. એ વિના બીજો કોઇ ઉપાય જ નથી. આપણું કરેલું આપણે ભોગવ્યે જ છૂટકો. (૫૬). હે બહેન ! ગયા જન્મમાં તેં ગાયને લાત મારી હતી અને તેં કપટ આચરીને કોઇ પતિ પત્ની વચ્ચે ઝઘડો કરાવ્યો હતો. (૫૭). તેં આ બે મોટા દોષો કર્યા છે. એ કર્મનું ભયંકર પરિણામ તારે ભોગવવું પડશે. ગાયને લાત મારવાના દોષને પરિણામે તારા શરીર ઉપર વરવો (અપાક = અપવિત્ર) કોઢ નીકળશે. (૫૮). તેં પતિ-પત્નીને છૂટા પાડીને પાડોશીનું ઘર ભાંગ્યું હતું. એ દોષને લીધે તારા પતિ તારા ઉપર નારાજ થશે. (૫૯). એ સંન્યાસી થઇને તરત જ તારો ત્યાગ કરશે. પૂર્વજન્મના દોષનું આ ફળ છે. એમાં કોઇનું કાંઇ ચાલતું જ નથી. (૬૦).

શ્રીગુરુના વચન સાંભળીને બહેન રત્ના ખૂબ જ ઉદાસ થઇ ગઇ. શ્રીગુરુના ચરણોમાં આળોટતાં આળોટતાં કહેવા લાગી કે હે ગુરુવર ! મને રાંકને ઉગારી લો. (૬૧). શ્રીગુરુએ કહ્યું કે થોડા દિવસ સ્વસ્થ શરીરથી સુખ ભોગવી લે. જા ! તારો પતિ વૃદ્ધાવસ્થામાં સંન્યસ્ત લેશે અને ઘર સાથે તારો પણ ત્યાગ કરશે. (૬૨). તને આખા શરીરે કોઢ વ્યાપી જશે અને તને અતિશય દુઃખ થશે. પાપનું એ પરિણામ ભોગવ્યા પછી તારી સદ્‌ગતિ થાશે. (૬૩). તારા શરીરે કોઢ નીકળતાં તને મારું દર્શન થશે. હે બહેન ! તું હવે ચિંતા કરીશ નહિ. પ્રારબ્ધની ગતિ ખૂબ ગહન છે.④ (૬૪). દક્ષિણ દેશમાં અને અમરજાના સંગમે પવિત્ર અને પુણ્ય દેનારું **પાપવિનાશી** નામનું જુનું તીર્થ છે. (૬૫). આ પૃથ્વી પર પ્રસિદ્ધ એવું ગાણગાપુર નામનું ક્ષેત્ર છે. કોઢ નીકળે એટલે તું ત્યાં જજે. હે બહેન ! એથી તું પાવન થઇશ. (૬૬). તને ત્યાં મારું દર્શન થશે એટલે તું મનથી નિશ્ચિંત થઇ જા. આવું કહીને શ્રીગુરુ પ્રસન્નતાપૂર્વક શિષ્યો સાથે ચાલી નીકળ્યા. (૬૭).

દેશના દક્ષિણ ભાગમાં ત્ર્યંબકક્ષેત્રમાં આવ્યા. જ્યાંથી પુરાણમાં વર્ણવેલી ધન્ય એવી ગૌતમી ગંગા વહે

છે. (૬૮). ત્યાંથી યતિવરશ્રી નાસિકક્ષેત્રમાં આવ્યા. માનવવેષમાં ત્રિમૂર્તિરૂપ શ્રીગુરુ શિષ્યોના સંઘ સાથે ફરે છે. (૬૯). બધા પુરાણોમાં આ તીર્થનો અપાર મહિમા વર્ણવ્યો છે. એની કથા વિસ્તારવા જઇએ તો ગણી શકાય નહીં એટલા ગ્રંથો ભરાય એમ છે. તેથી હું સારરૂપે હે શિષ્ય ! કહું છું તે સાંભળ. (૭૦). આ ગોદાવરી ગંગાનો અપાર મહિમા છે અને લોકો માટે દુર્લભ છે એવું તું માન (ધાર). (૭૧).

જેના બન્ને કિનારે અસંખ્ય તીર્થો આવેલા છે એવી વૃદ્ધ અને પ્રાચીન ગંગાને અહીં લાવવા માટે ઘણા ઋષિઓ એકઠા થઇને જાતજાતના ઉપાયો વિચારવા લાગ્યા. (૭૨). ભગવાન શંકરની જટામાં થઇને આનંદ મસ્તીથી ફર્યા કરતી અને ત્રિભુવનમાં દુર્લભ એવી ગંગાને લાવવામાં આવી તેમાં ગૌતમ ઋષિનો હસ્ત નિમિત્ત થયો (લાવ્યા). (૭૩).

ગૌતમ નામે એક પ્રાચીન, વૃદ્ધ અને તપસ્વી બ્રહ્મર્ષિ રહેતા હતા. એ રોજ રોજ નવી ડાંગર વાવીને તપ કરવા બેસતા. (૭૪). એમનું નિત્યકર્મ પૂરું થતાં ડાંગર તૈયાર થઇ જતી. ખરેખર ! આ મંત્રનું માહાત્મ્ય જ હતું. એ જાણીને મુનિવર એનું ફળ સ્વીકારતા. (૭૫). એક દિવસ એકઠા થઇને બધા ઋષિમુનિઓ વિચારવા લાગ્યા કે બધાના આધારરૂપ આ ગૌતમ એ શિવનો અઠંગ ભકત છે. એને ધન્ય છે. (૭૬). જો એના ઉપર આપણે પ્રયત્નપૂર્વક ભયંકર સંકટ લાવીએ તો એ ભગવાન શંકરને પ્રસન્ન કરીને જરૂરથી ગંગા લાવશે. (૭૭). આને કારણે આપણને વિના પ્રયત્ને, કાયમને માટે ગંગાસ્નાનું અવનવું ફળ મળશે. માટે આપણે બધા કોઇ પ્રયત્ન વિચારો જેથી ભગવાન શંકર પ્રસન્ન થાય. (૭૮).

આવું વિચારીને એક સુંદર એવી માયાવી ગાય રચી અને એને બધાએ ગૌતમની ડાંગર ખાવા માટે પ્રેરી. (૭૯). જ્યારે મુનિ અનુષ્ઠાનમાં રચ્યા પચ્યા હતા ત્યારે એ ગાય ડાંગર ખાઇ જવા લાગી. એ જોઇને એને ખાતી રોકવા માટે એમણે હાથથી દર્ભ ફેંક્યો. (૮૦). આ દર્ભ કાતિલ હથિયાર બનીને ગાયના શરીરને તરત જ વજ્રધારની માફક અચૂકપણે લાગ્યો અને ગાયે શરીરનો ત્યાગ કર્યો. (૮૧). ગોહત્યાનું ભયંકર પાપ થયું. ગૌતમે બે હાથ જોડ્યા એટલે બધા ઋષિઓએ અંદરોઅંદર ચર્ચા-વિચારણા કરીને પ્રાયશ્ચિત્ત જણાવતાં કહ્યું કે હે ગૌતમ ઋષિ ! આ ધરતી પર ગંગાને લાવવાથી જ તું શુદ્ધ થઇ શકીશ. આ વિના બીજો કોઇ ઉપાય જ નથી. તું અગમ્ય એવા પાર્વતી સહિતના શંકરને પ્રસન્ન કર. (૮૨-૮૩). આ વાત ગૌતમે સ્વીકારી એટલે બધા ઋષિઓને આનંદ થયો. તાપ અને કષ્ટ સહીને એણે એક હજાર વર્ષ તપ કર્યું. (૮૪). એમનું આવું ઉગ્ર તપ જોઇને ભગવાન મહાદેવ પ્રસન્ન થયા અને બોલ્યા કે હે મુનિશ્રેષ્ઠ ! તું ખિન્ન ન થા. તને જે જોઇએ તે વરદાન માગી લે. (૮૫). ગૌતમ ઋષિ બોલ્યા કે હે નાથ ! જો તમે મારા પર પ્રસન્ન થયા જ હો તો મારા પર કૃપા કરો અને ગંગાને ધરતી ઉપર મોકલો જેથી આ લોકના બધા (લોકો) ઉપર કૃપા થશે. (૮૬). હે ગણેશતાત ! તમે ગંગાને આપો તો પ્રભુ ! લોકોનો ઉદ્ધાર થશે. આ સાંભળીને પાર્વતીપતિએ ગંગા આપી.[૫] (૮૭). પાપોને ધોતી ધોતી એ પૃથ્વી ઉપર આવી. એનું નામ ગોદા-ગૌતમી પડ્યું. એ બધા તાપને શાન્ત કરનારી છે. (૮૮). જેવી ભાગીરથી ગંગા છે એવી જ પુણ્યશાળી આ ગૌતમી ગંગા પણ છે. એના મહિમાનું વર્ણન કોણ કરી શકે એમ છે? અહીં શ્રીગુરુવર આવ્યા. ધન્ય છે એને. (૮૯). યોગનિષ્ઠ અને ઉર્ધ્વરેતસ (બ્રહ્મચારી)ને જે ગતિ પ્રાપ્ત થાય છે તે જ ગતિ ગૌતમીના તટ પર વસનારને મળે છે એ

તું જાણ. (૯૦). બ્રહ્મચારી મુનિઓ કરોડ વર્ષ તપ કરીને જે ફળ મેળવે છે તે જ ફળ અહીં સ્નાન કરીને લોકો મેળવે છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૯૧). આને લીધે જ ગૌતમી તટની યાત્રાનિમિત્તે લોકોનું ભલુ કરવા કુશળ કલાકારની જેમ આ શરીર ધરીને શ્રીગુરુ ગૌતમી તટ ઉપરની યાત્રા કરે છે. (૯૨).

ફરતા ફરતા જ્યાં માધવારણ્ય નામે એક મુનિ રહેતા હતાં ત્યાં મંજરીકમાં શ્રીગુરુ આનંદભેર આવ્યા. અને એ ઉત્તમ વેષધારી મુનિને ભેટ્યા. (૯૩). આ મુનિ નરસિંહ (ભગવાનના) અર્ચનમાં રત રહેતો હતો અને માનસપૂજનનો પ્રેમ ધરાવતો હતો. શ્રીગુરુને ધ્યાનમાં જોતાં જ એ ભક્ત મનમાં ખૂબ જ પ્રસન્ન થયો. (૯૪). માનસધ્યાનમાં જે મૂર્તિનું પૂજન કર્યું હતું તે જ પરમગુરુને (પોતાની) આંખે બહાર ઊભેલા જોઇને ખૂબ જ આશ્ચર્ય થયું અને ખૂબ જ ભક્તિભાવથી અનાયાસ સહજતાથી સ્તવન કર્યું. (૯૫). ધ્યાનમાં જે છબીને જોઇ હતી તે જ મનોહર રૂપને બહાર ઊભેલું જોઇને ભક્તે વંદન કર્યા અને એ સત્‌રૂપ શ્રીગુરુનું સ્તોત્ર રચ્યું. (૯૬).

હે પ્રભુ ! જ્યાં હંમેશાં લક્ષ્મી વસે છે તેવા આપના દિવ્ય અને સુંદર ચરણકમળનાં દર્શન કરીને હું ધન્ય થઇ ગયો. હે પ્રભુ ! પ્રેમપૂર્વક મારા ઉપર દયા કરો. (૯૭). આવું બોલીને મુનિશ્રેષ્ઠ માધવારણ્યે વંદન કર્યા એટલે પ્રસન્ન થયેલા શ્રીગુરુ બોલ્યા કે હે મુનિ ! ધન્ય છે તને ! તું ધન્ય છે. (૯૮). તારી સેવાભક્તિ દ્વારા તારો સંસારનો કૂવો સૂકવી દીધો છે. તારા સ્થિર ચિત્તમાં મારા દિવ્યરૂપના દર્શન કરજે. (૯૯). આવું બોલીને પોતાના રમ્ય અને સર્વશ્રેષ્ઠ એવા રૂપનાં આનંદથી શ્રીગુરુએ દર્શન કરાવ્યાં. એ દર્શનથી એને ખૂબ આનંદ થયો. (૧૦૦). શ્રીગુરુના એ સ્વરૂપનું દર્શન કરતાં મુનિને ખૂબ જ સંતોષ થયો. આનંદપૂર્વક સ્તોત્ર રચીને વિનયનમ્ર બનીને સ્તુતિ કરવા લાગ્યા. (૧૦૧).

હે પ્રભુ ! હે જગદ્‌ગુરુ ! તમારો જય હો- તમારો જય હો. માવનદેહ ધરીને હે લીલા કરનારા ! તમારો જય હો ! તું સાચે જ ત્રિમૂર્તિનો અવતાર છે અને પરમજ્યોતિનું તું સગુણ સ્વરૂપ છે. (૧૦૨). આખા વિશ્વમાં તું જ એક તારનાર છે. તેં આ ઉત્તમ (ધન્ય) અવતાર ધારણ કર્યો છે. હે પ્રભો ! આપે દર્શન આપીને દુ:ખ ઉપર કુહાડો મારીને અમને કૃતાર્થ કર્યા છે. (૧૦૩). લૌકિક દષ્ટિથી આ માણસનું શરીર ભલે જણાતું હોય પણ ખરેખર તો તમે પરમ પુરુષ છો. હે પ્રભુ ! અમારા અપરાધ માફ કરો. તું અમારા પર રોષે ભરાઇશ નહિ. (૧૦૪).

આ રીતે આનંદથી સ્તવન કરતો હતો. એના ચિત્તમાં તો આનંદનો પાર ન હતો. એને આશ્વાસન આપતાં શ્રીગુરુએ કહ્યું કે હે મુનિ ! તને ધન્ય છે. (૧૦૫). હે ખાનદાન કુળમાં જન્મ ધરનાર માધવ ! તને ધન્ય છે. તેં મંત્રસિદ્ધિ તો મેળવી જ છે પરંતુ અંતે સદ્‌ગતિ પામીને અજાત બ્રહ્મને પામીશ. (૧૦૬). તેં નૃસિંહમૂર્તિરૂપે હંમેશાં મારું જ પૂજન કર્યું હતું તે પુણ્યના પ્રતાપે તને આ પ્રત્યક્ષ દર્શન થયું છે. (૧૦૭).

આવું બોલીને શ્રીગુરુવર ગૌતમ- ગંગાના કિનારે ગયા. શિષ્યો પણ સાથે સાથે જ ફરતા હતા અને સ્નેહથી સેવા કરતા હતા. (૧૦૮). પાપ અને પુણ્યથી પર એવા શ્રીગુરુ સ્નાન કરવાના બહાને વાસરબ્રહ્મેશ્વર નામના પરમ પવિત્ર ક્ષેત્રમાં આવ્યા. (૧૦૯). ત્યાં નદી કિનારે પેટની કારમી પીડાથી મરવા જેવા થયેલા સારા કુળના એક બ્રાહ્મણને લાચાર સ્થિતિમાં જોયો. એ ધૂળમાં આળોટતો હતો. (૧૧૦). પેટના શૂળની એની પીડા એવી તો અસહ્ય હતી કે એ દુ:ખી બ્રાહ્મણ કંટાળીને પ્રાણત્યાગ કરવાને પ્રવૃત્ત થયો. (૧૧૧). આ બ્રાહ્મણને

જમતાવેંત જ પેટમાં અસહ્ય દુ:ખાવો થતો હતો અને મરણતુલ્ય ખૂબ પીડાકારક શૂળ રોજ જ પેટમાં ઊપડતી. (૧૧૨). પેટની આ શૂળના પરિણામે એ કાયમ પીડા અનુભવતો હતો. એને લીધે એ બ્રાહ્મણે હંમેશ માટે ખાવાનું છોડી દીધું અને દુ:ખથી જીવન ગુજારતો હતો. (૧૧૩). હે ભગવાન (હરે) ! અન્ન જ દુશ્મન થઇને બેઠું. પંદર દિવસે કે મહિને એક જ વાર જમે તો પણ ખાધેલું પચે નહિ અને પ્રાણ આકુળ-વ્યાકુળ થવા લાગે. (૧૧૪). એવી પીડા ઊપડે કે એમ જ થાય કે હમણાં ક્ષણવારમાં જ જીવ જતો રહેશે. આવી પીડા એ બિચારો કેટલાયે દિવસથી ભોગવતો હતો. (૧૧૫).

આગલે દિવસે રામનવમીનો ઉત્સવ હતો એટલે એક મહિના પછી એ બ્રાહ્મણે ભોજન લીધું. ભોજન કરતાંની વારમાં જ શરીરમાં ભયંકર પીડા ઊપડી. (૧૧૬). પ્રેમથી મિષ્ટાન્ન તો જમ્યો પણ ભયંકર શૂળનું દર્દ ઊપડ્યું. પેટમાં અતિશય પીડા થવા લાગી અને પ્રાણ પણ આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. (૧૧૭). ગૌતમી-ગંગાના કિનારે આળોટતો જાય અને દુ:ખથી ચીસો પાડતો જાય. પછી ક્રોધે ભરાઇને રડતાં રડતાં પ્રાણ ત્યાગ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. (૧૧૮). અતિશય દુ:ખ કરતાં કરતાં એ બોલવા લાગ્યો કે બસ ! આ અસાર અને દુ:ખમય સંસારથી હવે હું થાકી ગયો છું. હે પાપીકાળ ! તું મને મારી નાંખ. (૧૧૯). પાપસ્વરૂપ એવા મને ધિક્કાર છે. હું અન્નનો એક કોળિયો પણ પચાવી શકતો નથી. શરીરને પોષનાર પ્રાણરૂપ અન્ન જ દુશ્મન થઇને મને ત્રાસ આપી રહ્યું છે ! (૧૨૦). અન્ન એ જ પ્રાણીમાત્રનું જીવન ટકાવે છે. એના વિના કોણ જીવી શકે? કમનસીબે એ જ વેરી થતાં હવે મરણ વિના બીજા કોનું શરણ લેવું? (૧૨૧). આવો નિશ્ચય કરીને ગળામાં મજબૂત શિલા બાંધી અને છૂટા વાળ રાખી હાંફતાં હાંફતાં ગૌતમીના જળમાં ડૂબી મરવા દોડ્યો. (૧૨૨).

ઇશ્વરને યાદ કરીને બોલ્યો કે અરેરે ! આ પૃથ્વી ઉપર હું ભારરૂપ નીવડ્યો. મેં કોઇનું ભલું કર્યું નથી અને આ માનવ શરીર ધરીને કીડા જેવું જીવન શીદને જીવ્યો? (૧૨૩). ગયા જન્મે કે આ જન્મે મેં ક્યારે પણ અન્નદાન નહિ કર્યું હોય પછી મને અન્નદાનનું પુણ્યફળ ક્યાંથી મળે? એટલે જ જન્મથી આ દુ:ખ સહન કર્યું છે. (૧૨૪). બ્રાહ્મણનાં મોંમાંથી કોળિયો ઝૂંટવ્યો હશે કે ગાયનાં મોંમાંથી કોળિયો ઝૂંટવી લીધો હશે અથવા કોઇનો વિશ્વાસઘાત કર્યો હશે તેથી હું આ ત્રાસ ભોગવું છું. (૧૨૫). કદાચ મેં ભગવાનને નહિ પૂજ્યા હોય અથવા સદ્દગુરુ અને સંતની નિંદા કરી હશે. અથવા વડીલની અવગણના કરી હશે તેથી જ અરેરે ! હું આવો દુ:ખી દુ:ખી થાઉં છું. (૧૨૬). પાછલા જન્મમાં આંગણે આવેલા અતિથિને ધિક્કાર્યા હશે- તિરસ્કાર કર્યો હશે અથવા અતિથિની સેવા નહિ કરી હોય તેથી આ અપાર દુ:ખ ભોગવવાનું આવ્યું હશે. (૧૨૭). કોઇ પતિ-પત્નીને લડાવી માર્યાં હશે અથવા જંગલ સળગાવી માર્યું હશે અથવા પિતાને તરછોડ્યા હશે એટલે જ આ પેટની કારમી બળતરા મને પીડા આપે છે. (૧૨૮). માતા-પિતાને તરછોડીને પત્ની સાથે સુખેથી રહ્યો હોઇશ એટલે એ ભોગને લીધે ચોક્કસ આ કારમો રોગ થયો છે.⑤ (૧૨૯). પૂર્વજન્મની કમાણી આવી જણાય છે અને તેથી કષ્ટ અનુભવું છું. પોતાનાં કુકર્મોને યાદ કરીને કહેવા લાગ્યો કે જ્યાં પ્રારબ્ધ જ રૂઠ્યું હોય ત્યાં કોણ કરુણા લાવે? આમ બોલીને ગૌતમી નદી તરફ દોડ્યો. કિનારે બેઠેલા શ્રીગુરુએ આ જોઇને શિષ્યોને કહ્યું કે હે શિષ્યો ! દોડો, જલદીથી દોડો. ત્યાં જઇને પેલાને તરત જ રોકો. આત્મહત્યાનું પાપ નિવારવું તો ખૂબ અઘરું છે. આ કોણ મૃત્યુને આમંત્રણ આપી રહ્યો છે? (૧૩૦-૧૩૨). એને

અહીંયાં લઇ આવો એટલે એને પૂછું તો ખરો કે કેમ પ્રાણત્યાગ કરી રહ્યો છે? શ્રીગુરુની આજ્ઞા થતાંની વારમાં જ શિષ્યો ઝપાટાભેર દોડ્યા. (૧૩૩). પાણીના પ્રવાહમાં જઇને એને બહાર ખેંચી કાઢ્યો અને તરત જ એ બ્રાહ્મણનો હાથ પકડીને એને શ્રીગુરુ પાસે લઇ આવ્યા. (૧૩૪). અનાથ માટે કલ્પવૃક્ષરૂપ અને દુ:ખિયારાનાં મા-બાપ, ભક્તજનોના સાક્ષાત્ શંકર સ્વરૂપ એવા સદ્‌ગુરુ પ્રભુ એને શાંતિથી પૂછવા લાગ્યા. (૧૩૫).

હે બ્રાહ્મણ ! તું જાણી જોઇને કેમ શરીરનો અંત લાવી રહ્યો છે? શાસ્ત્રોએ અને સંતોએ આત્મહત્યાને દોષવાળી કહી છે. (૧૩૬).

બ્રાહ્મણ બોલ્યો કે યતિવર ! આ નાહકનું પૂછવાનો શો અર્થ છે? આ પૃથ્વી ઉપર બોજારૂપ એવા મને ધિક્કાર છે. હું નાહકનો શું કામ જીવું? (૧૩૭). પંદર દિવસે કે મહિનાને અંતે પણ એક વાર હું અન્ન લઉં તો પણ જમતાવેંત જ પેટમાં ગોળો ચઢી જાય અને હે ગુરુવર ! મને અસહ્ય હેરાનગતિ થાય છે. (૧૩૮). આ દુ:ખ હવે સહન થતું નથી. એટલે હવે પ્રાણત્યાગ કરું છું. આ દેહ અન્નથી પોષાય છે અને એ જ અન્ન દુશ્મન થઇ બેઠું છે. (૧૩૯). હે ગુરુનાથ ! અન્ન વગર તો શરીર કેવી રીતે ટકે? આ ત્રાસે જ હવે મરજીથી આ પ્રાણનો ત્યાગ કરવો છે. મને સુખેથી પાણીમાં ડૂબી મરવા દો. (૧૪૦).

શ્રીગુરુએ કહ્યું કે જા ! તારો રોગ મૂળમાંથી જ ગયો એમ માન. હે ભાઇ ! તું અહીં એક ક્ષણ બેસ અને રાહ જો. હું તને ઔષધિ કહું છું. (૧૪૧). તું હવે ગભરાઇશ નહિ અને મનમાં તલમાત્ર શંકા લાવીશ નહિ. તું મનથી નક્કી કરી લે કે તારો રોગ જતો રહ્યો છે. તું આવું વિચારશે એટલી વારમાં જ તારું શરીર નીરોગી થઇ જશે. (૧૪૨). જા ! હવેથી તું રોજ જ તને જે ભાવે તે મનગમતું સ્વાદિષ્ટ ભોજન કર. તને હવે જરા પણ પીડા નહિ થાય. તું મારામાં વિશ્વાસ રાખજે. (૧૪૩).

શ્રીગુરુનાં વચન સાંભળીને શાંત અને સ્વસ્થ મનવાળા બ્રાહ્મણે વંદન કર્યાં અને ચરણમાં મસ્તક મૂકીને દંડવત્ પ્રણામ કર્યા. (૧૪૪). એ જ વખતે એ ગામનો એક અધિકારી એવો સુજ્ઞ બ્રાહ્મણ ભક્ત ત્યાં ગંગાસ્નાન માટે આવી પહોંચ્યો. (૧૪૫). સદ્‌ગુરુને જોતાં જ એણે ભક્તિભાવથી સદ્‌ગુરુચરણે તન, મન, વચન અર્પીને વિનમ્ર બનીને વંદન કર્યાં. (૧૪૬). એને આશ્વાસન આપીને શ્રીગુરુએ પૂછ્યું કે હે વિપ્ર ! તું ક્યાં રહે છે? તારું નામ શું અને તું કયા ગામનો છે તે કહે. મારે આ પૂછવાનું ખાસ કારણ છે. (૧૪૭).

બ્રાહ્મણે કહ્યું કે હે ગુરુ ! મારું નામ સાયંદેવ છે. મારું ગોત્ર કૌણ્ડિણ્ય છે અને કાંચીપુરી ગામમાં મારું સુંદર નિવાસસ્થાન છે. (૧૪૮). હું આપસ્તંબ શાખાનો બ્રાહ્મણ છું અને પેટ ભરવા માટે, માન-અપમાન છોડીને અહીં પરદેશ વસું છું. (૧૪૯). આ ગામમાં યવનરાજાની સેવા કરતાં એક વર્ષ થયું છે. આજે મારા ધનભાગ કે પૂરણકામ એવા આપનાં દર્શન થયાં. (૧૫૦). આ દાસને દર્શન આપી આપે આ રાંકને આજે કૃતાર્થ કર્યો. આજે હું ધન્યાતિધન્ય થઇ ગયો છું. મારા જીવનમાં આજે સોનાનો સૂરજ ઊગ્યો છે. (૧૫૧). તું ખરેખર વિશ્વનો ઉદ્ધારક છે. આપનાં પુણ્ય દર્શનનો મને લાભ મળ્યો. મારાં જન્મોજન્મનાં પાપો ટળી ગયાં અને હું પાવન થઇ ગયો છું. (૧૫૨). આપની કૃપા થતાં જ માણસ સુખેથી સંસાર તરી જાય છે અને એની બધી ચિંતા અને બધાં દુ:ખ ટળી જાય છે. હે તારણહાર પ્રભુ ! આપનો જય હો ! જય હો ! (૧૫૩). માનવી કેટલાયે જન્મો સુધી તપ કર્યા કરે ત્યારે

જે ચરણકમળનાં સ્વપ્નમાં દર્શન થાય છે તે ચરણનાં દર્શન મને આજે અનાયાસ થયાં છે. (૧૫૪). ગંગાજી પાપ હરે છે, ચંદ્રમા તાપ હરે છે અને કલ્પતરુ દૈન્ય હરે છે. પરંતુ સદ્‌ગુરુનાં દર્શન તો ક્ષણમાત્રમાં પાપ, તાપ અને દૈન્ય ત્રણે હરી લે છે. (૧૫૫). સ્નાન કરવાથી ગંગા પાપ હરી લે છે. રાત્રે ચંદ્રમા તાપ હરી લે છે. પરંતુ તારું દર્શન એવું નથી. એ તો પલમાત્રમાં બધું પાપ, તાપ અને દૈન્ય હરી લે છે અને એ ચારે પુરુષાર્થને આપનારું છે. હે મહાદેવ ! તારાં ચરણ તો પાવનકારી છે. (૧૫૭). આમ બોલીને વંદન કર્યાં અને શ્રીગુરુનાં ચરણકમળ પકડ્યાં એટલે ભવભય હરનાર શ્રીગુરુએ એને આશ્વાસન આપતા બોલ કહીને બેસાડ્યો અને કહ્યું કે તું મારું કહેવું સાંભળ. પેટના શૂળથી દુ:ખી એવો આ બ્રાહ્મણ જઠરના રોગથી ભૂખને કારણે એકદમ મરવા તૈયાર થઇ ગયો છે. હું તને એ રોગને શાંત કરે એવી દિવ્ય ઔષધિ કહું છું. તું એને તારા ઘરે લઇ જઇને પકવાનનું ભોજન કરાવ. (૧૫૮-૧૬૦). મિષ્ટાન્નના ભોજનથી એની પીડા સમૂળી જતી રહેશે. તું એને જલદીથી તારા ઘરે લઇ જા (અને જમાડ.) એનાથી એનો સમૂળગો રોગ જતો રહેશે. (૧૬૧). ભૂખથી ટળવળતા આ રાંક બ્રાહ્મણને હે વિપ્ર ! તું વખત ગુમાવ્યા વિના તારા ઘરે લઇ જા. શ્રીગુરુનું આવું કહેવું સાંભળીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને સાયંદેવ વિનમ્ર બનીને બોલ્યો કે હે ગુરુ ! આ બ્રાહ્મણ મિષ્ટાન્ન ભોજન કરતાની વારમાં જ મૃત્યુ પામશે. એમ થવામાં વાર નહિ લાગે. (૧૬૨-૧૬૩).

એક મહિના પછી ગઇકાલે એ મિષ્ટાન્ન, વડાં અને દહીંથરાં જમ્યો તેથી વ્યાકુળ થઇને એ પ્રાણત્યાગ કરવાનું યોગ્ય માને છે. (૧૬૪). એને જમાડવાથી મને બ્રહ્મહત્યાનું પાપ લાગશે. આમ છતાં હે ગુરુજી ! આપની આજ્ઞાને પ્રમાણ માનીને એને માથે ચઢાઉં છું. (૧૬૫).

શ્રીગુરુએ કહ્યું કે હું તને ઔષધિ બતાવું છું. તું એને એ જ દૂધપાક, વડાં, દહીંથરાં, પૂરી અને એને ભાવતું શાક જમાડ. એનાથી સાચે જ એનો રોગ મૂળમાંથી નાશ પામશે. તું એને જલદીથી તારા ઘરે લઇ જા અને એને પકવાન જમાડ. (૧૬૬-૧૬૭).

એ આજ્ઞા શિરોમાન્ય કરીને બ્રાહ્મણે વિનંતી કરતાં કહ્યું કે હે સ્વામી ! આપ પણ શિષ્યો સાથે મારા ઘરે આવો. (૧૬૮). હે પ્રભુ ! ભિક્ષાર્થે પધારીને મારું ઘર પાવન કરો. શ્રીગુરુએ સંમતિસૂચક ૐનો ઉચ્ચાર કર્યો એટલે બ્રાહ્મણ રાજી રાજી થઇ ગયો.[૮] (૧૬૯). બ્રાહ્મણ સાથે પેલો રોગી અને પછી બધા શિષ્યોને સાથે લઇને શ્રીગુરુ ભિક્ષા કરવા માટે સાયંદેવના ઘરે ગયા. (૧૭૦).

શ્રીગુરુ શિષ્યોની સાથે પોતાના ઘરે પધાર્યા એ જોઇને એ બ્રાહ્મણની પતિવ્રતા સ્ત્રીને હૃદયમાં અનહદ આનંદ થયો. (૧૭૧). ઘરમાં આનંદ આનંદ થઇ ગયો. પતિ-પત્ની બંનેએ હોંશથી શ્રીગુરુની ષોડશોપચારથી પૂજા કરી. (૧૭૨). સૌ પ્રથમ શ્રીગુરુનું પૂજન કર્યું અને પછી બીજા બધાનું પૂજન કર્યું. હું તને શ્રીગુરુપૂજાનું સુંદર અને ગહન વિધાન કહું છું તે તું સાંભળ. (૧૭૩).

રંગોળી પૂરીને જુદાં જુદાં મંડળો તૈયાર કર્યાં. આઠ સરસ પાંદડી (દળ) વાળાં કંઇ કેટલાંયે પાંચ રંગોવાળાં કમળો રચ્યાં. (૧૭૪). અવનવાં ચિત્રો (સાથિયા) દોરીને સ્થાનને સુશોભિત કર્યું અને બેસવા માટે વિધિપૂર્વક બાજઠ ગોઠવ્યા. (૧૭૫). પ્રેમપૂર્વક સંકલ્પ મૂકીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને વિનમ્રભાવે ફરી ફરીને નમન કર્યું અને ભાવપૂર્વક વંદન કર્યું. (૧૭૬). સુંદર આસન ઉપર સૌ પ્રથમ શ્રીગુરુને બેસાડયા. પછી બીજાને

બેસાડ્યા અને પછી એ બ્રાહ્મણે યોગ્ય ક્રમમાં દરેકનું વ્યક્તિગત રીતે- અલગ અલગ- પૂજન કર્યું. એ બ્રાહ્મણને ધન્ય છે. (૧૭૭). પગ ધોઇને, અર્ઘ્ય આપીને, ગંધથી ચાંલ્લો કરી, એના પર ચોખા લગાવીને પંચામૃતથી રુદ્રસૂક્ત દ્વારા અભિષેક કર્યો. (૧૭૮). પુષ્પનાં વસ્ત્ર દ્વારા અને ઉત્તમ પ્રકારનાં વંદન દ્વારા બ્રાહ્મણે સદ્ગુરુનું પૂજન કર્યું. બીજા પાત્રમાં તરત જ તીર્થરૂપ ચરણ પધરાવીને પૂજા કરી. (૧૭૯). પછી પ્રેમપૂર્વક આરતી ઉતારીને વેદમંત્રનો ઘોષ કર્યો. ગીત અને વાદ્યથી ગાન કર્યું. આનાથી સદ્ગુરુને ખૂબ સંતોષ થયો. (૧૮૦). ત્યાર બાદ અન્ય સંન્યાસીઓનું શ્રદ્ધા ભક્તિથી પૂજન કર્યું અને મંત્ર સહિત પુષ્પાજંલિ કરી. પછી સ્તોત્ર દ્વારા વંદન કર્યાં. (૧૮૧). પતિ અને પત્ની બંનેએ શ્રીગુરુની અર્ચા કરી. એમણે એમના ચરણમાં શિષ નમાવ્યું. એમનાં હૈયામાં અનહદ આનંદ ઊભરાતો હતો. (૧૮૨). આ રીતે સાયંદેવે શ્રીગુરુનું પૂજન કર્યું અને પછી ભાવપૂર્વક અન્યનું પૂજન કર્યું અને ખંતથી સેવા કરી. (૧૮૩).

ગુરુને ખૂબ સંતોષ થયો. બ્રાહ્મણને શ્રેષ્ઠ વરદાન આપતાં કહ્યું કે તારા વંશમાં સંતતિની વૃદ્ધિ થશે અને એમનામાં મારી ભક્તિ પણ રહેશે. તારાં કુળમાં કાયમ માટે અખંડપણે ગુરુભક્તિ રહેશે. તું ગુરુનો મહિમા સમજી ગયો છે એટલે આ સંસારનું બંડ તને હેરાન પરેશાન નહિ કરે. તારાં ગોત્રની ખૂબ વૃદ્ધિ થશે. તારા પુત્ર, પૌત્ર પણ સદ્ગુણી થશે. એઓ પણ હંમેશાં ગુરુભક્તિમાં રચ્યાપચ્યા રહેશે અને કીર્તિવાળા અને પુણ્યશાળી થશે. (૧૮૪-૧૮૬). એને આનંદથી શાંતિના બે બોલ (આશ્વાસન) કહ્યા અને તરત જ એનું દૈન્ય હરી લીધું. શ્રીગુરુનાં ચરણમાં માથું મૂકીને સાયંદેવે પ્રણામ કર્યા. (૧૮૭).

ત્યાર બાદ વિધિપૂર્વક મંડલપૂજા કરી અને ભોજન પાત્ર મૂકીને દૂધની વાનગી અને પકવાન પીરસ્યાં. (૧૮૮). બ્રાહ્મણે વિવેકપૂર્વક ભક્ષ્ય, ભોજ્ય, અનેક પ્રકારનાં શાકો અને ચટણી-કચૂંબર વગેરે યોગ્ય સ્થાને પીરસ્યાં.© (૧૮૯). બધાને ખૂબ આગ્રહ કરીને આદરપૂર્વક જમાડ્યા. ગુરુની કૃપા દૃષ્ટિ થતાં જ શૂળથી પીડાતો બ્રાહ્મણ નીરોગી થયો. (૧૯૦). ખૂબ દિવસનો ભૂખ્યો હોવાથી એણે પેટ ભરીને મિષ્ટાન્ન ખાધું. એની પીડાનું શમન થયું અને રોગનું નામોનિશાન મટી ગયું. (૧૯૧).

જેમ ચિંતામણિ અડવાથી લોખંડનું સોનું થઇ જાય તેમ સદ્ગુરુની કૃપા થતાં રોગી બ્રાહ્મણ નીરોગી થયો. (૧૯૨). જેમ સૂર્યોદય થતાંની વારમાં જ ગાઢ અંધકાર દૂર થાય છે તેમ ગુરુકૃપા થતાં જ ગરીબાઇ રાડ પાડીને નાસી જાય છે. (૧૯૩). આમ શ્રીગુરુએ શિષ્યો સહિત ભોજન કર્યું એનાથી એ બ્રાહ્મણને બહુ આનંદ થયો અને બધા લોકો આશ્ચર્યચકિત થયા. (૧૯૪). આ કેવું આશ્ચર્યકારક કહેવાય ! જે અન્ન દુશ્મન હતું તે જ અન્ન દોસ્ત થઇ ગયું અને એ અન્ન જ રામબાણ ઔષધ બની ગયું અને એનાથી આ વિચિત્ર રોગ જતો રહ્યો !! (૧૯૫).

હે નિરંજન ! હું તને શું કહું? શ્રીગુરુ કૃપાનો તાગ પામી શકાતો નથી. એ કૃપાથી અદમ્ય એવા દોષો પણ ટળી જાય તો પછી આવા રોગની તો શી વિસાત? (૧૯૬). શ્રીસદ્ગુરુની કૃપા થતાં જ જન્મોજન્મના પાપો પળવારમાં ટળી જાય છે અને પાપી પણ પાવન થઇ જાય છે. (૧૯૭). શ્રીગુરુનું આ ચરિત્ર કામધેનુ સમાન છે જે તાપ અને દૈન્ય હરી લે છે અને મોક્ષપદ આપે છે. (૧૯૮). ભક્તિભાવથી નમ્ર બનીને જે કોઇ આ કથાનો પાઠ કરે કે શ્રવણ કરે છે તેના ઘરમાં રોગની ભીતિ રહેતી નથી અને દુશ્મન પણ દોસ્ત થઇ જશે. (૧૯૯). હે નિરંજન ! એને

અખંડ સુખની પ્રાપ્તિ થશે. તું મનમાં શંકા કર્યા વગર આ વાત માન. હે **રંગ** ! રાય હોય કે રંક હોય પરંતુ સદ્‌ગુરુ વિના કોઇ બીજો તારનાર નથી. (૨૦૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વિપ્રશૂલ હરણ'** નામનો **અડસઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૬૮

(૧) દોહરા ૧ થી ૧૨ એક સરસ સિદ્ધાંત સ્પષ્ટ કરી જાય છે. શ્રી સદ્‌ગુરુ ગ્રંથિનું નિવારણ કરે છે. શ્રી સદ્‌ગુરુ સ્વ સ્વરૂપનું ભાન કરાવે છે. આ બહુ મોટો ઉપકાર છે. 'ગુ' કારરૂપી અંધકારમાંથી 'રુ'કારરૂપી પ્રકાશ ફેલાવે તે ગુરુ (ગુકારશ્ચાન્ધકાર: સ્યાત્ રુકારો તેજરુચ્યતે). આવા ગુરુનું ઋણ કેવી રીતે ફેડવું? દોહરો ૧૨ જણાવે છે તેમ આત્મસમર્પણ એ જ સાચો ઉપાય છે. જેનાથી ગુરુ રાજી રહે એવી વૃત્તિ રાખવી અને એવી પ્રવૃત્તિ રાખવી એ જ એના ઋણનો સાચો સ્વીકાર. ઋણમુક્તિ નહિ પણ ઋણસ્વીકાર જ બરાબર છે.

(૨) પોતાની માતાને પૂરો સંતોષ થાય એ જ નૃસિંહ સરસ્વતી મહારાજનું ધ્યેય છે. દોહરા ૩૭ થી ૪૨ સુધીમાં કેટલું બધું આપી દીધું છે. એમનો આશય માત-પિતા રાજી રહે તે છે. આપણા ગુરુ મહારાજે પણ પૂ.માજીને રાજી રાખવા માટે એમનો જીવનવ્યવહાર આ જ રીતનો ગોઠવ્યો હતો. જે જે ભકતની ઇચ્છાની રજૂઆત પૂ.માજીએ કરી તે તે ઇચ્છા ફળી જ છે.

(૩) દોહરા ૪૮ થી ૫૨ સુખી લગ્નજીવન અને સુખી ઘર-સંસારનો પાયો છે. સ્ત્રીને માટે પતિ એ જ પરમેશ્વર છે અને એ સિવાય જપ-તપની જરૂર નથી એ કહેવા પાછળનો આશય સ્ત્રી પોતે સારી રીતે ગૃહસ્થી કાર્ય સંભાળે એ છે. પુત્રના ઉછેરમાં અને એનામાં સંસ્કાર રેડવામાં પતિ-પત્ની વચ્ચેની સંવાદિતા મહત્ત્વનો ભાગ ભજવે છે. પતિ પ્રત્યેની પત્નીની સદ્‌ભાવના જ આવી સંવાદિતા જન્માવી શકે.

(૪) દોહરા ૫૪ થી ૬૪ દ્વારા બે વસ્તુ સમજવાની છે. **એક** તો ભવિષ્ય જાણવાની બહુ ઇચ્છા કરવી નહિ. "જો હોના હૈ સો હોના હૈ" એવું સમજી ભવિષ્ય જાણવા ઘેલા ન થવું. કારણ કે એમાંથી દુ:ખ થવાની ઘણી શકયતા છે. **બીજું** દરેક વ્યક્તિએ પોતાનું પ્રારબ્ધ ભોગવ્યે જ છૂટકો. પ્રારબ્ધ ભોગવી લેવાથી પ્રારબ્ધનો ક્ષય થાય એ જ શ્રેષ્ઠ છે. સંતપુરુષ તમારા પર કૃપા કરીને એ દુ:ખને હળવું કરી શકે. પ્રારબ્ધમાંથી છટકવાની વૃત્તિ દૂર થવી જોઇએ.

(૫) દોહરા ૭૬ થી ૮૭ સુધીના દોહરાનો સાર એ જ છે કે ઋષિ-મુનિઓના જીવનનું એક માત્ર ધ્યેય લોકોનું ભલું

કરવાનું જ હોય છે. તેઓ કોઇને પણ દુ:ખી જુએ એટલે તરત જ દુ:ખી થઇ જાય છે. આમ ગૌતમને નિમિત્ત બનાવવામાં અન્ય ઋષિઓનો બીજો સ્વાર્થ નથી, પરંતુ બીજાનું ભલું કેમ થાય તે જ ધ્યેય છે. ગૌતમ ઋષિએ પણ ઋષિની વાત આ જ કારણે સ્વીકારી લીધી. 'સ્વોદય' નો વિચાર કરે તે સંસારી અને 'સર્વોદય'નો વિચાર કરે તે અલગારી.

(૬) જીવ માત્રને જીવવાનું ગમે જ છે. મરવાનું કોઇને ગમતું નથી. આ તદ્દન સત્ય છે. એટલે વ્યક્તિ જ્યારે આપઘાતનો પ્રયાસ કરે ત્યારે માણસ કેટલો બધો વ્યથિત થઇ ગયો હશે? એને જીવવાનું જ ન ગમે એ વાતાવરણ કેવું હશે? આવી દુ:ખી પરિસ્થિતિમાં જ વ્યક્તિ પોતાના દોષો જોવાનો પ્રયાસ કરે છે એ આવી પરિસ્થિતિનો લાભ છે. માણસને પોતાના દોષોનું ભાન થાય એ જ ભગવાનની કૃપા અને વધુ કૃપા થાય તો એમાંથી નીકળવાનો સફળ પ્રયાસ કરે.

(૭) જે સમર્થ અને સાચા સંતો છે એનામાં અપાર દિવ્ય શક્તિ હોય છે. એ દૃષ્ટિમાત્રથી કે સ્પર્શમાત્રથી દુ:ખો દૂર કરી શકે છે. પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજે ઇ.સ. ૧૯૬૮ના એપ્રિલ માસમાં મુક્તાનંદ બાબાના આશ્રમમાં રહેતા દફ્જિોન નામના સાધકની કેવળ દૃષ્ટિપાતથી જે ભૂમિકા બદલી નાંખેલી તે બધા જાણે છે જ. (વધુ માટે "ઇશ્વર જેને જાગૃત કરે છે તેવી વ્યક્તિની યાદ" નામની પુસ્તિકા જોવા વિનંતી. પ્રકાશક: પ્રેમજયંતી સમિતિ અમદાવાદ.) જે ભોજન બ્રાહ્મણને પેટમાં શૂળ ઉત્પન્ન કરતું હતું તે જ ભોજન શ્રીગુરુની કૃપાથી ઔષધિ બની ગયું ! પૂ.શ્રી અવધૂત બાપજીએ મુંબઇના કાન્તિભાઇ મહાદેવિયાને કહેલું વાકય સદા યાદ રાખવા જેવું છે. "મહાદેવિયા ! તમે અમને ભલે દેવ ન માનો પણ અમે દેવના દૂત તો છીએ જ." આવા સમર્થ સંતો સ્પર્શ કરીને પણ વ્યાધિ હરી લે છે. આવા તો ઘણા પ્રસંગો નોંધી શકાય એવા છે. શ્રીગુરુ ઔષધ નથી આપતા પણ ઔષધિ આપે છે. આપતા નથી પણ પિવડાવે પણ છે. "ઔષધિ કૌન પિલાવે ગુરુ બીન..." એ ભજન અભ્યાસ માગી લે છે.

(૮) સાયંદેવ બ્રાહ્મણ છે, ભકત છે, સંસ્કારી છે અને બુદ્ધિશાળી અધિકારી છે. એટલે શ્રીગુરુએ જ્યારે એને પેટશૂળના રોગી વિપ્રને મિષ્ટાન્ન જમાડવાનું કહ્યું ત્યારે એને બ્રહ્મહત્યાની ચિંતા થઇ. પરંતુ બુદ્ધિશાળી હોવાથી એણે આપત્તિને આશીર્વાદમાં ફેરવી દીધી. એણે શ્રીગુરુને પોતાના ઘરે ભિક્ષા લેવાનું આમંત્રણ આપી એકી સાથે બે હેતુ સિદ્ધ કરી દીધા. કુરુક્ષેત્રનાં યુદ્ધમાં દુર્યોધને નારાયણી સેના માંગી અને અર્જુને ભગવાન કૃષ્ણને સ્વીકાર્યા. એમને સારથિ બનાવ્યા. એટલે દુશ્મનનાં બધાં જ શસ્ત્રો ભગવાનની ઉપર થઇને આવતાં હતાં. એટલે એને કોઇ મારી શક્યું નહિ. સંસ્કારી અને ભક્તિભાવવાળો સાધક સરળતાથી સંતની કૃપા પામી શકે.

(૯) દોહરા ૧૭૨ થી ૧૮૯ આપણને શ્રીગુરુનો તથા સાધુ સંતનો કેવી રીતે સત્કાર કરવો તે શીખવે છે અને ભોજન કરાવતી વખતે કેવી રીતે સામગ્રી પીરસવી તેનો ખ્યાલ આપે છે. શ્રીગુરુ ઘરે આવવાનો આનંદ તૈયારીમાં દેખાવો જોઇએ. રંગોળીથી સજાવટ કરવી અને પછી શ્રીગુરુનું પૂજન, અર્ચન, આરતી તથા પુષ્પાંજલિ કરવાનું પણ પૂ.શ્રી સહેતુક સૂચવે છે.

●

## અધ્યાય : ૬૯

આ અધ્યાયનું નામ '**સાયંદેવારિષ્ટહરણ**' છે. આ અધ્યાયમાં **૧૬૦** દોહરા છે.

આ અધ્યાયમાં શિષ્ય નિરંજન અલખને કથા આગળ ચલાવવા વિનવે છે. અલખે નિરંજનને કહ્યું કે સાયંદેવે શ્રીગુરુને વંશમાં અખંડપણે એની ભક્તિ રહે એવી માગણી કરી અને પછી કહ્યું કે હું યવનરાજાની નોકરી કરું છું. એ ઘણો જ ક્રૂર છે. દર વર્ષે એ એક બ્રાહ્મણનો વધ કરે છે. આ વર્ષે મારો વારો છે. આજે વધ કરવાના હેતુથી જ મને બોલાવ્યો છે. શ્રીગુરુએ કહ્યું કે તું ચિંતા કર્યા વગર જા. એ જ તને સામે ચાલીને, રાજી થઇને મારી પાસે મોકલશે. જ્યાં સુધી તું નહિ આવે ત્યાં સુધી હું અહીં જ રહીશ. (૧-૨૦).

સાયંદેવ યવનરાજા પાસે ગયો અને રાજાના શરીરમાં એવો દાહ થવા લાગ્યો કે એણે ડરી જઇને સાયંદેવને પગે લાગીને કહ્યું કે તું તારા ઘરે જતો રહે. રાજાએ એને કપડાં અને દાગીના આપીને રવાના કર્યો. (૨૧-૩૯).

ગંગા (ગૌતમી) તટે આવી સાયંદેવે સદ્‌ગુરુને બધી વાત કરી અને અનેક સ્તોત્રથી સ્તવન કર્યું. પછી શ્રીગુરુએ દેશના દક્ષિણભાગનાં તીર્થોમાં જવાનું નક્કી કર્યું. એટલે સાયંદેવે પોતાને સાથે લેવાની વિનંતી કરી. એ સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે અત્યારે તું અહીં જ રહે. પંદર વર્ષે ફરી દર્શન થશે ત્યારે યોગ્ય કરીશું. (૪૦-૫૧).

સાયંદેવને સમજાવીને પાછા વળી શ્રીગુરુ શિષ્યો સાથે તીર્થો ફરતા ફરતા વૈદ્યનાથ નામનાં સુક્ષેત્રમાં આવ્યા. જ્યાં આરોગ્ય ભવાનીની સદા જાગતી જ્યોત છે. (૫૨-૫૩).

શ્રીગુરુનો અપાર મહિમા ચારે દિશામાં ફેલાવા લાગ્યો તેથી શ્રીગુરુએ શિષ્યોને બોલાવીને કહ્યું કે તમે બધા તીર્થયાત્રાએ નીકળો. શ્રીશૈલ ઉપર આપણે પાછા મળીશું. સદ્‌ગુરુએ શિષ્યોને તીર્થયાત્રા કરવાની રીત જણાવી. આ સાંભળીને શિષ્યો તીર્થાટને નીકળ્યા અને શ્રીગુરુ અંતર્ધાન થયા. (૫૪-૧૬૦).

શિષ્ય બોલ્યો કે હે અલખ ગુરુરાય ! મને ખૂબ જ કુતુહલ થાય છે. હું રાંક તમને લળી લળીને પગે લાગીને પ્રેમથી પૂછું છું. (૧). હે યોગેશ્વર ! આપનો જય હો ! હે ગુરુજી ! આપનો જય હો ! હે જ્ઞાનના સાગર, પુણ્યશાળી અને દયાના સાગર ! આપનો જય હો ! કૃપા કરીને મને શ્રીગુરુની કથા આગળ કહો. (૨). શ્રીગુરુએ કૃપા કરીને એ બ્રાહ્મણનું દુ:ખદાયી શૂળ દૂર કરી અગમ્ય લીલા કરી. એમને ધન્ય છે. હવે એમની આગળ ઉપરની લીલા કહો. (૩). શિષ્યની આ વાત સાંભળીને અલખને મનમાં સંતોષ થયો અને પરમ આનંદ પામીને કામધેનુ સમાન ગુરુકથા કહેવા લાગ્યા. (૪).

શિષ્યોમાં રત્ન સમાન (હે નિરંજન !) તું સાંભળ. શ્રીગુરુએ જે ઘરે ભિક્ષા લીધી ત્યાં એ વરદાન આપનાર ખૂબ પ્રસન્ન અને સંતુષ્ટ થયા. (૫). ગુરુભક્ત સાયંદેવ કે જેણે સુંદર પૂજા કરી હતી તેને જ્ઞાની અને ચતુર જોઇને

શ્રીગુરુ એના પરમ મિત્ર થયા. (૬). આનંદથી તરબોળ એવા શ્રીગુરુએ કહ્યું કે હે વિપ્ર ! મારા ઉપરની તારી સાત્વિક પ્રીતિ જોઇને હું તારા વિશે ખૂબ જ સંતુષ્ટ થયો છું. (૭). તું મારું પ્રેમપાત્ર છે. તું ભક્તોમાં શિરોમણિરૂપ છે. તારા વંશમાં જન્મ લેનાર બધા પણ મારા ભક્તો થશે. (૮).

શ્રી સદ્‌ગુરુનાં વચન સાંભળીને વિનયનમ્ર બ્રાહ્મણે શ્રીગુરુનાં ચરણ પર માથું મૂકીને ભાવભીના અને ગંભીર બનીને કહ્યું કે હે સદ્‌ગુરુ ! તમારો જય હો ! જય હો ! હું તમને નમન કરું છું. તું મારી અજ્ઞાનતાથી ભરેલી દૃષ્ટિને દૂર કર. માયાને લીધે તું લોકોને માનવરૂપ જણાય છે પરંતુ હે ત્રિમૂર્તિના અવતાર ! તમને ધન્ય છે. (૯-૧૦). જ્યાં ખુદ વેદો પણ મૂગા થઇ જાય ત્યાં બીજા તો કોણ તારો પાર પામી શકે? સનકાદિ મુનિઓ પણ તારા નામનું હંમેશાં રટણ કરે છે તો પણ તેમને સંતોષ થતો નથી.① (૧૧). વિશ્વવ્યાપક શ્રીગુરુ એ સ્વયં બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જ છે. ભક્તોનો ઉદ્ધાર કરવાને માટે જ એમણે શ્રેષ્ઠ સંન્યાસીરૂપે મનુષ્યનો વેશ લીધો છે. (૧૨). એના મહિમાનું વર્ણન કોણ કરી શકે? એ વર્ણન કરવાની મારામાં તો લેશમાત્ર શક્તિ નથી. હે પરમેશ્વર ! મારા હૃદયની એક વિનંતી છે તે તમે સાંભળો. (૧૩). હે ઇશ ! મારા વંશમાં જે કોઇ જન્મે તે તારો ભક્ત થાય અને પુત્ર-પૌત્રનું સુખ ભોગવી આખરે સારી રીતે મુક્ત થાય એવું હે ત્રીશ ! હું માગું છું. (૧૪). એવી પ્રાર્થના કરીને ફરી પાછાં વંદન કર્યાં અને એ ધીરજવાળાએ નમ્રતાપૂર્વક કહ્યું કે હું મુસલમાન રાજાને ત્યાં નોકરી કરું છું. એ અતિ અમીર પરંતુ અતિ ક્રૂર છે. (૧૫). એના કરતાં તો હે પ્રભુ ! રાક્ષસ સારો. એ કારમો કેર કરે છે. હૃદયમાં દયા લાવ્યા વિના દર વર્ષે (એક) બ્રાહ્મણનો વધ કરે છે. (૧૬). આજે મારો વધ કરવા માટે એણે મને બોલાવ્યો છે. ત્યાં જઇશ એટલે જીવતો નહિ રહું. હે ગુરુમહારાજ ! મારા પર દયા કરો. (૧૭). આપનાં ચરણ કમળનાં દર્શન થયાં એટલે મારું દુર્ભાગ્ય ટળી ગયું છે એમ માનું છું. હવે મને કોણ મારી શકશે? ખુદ પ્રારબ્ધ પણ હાથ જોડીને ઊભું રહેશે. (૧૮).

આ સાંભળીને શ્રીસદ્‌ગુરુએ માથા ઉપર અભયપ્રદ હાથ મૂકીને કહ્યું કે તું ડરીશ નહિ. તું બધી ચિંતા છોડી દે. હું તારી પડખે છું એટલે તું શોક કરીશ નહિ.② (૧૯). એ યવન ભલે ઘાતકી રહ્યો. તું બીક છોડીને એની પાસે જા. એ તારા પર ખુશ થઇને તને મારી પાસે પાછો મોકલશે. (૨૦). તું જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી હું અહીં જ રહીશ. હે ધીર ! તું આવશે પછી જ હું આગળ જઇશ. (૨૧). તું મારો પૂરેપૂરો ભક્ત છે અને તારા વંશજો પણ ચોક્કસપણે મારા ભક્તો થશે. જા ! તારો મનોરથ પૂર્ણ થશે અને સંતતિની વૃદ્ધિ થશે. (૨૨). તારા પુત્ર પૌત્રો સુખ ભોગવશે. લક્ષ્મી અખંડપણે રહેશે. સ્વપ્નમાં પણ રોગ નહિ થાય અને અખંડ દીર્ઘાયુ ભોગવશે. (૨૩).

આવું વરદાન મેળવીને ધીરજવાન સાયંદેવ હિંમત રાખીને યવનરાજના દરબારમાં સત્વરે ગયો. (૨૪). મરણ લાવનાર કાળ સમાન એ દુષ્ટે જ્યાં એની આંખથી બ્રાહ્મણને જોયો ત્યાં જ એ ક્રોધથી સળગી ઊઠયો અને તરત જ મોં ફેરવીને જતો રહ્યો. (૨૫). એના શરીરમાં મોત લાવે એવી અગન થવા લાગી એટલે ઘરે જઇને ઊંઘી ગયો. આ વાતથી અજાણ એવો બ્રાહ્મણ બીધો. (૨૬). આશ્ચર્યચકિત થઇને સદ્‌ગુરુનું સ્મરણ કરીને કહેવા લાગ્યો કે હે દયાના સાગર ! મને તાર. કાળયવન ખૂબ ગુસ્સે ભરાયો છે. હું બાળ તારે શરણે આવ્યો છું. (૨૭). ઉધઇ કદાચ ક્રોધે ભરાય તો પણ શું એ અગ્નિને બાળી શકે ખરી કે? એ જ રીતે સદ્‌ગુરુની કૃપા થતાં એ નિર્લજ્જ યવન શું કરી

શકે? (૨૮). ગમે તેટલો ભયંકર ફણીધર નાગ પણ ભલે ક્રોધે ભરાય તો પણ શું એ ગરુડનાં બચ્ચાંને હેરાન કરી શકે ખરો કે? જેના ઉપર સદ્ગુરુની કૃપા હોય તેને યવનરૂપી પતંગિયું શું કરી શકે? (૨૯). શું ઐરાવત કોઇ દિવસ પણ સિંહનાં બચ્ચાંને મારી શકે ખરો કે? જેના ઉપર સદ્ગુરુની કૃપા હોય તેને કાળ પણ શું કરી શકે? જો મનમાં ગુરુનું સતત સ્મરણ થતું હોય તો પછી બિચારી બીક પણ શું કરી શકે? (ગુરુભકતને) પ્રારબ્ધ મુજબ નક્કી થયેલું મૃત્યુ (કાલમૃત્યુ) પણ વિઘ્ન કરી શકે નહિ તો પછી અપમૃત્યુની તો વાત જ ક્યાં રહી? (૩૦-૩૧). સદ્ગુરુના ભકતને જોઇને જમડા પણ જો થરથર ધ્રૂજતાં હોય, મૃત્યુની બીક નહીં રહેતી હોય તો પછી યવનની બીકનો શું હિસાબ? (૩૨).

આમ બ્રાહ્મણને જોઇને, ડરી જઇને યવન એના ઘરે જતો રહ્યો. એને એવી ભ્રાંતિ થઇ અને શરીરમાં એવું ઘેન ચઢ્યું કે એને એનાં શરીરનું પણ ભાન ના રહ્યું. (૩૩). એ રાણીવાસમાં જઇને સૂઇ ગયો તો પણ કેમ કરતાં કોઇ રીતે ચેન પડતું નથી. હૃદયમાં થતી અગનને લીધે એકદમ ઝબકી ઊઠતો હતો કારણ કે એને જીવલેણ વ્યથા થતી હતી. (૩૪). એને કોઇ પણ રીતે બળતરા મટતી ન હતી તેથી એને અતિશય દુઃખ થયું. એ વ્યાકુળ થઇને જમીન પર આળોટે છે તો પણ એને કાંઇ ચેન-સમજ પડતાં નથી. (૩૫). સ્મૃતિ અને વિસ્મૃતિ વચ્ચે ઝોલાં ખાતો યવન (મનોમન) કહેવા લાગ્યો કે હે વિપ્ર ! તીક્ષ્ણ હથિયારથી કોઇ મારું શરીર છેદી રહ્યું છે અને મારા શરીરનું દરેકે દરેક અંગ તૂટી રહ્યું છે. (૩૬).

બ્રાહ્મણનું સ્મરણ થતાં વારમાં જ એ એની પાસે દોડ્યો અને એનાં ચરણમાં આળોટીને કહેવા લાગ્યો કે તું મારો સ્વામી છે અને હું તારો દાસ છું. (૩૭). તને અહીં બોલાવ્યો છે જ કોણે? હે મિત્ર ! તું જલદીથી તારા ઘરે જા. આવું કહીને એણે સુંદર વસ્ત્ર અને આભૂષણો આપ્યાં. (૩૮). એને માનપૂર્વક પાછો ઘરે મોકલ્યો. બ્રાહ્મણ ખૂબ રાજી થયો. ગામમાં આવીને ગંગાતટે જઇને પ્રસન્નતાપૂર્વક શ્રીગુરુને પ્રણામ કર્યા. (૩૯). અનેક સ્તોત્રોથી સ્તવન કરીને પ્રેમથી વંદન કર્યાં અને બનેલી બધી જ વાત શ્રીગુરુને કહી સંભળાવી. ગુરુએ સંતુષ્ટ થઇને કહ્યું કે જો ! હવે અમે જ્યાં જગા જગા પર રમ્ય અને પરમ પવિત્ર તીર્થો રહેલાં છે અને જે પૈકી કંઇક તીર્થો તો એકદમ અદ્ભુત છે એવા દક્ષિણ દેશમાં જઇશું. (૪૦-૪૧).

શ્રીગુરુનાં એ વચનો સાંભળીને સાયંદેવ હાથ જોડીને બોલ્યો કે હે ગુરુવરા ! મને પણ સાથે લઇ લો. હું પણ આપની સેવા કરીશ. (૪૨). હે પ્રભુ ! આ સંસારનો નાશ કરે એવાં તારાં ચરણો છોડીને હું કેમ કરીને જીવી શકીશ? હે પ્રભુ ! તમે મને સાથે રાખો. હું આપની ચરણસેવા કરીશ. (૪૩). જેમ સગર રાજાના પુત્રોનો ઉદ્ધાર કરવા ગંગાનદી આવી હતી તેમ આ દાસને દર્શન આપવા માટે જ શ્રી સદ્ગુરુ ! આપ આવ્યા છો. (૪૪). હે ભકતવત્સલ ! તારી અગમ્ય ગતિને કોણ જાણી શકે એમ છે? તારા આ દાસનો ત્યાગ કરીશ નહિ. હું તારાં સુંદર ચરણની સેવા કરીશ. (૪૫). હે પ્રભુ ! મારે આપની સાથે આવવું છે. હે સ્વામી ! મને નારાજ ન કરશો. એમ કહીને ફરી પાછા શ્રીગુરુનાં ચરણ કમળમાં પ્રણામ કર્યા. (૪૬). એની એવી વિનયનમ્ર પ્રાર્થના સાંભળીને સદ્ગુરુ રાજી થયા અને કહ્યું કે અત્યારે તું અહીંયાં જ રહે. હું તને સંતોષ થાય એ પ્રમાણે દર્શન આપ્યા કરીશ. (૪૭). જો !

ચોકકસ હેતુસર અમારે જલદી જલદી દક્ષિણ દિશામાં જવું છે જ્યાં ગુપ્ત તેમજ પ્રગટ એવાં ઘણાં નિર્મળ તીર્થો આવેલાં છે. (૪૮). જા ! પંદર વર્ષ પછી તને રોજ જ દર્શન થશે. હું તારા ગામની પાસે આવીને રહીશ ત્યારે નિત્ય નિયમિત સારી રીતે દર્શન કરજે. (૪૯). હે ભકત ! ત્યારે તું પત્ની અને પુત્રો સાથે ત્યાં રોજ જ દર્શન કરજે. તારું દુર્ભાગ્ય સારી રીતે ટળી ગયું છે એટલે હવે હે સદ્ભકત તું દુ:ખ કે ચિંતા કરીશ નહિ. (૫૦). તું હંમેશાં સુખથી ઘરમાં રહેજે, એમ કહીને માથા ઉપર હાથ મૂકીને આનંદથી આશ્વાસન અને આશિષ આપ્યાં. (૫૧). એને પાછો વાળીને અને બધા શિષ્યોને સાથે લઇને શ્રીસદ્ગુરુનાથ વૈદ્યનાથનાં પુણ્યક્ષેત્રમાં આવ્યા કે જ્યાં સદાની જાગતી જ્યોત જેવાં આરોગ્ય ભવાની વસી રહ્યાં છે. બધાં તીર્થો ફરતાં ફરતાં સંસાર-જલ તરવા માટેની હોડી સમાન શ્રીગુરુ પ્રસન્નતાપૂર્વક આવી પહોંચ્યા. (૫૨-૫૩). પછી ક્ષણવારમાં શ્રીગુરુ ત્યાંથી અંતર્ધાન થઇ ગયા એટલે શિષ્યો તો દિઙ્ મૂઢ થઇ ગયા. આ વૃત્ત સાંભળીને સત્શિષ્યે શ્રીગુરુને એનું રહસ્ય પૂછ્યું. (૫૪). હે અલખજી ! એ રસાળ અને અપરંપાર લીલાનું વર્ણન કરો. શ્રીગુરુ કેમ અંતર્ધાન થયા અને શિષ્યો ક્યાં ગયા તે વાત કહો. (૫૫).

નમન કરી રહેલા શિષ્યનાં વચન સાંભળીને અને મનોભાવને જાણીને ગુણના ભંડાર સમા શ્રી અલખગુરુ બોલ્યા કે હે શિષ્ય ! તારી વાણીને ધન્ય છે. હે સુજ્ઞપુરુષ ! હવે તું બધી વાત વિગતે સાંભળ. (૫૬). શ્રીગુરુ પ્રત્યેની તારી દૃઢ ભક્તિ છે અને તારું મન ગુરુચરણમાં લીન છે. હે કુલીન ! તારો પ્રશ્ન સાંભળીને મને સંતોષ થાય છે. (૫૭). શ્રીગુરુ કેમ અંતર્ધાન થયા તેનું હું તને કારણ કહું છું તે તું સાંભળ. શ્રીગુરુનો મહિમા દૂર દૂર સુધી ખૂબ ફેલાયો અને તેમની કીર્તિ પણ અચળ થઇ. એટલે દૂર દૂરથી લોકો પોતાનો સ્વાર્થ સાધવાની ઇચ્છાથી દર્શન માટે દોડી આવવા લાગ્યા. એમાં પરમાર્થ સાધવા તો કોક જ આવતું. (૫૮-૫૯). મુશ્કેલીથી તરી શકાય એવા આ કલિયુગમાં સાધુ-અસાધુ અને ધુતારા બધા જ સદ્ગુરુના શિષ્ય થવા માટે દોડવા લાગ્યા અને તરત ને તરત જ કંઇ ને કંઇ વસ્તુની માગણી કરવા લાગ્યા. (૬૦). પરશુરામે આખી પૃથ્વી ક્ષત્રિય વગરની કરી અને પછી એ સમગ્ર પૃથ્વી બ્રાહ્મણોને દાનમાં આપી દીધી તો પણ તેમને (બ્રાહ્મણોએ) ઠરવા ન દીધા. (૬૧). પશ્ચિમ સાગરના કિનારે જઇને પરશુરામ તપ કરવા બેઠા તો ત્યાં પણ બ્રાહ્મણો ગયા અને કહ્યું કે દાનમાં આપેલી આ પૃથ્વીનો તું કેવી રીતે ઉપયોગ કરી શકે? તું સત્વરે આ સ્થાન છોડી દે. (૬૨). એટલે પરશુરામે પોતાના તપના પ્રભાવે સાગરમાંથી કોંકણ નામનો દેશ ઉપજાવ્યો અને ત્યાં તપ કરવા બેઠા. તો બ્રાહ્મણો ત્યાં પણ જઇ પહોંચ્યા અને એ ભૂમિ પણ દાનમાં માગવા લાગ્યા !! પવિત્ર પરશુરામે એ ભૂમિ પણ આપી દીધી અને પછી સાગરમાં અંતર્ધાન થઇ ગયા. (હે નિરંજન !) આ માગણ જાત બહુ વિચિત્ર છે. (૬૩-૬૪). માગણીનો કદી અંત આવતો જ નથી અને રોજ રોજ ઉપાધિ ઊભી કરે છે. એટલે કંટાળીને છેવટે પરશુરામ ગુપ્ત થયા. એ રીતે આ સંસાર સાગરમાંથી સંસારીને તારવા માટે શ્રીગુરુએ અવતાર ધારણ કર્યો હતો. પરંતુ એમની પાસે સૌ સારાં કે ખરાબ એવાં જાત જાતનાં વરદાન માગતા હતા. (૬૫-૬૬). કોઇ પણ દર્શનાર્થી ત્યાગ કે મોક્ષની વાત તો ભૂલેચૂકે પણ પૂછતો જ ન હતો. બધા દુન્યવી સુખોની-વિષયભોગની- જ માગણી કરતા હતા એટલે ધીરજવાન ગુરુ પણ આખરે કંટાળ્યા. (૬૭). ઈશ્વર હોવાથી એ આપવા અસમર્થ ન હતા. વ્યક્તિ ઇચ્છે તે આપી શકે એમ હતા. પરંતુ દુન્યવી વસ્તુનાં- નશ્વર વસ્તુનાં- વરદાનથી કોઇનું પણ ભલું થતું નથી. (૬૮). શ્રીગુરુ પાત્રતા જોઇને એને અનુરૂપ વરદાન આપતા હતા. પરંતુ આ

બધી ઉપાધિથી કંટાળીને એ માયાપતિ ગુપ્ત થયા.③ (૬૯). શ્રીગુરુએ ગુપ્ત થવાનો મનમાં વિચાર કર્યો એટલે બધા શિષ્યોને પાસે બોલાવીને કહ્યું કે આ કપરો કળિયુગ આવ્યો છે એટલે તમે બધા તીર્થયાત્રા કરો. (૭૦). હવે પછી શ્રીશૈલપર્વત ઉપર ફરી પાછું મારું દર્શન થશે. આવી શ્રીગુરુ વાણી સાંભળીને શિષ્યોએ ચરણકમળમાં શીશ ઝુકાવીને અને હાથ જોડીને પૂછ્યું કે હે શ્રીગુરુ ! બધાં જ તીર્થો તારાં દર્શનમાં જ છે અને તારાં ચરણકમળ એ જ તીર્થરાજ છે પછી અમને તીર્થયાત્રા માટે મોકલીને અમારી ઉપેક્ષા કેમ કરો છો? (૭૧-૭૨).

હે પ્રભુ ! અમને તો તમારાં દર્શન માત્રથી જ બધાં તીર્થોનું ફળ મળી જાય છે. તમારાં મનોહર અને વિશુદ્ધ ચરણકમળને ત્યજીને ક્યાં જઈએ? (૭૩). બધા વેદો પણ એમ કહે છે કે શ્રીગુરુનાં ચરણમાં જ બધાં તીર્થો છે અને બધાં શાસ્ત્રો પણ એ જ વાત શંકા વગર દોહરાવે છે. (૭૪). પાસે ધનનો ખજાનો પડ્યો હોય તો પછી એ છોડીને કોણ અભાગી દૂર ભયંકર જંગલમાં એ શોધવા માટે ફરે? પાસે રહેલાં કલ્પવૃક્ષને છોડીને કોણ મૂરખ જંગલમાં બાવળ શોધતો ફરે? (૭૫).

શ્રીગુરુ બોલ્યા કે તમે ત્યાગી છો અને શ્રેષ્ઠ સંન્યાસી તરીકેનો વેષ ધર્યો છે. એટલે તમારે કોઈ પણ સ્થળે પાંચ રાત્રિથી વધુ રોકાવું નહિ. (૭૬). નવાં નવાં તીર્થોનું સેવન કરીને મન સ્થિર થતાં, દેહ દમન કરીને એકાંત વાસ કરવો. (૭૭). મારી આજ્ઞા માનીને તમે પણ તમારો આશ્રમ ધર્મ (સંન્યાસી તરીકેનો ધર્મ) પાળો અને બધાં તીર્થોમાં સ્નાન કરીને બહૂદક સંન્યાસી તરીકેનો ધર્મ પાળો. (૭૮). બધી તીર્થયાત્રા પૂરી કરીને પછી પાછા તમે બહુધાન્ય સંવત્સરમાં શ્રીશૈલ પર્વત ઉપર મારી પાસે આવજો. ત્યાં પરમ પાવન દર્શન થશે. (૭૯).

શ્રીગુરુની એ આજ્ઞા સાંભળીને શિષ્યોએ ફરી પાછા પ્રણામ કર્યા અને શ્રીગુરુનાં ચરણકમળને દૃઢતાથી પકડીને વંદન કરીને નમ્રતાથી કહ્યું કે હે શિવ સ્વરૂપ સદ્‌ગુરુ ! અમે આપની આજ્ઞાને પ્રમાણ માનીને સ્વીકારીએ છીએ અને અમે આ પૃથ્વી પરનાં બધાં જ તીર્થોની યાત્રા નિશ્ચિંત મનથી કરીશું. (૮૦-૮૧). સદ્‌ગુરુનું કહેલું જે માનતો નથી તે અભાગીજન અનંત વર્ષો સુધી રૌરવ નામના નરકમાં રિબાય છે અને અગણિત સમય સુધી યમપુરીમાં વાસ કરે છે. (૮૨). હે સર્વશ્રેષ્ઠ શ્રીગુરુ ! અમારે કયા તીર્થમાં ક્યાં જવું એ બધું અમને કહો જેથી એ જાણીને એ પ્રમાણે જ વર્તવાનો મનમાં દૃઢ નિશ્ચય કરીએ અને એ રીતે વર્તીને જીવન સફળ કરીએ. (૮૩). હે પ્રભુ ! આપ જેવી આજ્ઞા કરશો તે પ્રમાણે અમે તરત જ કરશું. હે સર્વ સિદ્ધિના દાતા શ્રી વિભુ ! અમારે મન તારું વાક્ય સોનાનું છે. (૮૪).

પ્રસન્ન થયેલા સદ્‌ગુરુએ તીર્થયાત્રા કરવાની રીત સમજાવવા માંડી અને શિષ્યમંડળે પ્રસન્ન મનથી સાંભળવા માંડી. (૮૫). હે બડભાગી શિષ્યો ! બ્રહ્માંડમાં જે પ્રસિદ્ધ છે તે તીર્થરાજ પ્રયાગ અને જ્યાંથી ગંગા વહે છે તે કાશીનું સેવન કરો. (૮૬). ગંગાની સાઠ યોજન યાત્રા ઘણી પવિત્ર ગણાય છે જે સાઠ કૃચ્છ તપનું ફળ④ આપનાર છે. હરિદ્વારની યાત્રાથી ભકતને તેનાથી બમણું ફળ મળે છે. (૮૭). યમુના તટની વીસ યોજન યાત્રા પુણ્ય દેનારી છે અને એનાથી વીસ કૃચ્છ તપ કર્યાનું પુણ્ય મળે છે. હે પરમ સુધન્ય શિષ્યો ! એ યાત્રા કરો. (૮૮).

કુમારી સરસ્વતી નદીની ચોવીસ યોજન યાત્રા પવિત્ર ગણાય છે અને તે યાત્રા કરવાથી ચોવીસ કૃચ્છ તપ કર્યાનું ફળ મળે છે. બધે આ જ પ્રમાણ છે. (૮૯). યજ્ઞ કરવાથી પિતૃઓ તૃપ્ત થઇને શાશ્વત બ્રહ્મલોકનું જે ફળ પ્રાપ્ત કરે છે તે જ ફળની પ્રાપ્તિ આ મહાનદીઓની યાત્રા કરવાથી થાય છે. આ શાસ્ત્ર સંમતવાત છે. (૯૦). વિપાશકા, વરુણા, કુશાવર્તા, મનોહર એવી શરાવતી, વિતસ્તા, શતદ્રુ, અસિકની, મરુદ્વૃધા, શુભા, મધુમતી, તેમજ ઘૃતવતી નદીના તીરની યાત્રા કરો. (૯૧-૯૨). આ પૃથ્વી પરની પ્રસિદ્ધ એવી ગંગાનદીની પંદર યોજન અદ્‌ભુત યાત્રા કરો જેથી પંદર કૃચ્છ તપનું ફળ મળશે. (૯૩). જે વ્યક્તિ ચંદ્રભાગા, રેવતી, સરયૂ અને ગોમતી નદીમાં સ્નાન કરે છે તે ફક્ત સ્નાન કરવાથી જ પવિત્ર થઇ જાય છે અને એનું બ્રહ્મહત્યા વગેરેનું પાપ નાશ પામે છે. (૯૪). વેદિકા, કૌશિકી, મંદાકિની અને પૂર્ણા જેવી પુણ્યદાયી નદીના જળમાં સ્નાન કરવાથી માનવી ધન્ય થઇ જાય છે. (૯૫). બાહુદા, અરુણા અને ક્ષિપ્રા નદીમાં સ્નાન કરવાનું ફળ ઘણું છે અને ત્રિવેણી સંગમના એ સ્નાનનું તો અનેક ઘણું ફળ મળે છે. (૯૬). વૈરોચની, પુષ્કર, સુંદર કુરુક્ષેત્ર તેમજ ગયા ક્ષેત્ર અને ફલ્ગુ નદીની યાત્રા મોટું પુણ્ય આપનારી તથા ધન્ય કરી દેનારી છે.(૫) (૯૭). હે શિષ્યો (સંતો) ! બદરિનારાયણ, અલકાનંદા, શ્રીશૈલ અને રામેશ્વરની યાત્રા કરો. (૯૮). સેતુબંધ રામેશ્વરમાં જે પવિત્ર પદ્મનાભ શ્રીરંગ છે તેનાં દર્શન કરો અને નૈમિષારણ્યમાં શ્રી હરિનાં સુંદર દર્શન કરો. (૯૯). કરોડો રુદ્ર સમાન કેદાર, પુરાણમાં વર્ણવેલી વૃદ્ધ રેવા, માતૃકેશ, કોકામુખી અને કુબ્જતીર્થ સર્વમાન્ય છે. (૧૦૦).

વિજય (તીર્થ), પ્રસાદતીર્થ, ચંદ્રતીર્થ, ગોકર્ણ, અને શંખકર્ણ જે પવિત્ર છે તથા ઉત્તમ સાતપુરી- અયોધ્યાપુરી, મથુરાપુરી, દ્વારિકાપુરી, કાંચીપુરી, કાશીપુરી, ઉજ્જયની, પુરી અને હરિદ્વાર તથા કિનારાનાં ગામોની યાત્રા કરો. (૧૦૧-૧૦૨). ગોદાવરી નદીની છ યોજન યાત્રા મુક્તિ દેનારી છે અને તે વાજપેય યજ્ઞનું ફળ આપનારી છે એવો બધા જ સંતોનો મત છે. (૧૦૩). જે ગોદાવરીના તટની જમણી બાજુથી પ્રદક્ષિણા કરે છે તે મહાપાપથી મુક્ત થઇને જ્ઞાની થાય છે એમાં શંકાને સ્થાન નથી. (૧૦૪). ભીમેશ્વર અને વંજરાસંગમ- એ બન્ને પ્રયાગરાજ જેવાં જ પરમ પાવન તીર્થો છે. બધાં જ એનાં વખાણ કરે છે. (૧૦૫). કૃશતર્પણ નામનાં તીર્થની બાર યોજન યાત્રા પવિત્ર મનાય છે. ગોદાવરી સંગમની છત્રીસ યોજન યાત્રા ફળદાયી ગણાય છે. (૧૦૬). પૂર્ણા નદીના તટની ચાર યોજન યાત્રા પુણ્ય દેનારી છે અને કૃષ્ણાવેણી સંગમની પંદર યોજન યાત્રા કલિયુગમાં તારક અને ધન્યતા આપનારી ગણાય છે. (૧૦૭). તુંગભદ્રા નદીની વીસ યોજન યાત્રા વીસ કૃચ્છ તપનું ફળ આપનારી છે. પંપાસરની યાત્રાનો મહિમા તો ઘણો જ છે. એ અનંતફળ આપનાર અને પાવનકારી છે. (૧૦૮). પુરાણમાં વર્ણવાયેલા, મનને ગમે તેવાં હરિહર ક્ષેત્રની યાત્રા બધાં પાપ હરી લેનારી છે. ભીમા નદીના તટની યાત્રા દશ કૃચ્છ તપનું ફળ આપનારી છે. (૧૦૯). પંઢરપુરમાં પાંડુરંગ, પવિત્ર માતૃલિંગ અને ગાણગાપુરની યાત્રાનું પુણ્ય સુંદર એવાં અનેક ફળો આપનારું છે. (૧૧૦). ભીમા અમરજા સંગમ ઉપર પાવનકારી કોટિતીર્થ આવેલું છે. ત્યાં કલ્પવૃક્ષ સમાન અશ્વત્થ શોભી રહ્યો છે. (૧૧૧). ત્યાં નૃસિંહતીર્થ ખૂબ પ્રસિદ્ધ છે. એની ઉત્તરમાં કાશીતીર્થ છે અને પૂર્વમાં પાપનાશી તીર્થ છે. (૧૧૨). ત્યાં સર્વપાપને હરી લેનારું રુદ્રપાદ નામનું સરસ તીર્થ છે અને ચક્રતીર્થમાં ભગવાન

કેશવ ભક્તોનાં પાપ હરી લે છે. (૧૧૩). આ બધામાં કોટીતીર્થ તો આગવું છે અને મન્મથતીર્થ પણ પુણ્યદાયી છે. વળી જ્યાં કલ્લેશ્વર છે ત્યાં ધન્ય એવા સાક્ષાત્ ગોકર્ણ છે. (૧૧૪). જગતભરમાં સુપ્રસિદ્ધ અને અનુપમ એવી ગાણગાપુરની સિદ્ધભૂમિ છે, જ્યાં કરેલું અનુષ્ઠાન તરત જ ફળે છે. બધા સંતો એના યશનાં ગાન કરે છે. (૧૧૫). જ્યાં કલ્પવૃક્ષ સમો અશ્વત્થ હાજરાહજૂર છે ત્યાં શું શું સિદ્ધ ન થાય? હે શિષ્યો ! ત્યાં જઇને મનોરથો સિદ્ધ કરીને આ માનવ જન્મ સફળ કરો. (૧૧૬). અનંત પુણ્યફળ આપનારો, તીથરાજ પ્રયાગ જેવો પુણ્યપ્રદ કાકિણી સંગમ નામનો બીજો સંગમ છે. એમાં કોઇ સંદેહ નથી. (૧૧૭). નદીઓમાં શ્રેષ્ઠ એવી તુંગભદ્રા નદી છે અને મલાપહા સંગમ તો સો જન્મોનાં પાપ હરી લે એવો પાવનકારી છે. એવા સંગમને ધન્ય છે. (૧૧૮). વળી બ્રહ્મહત્યાનું પાપ હરી લે એવો નિવૃત્તિસંગમ પણ છે. હે શિષ્યો ! તમે પ્રેમથી ત્યાં જાઓ. તમારાં પાપ અને સંદેહ બંને ટળી જશે. (૧૧૯).

જે વર્ષમાં સિંહલગ્નમાં ગુરુ આવે તે પુણ્યશાળી વર્ષમાં ગંગાથી યુક્ત એવા ગોદાવરી નદીના સ્થાનનો મહિમા અનંત છે. (૧૨૦). જ્યારે કન્યારાશિમાં ગુરુ આવે ત્યારે કૃષ્ણા નદીમાં અને તુલા રાશિમાં ગુરુ આવે ત્યારે તુંગભદ્રામાં ગંગાનદીનો પ્રવાહ આવે છે જે પરમ પાવનકારી છે. (૧૨૧). કર્કટસ્થ ગુરુમાં મલાપહા સંગમમાં ગંગાનદી ભળે છે. જેનું સ્નાન માત્ર બ્રહ્મહત્યાનું પાપ હરી લે છે. (૧૨૨). ભીમા અને કૃષ્ણાના સંગમમાં સ્નાનમાત્રથી શુદ્ધ થવાય છે અને સાઠ જન્મો સુધી એ સારા કુળમાં જ્ઞાની બ્રાહ્મણ થઇને જન્મે છે. (૧૨૩). તુંગભદ્રાના સંગમનું સ્નાન ત્રણ ગણું પુણ્ય આપનારું છે અને નિવૃત્તિ સંગમનું સ્નાન ચારગણું ફળપ્રદ મનાયું છે. ધન્ય છે એમના મહિમાને. (૧૨૪). મલ્લિકાર્જુનનાં દર્શન કરીને પાતાલગંગામાં કરેલું સ્નાન છગણું પુણ્ય આપનારું છે અને જન્મ મરણના ફેરાનો નાશ કરનારું છે. (૧૨૫). યુગાલય તીર્થમાં કાવેરી સંગમમાં સ્નાન કરવાનું બમણું ફળ છે અને ઉત્તમોત્તમ એવી કૃષ્ણા નદીનું સ્નાન પંદરગણું ફળ આપનારું છે. (૧૨૬). તામ્રપર્ણી તેમજ કૃતમાલા નદીનું સ્નાન પાપનો નાશ કરનારું, મહાપુણ્યદાયી, શ્રેષ્ઠ અને અતિ પાવનકારી છે. (૧૨૭). પયસ્વિની નદીનું સ્નાન સંસારનો નાશ કરનારું છે. સમુદ્રના કિનારે કાર્તિકેયનું દર્શન, અનંત શેષાદ્રિ અને તિરુવન્નામલય પણ પાવનકારી છે. (૧૨૮). કન્યાકુમારીનું મત્સ્યતીર્થ અને કુંભકોણનું ગહન એવું પક્ષીતીર્થ પણ તારનારું છે. (૧૨૯). ધનુષ્કોટિ, રામેશ્વર અને રંગનાથ પાસે આવેલું કાવેરી તીર્થ પણ પાવનકારી છે અને સિદ્ધો એ તીર્થોનું સેવન કરે છે. (૧૩૦). ચક્રકુંડતીર્થ પાપ હરનાર છે અને કોલ્હાપુરનું મહાલક્ષ્મીપુર દક્ષિણની કાશી તરીકે પ્રખ્યાત છે. (૧૩૧). જ્યાંથી કૃષ્ણા નદી નીકળે છે એ મહાબળેશ્વર નામનું શ્રેષ્ઠ અને પુણ્યદાયીતીર્થ છે. આ કૃષ્ણા નદીના કિનારે આવેલું રામેશ્વર પરમ પાવનકારી અને ધન્ય કરી દે એવું ધામ છે. (૧૩૨). કોલાગ્રામ નામના પાવનકારી નગરમાં નૃસિંહ ભગવાન પ્રત્યક્ષ બિરાજે છે અને ત્રિનેત્રધારી સદાશિવ ભોળાનાથ પણ ત્યાં બિરાજે છે. (૧૩૩). કૃષ્ણા નદીના તટે આવેલા ભિલ્લવડી ગામમાં આવેલી ભુવનેશ્વરી દેવીની જે પ્રેમપૂર્વક તપશ્ચર્યા કરે છે તે ભગવાન જેવો થઇ જાય છે. (૧૩૪). વરુણાસંગમનું સ્નાન પાપનો નાશ કરનારું છે. એમાં માત્ર સ્નાન કરવાથી પાપી હોય તે પણ માર્કંડેય ઋષિ સમાન થઇ જાય છે. (૧૩૫).

ઉત્તમોત્તમ એવા કૃષ્ણા નદીના કિનારે અનેક ઋષિ આશ્રમો આવેલા છે. ત્યાં છેક જ પાપી હોય એવી વ્યક્તિ પણ સ્નાન કરે તો જ્ઞાની થઇ જાય છે. (૧૩૬). કૃષ્ણા-વેણી અને પંચગંગાનો જ્યાં પાવનકારી સંગમ છે તે અમરપુરમાં જઇને જે મહા મહિનામાં સ્નાન કરે છે તેને પ્રયાગ સ્નાનના પુણ્યથી પણ વધુ પુણ્ય મળે છે. (૧૩૭). જ્યાં તપશ્ચર્યા કરીને મુનિવરો સિદ્ધિ પામ્યા છે એવું જગતનું અનુપમ ક્ષેત્ર અહીં આવ્યું છે. અહીં બધાં જ સુતીર્થો રહેલાં છે. (૧૩૮). જો માનવી ત્યાં ભાવનાથી ત્રણ દિવસ સ્નાન કરે તો એની બધી મનોકામના પૂરી થાય છે અને અંતે મુક્તિને પામે છે. (૧૩૯). જેનાં માત્ર દર્શન કરવાથી જ મુક્તિ મળે છે એવું રમ્ય યુગાલય તીર્થ આવેલું છે અને જગમાં પ્રખ્યાત અને કીર્તિ પામેલું શૂર્પાલય તીર્થ પણ અતિ પાવનકારી છે. (૧૪૦). હે શિષ્યો ! વિશ્વામિત્ર ઋષિની તપશ્ચર્યાના પરમ પવિત્ર એવા છાયા ભગવતી ધામનાં પણ દર્શન કરજો. (૧૪૧). જ્યાં કૃષ્ણા અને મલપ્રભાનો નિર્મળ સંગમ થાય છે ત્યાં સ્નાન કરવાથી બધા દોષો દૂર થાય છે અને આ માનવ જન્મ સફળ થઇ જાય છે. (૧૪૨). વિષ્ણુના સાક્ષાત્ અવતાર સમા કપિલ ઋષિ મહાન હતા. એ મુનિશ્રેષ્ઠનો આશ્રમ એ મહાન તીર્થ જ છે. (૧૪૩). એ આશ્રમની ઉત્તર દિશામાં વહેતી કૃષ્ણાનદી પાવનકારી અને મનને આનંદ આપનારી (રમ્ય) છે. ત્યાં એકવાર મંત્ર જપવાથી કરોડ વાર જપ કર્યાનું ફળ મળે છે. (૧૪૪). પછી વળતાં કેદારેશ અને તે પછી જ્યાં નિત્ય સનાતન નૂર સમા ભગવાન દત્તાત્રેય વસે છે તે પીઠાપુર તીર્થસ્થળની યાત્રા કરજો. (૧૪૫). મણિગિરિ પર્વતની પાસે જ્યાં સપ્તર્ષિઓએ ઘણા સમય સુધી તપશ્ચર્યા કરી હતી તે વિખ્યાત એવા મહાતીર્થરૂપ ઋષભાદ્રિની યાત્રા કરજો. જે ઘણું ફળ આપનારી છે, મુક્તિ દેનારી છે અને કલ્યાણ કરનારી છે. આ ક્ષેત્રની યાત્રા કરનારનો પછી જન્મ થતો નથી. (૧૪૬-૧૪૭). બળરામજીનાં દર્શનથી ખરેખર ધન્ય થઇ જવાય છે. એનાં દર્શનથી સાઠ યજ્ઞનું પુણ્યફળ મળે છે. શ્રીરંગનાં દર્શનથી પુનર્જન્મરૂપી જંગલમાં ભટકવાનું ટળી જાય છે. (૧૪૮).

આવાં તો અસંખ્ય તીર્થો છે. એનું સવિસ્તર વર્ણન કોણ કરે? તમે બધા વિધિપૂર્વક આ તીર્થોમાં આનંદપૂર્વક ચોક્કસ સ્નાન કરજો. (૧૪૯). જ્યારે નદી રજસ્વલા હોય ત્યારે એમાં સ્નાન કરવાથી મહાન દોષ લાગે છે. એ જ રીતે કર્કસંક્રાંતિ પછીના બે મહિના પણ સ્નાન કરવું જોઇએ નહિ. (૧૫૦). નદી કિનારે રહેતા લોકોને આ સમયમાં સ્નાન કરવાથી દોષ લાગુ પડતો નથી. શ્રીગુરુ પરમ પ્રસન્નતાથી વર્ણન કરતા હતા અને બધા શિષ્યો નતમસ્તકે સાંભળતા હતા. (૧૫૧). ચોમાસામાં બધી જ નદીઓ રજસ્વલા ગણાય છે. આ રજોદોષ ત્રણ દિવસ સુધી લાગુ પડે છે. એ દરમ્યાન એમાં સ્નાન કરવું નહિ. (૧૫૨). ગંગા, સિંધુ, ગૌતમી, ચંદ્રભાગા, નર્મદા અને સરયૂનો ત્રણ દિવસ સ્પર્શ કરવો નહિ. (૧૫૩). વર્ષાઋતુમાં બધી નદીઓ દશ દિવસ સુધી રજસ્વલા મનાય છે અને એ સમય દરમ્યાન વાવ અને કૂવા પણ દિવસ રાત ગંદા પાણીથી ભરેલા હોય છે. (૧૫૪). જે દિવસે નદીમાં નવું પાણી ચઢે તે દિવસથી ત્રણ દિવસ સુધી નદી રજસ્વલા ગણાય છે.[૭] (૧૫૫). મેં તમને જે નિયમો કહ્યા તે પ્રમાણે નદીમાં સ્નાન કરવું નહિ. નદી કિનારે રહેતા લોકો સિવાય આ સમય દરમ્યાન નદીને સ્પર્શ કરવાથી પણ દોષ લાગે છે. (૧૫૬).

તીર્થયાત્રાનું સેવન કરીને પુણ્ય પામવાનો આ સાધારણ વિધિ કહ્યો. યથાવિધિ સ્નાન કરી, મુંડન કરાવીને ધન્યતા અનુભવો. (૧૫૭). શ્રીસદ્ગુરુનાં વેણ સાંભળીને અને શ્રીગુરુવાણીને કામધેનુ સમાન માનીને

એમના કહ્યા પ્રમાણે જ કરવાનો શિષ્યોએ મનોમન નિશ્ચય કર્યો. (૧૫૮). શ્રીગુરુને પ્રણામ કરીને બધા શિષ્યો તીર્થયાત્રાએ જવા નીકળ્યા ત્યારે હૃદયમાં આનંદ માતો ન હતો અને અંતઃકરણ એકદમ પ્રફુલ્લિત હતું. (૧૫૯). અલખનાં આવાં વચન સાંભળીને નિરંજન જે બોલ્યો તેનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં થશે, જે સંદેહ ટાળી દેશે એમ **શ્રીરંગ** કહે છે. (૧૬૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સાયંદેવારિષ્ટ હરણ'** નામનો **ઓગણચોસીત્તેરમો** અધ્યાય **સમાપ્ત થયો.**

●

## પાદટીપ :

### અધ્યાય : ૬૯

(૧) સનકં ચ સનન્દં ચ સનાતનમથાત્મભૂ: | (ત્મભૂ:)
સનત્કુમારં ચ મુનીન્નિષ્ક્રિયાનૂર્ધ્વરેતસ: ||
(શ્રીમદ્ ભાગવત સ્કંધ૩/અધ્યાય ૧૨/ શ્લોક ૪)

સનક, સનન્દ, સનાતન અને સનત્કુમાર એ ચારે નૈષ્ઠિક બ્રહ્મચારીના વેષમાં નિવૃત્તિપરાયણ મુનિઓ છે.

(૨) આ ખૂબ જ અગત્યની વાત સમજાવતો દોહરો છે. શિષ્યની જ્યારે શ્રીગુરુ પ્રત્યે અનન્ય નિષ્ઠા થાય અને ગુરુની વૃત્તિમાં પોતાની વૃત્તિ ભેળવી દઇને ગુરુજી રાજી થાય એવું જીવન જીવે ત્યારે શ્રીગુરુ એના માથે અભયપ્રદ હાથ મૂકીને કહે કે તું ડરીશ નહિ. હું તારી પડખે ઊભો છું. શિષ્યનો સમર્પિત ભાવ આવી પરિસ્થિતિ જન્માવી શકે. પૂ.શ્રી અવધૂત બાપજી અને મુ. દાસકાકા વચ્ચેના સંબંધો આવા હતા. દાસકાકા બેભાન હતા ત્યારે પૂ.શ્રી સરખેજથી રાત્રે નીકળી રણાપુર આવ્યા હતા. માથે હાથ મૂક્યો ત્યાં જ દાસકાકા ભાનમાં આવ્યા અને આંખો ખોલી. પૂ.શ્રી બોલ્યા કે "દાસ ! જો સાચા ભાવથી તમે ભગવાનની સેવા કરી હશે તો ૩૬ કલાકમાં ઘરમાં હરતા ફરતા થઇ જશો અને ત્યાં સુધી અવધૂત અહીંથી ખસવાનો નથી." શિષ્યનો સમર્પણભાવ કેવો અને શ્રીગુરુનો કરુણાભાવ કેવો? આપણે પણ આવું જીવન જીવવાની પ્રેરણા મેળવીએ અને જીવીએ તો સાચું પારાયણ કર્યું ગણાય.

(૩) દોહરા ૬૬ અને ૬૭ની વાત પૂ.શ્રીના સ્વાનુભવની વાત છે. 'શ્રીરંગ પત્ર મંજૂષા'ના ઘણા પત્રોમાં આ વ્યથા છે. વળી 'અવધૂતી આનંદ'નું ભજન "દિલરુબા દિલકી સુનાઉં" તો આ અનુભવનું જ આલેખન કરે છે.

દિલરૂબા દિલકી સુનાઉં; સૂનનેવાલા કૌન હૈ?
જામેહક ભર ભર પિલાઉં; પીનેવાલા કૌન હૈ?
એશોઇસરતમસ્ત દુનિયા, આકબત સુખ ના ચહે;
ચાહે તો હાજર દિખાઉં; ચાહનેવાલા કૌન હૈ?

સંતોનાં દર્શને જઇને શું માગવું અને શું નહિ એવો વિવેક દર્શનાર્થીમાં નહિ હોવાથી કંટાળીને સંતપુરુષો પોતાની લીલા સંકેલી લેવાનું વિચારતા હોય છે. માનવજીવન સફળ થાય એવું સંત પાસે માગવું જોઇએ.

(૪) કૃચ્છતપ એટલે જેમાં ખૂબ કષ્ટ પડે તેવું તપ.

(૫) સ્થળ પવિત્ર હોય તો ક્ષેત્ર કહેવાય, નદી (જળ) પવિત્ર હોય તો તીર્થ કહેવાય અને બન્ને પવિત્ર હોય તો તીર્થક્ષેત્ર કહેવાય.

(૬) નદીના કિનારે રહેતા લોકો માટે અને અપરિચિતો માટે સ્નાનના જુદા નિયમો સલામતીની દષ્ટિથી પણ યોગ્ય જણાય છે. નદી કિનારે રહેતા લોકો નદીની પરિસ્થિતિથી પરિચિત હોવાથી અકસ્માત થવાની શક્યતા ઓછી રહે છે. નદીમાં વર્ષાઋતુ દરમ્યાન વરસાદનું નવું પાણી આવે ત્યારે ઘણા પ્રશ્નો અને અકસ્માતના ભયો ઊભા થાય છે. તેથી ધર્મ આવા યોગ્ય નિયમો દર્શાવે છે.

●

# અધ્યાય : ૭૦

આ અધ્યાયનું નામ '**ગુરુમાહાત્મ્યવર્ણન**' છે. આ અધ્યાયમાં **૨૧૨** દોહરા છે.

આ અધ્યાયમાં નિરંજન લીલાનું આગળ વર્ણન કરવાની અલખને વિનંતી કરે છે. અલખે નિરંજનનો આભાર માનીને પછી શ્રીગુરુની લીલા સંભળાવવા માંડી. (૧-૩).

આ અધ્યાયમાં શ્રીગુરુનું માહાત્મ્ય વર્ણવતી લીલાનો પ્રસંગ છે. વૈદ્યનાથ પાસે આરોગ્યભવાની માતાના સ્થળે શ્રીગુરુ ગુપ્તરૂપે રહ્યા. તે વખતે એક બ્રાહ્મણ ભક્તે આવીને પોતાના ગુરુ વિરુદ્ધ ફરિયાદ કરી. મેં ગુરુની ઘણી સેવા કરી છતાં ગુરુએ મને જ્ઞાન આપ્યું નહિ. એવી ફરિયાદ સાંભળીને ગુરુએ એને ઘણો ઠપકો આપ્યો અને કહ્યું કે જે કોઇ ગુરુનો દ્રોહ કરે છે તેને કદી પણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. જે ગુરુની સેવા કરવાની પદ્ધતિ જાણે છે તેને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૪-૪૪).

આ સાંભળીને બ્રાહ્મણે શ્રીગુરુને પૂછ્યું કે ગુરુને કેવી રીતે જાણવો? એના અગમ્ય સ્વરૂપ વિષે કહો અને ગુરુનો મહિમા કહો એટલે શ્રીગુરુએ પ્રસન્ન થઇને ગુરુ અને ગુરુ મહિમા સંભળાવવો શરૂ કર્યો. (૪૫-૪૮).

મા પહેલો ગુરુ છે, પિતા બીજો ગુરુ છે. વિદ્યા આપનારો પણ ગુરુ છે અને બ્રહ્મવિદ્યા આપનારો પરમ ગુરુ છે. ગુરુ સેવા મહિમા સમજાવવા એમણે મહાભારતના આદિપર્વમાં આવતી ધૌમ્ય મુનિ અને એના ત્રણ શિષ્ય અરુણ પાંચાલ, બૈદ અને ઉપમન્યુની વાત કરી. પહેલાંનાં વખતમાં શ્રીગુરુ શિષ્યની મનોવૃત્તિ પારખીને એને મઠારવા માટે એને યોગ્ય કામકાજ સોંપી, એની વૃત્તિ સુધારીને જ્ઞાન આપતા. અરુણ પાંચાલને ડાંગરના ક્યારા પાણીથી ભરવાનું મુશ્કેલ કામ સોંપી એની ગુરુનિષ્ઠા તપાસી. બૈદને ખેતરનો પાક લાવવા ગાડું અને એક દુર્બળ પાડો આપીને એની નિષ્ઠા તપાસી અને ઉપમન્યુની ખાવાની વૃત્તિની કસોટી કરીને નિષ્ઠા તપાસી અને એ પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં કેવળ આશીર્વાદથી જ્ઞાન આપી દીધું. (૪૯-૧૭૮).

ગુરુની વાત સાંભળીને બ્રાહ્મણ પોતાના મૂળ ગુરુ પાસે જઇને મળ્યો અને અંતે મુકત થયો. (૧૭૯-૨૧૨).

શિષ્ય નિરંજને હાથ જોડીને વિનંતી કરતાં કહ્યું કે હે અલખ યોગીશ્વર ! આપ લીલાનું વર્ણન ચાલુ રાખો. (૧). શિષ્યો યાત્રા માટે ગયા પછી ત્યાં શું બન્યું તે કહો અને એ ચરિતામૃતનું પાન કરાવીને મારી તરસને છિપાવો. (૨). શિષ્યનાં આવાં વચનો સાંભળીને અલખને ઘણો જ આનંદ થયો અને બોલ્યા કે હે ગુરુભકત ! તને ધન્ય છે. તને પૂરેપૂરો સંતોષ થાય તે રીતે તને કથા કહું છું તે તું સાંભળ. (૩). કોઇ ગુરુની લીલાની કથા પૂછતું ન હતું તેથી મારું મન સૂઇ ગયું હતું. આજે તારા પ્રશ્નથી એ જાગ્યું છે અને તેથી મને ખૂબ સંતોષ થયો છે. (૪). તું મારો પ્રાણપ્રિય મિત્ર છે અને જ્ઞાની શિષ્ય છે. તને ધન્ય છે. તારા મિલનથી યાદશક્તિ પાછી જાગી ઊઠી છે અને

અજાણતામાં સુખનો અનુભવ થયો છે. (૫). આ સંસારમાં હું ઘણો હેરાન થયો અને મારાં અંગો પણ શિથિલ થઇ ગયાં હતાં. ચારે દિશામાં રખડી રખડીને હું થાકી મર્યો પણ ક્યાંય તલભર પણ ગોઠતું ન હતું-અનુકૂળ આવતું ન હતું. (૬). તેં મારા ઉપર બહુ મોટો ઉપકાર કર્યો અને તેથી આજે મારું અંતઃકરણ સ્વસ્થ થયું છે. મને કથામૃતસાગરમાં ફેંકીને શાંત કર્યો છે. મારું મન ખૂબ પ્રસન્ન થયું છે. તું જ કહે કે તને હું શું વરદાન આપું? જા, તારા વંશમાં હંમેશ માટે પુત્ર-પૌત્રનું સુખ રહો એવા મારા આશીર્વાદ છે. (૭-૮). તારે બારણે કદી પણ ગરીબાઇ નહિ રહે. હે બાળ ! તું જગતમાન્ય થઇશ. તું ગુરુની કૃપાને લાયક છે. તું ઉદાર એવો સત્‌શિષ્ય છે. (૯). તું મનમાં બિલકુલ શંકા રાખીશ નહિ. મારો આ વરદહસ્ત તારા હાથમાં લે. તું દરેક પ્રકારનું ઐશ્વર્ય ભોગવશે અને હંમેશ માટે આનંદ મસ્તીમાં જીવશે. (૧૦).

શ્રીગુરુની કથા કામધેનુ સમાન છે અને એમનું ચરિત્ર ખરેખર મનને આનંદ આપનારું છે. ભવના ભયને હરનારું એ બધું ચરિત્ર વિસ્તારથી કહું છું તે તું સાંભળ. (૧૧). શ્રીગુરુ વૈદ્યનાથની પાસે ગુપ્તરૂપે રહ્યા અને શિષ્ય સમુદાય તીર્થાટન માટે નીકળ્યો હતો. (૧૨). વૈદ્યનાથની પાસે જ્યાં આરોગ્ય ભવાની માતનું મનોહરસ્થાન છે ત્યાં એક વર્ષ સુધી શ્રીગુરુ પ્રેમથી ગુપ્તરૂપે રહ્યા. (૧૩).

શ્રીગુરુ ત્યાં રહેતા હતા ત્યારે એક બ્રાહ્મણશ્રેષ્ઠ ત્યાં આવી ચઢ્યો અને ભક્તિથી નમ્ર બનીને મસ્તક નમાવી એણે વંદન કર્યું અને એણે અનેક સ્તોત્રોથી સ્તવન કર્યું. (૧૪). ચરણકમળ પર માથું મૂકીને તે બોલ્યો કે હે ગુરુનાથ ! તું મારો ઉદ્ધાર કર. તું મને તાર. હું અજ્ઞાનરૂપી સાગરમાં ડૂબી મરું છું. તું મારો હાથ પકડ. (૧૫). મેં ઘણું કઠોર તપ કર્યું તો પણ મારું મન જરાપણ સ્થિર થયું નથી. આધ્યાત્મિક પંથ જડ્યો નહિ અને જરાપણ તત્ત્વજ્ઞાન થયું નથી. (૧૬). જ્ઞાન ન થાય તો એ તપ કેવળ કષ્ટરૂપ છે અને દેહદમન પણ નકામું છે. હે ગુરુવર ! તારાં દર્શનથી મારું મન આજે ખૂબ પ્રસન્ન થયું છે. (૧૭). મન કેમ અસ્થિર રહ્યું એનું કારણ કંઇ જાણી શક્યો નથી. અરેરે ! હે પ્રભો ! મેં બહુ લાંબા વખત સુધી શ્રીગુરુની સેવા પણ કરી નથી. (૧૮). શું એ કારણથી મારું ચિત્ત અસ્થિર રહેતું હશે? હે વિશ્વને તારનાર દેવ ! હે ધૈર્યવાન ! તું મને ઉપદેશ આપ. (૧૯). મને વિશ્વાસ છે કે તારા ઉપદેશથી મને તરત જ જ્ઞાન થઇ જશે. હે સદ્‌ગુરુ ! તું મને શરણે રાખ. હે મુનિશ્રેષ્ઠ ! તું મારા પર તારી સત્તા ચલાવ. (૨૦).

બ્રાહ્મણનાં એવાં વચનો સાંભળીને શ્રીગુરુએ હસતે મોઢે પૂછ્યું કે હે બ્રાહ્મણ ! ગુરુ કર્યા વિના તેં તપ શા માટે શરૂ કર્યું? એનું કારણ મને હવે કહે. (૨૧).

સદ્‌ગુરુનાં વચન સાંભળીને બ્રાહ્મણે ઘણું દુઃખ વ્યકત કર્યું. તેણે આંખમાંથી આંસુ પાડ્યાં અને કહેવા લાગ્યો કે હે શ્રીગુરુ ! હું કહું તે તમે સાંભળો. (૨૨). મારા એક ગુરુ હતા. પરંતુ તે નિષ્ઠુર અને અતિશય ક્રોધી હતા. મારા પર નકામો ક્રોધ કરીને મને ખાસડાં મારતા હતા. (૨૩). મારી પાસે ભારે મહેનતનું ઘરકામ કરાવતા અને મને બહુ જ દુઃખ આપતા હતા અને છતાં હું એમની સેવા કરતો હતો. તો પણ જ્ઞાનનો એક શબ્દ કહેતા ન હતા. (૨૪). વેદ, શાસ્ત્ર કે તર્કનો એક પણ અક્ષર બોલે નહિ. પછી ભાષ્યાદિની તો વાત જ ક્યાં રહી? 'તું તો છેક જ મૂરખ છે' એવું જ કહ્યા કરે. (૨૫). 'તું બહુ ચંચળ મનનો છે. તારું મન હજી સ્થિર થયું નથી'. રોજ રોજ આવું કહીને મને વાગ્બાણો માર્યા કરતા હતા. (૨૬). વારે વારે "બસ ! સેવા કર, સેવા કર" એવું જ કહ્યા કરે. એટલે હે શ્રીગુરુ !

હું પણ કંટાળ્યો અને એમનાં ક્રૂર વચનો સાંભળીને સેવા છોડી ત્યાંથી નાસી છૂટ્યો. (૨૭). ગુરુનું કહેલું મેં ના કર્યું તેથી ગુરુનાથ ખૂબ ક્રોધે ભરાયા હતા. એટલે એમને છોડીને હું અહીં આવતો રહ્યો. હે તાત ! મારું દુ:ખ નિવારો. (૨૮).

આ સાંભળીને શ્રી સદ્‌ગુરુ બોલ્યા કે અરેરે ! હે હલકટ બ્રાહ્મણ ! તું હાથે કરીને મરવા ક્યાં નીકળ્યો? ગુરુદ્રોહી તો ગધેડા સમાન ગણાય. (૨૯). જેમ કોઇ મૂઢ માણસ મંદિરમાં જઇને મળ-મૂત્ર કરે અને પછી ભગવાન એના પર કોપ કરે તો કહે કે મારું તો પ્રારબ્ધ જ વાંકુ છે. તેં પણ બસ ! આવું જ કર્યું છે. (૩૦). પોતાના નાક પર જ છરી ચલાવીને તું બીજાને અપશુકન કરવા પ્રયત્ન કરે છે? તારું મન કેવી રીતે સ્થિર થશે? (૩૧). તારું અંતર દોષોથી ભરેલું છે અને તું પાછો બીજાની ભૂલ કાઢે છે? આવો માણસ કદી સુખી થતો નથી અને એ બંને કુળ ડુબાડે છે. (૩૨). પોતાના દોષો જાણ્યા વિના મન કેવી રીતે શુદ્ધ થાય? અને હે દુષ્ટ બુદ્ધિવાળા ! તને એટલું પણ ભાન નથી કે મન શુદ્ધ થયા વગર કેવી રીતે જ્ઞાન થાય? (૩૩). તું ગુરુદ્રોહી છે. તને ધિક્કાર છે અને તું પરમેશ્વર સમાન ગુરુની નિંદા કરે છે? તારું મન સ્થિર થાય જ કેવી રીતે? અને તને લેશમાત્ર પણ જ્ઞાન થાય કેવી રીતે?① (૩૪). તારી પાસે જ ખજાનો છે પછી જંગલમાં કેમ શોધે છે? કામધેનુ સમાન ગુરુને છોડીને હે મૂરખ ! તું ક્યાં દોડે છે? (૩૫). તું તારા મોઢેથી ગુરુની નિંદા કરે છે તો તારી જીભ તૂટી કેમ નથી પડતી? ઘુવડની જેમ હે મૂઢ ! તું હાથે કરીને આંધળો કેમ થાય છે? (૩૬). હે ગુરુદ્રોહી ! તને ધિક્કાર હો ! તને મનની સ્થિરતા કે લેશમાત્ર જ્ઞાન પણ ક્યાંથી મળે? તારો ભગવાન જ તારા પર રૂઠ્યો છે. (૩૭). જે માનવી ગુરુદ્રોહી છે તેને સ્વપ્નમાં પણ સુખ મળતું નથી. એ હંમેશ માટે અજ્ઞાનથી વીંટળાયલો રહેતો હોવાથી એનો જન્મ મરણનો ફેરો ટળતો નથી. (૩૮). જે ગુરુની સેવા કરવાની રીત જાણે છે તે બધા જ વેદોનું જ્ઞાન ધરાવે છે. મંત્ર અને તંત્ર બધા એના સેવક થઇને રહે છે અને એને કોઇ વાતનું દુ:ખ રહેતું નથી.② (૩૯). ગુરુ પ્રસન્ન થતાંની વારમાં વ્યક્તિ તરત જ સર્વજ્ઞ બની જાય છે. આઠે સિદ્ધિ એને ક્ષણમાં વશ થઇ જાય છે અને એ બધાં શાસ્ત્રનો જાણકાર બને છે. (૪૦).

શ્રીગુરુની અમીદષ્ટિ પડતાં જ એ બ્રાહ્મણના અશુભ વિચારો અને કર્મો બળીને ખાખ થઇ ગયાં. એ બ્રાહ્મણ ભકત વિનમ્ર અને ચતુર બનીને પ્રણામ કરવા લાગ્યો. (૪૧). શ્રીગુરુનો આનંદપૂર્વક જયજયકાર કરીને ફરી ફરીને પગે લાગવા માંડ્યો અને બોલ્યો કે હે જ્ઞાન સાગર પ્રભુ ! હે ગુરુરાય ! મારો ઉદ્ધાર કરો. (૪૨). તું નિર્ગુણ અને નિર્વિકારી છે. તારી લીલા અગમ્ય છે. તારી કૃપાદષ્ટિથી મૂઢ પણ ધન્ય થઇ જાય છે. (૪૩). હે પ્રભુ ! માયાની જાળથી વીંટળાયેલા મને તારા સ્વરૂપનું સહેજ પણ ભાન નથી. હે મહેશ ! જો તારી કૃપાદષ્ટિ થશે તો જ મને જ્ઞાન થશે. (૪૪). હે ગુરુજી ! સૌ પ્રથમ મને સમજાવો કે ગુરુને કેવી રીતે ઓળખવા? એનું અગમ્ય સ્વરૂપ મને સમજાવો અને મને એ પણ સમજાવો કે શ્રીગુરુની કેવી રીતે સેવા કરીને જગમાં ધન્ય થઇ જઉં. (૪૫). હે વિશ્વવંદ્ય સદ્‌ગુરુ ! મને આ બધું વિસ્તારથી સમજાવો જેથી મારું ચિત્ત સ્થિર થાય અને શ્રીગુરુને હું સમજી શકું. (૪૬). હે પ્રભુ ! તું મારા પર આટલો ઉપકાર કર અને મને ગુરુ મહિમાનો સાર સંભળાવ. હે પ્રભુ ! મારા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરો. એમ કહીને તે લાંબો થઇને પગે પડ્યો. (૪૭). એની દયાજનક વાણી સાંભળીને શ્રીગુરુ પીગળ્યા અને એ ઉત્તમ વિગ્રહધારીએ ગુરુમહિમા અને ગુરુની સેવાનો વિધિ કહેવાનું શરું કર્યું. (૪૮).

હે મુનિ ! તું સાંભળ. સૌથી પહેલો ગુરુ એ 'મા' છે. પિતા એ બીજો ગુરુ છે. આપણું ભલું કરનાર,

આપણા પર ઉપકાર કરનાર અને આપણું ભયમાંથી રક્ષણ કરનાર પણ આપણો ગુરુ જ ગણાય. (૪૯). જેની પાસેથી વિદ્યા શીખીએ તે પણ વિદ્યાગુરુ જ છે અને જેની પાસેથી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરીએ એને પરમ ગુરુ જાણવો. એની પરમ સ્નેહથી સેવા કરો. (૫૦). શ્રીગુરુ સાચે જ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર છે. શ્રીગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. ગુરુની કૃપા વિના માયાએ ઊભા કરેલા ભ્રમને કોઇ ભેદી શકતો નથી. (૫૧).

મહાભારતના આદિપર્વમાં ગુરુનો મહિમા વર્ણવ્યો છે. હે બ્રાહ્મણ ! સાવધાન મનથી સાંભળીને તું ગુરુસેવામાં લાગી જા. (૫૨). દ્વાપરયુગમાં ધૌમ્ય મુનિ નામના એક બ્રહ્મર્ષિ થઇ ગયા. એ અત્યંત બુદ્ધિશાળી, વિદ્યાના ભંડાર, પરમ ધાર્મિક તેમજ સરળ હતા. (૫૩). એમની પાસે ત્રણ મહાન શિષ્યો વિદ્યાભ્યાસ કરતા હતા. પહેલો અરુણ પાંચાલ, બીજો ઘણો જ સમજુ બૈદ અને ત્રીજો ઉપમન્યુ હતો. આ ઉપમન્યુ તનતોડ સેવા કરતો હતો. આ ત્રણે શિષ્યો ગુરુમાં અને હરિહરમાં જરા પણ ભેદ જોતા ન હતા. (૫૪-૫૫).

પહેલાંના સમયમાં ગુરુની એવી રીત હતી કે તે શિષ્યની સેવાને લગતી બરોબર કસોટી કરે અને પછી જ તેને વિદ્યા આપતા. (૫૬). એની સારી એવી કસોટી કરીને, મન શુદ્ધિ અને નિષ્ઠા તપાસીને પછી જ કલ્પવૃક્ષરૂપ શ્રીગુરુ કૃપા કરીને એને મનવાંછિત આપતા હતા.③ (૫૭).

આવા મુનિશ્રેષ્ઠ ધૌમ્ય મુનિ એકવાર એકાંતમાં બેઠા હતા. એમની સેવામાં પરમ સંયમી એવો અરુણ હતો. (૫૮). એને બોલાવીને શ્રીગુરુએ કહ્યું કે બેટા ! તું એકદમ ઝડપ રાખ અને દોડતો ખેતરે જા. ત્યાં ડાંગરના ક્યારા પાણી વિના સુકાય છે. (૫૯). તળાવમાંથી પાણી સીધે સીધું ખેતરમાં લાવ અને જલદીથી ડાંગરના ક્યારા પાણીથી ભરી દે નહિ તો બધી ડાંગર સુકાઇ જશે. (૬૦). તું આટલું પ્રયત્નપૂર્વક કર. એમાં વાર ન કરીશ. ગુરુની આજ્ઞા થતાં જ એ શિષ્ય તરત જ દોડ્યો. (૬૧). જલદી જલદી ખેતરમાં જઇને એણે ઊંડી નીક (નહેર) કરી અને તળાવનું પાણી ખેતર બાજુ વાળીને પરમ ધીરજવાન અરુણ ઊભો રહ્યો. (૬૨). તળાવની સરખામણીમાં એ ખેતર જરા ઊંચુ હોવાથી પાણીનો પ્રવાહ ઉપર જતો ન હતો. પાણીનો ધસમસતો પ્રવાહ ઘેરી ગર્જના કરીને બીજે રસ્તે વહી જતો હતો. (૬૩). શિષ્યે મનમાં વિચાર્યું કે આ પાણી તો બીજે રસ્તે વહી ચાલ્યું. હવે શું કરું? જો ખેતરમાં પાણી નહિ જાય તો તો ગુરુજી ગુસ્સે થશે. પરંતુ ગુરુ વિના મને કોણ ઉપાય બતાવશે? (૬૪). એમ વિચારીને બીજા ઉપાય તરીકે એણે ઘણા બધા પથ્થરો એકઠા કર્યા અને પાણીને વાળવા માટે ઘણો પ્રયત્ન કરીને બંધ બાંધ્યો. (૬૫). તો પણ પાણી ખેતરમાં ન જ ગયું અને ઊલટાનું પથ્થરોને તાણી જઇ બીજે રસ્તે પૂરપાટ વહેવા લાગ્યું. (૬૬). વિવિધ પ્રકારના ઉપાયો કર્યા તો પણ જરા પણ પાણી ખેતરમાં જતું ન હતું. એટલે શિષ્યને ઘણું જ દુ:ખ થયું. (૬૭). હે પ્રભુ ! તું મારી મદદે આવ. હું બાળક આમાં શું કરું? જો હવે પાણી ખેતરમાં નહિ ચઢે તો હું મારા પ્રાણનો તરત જ ત્યાગ કરીશ. (૬૮). જો ખેતરમાં પાણી ન ચઢે અને તેથી ગુરુજીનું ધાન્ય સુકાઇ જાય તો પછી મારે જીવીને પણ શું કરવું? ગુરુકાર્ય માટે આ શરીર ત્યજી દેવું બહેતર છે. (૬૯). મનથી આવો નિશ્ચય કરીને શિષ્યે પોતાના અંતરમાં શ્રીગુરુનું ધ્યાન કર્યું અને સ્વગત બોલ્યો કે હું બીજો ગમે તેવો પ્રયત્ન કરીને પણ તળાવનાં પાણીને ખેતરમાં તો વાળીશ જ. જો પથ્થરો પ્રવાહની સામે નથી ટકી શકતા તો હું મારું શરીર ત્યાં સ્થાપી દઉં. (૭૦-૭૧). જો હું મારો દેહ આડો રાખીશ તો તરત જ પાણી ખેતરમાં જશે. આવો નિર્ણય કરીને એણે ગુરુ મૂર્તિનું ધ્યાન કર્યું. (૭૨). એણે

પોતાનું ભરાવદાર શરીર પાણીની સામે આડું રાખી દીધું અને આ રીતે શરીર પાથરતાં અડધું પાણી ખેતરમાં ગયું. (૭૩). અડધું પાણી ઝડપથી ખેતરમાં ગયું અને બાકીનું પાણી બીજી બાજુ વહેતું હતું. એ બેની વચ્ચે શિષ્યનું શરીર હતું. (૭૪). શ્રીગુરુનાં કાર્ય માટે આવું મહાન જોખમ ઉઠાવ્યું. શિષ્યે પાણીમાં ડૂબી જઇને અર્ધું પાણી ખેતરમાં વાળ્યું. (૭૫). ક્ષણવારમાં પાણીથી ખેતર છલોછલ ભરાઇ ગયું. પરમ ધૈર્યવાન ધૌમ્ય ગુરુ ખેતરે દોડ્યા. જળથી ભરેલા ક્યારા જોઇને સંતોષ પામીને ગંભીર થઇને બોલ્યા કે સૂર્યાસ્ત થવા આવ્યો છતાં પણ હજી શિષ્ય કેમ દેખાતો નથી? મનમાં અતિશય દુ:ખ થયું કે અરેરે ! શિષ્ય ક્યાં હશે? (૭૬-૭૭). એની ચારે દિશામાં શોધખોળ કરી છતાં એનો પત્તો ન લાગ્યો. એમણે વિચાર્યું કે બાળક અતિશય થાકી ગયો હશે તેથી બોલતો નથી. (૭૮). પાણી ખેતરમાં વાળવાના કામથી થાકી ગયો હશે કે મારાથી એ રીસાયો હશે? વાઘ જેવા હિંસક પ્રાણીએ ફાડી તો નહિ ખાધો હોય ને ! એમ એના જીવતા રહેવા વિશે પણ શંકા થઇ. (૭૯). એમ વિચારતાં શ્રીગુરુ આકુળવ્યાકુળ થઇને પ્રેમથી બૂમાબૂમ કરવા લાગ્યા અને હે શિષ્ય ! હે વત્સ ! તું બોલ કે તું ક્યાં છે? તું ક્યાં ગુમ થયો છે? (૮૦). ઊંચા અવાજે અને કરુણ સ્વરે ગુરુજીને બોલાવતા સાંભળીને એ સુંદર શરીરધારી અરુણ જેમ તેમ (ડૂબી ગયેલો) કરીને ઊઠ્યો. (૮૧). ધીમે ધીમે જેમ તેમ ઊઠીને એ પાણીની બહાર આવ્યો અને એ શિષ્યે શ્રીગુરુનાં ચરણમાં ભક્તિભાવથી વિનમ્ર બનીને વંદન કર્યાં. (૮૨).

એણે બનેલી બધી વાતો શ્રીગુરુને કહી સંભળાવી. એ સાંભળીને ધીરજવાળા શ્રી ધૌમ્યગુરુ એને ભેટ્યા અને ખૂબ આનંદિત થઇને ગંભીરપણે વરદાન આપતાં બોલ્યા કે હે વત્સ ! હે શિષ્ય શિરોમણિ ! ધન્ય છે તને. જા તને મારા આશીર્વાદ છે અને તેથી તું વેદ-શાસ્ત્ર-વ્યાકરણનો જ્ઞાતા થા અને સર્વજ્ઞ થઇ ધન્ય ધન્ય થઇ જા. (૮૩-૮૪). શ્રીગુરુની આશીર્વાદયુક્ત વાણીના પ્રભાવે એ બાળ જ્ઞાનસંપન્ન થયો. એણે તરત જ ભાવપૂર્વક શ્રીગુરુનાં ચરણમાં વંદન કર્યાં. (૮૫).

ધૌમ્યગુરુને પરમ સંતોષ થયો. કૃપાના સાગર એવા એ મુનિ બોલ્યા કે હવે તું ઘરે જા અને યોગ્ય સ્ત્રી સાથે લગ્ન કરી આનંદપૂર્વક ગૃહસ્થી જીવન જીવ. (૮૬). હે પુણ્યવાન ! ધર્મના માર્ગને અનુસરીને, દેવ તથા અતિથિનું પૂજન કરીને અને પિતાનાં કાર્યમાં મન લગાવીને તું સજ્જનોને આનંદ આપ. (૮૭). ગુરુની આજ્ઞા સ્વીકારીને અને શ્રીગુરુને વંદન કરીને અરુણ તરત જ ઘરે ગયો અને શ્રીગુરુની આશિષથી સુખી સુખી થઇ ગયો. હવે ધૌમ્ય ગુરુ પાસે બે શિષ્યો રહ્યા. (૮૮).

શ્રીગુરુની સેવામાં રચ્યોપચ્યો રહેનાર બીજો શિષ્ય બૈદ હતો. તે ખૂબ સમજુ હતો. તેનું મન જોવા માટે એક દિવસ ધૌમ્ય ગુરુએ કહ્યું કે બેટા ! તું ખેતરમાં જા અને તું એની રાત દિવસ રક્ષા કર. હે સારા કુળમાં જન્મેલા ! પાક તૈયાર થાય એટલે તું એ બધું અનાજ ઘરે લઇ આવ. (૮૯-૯૦). રાજી થઇને બૈદ ખેતરમાં ગયો. રાત દિવસ મહેનત કરીને પાકને સાચવવા લાગ્યો. (૯૧). અનાજ તૈયાર થતાં બધું ધાન્ય કાપી (મસળી) નાંખીને એક મોટો ઢગલો કર્યો અને પછી ગુરુની પાસે આવીને ધાન્ય ઘરે લાવવાની આજ્ઞા માગી. (૯૨). બૈદે કહ્યું કે બધી ડાંગર તૈયાર થઇ ગઇ છે. એનો કાપીને ખેતરમાં ઢગલો કર્યો છે. આપ કહો તો બધું જ અનાજ તરત જ ઘરે લઇ આવું. (૯૩). ધૌમ્ય ગુરુ બોલ્યા કે હે શિષ્ય શિરોમણિ ! હે વીર ! શાબાશ. તેં અથાગ મહેનત કરીને આ કાર્ય કર્યું છે. (૯૪).

હવે તું વાર કરીશ નહિ. જલદી જા અને એ ધાન્ય ઘરે લઇ આવ. એમ કહીને ગુરુજીએ એક જૂનું પુરાણું ગાડું આપ્યું અને એક પાડો આપીને કહ્યું કે લે બેટા ! તું હવે ઉતાવળ કર. બધું અનાજ ગાડામાં ભરીને તું અત્યારે ને અત્યારે લઇ આવ. (૯૫-૯૬). આજ્ઞાનો સ્વીકાર કરી ગાડાંની એક બાજુ પાડાને જોડ્યો અને બીજી બાજુ પોતે જોડાયો અને ગાડું ખેંચવા લાગ્યો. જેમ તેમ કરીને મહામહેનતે ગાડું ખેંચીને ખેતરે લાવ્યો. એકલે હાથે એણે ગાડાંમાં ચાલીસ મણ ડાંગર ભરી. (૯૭-૯૮). એક બાજુ ગાડાંનો ભાર પાડો ખેંચે અને બીજી બાજુ ધન્ય એવો સુશિષ્ય પહેલાંની જેમ ખેંચવા લાગ્યો. ધન્ય છે આ શિષ્ય બૈદને. ખરેખર એને ધન્ય છે. (૯૯). પાડો ઝડપથી ગાડું ખેંચતો હતો પરંતુ થાકી ગયેલો અશકત શિષ્ય એટલી ઝડપથી ચાલી શકતો ન હતો. એટલે એણે આ કાર્ય સારી રીતે કરવા પોતાના ગળે ધૂંસરી બાંધી અને પાડાની સાથે એટલી ઝડપથી ચાલવા લાગ્યો. આ રીતે જેમ તેમ ગાડું ખેંચતો હતો ત્યાં મોટું વિઘ્ન આવ્યું. (૧૦૦-૧૦૧). રસ્તાની વચમાં મુશ્કેલીથી ઓળંગી શકાય એવો કાદવથી ભરાયેલો મોટો ખાડો આવ્યો. આ ખાડાના કીચડમાં પાડો લપસી ગયો-ઊંડો ઊતરી ગયો. એટલે હવે શું કરવું એ વિચારે શિષ્ય રડવા લાગ્યો. (૧૦૨). બૈદ ખૂબ ચિંતા કરવા લાગ્યો. અતિશય જોર કરીને એ ખેંચવા લાગ્યો પરંતુ ગાડું બિલકુલ ખસ્યું નહિ અને એના ગળે બાંધેલ ધૂંસરી યમના પાશ સમાન પીડા આપતી હતી. (૧૦૩). એણે ગાડાંથી પાડાને છોડી નાંખ્યો અને પછી એકલાએ એ ભારે વજનદાર ગાડું ખેંચવા પ્રયત્ન કર્યો. એનામાં હતું એટલું જોર લગાવીને ખેંચતાં એ બેભાન થઇ ગયો. (૧૦૪). ગળામાં ધૂંસરીનો ફાંસો અને મોંમાંથી ફીણ નીકળવા માંડ્યું. પ્રાણ પણ આકુળ-વ્યાકુળ થવા લાગ્યા ત્યાં જ કુશળ એવા ધૌમ્ય ગુરુ આવી પહોંચ્યા. (૧૦૫). શિષ્યની દયાજનક સ્થિતિ જોઇને ધૌમ્ય ઋષિ અતિશય ભાવવિભોર થઇ ગયા. એને સંકટમાંથી મુકત કરીને સૌમ્ય એવા મુનિ એને પંપાળવા લાગ્યા. (૧૦૬). એને ભેટી પડીને દયાથી ભરેલા મુનિરાજ (ધૌમ્ય) બોલ્યા કે હે વત્સ ! તારી સેવા જોઇને હું આજે પ્રસન્ન થયો છું. (૧૦૭). જા, હું તને વરદાન આપું છું કે તું વેદોનો જાણનાર અને શાસ્ત્રમાં પૂર્ણ પારંગત થા. ગુરુનાં કેવળ વરદાનથી એ ઉત્તમ શિષ્ય તરત જ સર્વજ્ઞ થયો. (૧૦૮). આજ્ઞા કરીને એને ઘરે મોકલી આપ્યો. પછી એ જગતમાં પ્રસિદ્ધ થયો. હે ભાઇ ! આ જગતમાં ગુરુકૃપા થતાં ન મળે એવી કોઇ વસ્તુ નથી. (૧૦૯).

ત્રીજો શિષ્ય ઉપમન્યુ હતો જે ગુરુનાં ચરણની સેવા કરતો હતો. રોજ રોજ ગુરુની સેવા કરતો હતો. આમ સેવા કરતાં કરતાં કેટલોક સમય વીતી ગયો. (૧૧૦). એનું મન ખાવામાં જ વધુ રહેતું અને એનો ખોરાક પણ ઘણો હતો. એનું મન ખાવામાં જ ભટકયા કરે એટલે ચિત્ત વિદ્યાભ્યાસમાં ચોંટતું જ નહિ.⑦ (૧૧૧). આવું જોઇને ધૌમ્ય ગુરુએ મનમાં યોગ્ય વિચાર કર્યો અને ઉપમન્યુને બોલાવીને આશ્ચર્યજનક સૂચના આપી. (૧૧૨). હે શિષ્ય ! આ ગાયોને જંગલમાં જયાં ચરવા માટે સારું ઘાસ હોય ત્યાં લઇ જા. એમનું પેટ ભરાય ત્યાં સુધી એને પ્રેમથી ચરાવજે. (૧૧૩). ગુરુની એવી આજ્ઞા સાંભળીને ચરણમાં વંદન કરીને શિષ્ય ગાયોને લઇને વનમાં ગયો અને લાંબા સમય સુધી ગાયોને ચારી. (૧૧૪). ઉપમન્યુને કકડીને ભૂખ લાગતાં ગાયોને પાછી ઘરે લઇ આવ્યો. એ જોઇને ક્રોધ કરતાં શ્રીગુરુ બોલ્યા કે આટલી વારમાં પાછો કેમ આવ્યો? (૧૧૫). ગાયોનું હજી અડધું પેટ પણ ભરાયું નથી. એટલી વારમાં જલદી પાછો કેમ આવી ગયો? સૂર્યાસ્ત થાય ત્યાં સુધી ગાયોને ચરાવ. કામમાં વેઠ ન ઉતારીશ. (૧૧૬). આજ્ઞા શિરોમાન્ય કરીને બીજે દિવસે બાળ ઉપમન્યુ આનંદપૂર્વક ગાયોને લઇને વનમાં ગયો.

ગાયો ચારતાં બપોરનો સમય થયો. એટલે પેટમાં ભૂખના ભડકા થવા લાગ્યા અને પ્રાણ આકુળવ્યાકુળ થવા લાગ્યા. ગુરુનું સ્મરણ કરીને નદીમાં સ્નાન કર્યું. (૧૧૭-૧૧૮). સ્નાન કરીને જ્યાં સંધ્યાવંદન કરવા બેઠો ત્યાં જ દૂર બ્રાહ્મણોનાં ઘરો જોયાં. ગાયોને ચરતી રાખીને એ ત્યાં ભિક્ષા માગવા ગયો. (૧૧૯). સાત ઘરે માધુકરી માગી, ભૂખને શાંત કરી સાંજે શાંતિથી ગાયોને ચારીને ઘરે આવ્યો. (૧૨૦). કેટલાક દિવસો વીતી ગયા પછી પણ ઉપમન્યુનું તો શરીર હૃષ્ટપુષ્ટ જ રહ્યું. એટલે એક દિવસ એને બોલાવીને ધીરજવાળા ગુરુએ પૂછ્યું કે બેટા ! તને ઘરે ખાવાનું મળતું નથી અને તું ઉપવાસી રહે છે. તું ગાયોને ચરાવવાને કારણે રોજ વનમાં ભટકે છે આમ છતાં તારું શરીર હૃષ્ટપુષ્ટ કેવી રીતે થયું છે? (૧૨૧-૧૨૨).

હાથ જોડીને વંદન કરતાં શિષ્યે કહ્યું કે હે ગુરુજી ! હું વનમાં જઉં છું તો ત્યાં બપોરના બ્રાહ્મણોનાં ઘરે ભિક્ષા માંગી એ ભિક્ષાન્ન ખાઇને પછી વનમાં આનંદથી ફરું છું અને ગાયોને સવારથી સાંજ સુધી ચરાવીને સાંજે ઘરે લાવું છું. આ સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે મને મૂકીને તું ભિક્ષાનું અન્ન કેમ ખાય છે? (૧૨૩-૧૨૪). હવેથી તું રોજ ભિક્ષા લાવીને મને અર્પણ કરી દેજે અને પછી પાછો જંગલમાં જઇને સાંજ સુધી ગાયોને ચારજે. (૧૨૫). 'જેવી આપની આજ્ઞા' એવું કહીને બીજે દિવસે ઉપમન્યુ ગાયોને લઇને વનમાં ગયો. આનંદથી ગાયો ચરાવતાં મધ્યાહ્નકાળ થતાં પ્રેમપૂર્વક માધુકરી માગી લાવી, તરત ઘરે આવીને પ્રેમથી ગુરુનાં ચરણમાં અર્પણ કરીને ભૂખ્યો ભૂખ્યો એ વનમાં ગયો. (૧૨૬-૧૨૭). ઘરે એને ક્યારેય પણ પેટ ભરીને ભોજન મળતું ન હતું. એટલે એ ફરીથી ભિક્ષા માગીને, ભોજન કરીને ગાયોનું રક્ષણ કરતો હતો. (૧૨૮). બે વાર ભિક્ષા માગીને, પહેલી વારની ભિક્ષા ગુરુને અર્પણ કરીને બીજી વારની ભિક્ષા એ શિષ્યરત્ન પોતે કરતો હતો. (૧૨૯). આ રોજનો ક્રમ થઇ ગયો હતો અને એ રીતે ગોધન સાચવતો હતો. કેટલોક સમય વીત્યા પછી એનું શરીર હૃષ્ટપુષ્ટ જોઇને દયાળુ શ્રીગુરુ વિચારવા લાગ્યા અને એક દિવસ ધૌમ્ય ગુરુએ એને પૂછ્યું કે હે શિષ્ય ! તારું આ શરીર આવું હૃષ્ટપુષ્ટ કેવી રીતે થયું છે તેનું કારણ કહે. એનું રહસ્ય ખોલ. તને ઘરે પેટ પૂરતું ખાવાનું મળતું નથી અને ભિક્ષા તું મને રોજ જ અર્પણ કરી દે છે. પછી તું શું ખાય છે? અને ક્યાંથી ખાવાનું લાવે છે? (૧૩૦-૧૩૨).

શિષ્યે હાથ જોડીને કહ્યું કે હે ગુરુજી ! હું બે વાર ભિક્ષા માગું છું. પહેલી વારની ભિક્ષા આપને અર્પણ કરીને બીજી ભિક્ષા હું જમું છું. (૧૩૩). એ રીતે મારી ભૂખને શાંત કરી, રોજ પ્રેમથી લીલું ઘાસ શોધીને ગાયોને ચારું છું. (૧૩૪). આ સાંભળીને ક્રોધનો દેખાવ માત્ર કરીને ધૌમ્ય મુનિ બોલ્યા કે અરે નાદાન ! બંને વારની ભિક્ષા લાવીને તું મને અર્પણ કર. (૧૩૫). ગુરુની આજ્ઞા વિના અન્ન લેવામાં બહુ દોષ છે. 'જેવી આપની આજ્ઞા' એમ કહીને શિષ્ય ઘરકામ કરવામાં લાગી ગયો. (૧૩૬). બીજા દિવસથી બન્ને વારની ભિક્ષા એ આનંદપૂર્વક ગુરુનાં ચરણમાં અર્પણ કરી દેતો હતો. એમાં એના મનમાં જરા પણ દુ:ખ થતું ન હતું. (૧૩૭). એ ધીરજવાન શિષ્ય વનમાં ગાયો ચારતો હતો ત્યાં સખત ભૂખ્યો થયો. (ત્યાં) ગાયોનાં વાછરડાંને ધાવતાં ધાવતાં જમીન ઉપર દૂધ પડતું જોયું. (૧૩૮). શિષ્યે મનમાં વિચાર્યું કે આ એઠું દૂધ જમીનમાં નકામું જાય છે. ચાલ ! એનાથી મારું કામ સાધું. એમ વિચારીને ઉપમન્યુએ ત્યાં તરત દોડી જઇને મજબૂત રીતે ખોબો ધર્યો અને એ એઠું દૂધ નીચે પડતું હતું તે પ્રેમથી ઝીલી લીધું અને પીધું અને પછી ખેદ વગર પ્રેમથી ગાયો ચારવા લાગ્યો. (૧૩૯-૧૪૧).

બે વાર ભિક્ષા માગીને ઘરે જઇને રોજ ગુરુને ભિક્ષા અર્પણ કરી દેતો હતો અને વાછરડાનાં એંઠા દૂધથી એનું પેટ પ્રેમથી ભરતો હતો. (૧૪૨). એના મનમાં જરા પણ ત્રાસ થતો ન હતો અને ગુરુ પ્રત્યેની એની ભક્તિ જરા પણ ઓછી થતી ન હતી. ગુરુચરણમાં એનો પ્રેમ ઉત્તરોત્તર દ્રઢ થતો જતો હતો. ધૈર્યવાન ઉપમન્યુને ધન્ય છે. (૧૪૩). આમ કરતાં કંઇ કેટલાય દિવસો વહી ગયા. ઉપમન્યુનું શરીર ભરાયેલું જોઇને એક દિવસ ખૂબ જ ધીરજવાળા ધૌમ્ય ગુરુએ પૂછ્યું કે હે શિષ્ય ! તને ખાવા માટે અન્ન તો મળતું નથી તો પણ તારું આ શરીર હૃષ્ટપુષ્ટ કેવી રીતે થયું? ઉપમન્યુએ હાથ જોડીને એ શરીર પુષ્ટ થવાનું કારણ કહ્યું. (૧૪૪-૧૪૫).

આ સાંભળીને ધૌમ્ય ગુરુ બોલ્યા કે અરે મૂર્ખ અને નાદાન ! એંઠું ખાવામાં ઘણા દોષો રહેલા છે તેથી એવું એંઠું દૂધ પીશ નહિ. (૧૪૬). એંઠું દૂધ પીવાથી બુદ્ધિ બગડે છે અને અંતઃકરણ મલિન બને છે. ભલે મરી જવાય તો મરી જવું પરંતુ કોઇ દિવસ એંઠું ખાવું નહિ. (૧૪૭). વળી આપણને એંઠું દૂધ પીતાં જોઇને વાછરડાં મનમાં દયા લાવીને, પોતે ભૂખ્યાં રહીને પણ વધારે દૂધ નીચે પાડે છે. એને કારણે પણ મહા દોષ લાગે છે. (૧૪૮).

વાછરડાંની આજીવિકા ચોરવાથી તને ગાયનો નિસાસો લાગશે અને તારું કદી પણ કલ્યાણ નહિ થાય. આ વાત મનમાં પાકી કર. (૧૪૯). ગુરુનાં આવાં વચન સાંભળીને બીજે દિવસે ખાધું નહિ અને ભૂખ્યા પેટે જંગલમાં ગાયોને ચારી. ધન્ય છે એ ઉપમન્યુને. (૧૫૦). માથા પર સૂરજ તપતો હતો અને ભૂખથી પ્રાણ વ્યાકુળ થતા હતા. શિષ્યે મનમાં વિચાર્યું કે આજે મોત નક્કી જ સમજો. (૧૫૧). ગુરુદેવે આજ્ઞા કરી છે કે દૂધ ન પીવું. પણ તો પછી ભૂખ કેવી રીતે શાંત થાય? શું કરવું તે સૂઝતું ન હતું અને ચિંતાતુર થઇને ફરતો હતો. (૧૫૨). નસીબજોગે ફરતાં ફરતાં તેણે આકડાનાં ઝાડમાંથી જમીન ઉપર દૂધ પડતું જોયું. એ જોઇને શિષ્ય શાંતિથી વિચારવા લાગ્યો અને આનંદમાં આવી જઇને બોલ્યો કે આ દૂધ જરા પણ એંઠું નથી. આનાથી કોઇની વૃત્તિની ચોરી થતી નથી. ખરેખર પ્રારબ્ધ સારું જણાય છે. (૧૫૩-૧૫૪). આ દૂધને પાંદડાંનાં પડિયામાં ઝીલીને રોજ ઇચ્છા મુજબ પીઉં અને પછી વનમાં ગાયો ચારું. હે કલ્યાણકારી ગુરુદેવ! આપનો જય હો ! જય હો ! (૧૫૫).

આવું વિચારીને એ ત્યાં દોડ્યો અને બે ચાર પાન તોડી, એનો પડિયો બનાવી એમાં દૂધ ઝીલી લઇ એ નાદાને જ્યાં મોંમાં દૂધની ધાર પાડી ત્યાં જ આંકડાના દૂધનાં ટીપાં ઊડીને આંખમાં પડ્યાં અને અરેરે ! એને દેખાતું બંધ થઇ ગયું. જરા પણ રસ્તો સૂઝતો નથી. એનો બધો આનંદ જતો રહ્યો. (૧૫૬-૧૫૭). દૂર દૂર જંગલમાં જતી રહેલીગાયો ક્યાં છે તે દેખાતી નથી. મૂકેલી ડાંગ દેખાતી નથી. ઉપમન્યુ ચિંતાતુર થઇને ભટકવા માંડ્યો. (૧૫૮). દૃષ્ટિ વિનાનો એ ગાયો શોધવા લાગ્યો અને વનમાં અહીં તહીં અથડાવા લાગ્યો. આ રીતે આમ તેમ ભટકતાં એ કૂવામાં પડી ગયો. (૧૫૯). એ મનમાં ને મનમાં ઘણી ચિંતા કરવા લાગ્યો કે હવે આજે શું થશે? ગાયો જણાતી નથી એટલે ઘરે જતી રહી હોય એમ લાગે છે. આજે મને ગુરુજી ખૂબ વઢશે. (૧૬૦). એટલામાં સૂર્યાસ્ત થયો અને શિષ્યને ઘરે આવેલો જોયો નહી એટલે ધૌમ્ય ઋષિ આશ્રમમાં ચિંતા કરવા લાગ્યા કે આને કેમ વાર લાગી? (૧૬૧). ધૌમ્ય ઉપર નીચે થવા લાગ્યા. એમના મનને ચેન પડતું નથી. એટલે એ દોડતા દોડતા જંગલમાં જઇ પહોંચ્યા તો દૂરથી ગાયોનું ટોળું જોયું. (૧૬૨).

શિષ્ય વગરની એકલી ગાયોને જોઇને ધૌમ્યે ઊંચા સ્વરે ઉપમન્યુના નામની બૂમ પાડી. એમને ચિંતા

પેઠી કે અરેરે ! ઉપમન્યુને શું થયું હશે? (૧૬૩). ગુરુજીની બૂમ સાંભળીને શિષ્ય ઉપમન્યુને ખૂબ આનંદ થયો. એણે કૂવામાંથી જ જવાબ આપ્યો એટલે ધૌમ્ય ગુરુ કૂવા તરફ ગયા. (૧૬૪). પોતાની આંખે આ દશ્ય જોઇને અને એની દુ:ખદ કથની સાંભળીને ધૌમ્યે કહ્યું કે બેટા ઉપમન્યુ ! તું અશ્વિનીદેવનું સ્મરણ કર. (૧૬૫). ગુરુની આજ્ઞાથી ઉપમન્યુએ જેવું અશ્વિનીદેવનું સ્મરણ કર્યું કે ક્ષણવારમાં દષ્ટિ પ્રાપ્ત થઇ ગઇ અને એણે ગુરુદેવનો જયઘોષ કર્યો. (૧૬૬). દષ્ટિ આવતાં જ પળવારમાં તે કૂવાની બહાર આવ્યો અને ગુરુના પગે પડ્યો અને ભક્તિથી નમ્ર બનીને ઘણી સ્તુતિ કરી. એણે કહ્યું કે હે ગુરુરાય ! તમારો જય હો ! (૧૬૭). ધૌમ્ય મુનિને સંતોષ થયો અને ઉપમન્યુને ભેટી પડીને કહ્યું કે હે ભકત શિરોમણિ ! હું તારી ગુરુભક્તિ જોઇને પ્રસન્ન થયો છું અને તારા સુશીલ સ્વભાવથી સંતુષ્ટ થયો છું. એમ કહી ગુરુએ એના માથા ઉપર વરદ હસ્ત પધરાવ્યો. એની સાથે જ શિષ્ય (આનંદ) મસ્ત થયો. (૧૬૮-૧૬૯).

એ બાળભકત ઉપમન્યુ પળ વારમાં વેદશાસ્ત્રનો જાણકાર થયો. પછી ગુરુએ કહ્યું કે હે ઉપમન્યુ ! તું હવે પ્રેમપૂર્વક ઘરે જા અને તારે લાયક હોય એવી સ્ત્રી સાથે સુખેથી લગ્ન કર. તેં ઘણું દુ:ખ સહન કર્યું છે. હવે તું ઘરે જઇને આનંદ કર. તારું કઠણ પ્રારબ્ધ પૂરું થયું છે.(૫) (૧૭૦-૧૭૧). હે ભકત ! તારી કીર્તિ દૂર દૂર બધે ફેલાશે. વળી તારા અનેક શિષ્યો થશે અને એ બધા તારા જેવી ગુરુભક્તિ ધરાવનારા હશે. (૧૭૨). તેમાં પણ ઉત્તંક નામનો શિષ્ય તો સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત થશે અને તારો એ શિષ્ય શેષ નાગ ઉપર વિજય મેળવીને નામના કાઢશે. (૧૭૩). એ ઉત્તંક શિષ્ય શેષનાગને જીતીને અને શેષલોકથી શેષનું કુંડળ લાવીને તારા પર પ્રેમ રાખીને તને એ કુંડળ ગુરુદક્ષિણામાં આપશે. (૧૭૪). જન્મેજય રાજાના સર્પસત્રમાં જઇને સર્પ હોમ કરાવીને ઘણી કીર્તિ કમાશે. (૧૭૫).

આવું વરદાન આપીને અને આશિષ આપીને એને ઘરે વળાવ્યો. ગુરુને વંદન કરીને ઉપમન્યુ પછી ઘરે ગયો. (૧૭૬). એનો શિષ્ય ઉત્તંક સર્પસત્રમાં સર્પહોમ કરાવીને ત્રિલોકમાં પ્રખ્યાત થઇ ગયો. લોકો એનાં યશોગીત ગાવા લાગ્યા. (૧૭૭). ઉત્તંકે ગુરુકૃપાના બળે ઇંદ્ર સાથે તક્ષકને મંત્રબળે ખેંચ્યો. બધા બોલી ઊઠ્યા કે હે ઉત્તંક! તને ધન્ય છે. (૧૭૮).

ગુરુનો દ્રોહ કરનાર વ્યક્તિને કયાંય પણ, સ્વપ્નમાં પણ, સુખ મળતું નથી અને આ લોકમાં તેમજ પરલોકમાં દુ:ખ ભોગવીને કુંભીપાક નરકમાં જાય છે. (૧૭૯). જો ગુરુ સંતુષ્ટ થાય તો શું ન મળે? એનાથી બધું જ સિદ્ધ થાય છે. બધું જ મળે છે. ગુરુ સંતુષ્ટ થતાં તે જ ક્ષણે શિષ્ય બધાં શાસ્ત્રનો જ્ઞાતા થઇ જાય છે. (૧૮૦). હે વિપ્ર ! તું ગુરુનો મહિમા નહિ જાણતો હોવાથી બધે નકામો ભટકે છે. હે મૂરખ ! તું તારા ગુરુ પાસે જા. એ જ તને જલદીથી તારશે. (૧૮૧). તારો એ ગુરુ તુષ્ટ થતાં બધા મંત્રો સિદ્ધ થશે એ તું જાણી લે. તું તરત જઇને એનાં ચરણ પકડ. આમાં તું પામર ન થા. આમ કરીને તું સિદ્ધ પુરુષ થા. (૧૮૨).

શ્રીગુરુનો ઉપદેશ સાંભળીને એ બ્રાહ્મણમાં વિવેક જાગ્યો અને ગુરુનાં ચરણમાં શીશ મૂકીને વિનમ્ર થઇને સ્નેહપૂર્વક બોલ્યો કે હે પરદુ:ખભંજન ગુરુ ! તમારો જય હો ! હું વારેવારે તમને વંદન કરું છું. તમે મારા ઉપર ખૂબ કૃપા કરીને મને આ શુદ્ધ જ્ઞાનનો બોધ કર્યો છે. (૧૮૩-૧૮૪). હે પ્રભુ ! હું ખરેખર ગુરુદ્રોહી જ છું. એ ત્રિવાર સત્ય છે. મારા અગણિત ગુના છે. ગુરુની સાથે મનભેદ થયો છે તે હવે મનમેળ કેવી રીતે થશે? (૧૮૫). સોનું, ચાંદી

વગેરે ધાતુઓ તૂટેલી હોય તો ફરીથી સંધાય છે અને પહેલાંના જેવી થાય છે પરંતુ ભાંગેલું મોતી અરેરે ! ફરીથી કેવી રીતે સંધાશે? (૧૮૬). એ જ રીતે મારું અને ગુરુનું અંતઃકરણ ભિન્ન થઇ ગયું છે તે કદી પણ પાછું એક નહિ થાય. એ વિચારથી હું ખૂબ ઉદાસ છું. હવે હું શું કરૂં? (૧૮૭). હવે મને જીવવું નકામું લાગે છે. હવે મારા જીવવાનો પણ શો અર્થ? મને મારા જીવનની હવે પરવા નથી. હું મોતને ભેટું. (૧૮૮). ગુરુનો દ્રોહ કરનાર આ શરીરનો નાશ કરી દઉં. ગુરુને માટે હું આ પ્રાણ ત્યજી દઉં. હવે જીવવાની આશા નથી. (૧૮૯). શ્રીગુરુને આવું કહીને એ બ્રાહ્મણે વંદન કર્યાં. પશ્ચાત્તાપથી તપેલું એનું અંતઃકરણ વિરક્ત થયું અને એ દેહત્યાગ કરવા જવા લાગ્યો. (૧૯૦).

જેમ અગ્નિના સંગથી બધું ઘાસ સળગી જાય તેમ પશ્ચાત્તાપથી બધું પાપ ક્ષણમાં જ બળી ગયું. (૧૯૧). અગ્નિના સ્પર્શથી કપૂર સળગી જઇને જેમ એનું નામ નિશાન રહેતું નથી તેમ પશ્ચાત્તાપના અગ્નિથી દોષ-અપરાધનું જંગલ ભસ્મ થઇ ગયું છે. (૧૯૨). પશ્ચાત્તાપના પ્રભાવથી પાપનું નામનિશાન રહેતું નથી. પશ્ચાત્તાપને કારણે ઉદાસીનતા પ્રગટે છે અને સત્યનું ભાન થાય છે. (૧૯૩). એ રીતે ઉદાસીન એ બ્રાહ્મણ દેહત્યાગ કરવા તૈયાર થયો છે. એ જોઇને જગદ્‌ગુરુ એને સ્નેહપૂર્વક કહેવા લાગ્યા. (૧૯૪). બ્રાહ્મણને બોલાવીને શ્રીગુરુએ કહ્યું કે તું મનમાં ખેદ ના કર અને બધી ચિંતા છોડી દે. તું નિર્વેદ થયો છે એટલે તારાં બધાં પાપો દૂર થયાં છે. (૧૯૫). તને વૈરાગ્ય થયો એટલે તારાં બધાં દુષ્કૃત્યો બળી ગયાં છે. તું હવે સાવધાન થઇને તારા પોતાના ગુરુનું પવિત્ર સ્મરણ કર. (૧૯૬).

શ્રીગુરુનાં એ વચન સાંભળીને એણે શ્રીગુરુનાં ચરણમાં વંદન કર્યાં અને કહ્યું કે તું ખરેખર ત્રિમૂર્તિનો અવતાર છે અને તારક છે એમાં શંકાને કોઇ જ સ્થાન નથી. (૧૯૭). હે પ્રભુ ! સૂર્યોદય થાય પછી જેમ અંધકાર ટકી શકતો નથી તેમ હે જગદ્‌ગુરુ ! તારી કૃપા થતાં, પાપ પણ ક્યાંથી ટકી શકે? (૧૯૮). આ રીતે એ બ્રાહ્મણ શ્રીગુરુનું સ્તવન કરતો હતો. સ્તવન કરતાં એનો કંઠ રૂંધાયો અને હૃદયમાં પ્રેમ સમાતો ન હતો. (૧૯૯). આંખ આંસુથી ઉભરાતિ હતી અને શરીર ઉપરનાં બધાં રોમ ઊભાં થઇ ગયાં હતાં. મોંમાંથી શબ્દ નીકળી શકતો નથી. એટલે શ્રીગુરુ 'ૐ-ૐ' એવું બોલ્યા. (૨૦૦). બ્રાહ્મણે શ્રીગુરુનાં ચરણકમળમાં નિર્મળ મનથી વંદન કર્યાં. પગે લાગીને કરુણ સ્વરે કહ્યું કે હે ગુરુમહારાજ ! મને જલદીથી તારી લેજો. (૨૦૧). મનમાં એટલી હદે ઘેરી ઉદાસીનતા છવાઇ ગઇ કે શ્રીગુરુનાં ચરણે પાછું મસ્તક મૂક્યું. એ જ ક્ષણે એને જ્ઞાન થયું અને એ ધીર પુરુષ સકલ શાસ્ત્રનો વિશારદ થઇ ગયો. (૨૦૨).

જ્યાં સાક્ષાત્ ગુરુ પ્રસન્ન થયા હોય ત્યાં પછી આ જગતમાં શું દુર્લભ હોઇ શકે? અમૃત મળી જતાં શરીરમાં રોગ ક્યાંથી રહે? (૨૦૩). પારસમણિના સ્પર્શથી જેમ લોખંડનું શુદ્ધ સોનું થઇ જાય તેમ ગુરુના પદના સ્પર્શથી એ વિપ્ર ઉત્તમ જ્ઞાની થયો. (૨૦૪). એ દ્વિજ ખૂબ આનંદિત થયો. શ્રીગુરુ બોલ્યા કે હે વિપ્ર ! હવે તું મારું કહ્યું માનીને તરત જ તારા ગુરુ પાસે પહોંચી જા. (૨૦૫). તારા જવા માત્રથી એ તારા ઉપર પ્રસન્ન થશે અને તું પગે પડશે એટલે રાજી રાજી થઇ જશે. તું તારા મનમાં એમ માન કે એ ગુરુ એ હું જ છું. તું આમાં જરા પણ શંકા ન કરીશ. (૨૦૬). અમારા બંનેમાં તું જરા પણ ભેદ ન જોઇશ. હવે તને મેં જેમ કહ્યું તેમ તું કર. શ્રીગુરુમૂર્તિનાં એ વચન સાંભળીને એ બ્રાહ્મણ તરત જ ગયો અને જઇને પોતાના ગુરુને મળ્યો અને ક્ષણવારમાં મુક્ત થયો. શ્રીસદ્‌ગુરુનાથની લીલાનું કેવી રીતે વર્ણન થઇ શકે?(૬) (૨૦૭-૨૦૮).

પછી ત્યાંથી શ્રીગુરુ નીકળીને કૃષ્ણા નદીના કિનારે વિહરતા વિહરતા જ્યાં ભુવનેશ્વરી દેવી વસે છે તે ભિલ્લવડી ગામે ગયા. (૨૦૯). કૃષ્ણા વેણીના પશ્ચિમ તટે જ્યાં ઉદુંબર વસે છે તેની નીચે શ્રીગુરુએ વાસ કર્યો અને બધી સિદ્ધિઓ પણ ત્યાં સેવામાં રહી. (૨૧૦). શ્રીગુરુ જેની નીચે રહ્યા એ ઉદુંબરને ખરેખર ધન્ય છે, જેના માહાત્મ્યના શ્રવણથી ક્ષણવારમાં શ્રેય થાય છે. (૨૧૧). અલખનાં વચન સાંભળીને નિરંજને શું કહ્યું તેનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં છે જે **રંગ** પ્રેમપૂર્વક કહેશે. (૨૧૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગુરુમાહાત્મ્ય વર્ણન'** નામનો **સિત્તેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૭૦

(૧) શિષ્યની ગુરુમાં રહેલી શ્રદ્ધા જ ફળે છે. એક જ ગુરુના બે શિષ્યોને ગુરુ એક જ મંત્ર આપે છતાં પણ બંનેને ફળ જુદું જુદું મળે તેનું કારણ શિષ્યની ગુરુમાં રહેલી શ્રદ્ધા જ છે. પરંતુ કેવી રીતે અડગ શ્રદ્ધા જન્માવવી એ ગહન કોયડો છે. યાદ રાખવું કે :

મંત્ર, તીર્થ, દ્વિજ, દેવ ને વૈદ્ય ગણક ગુરુમાંહ્ય,
જેવી જેની ભાવના તેવી સિદ્ધિ થાય.

ગુરુ કેટલું ભણેલા છે, એનો સ્વભાવ કેવો છે, એનો વિચાર શિષ્યે કરવાનો હોતો નથી. જે શિષ્ય ગુરુના જીવનમાંથી દોષો જ શોધ્યા કરતો હોય તેને જ્ઞાન મળતું નથી.

માતૃદેવો ભવ | તારી માતા તારો ભગવાન છે. પછી એ માતા અભણ હોય, દેખાવડી હોય કે ના હોય, સ્વભાવની ગમે તેવી હોય તો પણ પુત્ર માટે ભગવાન જ છે. એ જ રીતે શ્રીગુરુ પ્રત્યે ભગવાનની દૃષ્ટિ જ હોવી જોઇએ. 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ' એમ કેવળ બોલવાનું નથી, એ પ્રમાણે જીવન જીવવાનું પણ છે.

દોહરા ૩૨ અને ૩૩નું વારે વારે સ્મરણ થવું જોઇએ. જુઓ તો પોતાના દોષો જુઓ એવું અવધૂતજીએ અમર આદેશમાં કહ્યું જ છે.

(૨) સેવાવૃત્તિ એ પ્રેમવૃત્તિનું બાહ્ય સ્વરૂપ છે. કોઇની પણ સેવા ત્યારે જ થઇ શકે જ્યારે એના પ્રત્યે આપણને ખરેખરો પ્રેમ હોય. માતાને બાળક પ્રત્યે પ્રેમ હોવાથી તેની સેવા કરી શકે છે.

શ્રીગુરુ સેવા કેવી રીતે કરવી, એની સેવા કરવાની પદ્ધતિ કેવી રીતે હસ્તગત કરવી અને એવી સેવા કરીને ગુરુમહારાજને કેવી રીતે પ્રસન્ન કરવા એની જેને ખબર પડી જાય એનો ઉદ્ધાર થઇ જાય. પૂ. પ્રેમ અવધૂતજી આનું ઉત્તમ ઉદાહરણ છે.

ગુરુની વૃત્તિમાં પોતાની વૃત્તિ ભેળવી દેવાથી, સતત ગુરુનું જ ચિંતન કરવાથી અને અહંકારને મૂકી સરળતા અપનાવવાથી જ સેવા પદ્ધતિનો રાહ મળી શકે. નારેશ્વરના હાલના પ્રમુખ શ્રી જયંતિભાઇ આચાર્યે પૂ. પ્રેમ અવધૂતજીની સેવા પદ્ધતિને બિરદાવતાં લખ્યું હતું કે "કિં કિં ન સાધયતિ કલ્પલતેવ સેવા".
ગુરુને જે વસ્તુની જરૂર પડે અને તે માગે ત્યારે રજૂ કરે તે તો સામાન્ય સેવક કહેવાય પરંતુ ગુરુને શાની જરૂર પડશે એ વિચારીને ગુરુ માગે એ પહેલાં જ વસ્તુ રજૂ કરી દે એ સેવક સેવાપદ્ધતિ જાણે (લહે) છે એમ કહેવાય.

આવી સેવાપદ્ધતિથી ગુરુ પ્રસન્ન થાય એટલે સેવકને બધા વેદનું જ્ઞાન થઇ જાય અને મંત્ર તંત્ર પણ એના સેવક થઇ જાય. પરંતુ આવી સેવાપદ્ધતિ જીવનમાં આચરી બતાવવાનું સહેલું નથી.

(૩) માતા-પિતા સંસ્કાર આપી ઘડતર કરે. સ્કૂલ અને કોલેજના શિક્ષકો માહિતી આપે, નિરીક્ષણ અને ચિંતન કરતાં શીખવે પરંતુ જ્ઞાન તો પરમ ગુરુ જ આપે. ખરેખર તો ગુરુ પણ જ્ઞાન આપતા નથી પરંતુ આપણામાં રહેલા જ્ઞાનને પ્રગટ કરવામાં મદદ કરે છે, આપણમાં ચાનક જગવે છે.

સાચા ગુરુ ગમે તેને શિષ્ય બનાવતા નથી. શિષ્યને પોતે પોતાના જીવન દ્વારા જ ઉપદેશ આપે છે. એ પોતાની વૃત્તિથી જ શિષ્યની વૃત્તિ ઘડે છે. શિષ્યની મનોવૃત્તિનો ગુરુ બરાબર અભ્યાસ કરે છે અને એની મનઃશુદ્ધિ તપાસીને એ અંગે ઘટતું કરે છે. આત્મજ્ઞાન શિષ્યને એકદમ અપાય નહિ અને અપાય તો એને ફળે નહીં.

સાચા ગુરુનું જીવન આદર્શમય હોય છે. નિર્મળ હૈયું, નિર્મળ વાણી, બધા પર પ્રેમભાવ અને બધા પર કરુણા એમના જીવનમાં જોવા મળે છે. સાચા ગુરુમાં સાત્ત્વિક વૃત્તિ ખૂબ ઊંચા પ્રમાણમાં જોવા મળે છે. આ ખૂબ સમજવા જેવી વસ્તુ છે.

(૪) ઉપમન્યુનું દૃષ્ટાંત સમજવા જેવું છે. શ્રીગુરુએ જોયું કે ઉપમન્યુનો જીવ ખાવામાં ભરાઇ રહે છે. એની આ વૃત્તિને પારખીને એને દૂર કરવા માટે જ એમણે પ્રયત્ન કર્યો અને એ વૃત્તિ દૂર થતાં જ એને વરદાન આપી દીધું.

(૫) અરુણ, બૈદ અને ઉપમન્યુ ત્રણેને ગુરુએ વેદ કે શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો એવી વાત આવતી નથી. ત્રણેના કિસ્સામાં ગુરુ પ્રસન્ન થઇને વરદ હસ્ત પધરાવે એની સાથે જ જ્ઞાન થઇ જાય છે એવું વર્ણન આવે છે. શું આવું થઇ શકે? જ્ઞાનની બાબતમાં આ તદ્દન સત્ય છે. છ વર્ષનો ધ્રુવ તપ કરવા ગયો ત્યારે મધુવનમાં ભગવાને દર્શન આપી એના ગાલને શંખનો સ્પર્શ કર્યો. એની સાથે જ એણે જે સ્તુતિ કરી તે સ્તુતિ આજે શ્રેષ્ઠ સ્તુતિ પૈકીની એક ગણાય છે. છ વર્ષની ઉંમરના ધ્રુવને આવી સ્તુતિ કરતાં કોણે શિખવાડ્યું- શ્રી હરિની કૃપાથી જ આવી સ્તુતિ થઇ શકી.

યોડન્તઃ પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તાં
સંજીવયત્યખિલ શક્તિ ધરઃ સ્વધામ્ના |
અન્યાંશ્ચ હસ્ત ચરણ શ્રવણત્વગાદીન્
પ્રાણાન્નમો ભગવતે પુરુષાય તુભ્યમ્ ||
(ભક્ત ધ્રુવે કરેલી સ્તુતિ.
શ્રીમદ્ ભાગવત સ્કંધ ૪/અધ્યાય ૯/શ્લોક ૬)

અર્થ : હે પ્રભુ ! આપ સર્વ શક્તિમાન છો. આપ જ મારા અંતઃકરણમાં પ્રવેશીને પોતાના તેજથી મારી સુષુપ્ત વાણીને તથા હાથ, પગ, કાન અને ત્વચા, ઇંદ્રિયો તેમજ પ્રાણને પણ ચેતના પ્રદાન કરો છો. આપ અંતર્યામી ભગવાનને હું પ્રણામ કરું છું.

પાણિની ઉપર ભગવાન શંકર પ્રસન્ન થયા અને ડમરુ વગાડ્યું. એ દ્વારા પાણિનીની શક્તિ જાગૃત કરી અને એણે અજોડ એવું વ્યાકરણ રચ્યું.

આપણા ગુરુમહારાજ શ્રીરંગ બાપજીએ મુ. નટવરભાઇ વડજકરને કહ્યું કે તું કથા કર. એમણે કહ્યું કે મેં શાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી. પૂ.બાપજીએ કહ્યું કે તારે તો ફક્ત વ્યાસપીઠ ઉપર બેસવાનું જ છે. તારે ક્યાં કથા કરવાની છે? એ મુ. નટવરભાઇ રંગપરિવારના આદર્શ કથાકાર બની ગયા. નારેશ્વરના હાલના મેનેજીંગ ટ્રસ્ટી શ્રીધીરુભાઇને મરાઠી આવડતું ન હતું. પીએચ.ડી.ની ડિગ્રી માટે મરાઠી સાહિત્ય ખૂબ ઉપયોગી હતું. એકવાર પૂ.શ્રીએ કહ્યું કે "જા હવે તને મરાઠી આવડી ગયું" અને પછી મુ.ધીરુભાઇને મરાઠી એવું ફાવી ગયું કે હવે વાંચી શકે, સમજી શકે અને મરાઠીમાંથી અનુવાદ પણ કરી શકે છે. આમ જ્ઞાન ગુરુકૃપાથી જ પ્રાપ્ત થાય.

(૬) સાચા સંતની વિચારધારા સમજવા જેવી છે. આપણા પૂ.બાપજીએ આ રીતે જીવન જીવી બતાવ્યું છે. કોઇપણ ગુરુનો શિષ્ય એના ગુરુને છોડીને સાચા કે ખોટા કારણે પણ આવે તો પણ એને મૂળ ગુરુ પાસે જ સમજાવીને મોકલવો એ સંવાદિતા જાળવવા માટેની અનિવાર્ય વિચારધારા છે. જે શિષ્ય ગુરુને છોડીને આવ્યો હોય એ ગુરુનું ભૂંડું બોલવાને બદલે શિષ્યને યોગ્ય દૃષ્ટિ આપીને એના મૂળ ગુરુ પાસે મોકલવામાં જ સાચું સંતત્વ છે. એ ગુરુ અને મારામાં ભેદ ન જોઇશ. એનામાં તું મને જોજે એ વ્યવહારુ ઉકેલ છે.

શ્રીગુરુએ શિષ્યને ઠપકો આપીને, મઠારીને પશ્ચાત્તાપ કરાવ્યો, પવિત્ર કર્યો, જ્ઞાન આપ્યું પરંતુ છેવટે એના મૂળ ગુરુ પાસે તો મોકલી જ આપ્યો.

આપણા ગુરુ મહારાજ પૂ.રંગ બાપજીનું જીવન તો આવા અનેક પ્રેરક પ્રસંગોથી ભરેલું છે. આપણે કેટલા બધા ભાગ્યશાળી ગણાઇએ?

●

# અધ્યાય : ૭૧

આ અધ્યાયનું નામ **'મૂઢવિપ્રોદ્ધરણ'** છે. આ અધ્યાયમાં **૭૨** દોહરા છે.

નિરંજને શ્રીગુરુની લીલાનું આગળ વર્ણન કરવાની વિનંતી કરી એટલે અલખે કહ્યું કે પછી શ્રીગુરુ કૃષ્ણા નદીના કિનારાની પશ્ચિમ દિશામાં ભુવનેશ્વરી માતા છે તેની પાસે ઉદુંબરની નીચે રહ્યા. ત્યાં એમણે ચાતુર્માસ કર્યો. ગુપ્ત અને પ્રગટ રહીને લોકોનું ભલું કરવા માટે ભિક્ષા લેવા જઇને પણ લીલા કરતા હતા તે વાત કરી. (૧-૧૬).

આ અધ્યાયમાં કરવીરક્ષેત્રમાં રહેતા એક કણ્વશાખી વિદ્વાનના મંદમતિવાળા પુત્રની કથા છે. આ મંદમતિ બાળકને સાત વર્ષ પૂરાં થતાં યજ્ઞોપવીત સંસ્કાર આપ્યો તો પણ એક અક્ષર ભણતો ન હતો. સ્નાન, સંધ્યા, વંદન કે ગાયત્રી જપ કશું જ ન જાણે ત્યાં વેદપઠનની તો વાત જ શી? જે કંઇ શીખે તે પાછો તરત જ ભૂલી જાય. (૧૭-૨૩).

વિદ્વાન બ્રાહ્મણના આવા મંદમતિવાળા બાળકની ગામલોકો ખૂબ ટીકા-નિંદા કરતા હતા. લોકોએ એટલી બધી ટીકા-ટિપ્પણી કરી કે કંટાળીને જંગલમાં જઇને પ્રાણ ત્યજવાનો એણે નિશ્ચય કર્યો. પ્રાણત્યાગનો નિશ્ચય કરીને એ કૃષ્ણા નદીના કિનારે જ્યાં પ્રસિદ્ધ ભુવનેશ્વરી માતા વિરાજે છે ત્યાં આવ્યો. (૨૪-૫૦).

માતાની સામે બેઠક લગાવીને નિર્ણય કર્યો કે હવે ખાવા-પીવાનું બંધ અને એ રીતે દેહત્યાગ કરવો. ત્રણ દિવસના અખંડ ઉપવાસ થયા. મનમાં ઘેરી ઉદાસીનતા છવાઇ ગઇ. માતાને આર્ત પોકાર કર્યો અને છેવટે પોતાની જીભ કાપીને માતાને ચઢાવી અને માતાને કહ્યું કે હવે તું પ્રસન્ન નહિ થાય તો મસ્તક છેદીને ચઢાવીશ. માતાએ રાત્રે સ્વપ્નમાં કહ્યું કે ઔદુંબરે જે તપસ્વી વસે છે ત્યાં જા. તું કૃતાર્થ થઇ જશે. બીજે દિવસે એ ઔદુંબરે શ્રીગુરુ પાસે ગયો. શ્રીગુરુએ મસ્તકે હાથ મૂકયો ત્યાં જ કપાયેલી જીભ પહેલાંના જેવી થઇ ગઇ અને તે સર્વ શાસ્ત્રનો જાણકાર થઇને અંતે મુક્તિને વર્યો. (૫૧-૭૨).

ફરી પાછા વંદન કરીને શિષ્ય નિરંજન બોલ્યો કે હે યોગીશ્રેષ્ઠ ! શ્રીગુરુની ખરેખર પાવનકારી લીલાનું વર્ણન ચાલુ રાખો. (૧). અલખે કહ્યું કે હે નિરંજન ! તું ખરેખર શ્રેષ્ઠ ગુરુભકત છે. ગુરુપદમાં રહેલી તારી આ દઢ ભક્તિ તને મોક્ષપદ અપાવનારી છે. (૨). જેમ વરસાદ પડતાં પહેલાં તેના આવવાનો સંકેત આપતો ઠંડો પવન વાય છે તેમ ગુરુની કૃપા થવાના સંકેતરૂપ ગુરુકથામાં રુચિ થાય છે. (૩). હે શિષ્ય નિરંજન ! કામધેનુ સરખું આ શ્રીગુરુનું સર્વ ચરિત્ર તું સાવધાન થઇને સવિસ્તર સાંભળ જેથી તારું ચિત્ત નિર્મળ થાય. (૪).

કૃષ્ણા નદીની પશ્ચિમે ભુવનેશ્વરી માતાની પાસે આવેલા ઉદુંબરની નીચે પરમ પાવનકારી શ્રીગુરુ રહ્યા. (૫). ત્યાં શ્રીગુરુએ ચાતુર્માસ કર્યો અને અખંડ અનુષ્ઠાન કર્યું. ઉગ્ર તપોરાશિવાળા શ્રીગુરુ કેટલોક સમય ગુપ્ત અને કેટલોક સમય પ્રગટ રહેતા હતા. (૬). આ પાવનકારી સિદ્ધ સ્થાનમાં શ્રીગુરુ રહ્યા એટલે સ્થાનનો

મહિમા ઓર વધ્યો અને લોકોની બધી ઇચ્છાઓ ફળવા લાગી. (૭).

આ સાંભળીને શિષ્ય નિરંજને વિનમ્રભાવે વંદન કરીને પૂછ્યું કે પરાત્પર એવા શ્રીગુરુ ત્યાં ગુપ્તપણે કેમ રહ્યા? (૮). આપ્તકામ, હંમેશના તૃપ્ત તથા ઇશના પણ ઇશ એવા શ્રીગુરુએ અનુષ્ઠાનનું તપ શા માટે કર્યું? અને એ પ્રખર બુદ્ધિમાન શ્રીગુરુ ભિક્ષા કેમ માગતા હતા? (૯).

અલખે કહ્યું કે હે વત્સ ! તું સાંભળ. દત્તાત્રેય ભગવાન પણ રોજ તપશ્ચર્યા કરે છે અને ભગવાન શંકર પણ હંમેશાં પ્રેમથી ભિક્ષા માગે છે. (૧૦). ત્રિગુણાત્મક ત્રિમૂર્તિરૂપ એ ગુરુરાય લોકોનું ભલું કરવા માટે આમ ભિક્ષુક થઇને તપસ્વીની દિનચર્યા કરે છે. (૧૧). તપ, યાત્રા, ભિક્ષા બધું જ લોકોના ભલા માટે કરતા હોય છે. અજ્ઞાનીને ઉપદેશ આપવા માટે શ્રીગુરુ જાતે આવું વર્તન કરતા હતા. (૧૨). આ પૃથ્વી ઉપરનાં સર્વોત્તમ તીર્થો સમય જતાં લુપ્ત થયાં. ભકતો પર કૃપા કરવાને માટે આ લુપ્ત થયેલાં તીર્થોને આત્મસંતોષી શ્રીગુરુ પ્રગટ કરતા હતા. (૧૩). સ્વયં તીર્થરૂપ એવા શ્રીગુરુ આપણે માટે તીર્થયાત્રા કરે છે. દુષ્ટ અને માગણની ઉપાધિને લીધે શ્રીગુરુ ગુપ્ત રહ્યા.① (૧૪). અપરંપાર તેજવાળો સૂર્ય કેવી રીતે ગુપ્ત રહી શકે? ભલે કસ્તૂરીને ઢાંકી દેવામાં આવે તો પણ તેની સુગંધ જ તેની હાજરીની જાણ કરે છે. (૧૫). અજાણતાં પણ કલ્પવૃક્ષ નીચે બેઠેલાની ઇચ્છા ફળે છે. તે જ રીતે લોકોને ખબર ન પડે તો પણ શ્રીગુરુ એમનાં દૈન્યો ગુપ્તપણે હરી લે છે. (૧૬). એટલે ત્યાં ભલે શ્રીગુરુ અજ્ઞાતપણે રહ્યા હોય તો પણ ચિત્ર વિચિત્ર ચમત્કારો તો થતા જ રહ્યા અને તેથી જગતમાં એમનો મહિમા ઘણો વધી ગયો. (૧૭).

કરવીરક્ષેત્રમાં વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવો કણ્વશાખાનો વેદશાસ્ત્રનો જાણકાર બ્રાહ્મણ રહેતો હતો જે પુરાણની કથા વાંચતો હતો. (૧૮). એ તર્કશાસ્ત્રનો શ્રેષ્ઠ અધ્યાપક અને વ્યાકરણનો પંડિત હતો અને પોતાના નિત્યકર્મમાં સદા રત રહીને સારી રીતે બ્રહ્મકર્મ કરતો હતો. (૧૯). શુકના પેટે સૂડો જન્મે તેમ આ બ્રાહ્મણને મંદબુદ્ધિનો એક પુત્ર થયો. પછી પિતા મૃત્યુ પામ્યા. ખરેખર પ્રારબ્ધ જ બળવાન છે.② (૨૦). આ મંદમતિ બાળક મોટો થઇને સાત વરસનો થયો એટલે બ્રાહ્મણોના જ્ઞાતિમંડળે એને જનોઇ દીધું. તો પણ એ એક અક્ષર પણ ભણતો ન હતો. (૨૧). એ પશુના જેવો મૂરખ પુત્ર સ્નાન, સંધ્યાવંદન કશું જ સમજતો ન હતો. ગાયત્રીમંત્ર પણ બોલી શકતો ન હતો ત્યાં વળી વેદાભ્યાસની તો વાત જ ક્યાં રહી? (૨૨).

બીજા શિષ્યો સાથે એ ભણવા બેસે પરંતુ ભણવામાં ખૂબ ધીમો. વળી જે કાંઇ શીખે તે ક્ષણવારમાં પાછો ભૂલી જાય. એટલે પંડિત લોકો એની નિંદા કરવા લાગ્યા. (૨૩). વિદ્વાનો બોલ્યા કે તને ધિક્કાર છે. ક્યાં તારો પવિત્ર વંશ અને ક્યાં વિદ્વાનના કુળમાં પાકેલો તું મૂર્ખ? ખરેખર પ્રારબ્ધની ગતિ ઘણી જ વિચિત્ર છે. (૨૪). અરેરે ! તારા પિતા તો વેદશાસ્ત્ર પુરાણના જાણકાર અને જ્ઞાની હતા. એના કુળમાં (પેટે) પથ્થર જેવો તું અક્કલ વગરનો જંતુ જેવો પુત્ર જન્મ્યો. (૨૫). તેં તારા બાપનું નામ બોળ્યું. તને ધિક્કાર છે અને તારા જીવનને પણ ધિક્કાર છે. જીવવા કરતાં તો તું ગળામાં પથ્થર બાંધીને કૂવામાં પડ ! (૨૬). તું ગધેડા જેવો આ મનુષ્ય યોનિમાં ખોટો (ભૂલથી) જન્મ્યો છે. હે ભ્રષ્ટ અને નીચ ! મર્યા પછી યમપુરીમાં તારાં હાડકાં ખોખરાં થશે. (૨૭).

આ જગતમાં બધા મનુષ્યોમાં વિદ્વાન સર્વથી શ્રેષ્ઠ છે. સદ્‌વિદ્યા જેવો સ્વાધીન એવો બીજો કોઇ

ખજાનો નથી. (૨૮). જેને સદ્‌વિદ્યા મળી છે તેને બીજી બધી સંપત્તિ આવી મળે છે. એ વ્યક્તિ આ જગતમાં યશસ્વી બને છે અને નાના મોટા બધા એને પૂજે છે. (૨૯). ઉંમરમાં ઘરડો હોય છતાં મૂરખ હોય તો એને કોઇ માન આપતું નથી. નાની ઉંમર હોય પણ વિદ્વાન હો તો તેને આબાલવૃદ્ધ બધાં પૂજે છે. (૩૦). જેને ઘરમાં સગો ભાઇ ના હોય તેને આ વિદ્યા ભાઇ સમાન છે. વિદ્યાનાં તેજથી માણસ બધે સન્માન પામે છે. (૩૧). પરદેશમાં કેવળ જ્ઞાની પુરુષ જ વેદવિદ્યાના બળે કરીને સ્વજનની માફક પૂજાય છે. ખરેખર વિદ્યા એ નર્યું સુખ આપનારી છે. (૩૨). જે બધી વિદ્યા જાણે છે તે જ્ઞાની પણ થાય છે. જ્ઞાનને લીધે મુક્તિ હાથ વેંત છે. (તેથી) બધા પ્રકારના ભ્રમ ટળી જાય છે. (૩૩). જ્ઞાની પુરુષના શરીરમાં બધા જ દેવો એકી સાથે વસે છે. આવો જ્ઞાની આ લોકમાં અને પરલોકમાં બધાની પૂજાને યોગ્ય હોય છે. (૩૪). જે રાજાને બધા લોકો માથું નમાવીને વંદન કરે છે તે જ રાજા આનંદપૂર્વક વિદ્વાનની પૂજા કરે છે. (૩૫). વિદ્યા એ ન ખૂટે એવું ધન છે. વિદ્યા જ સૌથી મોટો મિત્ર છે. વિદ્યા વગરનો માણસ પશુ જ છે. માટે દરેકે વિદ્યા સંપાદન કરવી જ જોઇએ. (૩૬).

બ્રાહ્મણોનાં એવાં વચન સાંભળીને મંદમતિવાળો એ બ્રાહ્મણ નમન કરીને કહેવા લાગ્યો કે આપ જે કહો છો તે તદ્દન સાચું છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૩૭). ખરેખર ! વિદ્યાભ્યાસ જ ગૌરવ અપાવે છે અને વિદ્યા જેવું પોતાનું કોઇ બીજું સગું નથી. ગયા જન્મે મેં કોઇને વિદ્યા નહિ આપી હોય તો પછી આ જન્મે મને ક્યાંથી પ્રાપ્ત થાય? (૩૮). પૂર્વજન્મમાં મેં ક્યારે પણ કોઇને વિદ્યાદાન નહિ કર્યું હોય તેથી હું અતિ મંદબુદ્ધિનો જન્મ્યો અને મને વિદ્યા પ્રાપ્તિ થતી નથી. (૩૯). હું મહાન દોષોથી ભરેલો છું. તેથી મારે શું કરવું જોઇએ તે મને કહો. આપ કોઇ ઉપાય જાણતા હો તો તે ઉપાય કરીને મારો ઉદ્ધાર કરો. (૪૦). હું તમને પગે લાગું છું અને વિનવું છું કે જો વિદ્યા પ્રાપ્તિનો કોઇ ઉપાય હોય તો તે મને કહો તો હું દુ:ખ વેઠીને પણ એ મેળવવા પ્રયત્ન કરું. (૪૧). આ સાંભળીને બધા બ્રાહ્મણોએ હસીને મશ્કરી કરતાં કહ્યું કે આ જન્મે તો તારા બધા વાળ જતા રહેશે તો પણ તારા નસીબમાં સહેજ પણ વિદ્યાનો યોગ નથી.③ (૪૨). આ જન્મે તો તું આકાશ પાતાળ એક કરશે તો પણ તને વિદ્યા મળે એમ લાગતું નથી. તું માણસના રૂપમાં પશુ જેવો જ જીવશે. આવતા જન્મમાં ખૂબ કષ્ટથી કદાચ તને કાંઇ ફાયદો થાય. (૪૩). તું માણસ નથી પણ ગધેડો છે ગધેડો. તને ક્યાંથી વિદ્યા મળે? હવે તું ભીખ માગીને પેટ ભર. તેં તારા કુળનું નામ બોળ્યું છે-ડુબાડ્યું છે. (૪૪). હે કુળનો નાશ કરનાર ! તને ધિક્કાર છે, ધિક્કાર છે. એમ કહીને બધા ફિટકાર કરવા લાગ્યા. આવું સાંભળીને એ મૂઢ ખૂબ જ દુ:ખી થયો અને વિચાર કરવા લાગ્યો. (૪૫). એના મનમાં વૈરાગ્ય જન્મ્યો એટલે એ જંગલમાં ગયો. એને થયું કે હવે જીવીને પણ શું કરવું? હવે હું પ્રાણ ત્યાગ જ કરી દઉં. (૪૬). બધા લોકો મારી નિંદા કરે છે અને બાળકથી માંડીને વૃદ્ધો સુધી બધા મારો તિરસ્કાર કરે છે. હું ગમાર પશુના જેવું નિંદ્ય અને નકામું જીવન જીવું છું. આના કરતાં તો એકદમ વફાદાર એ કૂતરાનું જીવન સારું છે. હવે મારે જીવીને પણ શું કરવું? એવો વિચાર કરવા લાગ્યો. (૪૭-૪૮). આમ વૈરાગ્યથી તપ્ત થયેલો તે મરી જવાના આશયથી ઘર છોડીને ભિલ્લવડી આવી પહોંચ્યો. (૪૯).

કૃષ્ણા નદીના પૂર્વ તટે જ્યાં પ્રખ્યાત ભુવનેશ્વરી માતા બિરાજે છે ત્યાં રોકાયો અને ભુવનેશ્વરી માતાનાં દર્શન કરીને રાત દિવસ તેના સ્તોત્રના પાઠ કરવા લાગ્યો. (૫૦). દેવીની સંમુખ પલાંઠી મારીને બેઠો. ખાવા-

પીવાનું છોડી દઈને એણે માતાને કહ્યું કે હવે હું મારો દેહ તારા ચરણે ધરી દઈશ. (૫૧). સ્નાન, સંધ્યા બધું છોડીને બારણા આગળ એ બ્રાહ્મણ અડિંગો જમાવી રહ્યો. અખંડ ઉપવાસમાં ત્રણ દિવસ જલદીથી વીતી ગયા. (૫૨). મન એકદમ ઉદાસીનતાથી ભારોભાર ઉભરાતું હતું. એ દુખિયારાએ ખાવા પીવાનું છોડી માતાને આર્તપુકાર કરતાં કહ્યું કે હે મા ! હવે કાં તું મને મારી નાખ, કાં તો મારો ઉદ્ધાર કર. (૫૩).

હે મા ! હવે તું પ્રસન્ન થા. હવે તું રાજી થા ! તું મારો અંત ના જોઇશ. આ રીતે પોતાનું દુઃખ દયાભરી વાણીમાં કહેવા છતાં 'મા' દર્શન આપતી નથી. 'મા'ની પ્રતીતિ થતી નથી. (૫૪). જ્યાં સ્વપ્નમાં જ દર્શન થતાં નથી ત્યાં પ્રત્યક્ષ દર્શનના પ્રસાદની તો આશા જ ક્યાંથી કરવી? ત્રણ દિવસ અને ત્રણ રાત બ્રાહ્મણે રડી રડીને વિતાવ્યા. (૫૫). ક્રોધે ભરાઇને એણે કહ્યું કે હે મા ! હે દેવી ભવાની મા ! તું કેમ મારી ઉપેક્ષા કરે છે? પછી તારી વાત તું જાણે. (૫૬). આવો આક્રોશ કરીને પછી હાથમાં એક તીક્ષ્ણ શસ્ત્ર લીધું અને પોતાની જીભ કાપીને દેવીનાં ચરણમાં અર્પણ કરી દીધી. (૫૭). જીભ કાપી નાંખ્યા પછી કહ્યું કે જો હવે પ્રસન્ન નહિ થાય તો મારું આ માથું વધેરીને તને ચઢાવી દઇશ. (૫૮). માથું કાપી નાખવા તૈયાર થયેલા એ બ્રાહ્મણના તડપતા અંતઃકરણને જોઇને દયાળુ મા ભવાની સ્વપ્નમાં પ્રગટ થયાં. (૫૯). રાત્રે સ્વપ્નમાં કહ્યું કે હે બાળક ! તું આદરપૂર્વક સાંભળ. તું મારા પર કેમ ક્રોધ કરે છે? તું તરત ને તરત ઊઠ. (૬૦). આ નદીના સામે કિનારે ઔદુંબર નીચે એક તપસ્વી વસે છે. એ દયાળુ સંન્યાસી સાક્ષાત્ શિવસ્વરૂપ છે. (૬૧). તું એને શરણે જા. ત્યાં તારું કામ થઇ જશે. તું ખોટી રીતે હેરાન ન થા અને ત્યાં જા. તું મારું કહ્યું સાચું માનીને વર્તજે. (૬૨). સ્વપ્નમાં આવું કહીને ભુવનેશ્વરી મા અંતર્ધાન થઇ ગયાં. સ્વપ્નમાંથી બ્રાહ્મણ જાગ્યો અને જાગતાવેંત જ કોઇ ન જાણે એ રીતે આનંદપૂર્વક દોડીને ભાગ્યો. (૬૩). કૃષ્ણા નદીનાં જળ પાર કરીને એ પશ્ચિમ તીરે આવ્યો તો ધીરગંભીર સદ્ગુરુનાથને ત્યાં બેઠેલા જોયા. (૬૪).

અનાથના નાથનાં દર્શન કરીને ભાવથી ચરણમાં વંદન કર્યાં. સાચા મનથી ઘણી સ્તુતિ કરી એટલે શ્રીગુરુ પ્રસન્ન થયા. (૬૫). પ્રસન્ન થઇને શ્રીગુરુએ બ્રાહ્મણના માથે જેવો પોતાનો હાથ મૂક્યો તેવી જ એની કાપેલી જીભ વધીને પહેલાં જેવી થઇ ગઇ. બ્રાહ્મણે માથું નમાવીને વંદન કર્યાં. (૬૬). એના અંતરમાં જ્ઞાનનો પ્રકાશ થયો અને પરિણામે તર્કશાસ્ત્ર અને પુરાણમાં પંડિત થયો અને ન્યાય મીમાંસાનો સારો જાણકાર થયો. (૬૭). બધાં જ શાસ્ત્રનો જાણકાર એ ત્રણે લોકમાં પૂજ્ય થયો. ગુરુની કૃપાદષ્ટિ થતાં જગતમાં શું ન થઇ શકે? (૬૮). માનસસરોવર જઇને જેમ કાગડો રાજહંસ થઇ જાય છે તેમ ગુરુના સ્પર્શમાત્રથી મંદબુદ્ધિવાળો સારી રીતે બુદ્ધિવાળો વિદ્વાન થઇ જાય છે. (૬૯). ચિંતામણિના સ્પર્શથી જેમ લોખંડનું સોનું થઇ જાય છે, જેમ જંબુ નદીમાં માટી પડીને સોનું થઇ જાય છે તેમ શ્રીગુરુના હસ્તનો બ્રાહ્મણને સહેજ જ સ્પર્શ થતાં એ છેદાયેલી જીભવાળો પાછી સારી જીભવાળો થઇ ગયો અને સાચે જ જ્ઞાની પણ થઇ ગયો.④ (૭૦-૭૧).

આ વચન સાંભળીને શિષ્ય નિરંજન જે કાંઇ બોલ્યો તે એવું તો અલૌકિક છે કે જે સાચે જ ભવસંદેહ ટાળનારું છે એમ શ્રી **રંગગુરુ** કહે છે. (૭૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'મૂઢવિપ્રોદ્ધરણ'** નામનો **ઇકોતેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

# પાદટીપ :

## અધ્યાય : ૭૧

(૧) લોકો ધર્માનુસાર વર્તીને સુખી થાય એવા હેતુથી સંતો પોતાનું જીવન જીવે છે. દત્તભગવાનને હજી પણ તપશ્ચર્યા કરવાની શી જરૂર? ભગવાન શંકરે શું કામ ભિક્ષા માંગવી પડે? સંતો શું કામ તીર્થયાત્રાએ નીકળે? આ બધાનો જવાબ એ જ કે લોકોનું કલ્યાણ કરવા. વળી સંતો તીર્થયાત્રાએ નીકળે એટલે ઘણા દુ:ખી જીવોને દર્શનનો લાભ મળે અને એમનું કલ્યાણ થાય.

આ દોહરો બીજી વાત પણ સ્પષ્ટ કરે છે કે લોકોનું ભલું કરવા નીકળેલા સંતોનો-ગુરુનો લોકો ગેરલાભ ઉઠાવવાનું શરુ કરે અને એનો અતિરેક થાય એટલે નાછૂટકે એ ગુપ્ત થઇ જાય-લીલા સંકેલી લે. સંતો સાથે સાવધાનીપૂર્વક વર્તવું જોઇએ જેથી આપણે લીધે એમને ત્રાસ ન પડે.

(૨) સૂડો દેખાવમાં શુકના જેવો- પોપટના જેવો જ હોય છે પણ પોપટના જેવું બોલી શકતો નથી.

(૩) અધ્યાય ૬૩ અને આ અધ્યાય- બંનેમાં મંદમતિ બાળકની વાત છે. પિતા વેદવિદ્ હોય અને છોકરો મૂરખ નીકળે તો દુ:ખ થાય એ સહજ છે. પરંતુ જેને કોઇ લેવા દેવા નથી એવા જનસમાજનું વર્તન બેહુદું છે. મંદમતિ બાળકનો જેના ઉપર કોઇ ભાર પડતો નથી એવા લોકો સહન ન થાય એવી મંદમતિ બાળકની ટીકા-નિંદા કરે છે અને આના કરતાં તો તું મરી જાય તો સારું એમ કહે છે. લોકોનો ધંધો આ જ હોય છે. એ તો દરેક પ્રવૃત્તિ વિશે ઘસાતું બોલી શકે. પૂ.શ્રી દત્તનામ સ્મરણમાં લખે છે કે જો સંયમી જીવન જીવે તો લોકો એમ કહે કે આ ભાઇમાં પાણી નથી અને જો ભોગ ભોગવે તો કામી છે એવું કહે, દાન કરે તો મૂરખનો સરદાર છે, પૈસા વેડફી મારે છે એમ કહે અને ન આપે તો મખ્ખીચૂસ-કંજૂસ છે એમ કહે.

વિચિત્ર વાત તો એ છે કે મંદમતિવાળો પોતાનાં દુ:ખનો ઉપાય પૂછે છે તો કોઇ ઉપાય બતાવતું નથી. જગત આવું છે. દરેકે પોતાની રીતે જીવવું એ જ એનો ઉપાય છે. વડીલની ટકોર અસર કરે છે, ટીકા નફરત પેદા કરે છે.

(૪) સાચા અને સમર્થ સંતના કેવળ સ્પર્શમાત્રથી, દષ્ટિમાત્રથી વ્યક્તિને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એના તન અને મનના રોગો નાશ પામે છે.

●

# અધ્યાય : ૭૨

આ અધ્યાયનું નામ '**વિપ્રદૈન્યહરણ**' છે. આ અધ્યાયમાં ૮૨ દોહરા છે.

શિષ્ય નિરંજને શ્રીગુરુની લીલામૃત કથા આગળ કહેવાની વિનંતી કરી એના જવાબમાં અલખજીએ કથા આગળ ચલાવી. (૧-૬).

શ્રીગુરુ ભિલ્લવડીમાં ઔદુંબર નીચે થોડો સમય રહીને, લોકાનુગ્રહ કાજે ફરતા ફરતા કૃષ્ણા અને પાંચ નદી (શિવા, ભદ્રા, ભોગવતી, કુંભી અને સરસ્વતી)ના સંગમ સ્થળે બાર વરસ રહ્યા. કૃષ્ણા, વેણી અને પંચગંગા નદીનો સંગમ પ્રયાગરાજ જેવો જ પુણ્યદાયી છે. (૭-૧૮).

અમરાપુર નામનાં તીર્થમાં મધ્યમાં પ્રખ્યાત ઔદુંબર હતો અને પાસે અમરેશ્વર પ્રભુ બિરાજમાન હતા. કૃષ્ણા-વેણી અને પંચગંગાનદીના સંગમે શ્રીગુરુ રહ્યા. અમરેશ્વર પાસેનાં પાવન એવાં શક્તિતીર્થમાં ચોસઠ યોગિનીઓ વસતી હતી. આ અમરેશ્વર સ્થાનના મહિમાનું વર્ણન થઇ શકે એમ નથી. કલિકાળમાં આ તીર્થનો મહિમા લુપ્ત થયો હતો તે શ્રીગુરુએ બાર વર્ષ વસીને પ્રગટ કર્યો. (૧૯-૩૮).

આ સ્થળે રહીને શ્રીગુરુ અમરાપુર ગામમાં રોજ ભિક્ષા માટે જતા. આ ગામમાં એક ધાર્મિક અને સાત્ત્વિક પરંતુ ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. એના વાડામાં વાલોળ શિંગની એક વેલ હતી. જે દિવસે ભિક્ષા ન મળે એ દિવસે આ વાલોળની શિંગથી એ ગુજારો કરી લેતો હતો. (૩૯-૪૫).

આ રીતે દિવસો પસાર કરતો હતો ત્યાં જ એક દિવસ શ્રીગુરુ ભિક્ષા માટે આવ્યા. ભિક્ષામાં બીજું તો કાંઇ હતું નહિ તેથી વાલોળની શિંગનું શાક મૂક્યું. ભિક્ષા લીધા પછી શ્રીગુરુ બોલ્યા કે આજે શરીરને ધરપત થઇ છે એટલે જા તારી ગરીબાઇ ગઇ સમજ. આમ બોલીને એના વાડામાં વાલોળની જે વેલ હતી તે ઉખાડીને ફેંકી દીધી અને પછી સંગમસ્થાને જતા રહ્યા. (૪૬-૫૨).

બ્રાહ્મણની સ્ત્રીએ ખૂબ કકળાટ કર્યો. બ્રાહ્મણે એને આશ્વાસન આપીને, વેલનાં મૂળ કાઢી, ક્યારો સાફ કરવા એણે જરાક જ ખોદ્યું ત્યાં તો સોના મહોરથી ભરેલો ચરુ મળ્યો. બંને જણે જઇને શ્રીગુરુને વાત કરી. શ્રીગુરુએ આ વાત કોઇને ન જણાવવા આજ્ઞા કરી. પુત્ર-પૌત્ર અને ધન ધાન્યાદિથી સુખી રહેજે, એવા આશીર્વાદ આપીને એને સુખી સુખી કરી દીધો. (૫૩-૮૨).

હે અલખ ગુરુ ! તમારો જય હો ! જય હો ! હું તમને પ્રણામ કરું છું. આ જગતમાં તું જ મને તારનારો છે. ગુરુલીલાના કથામૃતના પાનથી મારા કાનને તૃપ્તિ થતી નથી. (૧). કામધેનુ જેવી આ ગુરુકથા જેમ જેમ સાંભળું છું તેમ તેમ એ વધુને વધુ સાંભળવાની ઇચ્છા થાય છે. (૨). હું જુગ જુગનો ભવરોગી છું અને મૃત્યુના દ્વારે પડ્યો છું. કથામૃતની સંજીવની મારા મોંમાં રેડીને મને આ સંસાર સાગરથી પાર કરો. (૩). આવું કહીને એ નિરંજન પગે

બીકે બધાં તીર્થો પૈકી કૃષ્ણા નદીના કિનારે આવેલાં, કીર્તિ પામેલાં અને પ્રસિદ્ધિ પામેલાં આઠ મોટાં તીર્થો વિશે કહું છું. (૨૮). પશ્ચિમ દિશામાં વહેતી કૃષ્ણા નદીના ઉત્તરે શોભતું શુકલતીર્થ બ્રહ્મ હત્યાદિ પાપોનો નાશ કરનારું તીર્થ છે. (૨૯). ઔદુંબરની પાસે જ એક બીજાથી ચાર હાથના છેટે ત્રણ સુંદર તીર્થો આવેલાં છે જેનો મહિમા અગમ્ય છે. (૩૦). પહેલું તીર્થ પાપવિનાશ તીર્થ છે. બીજું તીર્થ કામ્યતીર્થ છે અને ત્રીજું તીર્થ અમરેશ્વરની પાસે આવેલું વરદતીર્થ છે. (૩૧). સંગમ સ્થાન પાસે પણ ત્રણ તીર્થ આવેલાં છે : શક્તિતીર્થ, કોટીતીર્થ અને અમરેશતીર્થ. એ સિવાયનાં બીજાં તો અનેક તીર્થો આવેલાં છે. (૩૨). જો બધાં તીર્થોની વાત કરવા માંડુ તો તો ગ્રંથ બેહદ વધી જાય. આ સ્થળે શ્રીગુરુ બાર વરસ રહ્યા અને તેનો મહિમા અપરંપાર થઇ ગયો. (૩૩).

કૃષ્ણા અને વેણી સાથે જ્યાં પાંચ ગંગા નદીનો સંગમ થાય છે એ શ્રેષ્ઠ સ્થાનનો મહિમા કયો પ્રબુદ્ધ કહી શકે? (૩૪). એમાં માત્ર સ્નાન કરવાથી બધાં જ પાપો દશે દિશામાં નાસી જાય છે. ભારતની દક્ષિણ દિશામાં આવેલું આ સ્થાન મનની બધી ઇચ્છા પૂરી કરનારું છે. (૩૫). એનો મહિમા અલૌકિક છે. એને કોઇની ઉપમા આપી શકાય એમ નથી. આ એવું સ્થળ છે કે જેનાં દર્શનમાત્રથી જ બધી કામના સિદ્ધ થાય છે-ફળી જાય છે. (૩૬). સ્નાનનો મહિમા કહેવા બેસું તો વાણી પણ થાકી જાય એમ છે. જ્યાં સાક્ષાત્ કલ્પવૃક્ષ વસતું હોય ત્યાં પછી શું દુર્લભ હોય? (૩૭).

કળિયુગમાં સમય જતાં આ તીર્થ લુપ્ત થયું હતું. બાર વરસ ત્યાં રહીને શ્રીગુરુએ આ તીર્થ પ્રગટ કર્યું. (૩૮). આ સ્થળે રહીને શ્રીગુરુ રોજ જ અમરાપુર ગામમાં આનંદથી ભિક્ષા માગવા જતા હતા. (૩૯). એ ગામમાં અતિશય ભાવિક, વેદ જાણનારો, ખૂબ જ સાત્ત્વિક અને પરમ ધાર્મિક એક બ્રાહ્મણ રહેતો હતો. (૪૦). એની પતિવ્રતા સ્ત્રી પતિને પરમેશ્વર માનતી હતી. અભ્યાગત તથા અતિથિની પણ ખંતથી સેવા કરતી હતી. (૪૧). એ અતિશય ગરીબ એવો બ્રાહ્મણ ભિક્ષાવૃત્તિથી જીવન ગુજારો કરતો હતો. એ પતિ-પત્ની બંને હંમેશાં સદાચારયુક્ત વર્તન કરતાં હતાં અને લોકોમાં વંદનીય હતાં. (૪૨). એ બ્રાહ્મણના વાડામાં વાલોળની એક વેલ હતી. એના પર પુષ્કળ શિંગો લાગતી હતી. (૪૩). પ્રારબ્ધવશ જો કોઇ દિવસ ભિક્ષામાં કશું જ ના મળે તો એ બ્રાહ્મણ શિંગોથી પેટનું પોષણ કરીને સંતોષ માનતો. (૪૪). એ સુજ્ઞ બ્રાહ્મણ ગરીબ હોવા છતાં પંચ મહાયજ્ઞો રોજ જ કરતો. સૂકી ભિક્ષા માગી લાવીને એ અતિથિની બરાબર સરભરા કરતો હતો.① (૪૫).

આ રીતે એ દિવસો પસાર કરી રહ્યો હતો ત્યાં એક દિવસ કૃપા કરીને એના ઘરે શ્રીગુરુ ભિક્ષા માટે પધાર્યા. (૪૬). શ્રીગુરુને આવેલા જોઇને બ્રાહ્મણ ઊઠીને દોડ્યો અને ઘરમાંથી પૂજાની સામગ્રી લાવી તરત જ ષોડશોપચારે પૂજન કર્યું. (૪૭). ઘરમાં ભોજન માટે બીજું કશું જ ન હતું એટલે એ બ્રાહ્મણે કેવળ શિંગનું શાક જ પ્રેમથી ભિક્ષા માટે તરત મૂક્યું. (૪૮). એ શાકની ભિક્ષા લઇને શ્રીગુરુને પરમ સંતોષ થયો. બ્રાહ્મણને આશ્વાસન આપતાં કહ્યું કે આજે મારા દેહને ખરેખર તૃપ્તિ થઇ છે. (૪૯). ખરેખર ! તારી ગરીબાઇ આજથી ગઇ સમજ. એમ કહીને તરત જવા માંડ્યું. જતાં જતાં શ્રીગુરુદેવે આંગણમાં શિંગોની વેલ જોઇ. (૫૦). એ શિંગોની વેલોનો ચારે દિશામાં ખૂબ ફેલાવો થયો હતો અને એના પર શિંગોની લૂમ શોભતી હતી. જેમ તુચ્છ તૃષ્ણાને ફેંકી દે તેમ આ શિંગોની વેલને પોતાના હાથે ઉખેડીને ફેંકી દીધી. (૫૧). એ વેલને ઉખેડીને ફેંકી દઇને ઝડપથી સંગમસ્થાને

આવેલા પોતાના આશ્રમે ગયા. આ જોઇને બ્રાહ્મણ પત્ની પુત્ર સાથે દુ:ખ કરવા લાગી. (૫૨).

એ બોલી કે અરેરે ! અમારું તો નસીબ જ ફૂટેલું છે. અરે અમારું પ્રારબ્ધ કેમ રૂઠ્યું છે? અમે તો કોઇ દિવસ કોઇને પણ કશું જ દુ:ખ નથી આપ્યું. (૫૩). અમે આ સંન્યાસીને જરા પણ ત્રાસ આપ્યો નથી. એમને આ શું સૂઝ્યું તે અમારો મુખનો કોળિયો છીનવી લીધો? (૫૪). એનું કરુણ રુદન સાંભળીને સમજુ પતિએ કહ્યું કે જ્યાં આપણું નસીબ જ વાંકું હોય ત્યાં હે શાણી ! તું ગુસ્સો કરીશ નહિ.② (૫૫). રોગ થાય તો ડાહ્યો પુરુષ એનો પ્રારબ્ધવશ સ્વીકાર કરી દવા દ્વારા એને દૂર કરે છે. હે કામિની ! તું રોષ દૂર કર. પ્રારબ્ધ કદી ટળતું નથી, એ તો ભોગવ્યે જ છૂટકો. (૫૬). આ આખું જગત ઇશ્વરની ઇચ્છાને આધીન છે. જે બનવાનું હોય તે બનીને જ રહે છે અથવા એની ઇચ્છાથી જ બનતું અટકી જાય છે. (૫૭). એ સર્જનહાર ઇશ્વર આ બધાથી અળગો રહીને ક્યાંય લેપાતો નથી. આ જગતની અંદર ગુણ, કાર્ય અને વિભાગથી બધી વસ્તુનું એ સર્જન કરે છે. (૫૮). અનાસક્ત રહીને બધાને ખાવાનું આપે છે. કીડીને કણ અને સિંહને હાથી આહારમાં આપે છે. (૫૯). શ્રુતિ અને સ્મૃતિ પોકારી પોકારીને કહે છે કે આયુષ્ય અને અન્ન એ બે ઇશ્વર જ આપે છે. હે ભામિની ! મનમાં વિવેક રાખીને સંતોષ રાખ. (૬૦). ભગવાને પહેલાં ખોરાકની વ્યવસ્થા કરીને પછી જ આ સંસાર રચ્યો અને એમાં સ્થૂળ તેમજ સૂક્ષ્મ એવી લખચોરાસી યોનિઓ રચી. (૬૧).

રાજા હોય કે રંક હોય એ બધાને એ સરખી રીતે જ પોષે છે. એ પરમેશની સમદષ્ટિ છે. આ બધું કર્મ પ્રમાણે જ બન્યે જાય છે. (૬૨). ગયા જન્મમાં કરેલાં સારાં કે ખરાબ કર્મોનું ફળ આવી મળે છે. આપણે કરેલું આપણે જ ભોગવવું રહ્યું. બીજો કોણ ભોગવે? (ઉત=બીજો) (૬૩). જેવું વાવ્યું હોય તેવું જ લણવું રહ્યું. પછી એ સોનું હોય તો સોનું અને રાખ હોય તો રાખ. આંખમાં ઝાંખપ આવી છે પછી સૂરજને શું કામ દોષ આપે છે? (૬૪). મૂરખ અને જેનું નસીબ ફૂટેલું હોય એવો માણસ બીજા ઉપર દોષારોપણ કરે છે. આલોકમાં કે પરલોકમાં કરેલાં કર્મો જ સુખ-દુ:ખરૂપે આવીને મળે છે.③ (૬૫). તું એ સંન્યાસીને શું કામ દોષ દે છે? તું તારાં કર્મો જ તપાસ ને ! તું અજ્ઞાનતાને કારણે એવું બોલે છે કે આ યતીશ્વરે અમારા મોઢાનો કોળિયો ઝૂંટવી લીધો. (૬૬). ત્રિભુવનને તારનારા આ યતિવર આજે આપણા બારણે પધાર્યા એટલે એમ માન કે આપણું બધું દૈન્ય હરી લીધું છે અને આપણાં જન્મોજન્મનાં કરેલાં કર્મો ફળ્યાં છે. (૬૭). 'હું અને મારું' એ મોહ છે. યતીશ્વરની કૃપા થતાં એ મોહનો નાશ થાય એ જ મારી ઇચ્છા છે. (૬૮).

સ્ત્રીને આવી શિખામણ આપીને, એને શાંત કરીને બ્રાહ્મણે તરત જ વેલને મૂળમાંથી ઉખેડી ફેંકી દીધી અને ક્યારો સાફ કરવા અને બધું વ્યવસ્થિત (સોજું) કરવા એણે જ્યાં થોડુંક જ ખોદ્યું ત્યાં તો શ્રીગુરુની કૃપાથી ધનથી ભરેલું પાત્ર જોયું. (૬૯-૭૦). સોનામહોરોથી ભરેલો ચરુ જોઇને એ બ્રાહ્મણને પરમ આનંદ થયો અને એ ઝડપથી ઘરમાં ચરુ લઇ ગયો અને પત્નીને કહ્યું કે હે પ્રિયે ! યતીશ્વરનો આ પ્રસાદ જો. એણે તો વેલ ખોદી નાંખીને આપણું દૈન્ય હરી લીધું છે. (૭૧-૭૨). એ યોગીશ્વર મહાદેવ છે અને દૈન્ય હરનાર છે. વેલ તોડી નાંખીને એણે આપણને આ ચરુ દઇ દીધો. એ કોઇ સામાન્ય માનવી નથી જ. (૭૩).

એ તો સાક્ષાત્ ઉમાપતિ ભગવાન શંકર છે. એટલે ચાલ એનાં દર્શને જઇએ. આમ કહીને બ્રાહ્મણ એની

સાથે આનંદપૂર્વક દર્શને જવા નીકળ્યો. (૭૪). સ્ત્રી સાથે જઇને ખૂબ હરખભેર ગુરુનાથની પૂજા કરી અને હાથ જોડીને ધનના લાભની બધી વાત કરી. (૭૫).

શ્રીગુરુ બોલ્યા કે આ વાત તું કોઇને પણ કરીશ નહિ. જો આ વાત જાહેર કરશે તો ઘરમાં આ લક્ષ્મી નહિ રહે અને તરત જ જતી રહેશે. (૭૬). જા ! તારો વંશ હંમેશાં પુત્ર-પૌત્રાદિથી હર્યોભર્યો રહેશે અને ધન-ધાન્યવાળો થઇને તું કાયમ સુખી રહે. (૭૭). જા, મારું આ વરદાન નકામું નહિ જાય. આ વાત પણ ખાનગી રાખજે. શ્રીગુરુની રજા લઇને એ બ્રાહ્મણ સ્ત્રી સાથે સંતોષ પામીને ગયો. (૭૮).

શ્રીગુરુની કૃપા સાક્ષાત્ કલ્પવૃક્ષ છે અને દૈન્ય હરી લેનાર છે. અમૃતની ભારે વર્ષા થતી હોય ત્યાં ક્યાંથી મૃત્યુ થાય? (૭૯). નસીબનો ફૂટેલો પણ જો ગુરુનાં ચરણ સેવે તો આ લોકમાં સર્વવંદ્ય બને અને પરમ પદને પામે છે. (૮૦). જે કોઇ શ્રીગુરુને ભજે છે એને બધા પ્રકારની સંપત્તિ મળે છે, બધી સિદ્ધિ ચરણમાં આળોટે છે અને દુ:ખનું તો નામ નિશાન રહેતું નથી.(૪) (૮૧).

આ સાંભળીને શિષ્ય નિરંજન જે બોલ્યો તેનું વર્ણન આગળ ઉપર થશે. ખરેખર શ્રીગુરુનાં ચરણ કામધેનુ સમાન છે. **રંગ** આવાં (ગુરુ) ચરણ સેવે છે. (૮૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વિપ્રદૈન્યહરણ'** નામનો **બોતેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૭૨

(૧) દોહરા ૪૧ થી ૪૫ વિપ્રધર્મના સૂચક છે. ભૌતિક સંપત્તિ વગરનો બ્રાહ્મણ એ દૂષણ નથી પણ ભૂષણ છે. ભગવાનનું મુખ ગણાતો બ્રાહ્મણ કેવો હોવો જોઇએ? એનું ઘર કેવું હોવું જોઇએ? બ્રાહ્મણ વ્યક્તિગત રીતે ધર્મશાસ્ત્રનો જાણકાર અને સદાચારી હોવો જોઇએ. દાંપત્યજીવન મધુર હોવું જોઇએ અને બ્રાહ્મણ તરીકે પંચયજ્ઞ વગેરે કરતો હોવો જોઇએ. પરંતુ સૌથી મોટી વાત અતિથિ કે સંન્યાસીનું સ્વાગત કરી યથાશક્તિ ભિક્ષા આપતો હોવો જોઇએ-જમાડતો હોવો જોઇએ.

ગરીબ બ્રાહ્મણ ભિક્ષામાં ભલે શાક મૂકે પણ એની વૃત્તિ એવી સાત્ત્વિક હોવી જોઇએ કે સંત એનો સહર્ષ સ્વીકાર કરે અને આજે મારો દેહ તૃપ્ત થયો એવું કહે.

આવ નહિ, આદર નહિ, નહિ નયનોમાં નેહ,
તુલસી કભુ ન જાઈઓ, કંચન વરસે મેહ.

ગરીબાઈ પકવાન્ન જમાડવામાં વિઘ્નરૂપ બને પણ મીઠો આવકાર આપવામાં અને યથાશક્તિ જમાડવાની વૃત્તિ કેળવવામાં તો નહિ જ.

(૨) દોહરા ૫૪માં સ્ત્રી સહજ આક્રોશ છે. જ્યારે દોહરા ૫૫માં જ્ઞાની બ્રાહ્મણનું ચિંતન છે. સંત કૃપા કરે ત્યારે સમજવી અઘરી અને જીરવવી દોહ્યલી પણ હોઈ શકે. બ્રાહ્મણ સ્ત્રી જેને જીવનનો આધાર માનતી હતી એ વાલોળનો વેલો જ ઉખેડી નાંખ્યો. એટલે સ્થૂળ દષ્ટિમાં રાચનારાને દુ:ખ થાય એ સ્વાભાવિક છે, પરંતુ આપત્તિમાં પણ આશીર્વાદ અનુભવવાની સમજ એ જ સાચું જ્ઞાન છે. સંતની દષ્ટિને સમજી શકીએ નહિ તો કંઈ નહિ પણ અડગ ભરોસો રાખીએ તો પણ બસ.

(૩) દોહરા ૬૦ થી ૬૫ ખૂબ સરસ છે. "વપુ પ્રારબ્ધ પોષે છે" અને આયુષ્ય, તન, અન્ન ભગવાન જ આપે છે એવો અટલ વિશ્વાસ આવી જાય તો મોટા ભાગના પ્રશ્નો ઊકલી જાય. એ વિશ્વાસ આવ્યા પછી એક સમજ આવી જાય કે મારાં જ કરેલાં કર્મો સુખ અને દુ:ખ રૂપે આવીને મળે છે એટલે એમાં બીજા કોઇને દોષ દેવો એ નરી મૂર્ખતા છે, પીછેહઠ છે.

દુ:ખ તો સંતોના જીવનમાં પણ આવે છે જ પરંતુ એને એ દુ:ખ ગણાતા નથી. એમનો ભગવાનમાં અડગ વિશ્વાસ અને પોતાનાં જ કર્મફળ રૂપ સુખ દુ:ખને હસતે મોંએ સ્વીકારવાની તૈયારી જ એમને મહાન બનાવે છે. આપણા બાપજીનું જીવનચરિત્ર આ વાત શીખવે છે.

શ્રીગુરુલીલામૃતનું પારાયણ આવો વિશ્વાસ અને આવી સમજ જન્માવે તો પારાયણ સફળ.

(૪) દોહરા ૭૬ થી ૮૧ માં આવતી વાતનો ક્રમ આવો છે. પહેલું તો તને મળેલી ભૌતિક સંપત્તિની વાત કોઇને કરીશ નહિ. કારણ કે લોકો તો પછી બ્રાહ્મણ જેવું જીવન જીવ્યા વગર, વાલોળની વેલ ઉછેરીને શ્રીગુરુને બોલાવીને હવે અમારે માટે પણ ચમત્કાર કરો એવું દબાણ કરે. બીજું બ્રાહ્મણને સામે ચાલીને વરદાન આપ્યાં. લાયક બન્યા પછી બ્રાહ્મણે માગવું પડતું નથી અને પછીના દોહરા ૭૯, ૮૦ અને ૮૧ શ્રીગુરુકૃપા અને શ્રીગુરુની સેવાનું મહત્ત્વ ગાય છે.

શ્રીગુરુને ગમે તેવું જીવન જીવવું, ન ગમે તેવું ન જીવવું અને ગુરુની વૃત્તિમાં પોતાની વૃત્તિ ભેળવી દેવી આ જ શિષ્યની ફરજ. પછી તો શ્રીગુરુની એવી ગરજ થાય કે શિષ્યને સંભાળે. "જે શ્રીગુરુને સંભારે, શ્રીગુરુ તેને સંભાળે."

●

# અધ્યાય : ૭૩

આ અધ્યાયનું નામ **'ઔદુંબરાદિમાહાત્મ્યવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૧૮** દોહરા છે.

શિષ્ય નિરંજને અલખગુરુને શ્રીગુરુની લીલાકથા આગળ કહેવા વિનંતી કરી એટલે અલખે કહ્યું કે શ્રીગુરુએ ઔદુંબર નીચે વાસ કર્યો અને માનવદેહથી દેવ સમાન લીલા કરી રહ્યા હતા. આ સાંભળીને નિરંજને પૂછ્યું કે જે પીપળાનાં યશોગાન વેદપુરાણ ગાય છે તે છોડીને શ્રીગુરુએ ઔદુંબર વૃક્ષ કેમ પસંદ કર્યું? (૧-૧૦).

ઔદુંબરનું માહાત્મ્ય વર્ણવતાં અલખજી બોલ્યા કે પ્રહલાદને કારણે હિરણ્યકશ્યપુને મારવા ભગવાને નૃસિંહ સ્વરૂપ લીધું અને એને નખથી ચીરી નાંખ્યો. પરિણામે રાક્ષસના પેટમાં જે કાતિલ ઝેર હતું તે ભગવાનના નખમાં વ્યાપી ગયું. ઝેરની અતિશય વેદનાને શાંત કરવા લક્ષ્મીજીએ ભગવાનને ઔદુંબરનાં ફળ આપ્યાં. એના સ્પર્શમાત્રથી તરત જ વિષાગ્નિ-ઝેરની વેદના શાંત થઇ ગઇ. (૧૧-૧૬).

વિષ શાંતિનું કારણ જાણીને ભગવાન વિષ્ણુએ ઔદુંબરને અનેક વરદાન આપ્યાં અને કહ્યું તે કલિકાળમાં કલ્પવૃક્ષ ગણાશે. આ કારણે શ્રીગુરુએ ઔદુંબરની નીચે વાસ કરવાનું પસંદ કર્યું. (૧૭-૩૨).

ત્રિમૂર્તિરૂપ શ્રીગુરુ માનવવેષે લીલા કરી રહ્યા હતા. રોજ બપોરે અમરેશ્વર લિંગથી ચોસઠ યોગિની આવીને શ્રીગુરુને પોતાના આશ્રમે લઇ જઇ રોજ ભિક્ષા કરાવતાં હતાં. કોઇને આની જાણ ન હતી. લોકોને થતું કે શ્રીગુરુ ગામમાં ભિક્ષા લેવા આવતા નથી તો ભિક્ષાનું શું કરે છે? એમણે એક માણસને છૂપી રીતે બધું જોવા જણાવ્યું. પરંતુ બપોરે યોગિનીને આવવાનો સમય થયો ત્યારે જ એ માણસ ખૂબ બીધો અને ભાગી છૂટ્યો. યોગિનીઓ આવી તે સમયે ગંગાનુજ નામે એક ભાવિક ભક્ત હતો. તેણે આ જોયું અને શ્રીગુરુની પાછળ પાછળ ગયો. શ્રીગુરુએ ભોજન કર્યા પછી એ ગંગાનુજને જોયો એટલે પૂછ્યું કે તું કેમ આવ્યો છે? એનો ભાવ જોઇને ગુરુએ આશીર્વાદ આપી કહ્યું કે આ વાત કોઇને જણાવીશ નહિ. એ ગંગાનુજ શ્રીગુરુનો પરમ ભક્ત થઇ ગયો. એક વાર ગંગાનુજે શ્રીગુરુ સમક્ષ માઘ (મહા) મહિનામાં પ્રયાગ અને કાશી સ્નાનની ઇચ્છા વ્યક્ત કરી. એટલે શ્રીગુરુએ કહ્યું કે પંચગંગા સાથેની કૃષ્ણા નદીના સંગમના સ્નાનનું ફળ પ્રયાગ જેવું જ છે. આમ છતાં એને પાદુકા પકડાવીને શ્રીગુરુ સવારે પ્રયાગ આવ્યા અને સ્નાન કરી બપોરે કાશી ગયા. વિશ્વનાથનાં દર્શન કરાવી મનોગતિથી સાંજે ઔદુંબરે આવ્યા. ગંગાનુજ તો આ જોઇને દંગ જ થઇ ગયો. (૩૩-૮૫).

પોતાની પ્રસિદ્ધિ થતી જોઇને શ્રીગુરુએ ગુપ્ત થવા વિચાર્યું એટલે ચોસઠ યોગિનીએ ગુરુને દયા કરી ગુપ્ત ન થવા પ્રાર્થના કરી. એટલે શ્રીગુરુએ કહ્યું કે આ ઔદુંબર મારું દિવ્ય સ્થાન છે અને ગુપ્ત થઇને પણ અહીં હંમેશાં રહી ભક્તોનું રક્ષણ કરીશ. તમે બધા પણ અન્નપૂર્ણા સહિત આ ઔદુંબરે વાસ કરો. એની સાથે સાથે બધા તમારી પણ પૂજા કરશે. ઔદુંબર માહાત્મ્ય વર્ણવીને પછી શ્રીગુરુ ઔદુંબરે ગુપ્ત થયા પછી ભીમાઅમરજાના સંગમે ગાણગાપુરમાં જઇને રહ્યા. (૮૬-૧૧૮).

અધ્યાય : ૭૩

અલખ ગુરુનાં ચરણોમાં પ્રણામ કરીને શિષ્ય નિરંજન બોલયો કે હે યોગીશ્વર ! તમારો જય હો ! તમને ધન્ય છે અને ધન્ય છે તમારી વાણીને. (૧). હે ભવસાગર તારનાર પ્રભુ ! તું જ એક જ્યોતિરૂપ છે. મોહરૂપી અંધકારને દૂર કરીને તેં મારા હૃદયમાં વિવેક જગાડ્યો છે. (૨). અજ્ઞાનને લીધે મારું મન છેક મૂર્છિત થઇને અજાણ થઇને પડી રહ્યું હતું. શ્રીગુરુની લીલાનું અમૃત છાંટીને તેં એને ચેતનવંતું અને ધન્ય કર્યું. (૩). આજે મારા જીવનમાં જ્ઞાનરૂપી સૂર્ય ઊગ્યો છે તેથી ચિત્ત જાગી ગયું છે. મને એકદમ સાત્વિક જ્ઞાનોપદેશ કરીને મારા ઉપર બહુ દયા કરી છે. (૪). હે અલખજી ! મારા પર કૃપા કરીને સદ્‌ગુરુની એ રસાળ કથા મને કહો. એમ કહીને શિષ્ય નિરંજન ફરી પાછો પગે પડ્યો. (૫).

શિષ્યની એ વિનંતી સાંભળીને અલખજી પ્રસન્ન થઇને બોલ્યા કે હે શિષ્યોમાં રત્ન સમાન ! તું શ્રીગુરુનો અનુપમ મહિમા સાંભળ. (૬). ઔદુંબર વૃક્ષની નીચે શ્રીગુરુ પ્રેમપૂર્વક રહ્યા. માનવ શરીર ધરીને એ દેવસમાન લીલા કરી રહ્યા હતા. (૭).

આ સાંભળીને બે હાથ જોડીને નિરંજને ફરી પાછું પૂછ્યું કે હે ગુરુજી ! હું અલ્પ બુદ્ધિનો છું એટલે તમને પૂછું છું. તો તમે મારી શંકા દૂર કરો. (૮). વેદ પુરાણે પીપળાનાં શ્રેષ્ઠ વૃક્ષ તરીકે ગીત ગાયાં છે તો પછી એ પુણ્યવૃક્ષ છોડીને શ્રીગુરુએ ઔદુંબર સાથે કેમ પ્રીતિ કરી? (૯). આવા પીપળાને બદલે શ્રીગુરુએ ઔદુંબર નીચે કેમ વાસ કર્યો? મારા હૃદયમાં એવી શંકા જાગે છે. ઔદુંબર ઉપર આટલો પ્રેમ રાખવાનું કારણ શું હશે? (૧૦).

અલખ બોલ્યા કે હે નિરંજન ! તને પુરાણમાં વર્ણવેલી કથા કહું છું તે તું સાંભળ. હિરણ્યકશિપુનો વધ કરવા માટે ભગવાને નૃસિંહ અવતાર લીધો હતો. (૧૧). ક્રોધે ભરાયેલા એ નૃસિંહે પોતાના નખથી દૈત્યને ચીરી નાંખ્યો અને એના આંતરડાંની માળા ગળે પહેરી ભક્ત પ્રહ્‌લાદ પર પ્રેમ વરસાવ્યો. (૧૨). રાક્ષસ હિરણ્યકશિપુના પેટમાં હળાહળ ઝેર હતું. એ ઝેર વડવાનળની જેમ નખમાં બરોબરનું ચોંટ્યું. (૧૩). આ ઝેર નખમાં ઘણું ફેલાઇ ગયું. પરિણામે અસહ્ય વેદના થવા લાગી. આ અસહ્ય દુઃખ કેમે કરીને શાંત થતું ન હતું. (૧૪).

ત્યારે લક્ષ્મીજીએ વિષ્ણુ ભગવાનને ઔદુંબરનાં ઠંડક કરનારાં ફળો આપ્યાં. એને ફક્ત અડકવાથી જ તરત જ ઝેરની બળતરા શાંત થઇ ગઇ. (૧૫). ઝેરની બળતરા મટી જતાં ઉગ્ર એવા નરસિંહ ભગવાન પણ શાંત થયા અને એ મહાલક્ષ્મીજીને પ્રેમથી ભેટી પડ્યા. (૧૬). ઝેરની બળતરા શાંત થવાનું કારણ જાણીને ભગવાન અને મહાલક્ષ્મીજી બન્ને પ્રસન્ન થયાં અને એ વૃક્ષને વરદાન આપ્યાં તે તું (હે નિરંજન) સાવધાનીપૂર્વક સાંભળ. (૧૭).

વિષ્ણુ ભગવાન ત્યાં બોલ્યા કે હે ઔદુંબર ! ધન્ય છે તને. આ પૃથ્વી ઉપરનું તું કલ્પવૃક્ષ છે અને તું હંમેશાં ફળથી ભરપૂર રહેશે. (૧૮). જો કોઇ ચોક્કસ મનોકામનાથી પણ તને ભાવથી ભજશે તો તેની મનોકામના ફળશે અને તે ફળવામાં વાર નહિ લાગે. (૧૯). તારાં દર્શન માત્રથી હળાહળ ઝેરની બળતરા પણ શાંત થઇ જશે. બધાં જ પાપોનો નાશ થશે અને વિલાસી હશે તે પણ સંયમી થશે. (૨૦). જે માનવી તારું સેવન કરશે તે આ જગતમાં સુખી થશે. એની મનોકામના ફળીભૂત થશે. તારી છાયા અમૃત સમાન ઠંડક આપનારી રહેશે. (૨૧). તારું સેવન કરવાથી વંધ્યા સ્ત્રી પુત્રવાળી થશે, દીન અને દરિદ્ર હશે તે શ્રીમંત થશે અને મૂરખ હશે તે ચતુર અને સુજ્ઞ થશે. (૨૨). તારી છાયા નીચે બેસીને જે કોઇ ભાવપૂર્વક સ્નાન કરશે તેને ખરેખર પવિત્ર ગંગા નદીમાં સ્નાન

કરવાનું પુણ્ય મળશે. (૨૩). તારી નીચે બેસીને જે કોઇ તપ કરશે તેને એનું અનંતફળ મળશે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૨૪). તારી સેવા કરનારો સેવક ક્ષણવારમાં રોગથી મુકત થશે અને તારું અર્ચન કરવાથી એના બ્રહ્મહત્યા વગેરે દોષો નાશ પામશે. (૨૫). એના મનમાં જે જે ઇચ્છા થશે એ બધી ફળશે અને તારા ભજનથી એ ભાવિક ભકતની સાધના સિદ્ધ થશે. (૨૬). તારામાં બધા જ દેવો વાસ કરશે અને હું પણ લક્ષ્મી સાથે તારામાં સદાનો વાસ કરીશ. નૃસિંહ ભગવાને (ઔદુંબરને) આવું વરદાન આપ્યું. (૨૭).

જેના ફળનું સેવન કરવાથી ઉગ્ર નૃસિંહ ભગવાન શાંત થયા એ ઔદુંબરનું વૃક્ષ કળિયુગમાં સાક્ષાત્ કલ્પવૃક્ષ જ છે. (૨૮). જેણે કાલકૂટ ઝેરની બળતરા પળવારમાં મટાડી દીધી હતી અને જેને પહેલાંના સમયમાં પોતે જ આનંદથી વરદાન આપ્યું હતું તેને યાદ કરીને નૃસિંહ સરસ્વતી એ કલ્યાણદાયી ઔદુંબરની નીચે વસતા હતા. તું આ અંગે મનમાં શંકા લાવીશ નહિ. (૨૯-૩૦).

આ ઔદુંબર અતિ સરળતાથી મળી (ઉગી) શકે છે, એ કલ્પવૃક્ષ હોવાથી મનોકામના સિદ્ધ થાય અને ખાસ તો શ્રીગુરુ એની નીચે વસ્યા તેથી તો બધાં જ પ્રકારનાં ફળો આપનાર થયો છે.① (૩૧). ભકતોનો ઉદ્ધાર કરવા અને તીર્થને પાવન કરવા ખૂબ કીર્તિવાળા શ્રીગુરુ ઔદુંબર નીચે ગુપ્તપણે રહ્યા તે તું જાણ. (૩૨). ખરેખર એ બ્રહ્મા, હરિ અને હર એવા ત્રિમૂર્તિરૂપ દેવે ભકતોનો ઉદ્ધાર કરવાના હેતુથી જ આ માનવ અવતાર લીધો હશે. એમાં શંકાને સ્થાન નથી. (૩૩).

ઔદુંબરના સ્થળે રોજ બપોરે દિવ્ય ઉત્સવ થતો હતો. એનું વર્ણન દેવ પણ ન કરી શકે તો પછી માનવીનું તો શું ગજું? (૩૪). અમરેશ્વર શિવલિંગથી ચોસઠ યોગિનીઓ નીકળીને શ્રીગુરુ પાસે જઇને એમનાં ચરણમાં ભાવભક્તિથી પ્રણામ કરતી હતી. (૩૫). શ્રીગુરુને ભાવપૂર્વક પ્રાર્થીને પોતાને આશ્રમ લઇ જઇ, એમનું ગંધાક્ષતથી પૂજન કરી વારંવાર પગે લાગતી હતી. (૩૬). શ્રીગુરુ પણ રોજ જ ત્યાં જ પ્રેમથી ભિક્ષા કરતા હતા. (૩૭). એમની આ અગમ્ય ચેષ્ટા કોઇ બ્રાહ્મણ જાણી શકતો ન હતો. એટલે મનમાં અચંબો પામીને અંદરોઅંદર વાતો કરતા હતા કે જુઓ આ સંન્યાસી ગામમાં ભિક્ષા માટે કયાંયે પણ જતા નથી તો પછી એમનો જીવન નિર્વાહ કેવી રીતે કરે છે? (૩૮-૩૯). જંગલની અંદર એ રોજ રોજ ભોજન કર્યા વિના કેવી રીતે રહે છે? એ શું કરે છે તે આપણે બરોબર છાનામાના જોઇએ. (૪૦). એ કયાંથી ભિક્ષા લાવે છે અને એમનો સમય કેવી રીતે પસાર કરે છે એ ગુપ્તપણે જાણવા માટે એમણે એક યોજના કરી. (૪૧). એમણે એમના પર નજર રાખવા એક માણસ રાખ્યો અને પછી બધા પોતપોતાના ઘરે ગયા. એ માણસ ત્યાં સંતાઇ રહ્યો. જયાં બપોરનો સમય થયો ત્યાં જ એ મનમાં બરાબરનો (ઘણો) બીધો. એટલે એ એકદમ ભાગ્યો અને એ હતભાગી મૂરખ હાંફતો હાંફતો ઘરે પહોંચ્યો. (૪૨-૪૩). જે કોઇ ગુરુની પરીક્ષા કરવાનો મનમાં નિર્ણય કરીને પ્રયત્ન કરે છે તે માનવી ચોક્કસ નરકમાં જશે. આમાં શંકા કરવાની રહે ખરી? (૪૪). ભલે, બપોર થતાં એ પોતાના ઘરે પહોંચી ગયો પરંતુ તે વખતે નદીના કિનારે ગંગાનુજ નામનો એક ભાવિક ખેડૂત ખેતર સાચવતો હતો. (૪૫). એણે તે સમયે યોગિનીઓને શ્રીગુરુનાં પૂજન માટે આવતી જોઇ. ગંગાના જળમાં રસ્તો થતો જોઇને એણે વિચાર્યું કે માનો કે ના માનો પણ આ કાંઇ જોવા જેવું છે. આ યતીશ્વર કોણ છે? પાણીમાં રસ્તો થયો અને એ શરીરધારી એના પર થઇને ચાલીને જાય

છે. ધન્ય છે એને. (૪૬-૪૮). આ જળ બે ભાગમાં કેવી રીતે વહેંચાઇ ગયું? આ દિવ્ય સ્ત્રીઓ કોણ હશે? આવું મનમાં વિચારીને એ બધી લીલા જોઇ રહ્યો હતો. (૪૯).

યોગિનીઓએ શ્રીગુરુની પૂજા કરી અને પછી તેમને જમાડ્યા. ભિક્ષા લઇને શ્રીગુરુ પોતાના સ્થળે આવીને બિરાજ્યા. (૫૦). કૃષ્ણા નદીનું એ નિર્મળ જળ પહેલાંની જેમ અખંડ વહેવા લાગ્યું. આ બધો ઠાઠ જોઇને આશ્ચર્ય પામીને એ ધૈર્યવાન ખેડૂત પોતાના મનમાં વિચારવા લાગ્યો કે આ સાચે જ સાક્ષાત્ ભગવાનનો જ અવતાર છે અને ખરેખર દિવ્યરૂપવાળી દેવકન્યાઓ જ એનું પૂજન કરે છે. (૫૧-૫૨). બીજે દિવસે પણ નદીના કિનારે ઊભો રહીને બધું નિરીક્ષણ કરી રહ્યો હતો, નજરોનજર મહોત્સવ જોતો હતો. સુંદર દેહવાળી યોગિનીઓ આવીને શ્રીગુરુનાં પૂજન-આરતી કરીને પછી નમન કરતાં હતાં અને પછી એ નદીના જળમાં થઇને પાછી સદ્ગુરુનાથ સાથે જતી હતી. (૫૩-૫૪). આ જોઇને પેલો ખેડૂત પણ હોંશે હોંશે પાછળ પાછળ ગયો. એ ખેડૂતને ધન્ય છે. નદીનું જળ કિનારેથી બે ભાગમાં વહેંચાઇ જતું હતું. એની વચ્ચેના ભાગમાં સુંદર નગર હતું. ઘરોને અને મંદિરોને રત્નથી જડેલાં ઊંચાં શિખરો હતાં અને કિલ્લાના કાંગરા પણ સુંદર હતા. (૫૫-૫૬). ઇંદ્રની અમરાવતી જેવું આ નગર એકદમ સુંદર અને શાંત હતું. રત્નજડિત મંદિર સૂર્યની જેમ ખૂબ શોભતાં હતાં. (૫૭). શ્રીગુરુનું સામૈયું કરવા બધા જ નગરજનો આવ્યા હતા અને પુરુષ-સ્ત્રીઓ અલગ અલગ આરતી કરતાં હતાં. (૫૮). રત્નજડિત સિંહાસન ઉપર બેસાડીને બધી યોગિનીઓ શ્રીગુરુનું ષોડશોપચારથી પૂજન કરતી હતી. (૫૯). છયે રસની વિવિધ વાનગીઓ બનાવીને અને મિષ્ટાન્નથી શ્રીગુરુને ખૂબ ભાવથી જમાડ્યા. પેલો ખેડૂત આ બધું જોઇ રહ્યો હતો. (૬૦). ભિક્ષા લીધા પછી શ્રીગુરુએ પેલા ખેડૂતને જોઇને પૂછ્યું કે તું કોણ છે? અને અહીં કેમ આવ્યો છે? ખેડૂતે દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે હું તો આપનાં દર્શન માટે અને આપને પગે લાગવા આવ્યો છું. આવું કહીને, મસ્તક નમાવીને શ્રીગુરુનું અંતરમાં ધ્યાન ધર્યું. (૬૧-૬૨).

ખેડૂતની આંખમાંથી પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં અને શરીરનાં રોમ ખડાં થઇ ગયાં. પ્રણામ કરીને આદરપૂર્વક સ્તુતિ કરતાં ખેડૂત બોલ્યો કે હે પાર્વતીપતિ ! હે સ્વામી ! તું સાચે જ ત્રિમૂર્તિ છે. મારા અંતરમાં ઘણો મળ હોવાથી હું તારું સ્વરૂપ ઓળખી શકતો નથી. (૬૩-૩૪). હે કૃપાના સાગર ! મારા પર કરુણા કરીને મારો ઉદ્ધાર કર. માયાથી વીંટળાયેલો નાદાન એવો હું ભવસાગરમાં ડૂબી રહ્યો છું. (૬૫). હે પ્રભુ ! તું જગતમાં સૌનો ઉદ્ધાર કરનાર છે અને એ હેતુથી જ તેં અવતાર લીધો છે. આ આખું જગત અજ્ઞાનના અંધકારવાળું છે. તેમાં તું બધે જ્યોતિરૂપે છવાયેલો છે. (૬૬). જે કોઇને તારાં દર્શનનો લાભ મળે છે તેને બધું જ ઇચ્છિત મળી જાય છે. આ લોકનું અને પરલોકનું બધું ઇચ્છિત ક્ષણમાં જ પામે છે. (૬૭). આવી રીતે ગંગાનુજે શ્રીગુરુની ભાવથી પવિત્ર સ્તુતિ કરી. એનાથી શ્રીગુરુ વિસ્મિત થયા અને પ્રસન્ન પણ થયા. (૬૮). શ્રીગુરુનાથે આશ્વાસન આપતાં કહ્યું કે હે ભક્ત ! તને ધન્ય છે. તારું બધું જ દૈન્ય ગયું એમ તું સમજી લે. તને શત શત ધન્યવાદ. (૬૯). તારા મનમાં જે જે ઇચ્છા હશે તે બધી તરત જ ફળશે અને અંતે તારી સદ્ગતિ થશે. હવે તું જલદીથી ઘેર જા. (૭૦). તેં અહીં જે કાંઇ આશ્ચર્યકારક જોયું તે વાત હું જ્યાં સુધી અહીં રહું ત્યાં સુધી કોઇને કહીશ નહિ. જા જઇને લહેર કર.② (૭૧).

આવું કહીને શ્રીગુરુ ફરી પાછા ઓદુંબરે આવ્યા અને એમની પાછળ એ ખેડૂત આવ્યો અને વારે વારે

વંદન કરવા લાગ્યો. (૭૨). શ્રીગુરુની રજા લઇને એ આનંદપૂર્વક ખેતરે ગયો અને ખેતરમાં ખોદતાં ગુરુકૃપાથી તેને ખજાનો મળ્યો. (૭૩). ગુરુની સેવા માટે સદાયે તત્પર એવો ગુરુનો એ સેવક જ્ઞાનવાન અને પુત્ર-પૌત્રવાળો થયો અને આનંદથી જીવ્યો. (૭૪). રોજ આવીને એ ભક્તિભાવથી શ્રીગુરુનાં ચરણોમાં વંદન કરતો હતો અને પતિ-પત્ની બંને એમની એકનિષ્ઠભાવથી સેવા કરતાં હતાં. (૭૫).

એક દિવસ મહા માસની પૂર્ણિમા હતી. તે દિવસે એ આવ્યો અને વંદન કરીને બોલ્યો કે હે ગુરુજી ! મેં બ્રાહ્મણના મુખે મહા મહિનાના સ્નાનનું જે માહાત્મ્ય સાંભળ્યું છે તે સાચું છે કે નહિ તે કહો. માઘ મહિનામાં પ્રયાગક્ષેત્રમાં સ્નાન કરવાનું ઘણું ફળ છે અને એ જ રીતે કાશીમાં પણ સ્નાન કરવાનું ઘણું પુણ્ય છે. (૭૬-૭૭). હે પ્રભુ ! કાશી કેવી છે તે કહો અને વારાણસી કેવી સુંદર છે તે કહો. હું હીનજાતિનો અને અભાગિયો પ્રયાગનો મહિમા પણ જાણતો નથી.[૩] (૭૮). હે ગુરુજી ! મારા ઉપર કૃપા કરીને મને એ માહાત્મ્ય સંભળાવો. મારો તિરસ્કાર કરશો નહિ. એટલે શ્રીગુરુએ કહ્યું કે હે ભાઇ ! તું પુરાણનો સાર સાંભળ. (૭૯).

પંચગંગા સાથેનો કૃષ્ણાનો સંગમ એ હંમેશ માટે તું પ્રયાગના સંગમ જેવો જ જાણ. કૃષ્ણા નદીના કિનારે આવેલું જુગુળ ગામ 'કાશી' છે અને કોલ્હાપુર એ 'ગયા' છે. (૮૦). દક્ષિણ ભાગમાં આવેલી આ ત્રિસ્થળી સુંદર છે અને વિદ્વાનોએ પણ સ્વીકારેલી છે. જો તારી ઇચ્છા હોય તો ચાલ તને બતાવું અને ખાતરી કરાવું. (૮૧). આમ કહીને ધીરગંભીર શ્રીગુરુ વ્યાઘ્રચર્મ પર બેઠા અને પેલા ખેડૂતને કહ્યું કે હે શૂરવીર ! તું મારી પાદુકા બરાબર જોસથી પકડ અને તારી આંખ મીંચી દે. (૮૨). આમ કહીને સવારના પહોરમાં બંને જણા પ્રયાગમાં આવી પહોંચ્યા. ત્યાં સ્નાન કરીને બપોરે બંને જણા કાશીમાં ગયા. (૮૩). કાશીવિશ્વનાથનાં દર્શન કરીને મનોવેગે સાંજે 'ગયા' બતાવીને પાછા પોતાના આશ્રમે આવી ગયા. (૮૪). જોતજોતામાં બંને જણા ત્રિસ્થળી જઇ આવ્યા. ગંગાનુજ તો આ જોઇને આશ્ચર્યચકિત થઇ ગયો. (૮૫).

વિશ્વનાટકી શ્રીગુરુએ પોતાની કીર્તિની પ્રસિદ્ધિ થયેલી જોઇને તરત જ ગુપ્ત થવાનો મનમાં વિચાર કર્યો. સ્થાનનો મહિમા પ્રગટ કરીને અને અમરેશ્વર પ્રભુને વંદન કરીને શ્રીગુરુએ કહ્યું કે હવે અમે અહીંથી વિદાય લઇશું. (૮૬-૮૭). આમ કહીને શ્રીગુરુ જ્યાં જવા માટે તૈયાર થયા ત્યાં જ ચોસઠ યોગિનીઓએ પ્રાર્થના કરતાં કહ્યું કે હે પ્રભુ ! તું હૃદયમાં થોડી દયા લાવ. (૮૮). આંસુભીની આંખે પગે લાગીને બોલી કે હે પ્રભુ ! અમારો કયો અપરાધ થયો છે? હે અનંતપાદ ! અમારી ઉપેક્ષા કરીને કેમ જવા તૈયાર થયા છો? (૮૯). આપનાં દર્શનમાત્રથી ત્રિતાપ નાશ પામે છે, રોજ રોજ મહોત્સવ ઊજવાય છે અને દૈન્ય તથા કષ્ટ ટળી જાય છે. (૯૦). આપની પાસે હંમેશ માટે હાથ જોડીને મા-અન્નપૂર્ણા વસેલી છે. તમારો વિયોગ કોણ સહન કરી શકે? હે પ્રભુ ! તું અમારા પર ક્રોધ કરીશ નહિ. (૯૧). યોગિનીનાં આવાં લાગણીસભર રાંક વચન સાંભળીને એ દયાળુ, કૃપાળુ અને ભક્તવત્સલ શ્રીગુરુએ સંતુષ્ટ થઇને વરદાન આપ્યું. (૯૨).

શ્રીગુરુ બોલ્યા કે આ ઔદુંબર એ મારું દિવ્ય સ્થાન છે. હું અહીં હંમેશાં ગુપ્ત રીતે રહીને ભક્તજનનું રક્ષણ કરીશ. (૯૩). આ સુંદર કલ્પદ્રુમમાં તમે બધાં પણ મારી સાથે રહો અને આ સાક્ષાત્ અન્નપૂર્ણાની પણ અહીંયાં

સ્થાપના કરું છું. (૯૪). અમરાપુરની પશ્ચિમે મારું આ ગુપ્ત સ્થાન છે. તમે બધાં પણ ત્યાં આ ઔદુંબરે આનંદપૂર્વક રહો. આ સ્થાન ખૂબ જ પ્રસિદ્ધિ પામશે એ વાતમાં વિશ્વાસ રાખજો. આ ઔદુંબરની સાથે સાથે બધાં નર-નારી તમારી પણ પૂજા કરશે. (૯૫-૯૬). જે કોઇ અહીં ભાવનાથી પૂજન કરે તેની તમે તરત જ મનોકામના પૂર્ણ કરજો. આ ધામમાં મારી પાદુકા પણ રહેશે. (૯૭). જે કોઇ મારી પાદુકાને, આ ઔદુંબરને અને તમને પૂજશે તેની બધી ઇચ્છા ફળશે. (૯૮). અહીંયાં અન્નપૂર્ણા પણ કાયમ માટે રહેશે. અહીં રોજ બ્રહ્મભોજન થશે અને પોતાની ઇચ્છા ફળવાથી લોકોને સંતોષ થશે. (૯૯).

સિદ્ધતીર્થમાં સ્નાન કરીને સાત દિવસ સુધી જે કોઇ ઔદુંબરની સાથે તમારો પણ પ્રેમથી અભિષેક કરશે તેનાં બ્રહ્મહત્યાદિ અગણિત પાપો ટળી જશે. અરે ! એટલું જ નહિ પણ વૃદ્ધ થઇ ગયેલી વંધ્યા સ્ત્રી પણ દીર્ઘાયુ પુત્રને પામશે. (૧૦૦-૧૦૧). મકર સંક્રાતિના પર્વ પર અને ગ્રહણ હોય ત્યારે અહીં નિયમપૂર્વક સ્નાન કરવાથી અશ્વમેધનું ફળ મળશે એ વાત તદ્દન સત્ય છે એમ જાણો. (૧૦૨). સોમવતી અમાવાસ્યાએ, વ્યતીપાત હોય ત્યારે અને તહેવારનો દિવસ હોય ત્યારે જે કોઇ શ્રદ્ધાપૂર્વક અહીંયાં એક જ વાર સ્નાન કરશે તેમને સોનાના શીંગડાવાળી, ચાંદીની ખરીવાળી અને અલંકારથી શણગારેલી એક હજાર કપિલા ગાયનું ઉત્તમ બ્રાહ્મણને હરિદ્વારમાં દાન કરવાથી જે પુણ્ય મળે છે તેનાથી પણ વધારે પુણ્ય મળશે.[૪] (૧૦૩-૧૦૫). અહીંયાં એક બ્રાહ્મણને જમાડવાથી કરોડો બ્રાહ્મણને જમાડવાનું પુણ્ય મળે છે અને એક મંત્રનો જપ કરીને હોમ કરવાથી અનંત અને સ્થિર ફળ મળે છે. (૧૦૬). અગિયારસના દિવસે રુદ્રાભિષેક કરાવવાથી અને પાદુકાપૂજન કરાવવાથી અતિરુદ્રનું ફળ મળે છે. (૧૦૭). જેની જેવી શ્રદ્ધા અને ભક્તિ હશે, જેવું નિર્મળ મન હશે અને જો ચિત્ત સ્થિર હશે તો તેને ચોક્કસ તેવું ફળ મળશે જ.[૫] (૧૦૮). જે કોઇ ધીમી ગતિએ ઔદુંબરની પ્રદક્ષિણા કરશે તેને વાજપેય યજ્ઞનું ફળ મળશે. (૧૦૯). ઔદુંબરને વંદન કરવાનું ફળ પણ એવું જ છે. પ્રદક્ષિણા કર્યા પછી જે કોઇ ઔદુંબરને બે વાર પ્રણામ કરે છે તે પાપ રહિત થઇ જાય છે. (૧૧૦). કુષ્ઠ જેવા મહારોગવાળો કે વિકલાંગ પણ જો ત્યાં એક લાખ પ્રદક્ષિણા કરે તો તેનું શરીર દિવ્ય થાય છે. (૧૧૧). આ દિવ્ય સ્થાન છે જ્યાં સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન ઔદુંબરનો વાસ છે અને હે માતાઓ (યોગિનીઓ) ! લોકોની દૃષ્ટિથી હું અહીં ગુપ્તપણે વસું છું. (૧૧૨).

આવું કહીને શ્રીગુરુ તરત જ અંતર્ધાન થઇ ગયા અને ગુપ્તપણે રહેવા લાગ્યા. આમ છતાં શ્રદ્ધાળુ અને ભાવિક ભક્તોને તો આજે પણ દર્શન થાય છે. (૧૧૩). આ અમરાપુર સ્થાન આજે નૃસિંહવાડીના નામથી પ્રખ્યાત છે અને એ જ રીતે ઔદુંબર પણ સુપ્રસિદ્ધ છે. (૧૧૪). આ બંને સ્થાને શ્રીગુરુ હંમેશાં હાજરાહજૂર છે. એ જગન્નાથ પ્રભુ જેવા હતા તેવા ને તેવા જ છે. આજે પણ શ્રદ્ધાથી દક્ષ હોય તેને દર્શન થાય છે. (૧૧૫).

લૌકિક દૃષ્ટિથી આમ શ્રીગુરુ સારી રીતે ગુપ્ત રહીને લોકોનું ભલું કરવાના હેતુથી પ્રભુ ભીમા-અમરજાના સંગમ ઉપર આવેલા ગાણગાપુરમાં પ્રગટ થયા. એ વિશ્વરૂપી શ્રીગુરુ તો બધે જ વ્યાપેલો છે અને એની જ બધી લીલા છે. (૧૧૬-૧૧૭). આ સાંભળીને શિષ્ય નિરંજન આગળ શું બોલ્યો એનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં

**શ્રીરંગ** પ્રેમપૂર્વક કહેશે. (૧૧૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ઔદુંબરાદિમાહાત્મ્યવર્ણન'** નામનો **તોંતેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ

### અધ્યાય : ૭૩

(૧) હિંદુ ધર્મમાં વ્યક્તિને સારાં કાર્યો કરવા માટે પ્રેરવા માટે ફળની લાલચરૂપ વ્રત-કથા વગેરે વર્ણવાયાં છે. વ્યક્તિ પ્રવાસ કરે, બધે ફરે એ હેતુથી તીર્થયાત્રાનું અનેકગણું ફળ વર્ણવ્યું છે.

Journey is the best teacher - પ્રવાસ એ શ્રેષ્ઠ શિક્ષક છે. એનાથી ઘણું જાણવાનું- શિખવાનું મળે છે.

એ રીતે તુલસી, પીપળો અને ઔદુંબર જેવાં વૃક્ષોની ખૂબ વિશિષ્ટતા છે. આ બધાં પ્રદૂષણો દૂર કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. એટલું જ નહિ પણ તંદુરસ્તીવર્ધક છે. રોજ તુલસીનાં દસ-પંદર પાન ચાવવાથી મેલેરિયા થતો નથી. એટલે ભગવાનને સામગ્રી ધરાવતી વખતે તુલસીને અનિવાર્ય બનાવી.

ધર્મ દ્વારા જણાવેલી વાતોને હવે વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા પુષ્ટિ મળી છે. પુણ્યની વાત તો આમ જનતાને રાજી કરી એ તરફ વાળવા માટે છે. આ સંદર્ભમાં ઔદુંબર એ ખરેખર કલ્પવૃક્ષ છે.

(૨) ગંગાનુજ નિર્મળ મનનો હોવાથી એ શ્રીગુરુની લીલાનું દર્શન કરી શક્યો. જ્યારે ગુરુ શું કરે છે, કેમ કરે છે વગેરે પરીક્ષા કરવાના હેતુથી રહેલો ખેડૂત (નોકર) બીધો અને ઘરે ભાગી ગયો. શ્રીગુરુએ ગંગાનુજને આશીર્વાદ આપ્યા પછી કહ્યું કે તેં જે બધું જોયું તે તું કોઇને કહીશ નહિ. સાચા સંતો પોતાની પ્રસિદ્ધિ થવા દેતા નથી. ખરેખર બનતી વિગતો કે જેનાથી પોતાની પ્રસિદ્ધિ વધતી હોય તેને પણ જો પ્રસિદ્ધ થવા ન દે તો પછી આવા સંતો આત્મશ્લાઘા- આપવડાઇ તો કરે જ ક્યાંથી? પોતાની મોટાઇની વાત જાતે કરે અથવા પોતાના માણસોને કરવા પ્રોત્સાહિત કરે તેનાં ચરણમાં માથું મૂકતાં પહેલાં વિચારવું એવો સંકેત પામી શકાય.

(૩) વારાણસી એટલે વરુણ નદી અને અસિ નદી મળે છે તેની આસપાસનો વિસ્તાર.

(૪) અમાસને દિવસે સોમવાર આવતો હોય તો તેને સોમવતી અમાવાસ્યા કહેવામાં આવે છે. વ્યતીપાત એટલે જ્યોતિષમાં અશુભ મનાતો સત્તરમો યોગ. કપિલા એટલે ઘેરા બદામી રંગની અથવા તદ્દન કાળા રંગની.

(૫) નિર્મળ મન, સ્થિર ચિત્ત અને અડગ શ્રદ્ધા ભક્તિ હોય તો આ અધ્યાયમાં જણાવેલું પરિણામ મળે જ છે. મન છોડ દે કપટ, હરિપદ ભજ રે... એ ભજન દ્વારા પણ પૂ.શ્રી આપણને નિષ્કપટી થવાનું સૂચવે છે. કપટ છોડવું એ પરેજી (ચરી) છે અને એના વિના હરિપદ ભજ રે (દવા) અસર કરતી નથી.

●

**(નાગરવેલિઓ રોપાવ-એ રાહ)**

ઘાડી ઔદુંબરની છાંય, નીચે કોણ પેલું જોને;
કોણ પેલું જોનો, સખી, કોણ પેલું જોને ! ટેક

અગ્નિની જેવી જ્વાળા, શોભે જો શિર નિમાળા;
મુખડું તેજનો અંબાર ! સખી, કોણ પેલું જોને !! ઘાડી. ૧

સિદ્ધોની ઊભી ટોળી જય જય શબ્દે જો ઘેલી;
વર્ષાવે પુષ્પસંભાર ! સખી, કોણ પેલું જોને !! ઘાડી. ૨

દર્શનથી દુ:ખડાં ટાળે, મૌને જગનાટ્ય નિહાળે;
નોધારાનો આધાર ! સખી, કોણ પેલું જોને !! ઘાડી. ૩

કરમાં કમંડલ ઝાલી, હેતે લંગોટી વાળી;
દિસે યાગીજનતાર ! સખી, કોણ પેલું જોને !! ઘાડી. ૪

દૃષ્ટિ લક્ષ્યે સ્થિર કેવી, પદ્મે(૧) અલિપંક્તિ(૨) જેવી;
ખસે ન **રંગ** લગાર ! સખી, કોણ પેલું જોને !! ઘાડી. ૫

● અવધૂતી આનંદ.

---

૧. કમળ. ૨. ભમરાઓની હાર.

# અધ્યાય : ૭૪

આ અધ્યાયનું નામ '**પુત્રશોકવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૩૮** દોહરા છે.

આ અધ્યાયમાં શ્રીનિરંજન અલખપ્રભુને પૂછે છે કે શ્રીગુરુ ઔદુંબરે ગુપ્તપણે રહી ગાણગાપુરમાં પ્રગટરૂપે રહ્યા તો પછી ત્યાં કોઇની મનોકામના ફળી હોય તો તે લીલા કહો. (૧-૯).

શ્રીઅલખપ્રભુ બોલ્યા કે શિરોળ નામના ગામમાં ગંગાધર નામે બ્રાહ્મણ રહેતો હતો. એની સ્ત્રીને પાંચ પુત્રો થયા પણ બધા મૃત્યુ પામ્યા. સંતાન થાય એ માટે દેવારાધના, વ્રત, ઉપવાસ અને બાધા પણ રાખી પરંતુ કાંઇ વળ્યું નહિ. કર્મનાં ફળ વિશેના જાણકારને પૂછ્યું તો તેણે ઉપાયમાં પ્રાયશ્ચિતરૂપે કહ્યું કે તેં પૂર્વજન્મમાં જેનું દ્રવ્ય લઇને પાછું નથી આપ્યું તે વ્યક્તિ ભૂત થયો છે. તો તું એની મુક્તિ માટે ધાર્મિક ક્રિયા કર, યોગ્ય બ્રાહ્મણને સોનામહોરો (દ્રવ્ય) આપ અને કૃષ્ણા નદી અને પંચગંગાના સંગમે એક મહિનાનો ઉપવાસ રાખી ઔદુંબર ભગવાનની આરાધના કર. એ ગરીબ બ્રાહ્મણ સ્ત્રી બીજું તો ન કરી શકી પરંતુ એણે ઔદુંબરની શ્રદ્ધા ભક્તિથી આરાધના કરી એનાથી અને શ્રીગુરુકૃપાથી એને બે પુત્રો થયા. (૧૦-૮૧).

મોટા પુત્રને યજ્ઞોપવીત આપવાનું અને નાના પુત્રની બાબરી લેવરાવવાનું નક્કી કર્યું. પરંતુ આગલા દિવસે જ મોટાપુત્રને એક એકથી ચઢે તેવા રોગો લાગુ પડ્યા અને એમાંથી ધનુર (ધનુર્વાત્) થયું અને ત્રણ દિવસની પીડા પછી મૃત્યુ પામ્યો. (૮૨-૮૬).

શ્રીગુરુની કૃપા પ્રસાદીરૂપ પુત્રના મૃત્યુથી માતાને ઘણું જ દુઃખ થયું. એનો વિલાપ જોઇ શકાય એમ ન હતો. બધાએ ઘણું ઘણું સમજાવ્યું પરંતુ એ પુત્રનું શબ આપવા તૈયાર જ ન હતી. વડીલોએ સમજાવી કે આખી રાત ગઇ અને હવે જો સવાર પડી. તો તું શબ આપ. એટલે માતાએ કહ્યું કે જો પુત્રની સાથે મારો પણ અગ્નિ સંસ્કાર કરવા સંમત થાઓ તો આપું. શબને છાતી સાથે ચાંપીને એ માતા એક જ વાતનું રટણ કરતી હતી કે મને મારા ગુરુ મહારાજે કૃપા કરીને આ સંતાન પ્રસાદીમાં આપ્યું છે તો પછી એ મરે જ શાનો? સમય વીતતો ચાલ્યો. ત્યાં જ એક બ્રહ્મચારી આવ્યો અને મધુર શબ્દથી આત્મજ્ઞાનનો ઉપદેશ આપવા લાગ્યો. (૮૭-૧૩૮).

અલખનાં ચરણોમાં શીશ મૂકીને અને બન્ને હાથ જોડીને શિષ્યરાજ નિરંજને ભક્તિભાવથી નમીને વંદન કર્યાં. (૧). હે યોગીશ્વર ! તમારો જય હો ! જય હો ! હું આપને વંદન કરું છું. હે દયાળુ ! કૃપા કરીને અમૃત જેવી રસાળ ગુરુ કથાનું વર્ણન કરો. (૨). પ્રગટ દૃષ્ટિથી શ્રીગુરુ ગાણગાપુર ગયા અને છતાં અમરાપુરમાં ઔદુંબરે પણ રહ્યા અને યોગિનીઓને વરદાન આપીને ત્યાં ગુપ્તપણે રહીને પાછા બીજે ગયા એવું કહો છો તો આ કાનને (મને) સંતોષ થાય એવી વાત કહો. (૩-૪). ઔદુંબર એ કલ્પવૃક્ષ છે અને શ્રીગુરુનું સ્થાન પવિત્ર છે. આવાં સ્થળે જે કોઇને વર મળ્યો હોય એની આશ્ચર્યકારક કથા કહો. (૫).

શિષ્ય નિરંજનનાં વચન સાંભળીને અલખ મુનિને સંતોષ થયો. એમણે કહ્યું કે હે બાળ નિરંજન ! તું સંદેહ મૂકીને સાંભળ. (૬). કૃષ્ણા નદીના કિનારે ઔદુંબરે ગુરુ મહારાજે જે અપાર લીલા કરી એનું વર્ણન કરવાનું શક્ય નથી. એનો સાર કહું છું તે તું સાંભળ. (૭). કળિકાળના કલ્પવૃક્ષ સમાન ઔદુંબર શું ન આપે? જ્યાં શ્રીગુરુનો હંમેશાં વાસો છે ત્યાં બધી મનોકામના ફળે છે. (૮). મારામાં (વર્ણન કરવાની) શક્તિ નથી. સ્થાનનો મહિમા હું કેવી રીતે વર્ણવું? તારા આગ્રહથી તને એક દૃષ્ટાંત કહું છું તે તું પ્રેમથી સાંભળ. (૯). શિરોળ નામના ગામમાં ગંગાધર નામે એક પ્રખર બુદ્ધિશાળી બ્રાહ્મણ રહેતો હતો. (૧૦). આ બ્રાહ્મણ વેદ શાસ્ત્રમાં હંમેશા રચ્યોપચ્યો રહેતો હતો. એની પત્ની શાંત, ધર્માનુસાર જીવનારી, સુશીલ, પતિવ્રતા અને કુળને તારનારી હતી. (૧૧).

એને પાંચ પુત્રો થયા પરંતુ બધા મૃત્યુ પામ્યા. એનાથી એ દુ:ખી દુ:ખી થઇ ગઇ. એને ઘરકામ પણ સૂઝતું ન હતું. (૧૨). એણે બધા જ દેવને આરાધ્યા. વ્રત કર્યાં અને ઉપવાસ પણ કર્યા તો પણ એનું દુ:ખ શાંત થયું નહિ. કર્મની ગતિ ખરેખર ગહન છે. એણે જાત જાતની બાધા રાખી તથા અનેક પ્રકારનાં કષ્ટોવાળાં વ્રતો કર્યાં. (૧૩). પરંતુ પ્રારબ્ધ એવું કઠણ કે બધા જ પુત્રો મૃત્યુ પામ્યા. એક પુત્ર પણ બચ્યો નહિ. (૧૪).

દુ:ખથી અતિ કાયર થયેલી એ સ્ત્રીએ કર્મના પરિણામરૂપ ફળનું જ્ઞાન ધરાવનારને જઇને આ પુત્રોના મૃત્યુની શંકા વિશે પૂછ્યું. (૧૫). મારા પૂર્વ જન્મનું એવું તે કયું કર્મ છે કે જેનાથી મારી સંતતિનો નાશ થાય છે. એ દોષનું નિવારણ કેવી રીતે થશે? હે ભૂદેવ ! એના પર આપ પ્રકાશ પાડો. (કોઇ ઉપાય બતાવો.) (૧૬).

બ્રાહ્મણે કહ્યું કે જો બહેન ! તું તારા પૂર્વ જન્મનાં કર્મનું વૃત્તાંત સાંભળ. તારી સંતતિના નાશનું હું તને સાચું કારણ કહું છું. (૧૭). જે અધમ (નીચ) અને તામસી વ્યક્તિ ગર્ભપાત કરે છે તેના તે દોષથી બીજા જન્મે પુત્રો મરે છે અને તે હતભાગી બને છે. (૧૮). ઘોડાની તથા ગાયની હિંસા કરનાર પણ (બીજા જન્મે) વંધ્યા થાય છે. વળી પારકાનું દ્રવ્ય હરી લેનારની સંતતિ પણ બીજે જન્મે મૃત્યુ પામે છે. (૧૯). તારો પૂર્વજન્મનો જે દોષ છે તે તું સાંભળ. અમને જેવું દેખાય છે તેવું તને કહીએ છીએ એમાં તું શંકા કરીશ નહિ. (૨૦). હે બહેન ! પૂર્વ જન્મમાં શૌનક ગોત્રમાં જન્મેલા એક બ્રાહ્મણનું સો-સોનામહોરનું દ્રવ્ય તેં બીકણે હરી લીધું હતું. (લઇ લીધું હતું.) તારાથી આ ભયંકર દોષ થયો છે. (૨૧). એણે તારી પાસે અનેકવાર દ્રવ્ય માગ્યું હતું છતાં પણ તેં એને એનું દ્રવ્ય આપ્યું નહિ. તારા એ દ્રવ્ય લોભને કારણે હે બહેન ! તારે લીધે એણે એનો દેહ ત્યજી દીધો હતો. (૨૨). આત્મહત્યાના પાપને કારણે એ ભૂત થયો છે અને તારો ગર્ભપાત કરે છે અને ગર્ભનાં કાચાં બાળકોને મારી નાંખે છે. (૨૩). હે બ્હેન ! પૂર્વજન્મનું તારું કર્મ આવું ભયંકર છે. એ તો ભોગવ્યે જ છૂટકો. એ વગર મનને શાંતિ નહિ મળે.① (૨૪).

બ્રાહ્મણનાં આવાં વચન સાંભળીને એ સ્ત્રી દુ:ખી થઇ. પશ્ચાત્તાપથી પીડાતી એ સ્ત્રીએ બ્રાહ્મણના પગ પકડ્યા (કાકલુદી ભરી વિનંતી કરી). (૨૫). બે હાથ જોડીને પગે લાગીને સતી રડવા લાગી અને વંદન કરીને ચરણ ઉપર માથું મૂકીને ગંભીર થઇને દયાજનક રીતે કહેવા લાગી કે હું ખરેખર મહાપાપી અને ચાંડાલિની છું. મેં હળાહળ ઝેર ખાઇને મારે હાથે જ મારો વધ કર્યો છે. (૨૬-૨૭). હે ભૂદેવ ! આ દોષનું નિવારણ કેવી રીતે થશે? હવે એનો ઉપાય કહો. હું આપને કરગરીને પ્રાર્થના કરું છું કે મને આ દુ:ખમાંથી ઉગારી લો. (૨૮).

બ્રાહ્મણે કહ્યું કે હે બ્રાહ્મણ સ્ત્રી ! તું સાંભળ. તેં એ બ્રાહ્મણનો વધ કર્યો છે. એ મરેલો બ્રાહ્મણ ભૂત

થયો છે. તું મનમાં શંકા લાવીશ નહિ. (૨૯). એના વંશમાં કોઇ હતું નહિ. એની મરણોત્તર ક્રિયા પણ થઇ નથી. તેં એનું દ્રવ્ય લઇ લીધું છે એટલે તું જ એનો ઉદ્ધાર કર.② (૩૦). એની ઉત્તર ક્રિયા કર અને એના જ ગોત્રના કોઇ બ્રાહ્મણને શોધીને તું તરત જ એને સો સોનામહોરનું દ્રવ્ય આપી દે. (૩૧). એનાથી તારી ચોક્કસ શુદ્ધિ થશે. કૃષ્ણાનદીના કિનારે એક મહિનો ઉપવાસ કરવાથી તું કૃતાર્થ થશે. (૩૨).

કૃષ્ણા અને પંચગંગાના સંગમે વિધિપૂર્વક સ્નાન કરીને તું ઔદુંબરની ભક્તિપૂર્વક આરાધના કર. (૩૩). એ કલ્પવૃક્ષ તારા બધા મનોરથો પૂરા કરશે. મેં કહ્યું તે હવે ભય રાખ્યા વિના કર. બીજે નકામી દોડાદોડી કરીશ નહિ. (૩૪). પાપનાશ તીર્થમાં સાત વાર સારી રીતે સ્નાન કરી ઔદુંબરને યથાવિધિ જળનું સિંચન કર. જળ સિંચન કર્યા પછી તું કામ્યતીર્થમાં જા અને સ્નાન કરીને હે સતી ! શ્રીગુરુની પાદુકા પર એક મહિનો તું અભિષેક કર અને એનું પૂજન કર. (૩૫-૩૬). આ જગતમાં નૃસિંહ સરસ્વતીનું આ પવિત્ર સ્થાન છે. આનાથી તારા દોષો નાશ પામશે અને તને દીર્ઘાયુ પુત્ર થશે. (૩૭). આવી રીતે એક મહિનો ભાવ ભક્તિથી સેવા-પૂજા કરી, શૌનક ગોત્રના બ્રાહ્મણને પ્રેમપૂર્વક વંદન કરીને હે બહેન ! તું એને પ્રેત નિમિત્તે તરત સો સોના મહોરો આપજે. એની ઉત્તર ક્રિયા પણ કરજે. એટલે તારી બધી મનોકામના પૂરી થશે. (૩૮-૩૯). તારી બધી મહેનત ફળો અને શ્રીગુરુ તારી રક્ષા કરો. શ્રીગુરુનું સ્મરણ કરીને હે બહેન ! તું પાદુકાપૂજન કરજે. (૪૦). આનાથી બ્રાહ્મણનો ઉદ્ધાર થશે, અને તારા દોષો નાશ પામશે. બ્રાહ્મણનાં એ વચનો સાંભળીને બ્રાહ્મણ સ્ત્રી વિચાર કરવા લાગી. (૪૧).

ચિંતાતુર એ બ્રાહ્મણ સ્ત્રી બોલી કે મારી પાસે તો એક પણ સોનામહોર નથી અને માથું પછાડીને મરી જઉં તો પણ કોઇ કાળે સો સોનામહોર તો ભેગી થાય જ નહિ. (૪૨). તમે કહો છો તે પ્રમાણે ગુરુનિષ્ઠાથી એક મહિનો દેહને કષ્ટાવીને પ્રેમપૂર્વક પૂજન, વ્રત અને ઉપવાસ કરીશ. (૪૩). એ બ્રાહ્મણની પત્નીએ પોતાનો આ નિશ્ચય બ્રાહ્મણને કહ્યો એટલે શ્રીગુરુની પ્રેરણા પ્રમાણે એ બ્રાહ્મણે કહ્યું કે બહેન ! તમારો આ નિર્ણય પણ ખૂબ સારો છે. (૪૪). જો તારી પાસે દ્રવ્ય નથી પછી તો તું બધી ચિંતા છોડીને દૃઢ મનથી રાત-દિવસ શ્રીગુરુનાં ચરણનું અર્ચન કર. (૪૫). હે બહેન ! શ્રીગુરુ તારા પાપનો જરૂરથી નાશ કરશે. તું અડગ વિશ્વાસ રાખજે કે કલિતાર શ્રીગુરુ હંમેશાં ઔદુંબરે વસે છે. (૪૬). એ તારા દોષોનું ચોક્કસ નિવારણ કરશે અને પછી શ્રીગુરુના જણાવ્યા પ્રમાણે તું તારી શક્તિમુજબ દ્રવ્ય વાપરજે.③ (૪૭).

બ્રાહ્મણનાં આવાં વચન સાંભળીને એ સ્ત્રીને ખૂબ સંતોષ થયો અને બ્રાહ્મણના કહ્યા મુજબ ગુરુ સ્થાનમાં જઇને એણે અનુષ્ઠાન શરૂ કરી દીધું. (૪૮). પાપવિનાશી તીર્થમાં, સંગમમાં સાતવાર સ્નાન કરીને વિધિ પ્રમાણે ઔદુંબરને સાત વાર જળ સિંચન કરવા લાગી. (૪૯). પછીથી ઔદુંબરની પ્રદક્ષિણા કરી કામ્યતીર્થમાં જઇ ફરીથી સ્નાન કરી ભાવપૂર્વક પાદુકાનું પૂજન કરવા લાગી. (૫૦). ઉપવાસ રાખીને શ્રીગુરુની પાદુકાનું પૂજન કરીને, પ્રેમપૂર્વક પગે લાગીને, તે નિષ્ઠાપૂર્વક નિયમપૂર્વક પ્રદક્ષિણા પણ કરતી હતી. (૫૧). આવી રીતે રોજ સેવા કરતાં ત્રણ દિવસ થયા. એટલે સ્વપ્નમાં આવીને ભૂત દ્રવ્ય માગવા લાગ્યો. (૫૨). સતીને સ્વપ્નમાં બિવડાવીને કહેવા લાગ્યો કે તું મારું દ્રવ્ય મને પાછું આપ, નહિ તો તારી અને તારા વંશની હત્યા કરી નાંખીશ. (૫૩). આ બધા તારા ખોટા ધમપછાડા છે. તારો એકેય પુત્ર જીવવાનો નથી. તારો વંશ પણ રહેશે નહિ. તને પરલોકમાં પણ ત્રાસ

આપીશ. (૫૪). આમ (સ્વપ્નમાં) કહીને (એ ભૂત) ક્રોધે ભરાઇને એ સ્ત્રીને મારી નાંખવા દોડ્યો. બ્રાહ્મણની સ્ત્રી બેબાકળી થઇને ખૂબ બીધી. એ બીકની મારી ધ્રૂજવા લાગી. (૫૫). એ સ્ત્રી બીકની મારી દોડી ગઇ તો ઔદુંબર પાસે શ્રીગુરુને જોયા. એમની પાછળ બે હાથ જોડીને સંતાઇ ગઇ. (૫૬). ત્યાં શ્રીગુરુએ સ્ત્રીને કહ્યું તું ગભરાઇશ નહિ અને પિશાચને ઘણું દૂર રાખીને શ્રીગુરુએ પૂછ્યું કે હે ઘાતકી ! તું એને કેમ મારવા દોડે છે? (૫૭).

ભૂત બોલ્યો કે હે પ્રભુ ! ગયા જન્મે એણે મારી સો સોનામહોરો હરી લીધી હતી અને એને લીધે મારે મરવાનો વારો આવ્યો હતો. (૫૮). હે સ્વામી ! તું તો કૃપાળુ સંન્યાસી છે. તારે મન તો બધા જ સરખા છે. તને પક્ષપાત શોભતો નથી. હે સદાશિવ ! આ બાઇ મારી શત્રુ છે. (૫૯). પિશાચનાં આવાં વચન સાંભળીને ક્રોધાયમાન શ્રીગુરુએ કહ્યું કે તું દૂર જ રહેજે. જો તું મારા ભકતને હેરાન કરીશ તો હું તને ભયંકર શિક્ષા કરીશ. (૬૦). જો હું તને તારા હિતની વાત કરું તે તું સાંભળ. એનાથી તારી સદ્ગતિ થશે. આ સિવાય પિશાચયોનિમાંથી છૂટવાનો બીજો કોઇ ઉપાય નથી. (૬૧). આ બ્રાહ્મણની સ્ત્રી તને યથાશક્તિ જે કાંઇ આપે તે તું સ્વીકારી લે. નહિ તો હે મૂરખ ! તારી દુર્ગતિ ટળશે નહિ. (૬૨). જો આ વાત તને મંજૂર ન હોય તો તું તરત જ દૂર થઇ જા. હું મારા ભકતનું રક્ષણ કરીશ અને એનો વંશવિસ્તાર થાય તે પણ જોઇશ.⑦ (૬૩). જો હવે પછી તું આવ્યો છે તો તને તરત જ શિક્ષા કરીશ. આ સાંભળીને ભૂતે વંદન કરીને કહ્યું કે હે ગુરુ ! આપ પૂર્ણ કૃપાળુ છો. હે સ્વામી ! આજે તારાં ચરણનાં દર્શન થયાં. તું મારો ઉદ્ધાર કર. હે પ્રભુ ! તું મને માફ કર. મારું હિત શામાં છે એનું પણ મને ભાન નથી. (૬૪-૬૫). હે પ્રભુ ! જે રીતે મારી સદ્ગતિ થતી હોય તેવું તું કર. હું તારી આજ્ઞા માથે ચઢાવીને એનો સ્વીકાર કરીશ. (૬૬). શ્રીગુરુ બોલ્યા કે આ સ્ત્રી તારી બધી દાશાહિકી ક્રિયા પૂરા ભાવથી કરાવશે જેથી તું મુક્તિ પામીશ.⑤ (૬૭). જા, તું વિશ્વાસ રાખજે કે તારી ચોક્કસ સદ્ગતિ થશે. ભૂતને આવું કહીને શ્રીગુરુએ પછી પેલી બ્રાહ્મણ સ્ત્રીને કહ્યું કે હે સ્ત્રી ! તું આ પ્રેતની પાછળ તારી શક્તિ પ્રમાણે દ્રવ્યનો ખર્ચ કર. પછી તારા વંશનો વિસ્તાર થશે. (૬૮-૬૯). એનાથી તેં કરેલી બ્રહ્મહત્યાનું પાપ જલદીથી નાશ પામશે અને તને દીર્ઘાયુ સંતતિ થશે અને તારી બધી મનોકામના પૂર્ણ થશે. (૭૦). એ પ્રેતના નામનો ઉચ્ચાર કરીને અષ્ટતીર્થમાં સ્નાન કરીને સાત દિવસ સુધી ઔદુંબરે જળ સિંચન કર અને પછી એની ઉત્તરક્રિયા કર. હે ભામિની (સ્ત્રી) ! હવે તું ઊઠ અને જલદી જલદી જા. જો તારી નિષ્ઠા સાચી હશે તો તારી આ મહેનત ફળશે. (૭૧-૭૨).

સ્વપ્નમાં આ બધું જોઇને બ્રાહ્મણની એ સ્ત્રી ઝબકીને જાગી ગઇ. આશ્ચર્યચકિત થઇને વારે વારે શ્રીગુરુમૂર્તિનો જ વિચાર કરવા લાગી. (૭૩). શ્રીગુરુની જે મૂર્તિનું સ્વપ્નમાં દર્શન કર્યું હતું તે મૂર્તિનું ચિત્તમાં ચિંતન કરવા લાગી અને શંકા રાખ્યા વગર સ્વપ્નમાં કહ્યા મુજબ બધી જ ક્રિયા કરાવી. (૭૪). એને કારણે પળવારમાં બ્રહ્મહત્યા વગેરેનાં બધાં પાપો નાશ પામ્યાં. પિશાચ પણ મુકત થયો અને બધી મહેનત ઊગી નીકળી. (૭૫).

બીજે દિવસે સ્વપ્નમાં શ્રીગુરુમૂર્તિએ પ્રસન્ન થઇને બે શ્રીફળ આપ્યાં અને કહ્યું કે તારાં વ્રતનો મેં સ્વીકાર કર્યો છે. (૭૬). આ વ્રત પૂરું કરીને તું પારણાં કર અને પછી હે ભામિની ! આ ફળનું તું ભક્ષણ કરજે એટલે તને સંતતિ થશે. (૭૭).

આવું સ્વપ્ન જોઇને સતી જાગી ગઇ અને મનમાં આનંદ આનંદ થઇ ગયો. એણે બધી વાત પતિદેવને

કહી. પતિએ કહ્યું કે શ્રીગુરુએ બતાવેલા ઉપાયને ધન્ય છે. (૭૮). પતિ-પત્ની બંનેએ જેમ કહ્યું હતું તે પ્રમાણે જ બધું કર્યું. ગુરુની કૃપાથી બ્રાહ્મણની પત્ની પાપથી મુકત થઇ ગઇ. (૭૯). ચિંતામણિના સ્પર્શથી જેમ લોખંડનું સોનું થઇ જાય છે તેમ ગુરુની કૃપાથી એ સ્ત્રી તરત જ પાવન થઇ ગઇ. (૮૦). સમય જતાં ગુરુકૃપાથી એ સ્ત્રી ગર્ભવતી થઇ અને એને બે પુત્રો થયા. બ્રાહ્મણે હર્ષભેર દાન કર્યું. (૮૧). સમય વીતતાં મોટા પુત્રને યજ્ઞોપવીત સંસ્કાર આપવા અને નાનાને ચૌલકર્મ સંસ્કાર કરવા માટે બ્રાહ્મણે પ્રેમથી સમારંભ યોજ્યો. (૮૨).

બધી તૈયારી થઇ ગઇ અને કાર્યની શરૂઆત પણ થઇ ગઇ. સંસ્કાર આપવાના આગલા દિવસે કુમારને જલદીથી ન મટે એવો રોગ થયો. (૮૩). રોગનો કોઇ પાર ન હતો. એકથી એક ચઢે એવા તીવ્ર રોગો થયા અને તેમાં છેલ્લે અસાધ્ય એવો ધનુર્વાત થયો. (૮૪). બધા અંગો વાંકા વળી ગયાં અને બાળક બિહામણું દેખાવા લાગ્યું. એનું દુ:ખ જોયું જતું ન હતું. એ તદ્દન બેહાલ થઇ ગયો. (૮૫). ત્રણ દિવસ હેરાન હેરાન થઇને એ મોટો દીકરો રાત્રે મૃત્યુ પામ્યો. ભાવિને કોણ મિથ્યા કરી શક્યું છે? (૮૬).

માતાએ કલ્પાંત કરવા માંડ્યું અને એના દુ:ખનો વેગ પણ ભયંકર હતો. માતાનું પ્રેમાળ અને કોમળ હૃદય અરેરે ! આ લાલચોળ અને ગરમાગરમ લોખંડને કેવી રીતે સહી શકે? (૮૭). ધરતી પર માથું અફાળવા લાગી અને અરેરે ! દુ:ખથી ખૂબ રડવા લાગી. શોકને લીધે છાતી કૂટવા લાગી અને પથ્થર સાથે અથડાવા લાગી. (૮૮). એ નાજુક દેહવાળી મા દીકરાના ગુણોને વારે વારે યાદ કરીને આક્રંદ કરવા લાગી અને રડતાં રડતાં ધરતી પર મડદાંની માફક ક્ષણવારમાં ઢળી પડતી હતી. (૮૯). મૃતદેહને બાઝીને એ ચોધાર આંસુથી રડતી હતી. પુત્રના શરીર ઉપર ઢળી પડીને માયાથી વીંટળાયેલી એ મા રડતી હતી. (૯૦).

અરે બેટા ! આ દુનિયામાં તું જ મારો એક માત્ર આધાર હતો. તું કેમ આટલો બધો ક્રૂર થઇ ગયો? મને અધવચ્ચે છોડીને તું ક્યાં જતો રહ્યો? (૯૧). અરે દીકરા ! આ સ્તનમાંથી દૂધ નકામું વહી જાય છે તો તું એ પીવા માટે દોડ. હે મારા પ્રાણના આધાર ! તું બહાર રમવા માટે ક્યાં જતો રહ્યો છે? તું જલદી દોડ. (૯૨). હે બેટા ! તું જ કહે કે તારા ઉત્તમ ગુણો કેવી રીતે ભૂલી શકાય? તું મારા ગરીબનું સર્વસ્વ છે. તું તો અણમોલ છે. (૯૩). હે બેટા ! તારું કાલું કાલું બોલવાનું કેવી રીતે ભૂલી શકું? હે લાલ ! તારા જેવું રૂપ હવે હું ક્યારેય જોઇ શકીશ નહિ. (૯૪). સ્વપ્નમાં મળેલો ખજાનો જાગતાંની સાથે જ જેમ ભ્રમ ઉપજાવે છે કે એ હાથથી જતો રહ્યો કે શું? આમાં સાચું શું? એ જ રીતે તું પણ આજ સુધી એ રીતે કેમ રહ્યો? (૯૫). મને પાંચ પુત્ર થયા. પરંતુ એમાં એક તું જ મારો આધાર છે. ગર્ભમાં આવીને તેં અમને આનંદ કરાવ્યો અને મને ખૂબ સંતોષ આપ્યો. (૯૬). તું ગર્ભમાં આવ્યો ત્યારે મને ઉત્તમ ઇચ્છાઓ જાગતી હતી. મનમાં કદી ચિંતા થઇ નથી. મારા મનમાં થતા આનંદને આધારે મને ચોક્કસ ખાતરી હતી કે ચોક્કસ પુત્ર જ થશે. (૯૭). શ્રીગુરુએ પુત્ર થશે એવું વરદાન આપ્યું હતું તેથી મને ચોક્કસ ખાતરી હતી જ કે આ પુત્ર એ શ્રીગુરુનાં વરદાનનું જ ફળ છે. (૯૮). તું જન્મ્યો ત્યારથી જ તેં અમને સુખ આપ્યું છે. દુ:ખ શું છે એ જાણ્યું જ નહિ. હે પુત્ર ! મેં તને પ્રાણપ્રિય જાણીને તારું જતન કર્યું છે. (૯૯). મને એવો વિશ્વાસ હતો કે તું અમને ઘડપણમાં સંભાળશે. હે પુત્ર ! અમારી બધી આશા ઉપર આ રીતે પાણી ફેરવીને જવું યોગ્ય નથી. (૧૦૦). તારે માટે મેં પહેલાં બહુ જ દુ:ખ સહન કર્યું હતું. પરંતુ તારું મોં જોયા પછી હું એ બધું ભૂલી ગઇ.

હે પુત્ર ! તું મને દગો ના દઇશ.⑤ (૧૦૧).

આ રીતે માતા કરુણ વિલાપ કરતી હતી અને બધા સ્વજનો એને સમજાવતાં હતાં અને આશ્વાસન આપીને કહેતાં હતાં કે હે બહેન ! હવે તું કેટલું રડીશ? (૧૦૨). હે મા ! જેનો જન્મ છે તેનું મૃત્યુ છે જ, જે ખીલે છે તે કરમાય છે જ. વિધાતાએ લલાટે લખેલા લેખ કોઇ દિવસ મિથ્યા થતા નથી. (૧૦૩). આ સમગ્ર જગત, દેવ, ઋષિ, કિન્નર બધા જ ભાવિને આધીન છે. રામ વગેરે જેવા અવતારી પુરુષ પણ જતા રહ્યા તો પછી કોણ અમર રહે? (૧૦૪). આપણે બધા માટીના માનવી છીએ અને ક્ષણવારમાં માટીમાં ભળી જવાના છીએ. આ પૃથ્વી ઉપર કોણ અમર છે? કાળ કોઇને છોડતો નથી. (૧૦૫).

આ રીતે બધી શિખામણ આપતા હતા અને માતા દુ:ખથી રડતી હતી. એણે કહ્યું કે સદ્‌ગુરુએ આપેલાં બાળકને મૃત્યુ કેવી રીતે મારી શકે? (૧૦૬). આ પૃથ્વી પર ખૂબ વિખ્યાત એવા નૃસિંહસરસ્વતી સ્વામી હંમેશાં ઔદુંબરે વસીને ભક્તોનાં દુ:ખો હરે છે. (૧૦૭). આ પુત્ર તો એની સેવાનું ફળ છે. એનું વરદાન કેવી રીતે મિથ્યા થાય? એની આગળ તો કાળ પણ મગતરું છે. એનો વર કોઇ પણ રીતે મિથ્યા નહિ થાય. (૧૦૮). હવે મારે જીવીને શું કરવું? પુત્ર સાથે હું પણ મારો પ્રાણ ત્યાગ કરીશ એટલે મારી હત્યા એના માથે ચોંટશે. (૧૦૯). આવું બોલીને એણે શ્રીગુરુમૂર્તિનું સ્મરણ કર્યું અને કહ્યું કે હે પ્રભુ ! તેં મને છેક છેલ્લે કેમ દગો દીધો? (૧૧૦).

હે દેવ ! તું જે બોલે છે તે સત્ય થાય જ છે એવું સાંભળીને હું તારી પાસે દોડી આવી હતી અને તારો સંકલ્પ હંમેશાં સત્ય થઇને જ રહે છે એમ માનીને મેં તારી મનથી સેવા કરી હતી. (૧૧૧). મેં તારા વચનમાં વિશ્વાસ રાખ્યો હતો તો પછી કેમ તેં વિશ્વાસઘાત કર્યો? હે વિશ્વાસઘાતકી ! હું તને શું કહું? (૧૧૨). તું ત્રિમૂર્તિનો અવતાર છે અને નૃસિંહસરસ્વતી તારું નામ છે. તેં ધ્રુવને અને વિભીષણને અક્ષય ધામ આપ્યું છે. (૧૧૩). તેં મારી અવગણના કરીને મારો વિશ્વાસઘાત કર્યો છે એ વાત કોણ માનશે? હે જગતાત ! દોડ ! તું દોડ. (૧૧૪). હે દેવ ! તું તારા બિરુદને સાચું પાડ અને મારી લાજ રાખ. તારે લીધે મારે આજે મરવાનું નક્કી કરવું પડ્યું છે. (૧૧૫). તારું નામ સાંભળીને દૂર દૂરથી ભક્તો આવે છે અને એ ભોળા ભક્તો મનમાં ઇચ્છા રાખીને ભાવથી પ્રદક્ષિણા કરે છે. (૧૧૬). ત્યાં આવીને એ લોકો ઔદુંબરનું અર્ચન-પૂજન કરે છે અને પ્રેમથી પુરશ્ચરણ અને તપશ્ચર્યા કરે છે. અમે પણ આ બધું નિયમપૂર્વક કર્યું હતું. (૧૧૭). એનું અમને આ ફળ મળ્યું ! આ જોયા પછી તારામાં કોણ વિશ્વાસ રાખશે? તેં મારી આશા પર પાણી ફેરવ્યું છે તો હવે હું તારા સ્થાનમાં આવીને જ મારા પ્રાણનો ત્યાગ કરું છું. (૧૧૮). હે દેવ ! તારી આ રીતે ચારે દિશામાં કીર્તિ પ્રસરો કે તું કેવો વિશ્વાસઘાત કરી શકે છે અને તું ભક્તોની બધી મનોકામના કેવી રીતે પૂર્ણ કરે છે !! આ બધું જોઇને પછી જે લોકો તને ભજશે તેને તારાં વરદાનમાં કેવી રીતે વિશ્વાસ બેસશે? બ્રહ્મહત્યાનાં પાપથી દુ:ખી થયેલી હું તારા ચરણની દાસી થઇ હતી. (૧૧૯-૧૨૦). કોઇને પણ શરણે લીધા પછી એનો ત્યાગ કરે એ તારો કેવો ધર્મ છે? તારી લીલા તું જાણે ! એનું રહસ્ય કોણ જાણી શકે? (૧૨૧).

વાઘની બીકથી ગાય યવનને આશરે જાય અને પછી યવન ગાયને પંપાળીને વધ કરે એવું જ અહીં પણ બન્યું છે. (૧૨૨). વ્યક્તિ ભગવાનનાં દર્શન માટે મંદિરે જાય અને ત્યારે જ એના પર ઓચિંતું મંદિર પડે એવું જ મારા કિસ્સામાં પણ બન્યું છે. (૧૨૩). તને શું કહું એની મને અજ્ઞાનીને ખબર જ પડતી નથી. હે ગુરુ ! તું દયા

કરીને મારા પુત્રના પ્રાણ બચાવ ! પ્રાણ બચાવ ! ⑦ (૧૨૪). રાત વીતી ગઇ અને સૂર્યોદય થયો. સવાર પડી તો પણ સતી છાતીફાટ રૂદન કરતી જ હતી અને કોઇની કોઇ વાત સાંભળતી જ ન હતી. (૧૨૫).

બ્રાહ્મણોનો બધો સમૂહ ભેગો થયો અને માતાને એ સમજાવવા લાગ્યો કે હે મા ! શું કામ નાહકનો શોક કરે છે? તું ગમે તેટલું રડે પણ એનાથી કોઇ અર્થ સરવાનો નથી. (૧૨૬). તું તારી આ મૂર્ખાઇ છોડી દે. કોઇ દિવસ પ્રારબ્ધ ટળતું નથી. આ બાબતમાં તો બ્રહ્મા પણ લાચાર થઇને ઊભા રહે છે ત્યાં બીજાની તો વાત જ શી? (૧૨૭). હવે તું પુત્રનું શબ આપ. એટલે એને લઇ જઇને નદીકિનારે અગ્નિસંસ્કાર કરીએ. હવે બહુ મોડું થયું છે. (૧૨૮). આ સાંભળીને રડતાં રડતાં સતીએ કહ્યું કે આ પુત્રની સાથે સાથે મારો પણ અગ્નિસંસ્કાર કરવાના હો તો જ શબ આપું, નહિતર નહિ આપું. (૧૨૯). પુત્રની સાથે હું પણ ચિતા પર ચઢીને અગ્નિપ્રવેશ કરીશ. એમ કહીને શબને છાતી સરસું ચાંપી દીધું અને છાતીથી જરા પણ અળગું કરતી ન હતી. (૧૩૦).

લોકો બોલ્યા કે આ કકળાટિયણ જરા પણ સમજતી નથી. પુત્ર સાથે અગ્નિપ્રવેશ કરીને બળી મરવાનો ધર્મ તો આજ સુધી કોઇ દિવસ સાંભળ્યો નથી અને ક્યાંય જોયો પણ નથી. આપઘાત જેવું બીજું કોઇ મહા પાપ નથી. (૧૩૧-૧૩૨). એને ગમે તેટલું કહેવા છતાં માનતી જ નથી અને ફાવે તેમ ભળતું જ બોલે છે. આવું બોલવા છતાં પણ એ શબ આપતી ન હતી. (૧૩૩). એ તો એક જ વાત બોલ્યા કરતી હતી કે હું તો ખરેખર પુત્રની સાથે મારા પ્રાણ ત્યજી દઇશ જ. એની આવી વિચિત્ર વાત સાંભળીને કોઇ એની પાસે જવા તૈયાર ન હતું. (૧૩૪). બપોર વીતવા આવી છતાં એ નથી તો શબ આપતી કે નથી ગંગાના કિનારે જતી. એ બિલકુલ આઘી પાછી થતી નથી.⑧ (૧૩૫). બધે હાહાકાર થઇ ગયો અને આખું ગામ ભેગું થઇ ગયું. ત્યાં જ એકાએક કોઇ બ્રહ્મચારી સારા સ્થળેથી આવી ચઢ્યો. (૧૩૬). જેનાથી અજ્ઞાન ટળે એવો આત્મજ્ઞાનનો ઉપદેશ એણે મધુર શબ્દથી આપવા માંડ્યો અને સતી આશ્ચર્યચકિત થઇને સાંભળતી રહી. (૧૩૭).

અલખે નિરંજનને કહ્યું કે આગળ ઉપર જે વર્ણન થશે તે જે કોઇ ભક્તિથી સાંભળશે તેનો જન્મમરણનો સંદેહ ટળી જશે એમ **રંગગુરુ** કહે છે. (૧૩૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પુત્રશોકવર્ણન'** નામનો **ચુંમોતેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

# પાદટીપ :

## અધ્યાય : ૭૪

(૧) આ દોહરા સમજીને એ પ્રમાણે જીવન વ્યવહાર ગોઠવવાનો છે. આ વાત શ્રીગુરુલીલામૃતમાં અનેક જગ્યાએ કહેવાઇ છે. આપણને મળતાં સુખ દુ:ખ એ આપણાં કર્મોનાં જ ફળ છે એ વાત બરાબર ગળે ઉતારવાની છે અને બીજી વાત એ કે પ્રારબ્ધનો ભોગથી ક્ષય કરવો જ ઉત્તમ છે. એટલે કે દુ:ખમાંથી છટકવા માટે પ્રયત્ન કરવાને બદલે સહન કરી લેવા પ્રયત્ન કરવાનો છે. આ વાત અમર આદેશમાં પણ પૂ.શ્રીએ કરી છે. "ઝેર ખાવું છે પણ એનું ફળ ભોગવવું નથી" એમ કહીને પણ સત્કર્મ કરવાની જ પ્રેરણા આપી છે. આપણે કરેલાં કર્મોની જાણ ભગવાનને એના પ્રતિનિધિરૂપ પવન, પ્રકાશ વગેરે કરે છે. સત્કર્મો કરવાથી મનને શાંતિ મળે છે.

(૨) શ્રીગુરુલીલામૃતમાં કોઇના પૈસા લઇ લેવાની શિક્ષા અથવા કોઇનું દેવું અધૂરું રાખ્યાની આકરી શિક્ષા વર્ણવાઇ છે. કોઇની પણ રકમ અન્યાયપૂર્વક હડપ કરી જવાથી કદાચ આ જન્મે સજા ના પણ થાય પરંતુ એમાંથી છટકાશે તો નહિ જ. પછી એ દુ:ખ-સજા ભોગવવાની ખૂબ આકરી થઇ પડે છે. જુવાનીમાં લીધેલી લોનની ઉઘરાણી ઘડપણમાં થાય અને ત્યારે હપ્તા ચૂકવવાના આવે તો કેવું લાગે? "મફતનું લઇશ નહિ" એનો વિચાર કરીએ તો આ તો બીજાનું કપટથી છીનવી લેવાની વાત છે. એવું કરનારને ક્યાંથી શાંતિ મળે? જે કાંઇ મળે તે મહેનતની કમાણીમાં સંતોષ માનવો એ સિદ્ધાંત જ સાચો છે.

(૩) દોહરા ૪૪ થી ૪૭ વિચારીએ. જેની પાસે દ્રવ્ય નથી એવી સ્ત્રીની લાચારી સમજીને બ્રાહ્મણ જે કહે છે તે "શ્રીગુરુ પ્રેરિત" છે એવું લખ્યું છે. શ્રીગુરુની પ્રેરણાથી બ્રાહ્મણે એ સ્ત્રીને કહ્યું કે દ્રવ્ય ના હોય તો કાંઇ નહિ, અનુષ્ઠાન તો કર. બ્રાહ્મણમાં લોભ વૃત્તિ ન જાગી એ પણ ગુરુ મહારાજની જ પ્રેરણા. ભગવાન આમ મદદ કરે. પરંતુ દોહરા ૪૭માં બ્રાહ્મણે કહ્યું કે માતા **તારી શક્તિ પ્રમાણે** (યથાશક્તિ) દ્રવ્ય વાપરજે. બ્રાહ્મણ સાચું તો કહે જ છે પરંતુ સાથે સાથે યજમાનની શક્તિનો પણ વિચાર કરે જ છે. "વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો" એવી વૃત્તિનો બ્રાહ્મણ નથી. આવા બ્રાહ્મણોની સાત્ત્વિક વૃત્તિથી જ એના પર શ્રીગુરુની મહેર ઊતરે છે.

(૪) શ્રીગુરુને (સંતોને અને ભગવાનને પણ) ભક્તો ખૂબ જ વહાલા છે. એમને ભક્તો માટે ખૂબ લાગણી હોય છે. ભગવાન પ્રત્યે કરેલા અપરાધની ભગવાન માફી આપી દે પરંતુ એના ભક્ત પ્રત્યે કરેલા અપરાધની અવશ્ય સજા કરે છે, માફી આપતા નથી. દોહરા ૬૦ અને ૬૩ બંનેમાં ભક્તના રક્ષણની વાત છે. ભક્ત કરતાં ભગવાનને મન બીજું કોઇ મોટું નથી.

(૫) ભણતરના અભિમાનમાં કે સુધારાવાદી કહેવડાવવાના મોહમાં મરણોત્તર ક્રિયા ન કરનારે ધ્યાન આપવા જેવું છે. ઔર્ધ્વદૈહિક ક્રિયા (જમણવાર)ના ખર્ચા અને ખોટી પ્રથાને તિલાંજલિ આપવામાં વાંધો નથી પરંતુ વિદ્વાન બ્રાહ્મણ દ્વારા ક્રિયા તો કરાવવી જ જોઇએ. આપણા પૂ.રંગ બાપજીએ એમનાં માતાની ઔર્ધ્વદૈહિક ક્રિયા

મોરટક્કામાં નાદુરસ્ત તબિયતે પણ કરી હતી. જેણે આપણે માટે જાત ઘસી નાંખી એ 'મા'ની શાંતિ માટે પુત્ર આટલું પણ ન કરે? પ્રેતયોનિનો સ્વીકાર પરદેશમાં પણ થયેલો જ છે. (ક્રિયા પ્રેતયોનિના નિવારણાર્થે જ છે.)

(૬) દોહરા ૮૭ થી ૧૦૧ એકદમ કરુણ રસે ભરેલા છે. માતા માટે તો પુત્રનું મરણ વજ્રાઘાતથી પણ વધુ કઠોર છે. પોતાના કાળજાનો ટુકડો એવો બાળક અગ્નિદેવને કઇ મા સોંપવાની હિંમત કરે? માતા વિશે તો જેટલું કહીએ તેટલું ઓછું છે. જે બાળકને છાતી સરસો ચાંપ્યો હોય તે બાળકની છાતીએ કોઇ દેવતા ચાંપે તે કેમ જોવાય? બાળકમાં આશાનો ભાવ પણ છે કે એ ઘડપણની લાકડી થશે. પૂ.શ્રીનું વર્ણન અકળાવી મૂકે એવું છે.

(૭) દોહરા ૧૦૬ થી ૧૨૪ ભકતની ભગવાનમાં અડગ નિષ્ઠા અને ઊંડી શ્રદ્ધાના દ્યોતક છે. સાથે સાથે વિનયક્રોધ ભરેલી ઉક્તિ પણ છે જેમાં વિનયથી ભગવાનને ટોણા મારવામાં આવે છે. એક માત્ર શ્રીગુરુના શરણે જીવતી સ્ત્રી શ્રીગુરુને ના કહે તો પછી કહે પણ કોને? એના ટોણામાં, ટીકામાં પણ પ્રેમ અને ભક્તિ જ છે. પરંતુ પોતાના પર આવી પડેલી આપત્તિથી હારીને, થાકીને, કંટાળીને નાછૂટકે આવું બધું બોલે છે. ખૂબ સરસ રજૂઆત છે.

(૮) શબ અથવા મડદાંને જ 'પ્રેત' કહે છે. પ્રેત એટલે દૂર ગયેલો. સ્થૂળ શરીરને અહીં છોડીને જીવ એનાથી દૂર જાય ત્યારે આપણે એને મૃત્યુ કહીએ છીએ. બાર દિવસ સુધી એ 'પ્રેત' કહેવાય છે. તેરમાને દિવસે પિંડની વિધિ કર્યા પછી એ પ્રેત પિતૃલોકમાં ભળી જાય. પછી એને પ્રેત કહેવામાં આવતો નથી. તેરમા પછી એ જીવ સાથેના સંસારી સંબંધનો અંત આવે છે. બાર દિવસ સુધી એ સંબંધ રહે છે ત્યાં સુધી એને પ્રેત કહેવામાં આવે છે.

●

## અધ્યાય : ૭૫

આ અધ્યાયનું નામ '**મૃતપુત્રસંજીવન**' છે. આ અધ્યાયમાં **૧૧૦** દોહરા છે.

આ અધ્યાયમાં એકાએક આવેલો બ્રહ્મચારી માતાને દેહની નશ્વરતા ને મૃત્યુનો કકળાટ ન કરવાનું સમજાવે છે. મૃત્યુ કોઇને છોડતું નથી અને એનો સ્વીકાર કરવામાં જ ડહાપણ છે એવું સમજાવે છે અને માતાને શબ આપવા કહે છે. (૧-૩૮).

બ્રહ્મચારીનો ઉપદેશ સાંભળ્યા પછી એ બ્રાહ્મણ સ્ત્રી વિદ્વાન ન હોવા છતાં ભજન અને ભક્તિનું મહત્ત્વ સમજાવી પોતાની અડગ ગુરુનિષ્ઠા દર્શાવતી દલીલો કરે છે. શરણે લઇને અને અભય આપીને પછી ઘાત કરે જ કેવી રીતે? એવો હક્ક પ્રસ્થાપિત કરી પોતાની ભાવનાને પ્રગટ કરે છે. (૩૯-૫૦).

આ સાંભળીને બ્રહ્મચારીએ કહ્યું કે જો ગુરુમાં તારી આવી અડગ નિષ્ઠા હોય તો કાળની પણ તાકાત નથી કે એ બાળકને મારી શકે. તને જ્યાં વર મળ્યો હોય ત્યાં જ તું જા. બ્રહ્મચારીનું કહ્યું માનીને એ સ્ત્રી છાતીએ શબને વળગાડીને ઔદુંબરે આવી અને માથું પછાડીને પાદુકા પર લોહીનો અભિષેક કર્યો. એણે ખૂબ આક્રંદ કર્યું. (૫૧-૫૮).

સૂર્યાસ્ત થવા છતાં શબ ન આપ્યું એટલે ડાઘુઓ જતા રહ્યા. બે દિવસના ઉજાગરાને કારણે બ્રાહ્મણ સ્ત્રી રાત્રે ઊંઘી ગઇ. સ્વપ્નમાં શ્રીગુરુ આવ્યા અને કહ્યું કે કેમ રડે છે? જો આ તારો બાળક જીવતો થયો. (૫૯-૭૩).

સ્વપ્નમાંથી ઝબકીને જાગી જઇને એને થયું કે હું પણ કેવી ગાંડી? શબ તે વળી જીવતું થતું હશે? એણે દીકરાના શબને છાતીથી અળગું કરી દૂર મૂક્યું. ત્યાં તો બાળકના અંગમાં ચેતન વ્યાપ્યું અને માતાને સ્તનપાન કરવા લાગ્યો. પતિને ઉઠાડીને બધી વાત કરી. સવારમાં ગામમાંથી ડાઘુ આવ્યા અને બાળકને જીવતો જોઇને શ્રીગુરુનો જયઘોષ કરવા લાગ્યા. શ્રીગુરુની પાદુકાનું પૂજન કરી, બધાને ભોજન કરાવી આનંદથી વાજતે ગાજતે ઘરે ગયા. (૭૪-૧૧૦).

અલખ પ્રભુ બોલ્યા કે એ સુજ્ઞ તપસ્વી બ્રહ્મચારી શબ પાસે આવીને દુ:ખી સ્ત્રીને જ્ઞાનની વાતો કહેવા લાગ્યો. (૧). બ્રહ્મચારીએ કહ્યું કે હે સતી ! તું મારી વાત સાંભળ અને નાહકનું દુ:ખ ના કર. આ ક્ષણભંગુર સંસારમાં કોને અક્ષય સુખની પ્રાપ્તિ થઇ છે? (૨). હે મા ! કોઇ અમરપટો લખાવીને આવ્યું નથી. બધાંએ એક દિવસ તો મરવાનું છે જ. આ જન્મ મરણ પણ સાચાં નથી, માયાજાળ છે અને કહેવા પૂરતી વાત છે. (૩). આ બધી દેખાતી વસ્તુઓ પાણીના પરપોટા જેવી છે. એમાં એકેય કાયમ ટકવાની નથી. આ સાચી વાતને તું માની જા. (૪). કર્મ પ્રમાણે પંચભૂત ભેગા થવાથી આ દશ્યમાન શરીર દેખાય છે અને કર્મ પૂરું થતાં એનો વિયોગ થાય

છે. (૫). માયાથી વીંટળાયેલા બધા રડે છે અને આ તો મારો પુત્ર કે મિત્ર (મરી ગયો) એમ કહે છે. એ પંચભૂત શરીરને જ મારું મારું માને છે, એ વિચિત્ર છે ! (૬). ત્રિગુણમયી માયાથી ચિત્તમાં ભ્રાંતિ થાય છે. એનાથી 'હું' અને 'મારું' એવો ભાવ જાગે છે અને આ જ સંસારનો ક્રમ છે. (૭).

સત્ત્વગુણની પ્રધાનતાથી દેવપદ મળે છે, રજોગુણની પ્રધાનતાથી મનુષ્ય જન્મ મળે છે અને તમોગુણની પ્રધાનતાથી પશુયોની મળે છે. આ બધું કર્મને આધારે બને છે. (૮). જે કોઇ સારું કે ખરાબ જેવું કર્મ કરે છે તેને તેવું ફળ મળે છે. આ કર્મનું રહસ્ય છે. (૯). વ્યક્તિ જેવું વાવે છે તેવું લણે છે. એમાં બીજા કોઇનો દોષ નથી. આ આખું જગત કર્મને આધીન છે એમ જાણીને મનમાં સંતોષ રાખવો. (૧૦). જેની જેવી વાસના હોય તે રીતે ઇંદ્રિયો વર્તે છે. આ વાસના પ્રમાણે વ્યક્તિ કર્મો કરે છે અને કર્મ પ્રમાણે ફળ ઉપજે છે. (૧૧). માયાથી મોહ પામેલો માનવી અક્રિય આત્માને જાણતો નથી એટલે સુખ-દુઃખથી અસર પામીને એ ક્ષણે ક્ષણે હસે છે કે રડે છે. (૧૨). બધા જીવો પોતાનાં કર્મો પ્રમાણે જન્મે છે અને પોતાનાં કરેલાં કર્મનાં ફળ ભોગવે છે. આત્મા અસંગ છે અને આ સુખ દુઃખથી એને કોઇ લાભ કે હાનિ નથી. (૧૩). દેવ, ઋષિ અને કિન્નરો કોટિકલ્પનું આયુષ્ય ધરાવે છે તો પણ કર્મ તેને પછાડે છે તો પછી બાપડા માનવીનું તો શું ગજું? (૧૪). આ બધાં પ્રાણી દેહને આધીન છે અને આ દેહ એ કાળને આધીન છે. વિવિધ પ્રકારના ગુણ અને કર્મને લીધે એ બિચારો જીવ બધી ચેષ્ટા કરે છે. (૧૫).

બધા જ શરીરધારીઓ છ વિકારને આધીન છે. એ જન્મે છે, જીવે છે, વધે છે અને પળવારમાં ક્ષીણ થાય છે. (૧૬). પોતાનો જ દેહ છે તે જ કાયમ ટકવાનો નથી તો પછી સંબંધીના શરીરની તો વાત જ શી? ધીરપુરુષો એનો શોક કરતા નથી. (૧૭). જ્ઞાની પુરુષ હર્ષનો આનંદ કરતો નથી કે મૃત્યુનું દુઃખ કરતો નથી. એ રહસ્યને મનમાં સમજીને જ્ઞાની હંમેશાં અચળ રહે છે. (૧૮). ગર્ભમાં અવ્યકત રૂપે રહેલો પ્રાણી જન્મથી વ્યકત થાય છે. થોડીવાર જીવન જીવી ફરી પાછો અવ્યકત થઇ જાય છે. (૧૯). પવનના આંદોલનને કારણે જેમ પાણીની અંદર પરપોટા ઊઠે છે અને પલકમાં શમી જાય છે તેમ આ દેહ પણ કર્મને કારણે જન્મે છે અને મરે છે. (૨૦). આ શરીર કે જે શરૂઆં નથી અને અંતમાં પણ નથી તે વચમાં પણ દેખાવા છતાં હોતું નથી. અનુભવી પુરુષો અનુભવ દષ્ટિથી આ જાણે છે. હે સતી ! તું કેમ શોક કરે છે? (૨૧).

જ્યારે આ શરીર ગર્ભમાં હોય છે ત્યારે પણ અસ્થિર જ હોય છે. જ્યાં સુધી કર્મો ખૂટતાં નથી ત્યાં સુધી ઘેંશ કે ખીર ખાય છે. (૨૨). જેનું જેટલું લેણું હોય તેટલું તે ભોગવે છે. કોઇ બાળપણમાં મરી જાય છે જ્યારે કોઇ યુવાનીમાં દેહ ત્યજે છે. (૨૩). વળી કોઇ વૃદ્ધ થાય ત્યાં સુધી શરીરનો બોજો વહ્યા કરે છે અને જેમ ફાટેલાં વસ્ત્રો ફેંકીને નવાં વસ્ત્રો ધારણ કરવામાં આવે છે તેમ એક શરીર છોડીને બીજું શરીર સ્વીકારે છે. (૨૪). માયામાં ફસાયેલા બધા લોકો આ 'મારો' દેહ છે એવું જ માને છે. માતા, પિતા, દીકરો વગેરેમાં સ્નેહપૂર્વક મમત્વ રાખે છે. (૨૫). અરેરે ! આ કેવી મોટી મૂર્ખતા છે ! 'હું' એ જ અજ્ઞાનતા છે. 'મારું' જેવું છે જ નહિ પછી આવું મમત્વ શું કામ? પણ એને કોણ સમજાવે? (૨૬). આ શરીર બહારથી તો કેવું નિર્મળ જણાય છે પરંતુ અંદર તો લોહી, રેત, હાડકાં અને માંસ તેમજ મળ મૂત્ર ભર્યાં છે.① (૨૭). મૂઢ અને અજ્ઞાની સિવાય એને કોણ પવિત્ર કહેશે? વળી એ તો ક્ષણવારમાં નાશ પામે એવું છે પછી એના પર એના સિવાય બીજું કોણ પ્રેમ કરશે? (૨૮). પ્રાણીનો જન્મ થતાંની

સાથે જ વિધિ એના લલાટે કર્માનુસાર જે લેખ લખે છે તે કદી પણ જરાપણ ટળતા નથી. (૨૯).

કાળ અને કર્મને કોઇ જીતી શકતું નથી. કોઇનો દેહ કાયમ રહેવાનો નથી. આ દેહ તો સ્વપ્નમાં મળેલા ખજાના જેવો છે. (૩૦). આ સ્વપ્નને જાગૃત અવસ્થામાં કોણ સાચું માને? નજરબંધી દ્વારા બતાવેલી વસ્તુને કોણ સાચી માને? અને ખાસ કરીને જ્ઞાની તો માને જ નહિ ને ! (૩૧). જો આ સંબંધીઓ કાયમના હોય તો હે મા ! તું કહે કે ગયા જન્મમાં તું કોણ હતી? મનુષ્ય કે અન્ય યોનિમાં જન્મી હતી? (૩૨). હે મા ! તારા કરોડો જન્મ થઇ ગયા છે. એ દરેક જન્મમાં તું શું હતી એ જો તું મને કહે તો હું તારી આ વાત સાચી માનું. (૩૩). જો ગયા જન્મે તું મનુષ્ય હતી તો તું કોની મા હતી અને કોની પત્ની હતી તે કહે અને તારા વિશે તું કહે. (૩૪). હવે તું એ કહે કે આવતા જન્મે તું કોની પત્ની થઇશ? તારાં માતા પિતા કોણ હશે? આ વિશેનું બધું રહસ્ય તું કહે. (૩૫). આ પુત્ર મરી ગયો છે તો પછી એનો નકામો શોક શું કામ કરે છે? આ પંચભૂતનો બનેલો દેહ એ તારો કેવી રીતે કહેવાય? (૩૬). આ દેહ તો ચામડી, માંસ, હાડકાં વગેરેનું એકદમ ગંદું ખોખું છે. એવાનું મમત્વ રાખીને તું આમ રાંક થઇને નકામું શા માટે રડે છે? (૩૭). આ કોનો પુત્ર અને શાનું મરણ? આ તો બધી ભ્રાંતિ છે. લૌકિક અને શાસ્ત્રોક્ત રીતે અગ્નિસંસ્કારની વિધિ કરવા આ દેહને આપ. (૩૮).

બ્રહ્મચારીના મોઢે આવું તત્ત્વજ્ઞાન સાંભળીને સતીએ વિનયપૂર્વક અને નમ્રતાથી કહ્યું કે હે સ્વામી ! અજ્ઞાની છું પણ મને માફ કરો. (૩૯). હે સ્વામી ! તેં મારા પર અતિશય કૃપા કરીને મને આ જ્ઞાનનો ઉપદેશ કર્યો છે. આ જ્ઞાન મનુષ્યને તારનારું છે. પરંતુ એનાથી મારું મન જરા પણ માનતું નથી. (૪૦). જો કોઇ પણ રીતે પ્રારબ્ધ ટળી શકતું જ ન હોય તો ભજન કરવાની જરૂર જ શું? પારસમણિના સ્પર્શથી શું લોખંડ તરત જ સોનું નથી થઇ જતું?② (૪૧). હું તો પહેલેથી જ ફૂટેલા નસીબવાળી છું તેથી મેં શ્રદ્ધાપૂર્વક ભગવાનનાં ચરણ પકડ્યાં અને મારું મન પ્રસન્ન થઇ ગયું. (૪૨). મને અભયદાન આપ્યા પછી હવે એ મારી કેમ ઉપેક્ષા કરે છે? હવે આ દેહ રાખીને પણ શું કરવું? એટલે મેં દેહત્યાગ કરવાનો નિશ્ચય કરી જ લીધો છે. (૪૩). તાવથી પીડાતો કોઇ વૈદ્યના ઘરે જાય તો એ વૈદ્ય એને ઔષધ આપીને એનો રોગ દૂર કરે છે. એમાં વાર લગાડતો નથી. (૪૪). ગરીબીમાં સપડાયેલો કોઇ શ્રીમંતના શરણે જાય તો એ શ્રીમંત એની તકલીફ દૂર કરીને એને સંપત્તિવાન બનાવી દે છે. (૪૫). આ જ રીતે હું ત્રિમૂર્તિસ્વરૂપ શ્રીનૃસિંહસરસ્વતીના શરણે ગઇ હતી અને એની ભક્તિ ભાવથી સેવા કરી હતી. (૪૬). એણે મને વરદાન આપ્યું તે કેવી રીતે નિષ્ફળ થાય? અને એનું વચન તો કદી ફરે જ નહિ એવો મારા મનમાં અડગ નિશ્ચય હતો. (૪૭). મેં એના પર વિશ્વાસ મૂક્યો અને હું નિશ્ચિંત થઇને બેઠી. ત્યાં જ એણે આ રીતે વિશ્વાસ આપીને વિશ્વાસઘાત કર્યો. હે ભાઇ ! એના વિશ્વાસે રહી એ મારી મૂર્ખતા, બીજું શું? (૪૮). તમે આ બધાં તત્ત્વજ્ઞાનની વાત કરી પણ મારે મન એ બધી નકામી છે. હવે હું એમની આગળ જઇને મારા પ્રાણ ત્યજીશ જ. (૪૯). મારા દેહનું બલિદાન આપીશ. એ શ્રીગુરુદેવની જગમાં ચારે દિશામાં અખંડ કીર્તિ પ્રસરો. હું આપને પ્રણામ કરું છું. (૫૦).

આ વચન સાંભળીને અને એની દઢ ભાવના જોઇને એ બ્રહ્મચારીએ બ્રાહ્મણ પત્નીને તેને ગમે તેવો ઉપાય બતાવતાં કહ્યું કે જો શ્રીગુરુનાં ચરણકમળમાં તારી આવી અડગ નિષ્ઠા હોય તો જા, આ તારો પુત્ર ચોક્કસ સો વર્ષના આયુષ્યવાળો છે. એના પ્રાણ હરવાની કોનામાં તાકાત છે? (૫૧-૫૨). પ્રારબ્ધવશાત્ એ ભલે મૃત્યુ

પામ્યો હોય તો પણ તને જ્યાં વરદાન મળ્યું હતું ત્યાં શ્રીગુરુ પાસે તું એને લઇને જા. (૫૩). કૃષ્ણા અને પંચગંગાનદીનો પરમ પવિત્ર સંગમ છે ત્યાં ઔદુંબર નીચે જઇને આ દેહને અર્પણ કર. (૫૪).

બ્રહ્મચારી (બટુક)નાં આવાં વચનો સાંભળીને, એ પ્રમાણે કરવાનો નિશ્ચય કરીને, શબને છાતીએ બાંધીને એ ગુરુના સ્થાને આવી. (૫૫). ત્યાં આવીને ઔદુંબર પાસેની પાદુકા ઉપર (પાસે) ક્રોધે ભરાઇને માથું અફાળીને લોહીથી એ સ્થાન તરબોળ કરી દીધું. (૫૬). પાદુકા ઉપર લોહીનો એ રીતે અભિષેક કર્યો અને બોલી કે હે ગુરુ મહારાજ ! હવે તો પ્રસન્ન થા ! તું છેક ઘાતકી ના થા !! (૫૭). બધા શોકમાં પુત્ર મરણનો શોક એ ખૂબ જ કારમો છે. માતા પિતાનાં હાડકાં ગાળી નાંખે એવો એ ક્ષય રોગ છે. (૫૮).

સૂર્યાસ્ત થવા છતાં એ શબ આપતી નથી. બ્રાહ્મણોએ કહ્યું કે બહેન ! હવે આ બહુ થયું. અગ્નિસંસ્કાર કરવા માટે શબ આપ. (૫૯). આ નિર્જન જંગલમાં માણસોની અવર જવર નથી. અહીંયાં રાત્રે એકલા શી રીતે રહેવું તે તું અમને કહે. (૬૦).

બધા બ્રાહ્મણોએ પગે પડીને, કરગરીને વિનંતી કરતાં કહ્યું કે બહેન ! હવે તું કકળાટ કર્યા વગર શબ આપ અને હવે એમાં ઢીલ ના કર. (૬૧). આ બધું કરવા છતાં એ કોઇ રીતે શબ આપતી ન હતી અને મોટે મોટેથી રડતી હતી. શબને છાતી સાથે બાંધીને શ્રીગુરુનાં ચરણમાં પોતાની જાતને સમર્પી દીધી. (૬૨). બ્રાહ્મણોએ અંદરોઅંદર કહ્યું કે અહીં ચોર અને જંગલી જનાવર વસે છે એટલે અહીં રહેવું સલામત નથી એટલે ચાલો બધા સાથે ઘરે જતા રહીએ. (૬૩). ચાલો ઘરે જઇને, સ્નાન કરીએ અને ઉપવાસ કરી રાત્રી પસાર કરીશું. સવારે આવીને પ્રેતનો અગ્નિસંસ્કાર કરશું. (૬૪). એ તો રાત્રે શબ ગંધાશે એટલે કંટાળીને એ જાતે જ શબ છોડીને આપશે એ વાતમાં કોઇ શંકા નથી. (૬૫). આમ વાત કરીને બધા ડાઘુઓ ગામમાં ગયા, પણ માતા પિતા તો શોક કરતાં ત્યાં જ રહ્યાં. (૬૬). રાત્રી થઇ. બે દિવસના સળંગ ઉજાગરાને કારણે અને ભયંકર શોકમાં રડી રડીને એ બ્રાહ્મણ સ્ત્રી થાકી ગઇ હતી. (૬૭). ત્રણ રાત્રી વીતી જતાં એ ઘસઘસાટ ઊંઘી ગઇ. ત્યાં જ સ્વપ્નમાં એણે ભસ્મથી શોભતા એક દેહધારીને જોયો. (૬૮). માથા ઉપર જટાજૂટ છે, તેજથી ભરપૂર શરીર છે. પ્રસન્નતાપૂર્વક વ્યાઘ્રાંબર ઓઢ્યું છે અને એ ધીર પુરુષે રુદ્રાક્ષની માળા ધારણ કરી હતી. (૬૯). એક હાથમાં યોગદંડ અને બીજા હાથમાં ત્રિશૂળ ધારણ કરનાર એ તપસ્વીએ કહ્યું કે હે ક્રૂર ચંડી ! તું મારા પર કેમ આક્રોશ કરે છે? (૭૦).

ભક્તોના પ્રાણ એવા શ્રીગુરુએ અભય વચન આપીને પૂછ્યું કે આ પુત્રને શું થયું છે તે કહે એટલે એ પ્રમાણે એની સારવાર કરું? (૭૧). શબ ઉપર ભસ્મ નાંખીને કહે કે તું એનું મોં ઉઘાડ ! હું ફૂંક મારીને એ શબને જીવતું કરું છું. (૭૨). આ પ્રાણ નામનો વાયુ જે શરીરની બહાર ગયો હતો તેને મેં જો પહેલાંની જેમ પાછો મૂક્યો છે. હે સ્ત્રી ! તું આ શોક ત્યજી દે. (૭૩). સ્વપ્નમાં આવું જોઇને એ ઝબકી ઊઠી અને બીકની મારી ગભરાઇ ગઇ. એને થયું કે મને ક્યાંથી આવી શંકા થઇ? (૭૪). આ તો કેવળ ભ્રાંતિ જ છે. મડદું વળી જીવતું થાય ખરું? આ મમતા એવી ઘેલી છે કે એને લીધે મનમાં જે ચાલતું હોય તે નજરે દેખાય છે. (૭૫). જાગૃત અવસ્થામાં જેના વિચારો કર્યા હોય તે જ સ્વપ્નમાં દેખાય છે. આ ભ્રાંતિ કેવી નકામી છે? ક્યાં હું અને ક્યાં ગુરુ મહારાજ?③ (૭૬). જ્યાં આપણું નસીબ જ ફૂટેલું હોય ત્યાં કોઇ દેવ પણ શું કરે? હું નકામી ગુરુને દોષ આપું છું. જે થવાનું છે તે થઇને જ

રહે છે. (૭૭). આવું વિચારીને એણે તરત જ શબને દૂર મૂક્યું. શબનાં બધાં અંગોમાં ઉષ્મા આવી ગઇ અને ચૈતન્ય વ્યાપી ગયું ! (૭૮). એને થયું કે આ પ્રેતની અંદર ભૂત તો દાખલ નથી થયું ને? એમ કહી બીકના લીધે શબને 'મા'એ દૂર મૂકી દીધું ! (૭૯). અંગમાં ચેતન વ્યાપી જતાં બાળકે ઊઠીને કહ્યું કે હે મા ! મને ભૂખ લાગી છે તો ખાવાનું આપ. તું વાર ના કર. (૮૦). આમ કહીને 'મા'ની પાસે દોડતો ગયો ત્યાં જ 'મા'ના સ્તનમાંથી બત્રીસધારે દૂધ વહેવા લાગ્યું. (૮૧). 'મા'એ એને સ્તનપાન કરાવવા માંડ્યું. એના અંતરમાં આનંદનો પાર ન હતો. પહેલાં થયેલી શંકા દૂર થઇ અને આનંદથી શ્રીગુરુનો જયજયકાર કરવા લાગી. (૮૨). પછી બાળકને કેડમાં તેડીને પ્રેમથી પતિની પાસે ગઇ અને એને જલદીથી જગાડીને બનેલી બધી વાત કહી. (૮૩). બ્રાહ્મણ આનંદિત થઇને બોલ્યો કે હે ગુરુરાય ! તમારો જય હો ! તમને ધન્ય છે. કયો પામર એનો મહિમા જાણી શકે? (૮૪). પછી પતિ-પત્ની બંનેએ ઔદુંબરની ભક્તિભાવથી પ્રદક્ષિણા કરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૮૫). લાંબા થઇને પગે લાગીને સ્તુતિ કરતાં કરતાં જયજયકાર કરવા લાગ્યાં અને ધન્ય ધન્ય થઇ ગયાં અને બોલ્યાં કે વેદોને પણ અગમ્ય એવા હે ગુરુ મહારાજ ! તારો મહિમા કોણ સમજી શકે એમ છે? (૮૬). વિધિ હરિ હર મૂર્તિ માનવદેહે શોભી રહી છે. એને શરણે આવેલા ભકતનાં બધાં દુ:ખો દૂર કરીને એ ભકતને ભવપાર કરે છે. (૮૭). તું એના ભાવની પરીક્ષા કરીને એ ભાવનાને અનુરૂપ ફળ આપે છે. હે પ્રભુ ! તારી લીલા ન કળાય એવી છે. તું અમને માફ કર.⑦ (૮૮-૮૯). જેમ બાળક ક્રોધમાં આવી જઇને માતાને ગમે તેવાં ક્રૂર વચન કહે છે તેમ તારી માયાથી ભ્રમિત બુદ્ધિવાળા અમે ન બોલવાં જોઇએ તેવાં વેણ બોલ્યાં છીએ. (૯૦). આ બધું માફ કરીને હે ત્રિમૂર્તિ ! તું અમને શરણમાં લઇ લે. શું બોલવું એની અમને ગતાગમ નથી. હે બુદ્ધિના સ્વામી ! તું તો બધું જાણે જ છે. (૯૧).

આમ કરુણાભર્યાં વચનથી વિવિધ સ્તુતિ કરીને અને પ્રણામ કરીને દંપતી ભાવપૂર્વક સ્નાન કરવા માટે ગયાં. (૯૨). કાળના પંજામાંથી છૂટેલા બાળકને સાથે લઇને સંગમ જળમાં આનંદથી સ્નાન કરીને માત-પિતાએ લોહીથી ભીની થયેલી એ પાદુકાને જળથી શુદ્ધ કરી અને પછી કલ્પવૃક્ષ એવા ઔદુંબરને જળનું સિંચન કર્યું. (૯૩-૯૪). દીપમાળ પ્રગટાવીને, મંત્રસહિત વિધિ અનુસાર યથાશક્તિ ભાવભક્તિથી પૂજન કર્યું અને ધન્ય ધન્ય થઇ ગયાં. (૯૫). શમીવૃક્ષનાં પત્રથી અને તાજાં ફૂલોથી ગુરુની પૂજા કરી અને શુદ્ધ ભાવનાથી ગીત-વાદ્ય સાથે આરતી ઉતારી. (૯૬). એટલામાં રાત વીતી ગઇ અને પૂર્વ દિશામાં સુંદર સવાર પડી. શબનો સંસ્કાર કરવા માટે બધા ડાઘુઓ સાથે આવ્યા. (૯૭). પુત્રને જીવતો જોઇને બધા આશ્ચર્યચકિત થઇ ગયા. ત્યાં આનંદ આનંદ રેલાઇ ગયો અને મુખથી ગુરુનાં વખાણ કરવા લાગ્યા. (૯૮). આનંદથી ભોજન કરીને બધા પોત પોતાના ઘરે ગયા. શ્રીસદ્ગુરુની કૃપા થયા પછી આ જગતમાં શું દુર્લભ હોઇ શકે? (૯૯). હે નિરંજન ! શ્રીગુરુનાં સ્થાનનો આવો મહિમા સમજ. એ મહિમાનું પૂરું વર્ણન તો કોણ કરી શકે? મેં એમાંથી એકદમ થોડા પ્રમાણમાં તને કહ્યું છે. (૧૦૦).

શ્રીગુરુ ઔદુંબર નીચે સદા સર્વદા વસે છે. ભક્તિપૂર્વકની આરાધનાથી બધી મનોકામના સિદ્ધ થાય છે. (૧૦૧). વંધ્યા સ્ત્રીને પુત્રની પ્રાપ્તિ થાય છે ને દરિદ્રીને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. રોગી નિરોગી બને છે અને મૂરખ વિદ્વાન બને છે. (૧૦૨). જો નિર્મળ ભાવ હોય તો અપમૃત્યુ વિઘ્ન કરતું નથી અને બધી કામના જલદીથી ફળે છે. પરંતુ દુષ્ટ માણસ આમાં ખોટી ખોટી શંકાઓ કર્યા કરશે. (૧૦૩). વિકલાંગી અથવા કોઢિયો જો પાદુકા

પૂજન કરે તો એ તે જ ક્ષણે સોનાના વર્ણ જેવા શરીરવાળો થાય છે. તું મનમાં શંકા ના કરીશ. (૧૦૪). હૃદયરોગ, પેટમાં શૂળનો રોગ, ભયંકર કંઠમાળ અને ફેફ્રું જેવા રોગ પણ તરત જ દૂર થઇ જાય છે. (૧૦૫). મંદબુદ્ધિવાળા, મૂગા, આંધળા, બહેરા અને વિકલાંગી બધા ઔદુંબરની પૂજાથી શુદ્ધ અને સારાં અંગવાળા થાય છે. (૧૦૬). જ્યાં શ્રીગુરુ સાક્ષાત્ વસે છે એવા પ્રખ્યાત ઔદુંબરે બધા જ પુરુષાર્થો સફળ થાય છે અને ભક્તો એનો મહિમા ગાય છે. (૧૦૭).

કળિયુગમાં ઔદુંબર એ કલ્પવૃક્ષ છે અને તરત જ મનોકામના સફળ કરે છે. આનાથી વધારે બીજું શું કહું? (૧૦૮). બ્રહ્માહરિહર મૂર્તિ એ જ નૃસિંહ સરસ્વતી છે એમ માન. એના મહિમાનું શું વર્ણન કરું? મારી વાણીમાં એટલી શક્તિ જ નથી. (૧૦૯). એમનું આ ચરિત્ર કામધેનુ છે એમાં કોઇ શંકા નથી. ભાવપૂર્વક એનું પઠન કરતાં કે સાંભળતાં હે **રંગ** ! પુનર્જન્મ થતો નથી. (૧૧૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'મૃતપુત્ર સંજીવન'** નામનો **પંચોતેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૭૫

(૧) સાધન ચતુષ્ટયમાં પહેલું સાધન નિત્ય-અનિત્ય વિવેક છે. આ દેહ રક્ત-રેત, અસ્થિ-માંસથી ભરેલો અને ગંદો છે, અપવિત્ર છે. એમાં પવિત્રતાની બુદ્ધિ થવી તે અવિવેક છે. આ દેહ ક્ષણભંગુર અને અનિત્ય છે એમાં એ કાયમ રહેવાનો છે, દેહ નિત્ય છે એવી બુદ્ધિ થવી તે અવિવેક છે અને આ દેહ જ બધાં દુ:ખોનું મૂળ હોવા છતાં આ દેહ સુખનું મૂળ છે, સુખ આપનાર છે એવી બુદ્ધિ થવી તે જ અવિવેક છે. ભગવાનની માયાનો પ્રભાવ એવો છે કે સંસારી આ અપવિત્ર દેહને પવિત્ર, નશ્વર દેહને નિત્ય અને દુ:ખના મૂળરૂપ દેહને સુખરૂપ ગણે છે. આત્મા દેહથી તદ્દન જુદો છે એની પણ અજ્ઞાનીને ખબર નથી.

(૨) દોહરા ૨ થી ૩૮નું તત્ત્વજ્ઞાન તદ્દન સાચું છે પરંતુ દોહરા ૪૧ થી ૪૮ એનો છેદ ઉડાડી દે છે. નિષ્ઠા એવી વસ્તુ છે કે જે બધા નિયમોને બદલી દે છે. જો પ્રારબ્ધ પ્રમાણે જ બધું ભોગવવાનું જ હોય તો પછી ગુરુનો અને ગુરુકૃપાનો અર્થ શું? ગુરુનું ભજન શું કામ કરવાનું? ગુરુ ઇશ્વર છે તેથી કર્તું, અકર્તું અન્યથા કર્તું સમર્થ છે. ગુરુનું વચન ખોટું પડે જ નહીં. પારસમણિ તરત લોખંડનું સોનું કરી દે છે તો લોખંડના ગુણધર્મો બદલાઇ જાય છે તો મારા ગુરુ મહારાજે આપેલો અભયકોલ કેવી રીતે મિથ્યા થાય? **'શ્રદ્ધા ચાહે સો કરે'** એ પંક્તિ અહીં ચરિતાર્થ



17

થાય છે.

(૩) દોહરા ૭૬માં સ્વપ્નનો સિદ્ધાંત રજૂ થયો છે. જાગૃત અવસ્થામાં જેનો વિચાર કર્યો હોય તે વસ્તુનું સ્વપ્ન આવે છે. સ્વપ્ન દ્વારા વ્યક્તિ પોતાની અતૃપ્ત વાસના સંતોષે છે. તે જાગૃત અવસ્થામાં જે કાંઇ નથી કરી શકતો તે સ્વપ્નમાં આચરીને સંતોષ અનુભવે છે. વળી સ્વપ્નમાં તે જ વસ્તુ દેખાય છે જે એક વાર જોઇ હોય. ન જોયેલી વસ્તુ કદી સ્વપ્નમાં દેખાતી નથી. આ જન્મમાં નહિ જોઇ હોય તો પાછલા જન્મમાં જોઇ હોય એવું પણ બને. ઘણીવાર નાનપણમાં જોઇ હોય પણ એ યાદ ન રહી હોય એટલે એમ લાગે કે નહિ જોયેલી વસ્તુ સ્વપ્નમાં દેખાઇ. પરંતુ એ સાચું નથી. ઘણીવાર સ્વપ્ન ભવિષ્યમાં બનવાના બનાવોનો સંકેત પણ આપતાં હોય છે. આમ સ્વપ્નનું પણ વિજ્ઞાન છે.

(૪) દોહરા ૮૮ અને ૮૯ દ્વારા બે વાતો સ્પષ્ટ કરી છે. એક તો ભગવાન ભાવનાનો ભૂખ્યો છે, ભૌતિક વસ્તુનો નહિ અને તેથી જ શબરીનાં એંઠાં બોર ખાધાં, દુર્યોધનનાં પકવાન છોડીને વિદુરની ભાજી ખાધી. આમ ભગવાન ભકતની ભાવનાને આધીન છે. મહત્ત્વ ભકતની ભાવનાનું છે, ધનનું નહિ. બીજી વાત એ કે ભગવાન ભકતના ભાવની પરીક્ષા કરે છે અને પછી એની ભાવના પ્રમાણે ફળ આપે છે અને તેથી એક જ ગુરુના બે શિષ્યોમાં એક પામરનો પામર જ રહે છે અને બીજો સ્વયં ગુરુપદે પહોંચી જાય છે. તમે શું કરો છો તે મહત્ત્વનું નથી, પરંતુ તમે કઇ ભાવનાથી, કયા હેતુથી કેવી વૃત્તિથી કરો છો તે મહત્ત્વનું છે. શ્રીગુરુ પ્રત્યે આપણે ઊંચી ભાવના, ઊંચી વૃત્તિ કેળવીએ એવી પ્રાર્થના.

●

# અધ્યાય : ૭૬

આ અધ્યાયનું નામ **'વંધ્યામહિષીદોહન'** છે. આ અધ્યાયમાં **૭૨** દોહરા છે.

નિરંજને અલખ પ્રભુને કહ્યું કે શ્રીગુરુ ઔદુંબરે અપ્રગટરૂપે રહી, ગાણગાપુરમાં પ્રગટરૂપે રહ્યા તો ત્યાં એમણે શી લીલા કરી તે કહો. (૧-૬).

નિરંજનની આ વિનંતી સાંભળીને અલખજી બોલ્યા કે શ્રીગુરુની ગાણગાપુરમાં પણ કીર્તિ ફેલાવા માંડી. જેમ સૂર્ય ઢાંક્યો ઢંકાતો નથી કે કસ્તુરિકા સંતાડેલી સંતાતી નથી તેમ શ્રીગુરુની ઇચ્છા હોય કે ના હોય પણ તેનો મહિમા, તેની કીર્તિ ફેલાતી જ રહે છે. (૭-૧૯).

સંગમ ઉપર રહીને શ્રીગુરુ રોજ ગાણગાપુર ગામમાં ભિક્ષા માટે જતા હતા. એક દિવસ એક છેક દરિદ્રી બ્રાહ્મણને ત્યાં ભિક્ષા માટે ગયા. બ્રાહ્મણ ઘરમાં ન હતો. ઘરમાં એક વંધ્યા ભેંસ હતી. તે કોઇ દિવસ વિયાઇ ન હતી. દૂધ આપતી ન હતી. તેથી તેની પાસેથી પાડાના જેવું વજન ખેંચવાનું કામ લેવાતું હતું. લોકો આ ભેંસને ભાડે લઇ જતા હતા. શ્રીગુરુ ભિક્ષા લેવા ગયા તે દિવસે એ ભેંસને કોઇ ભાડે લઇ ગયું ન હતું તેથી ઘરે જ હતી. (૨૦-૪૦).

ભરબપોરનો અસહ્ય તાપ હતો. બ્રાહ્મણ ગામમાં સૂકી ભિક્ષા માગવા ગયો હતો. શ્રીગુરુએ આવીને 'ભિક્ષાં દેહિ'નો પોકાર કર્યો. બ્રાહ્મણ પત્નીએ હરખભેર શ્રીગુરુને આવકાર્યા અને કહ્યું કે પતિ ગામમાં ભિક્ષાવૃત્તિથી જ ગયા છે. થોડીવારમાં જ આવી જશે એટલે ભિક્ષા આપવામાં વાર નહિ લાગે. આપ અહીં બેસો. એમ કહીને આનંદિત અંત:કરણથી બેસવા આસન આપ્યું. (૪૧-૪૪).

શ્રીગુરુએ કહ્યું કે તું પતિની શું કામ રાહ જુએ છે? ઘરમાં આ ભેંસ છે તો તેનું દૂધ આપને ! બ્રાહ્મણ પત્નીએ કહ્યું કે મહારાજ ! એ તો વાંઝણી છે અને એણે કદી દૂધ આપ્યું નથી. એ તો પાડા સમાન કામ આપે છે એટલું જ. શ્રીગુરુએ કહ્યું કે તું આવું જૂઠું શું કામ બોલે છે? તું ભેંસ દોહીને મને દૂધ આપ. શ્રીગુરુનાં વચનમાં વિશ્વાસ રાખીને એ બ્રાહ્મણ સ્ત્રી ભેંસ દોહવા બેઠી તો ભેંસે દૂધ આપ્યું. દૂધ ગરમ કરીને શ્રીગુરુને ભિક્ષા કરાવી. બ્રાહ્મણ પણ ઘરે આવતાં બધું જાણીને બ્રાહ્મણે પૂજા-આરતી કરી. બ્રાહ્મણ સ્ત્રીને અનેક વરદાનો આપીને શ્રીગુરુ સંગમે ગયા. શ્રીગુરુના આશિષથી બ્રાહ્મણ સુખી સુખી થઇ ગયો. (૪૫-૭૨).

અલખ ગુરુનાં ચરણકમળમાં પ્રણામ કરીને અને હાથ જોડીને વિનયપૂર્વક નમ્રતાથી નિરંજને કહ્યું કે હે ગુરુજી ! તમે ખરેખર મારો સંદેહ દૂર કર્યો છે. (૧). હે યોગીશ્વર ! તારો જય હો ! હે અલખ ! તું ભવભયહારક દેવ છે ! અજ્ઞાનના ગાઢ અંધકારમાં જ્યોતિ સ્વરૂપ હું તમને વંદન કરું છું અને હું તારી રાત દિવસ સેવા કરીશ. (૨). તારાં ચરણના સ્પર્શ માત્રે મને અદ્‌ભુત એવું જ્ઞાન થયું છે. મારા હૃદયમાં પરમાર્થનો ઉદય થયો છે અને જન્મમરણનું ભૂત નાશ પામ્યું છે. (૩). હે પ્રભુ ! તું એક માત્ર તારનાર છે અને તું જ પરમ પુરુષ છે. જ્ઞાનનો દીવો પ્રગટાવીને

તેં મારામાં વિવેક જગાડ્યો છે.① (૪). તેં કામધેનુ સમાન આ ગુરુકથા વિસ્તારપૂર્વક કહી સંભળાવી છે. આમ છતાં મારું મન ધરાતું નથી અને હજી વધુને વધુ સાંભળવા ઇચ્છા કરે છે. (૫).

આપે પહેલાં એવું કહ્યું હતું કે શ્રીગુરુ પ્રગટરૂપે ગાણગાપુર ગયા. તો પછી આગળ શું થયું તે મને કહો. આપને ફરી ફરી હાથ જોડું છું. (૬). શિષ્યનાં એવાં વચન સુણીને અલખગુરુ બોલ્યા કે હે બાળ ! તું સાંભળ. તારા મનને અનેક અનેક ધન્યવાદ. તારાં જીવનને ધન્ય છે. તારું જીવન હરિરસનું તરસ્યું છે. (૭). હે બાળક ! તું ગુણવાન છે અને તારા પર ગુરુની કૃપા છે. હે નિરંજન ! તને ખરેખર ધન્ય છે. આ ત્રિભુવનમાં તું બડભાગી છે અને પાવન છે. તું ખરેખર ધન્યવાદને પાત્ર છે. (૮). તારા પ્રશ્નથી મારા મનને ખૂબ જ સંતોષ થયો છે. શ્રીગુરુનું ચરિત્ર કહેતાં મારા મનમાં અમાપ આનંદ થાય છે. (૯).

ભીમા અમરજા સંગમે ગાણગાપુરમાં શ્રીગુરુ ગુપ્તપણે રહ્યા તો પણ એમની કીર્તિ તો ફેલાતી જ રહી. (૧૦). જેની ઉત્તરે ભીમા નદી વહે છે અને જ્યાં અમરજા મળે છે ત્યાં આ વરદ સંગમ શોભે છે અને બધી મનોકામના સિદ્ધ થાય છે. (૧૧). ત્યાં કામધેનુ સમાન અશ્વત્થ છે એ મહાતીર્થ છે. અહીં આઠ તીર્થો વસે છે. એનું મહત્ત્વ પ્રયાગ સમાન છે. (૧૨). એ તીર્થનો અપાર મહિમા હું તને આગળ ઉપર કહીશ. ભીમામરજાનો પવિત્ર સંગમ કલિયુગમાં તારનાર છે. (૧૩). ભક્તોનો ઉદ્ધાર કરનાર શ્રીગુરુ તીર્થને પ્રગટ કરવા ત્યાં પ્રેમથી ગુપ્તરૂપે રહ્યા અને સમય આવતાં પ્રગટ થયા. (૧૪). બધાં જ તીર્થો જેના ચરણમાં છે એવા શ્રીગુરુ પોતે કેમ તીર્થમાં ફરે છે? ભક્તોનો ઉદ્ધાર કરવા ફરે છે. શ્રેષ્ઠ પુરુષો આમ જ વર્તે છે. (૧૫). એ જ રીતે સુંદર એવા સંગમ સ્થળે શ્રીગુરુ ગુપ્તપણે રહ્યા. પરંતુ ત્રિમૂર્તિના અવતાર સ્વરૂપ શ્રીગુરુ કેવી રીતે ગુપ્ત રહી શકે? (૧૬). યોગ્ય સમય આવતાં શ્રીગુરુ પ્રગટ થયા અને એમનો મહિમા અપારપણે વધ્યો. આ બધાનું સારભૂત કારણ કહું તે તું સાંભળ. (૧૭).

સહસ્રકિરણોવાળો સૂર્ય કેવી રીતે છૂપો રહે? કસ્તુરીને કોણ ઢાંકી શકે? તો શ્રીગુરુ કેવી રીતે ગુપ્ત રહી શકે? (૧૮). શ્રીસદ્‌ગુરુનો સ્વયં પ્રકાશ જ એમનું દૂતત્વ કરતો હતો. ભક્તો એમનાં ચરણકમળે ભ્રમર સમાન દોડતા હતા. (૧૯). શ્રીગુરુ સંગમે જંગલમાં રહેતા હતા અને યતિરાય રોજ બપોરે ગાણગાપુર ગામમાં ભિક્ષા માટે જતા હતા. (૨૦). એ ગામમાં વેદના જાણકાર એવા બ્રાહ્મણોનાં સો ઘરો હતાં અને રાજાએ આપેલી જમીન પર એ બધા ગુજરાન ચલાવતા હતા. (૨૧). ત્યાં ઓછી આવકવાળો એકદમ દરિદ્રી એવો એક બ્રાહ્મણ હતો. એની સ્ત્રી પતિવ્રતા હતી અને એનો વિવેક પણ ધન્યવાદને પાત્ર છે. (૨૨). એ બ્રાહ્મણના ઘરે એક ખૂબ ઘરડી ભેંસ હતી. એના દાંત પડી ગયા હતા અને એ સાચે જ વાંઝણી હતી. એટલે એનો ઉપયોગ ભાર ખેંચવા માટે થતો હતો. (૨૩). એ ભેંસના નાકમાં નાથ નાખી હતી અને એ એકદમ જર્જર થઇ ગઇ હતી. ખેડૂતો એનો ઉપયોગ ખાતર અને માટી લાવવાના કામમાં કરતા હતા. (૨૪). બ્રાહ્મણને ભાડું આપીને એ ભેંસને દરરોજ લઇ જતા હતા અને એના ઉપર એના મનમાં આવે તેટલો બોજો નાંખીને ખેતરમાં કામ કરાવતા હતા. (૨૫). એ દરિદ્ર બ્રાહ્મણ એના ભાડાનાં ધનથી ગુજારો કરતો હતો. આવા બ્રાહ્મણના ઘરે સંન્યાસીઓમાં ઇંદ્ર સમાન શ્રીગુરુ પ્રેમથી ભિક્ષા માટે આવ્યા. (૨૬). બીજા હતભાગી બ્રાહ્મણો આ જોઇને નિંદા કરતા હતા અને બોલતા હતા કે આ બ્રાહ્મણના ઘરમાં એવું શું ભર્યું છે કે આ જંગલમાં રહેનાર યતિ એના ઘરે જાય છે? (૨૭). અમે બધા શ્રોત્રિય બ્રાહ્મણ પૈસે ટકે સુખી

છીએ. એ બધાને છોડીને ભિખારીના ઘરે શું કામ જતા હશે? (૨૮). અમારા ઘરે રોજ જ છએ રસનાં ભોજન બને છે અને વિવિધ પ્રકારનાં શાક થાય છે. એવાં ઘર છોડીને આ યતીશ્વર આ દરિદ્રી બ્રાહ્મણ ઉપર શા માટે કૃપા કરે છે? (૨૯). આમ અનેક રીતે એ દ્વિજ જનો ત્યાં નિંદા કરતા હતા. પરંતુ ભકતવત્સલ શ્રીગુરુ તો આ સંસારના પ્રપંચથી હંમેશના મુકત હતા. (૩૦). એમને મન તો બધા જ સરખા હતા અને એમને તો કોઇ પ્રતિબંધ નડતો જ ન હતો. ભકતનો ભાવ જોઇને એને પાવન કરવા માટે ત્યાં શ્રીગુરુ આવ્યા.② (૩૧).

જેમ વગર બોલાવ્યે ભગવાન શ્રીકૃષ્ણ દુર્યોધનનાં પકવાન છોડીને વિદુરને ત્યાં ગયા હતા તેમ તૃષ્ણારહિત શ્રીગુરુ ભકતના સાત્ત્વિક ભાવને જોઇને તરત જ કૃપા કરે છે અને એ દેવ ભકતજનને અહીં સુખ આપી પરલોકમાં સુંદર ગતિ આપે છે. (૩૨-૩૩). શ્રીગુરુ ભકત ઉપર કૃપા કરનાર છે. જેની કૃપા થતાં ક્ષણવારમાં રંકનો રાય થઇ જાય એની આગળ ત્યાં બીજો કોણ શ્રીમંત હોય? (૩૪). જો એ કોઇના પર કોપાયમાન થાય તો એ ભસ્મ થઇ જાય અને એ રીઝે તો ભિખારીને વરદાન આપીને રાજા બનાવી દે છે. (૩૫). શ્રીગુરુના ચરણસ્પર્શથી વિધિના દુષ્ટાક્ષર પણ શુભાક્ષર થાય છે. એમાં કોઇ શંકા નથી.③ (૩૬). કયાં શ્રીગુરુનો એવો અપૂર્વ મહિમા અને કયાં હું અતિ પામર? જેના મહિમાનું વર્ણન કરવામાં સ્વયં વેદો પણ જ્યાં મૂગા થઇ જાય છે ત્યાં બીજાની તો વાત જ શી? (૩૭). શ્રીગુરુ જે બ્રાહ્મણના ઘરે ગયા એ બ્રાહ્મણનાં પુણ્યને ધન્ય છે. જેનાં દર્શન માત્રે પાપી પણ પાવન થઇ જાય છે. (૩૮). વૈશાખ માસની ભર બપોરે જ્યારે શ્રીગુરુ આવ્યા ત્યારે તે દિવસે કોઇ ભેંસને લઇ ગયું ન હતું તેથી ભેંસ ઘરે જ હતી. (૩૯). માથે અસહ્ય તાપ તપતો હતો અને અતિશય ઉકળાટ થતો હતો. એવા વખતે કૃપામૂર્તિ યતિવર ત્યાં ભિક્ષા માટે આવ્યા. (૪૦).

એ સમયે પેલો બ્રાહ્મણ સૂકી ભિક્ષા માંગવા માટે બહાર ગયો હતો. ઘરમાં એની પત્ની એકલી હતી. એણે આ મધુર અવાજ સાંભળ્યો. (૪૧). 'ભિક્ષાં દેહિ' એવો અવાજ સાંભળતાં જ એ હરખઘેલી થઇને દોડી અને શ્રીગુરુને બારણામાં જોતાં જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૪૨). એણે હાથ જોડીને કહ્યું કે હે પ્રભુ ! પતિદેવ સૂકી ભિક્ષા માગી લાવવાની વૃત્તિથી બહાર ગયા છે. આપ પધારો. એ થોડી વારમાં જ ધાન્ય વગેરે લઇને આવી જશે. (૪૩). હે સ્વામી ! ભિક્ષા બનાવતાં બહુ વાર નહિ લાગે. આપ સ્વસ્થ થઇને બેસો. આવું કહીને બેસવા માટે હૈયાના આનંદથી આસન પાથર્યું. (૪૪).

આનંદપૂર્વક આસન પર બેસીને હસતા મુખે શ્રીગુરુએ કહ્યું કે હે મા ! તું મને દૂધની ભિક્ષા કેમ નથી આપતી? (૪૫). પતિદેવ સીધું સામાન લઇને આવશે એવું કેમ બોલે છે? તેં ઘરે ભેંસ બાંધી છે પછી તું મને દૂધ કેમ નથી આપતી? (૪૬).

શ્રીગુરુનાં એ વચન સાંભળીને એ બ્રાહ્મણની સ્ત્રીએ વિનયથી વંદન કરીને કહ્યું કે હે પ્રભુ ! આ ભેંસ તો વાંઝણી છે, ઘરડી છે અને નકામી છે. (૪૭). જન્મ ધર્યા પછી એ કદી પણ ગાભણી થઇ નથી. એ ઘરડી થઇ ત્યાં સુધી અહીં જ ઊછરી છે. એના બધા જ દાંત પણ પડી ગયા છે. (૪૮). એના નાકમાં નાથ નાંખીને અમે એને

પાડાની જેમ પાળી છે. આ ભેંસ જન્મથી જ વાંઝણી છે એ બધા જાણે છે. (૪૯). જેને જરૂર હોય તે માટીનો બોજો એની પાસે ઊંચકાવવા ભાડું આપીને લઇ જાય છે. એનાથી અમારો જીવનગુજારો થાય છે. (૫૦).

આ સાંભળી શ્રીગુરુ બોલ્યા કે બહેન ! તું આવું તદ્દન જૂઠું ના બોલ. તું ભેંસને દોહીને ભિક્ષા માટે મને દૂધ આપ. (૫૧).

આ સાંભળીને મનમાં દઢ વિશ્વાસ રાખીને એ બ્રાહ્મણની સ્ત્રી લાકડાનું પાત્ર લઇને ભેંસની પાસે ગઇ. (૫૨). શ્રીગુરુનું વચન એ કામધેનુ સમાન છે એમ માનીને એણે જયાં ભેંસના આંચળ પકડીને દોહવાનું શરૂ કર્યું ત્યાં અપૂર્વ અચરજ થયું. (૫૩). ક્ષણવારમાં ત્યાં દૂધના બે ઘડા ભરાયા. અરે ! વાંઝણી ભેંસ પણ દૂધ આપતી થઇ ગઇ ! હે ગુરુ મહારાજ ! તમને ધન્ય છે. તમારો જય હો ! (૫૪). આ જોઇને બ્રાહ્મણની સ્ત્રીને મનમાં ખૂબ જ આશ્ચર્ય થયું અને મનમાં બોલી કે આ સાક્ષાત્ પરમેશ્વર જ છે. એમાં શંકાને સ્થાન જ નથી. (૫૫). જેના બોલવા માત્રે આમ અદ્‌ભુત રીતે પરિસ્થિતિ પલટાઇ જાય તે ખરેખર બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ એમ ત્રિમૂર્તિ છે. આમ વિચારીને તરત જ ઘરમાં જઇને દૂધને બીજા વાસણમાં ઠાલવીને એને ગરમ કરવા ગઇ ત્યાં જ શ્રીગુરુ બોલ્યા કે હે સમજુ સતી ! તું મને દૂધની ભિક્ષા આપી દે. એમાં વાર ના લગાડીશ. મારે સંગમ પર જવાનું છે. તું વાર શું કામ કરે છે? (૫૬-૫૮).

શ્રીગુરુનાં વચન સાંભળીને તરત જ દોડતાં જઇને આનંદથી બ્રાહ્મણની સ્ત્રીએ ભિક્ષા માટે દૂધ આપ્યું. એટલે શ્રીગુરુ મહારાજ ખૂબ પ્રસન્ન થયા. (૫૯). (આપેલું દૂધ) સંતોષથી પી જઇને શ્રીયતિશ્રેષ્ઠ બોલ્યા કે હે સતી ! હું ખૂબ જ પ્રસન્ન થયો છું. હું તને અનન્ય એવું વરદાન આપું છું. (૬૦). જા ! તારા ઘરમાં અખંડપણે લક્ષ્મી રહેશે. એ નિશ્ચિત છે અને તમો હંમેશ માટે પુત્ર-પૌત્ર સાથે નિશ્ચિતપણે રહેશો. (૬૧). આવું કહીને શ્રીગુરુ તરત જ સંગમ પર ગયા.

પછી ભિક્ષા લઇને જ્યારે બ્રાહ્મણ ઘરે આવ્યો ત્યારે એણે બધી વાત સાંભળી. (૬૨). શ્રીગુરુનો મહિમા સાંભળીને એણે આશ્ચર્યપૂર્વક કહ્યું કે શ્રીગુરુ ખરેખર ઇશ્વરનો જ અવતાર છે એમાં કોઇ શંકા નથી. (૬૩). લૌકિક દૃષ્ટિથી એ મનુષ્ય જેવા જણાય છે પરંતુ ખરેખર એ પરમ પુરુષ જ અવતર્યા છે. (૬૪). આમ વિચારીને તેણે પત્નીને કહ્યું કે શ્રીગુરુ સામે ચાલીને આપણા ઘરે આવ્યા એટલે આપણી ગરીબાઇ ગઇ સમજ અને પાપોનો નાશ થયો એમ સમજ. (૬૫). આપણી બધી જ ઇચ્છાઓ પૂરી કરનાર શ્રીગુરુ છે. એમની આપણા ઉપર કૃપા થઇ છે. ચાલ આપણે એમનાં દર્શન માટે જઇએ. હે સતી ! તું એમાં વિલંબ ના કરીશ. (૬૬). આવું કહીને તરત જ એની પત્ની સાથે પૂજનની સામગ્રી લઇને એ દ્વિજશ્રેષ્ઠ સંગમસ્થાને આવ્યો અને એ ભક્તિનમ્ર બંનેએ પૂજન-આરતી કરીને અનેક સ્તોત્રથી સ્તવન કર્યું અને શ્રીગુરુને વારે વારે પ્રાર્થના કરીને દંડવત્ પ્રણામ કર્યા. એનો વિશુદ્ધ ભાવ જોઇને શ્રીગુરુ ખૂબ જ રાજી થયા. (૬૭-૬૯). શ્રીગુરુએ ફરીથી આશિષ આપી ફરી પાછું વરદાન આપ્યું. પછી એ બ્રાહ્મણ વંદન કરીને પત્ની સાથે ઘરે ગયો. (૭૦). એ સુબુદ્ધિવાળો બ્રાહ્મણ દીર્ઘાયુ થયો, એને દીકરા-દીકરી થયાં, ધન, ધાન્ય અને સંપત્તિ પામીને આલોકનું અને પરલોકનું સુખ પામ્યો. (૭૧). આ રીતે શ્રીગુરુની કૃપા થાય પછી

એ દુષ્ટ દૈન્ય કેવી રીતે ટકી શકે? **રંગ** કહે છે કે જો શ્રીગુરુ રાજી થાય તો આઠેય પ્રકારનાં ઐશ્વર્યો આવીને આંગણામાં ઊભાં રહે છે. (૭૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**વંધ્યામહિષીદોહન**' નામનો **છોંતેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૭૬

(૧) વિવેકનો ઉદય થવો એ ખૂબ જ મહત્ત્વની વાત છે. વિવેકયુક્ત વૈરાગ્ય જ પરમપદની પ્રાપ્તિ કરાવી શકે. વિવેક વિનાનો વૈરાગ્ય અધૂરો છે. ભર્તૃહરિ અને ગોપીચંદમાં ભર્તૃહરિનો વૈરાગ્ય વિવેક જાગ્યા પછીનો- વિવેકયુક્ત વૈરાગ્ય હતો જ્યારે ગોપીચંદનો વૈરાગ્ય સીધો જ હતો- વિવેકયુક્ત ન હતો. પરિણામે એક રાત્રે ગોપીચંદની માતા મેનાવતી જંગલમાં પુરુષના વેષે રાત્રે જઇ ગોપીચંદની પાસે સૂતી તો તરત જ ગોપીચંદે કહ્યું કે "મારી જગ્યાએ કોણ સૂવા આવ્યું છે? બીજે જઇને સૂઓ." પછી મેનાવતી ભર્તૃહરિ પાસે જઇને સૂતી તો ભતૃહરિ કશું પણ બોલ્યા વિના ત્યાંથી ઊઠીને બીજે સૂઇ ગયા. બીજે દિવસે સવારે જાગ્યા ત્યારે મેનાવતીએ ગોપીચંદને કહ્યું કે તારો વૈરાગ્ય વિવેકયુક્ત ન હોવાને લીધે જંગલની જમીન ઉપર પણ તારો અધિકાર માને છે. આમ, વિવેક, પછી વૈરાગ્ય, પછી ષટ્સંપત્તિ અને પછી મોક્ષ માટેનો તલસાટ એ પરમપદ પામવાની પ્રક્રિયા છે.

(૨) ભગવાન અને સંતો પણ ભક્તનો ભાવ જ જુએ છે. "સાધુ ભૂખા ભાવકા, ધનકા ભૂખા નાહિ" એ પંક્તિ પણ આ વાત જ સ્પષ્ટ કરે છે. આ વાતને શ્રીમંતો સમજી શકતા નથી. શ્રીમંતને એમ છે કે ગુરુ મહારાજ મારે ત્યાં આવે પરંતુ એનું મન નિર્મળ નથી. બાજીનું આમંત્રણ સ્વીકારીને આપણા બાપજી એમના ગામ ગયા હતા. પૂ.શ્રી જૂનાગઢથી સતાધાર જવાના હતા. સતાધારમાં રહેતા રેલવે કર્મચારી શ્રીઅશ્વિનભાઇ દવેનાં પત્ની સ્વ.દેવીબહેનનો ભાવ ખૂબ ઊંચો. પરંતુ આર્થિક સ્થિતિ એટલી સદ્ધર નહિ કે પૂ.બાપજી માટે બધી સવલતો ઊભી કરી શકે. શ્રીઅશ્વિનભાઇ તો બ્રહ્માના માણસ એટલે પૂ.બાપજી સતાધાર ના જાય તો સારુ એવું સેવકોના મનમાં હતું. આડકતરી રીતે પૂ.બાપજીનું ધ્યાન પણ દોર્યું ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે તમારે ન આવવું હોય તો ન આવશો. હું જાતે ભિક્ષા બનાવીશ. પરંતુ હું સતાધાર તો જવાનો છું. આવા ભગવાનના સ્વરૂપને તો ભાવ જોઇએ, બસ !

(૩) સંતોમાં ભગવાનના જેવી શક્તિ હોય છે. તેઓ માનવના દેહમાં સાક્ષાત્ ભગવાન જ હોય છે. તેથી વિધિના લેખ પણ તેઓ ધારે તો બદલી શકે. સુદામાના લલાટે વિધિએ 'શ્રીક્ષય:' લખ્યું હતું. ભગવાને એ લેખને ઊલટાવીને લખ્યું 'યશશ્રી:'. અહીં પણ નૃસિંહસરસ્વતી સ્વામીએ એ ગરીબ બ્રાહ્મણનું પ્રારબ્ધ જ બદલી નાંખ્યું અને દરેક પ્રકારનું સુખ મળે એવું વરદાન આપ્યું. વળી ખૂબી તો એ છે કે 'વરદાન માગ' એવું પણ કહ્યું નથી, સીધું વરદાન આપી જ દીધું.

નિર્મળ અને નિષ્કપટ મન અને ઊંચા પ્રકારના ભક્તિભાવથી જ સંતો પ્રસન્ન થાય છે. બહારના ઠઠારાથી સામાન્ય લોકો દંગ થાય, સંતો નહિ.

●

## અધ્યાય : ૭૭

આ અધ્યાયનું નામ '**બ્રહ્મરાક્ષસોદ્ધાર**' છે. આ અધ્યાયમાં **૭૦** દોહરા છે.

નિરંજન પ્રણામ કરીને અલખ ગુરુને શ્રીગુરુની લીલાનું વર્ણન ચાલુ રાખવા વિનવે છે ત્યારે અલખજી એને વર્ણન કરતાં કહે છે કે વાંઝણી ભેંસ દૂધ આપતી થઇ એ વાત આખા ગામમાં ફેલાઇ ગઇ અને એ વાત છેક રાજા સુધી પહોંચી. (૧-૮).

રાજાએ પેલા બ્રાહ્મણને બોલાવીને પૂછ્યું એટલે એણે બનેલી બધી વાત કહી સંભળાવી. આ સાંભળીને રાજા, રાણી, કુમાર વગેરેની સાથે ગયો અને સાથે ચતુરંગિણી સેના પણ લઇ ગયો. શ્રીગુરુની સ્તુતિ કરીને પછી એમને પોતાના નગરમાં પધારવાનું આમંત્રણ આપ્યું અને કહ્યું કે આપ ગાણગાપુર ગામમાં પધારી નગરને પાવન કરો. હું ત્યાં આપને મઠ બાંધી આપીશ. (૯-૩૩).

શ્રીગુરુએ રાજાનો ભાવ જોઇ આમંત્રણ સ્વીકાર્યું. પાલખીમાં શ્રીગુરુને બેસાડી ઢોલ-નગારાં સાથે શોભાયાત્રા કાઢી. લોકોએ પણ ખૂબ ભાવથી સામૈયું કર્યું. શ્રીગુરુ ગામમાં દાખલ થયા ત્યાં પશ્ચિમ ભાગમાં એક પીપળો હતો જેના ઉપર એક બ્રહ્મરાક્ષસ રહેતો હતો. એ બધાને હેરાન પરેશાન કરતો હતો. જેવા શ્રીગુરુ પીપળાની નીચે આવ્યા કે તરત જ બ્રહ્મરાક્ષસ પીપળા પરથી નીચે આવ્યો, પગે પડ્યો અને 'મારો ઉદ્ધાર કરો' એવી પ્રાર્થના કરી. શ્રીગુરુએ માથે હાથ મૂકીને એનો ઉદ્ધાર કર્યો. એ બ્રહ્મરાક્ષસ ત્યાંથી સંગમસ્થાને જતો રહ્યો. (૩૪-૫૨).

એ પીપળા નીચે જ રાજાએ શ્રીગુરુ માટે મઠ તૈયાર કરાવ્યો. શ્રીગુરુ સંગમે અનુષ્ઠાન માટે જતા અને બપોરે મઠમાં આવતા ત્યારે રાજા સૈન્ય સાથે સામે દર્શને જતો અને શ્રીગુરુને પાલખીમાં બેસાડીને મઠે લાવતો. શ્રીગુરુનો મહિમા ખૂબ ફેલાયો. આ બધું સાંભળીને કુમસી નામના ગામમાં રહેતો ત્રિવિક્રમ ભારતી નામનો નૃસિંહપૂજક યતિ એની ટીકા કરવા લાગ્યો. શ્રીગુરુ એના મનના ભાવ જાણી ગયા એટલે પછી એમણે કુમસી ગામે જઇને લીલા કરવા વિચાર્યું. (૫૩-૭૦).

પ્રણામ કરીને ધન્ય શિષ્ય નિરંજન ફરીથી બોલ્યો કે હે યોગીવર ! શ્રીગુરુની ત્યાર પછી થયેલી લીલાનું વર્ણન આગળ ચલાવો. (૧). અલખ બોલ્યા કે હે નિરંજન ! શ્રીગુરુએ વાંઝણી ભેંસને દુધાળી કરી એટલે પ્રભુની ઘણી પ્રસિદ્ધિ થઇ. (૨). બીજે દિવસે ખેતરમાં ભાર વહેવા માટે પૈસા આપી ભેંસને ભાડે લેવા ખેડૂતો આવ્યા ત્યારે બ્રાહ્મણે કહ્યું કે આ દૂધ આપતી ભેંસને હું હવે ભાડે નહિ આપું. જુઓ ! હમણાં જ એને દોહી છે અને દૂધથી ઘડા ભરાયા છે. (૩-૪). દૂધથી ભરેલા બે ઘડા જોઇને ખેડૂતને ખૂબ આશ્ચર્ય થયું અને કહેવા લાગ્યો કે આ તો ખરી ચમત્કારિક વાત કહેવાય. આ ભેંસ તો એકદમ ઘરડી અને ખખડી ગયેલી છે. મોંમાં એકપણ દાંત નથી અને નાકમાં નાથ નાંખેલી છે. હજી કાલે તો અમે એને ભાડે લઇ ગયા હતા. આ તો અપૂર્વ ઘટના કહેવાય. (૫-૬). આ ભેંસ

નથી કોઇ દિવસ ગાભણી થઇ કે નથી કોઇ દિવસ વિયાઇ અને છતાં પણ દૂધ આપે છે એ ન મનાય એવી વાત છે. એવી વાત ખેડૂતો અંદરોઅંદર કરવા લાગ્યા. (૭). આ વાત બધે ફેલાઇ ગઇ અને તે રાજદરબાર સુધી પહોંચી. રાજા પણ આશ્ચર્યચકિત થઇને તરત જ ત્યાં આવ્યો. (૮).

બ્રાહ્મણને વંદન કરીને રાજાએ બધી વાત પૂછી. એટલે જવાબમાં બ્રાહ્મણે કહ્યું કે સંગમ ઉપર જે યતિશ્રેષ્ઠ વસે છે તેની આ બધી લીલા છે. મને તો એ સાક્ષાત્ ઇશ્વર જ જણાય છે અને લોકોનું ભલું કરવા માટે જ અવતાર ધારણ કર્યો છે એમાં કોઇ શંકા નથી. (૯-૧૦). એ ભિક્ષા માટે રોજ જ બધાના ઘરે જતા હતા. કાલે મારા ઘરે આવીને ભેંસ જોઇને ભિક્ષા માટે દૂધ માંગ્યું. (૧૧). પત્નીએ કહ્યું કે મહારાજ ! આ ભેંસ તો વાંઝણી છે, દાંત વગરની છે અને એકદમ ઘરડી છે. આ સાંભળીને યતીશ્વર એકદમ ક્રોધે ભરાયા અને કહ્યું કે ચાલ તું એને દોહીને દૂધ કાઢ. હું જોઉં તો ખરો કે એ કેવી વાંઝણી છે? તું નાહકનું જૂઠું શું કામ બોલે છે? જૂઠું બોલવાથી તો પુણ્યનો ક્ષય થાય છે. (૧૨-૧૩). શ્રીગુરુનાં વચનને કામધેનુ સમાન જાણીને એ દોહવા બેઠી તો બે ઘડા દૂધથી ભરાયા ! ખરેખર ! એ ધીર સંન્યાસી સાક્ષાત્ ઇશ્વર જ છે. (૧૪).

બ્રાહ્મણનાં એ વચનો સાંભળીને તરત જ રાજા પોતાની પત્ની અને પુત્રને લઇને ચતુરંગિણી સેના સાથે ભક્તિપૂર્વક વિનયનમ્ર બનીને શ્રીગુરુ પાસે ગયો અને શ્રીગુરુનાં દર્શન થતાં જ અનન્યભાવથી દંડવત્ પ્રણામ કર્યા અને બંને હાથ જોડીને જયજયકાર કર્યો અને બોલ્યો કે : 'હે પ્રભુ ! તું જગદ્ગુરુ છે, સંસાર સાગરમાંથી તારનાર છે અને ત્રણે લોકનો નાથ છે. તું બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સ્વરૂપ છે. તું ત્રણે ગુણોથી પર છે અને તું મહેશ છે. તારો મહિમા અપાર છે. પરંતુ હું એનું જરા પણ વર્ણન કરી શકું એમ નથી.' (૧૫-૧૮). માયામાં લપેટાયેલો અને મંદબુદ્ધિવાળો હું પામર અને અજ્ઞાન છું. હે જગતની જ્યોતિસ્વરૂપ ! તારાથી અજાણ્યો એવો હું મૂઢ તને ઓળખી શકતો નથી. (૧૯). હું સંસારરૂપી સાગરમાં પડ્યો છું અને ગહન અવિદ્યાને કારણે કામાદિક મગરે મને પકડ્યો છે. હે યતિશ્રેષ્ઠ ! તું મને તાર, તું મારો ઉદ્ધાર કર. (૨૦). હે પ્રભુ ! તું જ આ વિશ્વનું સર્જન કરનાર છે અને તેથી જ મેં તારાં ચરણ પકડ્યાં છે. હે વિભુ ! તું મારી અવગણના ના કરીશ. હું તો તારો અજ્ઞાની બાળક છું. (૨૧). તું કેવળ સંકલ્પમાત્રે આ સૃષ્ટિનું સર્જન કરે છે, એનું સંરક્ષણ કરે છે અને એનો સંહાર કરવાની લીલા કરે છે. તું જન્મરહિત છે, તું અવિનાશી છે અને તું શિવ-શંકર છે. (૨૨). હે તાત ! અજ્ઞાનીની નજરે તું માનવ જણાય છે પરંતુ તું સાક્ષાત્ નારાયણ છે. હે નાથ ! તારો મહિમા હું મૂઢ કેવી રીતે વર્ણવી શકું? (૨૩). તું સર્વવ્યાપક અને ચૈતન્યમય છે, તું સાક્ષાત્ જગદ્ગુરુ છે. હે તાત ! હું તને ફરી ફરીને ભાવપૂર્વક વંદન કરું છું. (૨૪). આ રીતે ભક્તિપૂર્વક સ્તવન કરીને પછી પ્રણામ કર્યા. એટલે એને આશ્વાસન આપીને શ્રીગુરુ આ પ્રમાણે બોલ્યા. (૨૫).

સંન્યાસી અને તપસ્વી એવો હું અહીં સદાય સંતોષથી રહું છું. હું એકલો જંગલમાં રહેનારો હંમેશાં નિજાનંદમાં મસ્તીથી રહું છું. (૨૬). હે રાજા ! તું આમ કુતૂહલતાથી કેમ આવ્યો તે મને કહે. આમ કુટુંબ કબીલા અને લશ્કર સાથે નાહકનો શું કામ આવ્યો? (૨૭). રાજા (પાર્થિવ)એ હાથ જોડીને વિનયનમ્ર થઇને કહ્યું કે "હે સ્વામી ! હે વિભુ ! તારે વળી વનવાસ કેવો? હે તાત ! તું તો જગતનો ઉદ્ધાર કરનાર છે. (૨૮). તું તો સાક્ષાત્ નારાયણ છે, નરસિંહરૂપ છે અને ભક્તોનો ઉદ્ધાર કરવા માટે હે હરિ ! તેં અહીં અવતાર ધારણ કર્યો છે. બાકી તું તો

સદા આત્મસંતુષ્ટ છે. (૨૯). તું ભક્તોની ઇચ્છા પ્રમાણે વર્તીને ભક્તોને રાજી રાખે છે. વેદ અને પુરાણો તારા ભાટ થઇને તારાં યશોગીત ગાય છે. (૩૦). હે ભક્તવત્સલ ભગવાન ! તારી કીર્તિ અગાધ છે. હે જગતના પિતા સમાન ! તું મારી એક વિનંતી માન્ય કર. (૩૧). હે યતિરાય ! તું ગામની અંદર વસી, ત્યાં અનુષ્ઠાન કરી એ ગાણગાપુર સ્થાનને પાવન કર. (૩૨). હું તને ત્યાં મઠ બાંધી દઇશ માટે હે દેવ ! તું અમારો ઉદ્ધાર કર". આવું બોલીને રાજા તરત જ શ્રીગુરુનાં ચરણમાં પડ્યો.① (૩૩). શ્રીગુરુએ મનમાં વિચાર્યું કે હવે પરેચ્છા પ્રારબ્ધવશ હવે અહીં રહેવું પડશે. ચાલ ત્યારે હવે એના ગામમાં રહું. (૩૪). ભલે, ભક્તોને માટે થોડો સમય હું અહીં રહીશ અને એ બહાને રાજાને પણ રાજી કરું એવું વિચારીને શ્રીગુરુ બોલ્યા કે "હે રાજા ! તારા મનમાં જેવો ભક્તિભાવ તે પ્રમાણે તારે જે કરવું હોય તે તું તરત કર. શ્રીગુરુનાં આવાં વચન સાંભળીને રાજા રાજી રાજી થઇ ગયો. (૩૫-૩૬).

શ્રીગુરુને પ્રેમથી પાલખીમાં બેસાડીને ગીત-વાદ્યો સાથે આનંદથી નગરમાં લઇ જવા લાગ્યો. (૩૭). ઢોલ, નગારાં, શંખ, ત્રાંસા વગેરેનો મીઠોમધુરો નાદ થવા લાગ્યો અને ગામની સ્ત્રીઓ મીઠી હલકે ગીતો ગાવા લાગી. (૩૮). શ્રીગુરુની આગળ ઘોડા, હાથી, નિશાન અને ડંકાની સવારી હતી અને વચમાં છત્રથી શણગારેલી શ્રીગુરુની પાલખી હતી. (૩૯). રાજા એની સાથે સાથે ચાલતો હતો અને એ સુંદર શરીરધારી રાજા સ્ત્રી, પુત્ર વગેરે સાથે ચામર ઝુલાવતો હતો. એના હૈયામાં હરખ તો માતો ન હતો. (૪૦). બ્રાહ્મણો વેદઘોષ કરતા હતા. બંદીજનો આનંદથી ત્રિમૂર્તિસ્વરૂપ શ્રીગુરુની બિરુદાવલી ગાતા હતા અને રાજી થઇને બુલંદ અવાજે છડી પોકારતા હતા. (૪૧). આ રીતે રાજા વાજતે ગાજતે શ્રીગુરુને પોતાની નગરીમાં લઇ જતો હતો. (૪૨). નગરજનો આરતી લઇને ત્યાં સામા આવ્યા અને પૂજન તથા આરતી કરી મુક્ત કંઠે યશોગાન કરતા હતા. (૪૩). આવા મહોત્સવના વાતાવરણમાં શ્રીગુરુએ ગામમાં પ્રવેશ કર્યો એટલે સ્ત્રી-પુરુષોએ ભાવપૂર્વક એમનું પૂજન કર્યું અને વંદન કર્યાં. (૪૪).

એ ગામના પશ્ચિમ ભાગમાં એક પીપળાનું ઝાડ હતું. જેમાં એક ક્રૂર અને ભયંકર બ્રહ્મરાક્ષસ રહેતો હતો. (૪૫). એ પ્રાણીમાત્રને ત્રાસ આપતો હતો અને મનુષ્યનું ભક્ષણ કરતો હતો. એની બીકે ત્યાં આજુબાજુનાં ઘરો ખાલીખમ પડ્યાં હતાં.(૪૬). શ્રીગુરુ એ ઝાડ નીચે આવ્યા એ જોઇને તરત જ રાક્ષસે પીપળા ઉપરથી નીચે ઊતરીને, નમ્રતાથી શ્રીગુરુને નમન કર્યાં. (૪૭). શ્રીગુરુનાં ચરણમાં પડીને બે હાથ જોડીને પ્રાર્થના કરતાં કહ્યું કે હે કૃપાળુ ! તું મારો ઉદ્ધાર કર. હું પાપી છું અને તું સમર્થ સ્વામી છે. (૪૮). આ ઘોર અંધારામાં હું ડૂબી રહ્યો છું. એને પાર કરવાનું ઘણું મુશ્કેલ છે. હે ગુરુવર ! મારા ગરીબ ઉપર તું કૃપા કર અને મને એમાંથી બહાર કાઢ. (૪૯). તારાં દર્શનથી જ મારાં બધાં પાપો નાશ પામ્યાં છે. હવે તારી કૃપા થતાં મને કોઇ કહેતાં કોઇ દુ:ખ રહેશે નહિ. (૫૦). એની આવી નમ્ર પ્રાર્થના સાંભળીને શ્રીગુરુવરે પ્રસન્ન થઇને તેના માથા ઉપર હાથ મૂક્યો ત્યાં જ તે બ્રહ્મરાક્ષસ માણસ બની ગયો.② (૫૧). મનુષ્યરૂપે પછી એણે સાષ્ટાંગ દંડ્વત પ્રણામ કર્યા એટલે શ્રીગુરુએ કહ્યું કે તું હવે સંગમ સ્થાને જા. (૫૨). ત્યાં જઇને સ્નાનમાત્રથી તરત જ તારો ઉદ્ધાર થઇ જશે. શ્રીગુરુનાં આવાં યોગ્ય વચન સાંભળી એ રાક્ષસ તરત જ સંગમ પર દોડ્યો. (૫૩). એણે જેવું શ્રદ્ધાથી સ્નાન કર્યું કે તરત જ એ જ્ઞાની થયો અને ધન્ય ધન્ય થઇ ગયો. એ જ ક્ષણે એણે દેહ છોડી દીધો અને અનન્ય રીતે મુક્ત થયો. (૫૪). આ ચમત્કાર જોઇને બધાને ખૂબ નવાઇ લાગી અને અંદરોઅંદર કહેવા લાગ્યા કે આ શ્રીગુરુ સાચે જ ત્રિમૂર્તિનો જ અવતાર છે, સામાન્ય

માનવી નથી. (૫૫).

શ્રીગુરુના જણાવ્યા પ્રમાણે તે સ્થળે તરત જ મઠ તૈયાર કરાવ્યો. ત્યાં શ્રીગુરુ આનંદે રહેવા લાગ્યા અને રાજા પણ ભાવપૂર્વક સેવા કરવા લાગ્યો. (૫૬). રાજા રોજ રોજ મંગલ દ્રવ્યથી અને આરતી તથા ગીતો અને વાદ્યોથી એમ વિવિધ ઉપચારથી શ્રીગુરુનું પૂજન કરતો હતો. (૫૭). શ્રીગુરુ રોજ જ અનુષ્ઠાન માટે સંગમ ઉપર જતા હતા તો રાજા પણ એમની સાથે સૈન્ય સહિત પ્રેમથી જતો હતો. (૫૮). બપોરના શ્રીગુરુ જ્યારે સંગમેથી મઠ પર આવે ત્યારે રાજા લશ્કર સાથે સામે પગલે જઇને પ્રણામ કરતો હતો. (૫૯). શ્રીગુરુને પ્રેમપૂર્વક આગ્રહ કરીને પાલખીમાં બેસાડીને રાજા સૈન્ય સાથે જંગલની આજુબાજુનાં સ્થળે લઇ જતો હતો. (૬૦).

સ્વસ્વરૂપમાં લીન એવા ભકતવત્સલ શ્રીગુરુ રાજાને જે રીતે આનંદ થાય એ રીતે, ભકતની ઇચ્છાને વશ થઇને વર્તતા હતા. (૬૧). ગામે ગામ બધે ખૂબ મહિમા ફેલાયો અને દૂર દૂરથી લોકોનાં ટોળેટોળાં દર્શન માટે આવવા લાગ્યાં. (૬૨). રોજ રોજ કીર્તન, ઉત્સવ અને બ્રહ્મભોજન થાય છે એવું જાણીને ભાવિક ભકતો ઉમંગથી ઊમટી પડ્યા. (૬૩).

આ રીતે ચારે (ચો) દિશામાં (દિશે) શ્રીગુરુની પ્રસિદ્ધિ થઇ ગઇ. ગાણગાપુરથી થોડે દૂર આવેલા કુમસી નામના એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. (૬૪). ત્રિવિક્રમ નામનો અને ત્રણ વેદનો જાણનાર એ બ્રાહ્મણ સંન્યાસી હતો અને નૃસિંહ ભગવાનનો પૂજક હતો અને માનસપૂજનમાં હંમેશાં રચ્યોપચ્યો રહેતો હતો. (૬૫). શ્રીગુરુનું અલૌકિક અને વંદનીય ચરિત્ર સાંભળીને ટીકા કરતાં એ બોલ્યો કે આ વળી નૃસિંહસરસ્વતી નામે કોણ નિંદાપાત્ર સંન્યાસી છે? (૬૬). સંન્યાસીનો વેષ ધરીને અતિ દાંભિક એવો એ સંન્યાસી સંન્યાસ્તાશ્રમને ન શોભે એવી શાસ્ત્ર દ્વારા નિંદિત એવી ચેષ્ટા કરી રહ્યો છે. (૬૭). ભોગો ભોગવવાથી સંન્યાસીનું પતન થાય છે એવું શાસ્ત્રો કહે છે અને આ તો મન ફાવે તેમ પોતાની ઇચ્છા પ્રમાણે બધે ફરે છે. આવા સંન્યાસીને ધિક્કાર છે. આ રીતે ત્રિવિક્રમ ભારતી વિધવિધ પ્રકારની ખોટી ટીકા કરતો હતો.③ (૬૮). સર્વના સાક્ષી અને સર્વવ્યાપક એવા શ્રીગુરુ આ બધું જાણતા હતા. પછી આગળ જે બન્યું તે અપૂર્વ બનાવ તું સાવધાન થઇને સાંભળજે. (૬૯). બધી મનોકામના સંતોષનાર એ શ્રીગુરુલીલાને ધન્ય છે. એનો પાર દેવો પણ પામી નથી શકયા તો પછી હતભાગી રંગ કયાંથી પામી શકે? (૭૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'બ્રહ્મરાક્ષસોદ્ધાર'** નામનો **સિત્તોતેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

# પાદટીપ :

## અધ્યાય : ૭૭

(૧) દોહરા ૧૬ થી ૩૩માં રાજાનો વિવેક અને સંતો પ્રત્યેની ઊંચી ભાવના સ્પષ્ટ દેખાય છે. એણે કરેલી સ્તુતિ પણ એકદમ વિનમ્રતાથી અને ઊંચા ભક્તિભાવથી ભરેલી છે. યોગભ્રષ્ટ આત્મા આવા "શુચિનાં શ્રીમતાં"ના ઘરે જન્મ ધરીને આવે છે. રાજા થવું એ મહત્ત્વનું નથી, આવા સંસ્કારી રાજા થવું એ ઘણું મહત્ત્વનું છે. વાંસદા નરેશ શ્રી ઈન્દ્રસિંહજી મહારાજની સ્વામી શ્રી પ્રકાશાનંદજી મહારાજ સાથેની વાંસદામાં થયેલી પ્રથમ મુલાકાત પણ આવી જ હતી.

પૂ. પ્રકાશાનંદજી મહારાજ વાંસદા ગામની નદીના કિનારે આવેલા શંકરનાં મંદિરમાં અવધૂત દશામાં પધાર્યા છે એવું જાણતાં જ સરકારશ્રી મોટરમાં આવીને સ્વામીજીને પગે લાગી, એમની સામે જમીન પર જ બેસી ગયા. સ્વામીજીએ કહ્યું કે "મારે કારણે તમારે આજે ધૂળમાં બેસવું પડ્યું" તો સંસ્કારી એવા સરકારે કહ્યું કે "આ શરીર એક દિવસ ધૂળમાં જ જવાનું છે." ત્યારે સ્વામીજી બોલ્યા કે આવા સંસ્કારી રાજાઓ બહુ ઓછા જોવા મળે છે. સંતોને શ્રીમંતો પ્રત્યે નફરત હોતી નથી પરંતુ અસંસ્કારી અને વિવિકેહીન શ્રીમંતાઈના તેઓ વિરોધી હોય છે.

(૨) બ્રહ્મરાક્ષસના માથે હાથ મૂકવાથી એ માણસ બની ગયો. આવા ચમત્કારથી બધાને આનંદ થાય. પ.પૂ.શ્રીરંગ અવધૂત મહારાજે પણ પોતાની કૃપાથી રાક્ષસી જીવન જીવતી કેટલીયે વ્યક્તિઓને સન્માર્ગે ચઢાવીને મહેકતા જીવનવાળા માનવી બનાવ્યા. સંતો જ્યાં પણ જાય છે ત્યાં લોકોનું ભલું જ કરતા હોય છે. સ્વસ્વરૂપમાં લીન એવા આત્મસાક્ષાત્કારી સંતને તો કોઈ વસ્તુની ઈચ્છા જ નથી હોતી. પરંતુ એમના જવાથી ગામમાં સાફસૂફી થાય, લોકોમાં સંપ વધે, ફૂલવાળા, કરિયાણાવાળા વગેરેને આવક થાય અને બધે આનંદ આનંદનું વાતાવરણ ઊભું થાય. સંત તો ભકતને રાજી રાખવા પાલખીમાં બેસે છે, બાકી એને પાલખી શું અને પદયાત્રા શું? બધું જ સરખું.

(૩) સંતના બાહ્યાચાર પરથી એકદમ નિર્ણય બાંધવો નહિ કે ટીકા-ટિપ્પણી કરવી નહિ. સાધુને ઓળખવા વ્યક્તિએ જાતે સાધુ બનવું પડે છે. પોતાનામાં દોષ હોય એવી વ્યક્તિ વિશે ખોટો નિર્ણય બાંધી બેસે એટલે એની પ્રવૃત્તિની ટીકા કરે એ સ્વાભાવિક છે. પરંતુ એમાં ગુમાવવાનું જ હોય છે, પસ્તાવાનું જ હાયે છે. જો કે કોઈવાર ભાગ્યશાળી હોય તો સામે ચાલીને આવા ટીકાકારોને દર્શન આપવા પણ જતા હોય છે. પણ એ તો કોકના જીવનમાં જ આવું બને.

●

## અધ્યાય : ૭૮

આ અધ્યાયનું નામ '**ત્રિવિક્રમોદ્ધરણ**' છે. આ અધ્યાયમાં **૭૦** દોહરા છે.

આ અધ્યાયમાં અલખ નિરંજનને શ્રીગુરુએ કુમસી ગ્રામે જઇને કરેલી લીલાનું વર્ણન કરે છે. નિરંજને શ્રીગુરુની લીલાનું વર્ણન આગળ ચાલુ રાખવાની કરેલી વિનંતીના જવાબમાં શ્રી અલખ બોલ્યા કે ત્રિવિક્રમ પોતાની નિંદા કરે છે એ જાણીને શ્રીગુરુએ રાજાને કુમસી ગ્રામ જવાનો પોતાનો નિર્ણય જણાવ્યો એટલે શ્રીગુરુને શણગારેલી પાલખીમાં બેસાડી, સૈન્ય સહિત સવારી ઉપાડી. (૧-૯).

જ્યારે શ્રીગુરુ કુમસી ગ્રામે જવા નીકળ્યા ત્યારે ત્રિવિક્રમ નૃસિંહ ભગવાનની માનસ પૂજા કરવા માટે બેઠો હતો. ગમે તે કારણ હોય પરંતુ તે દિવસે એનું ચિત્ત ધ્યેયમાં ચોંટતું ન હતું. ઘણા પ્રયત્નો કરવા છતાં એને નિષ્ફળતા જ સાંપડતી રહી. મન સ્થિર કરવાની મથમણ કરતો હતો ત્યાં જ ધ્યાનમાં એણે શ્રીગુરુને સૈન્ય સહિત આવતા જોયા. શ્રીગુરુ સાથે લશ્કર સહિત બધા જ સંન્યાસીના વેષમાં હતા. આ જોઇને તે દંગ થઇ ગયો. (૧૦-૧૮).

માનસ પૂજનમાં આવું જોઇને એ તો સીધો નદી કિનારે દોડ્યો. ત્યાં બધાને યતિ સ્વરૂપ જોઇને એ શરમાયો. એની આંખમાં આંસુ આવી ગયાં. શ્રીગુરુની માફી માગી અને પ્રેમથી પ્રાર્થના કરી. એની સ્તુતિથી પ્રસન્ન થઇને શ્રીગુરુએ એને પોતાનું મૂળ સ્વરૂપ બતાવ્યું અને પછી કહ્યું કે તું રોજ જેને દાંભિક કહીને નિંદા કરે છે તે જ હું તારી સામે ઊભો છું. હવે તું મને કહે કે મારામાં શી દાંભિકતા છે? આ સાંભળીને ત્રિવિક્રમ ભારતીએ પોતાના અપરાધની માફી માગી અને શ્રીગુરુનો મહિમા ગાતી સ્તુતિ કરી. એ સાંભળીને શ્રીગુરુએ એને આશીર્વાદ આપ્યા અને જન્મ મરણના ફેરામાંથી મુકત કર્યો. ત્રિવિક્રમ ભારતીને કુમસી ગામમાં સંન્યાસી તરીકે પ્રસ્થાપિત કરીને શ્રીગુરુ પાછા ગાણગાપુર ગયા. (૧૯-૭૦).

એ અસામાન્ય વચનો સાભળીને બાળક નિરંજન બોલ્યો કે હે અલખ યોગીવર ! આપને ધન્ય છે. ત્યાર પછી જે રસપ્રદ ઘટના બની તેનું વર્ણન કરો. (૧). હે નાથ ! ત્યાર પછી શું બન્યું તે જાણવાની ઉત્કટ ઇંતેજારી થાય છે. અલખે કહ્યું કે હે નિરંજન ! તને ધન્ય છે. પછી જે કાંઇ બન્યું તે બધું તું સાંભળ. (૨). શ્રીગુરુની કથા કળિકાળમાં તારનારી છે અને ખરેખર એ રોજ રોજ નવીને નવી જણાય છે. એમાં શંકા નથી. હે વત્સ ! હે સદ્‌બુદ્ધિવાળા શિષ્ય ! તું એ સુખેથી સાંભળ જેથી આ જન્મ મરણનો સંદેહ રહેશે નહિ. (૩).

કુમસી ગામનો ત્રિવિક્રમ નામનો સંન્યાસી રોજ જ શ્રીગુરુને દાંભિક કહીને એમની ખૂબ જ નિંદા કરતો હતો. (૪). વિશ્વના સાક્ષીરૂપ સર્વવ્યાપી શ્રીગુરુ આ બધું જ જાણતા હતા. એમણે એક દિવસ રાજાને ત્રિવિક્રમ ભારતીની નિંદાની વાત કહી. (૫). શ્રીગુરુએ કહ્યું કે હે રાજા ! કુમસી ગામમાં મારી નિંદા કરનાર ત્રિવિક્રમ નામનો સંન્યાસી રહે છે ત્યાં જવું છે. (૬). આ સાંભળીને રાજા તો રાજી થઇ ગયો અને એણે સવારી તૈયાર કરાવી. હાથી,

ઘોડા, રથ અને પાયદળ તથા વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડનારાને પણ સાથે લીધા. (૭). શ્રીગુરુને શણગારેલી સુંદર પાલખીમાં આનંદથી બેસાડ્યા અને ગીત-વાજિંત્રો સાથે ઘણા જ ઉત્સાહથી રાજા ભાવપૂર્વક કુમસીગ્રામે લઇ જવા લાગ્યો. આ જોઇને બધાને ખૂબ આશ્ચર્ય થયું. (૮-૯).

એ સમયે ભિક્ષુ ત્રિવિક્રમ રોજના નિયમ પ્રમાણે નૃસિંહ ભગવાનનું માનસ પૂજન અર્ચન કરવા બેઠો હતો. (૧૦). નરહરિ ભગવાનનું પૂજન કરવા તે ચિત્તમાં ધ્યાન કરવા માટે ફરી ફરીને પ્રયત્ન કરતો હતો. તો પણ તે દિવસે એનું મન ધ્યેયમાં ઠરતું ન હતું અને એ ચંચલ ચિત્તડું દોડાદોડ કરતું હતું. ધ્યાનમાં ભગવાનની મૂર્તિનું દર્શન થતું ન હતું તેથી એ સંન્યાસી ખૂબ જ ઉદાસ થઇ ગયો હતો. (૧૧-૧૨). એણે મનોમન પ્રાર્થના કરી કે હે મારા પ્રભુ નૃસિંહ ભગવાન ! તું દોડ. આ બાળકની ઉપેક્ષા કેમ કરે છે? શું આજ સુધીનું મારું બધું તપ નિષ્ફળ ગયું છે? તમે મારી સંભાળ કેમ લેતા નથી? (૧૩). મેં તમારી આરાધના ઘણા લાંબા સમયથી કરી છે. એ બધું શું ફોગટ ગયું? તમે તમારા ભકતની અવગણના ના કરો. (૧૪). હું શું કરું અને ક્યાં જાઉં? એવું ચિંતન કરી મનને એકાગ્ર કરવા ફરી ફરીને પ્રયત્ન કરતો હતો. ત્યાં તો માનસપૂજામાં સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીગુરુને રાજા તથા સકલ સૈન્ય સહિત નદી કિનારેથી આવતા જોયા. (૧૫-૧૬).

સંન્યાસી ત્રિવિક્રમ પોતાના ઘરમાં અધખૂલી આંખે બેઠો હતો. આવું અપૂર્વ દશ્ય જોઇને એને થયું કે આ તો દિવસ છે કે રાત છે? (૧૭). માનસપૂજામાં સમગ્ર સૈન્યને દંડધારી જોઇને અને બધાને સંન્યાસી સ્વરૂપ જોઇને ત્રિવિક્રમ તો અવાક્ જ થઇ ગયો. (૧૮). આ જોઇને આશ્ચર્યચકિત થયેલો ત્રિવિક્રમ ત્યાંથી દોડીને નદી કિનારે બીતો, ગભરાતો આવીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા લાગ્યો. (૧૯). બધાં માણસોને તેમજ પ્રાણીઓને પણ દંડધારી સંન્યાસી સ્વરૂપે જોઇને ત્રિવિક્રમ વામણો થઇ ગયો. (૨૦). આમાં સૌથી મોટું કોણ છે અને સૌથી નાનું કોણ છે એ પણ બિચારો જાણી શક્યો નહિ. ત્રિવિક્રમ યતિ અંતરમાં ભ્રમિત થઇ ગયો અને એને કાંઇ કહેતાં કાંઇ સૂઝ પડી નહિ. (૨૧). એનું અભિમાન ઓગળી ગયું અને આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. વિનયનમ્ર અને ગદ્‌ગદિત વાણીથી એ બોલ્યો કે હે ત્રિમૂર્તિરૂપ ! તું મારો ઉદ્ધાર કર.① (૨૨).

તું બ્રહ્મા, વિષ્ણુ અને શિવ સ્વરૂપ છે અને તું જ સાક્ષાત્ જગદ્‌ગુરુ છે. હું માયાવી પામર જંતુ હે તાત ! તને કેવી રીતે ઓળખી શકું? (૨૩). હે સર્વવ્યાપી ! હું તારું સાચું સ્વરૂપ જાણતો નથી. હે ગુરુ ! તું તારું મૂળ સ્વરૂપ દર્શાવીને મારા પર કૃપા કર અને મને કૃતાર્થ કર. (૨૪). તારા અદ્‌ભુત રૂપને આ ચર્મચક્ષુ શું જાણી શકે? હે કરુણાના ભંડાર ! તું કરુણા કર અને ભ્રાંતિનો કૂવો શોષી લે. (૨૫). હે ગુરુનાથ ! હું બાળક તારો અપરાધી છું. તું મને માફ કર. હવે મને ખાતરી થઇ ગઇ છે કે તારા વિના મારો બીજો કોઇ આધાર નથી. (૨૬). તું સાક્ષાત્ નૃસિંહ ભગવાન છે. હે નાથ ! તું સઘળે વ્યાપેલો છે. હે વેદ પિતા ! તું ભકતજનોને માટે સંન્યાસી થયો છે. (૨૭). હે નૃસિંહ સરસ્વતી ! તને ધન્ય છે. તેં આ બધાંનાં સંન્યાસીરૂપે દર્શન કરાવ્યાં પણ હું કોને નમું અને કોને નહિ? તું મૌની થઇને કેમ જોઇ રહ્યો છે. (૨૮). હું મારું આ મોં કોને બતાવું? તું જ મા-બાપ છે. તું સાક્ષાત્ ત્રિમૂર્તિ જ છે અને એ સિવાય બીજું કશું નથી. તું મને એ રૂપે દર્શન આપ. (૨૯). માનસપૂજન અર્ચન દ્વારા મેં ઘણા દિવસો સુધી તપ કર્યું છે અને નૃસિંહ ભગવાનનું પૂજન કર્યું છે તેનું ફળ આજે મળ્યું છે અને તારી મૂર્તિનાં દર્શન થયાં છે. તું સાક્ષાત્ વિશ્વ

ઉદ્ધારક છે. પરંતુ પૃથ્વી પર તેં અવતાર ધરી સંન્યાસીરૂપે અમારો ઉદ્ધાર કરવા પ્રસિદ્ધ થયો છે. એમાં કોઇ સંદેહ (શંકા) નથી. હે નરદેહધારી પ્રભુ ! તું તારું ચિન્મય સ્વરૂપ પ્રગટ કર. (૩૦-૩૨).

આ રીતે ગળગળો થઇને, વિનયનમ્ર બનીને ત્રિવિક્રમ ભારતીએ વાંકા વળીને ફરી પ્રણામ કર્યા અને સ્તુતિ કરવા લાગ્યો. (૩૩). એ સ્તુતિ સાંભળીને શ્રીગુરુ રાજી થયા અને મનમાં દ્રવ્યા. પરિણામે પોતાના મૂળ સ્વરૂપમાં એ સુંદર દેહધારી પલકવારમાં પ્રગટ થયા. (૩૪). ચતુરંગી સેના પણ અલગ અલગ રીતે પ્રગટ થઇ અને એ બધાની વચ્ચે ભક્તને વરદાન આપનારા શ્રીગુરુ અતિશય મનોહર લાગતા હતા. (૩૫).

આ બધું જોઇને ત્રિવિક્રમ તો આભો બનીને જ ઊભો રહ્યો. એને શ્રીગુરુએ પૂછ્યું કે તું હજી મનમાં શી શંકા અનુભવે છે? (૩૬). તું દાંભિક કહીને જેની રોજ નિંદા કરતો હતો તે હું જ આજે તારી સન્મુખ આવીને ઊભો છું. તું નૃસિંહ ભગવાનનો પૂજક છે અને માનસપૂજામાં આસક્ત છે. લોકોમાં તારી અનન્ય ભક્ત અને યતિવર તરીકેની ખ્યાતિ હોય તો મારે તને એમ પૂછવું છે કે તું સાચું બોલ કે તને મારામાં શું દાંભિકતા દેખાઇ? તું એનું સવિસ્તર વર્ણન કર. તારા હૃદયમાં રહેલો શ્રીહરિ તને સાચું જ બોલાવશે. (૩૭-૩૯).

શ્રીગુરુનાં એ વચન સાંભળીને દંડવત્ પગે લાગીને અને ગળગળો થઇને ત્રિવિક્રમ ભારતી કહેવા લાગ્યો કે : હે જગદીશ્વર ! હું તને શું કહું? હું પામર અને અજ્ઞાની છું. હું અવિદ્યાના કાદવમાં ખૂપી ગયો છું અને તારી પાસે ક્ષમાનું દાન યાચું છું. (૪૦-૪૧). હે સર્વવ્યાપી ! તું વિશ્વનો ઉદ્ધારક છે. તું સાચે જ ત્રિમૂર્તિનો અવતાર છે. તું જ આ સમગ્ર વિશ્વને માયાના યંત્રથી નચાવી રહ્યો છે. તું મને તારી દે. (૪૨). અજ્ઞાનથી વીંટળાયેલો એવો પામર હું આ માયાના સાગરમાં ડૂબી રહ્યો છું. આ બધું જ મોહરૂપી અંધારાથી વ્યાપેલું છે અને હું ઘુવડની જેમ હીન છું. (૪૩). તેજના ઢગલા સમાન તારું જે પારમાર્થિક રૂપ છે તે હું જાણતો નથી એટલે ઝાડની બખોલને કુંજ માનીને બધે રવડ્યા કરું છું. (૪૪). પૂર્વજન્મના પુણ્યબળે આજે જ્યોતિ સ્વરૂપ તું મને મળ્યો છે. અજ્ઞાનનું અંધારું દૂર કરીને સુખનો પ્રકાશ પાથર. (૪૫). હે પ્રભુ ! તું મારા અપરાધો માફ કરી દે અને આ દાસનો ઉદ્ધાર કરી દે. હે દેવરાજ ! હું તને પ્રણામ કરું છું. તું આ મુશ્કેલીથી દૂર કરી શકાય એવો ભવત્રાસ હરી લે. (૪૬). હું અવિદ્યાના ભવસાગરમાં પડ્યો છું અને રાત દિવસ પૂર્વ કર્મનાં મોજાંથી અથડાઉં છું. કોઇ જગ્યાએ કિનારો દેખાતો નથી. (૪૭). આ સમુદ્રજળનો તાગ આવતો નથી અને તારો વિના કોઇની મદદની આશા નથી. હે સ્વામી ! તું મારા પર કૃપા કર. હું તારે શરણે આવ્યો છું. (૪૮). તું તારા હાથે મને જ્ઞાનરૂપી હોડીમાં બેસાડી, તારા કૃપારૂપી વાયુ દ્વારા મને પેલે પાર તારા સ્થાનમાં લઇ જા. (૪૯). જેના પર તારી અગાધ કૃપા વર્ષે છે તેને આ હલકટ એવાં દુ:ખ અને દોષ ક્યાંથી હેરાન કરે? (૫૦). એવી વ્યક્તિ કલિકાળને જીતીને એ પોતે તારા સ્વરૂપવાળો થઇ જાય છે. પરિણામે એ અમર અને અરૂપ થવાથી એને જન્મ મરણ રહેતાં નથી. (૫૧). ઘણા સમય પહેલાં ભગવાન કૃષ્ણે અર્જુનને વિશ્વરૂપનું દર્શન કરાવી એને ધન્ય ધન્ય કરી દીધો હતો. હે દેવ ! એ રીતે આજે તેં મને આવું અનન્ય એવા વિશ્વરૂપનું દર્શન કરાવ્યું છે. (૫૨). હે નાથ ! તેં મને તારા આ સ્વરૂપનું દર્શન કરાવીને કૃતાર્થ કરી દીધો છે. હે ભક્તવત્સલ શ્રીગુરુ ! હું તને બે હાથ જોડીને પ્રણામ કરું છું. (૫૩). તારો મહિમા કોણ જાણી શકે એમ છે? વેદો પણ એ નહિ, એ નહિ એવો પોકાર કરે છે. હે જગદ્‌ગુરુ ! આપનો જય હો ! આપનો જય હો ! હું આપને નમન કરું છું. આપના સ્મરણમાત્રથી

સંસારનો ભય દૂર થાય છે. (૫૪). હે નૃસિંહ સરસ્વતી દેવ ! તું બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવ છે. તારાં ચરણદર્શનથી હું તરત જ કૃતાર્થ થઇ ગયો છું. (૫૫). ચિંતામણિની જેમ તેં અનાયાસ મારી ભેદદષ્ટિ દૂર કરી દીધી છે અને મને ધન્ય કરી દીધો છે. હે શ્રીગુરુ ! એ મારું સદ્ભાગ્ય છે કે મને તું મળી ગયો છે. હું તને અનન્ય ભાવે પ્રણામ કરું છું. (૫૬). જેમ વિદુરના ઘરે ભગવાન શ્રીકૃષ્ણ આમંત્રણ વિના ગયા હતા તેમ હે ભકતવત્સલ શ્રીગુરુ ! તું પણ મારા ઘરે આવ્યો છે. (૫૭). ખરેખર ! મેં તમારી કશી જ સેવા નથી કરી છતાં તમે મારા પર પ્રસન્ન થયા છો. હે ગુરુનાથ ! હું શું બોલું? હે તાત ! તારા અનંત મહિમાનું વર્ણન હું કેવી રીતે કરી શકું? (૫૮). આમ ગળગળા થઇને અનેક સ્તોત્રો દ્વારા તેણે સ્તવન કર્યું. એનાથી પ્રસન્ન થઇને શ્રીગુરુએ શ્રેષ્ઠ વરદાનો આપ્યાં. (૫૯).

શ્રીગુરુ બોલ્યા કે હે ત્રિવિક્રમ ભારતી ! હું તારી ભક્તિથી આજે તારા પર પ્રસન્ન થયો છું. તું ખરેખર ધન્ય છે. તારા બધા મનોરથો સફળ થયા છે. (૬૦). તારી સદ્ગતિ થશે અને પુનર્જન્મ નહિ થાય. તું સુખપૂર્વક રહે. તું પરમાર્થ પામી ચૂક્યો છે. (૬૧). તું પરમાત્મા સાથે એકતા પામીને જીવતે જીવ મુક્તિનો અનુભવ કરીશ. તું મારું આ વાક્ય સાચું માનજે. એ વિશે શંકા કરીશ નહિ. (૬૨).

પછી ત્રિવિક્રમ ભારતીને કુમસી ગ્રામે રહેવા દઇને શ્રીગુરુ સૈન્ય સાથે ગાણગાપુર ગયા. (૬૩). શ્રીગુરુનો આવો અપાર અને વિખ્યાત મહિમા હતો. જે સાક્ષાત્ ત્રિમૂર્તિરૂપ હતા છતાં તે માણસની જેમ વર્તતા હતા. (૬૪). સાચે જ શ્રીગુરુ તો સ્વયં પરમપુરુષ જ છે. જે લોકો એને આ રીતે સ્વીકારતા નથી તેવા પાપી મર્યા પછી સાત જન્મ સુધી યમલોકમાં વસવાટ કરશે. (૬૫).

શ્રીગુરુ બ્રહ્મા છે, શ્રીહરિ છે અને ગિરજાપતિ છે. પુરાણમાં આવો મહિમા પ્રસિદ્ધ છે. (૬૬). માટે શ્રીગુરુ નૃસિંહસરસ્વતી પણ સાક્ષાત્ ત્રિમૂર્તિ જ છે. હે ભકતજનો ! શંકા રાખ્યા વગર એને ભાવથી સેવો. (૬૭). મેં તરસ છિપાવે એવી સુંદર અમૃતની પરબ માંડી છે. હે સંતો ! આ સહેલાઇથી મળી શકે એવું કથામૃત પીને ધન્ય થઇ જાઓ. (૬૮).

બીજી બધી વનસ્પતિ ચોમાસામાં લીલી થઇ જાય છે પરંતુ એક જવાસો સૂકો જ રહે છે.એ જ રીતે અહીં દુર્જનો હતભાગી છે.② (૬૯).

શ્રીઅલખનાં આ વચન સાંભળીને નિરંજન જે બોલ્યો તેનું અનુસંધાન આગળ ઉપર છે. જે **રંગ**ની શંકાનું નિવારણ કરશે. (૭૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ત્રિવિક્રમોદ્ધરણ'** નામનો **ઇક્કોતેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૭૮

(૧) પૂ.શ્રીનાં ભજનોમાં વાણીની મીઠાશ અને એના પરના સંયમનો ઉલ્લેખ એકથી વધુ વાર થયો છે. 'નામ રસાયણ પીધું જેણે, નેણ વેણ પલટાય' એ પંક્તિ પણ સાધક પર એક જાતનો અંકુશ મૂકે છે. સાધના દ્વારા કશુંક પામી ચૂકેલી વ્યક્તિ તો વધુ નમ્ર, સરળ અને મીઠાશભરી વાણી ધરાવતી હોવી જોઇએ. પરંતુ હકીકતમાં સહેજ પ્રગતિ થતાં અભિમાનને કારણે બીજાની નિંદા, વગોવણી, ટીકા-ટિપ્પણી શરૂ થઇ જાય છે. ત્રિવિક્રમ ભારતીએ પણ શ્રીગુરુનાં દર્શન કર્યા વિના, નજીકનો પરિચય કેળવ્યા વિના જ શ્રીગુરુ વિશે જે સાંભળ્યું તેના આધારે શ્રીગુરુની નિંદા કરવા માંડી. ત્રિવિક્રમ સાત્વિક ભક્ત હશે અને એનું પુણ્ય પણ હશે તેથી તે નિંદા કરતો હોવા છતાં શ્રીગુરુ એને પાવન કરવા અને પોતાનો ભક્ત બનાવવા સામે પગલે ચાલીને ગયા 'જેને ભજન સાથે કામ, તેને ચર્ચા છે હરામ' એ ભજન પંક્તિ તો ચર્ચા ન કરવાનું સૂચવે છે તો પછી નિંદા કરવાની તો વાત જ ક્યાં રહી.

આંખમાં અમી, તો દુનિયા ગમી,<br>
જીભમાં અમી, તો દુનિયા નમી.

મીઠી વાણી આપઘાત કરવા જનારને પાછો વાળી શકે અને કડવી વાણી આપઘાત કરવા પ્રેરી શકે એ યાદ કરવું ઘટે.

(૨) શ્રીગુરુલીલા કથામૃતની પરબનો લાભ લેવા પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ આમંત્રણ આપે છે. પરંતુ એ આમંત્રણ સંતોને છે. દુર્જનો તો લાભ નહિ જ લે. અરે ! નહિ જ લઇ શકે. વરસાદની ઋતુમાં બધી વનસ્પતિ લીલી થઇ જાય છે પણ જવાસો સૂકો જ રહે છે. બધા ઝાડને-છોડને અનેક પાંદડાં ફૂટે છે પણ ખાખરાના છોડને ત્રણ જ પાંદડાં ફૂટે છે.

સારી વસ્તુનો લાભ લેવા માટે પણ ભગવાનની કૃપા જોઇએ, સદનસીબ જોઇએ.

ભાગ્યહીન કો નહિ મિલે બડી વસ્તુ કો ભોગ |<br>
દ્રાક્ષ પકે તબ કાગકે કંઠમેં નિકલે રોગ ||

●

# અધ્યાય : ૭૯

આ અધ્યાયનું નામ **'વાદાર્થે મદોન્મત્ત વિપ્રદ્રયાગમન'** છે. આ અધ્યાયમાં ૧૦૩ દોહરા છે.

નિરંજને અલખ ગુરુનાં ઋણનો સ્વીકાર કરતાં અને એનો જયઘોષ કરતાં શ્રીગુરુની લીલાનું વર્ણન આગળ કહેવા વિનંતી કરી એટલે અલખે કહ્યું કે હું યાદ કરીને તને ટૂંકમાં કહીશ. જો બધી લીલા કહેવા બેસું તો તો ગ્રંથના ગ્રંથ ભરાય. (૧-૭).

બેડર (વિજાપુર-વૈદુર્યનગર)માં એક મુસલમાન રાજા હતો. એ બ્રાહ્મણોનો દ્વેષ કરનારો, મહાઘાતકી અને દુર્ગુણોનો ભંડાર હતો. એ બ્રાહ્મણ પાસે બળજબરીથી અથવા ધનની લાલચ આપીને વેદોનું ગાન કરાવતો અને પછી હિંદુ ધર્મની નિંદા કરતો. વેદોના જાણકારો પણ ધર્મને ભૂલીને ધનની લાલસાથી રાજાને વેદો સંભળાવતા હતા. (૮-૨૩).

સમય જતાં એ રાજાના દરબારમાં વેદશાસ્ત્રના પ્રકાંડ પંડિત એવા બે બ્રાહ્મણો આવી ચઢ્યા. એણે રાજાને કહ્યું કે અમે પ્રકાંડ પંડિતો છીએ. અમારા જેવા બીજા બ્રાહ્મણો જોવા મળતા નથી. જો તારા રાજ્યમાં વાદ (વિવાદ) કરી શકે એવા બ્રાહ્મણો હોય તો વાદ કરવા બોલાવ. આવાં આત્મશ્લાઘાયુક્ત વચનો સાંભળીને રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે આ બ્રાહ્મણોને જે વાદમાં હરાવશે તેને હું અઢળક દ્રવ્ય આપીશ અને માનસૂચક ખિતાબ પણ આપીશ. રાજાના સાચા અને સમજુ બ્રાહ્મણોએ હાર સ્વીકારી લીધી. રાજાએ એ બ્રાહ્મણોને બ્રાહ્મણોના રાજા તરીકે બિરદાવ્યા અને નગરમાં શોભાયાત્રા કાઢી. (૨૪-૩૬).

આ બ્રાહ્મણો યવન સામે વેદપાઠ કરતા હતા અને અભિમાનમાં ઉન્મત્ત બનીને વાદ કરવા માટે ધરતી પર બધે ફરવા લાગ્યા અને જે વાદ ન કરે અથવા હારી જાય તેની પાસેથી જયપત્ર લખાવી લેતા. (૩૭-૪૮).

ફરતા ફરતા કુમસી ગામે આવી ત્રિવિક્રમભારતીને વાદ કરવા જણાવ્યું. ત્રિવિક્રમે તો નમ્રતાથી કહ્યું કે હું તો એક વેદ પણ નથી જાણતો તો પછી ત્રણ વેદની તો વાત જ ક્યાંથી કરવી? એણે વાદ કરવાની ના કહી તો પેલા બ્રાહ્મણોએ જયપત્ર લખી આપવા જણાવ્યું એટલે એમને સીધા કરવા એણે કહ્યું કે તમે ગાણગાપુર ચાલો. ત્યાં હું મારા ગુરુ મહારાજ કહેશે તો જયપત્ર આપીશ. બ્રાહ્મણોને શ્રીગુરુએ આ વાદ વિવાદ બંધ કરવા સમજાવ્યા અને અનેક રીતે ઉપદેશ આપ્યો તો પણ એ બ્રાહ્મણોએ તો જીદ પકડી જ રાખી. (૪૯-૧૦૩).

નિરંજન બોલ્યો કે હે ગુરુ ! તમારો જય હો ! હે અલખ યોગીશ્રેષ્ઠ ! તમને ધન્ય હો ! મારા હૃદયમાં હવે નિશ્ચય દઢ થઇ ચૂક્યો છે કે તારા જેવો બીજો કોઇ નથી. (૧). ગુરુઓમાં તું શિરોમણિ છે. તું જ્ઞાન દેનાર અને પરમ પવિત્ર છે. આ સુંદર ગુરુકથા કહીને તેં આ દાસને પાવન કરી નાખ્યો છે. (૨). હે સદ્ગુરુજી ! આપ સર્વેશ્વર છો, સાક્ષાત્ કૃપાના સાગર છો. હે તાત ! ભકતોનો ઉદ્ધાર કરવા માટે જ તેં આ પૃથ્વી પર અવતાર લીધો છે. (૩).

સામાન્ય લોકોને ભલે તું માનવ જેવો જણાય પરંતુ જ્ઞાનીને તો તું સાક્ષાત્ ઈશ્વરરૂપ જ જણાય છે. પામર અને મૂઢ બુદ્ધિવાળો તારી નિંદા કરે છે પરંતુ જે હોશિયાર છે તે તો તારું શરણ ગ્રહી લે છે. (૪). હે ગુરુ ! ત્રિવિક્રમ સંન્યાસીને પોતાનું સ્વરૂપ દર્શન કરાવ્યું પછી આગળ શું થયું તે કથા કહો જેથી આ સંસારરૂપી કૂવો સુકાઇ જાય. (૫).

અલખજી બોલ્યા કે હે બાળ નિરંજન ! એ બધી લીલા ન સમજાય તેવી છે. છતાં હું એનું સ્મરણ કરીને તને ટૂંકમાં કહીશ. આ લીલા થયાને પણ ઘણો સમય વીતી ગયો છે. (૬). જો હું તને ગુરુની લીલાની બધી વાત કહેવા જાઉં તો તો ગ્રંથોના ગ્રંથો ભરાય એટલે હું તને એમાંથી રસ પડે એવી કેટલીક સારરૂપ કથા કહું છું તે તું સાંભળ. (૭).

વૈદૂર્ય (બેડર-વિજાપુર) નગરમાં એક મુસલમાન રાજા રાજ્ય કરતો હતો. હે શિષ્ય નિરંજન ! ત્યાં છેક અપૂર્વ કહી શકાય એવી એક ઘટના બની ગઇ. (૮). એ રાજા બ્રાહ્મણોનો દ્વેષી અને ઘણો ઘાતકી હતો. એ જીવોની હિંસા કરવામાં હંમેશાં રચ્યોપચ્યો રહેતો હતો અને દુર્ગુણોનો તો ભંડાર હતો. (૯). બ્રાહ્મણોને બળજબરીથી દરબારમાં બોલાવીને એમની પાસે વેદોનું પઠન કરાવતો હતો. (૧૦). એ મુસલમાન રાજા કહેતો કે હે બ્રાહ્મણો ! તમારામાં જે કોઇ ખૂબ વિદ્વાન હોય અને જો તે અહીં રોજ અર્થ સાથે વેદોનું ગાન કરશે તો હું તેને અઢળક ધન આપીશ, અન્ય રીતે પણ સન્માન કરીશ અને જે વેદોના અર્થ કહેશે તેને હું મારા પ્રાણ સમાન પ્રિય માનીશ. (૧૧-૧૨). વળી એવાને હું વિશિષ્ટ રીતે પૂજીશ અને એમને મન-માગ્યાં ધન-વસ્ત્ર વગેરે આપીશ. એવું કહીને બ્રાહ્મણોને વેદનો પાઠ કરવાનું કહેતો. (૧૩).

એનું આવું સાંભળીને જેઓ સાચા જ્ઞાની હતા તે બધા કહેતા કે હે રાજા ! અમે તો છેક મંદબુદ્ધિના છીએ અને વેદનો એક પણ અક્ષર જાણતા નથી. (૧૪). બીજા જે મૂઢ અને ગમાર હતા તે દ્રવ્યના લોભથી એ મુસલમાન સમક્ષ જઇને વેદ-શાસ્ત્ર વગેરેના પાઠ કરતા હતા.[૧] (૧૫). યજ્ઞકાંડની વાતોને અર્થસહિત સાંભળ્યા પછી એ દુષ્ટબુદ્ધિવાળો રાજા કહેતો કે હે યાજ્ઞિક વિપ્રો ! તમે અમારી કેમ નિંદા કરો છો? (૧૬). તમે યજ્ઞના નામે પશુની હિંસા તો કરો જ છો અને અમને મુસલમાનને નીચ કહીને અમારી નિંદા કરો છો, એ કેવું બેહૂદું કહેવાય? એવા નિંદા કરનારને સો સો વાર ધિક્કાર હો. વેદો તો સાચું કહે છે. (૧૭). જો યજ્ઞમાં પશુનો થતો વધ હિંસા ન કહેવાતી હોય તો પછી પશુ મારવાનું અમને કેવી રીતે પાપ લાગે? અમને પશુની હિંસા કરનારા કહીને શું કામ નિંદા કરો છો? એમ મન ફાવે તેમ બોલતો હતો. (૧૮). આ રીતે બ્રાહ્મણોની નિંદા કર્યા પછી વેદનું પઠન કરનાર બ્રાહ્મણને અઢળક દ્રવ્ય આપતો. (૧૯).

એ પશુને મારનાર મુસલમાન રાજા જે કોઇ વેદના અર્થ પ્રગટ કરે તેનો એ ખૂબ સત્કાર કરતો. આ સાંભળીને દ્રવ્યના લોભી ઘણા બ્રાહ્મણો દોડ્યા. (૨૦). અરેરે ! દ્રવ્યના લોભે વેદ શાસ્ત્રના અર્થ જાણવામાં નિપુણ એવા બ્રાહ્મણો ધર્મનો રસ્તો ભૂલીને મુસલમાન રાજાને વેદ સંભળાવવા લાગ્યા. (૨૧). ખરેખર ! કળિકાળની ગતિ ગહન છે. બ્રાહ્મણો મૂઢ અને ઉદ્દામ થઇને, દુરાચારમાં રચ્યાપચ્યા રહીને, દ્રવ્યના લોભે દોડધામ કરવા લાગ્યા. (૨૨). યવનના દરબારમાં જઇને શિક્ષા, વ્યાકરણ વગેરે અંગો અને અર્થ સહિત વેદનું પઠન કરીને બ્રાહ્મણો પોતાના હાથે જ મોતને આમંત્રણ આપતા હતા એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૨૩).

આમ દિવસો વીતતા હતા ત્યાં એક દિવસ વેદશાસ્ત્ર જાણનારા બે હતભાગી અને ઉન્મત્ત થયેલા બ્રાહ્મણો મુસલમાન રાજાના દરબારમાં આવ્યા અને કહેવા લાગ્યા કે અમે ત્રણ વેદને જાણનારા એટલે કે ત્રિવેદી છીએ. અમે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એમ ત્રણ વેદો અર્થ સહિત જાણીએ છીએ અને અમને શાસ્ત્ર તેમજ પુરાણનું પણ પૂરેપૂરું જ્ઞાન છે. (૨૪-૨૫). આમ મુસલમાન રાજા સમક્ષ પોતાનાં વખાણ જાતે જ કરીને પોતાની કીર્તિની પ્રશંસા કરતા હતા. પછી રાજાને કહ્યું કે હે રાજા ! અમારા જેવા આ પૃથ્વી પર બીજા કોઇ બ્રાહ્મણ નથી. (૨૬). ચારે રાષ્ટ્રોમાં ફરતાં ફરતાં અમે અહીં આવી પહોંચ્યા છીએ. વેદ અંગેના વાદમાં અમારી સામે ટક્કર ઝીલે એવો કોઇ અમને મળ્યો નહિ. (૨૭). જો તારા રાષ્ટ્રમાં વાદ કરી શકે એવો બ્રાહ્મણ હોય તો તું એને બોલાવ. એટલે હે રાજા ! તારી હાજરીમાં જ એની સાથે વાદ કરીએ. (૨૮). આવાં તિરસ્કારયુકત વચનો સાંભળીને રાજાને પણ અભિમાનનું શૂર છૂટ્યું અને પોતાના નગરના બધા બ્રાહ્મણોને હરખભેર કહ્યું કે આ બ્રાહ્મણો સાથેની ચર્ચામાં જે બ્રાહ્મણ જીતશે તેને હું પ્રેમપૂર્વક માન અને ઇલકાબ સહિત અઢળક ધન આપીશ. (૨૯-૩૦). બ્રાહ્મણોએ કહ્યું કે હે રાજા ! એમની સાથે ચર્ચા કરવાની અમારી લાયકાત નથી. એમને હરાવવાનું કેવળ અશક્ય જ છે. (૩૧). અમારા બધા બ્રાહ્મણોમાં એ બંને બ્રાહ્મણો જ શ્રેષ્ઠ છે. એ બે જ અતુલ વિદ્વાન હોવાથી તું એનું જાહેરમાં સન્માન કરી એમને યોગ્ય બક્ષિસ આનંદથી આપ. (૩૨).

બધા બ્રાહ્મણોનો એકી અવાજે આવો નિર્ણય સાંભળીને એ રાજાએ બંને બ્રાહ્મણોને વસ્ત્રો અને અલંકાર આપ્યાં અને તેમનું પૂજન કર્યું. (૩૩). એમને અલંકારોથી વિભૂષિત કરીને અને અપૂર્વ માન આપીને હાથી ઉપર માનભેર બેસાડીને વાજતે ગાજતે નગરમાં વરઘોડો કાઢ્યો અને રાજા પણ એમાં જોડાયો. પછી રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે હું જેમ મુસલમાનોનો રાજા છું તેમ આ લોકો બ્રાહ્મણોના રાજા છે. આ સાંભળીને એ તામસી પ્રકૃતિના બ્રાહ્મણોના હૈયામાં હરખ માતો ન હતો. (૩૪-૩૬). પોતાને રાજા માનીને અને દરેક પ્રકારનો વિવેક ભૂલીને એ બ્રાહ્મણો મુસલમાન આગળ વેદોનું પઠન કરતા હતા અને એ દ્વારા નાહકનું અભિમાન વધારતા હતા. (૩૭). તમોગુણથી ભરેલા એ બંને બ્રાહ્મણો બીજા બ્રાહ્મણોની નિંદા કરતા હતા. મદથી અંધ બનેલા હાથીની જેમ એ બે બ્રાહ્મણો યવનરાજના રાષ્ટ્રમાં બધે ફરવા લાગ્યા. (૩૮). અભિમાનથી ઉછાંછળા બનીને એક દિવસ મુસલમાન રાજા પાસે જઇને એ મૂરખના સરદાર કહેવા લાગ્યા કે હે રાજા ! અમારી લાયકાતની તને શું વાત કરીએ? (૩૯). ચારે દિશામાં અમારું નામ ગાજતું થયું છે અને લોકો અમારાથી ડરે છે. કોઇ વાદ કરવા તૈયાર જ થતું નથી. આ વિદ્યા નકામી ગઇ એવું લાગે છે. (૪૦). અમને એમ થાય છે કે અમે આ વિદ્યા મેળવવા માટે નકામી મહેનત કરી. હે રાજા ! આ વિદ્યા વિવાદ કર્યા વગર ચમકતી નથી. ② (૪૧). અમારા અંતરમાં એવી મહેચ્છા જાગી છે કે હે રાજા ! તું જો રજા આપે તો વિદ્વાનોની સાથે વાદ-વિવાદ કરીએ. (૪૨). આ પૃથ્વી પર આવેલાં બીજા રાષ્ટ્રોમાં ફરીએ અને જો નસીબજોગે કોઇ વાદ કરનાર મળી જાય તો તેની સાથે વાદ-વિવાદ કરીએ. (૪૩). એવો કોઇ મળી જાય તો એને ચોક્કસ હરાવી જ દઇશું અને અમારું નામ અમર કરી દઇશું અને જો વાદ કરવા તૈયાર નહિ થાય તો અમે એની પાસેથી વિજયપત્ર લખાવી લઇશું. (૪૪).

એ મુસલમાન રાજાએ કહ્યું કે તમે સુખેથી જાઓ અને આ સુંદર કાર્ય કરો. બીજાં રાષ્ટ્રોમાં ફરીને

અનન્ય વિજયને વરો. (૪૫).

રાજાની એવી આજ્ઞા લઇને એ તમોગુણી પ્રકૃતિવાળા અને પોતાના વિષે ઊંચા ખ્યાલો ધરાવતા એ બંને બ્રાહ્મણો વાદ કરવાના હેતુથી અન્ય સ્થળોએ ફરવા લાગ્યા. (૪૬). એ હલકીવૃત્તિના નીચ બ્રાહ્મણો એક ગામથી બીજે ગામ ફરવા લાગ્યા અને બધેથી જયપત્રો લેતા લેતા એ અભાગિયા મદોન્મત્ત બન્યા. (૪૭). એની સામે વાદ કરવા કોઇ કહેતાં કોઇ ઊભું રહી શકતું ન હતું. આમ અજય બનીને ફરતા એ બે બ્રાહ્મણો ગામ અને નગરમાં પ્રખ્યાત થયા. (૪૮). પછી ફરતાં ફરતાં દેશના દક્ષિણ ભાગમાં આવ્યા જ્યાં એમણે ત્રિવિક્રમ ભારતીનું નામ સાંભળ્યું. કુમસી ગામમાં રહેતો એ ત્રણે વેદોને જાણનાર, ગુરુભકત અને શ્રેષ્ઠ સંન્યાસી હતો. (૪૯). વેદશાસ્ત્રમાં નિપુણ એવા એ શાંત મુનિની લોકોના મોઢે યશોગાથા સાંભળીને એ હલકટ બ્રાહ્મણો મુનિની પાસે આવ્યા અને મદોન્મત્ત તથા ગર્વિષ્ઠ બનીને ઉદ્ધતાઇથી બોલવા લાગ્યા કે હે યતિ ! તારો કેટલો અભ્યાસ છે? (૫૦-૫૧). જો તું સાચે સાચ ત્રિવેદી- ત્રણ વેદ જાણનારો- હોય તો અમારી સાથે વાદ કર નહિ તો વાદ-વિવાદ કર્યા વગર વિજયપત્ર લખી આપ. (૫૨). બ્રાહ્મણોનાં આવાં વચન સાંભળીને ત્રિવિક્રમ બોલ્યો કે અરે ભાઇ ! હું એક વેદ પણ પૂરો જાણતો નથી ત્યાં વળી ત્રણ વેદ જાણવાની તો વાત જ કયાં રહી? (૫૩). જો હું વેદ જાણતો હોત તો પછી મારે જંગલમાં શું કામ રહેવું પડે? રાજા દ્વારા પૂજાતા અને વેદ જાણનારા તો આપ છો અને તેથી તો રોજ રોજ નવા નવા ભોગો ભોગવો છો. અરેરે ! હું તો ભિક્ષા માંગીને જીવનારો અને જંગલમાં રહેનારો તપસ્વી છું. એટલે એ વેદની જાણકારીના પંથથી અજાણ છું. (૫૪-૫૫). હું તો દીન સંન્યાસી છું. મારામાં બિલકુલ વિદ્વત્તા નથી. હું આપ જેવો કાંઇ વિદ્વાન નથી. આપની સાથે હું અજ્ઞાની શું વાદ કરી શકું? (૫૬). મારું તો બધું અભિમાન આમ ને આમ જ નાશ પામ્યું છે. મારે વળી જય શું ને પરાજય શું? એ મારું કામ જ નથી. (૫૭). આપ તો પ્રકાંડ પંડિતો છો. મારી સાથે શું વાદ કરવાનો? તમે તમારી સાથે વાદ કરી શકે એવા બીજા વિદ્વાનને કેમ નથી શોધતા? (૫૮). મુનિનાં વચન સાંભળીને એ ઉદ્ધત બ્રાહ્મણો બોલ્યા કે ઉત્તમ વિદ્વાન હોય કે હીન વિદ્વાન હોય, અમને જીતવાની કોનામાં તાકાત છે? (૫૯). આ પૃથ્વી પર અમને વાદમાં જીતી શકે એવો કોઇ અમે જોયો નથી અને સાંભળ્યો પણ નથી. આ વાતમાં શંકા કરીશ નહિ. (૬૦). અમે બધાં રાષ્ટ્રોમાં ફરી વળ્યા પરંતુ અમારા સરખો પણ એક પણ જોવા ના મળ્યો. હે સંન્યાસી ! તું આ અસંખ્ય જયપત્રો જો. (૬૧). તું પણ તાત્કાલિક અમને એવું જયપત્ર લખી આપ અથવા જો તારામાં વિદ્યાનું અભિમાન હોય તો અમારી સાથે વાદ-ચર્ચા કર. (૬૨).

એ બ્રાહ્મણનાં વચનો સાંભળીને એ યતિશ્રેષ્ઠે એમને અનેક રીતે સમજાવવાના પ્રયત્નો કર્યા તો પણ તેઓ માન્યા જ નહિ. (૬૩). એ લોકો તો એક જ જીદ લઇને બેઠા હતા કે કાં તો તું જયપત્ર લખી આપ કાં તું અમારી સાથે વાદ કર. આ સાંભળીને છેવટે ત્રિવિક્રમ ભારતીએ મનમાં વિચાર્યું કે આમને શિક્ષા કરવાનો એક જ ઉત્તમ ઉપાય છે અને તે એ કે હું એમને ગાણગાપુર શ્રીગુરુ પાસે લઇ જાઉં. (૬૪-૬૫). આ બ્રાહ્મણો સાચે જ અભિમાનમાં આંધળા થયા છે અને એમ સીધા થાય એમ નથી. એમણે બ્રાહ્મણોનો તિરસ્કાર કર્યો છે- ધિક્કાર્યા છે તેથી હું એમને સીધા દોર કરી દઉં.[3] (૬૬). આવું મનમાં વિચારીને એ પ્રગટ રીતે બોલ્યો કે હે બ્રાહ્મણો ! તમે મારી સાથે તરત જ ગાણગાપુર ચાલો. (૬૭). ત્યાં મારા શ્રીગુરુદેવ રહે છે. તમે ત્યાં સવિસ્તર વાત કરો. એ જેમ

આજ્ઞા કરશે તેમ હું કરીશ. એ કહેશે તો હું તમને ત્યાં જ જયપત્ર લખી આપીશ. (૬૮). હું એમની હાજરીમાં જરૂરથી વિજયપત્ર લખી આપીશ અથવા આપની સાથે વાદ કરીને આપની ઇચ્છા પૂરી કરીશ. (૬૯). આવું કહીને એ મુનીશ્વર પેલા અધમ, અભિમાની અને અભાગિયા બંને બ્રાહ્મણોને લઇને ગાણગાપુર જવા નીકળ્યો. (૭૦). આગળ આગળ મુનિ પગે ચાલીને જતો હતો અને એની પાછળ બ્રાહ્મણોની નિંદા કરનારા એ બે મૂઢ બ્રાહ્મણો પાલખીમાં બેસીને હસતા હસતા જતા હતા. (૭૧). બ્રાહ્મણોનો દ્વેષ કરવાને લીધે એમનું મોત આવીને ઊભું હતું. એ બે પાલખીમાં જતા હતા અને યતિશ્રેષ્ઠ પગે ચાલીને જતો હતો ! (૭૨). ભીમા નદીના કિનારે આવેલું શ્રીગુરુનું પવિત્ર સ્થાન કે જ્યાં શ્રીમન્નૃસિંહસરસ્વતી બિરાજમાન હતા એવું ગાણગાપુર એ સુંદર ગામ છે. (૭૩).

ત્યાં આવીને ત્રિવિક્રમ ભારતીએ ભક્તિભાવથી શ્રીગુરુનાં ચરણકમળમાં પ્રણામ કર્યા. એ ત્રિવિક્રમ ભારતીને ધન્ય છે. (૭૪). શ્રીગુરુની સ્તુતિ કરતાં ત્રિવિક્રમે કહ્યું કે : "હે કૃપાળુ ! હે આદિ પુરુષ ! આપનો જય હો ! હે ગુરુજી ! આપનો જય હો ! હે તાત ! આપ વરદાન આપનાર છો. (૭૫). આ સંસારના સાગરમાંથી તારનાર ઇશ્વર તું જ છે. તું મૃત્યુંજય છે અને તું જ વિશ્વેશ છે. તારા આ બ્રહ્મસ્વરૂપને જે નથી જાણતો તેનું નીચે ને નીચે પતન થયા જ કરે છે." (૭૬).

આવું સ્તવન કરીને એ સદ્‌બુદ્ધિ ધરાવનારે તરત જ શ્રીગુરુના ચરણકમળમાં માથું મૂકી દીધું અને એની આંખમાંથી આંસુડાંની ધાર વહેવા લાગી. (૭૭). શરીરનાં રોમ રોમ ઊભાં થઇ ગયાં હોવાથી શરીર ધ્રૂજતું હતું અને કંઠ રૂંધાયો હોવાથી બોલી શકતો ન હતો. શ્રીગુરુએ એને ઉઠાડ્યો અને પછી એને ભેટ્યા. (૭૮). એના પર કૃપાદૃષ્ટિ ફેંકીને શ્રીગુરુએ બધી વાત અથથી ઇતિ સુધી પૂછી લીધી અને પછી કહ્યું કે હે યતિ ! કેમ એકાએક આવવાનું થયું? (૭૯). મારું એવું તે શું કામ પડ્યું? તું મને બધું સવિસ્તર કહે એટલે મુનિશ્રેષ્ઠ બોલ્યો કે હે ગુરુદેવ ! જુઓ. પેલા બે બ્રાહ્મણો અભિમાનથી ઉન્મત્ત બનીને, અમે બધાં વેદ શાસ્ત્રો જાણીએ છીએ એવું કહીને વાદ વિવાદ કરવા આવ્યા છે. (૮૦-૮૧). એ લોકો એવું બબડે છે કે અમે તો ચારે વેદોના જાણકાર છીએ. જો એની સાથે કોઇ વાદ ના કરે તો એની પાસેથી બળજબરીથી વિજયપત્ર લખાવી લે છે. (૮૨). મેં એમને બહુ સમજાવ્યા, તો પણ એ દુષ્ટો સમજતા જ નથી. એટલે હું એમને અહીં લઇ આવ્યો છું. હવે તમને જે યોગ્ય જણાય તે હે ગુરુવર ! તમે કરો. (૮૩). બધા ગુરુનો તું ગુરુ છે. તું કહે તો પાંગળો પણ પર્વત ચઢી જાય છે અને મૂગો હોય તે પણ ન કળી શકાય એવા વેદો બોલવા માંડે છે. (૮૪). તારી આજ્ઞા મારે મન આખરી છે. આવાં નમ્ર વચન સાંભળીને શ્રીગુરુએ હસતાં હસતાં અત્યંત મોહક એવાં રત્નો સમાન મોંઘાં વચનો કહ્યાં. (૮૫).

પોતે બધું જાણતા હોવા છતાં, બન્ને બ્રાહ્મણો તરફ જોઇને શ્રીગુરુએ પૂછ્યું કે હે બ્રાહ્મણ ! તમે કેમ આવ્યા છો? શું કામ આ મોકાણ માંડી છે? (૮૬). આ વાદ વિવાદ કરવાથી તમને શો લાભ થવાનો છે? તમે દુરાગ્રહ કેમ કરો છો? વળી બ્રાહ્મણને હરાવીને તમને શો લાભ મળવાનો છે? (૮૭). અમારે મન તો જય અને પરાજય બંને સરખાં જ છે. યતિ અને તપસ્વી થઇને અમે જંગલમાં નિરભિમાની થઇને જીવીએ છીએ. (૮૮). સંન્યાસી ઉપર જીત મેળવીને તમને શો ફાયદો થવાનો છે? હે બ્રાહ્મણો ! આ રીતે તમે તમારા હાથે તમારું અહિત શા માટે કરો છો? (૮૯).

શ્રીગુરુનાં એ વચનો સાંભળીને એ ઉન્મત્ત થયેલા બ્રાહ્મણો બોલ્યા કે અમે આ પૃથ્વી પર ઘણે બધે ઠેકાણે ઘણું બધું ફર્યા પણ વાદ કરી શકે એવો કોઇ સમર્થ મળ્યો જ નહિ. (૯૦). હે યતિ ! અમને કંઇ કેટલાયે મળ્યા પણ કોઈ બાથ ભીડવા તૈયાર ન હતું. અમે બધા પંડિતોને જીતી લીધા. કોઈ પણ પંડિતે વાદ કર્યો નથી. (૯૧). વાદ કરવાની તૈયારી ન હોવાથી એમણે આ બધાં જયપત્રો લખી આપ્યાં છે. તે તમે જુઓ. આવું જયપત્ર લખી આપતાં તમને શું વાંધો નડે છે? (૯૨). મનમાં ગુસ્સો કરીને ત્રિવિક્રમ અમને તારી પાસે લાવ્યો છે. જો તમારા બંનેયમાં કાંઇ રામ હોય અને પંડિતાઇનું અભિમાન હોય તો તમે બંને વેદ શાસ્ત્ર વગેરેમાં વાદ-વિવાદ શરૂ કરો અને બીજી આડી અવળી વાતો કરવાનું માંડી વાળો. (૯૩-૯૪).

અમે ચારે વેદના જાણકાર છીએ. અમારા જેવા બીજે ક્યાંય નથી. હે બન્ને સંન્યાસીઓ ! શું તમે વેદમાં પારંગત છો? એ કહો. (૯૫). શ્રીગુરુ વિપ્રને કહેવા લાગ્યા કે તમે નકામો ગર્વ ના કરો. દૈત્યો અને રાક્ષસો અભિમાનને કારણે જ મોતને ભેટ્યા. (૯૬). અભિમાનને લીધે બલિનું શું થયું? વળી બાણાસુરનું પણ અભિમાનને કારણે શું થયું? રાવણ જેવો રાવણ પણ અભિમાનથી મરાયો એ વાત શું તમે નથી જાણતા? (૯૭). જેનાથી બ્રહ્માજી પણ હજી અજાણ છે એ સમસ્ત વેદને કોણ જાણી શકે એમ છે? વેદો તો અસંખ્ય છે. તમે નાહકનું અભિમાન કરો છો. (૯૮). જો તમે તમારું ભલું ઇચ્છતા હો તો તમે આ અભિમાન છોડી દો. જો વેદો અસંખ્ય હોય તો તમે ચાર વેદના જ જાણકાર કેવી રીતે? (૯૯).

શ્રીગુરુએ એમને અનેક રીતે સમજાવ્યા તો પણ એ દુર્બુદ્ધિવાળા સમજ્યા નહિ અને અભિમાનમાં ઉન્મત્ત બનીને બોલ્યા કે બધા લોકો જાણે છે કે અમે ચાર વેદોના જાણકાર છીએ. અમે વેદોને અંગો સહિત અને અર્થ સહિત જાણીએ છીએ. તમારું કહેલું બધું નકામું છે, વ્યર્થ છે.㉗ (૧૦૦-૧૦૧). કાં તો અમારી સાથે વાદ કરો અથવા તરત ને તરત જયપત્ર લખી આપો. આ અભિમાનથી ભરેલાં વચનો સાંભળીને શ્રીગુરુએ શું કર્યું તે હવે પછી કહેવાશે. (૧૦૨). ચારે વેદોની બધી શાખાને જુદી જુદી રીતે વર્ણવતી રસમય કથા આગળ ઉપર શ્રી **રંગ** પ્રેમપૂર્વક કહેશે. (૧૦૩).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વાદાર્થે મદોન્મત્ત વિપ્રદ્વયાગમન'** નામનો **ઓગણ્યોસિત્તેરમો** અધ્યાય સમાપ્ત થયો.

•

# પાદટીપ :

## અધ્યાય : ૭૯

(૧) દોહરા ૧૪ અને ૧૫ એ સમાજની પરિસ્થિતિના ધોતક છે. જે લોકો ખરેખર વિદ્વાન છે, સજ્જન છે અને સદ્‌ગુણી છે તે પરિસ્થિતિ વિપરીત જણાતાં તેવી પરિસ્થિતિમાંથી ખસી જાય છે. પણ જે દ્રવ્યલોભી અને ઓછું જાણનારા છે એ પોતે પરાક્રમ કરતા હોય એ રીતે વર્તે છે. કાગડાની સામે કોયલની હાર જ હોય છે. દોહરા ૧૪માં જે ખરેખર જ્ઞાની હતા તે બ્રાહ્મણોએ એમ કહ્યું કે અમને તો વેદનો એક અક્ષર પણ આવડતો નથી જ્યારે ઓછું જાણનારા બ્રાહ્મણોએ દ્રવ્યના લોભે વેદો વાંચવા માંડ્યા. જ્યાં દેવદૂતો પ્રવેશતાં પહેલાં વિચાર કરતા હોય છે ત્યાં મૂર્ખાઓ કૂદી પડતા હોય છે. એક કહેવત છે કે **Fools rush-in where angles fear to tread.** અર્થશાસ્ત્રમાં એક સિદ્ધાંત સૂચક વાક્ય છે કે **Bad money will drive out good money.** ખરાબ નાણું સારાં નાણાંને ચલણમાંથી બહાર ફેંકી દે છે. નવી અને કડકડતી ચલણી નોટો ખિસ્સામાં અને કબાટમાં રહે છે અને ફાટેલી તથા જર્જરિત નોટો ચલણમાં ફરતી જોવા મળે છે.

(૨) હિન્દુઓ અને તેમાંય બ્રાહ્મણ જેવી ઉચ્ચ જ્ઞાતિની વ્યક્તિઓ પોતાના સ્વાર્થ માટે, મહત્ત્વાકાંક્ષા માટે કેવી હીન રીતે વર્તી શકે અને કેટલી હદે છેલ્લી પાટલીએ જઇને બેસી શકે તેનું દર્શન દોહરા ૩૭ થી ૪૧માં છે. પોતે બધાથી મહાન છે એવું સાબિત કરવા મુસલમાન આગળ વેદોચ્ચાર ન થાય તો પણ આ કહેવાતા વિદ્વાનોએ વેદોચ્ચાર કર્યો એ પહેલો દોષ. બીજું પોતે મહાન છે એટલું જ નહિ પણ બીજા બધા નકામા છે અને કશું જાણતા નથી એવી નિંદા કરતા હતા એ બીજો દોષ અને ત્રીજું વિદ્યાથી વિનય આવવો જોઇએ એને બદલે ગામે ગામ ફરીને વાદ-વિવાદ કરનાર શોધવો અને ન મળે તો આ વિદ્યા મેળવ્યાનો અર્થ શો એવી વાતો કરવી એ ત્રીજો દોષ.

'વિદ્યા વિવાદાય, ધનં મદાય, શક્તિ:પરેષાં પરિપીડનાય' દુર્જનોનો આ સ્વભાવ છે કે વિદ્યા આવે એટલે વાદ-વિવાદ કરે, પૈસો આવે એટલે મદાંધ બને અને શારીરિક શક્તિ મળે એટલે બીજાને હેરાન-પરેશાન કરે. વિદ્યા, ધન અને શક્તિ એ તો સાધન છે. એનો ઉપયોગ સજ્જન બનીને 'જ્ઞાનાય, દાનાય ચ રક્ષણાય' કરવો જોઇએ. ભારત દેશે ગુલામી ભોગવવી પડી તેનાં કારણો આવી વૃત્તિમાં રહેલાં છે. પૂ. મણિશંકર શાસ્ત્રીજીએ પાદુકા પૂજનના શ્લોકોમાં પરિમલ દ્રવ્યાણિ માટે લખેલો શોક આપણી આંખ ખોલી નાંખે એવો છે. આપણને આપણા ગુરુ માટે, ગુરુના સ્થાન માટે અને ગુરુના સ્થાનની પરંપરા માટે માન હોવું જોઇએ. કાંઇ અયોગ્ય થતું જણાય તો એને ઠીક ઠાક કરતી વખતે લોકોમાં ગુરુનું કે ગુરુનાં સ્થાનનું ખરાબ ન દેખાય તેની ખાસ કાળજી રાખવી જોઇએ. નહિતર પોતાનો અહં સંતોષવા માટે ગુરુની ગરિમાના નામે આપણે શ્રીગુરુનો અપરાધ થઇ જાય એવું કાર્ય પણ કરી બેસીએ. આવું ન બને એવી શિખામણ આ દોહરા આપે છે.

(૩) દોહરા ૫૩ થી ૬૬ સુધી વાંચતાં ત્રિવિક્રમ ભારતીની નમ્રતા અને વિનય વિવેકનાં દર્શન થાય છે. એ બ્રાહ્મણોને જે કહેવાનું છે તે તો કહે છે જ પણ એવી સરસ રીતે કહે છે કે એ મૂરખ વિદ્વાનો સમજી શક્યા નહિ. જો હું વેદનો જાણકાર હોત તો જંગલ શું કામ સેવું? ખરેખર જંગલમાં જઇને જીવનાર જ સાચો જાણકાર છે. પરંતુ ત્રિવિક્રમની કુશળતા એમાં જોવા મળે છે કે એ શ્રીગુરુને વચ્ચે રાખીને કાર્ય સાધવાનો પ્રયત્ન કરે છે. શ્રીગુરુ પાસે લઇ જઇને એને સીધા દોર કરું એવી વૃત્તિમાં શ્રીગુરુની શરણાગતિ છે. એમને શિક્ષા કરવાનું પોતે હાથમાં લેતો નથી. જેમ ભગવાન શ્રીકૃષ્ણને સારથિ બનાવીને અર્જુને પોતાનો હેતુ સિદ્ધ કરી લીધો, તેવું જ ત્રિવિક્રમે પણ કર્યું. ભગવાન સારથિ બન્યા તેથી દુશ્મનનાં બધાં તીરો ભગવાનનાં મસ્તક ઉપરથી પસાર થઇને પછી અર્જુન પર ગયાં. તીરોનાં આક્રમણ સામે ભગવાનનું રક્ષણકવચ હતું તેથી અર્જુનને વાંધો આવ્યો નહિ. આપણને પણ ભગવાન આવી નમ્રતા, આવો વિવેક અને વિનય આપે.

(૪) શ્રીગુરુલીલામૃતના પ્રથમ દોહરામાં જ પૂ.શ્રીએ 'આપો સન્મતિ મોરયા' એવું પ્રાર્થીને સન્મતિ કેમ માગી તેનો ખ્યાલ અહીં આવે છે. આ દુર્બુદ્ધિવાળા બ્રાહ્મણ-વિદ્વાનોને શ્રીગુરુએ અનેક રીતે સમજાવ્યા તો પણ સમજ્યા નહિ. વિનાશકાળે વિપરીત બુદ્ધિ એ કહેવત ખોટી તો નથી જ ને !

શ્રીગુરુએ એમને તો પહેલાં આનાં ખરાબ પરિણામનો સંકેત આપતાં કહ્યું કે તમે નકામી મોકાણ શું કામ માંડો છો? આમ છતાં એ ન સમજ્યા. વાદ વિવાદથી અને બ્રાહ્મણોને હરાવવાથી તમને શું લાભ? વળી આ ત્રિવિક્રમ તો સંન્યાસી છે તો એની મર્યાદા તો રાખો અને છેલ્લે ધ્યાન દોર્યું કે અભિમાનથી બલિરાજા, બાણાસુર અને રાવણ મુશ્કેલીમાં મુકાયા હતા તો તમે અભિમાન છોડો. છેલ્લે કહ્યું કે જો તમને તમારું હિત વહાલું હોય તો આ અભિમાન છોડીને વાદની વાત પડતી મૂકો. પરંતુ પૂ.શ્રીએ જ્ઞાનકાંડમાં લખ્યું છે તેમ "મુમુર્ષુને ના રુચે ઔષધ જેમ લગાર" તેવું થયું. જે મરણ પથારીમાં હોય છે તેને દવા લેવાનું ગમતું નથી તેમ જેનું ખરાબ થવાનું હોય તેને સંતોની શિખામણ ગમતી નથી. દુર્યોધનને ભગવાન કૃષ્ણની ન્યાયી સમાધાનની વાતો પણ ક્યાં ગમી હતી?

અભિમાનં સુરાપાનં-અમસ્તું તો નહિ કહેવાયું હોય ને !

●

# અધ્યાય : ૮૦

આ અધ્યાયનું નામ **'વેદશાખાદિ વિવરણ'** છે. આ અધ્યાયમાં **૧૩૨** દોહરા છે.

આ અધ્યાયમાં શ્રીગુરુ અનંત વેદોને બ્રહ્મા પણ જાણી શકયા નથી તો તમે કયાંથી જાણી શકયા એમ કહી વેદવ્યાસના રૂપે ભગવાન નારાયણે વેદનો જે વિસ્તાર કર્યો તેની વાત કરી છે. (૧-૪).

વેદવ્યાસના ચાર પ્રસિદ્ધ શિષ્યો પૈકી પૈલને ઋગ્વેદનો ઉપદેશ કર્યો. વૈશંપાયનને યજુર્વેદનો ઉપદેશ કર્યો, જૈમિનીને બોલાવીને સામવેદનો ઉપદેશ કર્યો અને સુમંતુને અથર્વવેદનો ઉપદેશ કર્યો. (૫-૮).

એકવાર ભરદ્વાજ ઋષિ બ્રહ્માજી પાસે વેદાભ્યાસ માટે ગયા. એમનું આયુષ્ય ત્રણ બ્રહ્મકલ્પનું હતું. તો પણ બ્રહ્માજીએ કહ્યું કે અનંત વેદોનો અભ્યાસ શકય નથી એટલે હું તને ત્રણ મૂઠી ભરીને જે વેદો આપું છું તેનો યથાશક્તિ અભ્યાસ કર. ભરદ્વાજ મુનિનું આયુષ્ય પૂરું થયું તો પણ એનો પાર પામી શકયા નહિ. (૯-૩૦).

વેદવ્યાસે ચારે શિષ્યોને જે તે વેદનાં લક્ષણ, ધ્યાન ધરવાની રીત, એની વિવિધ શાખા વગેરેનું જ્ઞાન આપ્યું. (૩૧-૧૦૫).

પહેલાંના સમયમાં લોકો પુણ્યશાળી હતા અને પોતાના વર્ણાશ્રમ ધર્મનું પાલન કરતા હતા. પરંતુ હવે તો કળિયુગમાં બ્રાહ્મણો પણ ફાવે તેમ વર્તવા લાગ્યા છે. પહેલાં તો બ્રાહ્મણોને પૃથ્વી ઉપરના દેવો- ભૂસુર ગણીને- માનપાન આપવામાં આવતાં હતાં. આ બ્રાહ્મણો પણ નિઃસ્પૃહી, સંયમી અને અકિંચનવૃત્તિવાળા હતા. પોતાના ધર્મનું ચુસ્ત પાલન કરનાર વિદ્વાન અને વેદજ્ઞાતા બ્રાહ્મણને તો ભગવાન વિષ્ણુ પણ પોતાનું દૈવત ગણે છે. પરંતુ હવે તો તેઓ પેટ ભરવા માટે અને દ્રવ્યના લોભથી ખોટે પંથે ચઢી ગયા છે. (૧૦૬-૧૨૧).

શ્રીગુરુએ કહ્યું કે મેં તમને ચાર વેદોનો જે વિસ્તાર કહ્યો તે બધો કોણ જાણી શકે? તો પછી તમે કયાંથી ચતુર્વેદી થયા? શ્રીગુરુએ કહ્યું કે મારું માનીને વાદ-વિવાદનો દુરાગ્રહ છોડી દો. આમ છતાં એ મદોન્મત્ત બ્રાહ્મણોએ તો જયપત્રની વાત ચાલુ જ રાખી અને પોતાના મોતની તૈયારીઓ કરી દીધી. (૧૨૨-૧૩૨).

શ્રીગુરુએ પેલા બ્રાહ્મણોને આમ તર્કયુક્તિથી સમજાવતાં કહ્યું કે તમે કોઇ ભ્રમમાં પડશો નહિ. આ અનંત વેદોને કોણ જાણી શકે એમ છે? (૧). જો ખુદ બ્રહ્માજી જેવા એનો પાર ન પામી શકયા તો પછી પામર માનવીનું તો શું ગજું? ખોટું અભિમાન ત્યજી દો અને મરવાનો રસ્તો ના શોધો. (૨). ભગવાન નારાયણ સ્વયં પૃથ્વી ઉપર વેદવ્યાસ તરીકે અવતર્યા અને એ વેદને વ્યાસજીએ છૂટા છૂટા અને વિસ્તારપૂર્વક વ્યકત કર્યા. (૩). એને કારણે તે વેદવ્યાસ નામે પ્રસિદ્ધ થયા. આમ છતાં એ વેદવ્યાસ પણ બધા વેદ તો પ્રગટ કરી શકયા નહિ. એ ફકત ઉપર ઉપરથી જ પ્રગટ કરી શકયા. (૪).

અધ્યાય : ૮૦

વેદવ્યાસના ચાર શિષ્યો આખા વિશ્વમાં વિખ્યાત હતા. પહેલો શિષ્ય પૈલ, બીજો વૈશંપાયન, ત્રીજો જૈમિની અને ચોથો સુમંતુ હતો. આ ચારેય વેદવ્યાસ પાસે વેદનો અભ્યાસ કરવા માટે રહ્યા. (૫-૬). કલ્પના અંતે પણ એક એક વેદનો પાર પામી શકાય નહિ તો પછી અનંત અને અપાર વેદનો કોણ પાર પામી શકે? (૭). આદિ પુરુષો પણ અરે ! એનો પાર નથી પામી શકયા તો તમે ચારે વેદ કયાંથી ભણ્યા? અને શા માટે ભણ્યા? (૮).

સૌ પ્રથમ બ્રહ્મચર્યનું પાલન કરીને, વેદનો અભ્યાસ કરવા માટે ભરદ્વાજ જેવા મહાન ઋષિ તૈયાર થયા. (૯). જેનું આયુષ્ય ત્રણ બ્રહ્મકલ્પનું હતું તે ભરદ્વાજ ઋષિ વેદનો પાર પામવા પ્રયત્ન કરવા લાગ્યા. (૧૦). એમણે અસંખ્ય વર્ષો સુધી વેદ જાણવા માટે મહા મહેનત કરી ત્યારે વેદ વિશે થોડુંક જાણી શકયા. તો પછી તમે કેમ અભિમાન કરો છો? (૧૧). પછી ભરદ્વાજ મુનિએ ફરીથી તપશ્ચર્યા કરી ત્યારે પ્રસન્ન થઇને બ્રહ્માજીએ પૂછ્યું કે હે બેટા ! તને શાની ઇચ્છા છે? (૧૨). ભરદ્વાજ મુનિ બોલ્યા કે હે પ્રભુ ! આપ જો પ્રસન્ન થયા હો તો આ દાસને આપ પોતે અથ થી ઇતિ સુધી વેદનો અભ્યાસ કરાવો. (૧૩). મને સૌ પ્રથમ તો એ બધા વેદો બતાવો અને પછી એ ભણાવો. આટલું જ વરદાન હું માગું છું. આવું કહીને તેમણે બ્રહ્માજીના પગ પકડ્યા. (૧૪).

બ્રહ્માજીએ વળતા જવાબમાં કહ્યું કે હે ભરદ્વાજ ! આવું ન બોલ. અનંત વેદો તું કેવી રીતે ભણી શકીશ? તારી ઇચ્છા નકામી છે. (૧૫). જો બધા વેદો હું જ નથી જાણતો તો પછી તું કયાંથી જાણી શકીશ? તું સાવધાન થઇને આ વેદોનો ડુંગર જો. (૧૬). જો તારામાં શકિત હોય તો હે ભરદ્વાજ ! એ બધાનો તું અભ્યાસ કર. આવું કહીને પછી બ્રહ્માએ ઋષિને વેદના ઢગલા બતાવ્યા. (૧૭). ઊંચા પર્વત સમાન વેદના ત્રણ ઢગલાઓ બતાવ્યા જે કરોડો સૂર્યની જેમ અનંત અને જ્યોતિર્મય હતા. (૧૮). એ વેદોના ઢગલા જોતા આંખ ઠરતી ન હતી અને ધીરજ પણ ખૂટી જાય એમ હતું. ભરદ્વાજ ઋષિએ પૂછ્યું કે હે બ્રહ્માજી ! વેદોના આ ત્રણ ડુંગરો કેવી રીતે ચઢી શકું? (૧૯). બ્રહ્મચર્યાશ્રમમાં જ મારા ત્રણ કલ્પનું આયુષ્ય પૂરું થયું તો પણ વેદનો થોડો અભ્યાસ થઇ શક્યો નથી. તો પછી આ બધા વેદોનો અભ્યાસ તો હું કયારે કરી શકું? એ જોઇને ડરી ગયા અને બ્રહ્માજીના પગમાં પડીને રોમાંચિત થઇને બોલ્યા કે હે પ્રભુ ! હું આપની માફી માગું છું. હું આ વેદોનો અંત જોઇ શકતો નથી. તદુપરાંત એ વેદોની શરૂઆત પણ હું જોઇ શકતો નથી. તો પછી એ બધા હું કયારે ભણી શકું? (૨૦-૨૨). હે જગન્નાથ ! તું જાતે (સાક્ષાત્) મને પ્રેમથી જેટલા વેદ આપીશ તેટલા વેદોનો હે બ્રહ્મા ! હું યથાશકિત અભ્યાસ કરીશ. હે તાત ! મારી તો બુદ્ધિ જ ચાલતી નથી. (૨૩). હું આ અપાર વેદો ભણવા માટે આવ્યો તો હતો પરંતુ એના ત્રણ મોટા ડુંગર જોઇને હું તો દિઙ્મૂઢ જ થઇ ગયો. (૨૪). હે જગદીશ ! હું તારા શરણે આવ્યો છું અને તું જ મને તારનાર છે. હે નાથ ! તને જેમ યોગ્ય લાગે તેમ કર. તું જે આપશે તે હું લઇ લઇશ. (૨૫).

ભરદ્વાજ મુનિનાં એવાં વચન સાંભળીને બ્રહ્માજી રાજી થયા અને અભ્યાસ માટે ત્રણ મૂઠી ભરીને વેદો આપ્યા. (૨૬). ત્રણે વેદની જુદી જુદી મંત્રજાળ કરીને, દીર્ઘ આયુવાળા જીવન જીવ્યા ત્યાં સુધી મુનિએ પોતાની બુદ્ધિ અનુસાર વેદોનો અભ્યાસ કર્યો. છતાં આજ સુધી ભરદ્વાજ મુનિ એનો પાર પામી શકયા નથી. અમે પણ થાકી ગયા છીએ. એમાં કોણ સંદેહ કરશે? (૨૭-૨૮). ચાર પ્રકારની વાણીરૂપ આ વેદો અનંત છે એમાં શંકાને કોઇ સ્થાન જ નથી. પૂરો એક વેદ શીખતાં પણ અતિશય કષ્ટ પડે છે. (૨૯). માટે હું તમને એ અલગ અલગ કરીને

એની શાખા વિશે ટૂંકમાં કહું છું. હે સદ્‌બુદ્ધિવાળા શિષ્યો ! એનો વારાફરતી અભ્યાસ કરો. એ સિવાય બીજો પ્રયત્ન નહિ ચાલે. (૩૦).

વ્યાસજીનાં આવાં વચનો સાંભળીને શિષ્યો બોલ્યા કે હે ગુરુજી ! તમે એક એક વેદ અમને કહો. એટલે અમે અમારી બુદ્ધિ અનુસાર એનું ગ્રહણ કરીએ. (૩૧). શ્રીગુરુનું પ્રેમથી અભિવાદન કરીને બધા શિષ્યો બોલ્યા કે હે ગુરુજી ! અમને આ વેદ વિષે શરૂઆતથી જ ઉપદેશ કરો. જેથી અમારામાં કોઈ સંશય ના રહે. (૩૨). અમારા-શિષ્યો પર કૃપા કરીને અમને એ સવિસ્તર કહો. શિષ્યોનાં એ પ્રેમાળ વચનો સાંભળીને શિષ્યોના તારક એવા મુનિવર પ્રસન્ન થયા. (૩૩). ભાગ્યશાળી એવા પ્રથમ શિષ્ય પૈલને સૌ પ્રથમ બોલાવીને એને અનન્ય એવા ઋગ્વેદનો ઉપદેશ કર્યો. (૩૪). હે શિષ્ય શ્રેષ્ઠ પૈલ ! તું ઋગ્વેદનો એકદમ પવિત્ર એવો મહિમા સાંભળ. તું એનો ધ્યાનપૂર્વક તરત જ નિયમપૂર્વક નિત્ય પાઠ કર. (૩૫). પૈલે કહ્યું કે હે વ્યાસગુરુ ! મને એ ઋગ્વેદનું લક્ષણ, ધ્યાન ભેદ વગેરે વિસ્તારથી કહો. (૩૬). પછીથી હું એનો શ્રદ્ધાભક્તિપૂર્વક રોજ જ પાઠ કરીશ. હે ગુરુજી ! આપ તો કામધેનુ છો અને સાક્ષાત્ કૃપાના સાગર છો. (૩૭).

વ્યાસ બોલ્યા કે હે શિષ્ય ! હું તને ઋગ્વેદનું ધ્યાન, વર્ણ, આકૃતિ, રૂપ, શાખા, ભેદ વગેરે કહું છું તે તું સાંભળ. (૩૮). આયુર્વેદ એ ઋગ્વેદનો સુંદર ઉપવેદ છે. હે પૈલ ! એનું દૈવત બ્રહ્મા છે અને સુધન્ય એવું અત્રિ ગોત્ર છે. (૩૯). એનો છંદ ગાયત્રી છે. એનો વર્ણ લાલ શોભે છે. એની આંખ કમળના પાન જેવી છે અને કંઠ જુદો અને દેહ સુંદર છે. (૪૦). એનું શરીર બે અરત્નિમિત ① લાંબું છે. એની દાઢી-મૂછના વાળ વાંકડિયા છે. ઋગ્વેદનું આવું રૂપ છે. એનું તું શાંતિ ચિત્તે ધ્યાન કર. (૪૧). ચર્ચા, શ્રાવક, ચર્ચક, શ્રવણીય પાર, ક્રમ પાર, જટા, રથક્રમ અને દંડક્રમ એ આઠ ભેદો છે. એનું પારાયણ પુણ્ય આપનારું છે. હે ભાગ્યશાળી શિષ્ય ! હું તને એની પાંચ શાખા કહું છું તે તું સાંભળ. (૪૨-૪૩). પહેલી શાખા આશ્વાલાયની, બીજી સાંખ્યાયની, ત્રીજી શાકલા, ચોથી બાષ્કલા અને પાંચમી શાખા માંડૂકેયી છે. (૪૪). આમ વ્યાસ ભગવાને પૈલ શિષ્યને ઋગ્વેદનું જે વિધાન કહ્યું હતું તે શ્રીગુરુએ બ્રાહ્મણોને કહ્યું. આ વિધાનને નહિતર કોણ સમજી શકે એમ છે? (૪૫). આ કળિયુગમાં તમે ચારે વેદો કેવી રીતે ભણ્યા તે કહો અને એ બધાના અભ્યાસથી તમારામાં શું યોગ્યતા આવી તે કહો. (૪૬). આઠ વિકૃતિ સાથેની માત્ર એક શાખાને પણ આ પૃથ્વી પર અંગો સહિત કોણ જાણે છે તે હે બ્રાહ્મણો મને કહો. (૪૭). એક નારાયણ સ્વરૂપ શ્રીવેદવ્યાસ સિવાય આ પૃથ્વી પર એને કોણ વિસ્તારપૂર્વક જાણે છે? અને જો જાણનાર ન હોય તો તમને કોણે ભણાવ્યા તે કહો. (૪૮). આ રીતે પૈલને વ્યાસદેવે ઋગ્વેદનો જે સવિસ્તર વિચાર કહ્યો તેનો અલ્પ સાર મેં તમને કહી સંભળાવ્યો. (૪૯).

વ્યાસના મુખેથી યજુર્વેદનો વિસ્તાર સાંભળીને પછી વૈશંપાયને એનો અભ્યાસ કર્યો. (૫૦). વ્યાસ ભગવાને કહ્યું કે હે વૈશંપાયન ! તું સ્વસ્થતાપૂર્વક સાંભળ. યજુર્વેદનો ઉપવેદ ધનુર્વેદ છે. (૫૧). ભારદ્વાજ એનું ગોત્ર છે અને રુદ્ર એ એનું દૈવત છે. એનો છંદ ત્રિષ્ટુપ છે, જે અતિશય સુંદર છે. (૫૨). એનું શરીર ઊંચું પરંતુ સૂકલકડી છે. હાથમાં ખપ્પર છે. આંખો કમળ જેવી મનોહર છે અને ઇંદ્રિયો સુવર્ણ જેવી છે. (૫૩). એના શરીરનું માપ

પાંચ અરત્નિમિત છે. તાંબાના જેવો વર્ણ શોભે છે. યજુર્વેદનું આ રીતનું ધ્યાન વૈશંપાયન કહે છે. (૫૪). એના છ્યાસી-૮૬ ભેદો છે અને દશ પ્રકારના ચરક છે જે આ પ્રમાણે છે. ૧. ચરક ૨. આહ્વરક ૩. કઠ ૪. પ્રાચ્યકઠ ૫. શારાયણીય ૬. કપિષ્ઠલા ૭. વારાયણીય ૮. વાર્તાન્તવેય ૯. શ્વેતતર ૧૦. મૈત્રાયણીય.

એ મૈત્રાયણીયના પાછા સાત ભેદો છે જે આ પ્રમાણે છે. ૧. માનવ ૨. દુંદુભ ૩. ઐકેય ૪. વારાહ ૫. હારિદ્રવેય ૬. શ્યામ ૭. શ્યામાયણીય.

વળી વાજસનેયોના અઢાર ભેદો છે જે નીચે મુજબ છે જે વ્યાસે પોતાના શિષ્યને અને શ્રીગુરુએ બ્રાહ્મણોને કહી સંભળાવ્યા. ૧. વાજસનેય ૨. જાબાલ ૩. બૌધેય ૪. કાણ્વ ૫. માધ્યંદિન ૬. શાપેય ૭. તાપનીય ૮. કાપાલ ૯. પૌણ્ડ્રવત્સ ૧૦. આવટિક ૧૧. પરમાવટિક ૧૨. પારાશર્ય ૧૩. વૈનેય ૧૪. વૈધેય ૧૫. ઔધેય ૧૬. ગાલવ ૧૭. બૈજેવ ૧૮. કાત્યાયન. (૫૫-૬૩).

જેમ વાજસેયના ભેદો ક્રમાનુસાર કહ્યા તેમ તૈતરીયોના પણ બે ભેદ તું સાંભળ. પહેલો ઔખ્ય અને બીજો કાણ્ડિકેય જાણ. કાણ્ડિકેયના વળી પાંચ ભેદો છે જે આ પ્રમાણે છે. પહેલો આપસ્તંબ જે અતિ મનોહર છે. એમાં યજ્ઞાદિનું વિધિસર વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. આપસ્તંબ પછી બીજો ભેદ છે બૌધાયન. ત્રીજો સત્યાષાઢી, ચોથો હિરણ્યકેશી અને પાંચમો ભેદ ઔખેયા છે. વેદનાં ઉપાંગો પણ હું તને વિસ્તારથી કહીશ. (૬૪-૬૮).

૧. પ્રતિપદ્ ૨. અનુપદ્ ૩. છંદ ૪. ભાષા ૫. ધર્મ ૬. મીમાંસા ૭. ન્યાય અને ૮. તર્ક એ ક્રમાનુસાર મૂળ આઠ ઉપાંગો છે. હવે હું તને વેદનાં છ અંગો છે તે વિસ્તારથી કહું છું તે સાંભળ. ૧. શિક્ષા ૨. કલ્પ ૩. વ્યાકરણ ૪. નિરુકત ૫. છંદ અને ૬. જ્યોતિષ. (૬૯-૭૧). તદ્‌પરાંત વળી બીજાં અઢાર અંગો પણ છે. એ બધાનું વર્ણન કોણ કરી શકે એમ છે? ખરેખર વેદોનો મોટો ઢગલો છે. (૭૨).

આ અનંત વેદોને પહેલાં કોઇ ભણી શકતું ન હતું એટલે મેં અવતાર ધરીને એના વિભાગો કરી આપ્યા. (૭૩). આ વેદના એ રીતે શાખા-ભેદે વિભાગો કર્યા કે જેથી મંદબુદ્ધિનો માણસ પણ શક્તિ અને રુચિ પ્રમાણે એમાંથી ગ્રહણ કરી શકે. (૭૪). વ્યાસનાં એવાં વચન સાંભળીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને શિષ્ય વૈશંપાયને વિનમ્ર બનીને કહ્યું કે હે ગુરુશ્રેષ્ઠ ! આપે કૃપા કરીને યજુર્વેદ વિસ્તારપૂર્વક કહ્યો અને શાખા તથા ભેદના અલગ અલગ ભાગોનો સાર કહ્યો. મારા હૃદયમાં એક શંકા ઊઠી છે તેનું હે સ્વામીજી ! નિવારણ કરો. કઇ શાખા એ મૂળ શાખા છે તે ગુરુજી વિસ્તારથી કહો. (૭૫-૭૭).

વ્યાસજી બોલ્યા કે હે શિષ્ય ! શાબાશ. તારો આ પ્રશ્ન ધન્યવાદને પાત્ર છે. હું તને યજુર્વેદનાં મૂળ વિશે બધું કહું તે તું સાંભળ. (૭૮). યજુર્વેદનું મૂળ મંત્ર, બ્રાહ્મણ અને સંહિતા છે. ઋષિઓને જે માન્ય છે તે જ હું તને કહું છું. તું એમાં શંકા કરીશ નહિ. (૭૯). મંત્ર, બ્રાહ્મણ એ યજુર્વેદનું મૂળ છે. બ્રાહ્મણકાંડની અંતર્ગત આરણ્યક આવેલા છે. (૮૦). યજ્ઞ વગેરે કર્મોમાં મૂળ યજુર્વેદ જ ઉપયોગી છે. એવા યજુર્વેદનો તું પ્રયત્નપૂર્વક અભ્યાસ

કર. (૮૧). વૈશંપાયને કહ્યું કે મૂળ જે ત્રણ ગ્રંથ છે તે વિશે હે વરિષ્ઠ એવા વ્યાસજી ! તમે મને કહો કે જેથી હું નિર્ગ્રંથ થાઉં. (૮૨). શિષ્યનાં એવાં વચન સાંભળીને સર્વજ્ઞ એવા વેદવ્યાસે એ ત્રણ ગ્રંથો વિશે સ્પષ્ટપણે અને જેમ હતું તેમ વિસ્તારપૂર્વક કહ્યું. (૮૩).

પછી શ્રીગુરુએ બ્રાહ્મણોને કહ્યું કે એ જ રીતે વેદવ્યાસે પ્રેમથી જૈમિનીને બોલાવીને સામવેદ વિશે કહ્યું. (૮૪). સામવેદનો ઉપવેદ ગંધર્વ છે. દૈવત વિષ્ણુ છે અને એનો છંદ જગતી છે. (૮૫). એનું ગોત્ર કશ્યપ છે. હંમેશાં પવિત્ર માળા ધારણ કરેલો, શુદ્ધ વસ્ત્રવાળો, પવિત્ર ખેસવાળો, ક્ષમાવાન અને સારી નીતિવાળો છે. (૮૬). એનું મન શાંત છે, ઇંદ્રિયો ઉપર કાબૂ ધરાવનાર છે અને ગળામાં ચર્મવસ્ત્ર ધારણ કર્યું છે અને હાથમાં દંડ છે. સોનેરી આંખ શોભે છે અને એનો સારોયે વર્ણ શ્વેત છે. (૮૭). એનું શરીર છ અરત્નિમિતના માપનું છે. આવા સામવેદનું રૂપ બરોબર જાણી લઇને હે શિષ્યમોત્તમ ! એનું અંતરમાં ધ્યાન ધર. (૮૮). એની એક હજાર શાખા છે. એનો અમાપ વિસ્તાર છે. એ બધા વિચારોને શ્રીહરિ સિવાય બીજું કોણ જાણી શકે એમ છે? (૮૯). વ્યાસજીએ કહ્યું કે હે જૈમિની ! તું ધ્યાન આપીને સાંભળ. આમ છતાં એના સાત મુખ્ય ભેદો હું તને કહું છું. (૯૦). ૧. આસુરાયણીય ૨. વાર્તાન્તવેય ૩. વાસુરાયણીય ૪. પ્રાંજલિ ૫. ઋગ્વિધ ૬. પ્રાચીનયોગ્ય ૭. જ્ઞાનયોગ્ય.

રાણાયનીયની નવ પ્રકારની શાખા જાણી લે. ૧. શાટ્યાયનીય ૨. શાટ્ય ૩. મુદ્ગલ ૪. ખલ્વલ ૫. મહાખલ્વલ ૬. લાંગલ ૭. કૌથમી ૮. ગૌતમી અને ૯. જૈમિનીય. આ પ્રમાણે વ્યાસે વિસ્તારપૂર્વક કહ્યું. શ્રીગુરુએ બ્રાહ્મણોને કહ્યું કે આ બધાનો પાર કોણ પામી શકે? (૯૧-૯૫).

આ સામવેદને આદિથી અંત સુધી આ પૃથ્વી પર કોણ જાણી શક્યું છે? અરે ! તમે તો વેદનો ખૂણો પણ જાણતા નથી. પછી શાને લીધે ઉન્મત્ત થયા છો? (૯૬). ચાલો, હશે ! આમ છતાં તમને હજી આગળ કહું છું. વ્યાસે શિષ્ય સુમંતુને બોલાવીને એને અથર્વવેદ વિશે ખાસ બધું જણાવ્યું. (૯૭). અથર્વવેદનો ઉપવેદ અસ્ત્રવેદ છે. બૈજાન એ એનું ગોત્ર છે અને ઇંદ્ર એનો દેવતા છે. (૯૮). છંદ અનુષ્ટુપ છે. એ ભયંકર ક્રોધી છે. એનો વર્ણ કાળો છે એમ મુનિઓ કહે છે અને એ ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર પણ છે. (૯૯). એ ક્ષુદ્રકર્મ કરનારો છે અને હંમેશાં પોતાની સ્ત્રીમાં સંતોષ રાખનારો છે. સાત અરત્નિમિત માપનું એનું શરીર છે. એવો અથર્વવેદ શોભે છે. (૧૦૦). એના નવ ભેદ છે. ૧. પૈપ્પલ ૨. દાન્ત ૩. પ્રદાન્ત ૪. તૌત ૫. ઔત ૬. બ્રહ્મદાવલ ૭. શૌનકીય ૮. વેદદર્શી અને ૯. ચારણવિદ્યા. એમ તું હે સુમંતુ શિષ્ય જાણી લે. વળી એના પાંચ કલ્પ છે. ૧. વિધાન કલ્પ ૨. નક્ષત્ર કલ્પ ૩. સંહિતા કલ્પ ૪. શાંતિ કલ્પ ૫. વિધિવિધાન કલ્પ. (૧૦૧-૧૦૪).

આ રીતે વેદવ્યાસે પાંચ પ્રકારના કલ્પો વર્ણવ્યા. ભરતખંડમાં વેદોની શાખા છે તે જ પ્રમાણરૂપ છે. (૧૦૫). પહેલાંના જમાનામાં ભારતવર્ષમાં બહુ લોકો પુણ્યશાળી હતા અને વર્ણાશ્રમ ધર્મથી રહેતા હતા તેથી તેઓ પુણ્યશ્લોકી અને વેદપ્રતિષ્ઠિત હતા. અરેરે ! આ કળિયુગમાં તો બ્રાહ્મણો પોતાનું કર્મ ત્યજીને અવળે રસ્તે ચાલનારા થઇ ગયા છે. (૧૦૬-૧૦૭). એને કારણે પૃથ્વી પર વેદો લુપ્ત જેવા થયા. બ્રાહ્મણોની પ્રતિષ્ઠા ગઇ અને તેઓ બધે દુ:ખી થવા લાગ્યા. (૧૦૮). પોતાના કર્મમાં ભ્રષ્ટ થઇને મંદમતિ બ્રાહ્મણો મુસલમાન સમક્ષ વેદોનું

પઠન કરતા થઇ ગયા અને તેથી મંત્રનું સત્ત્વ જતું રહ્યું. (૧૦૯). પહેલાં બધે જ બ્રાહ્મણનાં માન અને મહત્ત્વ હતાં. એ દ્વિજશ્રેષ્ઠોને દેવસમાન પૂજ્ય ગણાતા હતા અને ભૂસુર એવું એમનું નામ હતું. (૧૧૦). પહેલાં તો રાજાઓ પણ બ્રાહ્મણની પૂજા કરતા હતા અને એમનાં ચરણમાં સર્વસ્વ અર્પણ કરતા હતા તો પણ બ્રાહ્મણ કશું લેતા ન હતા. (૧૧૧). બ્રાહ્મણો એવા સંયમી, નિઃસ્પૃહી અને અકિંચનવૃત્તિના હતા. તેઓ એમના સદાચારમાં હંમેશાં રચ્યાપચ્યા રહેતા હતા. તેઓ સ્વાત્મ સંતુષ્ટ હતા. ધન્ય છે એવા બ્રાહ્મણોને. (૧૧૨). તેઓ વેદમંત્રના બળે ત્રિમૂર્તિને પણ પોતાને વશ કરી લેતા હતા. ઇંદ્ર વગેરે દેવો પણ હંમેશાં તેમને નમીને અને દીન બનીને વર્તતા હતા. (૧૧૩). બ્રાહ્મણનું વચન કામધેનુ સમાન અને સાક્ષાત્ કલ્પદ્રુમ સમાન ગણાતું હતું. તેમના તપે પર્વતને તણખલા સમાન અને તણખલાને પર્વત સમાન બનાવ્યો હતો. (૧૧૪). વેદવિભૂષિત બ્રાહ્મણને તો ખુદ ભગવાન વિષ્ણુ પોતાનું દૈવત ગણીને વેદપ્રભાવથી પ્રેમભાવથી પૂજે છે. (૧૧૫).

આ સઘળું જગત દેવને આધીન છે, દેવો મંત્રને આધીન છે. એ મંત્રો બ્રાહ્મણને આધિન છે. એવા દયાર્દ્ર બ્રાહ્મણો મારા દેવ છે. (૧૧૬). આવું ખુદ ભગવાન વિષ્ણુએ કહ્યું છે. તેથી પહેલાં તો બ્રાહ્મણો ખરેખર મહાન હતા. પરંતુ હવે વેદોક્ત માર્ગ ત્યજીને રાક્ષસો થઇ ગયા છે.② (૧૧૭). એ બધા હવે ખરાબ રસ્તે જનારા થયા અને સત્ત્વ વગરના પણ થઇ ગયા. હલકી જાતિના સેવક થઇને વિદ્યા વેચતા થઇ ગયા છે. (૧૧૮). દ્રવ્યના લોભથી વેદો વેચીને પેટ ભરતા થઇ ગયા છે. આ સંસારના કીડાઓ પૈસા માટે વિશ્વંભરને વેચી દેનારા થયા છે. (૧૧૯). જે બ્રાહ્મણ નીચમાં નીચ હોય તે હલકી જાતિની સામે વેદનું પઠન કરે છે, એવા અત્યંત નીચ બ્રાહ્મણનું કોઇ દિવસ મોઢું પણ જોવું નહિ. (૧૨૦). આવા બ્રાહ્મણો ચોક્કસ બ્રહ્મરાક્ષસ બને છે એમાં શંકા કરશો નહિ. હું તમને કેટલું કહું? આ નાશવંત દેહને ખોટી રીતે ધન કમાઇને શું કામ પોષો છો? (૧૨૧). આ ચારે વેદોનો જે વિસ્તાર કર્યો તે બધો આ પૃથ્વી પર કોણ જાણે છે? સૌને તારનાર એવા વેદો લગભગ લુપ્ત થઇ ગયા છે. (૧૨૨). તમે બધા લોકોમાં કહેતા ફરો છો કે અમે તો ચારે વેદો જાણનાર છીએ તો આ વેદોના ઘણા ભેદો છે તે બધા તમે જાણો છો કે? (૧૨૩). બ્રાહ્મણોને દુર્બુદ્ધિથી આમ છોભીલા કરીને તમને શું લાભ થવાનો છે? તમે આ બધું અભિમાન છોડી દો. (૧૨૪). તમને આ અવળે રસ્તે કોણે ચઢાવ્યા? હવે અહીંથી જલદીથી ચાલવા માંડો નહિ તો રડવાનો વારો આવશે. (૧૨૫). આત્મશ્લાઘા કરીને અને જયપત્રો દેખાડીને તમે આ યતિશ્રેષ્ઠ પાસે કુપત્ર એવો જયપત્ર શું કામ માગો છો? (૧૨૬). મારું કહ્યું માનીને તમે આ દુરાગ્રહ છોડી દો. નકામી ભ્રાંતિમાં જીવીને તમે તમારા હાથે તમારો જીવ ગુમાવશો નહિ.③ (૧૨૭).

દયાળુ એવા શ્રીગુરુનાં હિતકર અને રસભર્યાં વચનો ના માનીને એ ઉન્મત્ત ગમાર બ્રાહ્મણો વિજયપત્ર માગતા રહ્યા. (૧૨૮). બ્રાહ્મણોએ કહ્યું કે જો અહીંયાં વાદવિવાદ ન થાય અને તમે જયપત્ર પણ નહિ લખી આપો તો તમે હારી ગયા છો એવી વાત બધે કરીશું. (૧૨૯). પછી એ લોકો એ વાત રાજાને કરશે અને રાજા પાસે તમારું કોઇ માન નહિ રહે. તેથી કાં તો વાદ કરો અથવા જયપત્ર લખી આપો. (૧૩૦).

અલખજી બોલ્યા કે આમ એ બે મદોન્મત્ત બ્રાહ્મણો પોતાનું હિત શામાં છે તે જાણતા ન હતા. એટલે સાચે જ મોત એમની પાસે જ ઊભું હતું. (૧૩૧). **રંગ** એ અપૂર્વ કથા આગળ ભાવપૂર્વક ગાશે. હે સંતો ! તમે મનના

તરંગો છોડીને બાળકના વાક્યની જેમ સાંભળો. (૧૩૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વેદશાખાદિ વિવરણ'** નામનો **એંસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૮૦

(૧) અરત્નિ = કોણીથી ટચલી આંગળીના છેડા સુધીનું માપ.

(૨) દોહરા ૧૧૦ થી ૧૧૯ સુધીના દોહરા દ્વારા પૂ.શ્રીએ બ્રહ્મત્વ વિશેના પોતાના ખ્યાલો રજૂ કર્યા છે. બ્રાહ્મણે પોતાનો ધર્મ બજાવવાનો છે. ધર્મ વિરુદ્ધ આચરણ કરવાથી બ્રાહ્મણોનું અને મંત્રોનું પણ સત્ત્વ જતું રહે છે. બ્રાહ્મણ એટલે બ્રહ્મને જાણે તે, બ્રહ્મને જીવે તે. તેજસ્વી, નિ:સ્પૃહી અને નિષ્ઠાપૂર્વક કર્મ કરનાર વેદભૂષિત બ્રાહ્મણને રાજા શું ભગવાન વિષ્ણુ પણ માન આપે છે. ભગવાન મંત્રને આધીન છે અને મંત્ર બ્રાહ્મણને આધીન છે. પૂ.બાપજી એવું ઇચ્છતા કે મને માનનારો, મારા સ્થાનનો બ્રાહ્મણ એવો તેજસ્વી, એવી ખુમારીવાળો હોવો જોઇએ કે એની આંખમાં માગણવૃત્તિ ન સળવળવી જોઇએ. એ ધર્મકાર્ય એવું સુંદર કરાવતો હોવો જોઇએ કે એનાથી ભગવાન રાજી થાય. પૈસાના લોભમાં એ એનું પુરોહિતપણું ન લજવે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

(૩) શ્રીગુરુએ ઉન્મત્ત બ્રાહ્મણોને દુરાગ્રહ છોડી દેવાની શિખામણ આપી અને સાથે ચેતવણી પણ આપી કે જો તમે નહિ સમજો તો તમારે માટે મૃત્યુ નિશ્ચિત છે. આમ છતાં વિનાશકાળે વિપરીત બુદ્ધિને લીધે મદોન્મત્ત બ્રાહ્મણો ન માન્યા.

●



21

# અધ્યાય : ૮૧

આ અધ્યાયનું નામ '**મત્તવિપ્રદંડન**' છે. આ અધ્યાયમાં **૬૨** દોહરા છે.

નિરંજને અલખને આગળની શ્રીગુરુલીલાનું વર્ણન કરવા વિનંતી કરી એટલે અલખ બોલ્યા કે અનેક રીતે સમજાવવા છતાં બ્રાહ્મણો સમજ્યા નહિ એટલે શ્રીગુરુએ એક માણસને દૂરથી જતો જોઇ એને બોલાવી લાવવા શિષ્યને કહ્યું. શિષ્ય એને બોલાવી લાવ્યો એટલે શ્રીગુરુએ એને પૂછ્યું કે તું કોણ છે? કઇ જાતિનો છે? ક્યાં રહે છે? અને ક્યાં જાય છે? (૧-૧૪).

પેલા માણસે કહ્યું કે હું અંત્યજ છું અને ગમે તેવી મજૂરી કરીને મારું ગુજરાન ચલાવું છું. આમ કહીને એણે શ્રીગુરુને પ્રણામ કર્યા. એટલે શ્રીગુરુએ એના પર અમીદ્દષ્ટિ ફેંકી. (૧૫-૧૮).

પછી શ્રીગુરુએ શિષ્યને પોતાનો દંડ આપીને શિષ્ય પાસે ભૂમિ પર સાત લીટીઓ દોરાવી. પછી પેલા માતંગને વારાફરતી એક એક લીટી ઓળંગવા કહ્યું. જેવી પહેલી રેખા ઓળંગી એટલે એ કહે કે હું વાઘરી છું, બીજી લીટી ઓળંગી એટલે કહ્યું કે હું ભીલ છું. ત્રીજી ઓળંગતાં કહ્યું કે હું તો માછી છું. ચોથી ઓળંગતાં શૂદ્ર, પાંચમી ઓળંગતાં કહ્યું કે હું તો વૈશ્ય છું, છઠ્ઠી ઓળંગતાં કહ્યું કે હું તો ક્ષત્રિય છું અને જ્યાં સાતમી ઓળંગી ત્યાં કહે કે હું તો બ્રાહ્મણ છું અને લોકો મને ગુરુજીના નામથી ઓળખે છે અને હું બધાં વેદ શાસ્ત્રો જાણું છું. (૧૯-૨૮).

શ્રીગુરુએ કહ્યું કે જો તું વેદશાસ્ત્ર જાણતો હોય તો આ બે બ્રાહ્મણો સાથે વાદ કર. એમ કહીને એના પર ભસ્મ નાંખી. એ ગુરુજીને વેદો સાંગ પઢતા જોઇ મદાંધ બ્રાહ્મણો બીધા. એમના પેટમાં ગોળો ઊઠ્યો અને ગભરાઇ જઇને શ્રીગુરુની માફી માગી. શ્રીગુરુએ કહ્યું કે તમારે તમારાં કર્મો તો ભોગવવાં જ પડશે. તમે હવે ગંગા તટ પર જાવ. તમો અંતે મુક્તિ પામશો એવા મારા આશિષ છે. બ્રાહ્મણો ગંગા તટ પર ગયા પછી પેલા ગુરુજીરૂપે બ્રાહ્મણ થયેલી વ્યક્તિએ એના પાછલા જન્મોની વાત શ્રીગુરુને પૂછી. (૨૯-૬૨).

અલખનાં ચરણકમળમાં પ્રણામ કરીને ઉત્તમ શરીરધારી અને વિનયનમ્ર એવો શિષ્ય નિરંજન બંને હાથ જોડીને ભાવપૂર્વક બોલ્યો કે હે અલખ યોગીશ્વર ! તારો જય હો ! હે નાથ ! તું અમારો ઉદ્ધારક છે. તારાં ચરણનાં દર્શન થકી તેં મારો જ્ઞાનનો દીવો પ્રકાશિત કર્યો છે. (૧-૨). શ્રીગુરુવરે ચારે વેદો વિશે વિસ્તારપૂર્વક કહ્યા પછી શું બન્યું તે હે પ્રભુ ! વિગતવાર કહો. (૩).

શિષ્યનાં એવાં વચનો સાંભળીને સંતોષ પામીને અલખજી બોલ્યા કે હે બાળ ! શ્રીગુરુનો મહિમા અજોડ છે. તું એ પ્રેમથી સાંભળ. શ્રીગુરુએ બ્રાહ્મણોને અનેક રીતે સમજાવ્યા તો પણ એ દુષ્ટ બુદ્ધિવાળા માન્યા નહિ અને એક જ જીદ પકડીને જ બેઠા કે કાં તો વાદ કરો અથવા તો જયપત્ર લખી આપો. એમાં બીજી માથાકૂટ ચાલવાની નથી. એ સાંભળીને ક્રોધે ભરાઇને શ્રીગુરુએ તરત કહ્યું કે "ભલે તેમ થાવ". (૪-૬). તમારા મનમાં જેવી

ઇચ્છા હશે તે ઇચ્છા પૂરી થશે. તમે ચિંતા ના કરશો. તમે હવે મનમાં ગભરાયા વિના સાવધ થઇને બેસો. (૭). જેમ ઉંદર સાપને કરડવાની ઇચ્છા કરે અથવા પતંગિયું દીવાને ખાઇ જવા દોડે તેમ આ ઉન્મત્ત બ્રાહ્મણો શ્રીગુરુને ઇશ સ્વરૂપે ઓળખી શક્યા નહિ તેથી એ વાંદરાં હાથે કરીને મરવા તૈયાર થયાં. (૮-૯). દેખતાં છતાં આંધળા થયેલાને અને મૃત્યુના પંથે દોડનારા એ આત્મહત્યારાને કોણ બચાવે?① (૧૦).

ત્યાં જ શ્રીગુરુએ દૂરથી એક માણસને આવતો જોયો. એ જોઇને એણે શિષ્યને કહ્યું કે પેલાને બૂમ પાડીને જલદી અહીં બોલાવ. શ્રીગુરુનું કહેવું સાંભળતાં જ એ શિષ્યશ્રેષ્ઠ તરત જ એ માણસને બોલાવવા ગયો. (૧૧-૧૨). તરત જ એને શ્રીગુરુ પાસે તેડી લાવ્યો એટલે શ્રીગુરુએ પૂછ્યું કે તું કોણ છે? તારી જાતિ કઇ? અને ખાસ તો તારું કુળ કયું? (૧૩). તું ક્યાં રહે છે? અને અત્યારે ક્યાં જાય છે? આ બધી વાત વિગતે કહે. શ્રીગુરુનાં એવાં વચનો સાંભળીને એ બોલ્યો કે હે સ્વામીજી ! ખરેખર હું હલકી જાતિનો નીચ અને અધન્ય એવો માતંગ છું. આ ગામની બહાર હંમેશાં રહું છું અને હલકા પ્રકારની મજૂરી કરું છું.② (૧૪-૧૫). હે પ્રભુ ! તારી નજરમાં બધા સરખા છે તેથી તું આજે મને આમ પૂછે છે. આજે મારો તો જન્મારો સફળ થઇ ગયો. એવું કહીને એણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એટલે કૃપાના સાગર અને પરમ પુરુષ એવા શ્રીગુરુએ એના ઉપર અમીદષ્ટિ કરી અને એના પર નજર કરી. (૧૬-૧૭).

જેમ પારસમણિના સ્પર્શથી લોખંડનું શુદ્ધ સોનું થઇ જાય તેમ શ્રીગુરુની કૃપાદષ્ટિથી એ પાવન થઇ ગયો. (૧૮). પછી શ્રીગુરુએ શિષ્યના હાથમાં પોતાનો દંડ આપીને જમીન ઉપર સાત લીટી ખેંચાવી અને પછી શ્રીગુરુરાય બોલ્યા કે અરે ઓ માતંગ ! આ એક એક રેખા તું ઓળંગ. એવું સાંભળીને એણે ક્રમવાર રેખા ઓળંગવા માંડી. (૧૯-૨૦). એણે જેવી પહેલી રેખા ઓળંગી એટલે તરત જ સ્થિર રહેલા શ્રીગુરુએ પૂછ્યું કે તારો જન્મ ક્યાં થયો છે? એટલે એણે કહ્યું કે હું તો વાઘરી છું. (૨૧). જેવી બીજી રેખા ઓળંગી એટલે એ બોલ્યો કે હું તો ભીલ (કિરાત) છું. હું વન સાચવનારો છું અને રાતદિવસ વન સંભાળું છું. (૨૨). એણે જ્યાં ત્રીજી રેખા ઓળંગી ત્યાં જ એને પૂર્વજન્મની સ્મૃતિ થઇ અને કહેવા લાગ્યો કે હું તો માછી છું અને મારું નામ ગંગાપુત્ર છે. (૨૩). એણે જેવી ચોથી રેખા ઓળંગી કે તરત જ કહેવા લાગ્યો કે હે સ્વામી ! હું તો શૂદ્ર છું. હું તો મજૂરી કરવા જતો હતો ત્યાં જ આપે બોલાવ્યો. (૨૪). એટલે હું અહીં આવ્યો છું. એમ કહીને એણે વંદન કર્યાં. પછી જ્યાં પાંચમી લીટી ઓળંગી એટલે બોલ્યો કે હું તો વાણિયો-વેપારી છું. (૨૫). હું ખરેખર વાણિયાના કુળમાં જન્મ્યો છું અને મારું નામ સોમદત્ત છે અને જ્યાં છઠ્ઠી ઓળંગી ત્યાં કહે કે હું તો રાજપૂત છું. (૨૬). હે પ્રભુ ! હું ગોદાવરી નામે પ્રખ્યાત છું અને જેવી સાતમી અને છેલ્લી રેખા ઓળંગી એટલે બોલ્યો કે હું તો સાક્ષાત્ બ્રાહ્મણ છું. હે નાથ ! હું વેદ અને શાસ્ત્ર વગેરે બધું યોગ્ય રીતે જાણું છું અને હે તાત ! લોકો મને ગુરુજીના નામે ઓળખે છે. (૨૭-૨૮). એટલે શ્રીગુરુએ કહ્યું કે જો તું વેદ અને શાસ્ત્ર બધું યોગ્ય રીતે જાણતો હોય તો આ વાદ-વિવાદ કરવા માટે આવેલા બ્રાહ્મણો સાથે વાદ કરીને જય મેળવ. (૨૯). આમ કહીને શ્રીગુરુએ એના શરીર પર અભિમંત્રિત કરેલી ભસ્મ નાંખી અને ભસ્મ નાંખતાની વારમાં જ એના અંતરમાં ખરેખર ઝગમગાટ કરતું અપૂર્વ જ્ઞાન થયું એ નિ:શંક વાત છે. એણે શ્રીગુરુનો જયજયકાર કર્યો અને વારંવાર વંદન કરવા લાગ્યો. (૩૦-૩૧).

માનસરોવર જઇને જેમ કાગડો રાજહંસ થાય છે તેમ શ્રીગુરુની અમીદૃષ્ટિથી એ હલકી જાતિનો માણસ પણ જ્ઞાની થઇ ગયો. (૩૨). હે નિરંજન ! સ્વયં ત્રિમૂર્તિએ પૃથ્વી ઉપર નૃસિંહસરસ્વતીરૂપે અવતાર ધર્યો હતો. તું મનમાં બિલકુલ શંકા કરીશ નહિ. (૩૩). જે હતભાગી એને માણસ તરીકે જુએ છે તેની ચોક્કસપણે અધોગતિ થાય છે અને એનો નરકમાં વાસ થાય છે. (૩૪). આ રીતે હીન જાતિનો માણસ પણ વેદશાસ્ત્રનો જાણકાર થયો અને બધા વિદ્વાનો સાંભળે એ રીતે બધાં અંગો સહિત વેદો બોલવા લાગ્યો. (૩૫).

આ સાંભળીને વાદ-વિવાદ કરવા આવેલા અને અભિમાનથી છકેલા બે બ્રાહ્મણો ખૂબ ગભરાયા અને શ્રીગુરુની ધાકથી ડરવા લાગ્યા. (૩૬). એમના પેટમાં ગોળો ચઢ્યો અને અરેરે ! એમનું બોલવાનું બંધ થઇ ગયું. તેઓ બહેરા અને મૂગા થઇ ગયા. એમને કોઇ ઉપાય સૂઝતો નથી. (૩૭). બીકના માર્યા તેઓ થરથર ધ્રૂજવા લાગ્યા અને શ્રીગુરુનાં ચરણમાં પગે પડીને બોલ્યા કે હે સ્વામી ! અમને બચાવી લો. હવે અમારી શી ગતિ થશે? (૩૮). હે સાંબ સદાશિવ ! અમે ગુરુનો દ્રોહ કર્યો છે અને બ્રાહ્મણોને પણ ધિક્કાર્યા છે. તું અમને ક્ષમા કર. તું તો અવતારી પુરુષ છે. (૩૯). માયાથી વીંટળાયેલા અને તામસી એવા અમે પાપી અને હરામી છીએ. અમે તારું આ પ્રગટરૂપ પણ ઓળખી શક્યા નહિ. (૪૦).

તું રમત રમતમાં તણખલાનો પર્વત કરી શકે છે અને તારી ક્રોધદૃષ્ટિથી પર્વત પણ બળીને રાખ થઇ જાય છે. (૪૧). તું રજોગુણથી સૃષ્ટિનું સર્જન કરે છે, સત્ત્વગુણથી એનું પાલનપોષણ કરે છે અને તમોગુણથી એનો સંહાર કરે છે. ખરેખર ! તું જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રિમૂર્તિરૂપ છે. (૪૨). હે તાત ! તારા મહિમાનું વર્ણન કરવામાં અમારી બુદ્ધિ ટૂંકી પડે છે. શરણે આવેલાને વરદાન આપનાર હે વિભુ ! તું અમારો ઉદ્ધાર કર. (૪૩).

આ રીતે એ બે બ્રાહ્મણો ત્યાં સ્તવન કરતા હતા. એ સાંભળીને શ્રીગુરુનાથ બોલ્યા કે અરેરે ! તમે તો આ ત્રિવિક્રમ યતિવરને દૂભવ્યો છે. (૪૪). એ સિવાય પણ તમે બીજા પણ અનેક દોષો કર્યા છે. તમે બ્રાહ્મણોની ખૂબ નિંદા કરી છે. તેથી તમે બંને મોટા રાક્ષસ થશો. (૪૫). પોતે કરેલું પાપ કે મેળવેલું પુણ્ય પોતે જ ભોગવવું પડે છે. ભોગવ્યા વગર કર્મબંધન છૂટતું નથી અને એ વિના બીજો કોઇ ચારો નથી. (૪૬). શ્રીગુરુનાં વચનો સાંભળીને બંને જણા પગમાં પડ્યા અને પૂછવા લાગ્યા કે હે ગુરુજી ! આ દુ:ખના સાગરમાંથી ક્યારે અને કેવી રીતે છૂટશું? (૪૭). કૃપાના ભંડાર એવા શ્રીગુરુ બોલ્યા કે હે બ્રાહ્મણો ! સાવધાન મનથી સાંભળો. તમે બાર વરસ સુધી જંગલમાં રાક્ષસ થઇને ભટકશો અને દુ:ખી થશો. (૪૮). તમને હૃદયમાં પશ્ચાતાપ થયો છે તેથી તમો રાક્ષસ થવા છતાં શાંત સ્વભાવવાળા થશો. (૪૯). ત્યાં તમારા પાપની શુદ્ધિ થતાં જંગલમાં નારાયણ અનુવાક્ પઢતો પઢતો એક બ્રાહ્મણ આવશે અને એના પહેલા વાક્યના ઉચ્ચારણે જ તમારી સદ્‌ગતિ થશે. હવે તમારો સમય થઇ ગયો છે એટલે ગંગા કિનારે જાઓ. (૫૦-૫૧). તમારે માટે એ સ્થાન જ યોગ્ય છે. શ્રીગુરુનાં એ વચન સાંભળીને એ અધમ બ્રાહ્મણો ગામની બહાર જતા રહ્યા. (૫૨).

નદી પર જતામાં જ પેટમાં શૂળ ઊપડ્યું અને ક્ષણવારમાં એ બંને બ્રાહ્મણો મોતને પંથ ગયા. (૫૩). પોતે કરેલાં કર્મોનું ફળ બીજો શાને ભોગવે? શ્રીગુરુનું વચન મિથ્યા થાય નહિ. એ અધમ બ્રાહ્મણો હાથે કરીને મોતને પામ્યા અને બાર વરસ રાક્ષસ થયા અને એમનું દુષ્ટ કર્મ પૂરું થયું એટલે સદ્‌ગતિ પામ્યા.③ (૫૪-૫૫).

બંને બ્રાહ્મણોને નદીકિનારે મોકલ્યા પછી અહીં શું બન્યું તે હે સુંદર દેહધારી શિષ્ય ! સાંભળ. (૫૬). હલકી જાતિનો પતિત જે જ્ઞાની થયો હતો તે પોતાના પૂર્વના સાત જન્મોને યાદ કરીને એવા દઢ નિર્ણય ઉપર આવ્યો કે હું ખરેખર બ્રાહ્મણ જ છું. (૫૭). શ્રીગુરુનાં ચરણકમળને ભાવપૂર્વક પ્રણામ કરીને ગંભીર થઇને વિનયપૂર્વક બોલવા લાગ્યો કે હે ગુરુજી ! આ માયારૂપી અંધકારમાં તું ખરેખર જ્યોતિ સ્વરૂપ છે. (૫૮). હે ગુરુજી ! જો હું પૂર્વજન્મમાં પરમ પવિત્ર બ્રાહ્મણ હતો તો પછી મારું આવું પતન કેમ થયું? અને આવી હીન જાતિમાં કેમ જન્મ્યો? (૫૯). હે સ્વામી ! તું ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણે કાળને જાણનાર છે. તું મને બધું વિસ્તારથી કહે. હે નૃસિંહસરસ્વતી ! તું સ્વયં સાક્ષાત્ ઇશ્વર છે. તું મારો ઉદ્ધાર કર. (૬૦). હે પ્રભુ ! અન્ય જન્મોમાં મેં દુષ્ટબુદ્ધિથી એવાં શાં પાપો કર્યા કે જેથી હું રસ્તો ચૂકી ગયો? (૬૧).

એ પતિતનાં વચન સાંભળીને ભગવાન શું બોલ્યા એનું અનુસંધાન આગળ છે જેનો **રંગ** અમૃત સમાન હશે. (૬૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'મત્તવિપ્રદંડન'** નામનો **એક્યાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૮૧

(૧) વિનાશકાળે વિપરીત બુદ્ધિ એ કહેવત અહીં ચરિતાર્થ થતી જોવા મળે છે. દત્તાવતારી નૃસિંહસરસ્વતીની વારંવાર શિખામણ છતાં અભિમાની અને ઉદ્ધત બ્રાહ્મણો પોતાની જીદ છોડતા નથી. ભગવાન કોઇને મારતો નથી. વ્યક્તિ મરવાની થાય ત્યારે એની બુદ્ધિ વિપરીત થાય છે. એટલે પહેલા દોહરામાં પૂ.શ્રીએ 'આપો સન્મતિ મોરયા'ની પ્રાર્થના કરી છે. વાર્યા ન વળે એ હાર્યા વળે એ બગડેલી બુદ્ધિનું જ પરિણામ છે. 'મને દશે દિશામાંથી સારા વિચારો આવી મળો' એ ઋગ્વેદની ઋચા આપણા જીવનમાં સાર્થક બનો.

(૨) શ્રીગુરુએ ધાર્યું હોત તો ત્રિવિક્રમ દ્વારા જ બ્રાહ્મણોને હરાવ્યા હોત પરંતુ આવા અધમ અને હલકટ બ્રાહ્મણને હલકી જાતિના માણસ દ્વારા હરાવીને એમ બતાવવું હતું કે વિદ્વત્તા એ સર્વસ્વ નથી. જ્ઞાન જીવનમાં ઊતરવું જોઇએ અને એ પ્રમાણે નિરભિમાની થઇને સરળ જીવન જીવવું જોઇએ. જીવનમાં ન ઊતરે એ જ્ઞાન જ્ઞાન જ નથી. **પૂ.પ્રેમ અવધૂતજી કહે છે તેમ : જાણેલું કામમાં નહિ આવે, જીવેલું કામમાં આવશે.**

(૩) પોતે કરેલાં કર્મોનું ફળ બીજો શાનો ભોગવે? આવું કહીને પૂ.શ્રી આપણને ચેતવે છે કે તમે જેવું કરશો તેવું પામશો, જેવું વાવશો તેવું લણશો. સારાં કર્મો-પુણ્ય કરશો તેનું સારું ફળ મળશે અને ખરાબ કર્મો-પાપ કરશો તો તેનું ખરાબ ફળ પણ તમારે જ ભોગવવું પડશે. માટે કર્મ કરતાં પહેલાં ખૂબ સાવધાન થવું અને સાચું હોય તે જ કરવું. આપણે ગમે તેટલી છૂપી રીતે કર્મ કરીએ તો પણ ઈશ્વરને તો તેની જાણ થઈ જાય છે. આ ધરતી, આ આકાશ, આ વાયુ બધાં આપણાં કર્મોના સાક્ષી છે અને આપણી તરફેણમાં કે વિરોધમાં ઊભાં રહે છે.

●

## જ્ઞાન-જ્ઞાની

- જ્ઞાન જેવી પ્રવિત્ર વસ્તુ દુનિયાની અંદર કોઇપણ જાતની નથી અને જેણે જ્ઞાન સંપાદન કર્યું છે તેને કોઇપણ જાતની ચિંતા નથી. સદ્‌વિદ્યા-જો સારી વિદ્યા- સંપાદન કરી હોય તો પેટભરવાની, ધંધાની, બંગલાની, મોટરોની કોઇપણ જાતની ચિંતા કરવાની માણસોને જરૂર નથી. એતો વિદ્યાના ગુલામ થઇને આપણી પછવાડે દોડવાના છે.

- એક પરમાત્મા સ્વરૂપનું જ્ઞાન થતાંની સાથે મનુષ્યની સર્વ શંકાઓનો આપમેળે લય થઇ જાય છે.

- જેવી રીતે શુદ્ધ જળમાં બીજુ શુદ્ધ જળ નાંખીએ અથવા એને જુદુ રાખીએ તો પણ બંને એક રૂપ જ છે. તેવી રીતે જ્ઞાનીપુરુષનો આત્મા ફાવે તે સ્થિતિમાં હોય તો પણ એને મેલનો સ્પર્શ થતો નથી.

- જ્ઞાનીઓનો જ અનુભવ પ્રસિદ્ધ થવો જોઇએ, અજ્ઞાનીઓનો નહિ.

- જ્ઞાન એ લેવાની વસ્તુ છે, આપવાની નહિ.

- પ્રશ્નોત્તથી જ્ઞાન મેળવવાની પદ્ધતિ એ આર્ય પદ્ધતિ છે.

-રંગ અવધૂત મહારાજ.

(રંગવાફ્સુધામાંથી સાભાર.)

# અધ્યાય : ૮૨

આ અધ્યાયનું નામ '**કર્મવિપાકકથન**' છે. આ અધ્યાયમાં **૧૭૮** દોહરા છે.

આ અધ્યાયમાં શ્રીગુરુ હીન જાતિના એક પુરુષને એના પૂર્વજન્મોનાં કર્મની વાત કરે છે જેને લીધે એ બ્રાહ્મણમાંથી ચાંડાળ થયો હતો. સારાં કર્મો કરનાર પુણ્યબળે ઊર્ધ્વગતિ પામે છે અને ખરાબ કર્મો કરનાર પાપને કારણે નીચગતિને પામે છે. (૧-૨).

આ અધ્યાયમાં કેવા પ્રકારનાં કર્મોથી કેવા પ્રકારની ગતિ મળે છે એનું વર્ણન છે. શાસ્ત્ર વ્યક્તિને ખરાબ કામ કરતાં કેવી રીતે રોકવાનો પ્રયાસ કરે છે તે આ વર્ણનમાં બતાવ્યું છે. સમજાવટથી, લાલચથી કે બીકથી ખરાબ કર્મો કરતાં શાસ્ત્ર રોકે છે અને સારાં કામો કરવા પ્રેરે છે. (૩-૭૨).

ગમે તે કારણે માનવીથી ખોટાં કર્મો થઇ જાય તો પછી તેમાંથી બહાર આવવાનો ઉપાય શું? પ્રાયશ્ચિત્ત કર્મ દ્વારા પાપકર્મનો નાશ કરવો એ એનો ઉપાય છે. જે પ્રકારનું પાપ હોય તે પ્રકારનો ઉપાય શાસ્ત્ર સૂચવે છે. ટૂંકમાં ધર્મ ખોટું કરનારને પણ સારું જીવન જીવવાની તક આપે છે. નવમા અધ્યાયના ત્રીસમા શ્લોકમાં ગીતા પણ કહે છે કે ગમે તેટલો સુદુરાચારી પણ ભગવાનને શરણે જાય તો તે તરી જાય છે. થયેલી ભૂલને પ્રાયશ્ચિત્ત કર્મ દ્વારા સુધારીને નવેસરથી સારું અને સાચું જીવન જીવવાની ધર્મ તક આપે છે. (૭૩-૧૩૦).

શ્રીગુરુએ એ હીન ચાંડાળને એક મહિનો સંગમે સ્નાન કરવાનું સૂચવ્યું અને કહ્યું કે આવતા જન્મે તું બ્રાહ્મણ થઇશ. પરંતુ એ તો પોતાને અત્યારથી જ બ્રાહ્મણ માનવા લાગ્યો. શ્રીગુરુ પરિસ્થિતિ પામી ગયા અને એક દ્રવ્યલોભી બ્રાહ્મણને દ્રવ્યની લાલચ આપી પેલા ઉપર પાણી ભરેલો ઘડો રેડાવી એને સ્નાન કરાવ્યું. સ્નાન સાથે ભસ્મ ધોવાઇ જતાં પેલાને પાછું ચાંડાલત્વ યાદ આવ્યું અને પોતાને તેડવા આવેલી પત્ની સાથે પોતાના ઘરે ગયો. (૧૩૧-૧૭૮).

શ્રીગુરુ બોલ્યા કે હે પતિત ! પૂર્વજન્મનાં જે કર્મોને લીધે તું ચાંડાળ થયો એ કર્મ વિશે તેં પૂછ્યું છે તો એ પૂર્વજન્મનાં કર્મનો મર્મ તું સવિસ્તર સાંભળ. (૧). પુણ્ય અને પાપની ઊંચી કે નીચી ગતિ એ કરેલાં કર્મોનાં ફળમાં સ્પષ્ટરૂપે કહેવાઇ છે.① (૨). બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર જે સદા દુરાચારમાં જ રચ્યોપચ્યો રહેતો હોય તે દુષ્ટ મર્યા પછી હલકી કક્ષાનો ચાંડાળ થાય છે. (૩). શૂદ્ર પુરુષના સંગથી જે બ્રાહ્મણસ્ત્રીને પુત્રનો પ્રસવ થાય તે એવા જારપુરુષથી જન્મેલો પુત્ર ચાંડાળ કે સોળમી જાતિનો ગમાર ગણાય છે. (૪). જે દોષોને કારણે પાપોનો ખજાનો એવી મૂળ ચાંડાલ જાતિ પ્રાપ્ત થાય છે તે વિશે હું તને વિગતવાર કહું છું તે તું સાંભળ. (૫).

દુરાચરણમાં રચ્યોપચ્યો રહેનાર બ્રાહ્મણ ચાંડાળ થાય છે. જે બ્રાહ્મણ માતા, પિતા, ગુરુ અને પોતાની કુલસતીનો ત્યાગ કરે છે અને પોતાના કુળ દેવતાને છોડીને બીજા દેવોને પૂજે છે તથા જે બ્રાહ્મણ જૂઠું બોલે છે તે

હલકટભર્યો ચાંડાળ થાય છે. (૬-૭). જે બ્રાહ્મણ જીવની હિંસા કરતો હોય, કન્યા વિક્રય કરતો હોય, જુગારી હોય અને ઘોડા વેચતો હોય તે ચાંડાળ થાય છે. (૮). જે હતભાગી બ્રાહ્મણ શૂદ્રના હાથનું જમે છે અને હંમેશાં શૂદ્રની સાથે રહે છે તે નીચ ચાંડાળ થાય છે. (૯).જે શૂદ્ર સ્ત્રી સાથે અને દાસી સાથે વિષય ભોગવે છે અને દેવ તથા પિતૃકર્મમાં ક્રોધથી વાસણો અફાળે છે તે બ્રાહ્મણ ચાંડાળ થાય છે. (૧૦). જે બ્રાહ્મણ જંગલમાં આગ લગાડે છે, ગાયથી વાછરડાને છૂટું પાડે છે, જે માતાનો ત્યાગ કરીને જુદો રહે છે, જે માતા તથા તેનાં સંતાનને છૂટાં પાડે છે અને જે બળદ પર મસ્ત થઇને સવારી કરે છે તે ખરેખર ચાંડાળ થાય છે. (૧૧-૧૨). જે બ્રાહ્મણ શૂદ્રના હાથનું અન્ન ખાય છે, તીર્થમાં શ્રાદ્ધ કરતો નથી અને તીર્થમાં દાન સ્વીકારે છે એ બ્રાહ્મણ દરિદ્રી ચાંડાળ થાય છે. (૧૩). પોતાના ધર્મનું પાલન નહિ કરનારો અને દેવને અર્પણ કર્યા વગર જે કપિલા ગાયનું દૂધ પીએ છે તે ચાંડાળ થાય છે. (૧૪). તુલસીનો છોડ છેદીને જે શૂદ્ર શાલિગ્રામની પૂજા કરે છે, જે દુર્બુદ્ધિવાળો માતાપિતાને દુ:ખી કરે છે એ હરામી અંત્યજ બને છે. (૧૫). જે શઠ બ્રાહ્મણ પોતાની પહેલી પરણેલી સ્ત્રીને ત્યજીને બીજી સ્ત્રીને પરણે છે તે સાત જન્મ સુધી કીડો બને છે. (૧૬). જે કોઇ થાક્યા પાક્યા આવેલા બ્રાહ્મણ પાસે પણ મંત્રો બોલાવડાવીને એને રાહ જોવડાવીને અન્ન આપે છે તે ચોક્કસ અંત્યજ થાય છે. જે યોગ્ય બ્રાહ્મણની નિંદા કરે છે, અન્યની જીવન ગુજારો કરવાની કમાણી હરી લે છે, અયોગ્યની પૂજા કરે છે, વાવ-કૂવા-તળાવનો નાશ કરે છે, પૂજા થતી હોય તેવા લિંગને તથા ખાસ કરીને દેવના મંદિરને તથા બ્રાહ્મણના ઘરને જે દુષ્ટબુદ્ધિથી તોડી નાંખે છે અને જે વિશ્વાસઘાત કરે છે તે ચાંડાળ થાય છે. જે પોતાના માલિક, ગુરુ, મિત્ર અને શત્રુની પત્ની સાથે વિષય ભોગવે છે, પોતાની બે પત્નીમાં ભેદભાવ રાખે છે તે ચાંડાળ થાય છે. જે અતિથિને તરત અન્ન આપતો નથી, સંધ્યાકાળે જમે છે, આપેલાં વચનનો ભંગ કરે છે, સંધ્યાકાળે ઊંઘે છે અને ખરાબ જનોનો સંગ કરે છે તે અંત્યજ થાય છે. (૧૭-૨૨).

જે રાજા બ્રાહ્મણને જમીન કે ગાયનું દાન આપીને પાછું લઇ લે છે તે ચોક્કસ રોગિષ્ટ અંત્યજ થાય છે. (૨૩). વૈશ્વદેવ કરવાના સમયે જે અતિથિને ખરાબ ભાષામાં જવાબ આપે છે તે ચોક્કસ ચાંડાળ થાય છે. (૨૪). જે કડવાં વચનો બોલીને અતિથિને અન્ન આપે છે અને ગંગાનાં તીર્થની નિંદા કરે છે તે ચાંડાળ થાય છે. (૨૫). જે અગિયારસના દિવસે ભોજન કરે છે, પોતાના સ્વામીને રણભૂમિમાં છોડી જાય છે અને શૂદ્રો સમક્ષ વેદના મંત્રો બોલે છે તે ચાંડાળ થાય છે. (૨૬). વ્રત હોય ત્યારે, તહેવાર હોય ત્યારે અથવા દિવસે જે કોઇ સ્ત્રી સંગ કરે છે તે ચોક્કસ અંત્યજ થાય છે. જે શ્રાદ્ધ ના કરે, કુસંગ કરે, પોતાનાં પુણ્યની વાત કરે, રસ્તો તોડી નાંખે, પ્રયત્નપૂર્વક પરબનો નાશ કરે તે ચાંડાળ થાય છે. (૨૭-૨૮). નાડી જ્ઞાન ન હોવા છતાં જે ઊંટવૈદું કરતો હોય અને જે ચિકિત્સા કર્યા વગર દવા આપતો હોય તે ચાંડાળ બને છે. (૨૯). જે દુષ્ટબુદ્ધિવાળો વેદે જણાવેલો રસ્તો છોડીને જારણ મારણના ફંદે ચઢીને મોહન વગેરે આચરે છે તે ચાંડાળ થાય છે. (૩૦). જે પોતાના ગુરુને સામાન્ય માનવી સમજે, અન્ય દેવતાને પૂજી હરિ તથા હરની નિંદા કરે છે તે હતભાગી ચાંડાળ બને છે. (૩૧). જે પોતાના વર્ણાશ્રમનાં કર્મને છોડીને બીજાનાં વર્ણાશ્રમનાં કર્મમાં આસકત થાય છે તથા જે કુવાક્ય બોલી અન્ન આપે છે તેવો અભકત અંત્યજ થાય છે. (૩૨). કૂતરાનાં ચામડાંનાં પાત્રમાં રાખેલાં ગંગાજળ કે દૂધની માફક જે કોઇ બ્રાહ્મણ શૂદ્ર પાસેથી મંત્ર દીક્ષા લે છે તે અંત્યજ થાય છે. (૩૩). જે શ્રાદ્ધના દિવસોમાં પિંડદાન કરતો નથી, વિધવા સ્ત્રી સાથે વિષય સંબંધ

રાખતો હોય અને માતા, પિતા તથા ગુરુનો દ્વેષ કરતો હોય તે ચાંડાળ થાય છે. (૩૪). ગુરુની નિંદા સાંભળીને જે હસે છે, જે દુષ્ટ બ્રાહ્મણને હેરાન કરે છે અને જે દુર્બુદ્ધિવાળો વેદ વિષે વાદ વિવાદ કરે છે તે બ્રહ્મરાક્ષસ થાય છે. (૩૫). એક દેવ અને એક ગુરુમાં નિષ્ઠા રાખનારો ભકત પણ જો અન્ય દેવતાની નિંદા કરે તો ચોક્કસ દરિદ્રી થાય છે અને એ ફેફરુના રોગે દુ:ખી થાય છે. (૩૬). પોતાનાં સુખ માટે માતાને, પિતાને અને ગુરુને ત્યજીને જે દૂર રહે છે તે ક્રૂર એવી વાઘરીની યોનિમાં મહારોગી થઇને જન્મે છે. (૩૭). જે બ્રાહ્મણનું અપમાન કરે છે અને વેદોની નિંદા કરે છે એ પોતાનાં કર્મથી ભ્રષ્ટ થઇને પેશાબના રોગથી પીડાય છે. (૩૮). જે હંમેશાં મર્મસ્થાનને ભેદે એવી કડવી વાણી બોલે છે અને બીજાનાં પાપોને પ્રગટ કરે છે તે હૃદયરોગી થઇને મર્યા પછી બીજા જન્મે ખૂબ દુ:ખી થાય છે. (૩૯). જે સ્ત્રીઓ ગર્ભપાત કરાવે છે તે વંધ્યા થાય છે અથવા બીજા જન્મે એને સંતાનો થઇને પછી મરી જાય છે. એમાં શંકાને સ્થાન નથી. (૪૦).

દોષભરી દ્દષ્ટિ રાખીને જે ધર્મશાસ્ત્ર સાંભળતો નથી અને બહુ ખાનારાની નિંદા કરે છે તે બહેરો અને આંધળો થાય છે. (૪૧). જે પાપી માણસની મિત્રતા કરે છે તે ગધેડો થઇને જન્મે છે અને જે નીચ વ્યક્તિની દવાનું સેવન કરે છે તે હરણ થઇને જન્મે છે. (૪૨). જે ખરાબ બુદ્ધિવાળો બ્રાહ્મણની હત્યા કરે છે તે ક્ષયરોગી થાય છે અને દારૂ પીનારો ચોક્કસ દાંતનો રોગી થાય છે. (૪૩). દુર્બુદ્ધિવાળો જે સોનું ચોરે છે તે નખના રોગવાળો થાય છે અને ગુરુની સ્ત્રીનો ઉપભોગ કરે છે તે બીજે જન્મે કોઢિયો થાય છે. (૪૪). ઘોડા અને ગાયની હત્યા કરનારો પુત્ર વિનાનો થાય છે. પરંતુ આવાં કુકર્મ કર્યા પછી જેને હૃદયથી પશ્ચાતાપ થાય છે તે એ દોષમાંથી મુકત થાય છે. (૪૫). કેટલાક પાપી પહેલાં નરકમાં પાપ ભોગવીને પછી બીજા જન્મમાં દુર્ધર એવા રોગી બને છે. (૪૬). જે વિશ્વાસઘાત કરે છે તેને માટે અન્ન પણ દુશ્મન થઇ જાય છે અને એ ઊલટીની પીડાથી દુ:ખી થાય છે એ વાત નિશ્ચિત જાણ. (૪૭). બીજાના નોકરને પ્રયત્નપૂર્વક ભગાડીને પોતાની પાસે રાખે છે તે જેલમાં કેદીની સજા ભોગવી અઘોર કષ્ટ ભોગવે છે. (૪૮). જે દુષ્ટ પારકાની સ્ત્રીને ઉઠાવી જાય છે તે ભયંકર નરકમાં જાય છે અને બીજે જન્મે બુદ્ધિ વિનાનો જન્મી દુ:ખો ભોગવે છે. (૪૯). સાપને મારનાર સાપ યોનીમાં અચૂક જન્મ લે છે. આવા અનેક દોષો છે. હવે ચોરી અંગેની વાત કરું છું. (૫૦).

સોનાની ચોરી કરનાર પેશાબની પીડાથી પીડાય છે અને જે પુસ્તકની ચોરી કરે છે તે જન્મથી અંધ થાય છે. (૫૧). વસ્ત્રની ચોરી કરનાર પાપી ચોક્કસ કોઢિયો થાય છે અને સંઘના દ્રવ્યની ચોરી કરનાર કંઠમાળની પીડાથી પીડાય છે. (૫૨). જે કોઇ દમના રોગીનું ધન હરી લે છે તે પામર વ્યક્તિ જેલમાં બંદી થઇને દુ:ખ ભોગવે છે. (૫૩). જે બીજાનું દ્રવ્ય કે બીજાની થાપણ કપટથી હરી લે છે તે પરદ્વેષી બીજે જન્મે પુત્ર વગરનો થાય છે. (૫૪). જે માણસ અન્નની ચોરી કરે છે તેને પેટના ગોળાનો રોગ થાય છે અને અનાજની ચોરી કરનાર ચોક્કસપણે રકતપિતિયો થાય છે. (૫૫). તેલની ચોરી કરનાર દુર્ગંધી થાય છે અને જે બ્રાહ્મણનું દ્રવ્ય કે પારકાની સતી સ્ત્રીને હરી લે છે તે બ્રહ્મરાક્ષસ થાય છે. (૫૬). રત્ન, મોતી, માણેક અથવા જવાહિરની જે ચોરી કરે છે એ નરાધમ પાપી હીન જાતિમાં રોગિષ્ટ શરીરવાળો થાય છે. (૫૭). જે પત્ર તથા ફળની ચોરી કરે છે તે ખરજવાના રોગથી પીડાય છે અને એ લોહી પીનારો તથા માંસ ખાનારો નિશ્ચિતપણે થાય છે. (૫૮). કાંસું, કપાસ અથવા લોખંડની ચોરી

કરનાર નરકમાં જાય છે અને પછી સફેદ કોઢિયો થાય છે. માટે આવી ચોરી કરતાં વિચાર કરવો. (૫૯). દેવ કાર્યનો ઘાત કરનારો, દેવનું દ્રવ્ય ચોરનારો અને ખાવા લાયક નહિ એવું ખાનારો પાંડુરોગથી પીડાય છે. (૬૦).

બીજાની થાપણ હરી લેનાર બધે જ શોક પામે છે. આવું કરનારાની બીજે જન્મે શું ગતિ થાય છે તે હું તને કહું છું તે તું સાંભળ. આવું જ્ઞાન કોક વિરલ પુરુષને જ હોય છે. (૬૧). ધનની ચોરી કરનારો ઊંટ થઇને જન્મે છે અને ફળની ચોરી કરનાર જંગલી પશુ થાય છે. પાણીની ચોરી કરનાર ચાતક થાય છે અને ઘરવખરી ચોરનાર કાગડો થાય છે. (૬૨). મધ ચોરનારો માખી થાય છે અને માખણ ચોરનારો કોઢિયો થઇને જન્મે છે. ખરેખર ! આ બધા અનંત દોષો છે અને તે ઘોર જન્મ આપનાર બને છે. (૬૩).

મહાભારતના શાંતિપર્વમાં વર્ણવેલા વ્યભિચારનાં ફળ વિશે સાંભળ. જે વ્યક્તિ ધૂર્ત છે અને વ્યભિચારી છે તે ફરી ફરીને નરકમાં જાય છે. (૬૪). જે પારકાની સ્ત્રીને આલિંગન આપે છે તે સો જન્મ સુધી કૂતરો થઇને જન્મે છે ત્યાર પછી સાપનો જન્મ લઇને મહાદુ:ખી થાય છે. (૬૫). જે દુષ્ટબુદ્ધિવાળો સ્ત્રીની યોનિને ખરાબ દૃષ્ટિથી જુએ છે તે બીજા જન્મે આંધળો થાય છે એમાં કોઇ શંકા નથી. (૬૬). જે ભાઇની પત્ની સાથે વિષય ભોગવે છે તે ગધેડો થઇને જન્મે છે અને આવું જારકર્મ કરનારો ત્યાર પછી સાપ થઇને જન્મે છે. (૬૭). મિત્રની સ્ત્રીને ભોગવનારો ચોક્કસપણે કૂતરો થાય છે અને મામીની સાથે વિષય માણનારો ઘોડો થઇને જન્મે છે. (૬૮). જે કોઇ ખરાબ ભાવનાથી પારકી સ્ત્રીનું મોઢું જુએ છે તેને આંખનો રોગ થાય છે અને અપાર દુ:ખ ભોગવે છે. (૬૯). જે શૂદ્ર બ્રાહ્મણની સ્ત્રી સાથે વિષયભોગ ભોગવે છે તે બંને મહા પાપી છે અને ચોક્કસપણે કીડા થઇને જન્મે છે. (૭૦). જે સ્ત્રી શૂદ્ર સાથે વિષયભોગ ભોગવે છે તે દુર્ભાગી થાય છે અને જારકર્મને લીધે બીજા જન્મે તે કૂતરી થાય છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૭૧).

પેલા પતિતજનના પ્રશ્નના જવાબરૂપે શ્રીગુરુ આ પ્રમાણે બોલ્યા. આ સાંભળીને ત્રિવિક્રમ ભારતીએ પ્રણામ કરીને પૂછ્યું કે હે સ્વામી ! તમે આ સુધર્મ પ્રગટ કર્યા તે મેં સાંભળ્યા. હે પ્રભુ ! કદાચ આવું પાપ થઇ જાય તો એ કેવી રીતે શાંત થાય? (૭૨-૭૩).

ત્રિવિક્રમને શ્રીગુરુએ કહ્યું કે નિશ્ચિતપણે પશ્ચાતાપથી પાપનો નાશ થાય છે. હું તને પ્રાયશ્ચિત વિશે કહું છું તે તું સાંભળ. (૭૪). જે જે પ્રકારનાં મહા પાપો કર્યા હોય અને તે હૃદયમાં ચોંટી ગયું હોય તે વિશે કર્મવિપાકના નિયમ પ્રમાણે હું તને પ્રાયશ્ચિત કહું છું. (૭૫). આ અંગે મુનિઓ દ્વારા અનેક પ્રકારનાં પ્રાયશ્ચિતો કહેવામાં આવ્યા છે. એ બધામાં મારો જે મત છે તે હું તને કહું છું તે તું સાંભળ. (૭૬).

મહાપાપમાંથી છૂટવા માટે દંડ કરવાની સત્તાવાળી બ્રાહ્મણોની સભામાં ગોધો મૂકીને અથવા તેની કિંમત મૂકીને પછી એક વરસ સુધી પોતાની શક્તિ મુજબ સભા જેમ કહે તે પ્રમાણે ગાય અને સોનામહોર આપે અથવા તે શકય ના હોય તો એનાથી અડધું અથવા શક્તિ પ્રમાણે પા (૧/૪) સોનામહોર કંજૂસાઇ કર્યા વગર મૂકી પાપને અનુરૂપ કૃચ્છ્રાદિક પ્રાયશ્ચિત કરવું. (૭૭-૭૯). અજ્ઞાનતામાં કરેલાં પાપનો પ્રાયશ્ચિત્ત કરવાથી નાશ થાય છે, અથવા ગુરુની સેવા કરવાથી ગુરુ હરી લે છે. (૮૦).

સૌમ્ય પાપના નાશ માટે બે યોજન તીર્થયાત્રા કરવી અને ચણોઠીના વજન જેટલું સોનું દાન

કરવું. (૮૧). પતિ અને પત્ની પૈકી કોઇ એક પાપ કરે તો પણ બંનેને પાપ લાગે છે અને તેથી બંનેએ પ્રાયશ્ચિત્ત કરવાનું રહે છે. (૮૨). સામાન્ય પાપના નાશ માટે મુનિઓ અન્ય ઉપાય પણ સૂચવે છે. ગાયત્રીમંત્રના દશ હજાર જાપ જપવાથી સામાન્ય પાપનો નાશ થાય છે. (૮૩). ગાયત્રી મંત્રના જાપનું એ કષ્ટદાયી વ્રત એ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. જો પાપ કરનાર વેદની પોતાની શાખાનો પાઠ કરે તો પણ એ પાપનો નાશ થાય છે. (૮૪). આને બદલે જો ગાયત્રી મંત્ર દ્વારા અગ્નિમાં એક હજાર આહુતિનો હોમ કરે તો પણ ફળ મળે છે. (૮૫). હે ત્રિવિક્રમ ! જ્યાં જ્યાં કૃચ્છ્રસંખ્યા જણાવી હોય ત્યાં ત્યાં ભાવપૂર્વક પ્રાજાપત્ય પણ લેવું. આ શાસ્ત્રોક્ત સત્ય હું તને કહું છું. (૮૬). ત્રણ દિવસ, દિવસના એક વાર જમવું, પછી ત્રણ દિવસ રાત્રે એક વાર જમવું, પછી ત્રણ દિવસ માગ્યા વગર જે મળે તે ખાવું અને પછી ત્રણ દિવસ ઉપવાસ કરવા. (૮૭). આવું બાર દિવસનું એક પ્રાજાપત્ય વ્રત જાણવું. સામાન્ય પ્રકારનું પાપ તો પોતાના ગુરુનાં સ્મરણથી પણ નાશ પામે છે. (૮૮). હે મુનિ ! અજાણતાં થયેલું પાપ તો કૃચ્છ્ર કે અતિકૃચ્છ્ર વ્રત કરવાથી ચોક્કસ નાશ પામે છે. બીજું તું ખાસ સાંભળ. (૮૯). દિવસના અન્નના પંદર કોળિયા ખાવા અને રાત્રે બાર કોળિયા ખાવા અથવા માગ્યા વિના અન્નના દિવસના આઠ અને રાત્રે આઠ કોળિયા જમવા. (૯૦). એક મહિનો આ રીતનું વ્રત કરવાથી સામાન્ય કક્ષાનું પાપ નાશ પામે છે. અથવા તો રોજ ખોબો ભરીને અન્ન લેવાથી પણ પાપ નાશ થાય છે. (૯૧). અથવા ત્રણ દિવસ તે જ રીતે ઉપવાસ કરી ચોથે દિવસે ઘી પીવાથી પણ પાપનો નાશ થાય છે. (૯૨). ત્રણ દિવસ ઘી, ત્રણ દિવસ દૂધ અને ત્રણ દિવસ વાયુનું ભક્ષણ કરવાથી અને એકવીસ દિવસ દૂધ પીવાથી બધાં પાપો નાશ પામે છે. (૯૩). જો પાપી અશક્ત હોય તો તલનો આહાર કરે અથવા જવની ધાણી ખાય તો પણ એણે ઉપવાસ કર્યો જ ગણાશે. (૯૪). જો પાપ કરનાર શક્તિશાળી હોય તો પશ્ચાત્તાપરૂપે સાત દિવસ સુધી એ પાંદડાં ઉપર રહેવાનું કષ્ટદાયી વ્રત આચરે તો બધાં પાપનો નાશ થશે. (૯૫). બીલીપત્ર, પીપળો કે કમળ અથવા દર્ભ કે દૂર્વાનો રસ પીને સાત દિવસ રહેનારે પણ પર્ણકૃચ્છ્ર વ્રત આદર્યું મનાય છે. (૯૬). અથવા ચાંદ્રાયણ વ્રત કરે. શુકલપક્ષમાં કૂકડાના ઇંડાંના કદનો કોળિયો રોજ રોજ એક એકથી વધારે અને કૃષ્ણપક્ષમાં એક એક કોળિયો ઘટાડે. પૂનમના દિવસે પંદર કોળિયા ખાય અને અમાવાસ્યાના દિવસે ઉપવાસ કરે. (૯૭-૯૮). અથવા ભરી સભામાં જાહેરમાં પશ્ચાત્તાપરૂપે પોતાનું પાપ મોટેથી જાહેર કરે તો પણ એનાં પાપનો નાશ થાય છે.② (૯૯). પછી સભા જે પ્રાયશ્ચિત કહે તે પ્રાયશ્ચિત કરવાથી એ નિરભિમાની પાપી પણ એ પાપથી મુક્ત થઇ જાય છે. (૧૦૦). અથવા તીર્થયાત્રા કરે તો પણ પાપનો નાશ થાય છે. કાશીમાં જઇને એક મહિનો ગંગાસ્નાન કરવાથી બધાં પાપ શાંત થાય છે. (૧૦૧).

અગત્સ્ય મુનિના કહેવા પ્રમાણે અન્ય તીર્થમાં જઇને ગાયત્રી મંત્રના હજાર જપ કરવાથી પણ બધાં પાપ ટળી જાય છે. (૧૦૨). સેતુબંધ રામેશ્વરમાં સમુદ્રસ્નાન કરવાથી ગર્ભપાત અને કૃતઘ્નતા વગેરે પાપો નાશ પામે છે. (૧૦૩). વળી ત્યાં વિધિસર ગાયત્રીમંત્રના એક કરોડ જાપ કરવાથી બ્રહ્મહત્યા વગેરે પાપનો નાશ થાય છે. (૧૦૪). ગાયત્રીમંત્રના એક લાખ જપ કરવાથી દારૂ પીવાથી લાગતાં પાપોનો નાશ થાય છે અને સાત લાખ મંત્રના જાપથી સોનાની ચોરી કરનારો પાપરહિત થઇ જાય છે. (૧૦૫). ગાયત્રીમંત્રના આઠ લાખ જાપ કરવાથી ગુરુની પત્નીનો સંગ કરનાર પાપી પાવન થઇ જાય છે.

હે જ્ઞાની ત્રિવિક્રમ ! હું તને વેદ પાઠથી થનારી શુદ્ધિ વિષે કહું છું તે તું સાંભળ. (૧૦૬). પવમાનનો પાઠ કરવાથી બ્રહ્મહત્યા વગેરે પાપનો નાશ થાય છે. અથવા એક મહિનો 'ઇંદ્રં મિત્રં' મંત્રનો ખાસ જાપ જપવાથી પણ પાપનો નાશ થાય છે. (૧૦૭). શાંતિસૂક્તનો પાઠ કરવાથી દારૂ પીવા વગેરેથી લાગતાં પાપનો નાશ થાય છે. અને '**શૌનઃ શેપ**'ના પાઠથી સોનું હરી લેનાર (પાપમાંથી) મુક્ત થાય છે. (૧૦૮). જો એક મહિના સુધી હવિષ્યાન્ન ખાઇને પાપી શાંતિસૂક્તનો પાઠ કરે તો ગુરુની પત્નીનો સંગ વગેરેના પાપમાંથી મુક્ત થાય છે. (૧૦૯). પાંચ પ્રકારનાં મહાપાપો કરનાર મિતાહાર કરીને પાંચ કે છ માસ સુધી જો પુરુષસૂક્તનો પાઠ કરે તો પાવન થાય છે. એ જ રીતે જો ભક્તિભાવથી પ્રખ્યાત ત્રિસુપર્ણનો પાઠ કરે તો પણ હે ત્રિવિક્રમ ! એનો બધો પાપસમૂહ ચોક્કસપણે નાશ પામે છે. (૧૧૦-૧૧૧).

જો પાપી શ્રદ્ધાપૂર્વક નારાયણ ઉપનિષદનો પાઠ કરે તો એનાં પાંચ મહા પાપો નાશ પામે છે અને પાપી પાવન થાય છે. (૧૧૨). ત્રિપદા ગાયત્રીનો જપ કરવાથી બધા પ્રકારનાં પાપનો નાશ થાય છે અને અઘમર્ષણસૂક્તથી સાત જન્મોના પાપનો નાશ થાય છે. (૧૧૩). અથવા જે અતિ પ્રખ્યાત એવા વિષ્ણુસૂક્તનો પાઠ કરે છે તેના પણ સાત જન્મોનાં પાપનો ચોક્કસ નાશ થાય છે. (૧૧૪). અજ્ઞાનતાથી થયેલાં પાપના નાશ માટે પશ્ચાત્તાપપૂર્વક પંચગવ્યનું પ્રાશન કરવું. (૧૧૫).

આગલે દિવસે ઉપવાસ કરી નીલરંગની ગાયનું પાશેર જેટલું મૂત્ર પંચગવ્યમાં લેવું. (૧૧૬). કાળી ગાયનું અર્ધા અંગૂઠા જેટલું છાણ લેવું અને તાંબાંના વર્ણવાળી ગાયનું પોણા બશેર દૂધ લેવું. (૧૧૭). સફેદ ગાયનું પોણો શેર જેટલું શુદ્ધ દહીં લેવું. કપિલા ગાયનું પા (૦।) શેર ઘી લેવું અને પા (૦।) શેર દર્ભનું જળ લેવું. (૧૧૮). કાંસાંના યોગ્ય પાત્રમાં યોગ્ય મંત્રપૂર્વક આ બધી વસ્તુ ભેગી કરી એનો હોમ કરવો. (૧૧૯). 'ઇરાવતી' મંત્રથી, 'ઇદં વિષ્ણુ'થી 'માનસ્તોકે' મંત્રથી અને 'પ્રજાપતે'થી શરૂ થતા મંત્રથી હોમ કરવો. (૧૨૦).

વ્યાહૃતિને પ્રણવ સાથેના ગાયત્રી મંત્રથી યોગ્ય વિધિ અનુસાર અગ્નિમાં સમંત્ર હોમ કરવો. (૧૨૧). હૃદયમાં સાચા દિલથી પશ્ચાત્તાપ કરીને 'યત્ત્વગસ્થિ' મંત્રથી એ શુદ્ધ ગવ્ય પીવાથી પાપી પાવન થાય છે. (૧૨૨). જો ઉપર જણાવેલી ગાયો ના મળે તો કપિલા ગાય લેવી. આ ગાય બધી ગાયોમાં ઉત્તમ છે અને એનાં દર્શનથી બધા દોષો નાશ પામે છે. (૧૨૩). એવા સંજોગોમાં એ કપિલા ગાયનું પંચગવ્ય લેવું, એ જ સર્વોત્તમ ગણાશે અને એનાથી જ પાપનો નાશ થશે. (૧૨૪). પહેલો બ્રહ્મહત્યા કરનાર, દારૂ પીનાર, ગુરુની પત્નીનો સંગ કરનાર, તેમજ સોનાની ચોરી કરનાર અને આ ચારનો સંગ કરનાર એવા આ પાંચ મહાપાપીઓ છે. બીજાં ઘણાં ઉપપાતકો છે પરંતુ આ પાંચ મહાપાતકો અસહ્ય છે. (૧૨૫-૧૨૬). જો કદાચિત આવાં પાપો થઇ જાય તો ઉપર જણાવેલાં પ્રાયશ્ચિત્તથી પાપી પાવન થઇ જાય છે અને ગુરુની કૃપાથી પણ એવો પાપી શુદ્ધ થઇ જાય છે. (૧૨૭). પોતાના ધર્મમાં સદા રત રહેનારો, સારી રીતે વેદશાસ્ત્ર જાણનારો અને બ્રહ્મનિષ્ઠ વ્યક્તિ પણ પાપીને પાપમાંથી મુક્ત કરી શકે. (૧૨૮).

શ્રીગુરુનાં એ વચનો સાંભળીને બ્રાહ્મણોને ખૂબ સંતોષ થયો અને કહેવા લાગ્યા કે આપે આવું ધન્ય અને ઉત્તમ પ્રકારનું જ્ઞાન પ્રગટ કર્યું છે. (૧૨૯). પછી શ્રીગુરુ બોલ્યા કે હે શૂદ્ર ! તું પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતો. પરંતુ માતા, પિતા ને ગુરુનો દ્વેષ કરવાથી તું ચાંડાળ થયો છે. (૧૩૦). સંગમ ઉપર જઇને એક મહિનો સ્નાન કરવાથી

તું પાપમાંથી મુકત થઇશ અને પૂર્ણ રીતે શુદ્ધ થઇશ અને બીજે જન્મે પાછો બ્રાહ્મણ થઇશ. (૧૩૧). એ પતિતજને કહ્યું કે હે ગુરુજી ! જેમ માનસરોવર જઇને કાગડો જ્ઞાનવાન હંસ થઇ જાય છે તેમ હું તમારાં દર્શનથી શુદ્ધ જ થઇ ગયો છું. (૧૩૨). માત્ર આપની અમી દૃષ્ટિથી જ હું પવિત્ર થઇ ગયો છું. હે સ્વામીજી ! હું આપને શરણે આવ્યો છું. હે ગુરુજી ! મારો ઉદ્ધાર કરો. (૧૩૩). હે સ્વામી ! પારસમણિનો સ્પર્શ થતાં જ લોખંડ સોનું થઇ જાય છે. શું પછી એ સોનું પાછું લોખંડ થાય ખરું? (૧૩૪). આપની અમીદૃષ્ટિથી હું જ્ઞાની થયો છું. તો હે સર્વજ્ઞ ! મને પવિત્ર કરી તું બ્રાહ્મણ બનાવી દે. (૧૩૫).

એ સાંભળીને હસતાં હસતાં શ્રીગુરુ બોલ્યા કે તારું શરીર તો નીચ વર્ણનું છે પછી તને કોણ બ્રાહ્મણ કહેશે? (૧૩૬). તું વિચાર કરી જો કે તારો જન્મ હીનકુળમાં જન્મેલા પિતાના વીર્ય અને માતાના લોહીથી થયો છે, પછી તને બ્રાહ્મણ કોણ કહેશે? (૧૩૭). આ જે તું કહે છે તે યોગ્ય નથી, નિંદાને પાત્ર છે. પહેલાંના સમયમાં વિશ્વામિત્રે બ્રહ્મત્ત્વ મેળવવા માટે તપશ્ચર્યા નો'તી કરી? શું તું એ નથી જાણતો? જાણવા છતાં પણ આવાં અશક્ય અને દુષ્કર વચનો કેમ બોલે છે? (૧૩૮-૧૩૯). વિશ્વામિત્રે સાઠ હજાર વર્ષ સુધી લોઢાના ચણા ખાઇને ઉગ્ર તપસ્યા કરી હતી જે જોઇને દેવો પણ આભા બની ગયા હતા. (૧૪૦). સૂર્યનાં કિરણથી દેહને બાળી નાંખીને, વસિષ્ઠની કૃપાથી નવો દેહ ધારણ કર્યો ત્યારે તે (વિશ્વામિત્ર) છૂટયા હતા અને ત્યારે એ ક્ષત્રિય કુળમાં જન્મેલા વિશ્વામિત્ર બ્રહ્મર્ષિ થયા હતા. હવે આની સરખામણીમાં તારું શું ગજું? માટે તું મારું કહ્યું માન. (૧૪૧-૧૪૨). તને સાચો પશ્ચાત્તાપ થયો છે માટે આ શરીર તું ત્યજીશ પછી આવતા જન્મે તું બ્રાહ્મણ થઇશ. (૧૪૩). માટે હે પતિતજન ! તું હવે અહીંથી તારા ઘરે જા. શ્રીગુરુ વારંવાર એને જવાનું કહેતા હતા છતાં એ માનતો ન હતો. એક વાર બ્રાહ્મણત્વનું ચાખેલું સુખ છોડીને ત્યાંથી જવાનું મન થતું ન હતું અને એ ફરી પાછો હીનતા પામવા ઇચ્છતો ન હતો. (૧૪૪-૧૪૫).

ગરીબ માણસને ખજાનો મળે પછી એ ખજાનો છોડવા શા માટે તૈયાર થાય? કોઇ માનવીને અમૃત મળે તો એવો કોણ અક્કલ વગરનો હોય કે જે એ અમૃત છોડી દે? ભૂખી ડાંસ ગાયને નસીબજોગે લીલું ઘાસ મળી જાય તો પછી એનું મન ત્યાંથી ખસવા જરા પણ તૈયાર ન થાય એ સ્વાભાવિક છે. (૧૪૬-૧૪૭). એ રીતે એ હીનજાતિનો માણસ જ્ઞાન પામીને, હવે હું બ્રાહ્મણ છું એવું માનીને ત્યાંથી ઘરે જવા તૈયાર થતો ન હતો. (૧૪૮). એટલામાં એની પત્ની પુત્રને લઇને ત્યાં આવી ચઢી. એની દશા જોઇને એને (પત્નીને) થયું કે આનું ચસકી ગયું છે કે શું? (૧૪૯). સ્ત્રીને રોકીને એ પતિત કહેવા લાગ્યો કે તું મને અડકીશ નહિ. આવું બોલીને એને ક્રોધથી મારવા ધસ્યો. (૧૫૦).

આવું જોઇને એની સ્ત્રી ખૂબ જ દુ:ખી થઇ અને શ્રીગુરુનાં ચરણોમાં દૂરથી પ્રણામ કરીને કહ્યું કે હે સ્વામી ! આ મારો પતિ મારો ત્યાગ કરે છે તો તું એને સમજાવ. (૧૫૧). મારે ઘણાં દીકરા દીકરી છે. એ બધાંને કોણ પાળશે? અમને બધાંને છોડીને એ ક્યાં જાય છે? હે સ્વામી ! એને સન્માર્ગે જવાની શિખામણ આપ. (૧૫૨). જો તું એને ઉપદેશ નહિ આપે તો હું આ પુત્ર સાથે અહીં જ પ્રાણત્યાગ કરીશ. અમને અનાથને કોણ પાળશે? માટે હે ગુરુ ! તું એને સમજાવ. (૧૫૩). એ પતિતની પત્નીનાં વચનો સાંભળીને શ્રીગુરુરાયે પેલા પતિતજનને ધર્મનું રહસ્ય સમજાવતાં કહ્યું કે હે પતિત ! તું મારાં વચન માનીને તારા ઘરે જા. સ્ત્રી પુત્રને દુ:ખી કરીને તારી સદ્‌ગતિ

કેવી રીતે થશે? (૧૫૪-૧૫૫).

આ સંસારમાં જન્મીને ઇંદ્રિયોને સંતુષ્ટ કર્યા પછી ધર્મમય બનીને પછીથી મનુષ્ય ભવસાગર તરે છે. (૧૫૬). અથવા પહેલેથી જ લગ્ન કરવું નહિ. લગ્ન કર્યા પછી સ્ત્રીનો ત્યાગ કરવાથી તને મહાન દોષ લાગશે.③ (૧૫૭). સૂર્ય વગેરેની સાક્ષીમાં તેં આની સાથે લગ્ન કર્યાં છે. માટે એનો ત્યાગ કરવાથી તને દોષ લાગશે અને તારી સદ્‌ગતિ નહિ થાય. (૧૫૮). ગુરુનાં વચન સાંભળીને એ પતિત હાથ જોડીને બોલ્યો કે હું એકવાર જ્ઞાની થઇ ગયો છું. હવે પાછો હલકી જાતિનો શું કામ થાઉં? (૧૫૯). એટલે શ્રીગુરુએ મનમાં વિચાર્યું કે એના શરીર પર જે અભિમંત્રિત ભસ્મ નાંખી છે એને ધોઇ નાખવાથી એનું જ્ઞાન જતું રહેશે. (૧૬૦).

એવું વિચારીને શ્રીગુરુએ શિષ્યને કહ્યું કે કોઇ દ્રવ્યલોભી હોય એવો બ્રાહ્મણ બોલાવી લાવ. એ સાંભળીને એ સ્વસ્થ ચિત્તવાળો શિષ્ય ધનલોભી બ્રાહ્મણને શોધવા ગામમાં ગયો. ત્યાં એને એવો વેપારીવૃત્તિવાળો ધનનો લોભી હતભાગી બ્રાહ્મણ મળ્યો. (૧૬૧-૧૬૨). એને લઇને શિષ્ય શ્રીગુરુ પાસે આવ્યો એટલે શ્રીગુરુએ એ બ્રાહ્મણને કહ્યું કે તું આને બરાબર સ્નાન કરાવ. (૧૬૩). એને સ્નાન કરાવવાથી એનું જ્ઞાન ચોક્કસ જતું રહેશે. શ્રીગુરુનાં વચન સાંભળીને ધનલોભી બ્રાહ્મણે કહ્યા પ્રમાણે કર્યું. (૧૬૪). એ પતિતના શરીર પર એક ઘડો ભરીને પાણી રેડી દીધું અને એ રીતે સ્નાન કરાવવાથી ભસ્મ ધોવાઇ ગઇ. (૧૬૫). ભસ્મ ધોવાતાંની સાથે જ એ બધું જ ભૂલી ગયો અને સ્ત્રી તથા પુત્રને જોતાં જ માયામાં આસકત થઇ તેમની પાસે જતો રહ્યો. (૧૬૬). સ્ત્રી અને પુત્રને ભેટી પડીને કહેવા લાગ્યો કે હું તો એકદમ ભ્રમિત થઇ ગયો હતો. પણ તમે લોકો અહીં કેમ આવ્યાં છો? મારું શું કામ પડ્યું છે? (૧૬૭). પોતાની પત્ની તથા પુત્ર સાથે નવાઇ પામતો એ પોતાના ઘરે ગયો. ત્યાં બધી વાતો વિગતે સાંભળીને એને પણ આશ્ચર્ય થયું. (૧૬૮). આ જોઇને બધા લોકો આશ્ચર્ય પામીને કૌતુકતાપૂર્વક કહેવા લાગ્યા કે આ તો તદ્દન નવીન વાત જ છે, જે કોઇ દિવસ જોઇ પણ નથી કે સાંભળી પણ નથી. (૧૬૯). આ જોઇને ત્રિવિક્રમ ભારતી તો આશ્ચર્યચકિત થઇ ગયો. વિનયપૂર્વક પગે લાગીને એ બોલ્યો કે હે દેવ ! મારા મનમાં એક શંકા જાગી છે તેનું તરત નિવારણ કરો. (૧૭૦).

હીન જાતિના પતિતને તેં ખરેખર જ્ઞાન આપી દીધું પરંતુ એનાં શરીરને સ્નાન કરાવતાંની સાથે એ જ્ઞાન કેમ નાશ પામ્યું? (૧૭૧). મુજ ગરીબ ઉપર કૃપા કરીને મને આ બધું વિસ્તારથી સમજાવો. એવું કહીને એણે શ્રીગુરુનાં ચરણકમળમાં ભક્તિથી પ્રણામ કર્યા. (૧૭૨). શ્રીગુરુ બોલ્યા કે હે ત્રિવિક્રમ ! તું સાંભળ. એના પર અભિમંત્રિત ભસ્મ નાંખીને જે જ્ઞાન આપ્યું હતું તે જ્ઞાન ભસ્મ ધોવાઇ જતાં જતું રહ્યું. (૧૭૩).

આ વિભૂતિનો મહિમા છે. એની કોઇ સીમા નથી. માટે ખુદ ભગવાન શંકર ભસ્મ લગાવે છે. (૧૭૪). સંતના હાથના યોગે કરીને મળેલી ભસ્મથી સંસાર પણ બ્રહ્મરૂપ થઇ જાય છે. આમ ભસ્મનું માહાત્મ્ય ન સમજાય એવું અને અપાર છે. (૧૭૫). ગુરુનાં મુખકમળમાંથી સરી પડેલાં અમૃત વચનો સાંભળીને ત્રિવિક્રમ ભારતી બોલ્યો કે હે ગુરુરાય ! મુજ ગરીબ પર કૃપા કરીને મને વિભૂતિ મહિમા વિસ્તારથી સંભળાવો. શ્રીગુરુરાયા પ્રેમને વશ થઇને સવિસ્તર કહેવા સંમત થયા. (૧૭૬-૧૭૭).

એનું અનુસંધાન આગળ ઉપર છે જે શ્રીઅલખ બોલે છે અને શિષ્ય નિરંજન સાંભળે છે. એનું વર્ણન **રંગ**

ધીરગંભીરપણે કરે છે. (૧૭૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'કર્મવિપાકકથન'** નામનો **બ્યાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૮૨

(૧) આપણે કરેલાં કર્મો જ્યારે ફળ આપવા માટે તૈયાર થાય ત્યારે સારું કે નરસું ફળ આપણે ભોગવવું જ પડે છે. તેથી કર્મ કરતી વખતે સાવધાની રાખવી જોઇએ. સકામ કર્મ બંધનકારક છે. સારાં કર્મથી પુણ્ય મળે, ઊર્ધ્વગતિ થાય તે પણ બંધનરૂપ છે અને ખરાબ કર્મથી પાપ મળે, અધોગતિ થાય તે પણ બંધનરૂપ છે. સારાં કર્મનું ફળ એ સોનાની બેડી છે અને ખરાબ કર્મનું ફળ એ લોખંડની બેડી છે. આમ બંધન તો બંનેમાં આવે છે. આપણે જે કાંઇ ભોગવીએ છીએ તેને માટે આપણાં કર્મો જ જવાબદાર છે એ સમજ આવી જાય તો ઘણી અશાંતિ દૂર થાય.

(૨) માણસ જાણે અજાણે પાપ કરી બેસે તો એનો ઉપાય છે હૃદયથી સાચો પશ્ચાત્તાપ. 'મેં આ કર્યું તે ખોટું, અને હવે આવું નહિ કરું' આટલું વિચારે તો પણ ભગવાન એને માફ કરી દે. પરંતુ ખોટું કરનાર પોતે ખોટું કરે છે એવું સ્વીકારતો નથી અને અંદરખાને સ્વીકારે તો પણ બધાની વચ્ચે એ પાપની જાહેરાત કરવાની હિંમત દાખવી શકતો નથી. ખોટું કરવું સહેલું છે પણ એનો જાહેર એકરાર કરી જીવનમાં બદલાવ લાવવો અઘરો છે. તેથી પ્રાયશ્ચિત્તરૂપે દાન ન અપાય કે અઘરાં વ્રતો ન થાય પણ ભરી સભામાં પોતાનાં પાપનો એકરાર કરે તો પણ પૂરતું છે. સંતો એ એવી વિભૂતિઓ છે કે જેની આગળ પાપી પોતાનું પાપ કબૂલતો હોય છે.

(૩) દોહરા ૧૫૬, ૧૫૭ અને ૧૫૮ ધ્યાનથી વાંચવા જેવા અને સમજવા જેવા છે. ઇંદ્રિયોને સંતુષ્ટ કર્યા પછી ધર્મમય થઇને સંસાર સાગર તરવો એમ કહેવા પાછળનો આશય એ છે કે ઘણીવાર ઘેલછા કે આવેશમાં આવી, અણસમજમાં સંસાર છોડનારા પછીથી મનમાં પસ્તાય છે અને ઇંદ્રિયોનો આવેગ સંતોષવા અનુચિત વ્યવહારો કરે છે. લગ્ન કર્યું ન હોય તો જુદો સવાલ છે.પરંતુ લગ્ન કરી સંસાર માંડ્યો જ છે તો હવે એને સારી રીતે નિભાવવો જોઇએ. એમાંથી છટકવાની વૃત્તિથી ઘર છોડવાનું પગલું એ ભક્તિ નથી પણ પલાયનવાદ છે. સંસારમાં રહીને પણ વ્યક્તિ સંસાર સાગર તરી શકે છે એવાં અનેક દૃષ્ટાંતો છે. સંસાર માંડવો નહિ અને માંડ્યો હોય તો પછી માંડી જાણવો. સંસારમાં રહેવું એ પાપ નથી પણ સંસારને મનમાં રાખવો એ પાપ છે.

●

## અધ્યાય : ૮૩

આ અધ્યાયનું નામ **'ભસ્મમાહાત્મ્યવર્ણન'** છે. આ અધ્યાયમાં **૨૬૨** દોહરા છે.

આ અધ્યાયમાં ભસ્મનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. પહેલાંના સમયમાં વામદેવ નામે એક પ્રસિદ્ધ યોગી થઇ ગયા હતા. તે એક વાર જંગલમાંથી પસાર થતા હતા ત્યાં એક બ્રહ્મરાક્ષસે એમના પર હુમલો કર્યો. પરંતુ વામદેવના શરીરની ભસ્મ એને લાગતાં જ એ જ્ઞાની થઇ ગયો અને એને પૂર્વજન્મનું જ્ઞાન પણ થયું. (૧-૨૭).

એ બ્રહ્મરાક્ષસે એના અત્યારના જન્મથી માંડીને પૂર્વના પચ્ચીસ જન્મોની વાત કરી. પછી પૂછ્યું કે તમારા શરીરનો એવો શો મહિમા છે કે એનો સ્પર્શ થતાં જ મને આ જ્ઞાન થયું? (૨૮-૬૩).

વામદેવ યોગીએ કહ્યું કે આ ભસ્મનું માહાત્મ્ય છે. ભગવાન શંકર જેવા પણ વિભૂતિ ધારણ કરે છે એટલે એનો મહિમા કેવો અપાર હશે? એ સિદ્ધાંતને સમજાવવા એક ભ્રષ્ટ બ્રાહ્મણનું દૃષ્ટાંત કહીને ભસ્મનું મહત્ત્વ સમજાવ્યું. (૬૪-૧૦૩).

પછી બ્રહ્મરાક્ષસે વિનંતી કરી કહ્યું કે મને ભસ્મનો મહિમા કહો જેથી હું પણ વિધિ વિધાનપૂર્વક વિભૂતિ ધારણ કરી શકું. (૧૦૪-૧૧૨). બ્રહ્મરાક્ષસની વિનંતી સાંભળીને વામદેવે વિભૂતિનું મહત્ત્વ અને તે ધારણ કરવાની વિધિ વર્ણવી. (૧૧૩-૨૪૮).

મહામુનિ વામદેવે વિભૂતિ ધારણ કરવાની વિધિ કહ્યા પછી એ બ્રહ્મરાક્ષસને અભિમંત્રિત ભસ્મ આપી. બ્રહ્મરાક્ષસે જેવું ભસ્મનું ત્રિપુંડ કર્યું તેની સાથે જ તેની સદ્‌ગતિ થઇ ગઇ. વામદેવના રૂપમાં ભગવાન શંકર જ પૃથ્વી પર વિચરતા હોય છે અને આ રીતે જીવનો ઉદ્ધાર કરતા હોય છે. (૨૪૯-૨૬૨).

શ્રીગુરુ બોલ્યા કે હે ત્રિવિક્રમ ભારતી ! ભસ્મનો મહિમા અપરંપાર છે. હું તને એ મહિમા કહું છું તે તું સાવધાનીપૂર્વક સાંભળ. (૧). પૂર્વે સત્યયુગના સમયમાં વામદેવ નામના એક પ્રસિદ્ધ મહાયોગી જગતમાં એકલપણે વિચરતા હતા. (૨). એ શુદ્ધ અને બુદ્ધ પોતાની મરજી પ્રમાણે બધે ફરતા હતા. બ્રહ્મને જાણનારા એ ઘર અને પત્નીને છોડીને અસંગપણે ફરતા હતા. (૩). જેને સ્વપ્નમાં પણ કામ ક્રોધ વગેરે આવતા નથી એવા હંમેશાં સંતુષ્ટ રહેનારા અને મૌન રાખનારા એ કેવળ નિઃસ્પૃહી હતા. (૪). જટાધારી, જીતેન્દ્રિય અને ભસ્મથી વિભૂષિત શરીર પર વલ્કલ અને વ્યાઘ્રાંબર ધરીને પૃથ્વી પર ફરતા હતા. (૫). આ રીતે વિવિધ ક્ષેત્રોમાં ફરતા અને લોકોનો સારી રીતે ઉદ્ધાર કરનાર એ જ્યાં મનુષ્યની અવર જવર નથી એવા ક્રૌંચારણ્યમાં આવ્યા. (૬).

એ જંગલમાં એક ક્રૂર અને ભયાનક બ્રહ્મરાક્ષસ રહેતો હતો. જે માણસ અને પશુ વગેરેને ખાઇ જતો હતો. એ અત્યંત ભયંકર અને નિર્દય હતો. (૭). ઘોર જંગલમાં શાંત મુનિને એકલા જોઇને એને ખાઇ જવા માટે બ્રહ્મરાક્ષસ ભૂખ્યા વરૂની જેમ ઝડપથી દોડ્યો. (૮). ક્રોધથી મોઢું ફાડીને અને દાંત કચકચાવીને ભૂખથી અકળાયેલો એ મુનિ

પર દોડ્યો. (૯). કાળ સમાન એ જંગલી બ્રહ્મરાક્ષસને જંગલમાં આવતો જોયો તો પણ વામદેવ બિલકુલ ડગ્યા નહિ. ખરેખર એમને ધન્ય છે. (૧૦). મહાજ્ઞાની અને સમર્થ એવા વામદેવ જ્યાંના ત્યાં જ ઊભા રહ્યા. ચાલો આ તો સારો કોળિયો ખાવા મળ્યો એમ કહીને એ હતભાગી રાક્ષસ ઊછળ્યો. (૧૧). પછી એ મુનિને જ્યાં ખેંચવા ગયો ત્યાં મુનિના શરીર પરની ભસ્મ રાક્ષસના શરીરને લાગી અને એ લાગતાંની સાથે જ એ દુષ્ટ જ્ઞાની થયો. (૧૨).

એ દુષ્ટની ક્રૂરતા ક્ષણમાં જ જતી રહી અને એ શાંત થયો. એને ઘણા પૂર્વજન્મોનું સ્મરણ થયું અને એ ઉત્કૃષ્ટ જ્ઞાનવચન બોલવા લાગ્યો. (૧૩). ચિંતામણિના સ્પર્શથી જેમ લોખંડનું સોનું થઇ જાય છે તેમ એનાં બધાં પાપો બળી ગયાં અને એને પૂર્વજન્મનું જ્ઞાન થયું. (૧૪). માનસ સરોવર જઇને જેમ કાગડો રાજહંસ થઇ જાય, મરવા પડેલો માણસ અમૃત પીને અમર થઇ જાય, જંબુનદીમાં પડીને જેમ માટીનું સોનું થઇ જાય તેમ મુનિના અંગના સ્પર્શથી એ પાપી પરમ પવિત્ર થઇ ગયો. (૧૫-૧૬).

આ પૃથ્વી પર બધું મળવું સરળ છે. પરંતુ કેવળ સંતનાં દર્શન થવાં જ દુર્લભ છે. આવું દર્શન પાપીને તરત જ પરમ પાવન કરી દે છે.① (૧૭). એ ભયંકર બ્રહ્મરાક્ષસ કે જેની ભૂખ પણ અપાર હતી અને એ માણસ, હાથી અને ઘોડા ખાવા છતાં સહેજ પણ ધરાતો ન હતો, વિશાળ જળ રાશિનું બધું પાણી પીવા છતાં તેની તરસ છિપાતી ન હતી તેવો એ પાપી મુનિનાં અંગના સ્પર્શથી શાંત થયો. (૧૮-૧૯). મુનિનાં અંગના સ્પર્શથી ફક્ત એની ભૂખ-તરસ જ શાંત થયાં હતાં એવું નહિ પણ ક્રોધ વગેરે પણ શમી ગયાં હતાં. જ્ઞાની થતાં જ પૂર્વનો રાક્ષસ મુનિનાં ચરણે પડીને વામણો થયો. (૨૦).

હે ગુરુશ્રેષ્ઠ ! મને બચાવી લો. મારું રક્ષણ કરો. તું સાક્ષાત્ ઇશ્વર છે અને હું ઘોર સંસારમાં પડ્યો છું. હે તાત ! હે મુનિશ્વર ! તું મને તાર. (૨૧). તું દાનેશ્વરી છે અને હું ગરીબ છું, તું જગતનો સ્વામી છે, મહાન ઇશ છે. હે કૃપાના સાગર ! હે માયાના સ્વામી ! તું કરુણા લાવી મારો ઉદ્ધાર કર. (૨૨). તારાં દર્શન માત્રથી જ મારાં બધાં પાપ નાશ પામ્યાં છે. હે જગદ્ગુરુ ! મારું દુષ્ટ મન તેં પાવન કરી નાંખ્યું છે. (૨૩). આ રીતે એ રાક્ષસ ભક્તિભાવથી મુનીશ્વરનું સ્તવન કરવા લાગ્યો. એ સ્તવનને કારણે તે જ ક્ષણે વામદેવ મુનિ પ્રસન્ન થયા. (૨૪).

એમણે રાક્ષસને પૂછ્યું કે અરે ! તું કોણ છે? તારો જન્મ કયાં થયો છે? આ નિર્જન જંગલમાં એકલો કેમ રહે છે? (૨૫). મુનિનાં એ વચન સાંભળીને વિનયનમ્ર થઇને પગે લાગીને રાક્ષસ બોલ્યો કે હે મુનિવર ! સાંભળો. હે પ્રભુ ! તારી કૃપાને લીધે પૂર્વનું જ્ઞાન થયું છે. પૂર્વના બધા જ જન્મોનું પૂર્ણ જ્ઞાન થયું છે અને એ બધા જન્મો મને યાદ આવે છે. (૨૬-૨૭). એમાં પણ મને પચ્ચીસમો જન્મ સ્પષ્ટ યાદ આવે છે. એ પચ્ચીસમા જન્મમાં હું યવનરાજ હતો. (૨૮).

મારું નામ દુર્જય હતું અને હું દુરાચારમાં રચ્યોપચ્યો રહેતો હતો. મેં ઘણા લોકોને મારી નાંખ્યા હતા અને સમગ્ર પ્રજાને ખૂબ દુ:ખી કરી હતી. (૨૯). મદથી ઉન્મત્ત થયેલો એવો હું અનેક સ્ત્રીઓને પરણ્યો અને અસંખ્ય સ્ત્રીને બળજબરીથી હરી લાવ્યો. (૩૦). રોજ એક સ્ત્રીને ભોગવ્યા પછી એનું મોં કોઇ દિવસ ફરી પાછું જોયું નથી. એ બધી દુ:ખિયારી સ્ત્રીઓને અંત:પુરમાં ગોંધી રાખી હતી અને એવી અસંખ્ય સ્ત્રીઓ મને ક્રોધથી શાપ આપતી હતી. (૩૧-૩૨). બધા રાજાઓને મેં જીતી લઇને એમની રાણીઓને લઇ આવીને મારા અંત:પુરમાં રાખી હતી અને

બધી સાથે એક વાર ભોગ ભોગવ્યો હતો. (૩૩). જેટલી રૂપાળી સ્ત્રીઓ હતી એ બધીને બળજબરીથી અથવા દ્રવ્ય આપીને લાવ્યો હતો અને એ બધીને મેં ભોગવી હતી. (૩૪). મારા રાજ્યના જે બ્રાહ્મણો પરદેશ ગયા હતા તેમની સ્ત્રીઓને પણ બળજબરીથી લાવીને મેં મારી ઇચ્છાનુસાર ભોગવી હતી. (૩૫). પતિવ્રતા, સૌભાગ્યવતી, વિધવા અને રજસ્વલા સ્ત્રીને પણ હું હરી લાવ્યો અને ઉન્મત્ત બનીને મેં ભોગવી હતી. (૩૬). કુંવારી કન્યાઓને પણ બળાત્કારથી હરી લાવી, એમને ભોગવીને એમને મેં ત્રાસ આપ્યો હતો. ભયંકર મદથી મેં મારા રાજ્યની બધી જ સ્ત્રીઓને પીડા આપી હતી. (૩૭). ત્રણસો બ્રાહ્મણની સ્ત્રીઓ, ચારસો સુકોમળ ક્ષત્રાણીઓ, છસો વાણિયાની સ્ત્રી, હજાર શૂદ્ર સ્ત્રીઓ, એક સો ચાંડાળ સ્ત્રીઓ, એક હજાર પુલિંદ સ્ત્રીઓ, પાંચસો વાઘરણો, ચારસો ધોબણ અને વેશ્યા સ્ત્રી તો અપાર સંખ્યામાં અભિમાનથી ઉન્મત્ત બનીને મેં ભોગવી હતી તો પણ મારું મન ધરાયું નહિ. (તૃપ્ત થયું નહિ.) (૩૮-૪૦).

હું ભયંકર દારૂડિયો હતો અને વિષયાસક્તિમાં ઉન્મત્ત હતો. હું દુષ્ટ બુદ્ધિનો રાત દિવસ વિષયોમાં રમ્યો છતાં સ્વસ્થ કે શાંત થયો નહિ. (૪૧). ભોગ ભોગવવાથી કામવાસના શાંત તો ના થઇ પણ ઊલટાનો બધા રોગોમાં જીવલેણ એવો ક્ષય રોગ થયો. (૪૨).

એક વાર બીજા બધા રાજાઓએ ભેગા થઇને મારું રાજ્ય હરી લીધું. દુશ્મનોએ દાઝ વાળી અને બધો વૈભવ જતો રહ્યો. (૪૩). ત્યાં અચાનક મૃત્યુ આવતાં મૃત્યુના દૂતો આવી પહોંચ્યા અને મને હડધૂત કરીને યમપુરીમાં લઇ ગયા. (૪૪). હજાર દિવ્ય વર્ષો સુધી મને નરકમાં નાંખ્યો. પિતૃઓ સાથે મેં દશવાર ત્યાં અસહ્ય દુ:ખો વેઠ્યાં. (૪૫). હે મુનિરાય ! પછી હું પ્રેત યોનિમાં જન્મ્યો. મારા શરીર પર હજારો લિંગ (શિશ્ન) હતાં તેથી હું એકદમ કદરૂપો-બેડોળ દેખાતો હતો. (૪૬). હું ત્યાં સો દિવ્ય વર્ષો સુધી દુ:ખ ભોગવતો રહ્યો અને પછી ભૂખથી વ્યાકુળ થતો હું મૃત્યુ પામ્યો. (૪૭). દુર્ગતિ પામીને ત્યાં લાંબો સમય હું દુ:ખી દુ:ખી થઇને રહ્યો. ત્યાંથી પછી જંગલમાં હું વાઘ થઇને જન્મ્યો અને હિંસાખોર બન્યો. (૪૮). ત્રીજો જન્મ અજગરનો, ચોથો વરૂનો, પાંચમો ડુક્કરનો અને છઠ્ઠો કાચિંડાનો જન્મ હતો. (૪૯). સાતમો જન્મ કૂતરાનો, આઠમો જન્મ શિયાળનો, નવમો હરણનો અને દસમો જન્મ સસલાનો થયો હતો. (૫૦). અગિયારમો જન્મ વાંદરાનો, બારમો સમડીનો, તેરમો નોળિયાનો અને ચૌદમો જન્મ કાગડાનો હતો. (૫૧). પંદરમો જન્મ રીંછનો, સોળમો જંગલી મરઘાનો અને હે પવિત્ર મુનિ ! સત્તરમો જન્મ આંધળા ગધેડાનો હતો. (૫૨). અઢારમો જન્મ બિલાડાનો, ઓગણીસમો જન્મ ફરી પાછો દેડકાનો અને વીસમો જન્મ કાચબાનો હતો. (૫૩). એકવીસમો જન્મ માછલીનો અને બાવીસમો જન્મ ચોરીછૂપીથી ધાન્ય ખાઇ જનાર ઉંદરનો હતો. ત્રેવીસમો જન્મ દિવસે ન જોઇ શકનાર ઘુવડનો હતો. (૫૪). ચોવીસમો જન્મ કેવળ તામસ સ્વરૂપ હાથીનો હતો અને પચ્ચીસમે જન્મે દુષ્ટ બુદ્ધિવાળો બ્રહ્મરાક્ષસ થયો. (૫૫).

અરેરે ! જંગલમાં રહેતો અને રાતદિવસ ભૂખથી પીડાતો હું ખાવાનું ન મળતાં ખાઉં ખાઉં કરીને બધે ભટકતો ફરું છું. (૫૬). તને જોઇને દુષ્ટ બુદ્ધિવાળો પાપી એવો હું તને ખાવા માટે બધું વિવેકભાન ભૂલીને ખૂબ વેગથી દોડ્યો. (૫૭). તારા શરીરના સ્પર્શમાત્રથી મને પૂર્વજન્મનું જ્ઞાન થઇ ગયું અને હજારો જન્મોનાં મારાં દુષ્કૃત્યોનું મને ભાન થયું. (૫૮). હે પ્રભુ ! હવે મારા પર કૃપા કરીને મને આ સંસાર સાગરમાંથી તાર. તારો બાળક

જાણીને મારો ઉદ્ધાર કર અને હવે જન્મ લેવો ના પડે એવું કર. (૫૯). તું ખરેખર આ વિશ્વનો તારક છે અને સદ્‌ભાગ્યે તું મને મળ્યો છે. તારાં ચરણનો મહિમા કોણ જાણી શકે એમ છે? મને માત્ર તારા સ્પર્શથી આ જ્ઞાન થયું છે. (૬૦).

આ પૃથ્વી પર ઘણા માણસો ફરે છે. પણ તું એના જેવો નથી. તું તો અલૌકિક છે. તારા શરીરના સ્પર્શ માત્રે મને જ્ઞાન થયું તો એનું અનન્ય માહાત્મ્ય મને કહે. (૬૧). હું દુરાચારી અને મહાપાપી જંગલમાં ફરતો ફરું છું છતાં માત્ર તારા શરીરના સ્પર્શથી જ મને કેવી રીતે જ્ઞાન થયું? (૬૨). તારા અંગનો એવો તો શો મહિમા છે? તું જ આ જગતમાં ઈશ્વરરૂપ છે. મને તો એવું જણાય છે કે ભકતજનોનો ઉદ્ધાર કરવા માટે જ તેં અવતાર લીધો છે. (૬૩). રાક્ષસનાં આવાં વચનો સાંભળીને વામદેવ સંતુષ્ટ થઇને બોલ્યા કે ખરેખર આ ભસ્મનો મોટો મહિમા છે. (૬૪).

તું જો ! મારું આ આખું શરીર ભસ્મથી વિભૂષિત છે. તારાં શરીરને થોડી ભસ્મ લાગી છે તેથી તને અનેક જન્મોનું જ્ઞાન થયું છે. ભસ્મનો મહિમા અપાર છે. એનું માહાત્મ્ય જો બ્રહ્માજી જેવા પણ જાણી શક્યા ના હોય તો મૃત્યુલોકના માનવીનું શું ગજું? (૬૫-૬૬). શંકરે જેને અલંકારની જેમ ધારણ કર્યું છે તેનું વર્ણન ઉમાપતિ શંકર સિવાય બીજું કોણ કરી શકે? (૬૭). તેં જ્યારે મને પૂછ્યું જ છે તો ભસ્મનો અપાર મહિમા દર્શાવતો જે પ્રસંગ મેં જોયો હતો તે હું તને કહું છું તે તું શંકા કર્યા વગર સાંભળ. (૬૮).

દ્રવિડ પ્રાંતમાં એક કર્મભ્રષ્ટ બ્રાહ્મણ હતો. એનામાં સદાચારનું નામ નિશાન ન હતું. શૂદ્ર સ્ત્રી સાથે વિષય ભોગવવામાં તે રચ્યોપચ્યો રહેતો હતો. (૬૯). એ ભ્રષ્ટ બ્રાહ્મણનો બધા બ્રાહ્મણોએ બહિષ્કાર કર્યો. એટલું જ નહિ પણ માતા, પિતા, ભાઇ, બહેનોએ પણ એનો ત્યાગ કર્યો. (૭૦). એ કહેવા પૂરતો જ બ્રાહ્મણ હતો. બાકી હલકા આચારવાળો હતો. એ શૂદ્ર સ્ત્રી સાથે રાત દિવસ ભોગ ભોગવીને સમય પસાર કરતો હતો. (૭૧). અનેક સ્ત્રી સાથે ભોગ ભોગવતો હતો અને ચોરી કરીને પેટ ભરતો હતો. આવો દુરાચારી એ પાપી છેલ્લે પાટલે જઇને બેઠો. (૭૨).

એક દિવસ વ્યભિચાર કરવાના ઇરાદાથી એક શૂદ્રના ઘરમાં રાત્રે ઘૂસ્યો. (૭૩). જારકર્મની અધવચ જ એને શૂદ્રે મરણતોલ માર મારીને વગડામાં બહાર ફેંકી દીધો. (૭૪). ત્યાં દૂર ભસ્મના ઢગલા પર એક કૂતરું આળોટતું હતું. મૃતપ્રાય બ્રાહ્મણને જોઇને એ કૂતરું એના તરફ દોડ્યું. (૭૫). એ ભૂખ્યું કૂતરું ખાવા માટે જેવું એના શરીર પર ચઢ્યું તેવું જ એ કૂતરાના શરીર પર ચોંટેલી ભસ્મ બ્રાહ્મણના શરીર પર પડી. (૭૬). ભાગ્યવશ મરવા પડેલા એ બ્રાહ્મણને થોડી ભસ્મ કપાળ પર લાગી, થોડી ભસ્મ છાતી પર પડી અને બંને હાથ પર ભસ્મ પડી. (૭૭). એના પ્રાણ જતાંની સાથે જ ત્યાં યમદૂતો દોડી આવ્યા અને એને બાંધીને મારતા મારતા યમપુરી તરફ લઇ જવા લાગ્યા. (૭૮). ત્યાં તો કૈલાસ પર્વત પરથી શિવના દૂતો આવીને ઊભા રહ્યા અને એના શરીરને ભસ્મ લાગેલી જોઇને એમણે વિચાર્યું કે આ તો પવિત્ર છે અને કૈલાસ માટે જ યોગ્ય છે. એને કોણ કયાં લઇ જાય છે? એવું વિચારીને એ શિવના દૂતો ક્રોધે ભરાઇને મારવા દોડ્યા. (૭૯-૮૦).

તેઓ કહેવા લાગ્યા કે હે યમદૂતો ! આ તો શિવપુરીને યોગ્ય છે. એને કયાં લઇ જાઓ છો? આ અયોગ્ય કામ મૂકી દો. (૮૧). શિવદૂતોને જોઇને યમદૂતો બીધા અને બ્રાહ્મણને ત્યાં જ પડતો મૂકીને તરત જ યમપુરીમાં

જતા રહ્યા. (૮૨). ત્યાં જઇને યમરાજાને કહ્યું કે હવે અમારું બિલકુલ જોર ચાલતું નથી. આજે અમે પૃથ્વી પર એક ઘોર પાપીને લેવા ગયા હતા તો ત્યાં શિવદૂતો અમને ક્રોધથી મારવા માટે દોડતા આવ્યા અને કહેવા લાગ્યા કે આ તો પવિત્ર માણસ છે. (૮૩-૮૪). અમારી પાસેથી એને બળજબરીથી ઝૂંટવી લીધો અને અમને કેદ કરવા માટે દોડ્યા. હે સ્વામી ! હવે તમે જ કહો કે આમાં અમારે શું કરવું? (૮૫).

મૃત્યુલોકમાં હવે અમારાથી કામ કેવી રીતે થશે? તારા સેવકો એવા અમને શિવદૂતો મારે છે. (૮૬). દૂતોનાં આવાં વચનો સાંભળીને યમરાજા ક્રોધે ભરાયા અને એ દંડ લઇને શિવદૂતો હતા તે તરફ દોડ્યા. (૮૭). યમરાજાએ પૂછ્યું કે હે શિવદૂતો ! તમે મારા દૂતોને કેમ માર્યા? આ શબને કેમ ઝૂંટવી લીધું? અને એને શિવપુરી કેમ લઇ જાઓ છો? (૮૮). આનું તો અતિશય પાપ છે. એનું પાપ ગંગાનદીની રેતીના કણ કરતાં પણ વધારે છે. આના જેવો તો બીજો કોઇ જ પાપી નથી. (૮૯). કોઇ સંજોગોમાં એ કૈલાસ માટે યોગ્ય છે જ નહિ. મૂઢની જેમ તમે એને દેવ વિમાનમાં બેસાડીને કૈલાસ કેમ લઇ જાવ છો? (૯૦).

યમનાં ક્રોધભર્યાં વચનો સાંભળીને શિવના દૂતો બોલ્યા કે જુઓ ! આના કપાળમાં પ્રગટેલા સૂર્યની જેમ ભસ્મચિહ્ન દેખાય છે? (૯૧). એની છાતી પર, બંને હાથ પર અને કાંડા પર પણ સ્પષ્ટ રીતે ભસ્મ દેખાય છે કે નહિ? અને છતાં તમે એમ પૂછો છો કે આને કેમ લઇ જાઓ છો? (૯૨). અમને ભગવાન શંકરની આજ્ઞા છે કે જે કોઇ માણસે ભસ્મ લગાડી હોય તેને કૈલાસમાં લઇ આવવો કારણ કે તે કૈલાસને યોગ્ય છે. (૯૩). આના કપાળમાં ભસ્મ હતી તો પણ તારા દૂતો તેને લેવા આવ્યા. તેમ છતાં અમે દયા જાણીને તારા દૂતોને જીવતા જવા દીધા છે. હવે તું તારા દૂતોને સાચી સમજ આપજે કે જે માણસ ભસ્મથી વિભૂષિત હોય તે પાપી પણ નથી અને શિક્ષાને યોગ્ય પણ નથી. એને કોઇ દોષ લાગતો નથી. એ હંમેશ માટે સ્વર્ગને યોગ્ય હોય છે. (૯૪-૯૬).

શિવના દૂતનાં એવાં ધર્મયુકત વચનો સાંભળીને યમરાજાએ પોતાના દૂતોને બોલાવીને કહ્યું કે તમે રહસ્યમય વાત સાંભળો. (૯૭). જે વ્યક્તિ ભસ્મથી વિભૂષિત હોય તેને દૂરથી જ છોડી દેવી. એ બધા શિવના ભકતો છે અને એ સદેહે કૈલાસમાં જવાને લાયક છે. (૯૮). અનેક દોષોથી એ ભલે દૂષિત હોય તો પણ એ ત્રિપુંડથી શોભતો હોય તો એ યમપુરીને યોગ્ય નથી. એને દૂરથી જ ત્યજી દેવો. (૯૯). જેના ગળામાં રુદ્રાક્ષની માળા હોય, કપાળે ભસ્મનું ત્રિપુંડ્ર હોય એને તમારે કદી પણ હેરાન કરવા નહિ એવી શિવજીની કડક (છેક) આજ્ઞા છે. (૧૦૦).

હે દૂતો ! એ ધર્મયુકત આજ્ઞા મને પણ માન્ય છે. માટે બધી શંકાઓ છોડીને તમે હવે સાવધાન રહેજો. (૧૦૧). વામદેવ બોલ્યા કે હે રાક્ષસ ! આ વિભૂતિનો અલૌકિક (ધન્ય) મહિમા તું ભક્તિભાવથી સાંભળ. (૧૦૨). દેવોને પણ ઘણી જ દુર્લભ એવી વિભૂતિ મેં મારા શરીર પર ધારણ કરી છે. ભગવાન શંકરને પણ પ્રિય એવી આ ભસ્મનાં વખાણ કોણ કરી શકે? (૧૦૩). કરગરીને રાક્ષસ બોલ્યો કે હે જગજીવન ! હે ઇશ્વર ! તું જ સાક્ષાત્ ત્રિમૂર્તિ છે. તું મારો ઉદ્ધાર કર. (૧૦૪). તારાં ચરણનાં દર્શનમાત્રથી મને મારા અનેક જન્મો યાદ આવી ગયા. મારાં કેટલાંયે પુણ્યો ફળ્યાં હશે તે તારો સત્સંગ થયો. (૧૦૫).

આગલા જન્મમાં રાજા તરીકે મેં જે પુણ્યકાર્યો કર્યાં હતાં તે બધાં મને યાદ આવ્યાં. મેં જંગલમાં વાવ

બંધાવી હતી. તદ્દુપરાંત બ્રાહ્મણોને જીવિકા બાંધી આપી હતી. એ બધું આજે ફળ્યું છે. મેં ત્યાં અસંખ્ય પાપો કર્યાં હતાં અને પ્રજાને અભિમાની થઇને ત્રાસ આપ્યો હતો. જ્યારે મૃત્યુ પામીને હું યમલોક ગયો ત્યારે યમરાજાએ ચિત્રગુપ્તને બોલાવીને પૂછ્યું એટલે ચિત્રગુપ્તે જ્યારે પાપ પુણ્યનો ચોપડો ખોલીને વાંચ્યો હતો ત્યારે હે મુનીશ્વર ! મેં આ પુણ્ય સાંભળ્યું હતું. (૧૦૬-૧૦૯). ત્યારે યમરાજાએ મને કહ્યું હતું કે તારું આ પુણ્ય તારા પચીસમા જન્મમાં ફળશે. તે મુજબ એ ખરેખર આજે ફળ્યું છે. (૧૧૦).

હે સ્વામી ! એ પુણ્યના પ્રતાપે કરીને આજે આ ધન્ય ચરણકમળનાં દર્શન થયાં છે. હે પ્રભુ ! હું આપના શરણમાં અનન્યભાવે આવ્યો છું. મારો હવે ઉદ્ધાર કરો. (૧૧૧). હે મહામુનીશ્વર ! તમે મને ભસ્મનો મહિમા કહો અને એ ભસ્મ કેવી રીતે ધારણ કરવી એ અંગેનું વિધાન કહો. (૧૧૨). આ સાંભળીને વામદેવ બોલ્યા કે હે બ્રહ્મરાક્ષસ ! સાંભળ. હું તને ભસ્મધારણનો વિધિ જે પ્રકારે છે તે પ્રકારે જ કહું છું. (૧૧૩).

એકવાર મંદર નામના પર્વત પર ભગવાન પાર્વતીપતિ ક્રીડા કરવા માટે કરોડો ગણો સાથે શિખર તરફ ગયા અને ત્યાં પહોંચીને શિખર ઉપર બેઠા. (૧૧૪). તેત્રીસ કરોડ દેવતા, યમ, અગ્નિ, વરુણ, વાયુ, કુબેર વગેરે સાથે દેવરાજ ઇંદ્ર ત્યાં ગંભીરતાપૂર્વક આવ્યો. (૧૧૫). ચિત્રસેન વગેરે સહુ ગંધર્વો, યક્ષો, ખેચરો, પન્નગો, વિદ્યાધર પણ આવ્યા હતા. (૧૧૬). કિંપુરુષો, સિદ્ધો, સાધ્યદેવો, ગુહ્યકો, દેવોના ગુરુ બૃહસ્પતિ, વસિષ્ઠ, નારદ વગેરે પણ આવ્યા હતા. (૧૧૭). પિતૃઓ સાથે અર્યમા પણ આવ્યા. નિર્મળ ઋષિઓ, બ્રહ્માના દક્ષ વગેરે માનસપુત્રો પણ શિવની પાસે આવ્યા હતા. (૧૧૮). ઉર્વશી વગેરે અપ્સરા, બાર આદિત્ય, આઠ વસુ અને સાત માતૃકા સાથે ચંડિકા પણ આવ્યાં હતાં. (૧૧૯). અશ્વિની દેવો, વિશ્વદેવો અને મરુદ્દગણો પણ શંકર પાસે આવ્યા હતા. (૧૨૦).

મહાકાળ, મહાનીલ, નંદીકેશ, ભૂતેશ, બંને દંડધારી પાર્ષદો, જ્યાં પાર્વતી સાથે શિવ હતા ત્યાં આવ્યા. (૧૨૧). વીરભદ્ર, મણિભદ્ર, વૃકોદર, દેવમાન્ય ષટ્કર્ણ અને શંખકર્ણ પણ આવ્યા. (૧૨૨). ત્યાં કુંભોદર, મંદોદર, વિકટ કર્ણધારક અને ધારકેતુ પણ આવ્યા. (૧૨૩). ભૃંગીરટ, મહાવીર, ભૂતનાથ, પ્રમથ એવા ભાત ભાતના દેખાવના સુભટ રુદ્રગણો શોભતા હતા. (૧૨૪). વિવિધ વર્ણવાળા અને વિચિત્ર અંગ અને રૂપવાળા ગણો આવ્યા હતા. કોઇ શ્યામ વર્ણનું હતું તો વળી કોઇ પીળા વર્ણનું હતું. (૧૨૫). કોઇ સફેદ વર્ણનું હતું તો કોઇ લાલ વર્ણનું હતું. કોઇ ધૂમ્ર વર્ણનું તો કોઇ વળી લીલા વર્ણનું હતું. આમ ચિત્રવિચિત્ર એવા તે અત્યંત મોહક હતા. (૧૨૬). દેડકા જેવી કાંતિવાળા ઘણા હતા. તો કોઇના વેશનું તો વર્ણન જ થાય એમ ન હતું. આ બધાના વિવિધ પ્રકારનાં આયુધો, વાહનો અને આભૂષણો હતાં. (૧૨૭).

કોઇનું મોઢું વાઘનું તો કોઇનું મોઢું ભૂંડનું હતું. કોઇનું મોઢું હાથીનું હતું. વળી કોઇનું મોઢું શોકરહિત મગરનું હતું. (૧૨૮). કોઇ કૂતરાના જેવા મુખવાળા તો કોઇ હરણના જેવા મોં વાળા હતા. કોઇનું મોં ઉપરના ભાગમાં હતું તો કોઇનું વળી ઊંટના મોં જેવું હતું. કોઇનું મોં શરભ જેવું તો કોઇનું મોં સિંહ જેવું તો વળી કોઇનું મોં સમડી જેવું હતું. (૧૨૯). કોઇ મોં વગરના હતા તો કોઇ વળી બે મોઢાવાળા હતા. કોઇ એક મુખવાળા તો કોઇ ચાર મુખવાળા હતા. વળી કોઇ તો અનેક મોં વાળા હતા. (૧૩૦).

કોઇ એક હાથવાળા તો કોઇ ચાર હાથવાળા હતા. કોઇને બે હાથ, કોઇને પાંચ હાથ, તો કોઇને છ હાથ

હતા. એવા શિવના ગણો શોભી રહ્યા હતા. (૧૩૧). ત્યાં વળી કોઇ પગ વિનાના હતા તો વળી કોઇ અનેક પગવાળા હતા. કોઈ કાન વગરના હતા તો કોઇને અનેક કાનો હતા. તો વળી કોઇને એક જ કાન હતો. (૧૩૨). આમ ટોળાંબંધ અનેક ગણો ભગવાન શંકરનાં દર્શને આવ્યા. એમાં કોઇને એક આંખ હતી તો કોઇને અનેક આંખો હતી. (૧૩૩). કોઇનું શરીર હૃષ્ટ પુષ્ટ હતું તો વળી કોઇનું શરીર એકદમ સૂકલકડી સમાન હતું. કોઇ ખૂંધા હતા તો વળી કોઇ સરસ અંગવાળા હતા. એમ જાતજાતના ગણો હતા. (૧૩૪). આમ બ્રહ્મ મૂર્તિમંત થઇને બેઠું હોય એમ ભગવાન શંકર ગણો સાથે સાત પ્રભાવલિવાળા સિંહાસન પર બિરાજતા હતા. (૧૩૫).

પહેલી પ્રભાવલિ લાલ વર્ણની હતી અને રત્ન રંજિત હતી અને રત્નમયી એ પ્રભાવલિથી શિવનું સિંહાસન શોભતું હતું. (૧૩૬). બીજી પ્રભાવલિ પીત (પીળો) વર્ણની હતી અને એ સુવર્ણમયી હતી. રત્નમયીથી એ શિવનું સિંહાસન શોભતું હતું. (૧૩૭). ત્રીજી પ્રભાવલિ નીલ (આસમાની) વર્ણની હતી. એ ઉજ્જવલ અને અતિશુદ્ધ હતી. ગિરિજાપતિનું સિંહાસન એનાથી ખૂબ શોભતું હતું. (૧૩૮). ચોથી પ્રભાવલિ સફેદ વર્ણની હતી અને તે કમળથી મંડિત હતી. એવું રત્નોવાળું શિવનું સિંહાસન શોભતું હતું. (૧૩૯). પાંચમી પ્રભાવલિ મોતીથી અંકિત હતી અને વૈડૂર્યમણિ (નીલરંગના મણિ)થી સુંદર રીતે શોભતી હતી. છઠ્ઠી પ્રભાવલિ રત્નજડિત હતી અને સાતમી પ્રભાવલિ પણ એ રીતની જ એકદમ સુંદર હતી. (૧૪૦).

વિશ્વકર્માએ બનાવેલી આ બધી પ્રભાવલિવાળું સુંદર રત્નજડિત શિવનું સિંહાસન શોભતું હતું. (૧૪૧). એવા સિંહાસન પર શિવશંકર બેઠા છે અને તેમના મુખ પર કરોડો સૂર્યના જેવું તેજ શોભતું હતું. (૧૪૨). મહા પ્રલયના સમયે સાતે સમુદ્રો ભેગા થઇ જઇને જેવી ગર્જના કરે તેવી રીતે ગંભીર ગર્જનાથી ત્યાં બેઠેલા શિવજી બોલતા હતા. (૧૪૩). કપાળમાં જવાળામાલી અગ્નિ આંખરૂપે શોભે છે અને શિર પર પૂર્ણ ચંદ્ર અલંકારની જેમ શોભી રહ્યો છે. (૧૪૪). ગળામાં રુણ્ડમાળ છે, હાથમાં ખપ્પર છે. માથા પર જટા છે અને જટામાં ગંગા છે. આવા શંકર શોભી રહ્યા છે. (૧૪૫). જેની આંખોમાં રત્નસમી ચમક છે અને જેમના જમણા કાને વાસુકી અને ડાબા કાને તક્ષક કુંડળ તરીકે શોભી રહ્યા છે એવા સાપ અને નાગના અલંકારોથી નીલકંઠ શંકર વિશેષરૂપે શોભી રહ્યા હતા. સાપનાં કંકણો, સાપની જ વીંટી અને બધું જ આભૂષણ સાપનું જ હતું. (૧૪૬-૧૪૭). જેમનો કંદોરો પણ સાપ જ છે અને વસ્ત્ર વાઘનું ચામડું છે એવા કર્પૂરગૌર (કપૂર જેવા શ્વેત) વર્ણવાળા શંકર દર્પણ (કામદેવ) સમાન શોભતા હતા. (૧૪૮). પગમાં કર્કોટક અને મહાપદ્મનું ઝાંઝર હતું અને નિષ્કલંક ચંદ્ર સમાન એમનું અમૃતમય મોં શોભી રહ્યું હતું. (૧૪૯). યોગીઓ જેનું હંમેશાં હૃદયમાં ધ્યાન ધરે છે તે ભકત વત્સલ સાક્ષાત્ પશુપતિ સિંહાસન પર બેઠા હતા. (૧૫૦).

મસ્તક પર રત્નજડિત મુકુટ અને વળાંકવાળાં કુંડળ શોભતાં હતાં. છાતી ઉપર નાગનો હાર અને ચંદનના લેપવાળું અંગ શોભતું હતું. (૧૫૧). સાપોથી વીંટળાયેલા એ શંકરની શોભા અનન્ય છે. અંગ ઉપર સર્પોના અલંકાર છે અને કપૂરની કાંતિ જેવું સુંદર શરીર શોભે છે. (૧૫૨). આયુધ સહિતના દશ હાથો શોભી રહ્યા હતા અને સરસ મઝાના સર્પો હતા. સફેદ કમળથી પૂજાયેલા શંકર ખૂબ સુંદર જણાતા હતા. (૧૫૩). એક હાથમાં ત્રિશૂલ હતું અને બીજા હાથમાં ડમરુ હતું. ત્રીજા હાથમાં ધારદાર તલવાર હતી. એવા ભગવાન શંકર શોભતા

હતા. (૧૫૪). ચોથા હાથમાં કમંડળ હતું અને પાંચમા તથા છઠ્ઠા હાથમાં ધનુષ તથા બાણ હતાં. સાતમા હાથમાં ખપ્પર હતું અને આઠમા હાથમાં પરશુ હતું. (૧૫૫). નવમા હાથમાં અંકુશ હતું અને દશમા હાથમાં હરણ શોભતું હતું. આમ આયુધવાળા દશ હાથ શોભતા હતા. એવા ભગવાન શંકરને ધન્ય છે. (૧૫૬).

એ જ રીતે સર્વેશ્વર શંકરનાં પાંચ મુખ પણ શોભતાં હતાં. એ બધાં અલંકારથી ઝગમગતાં હતાં. એનું વર્ણન સાવધાન થઇને સાંભળ. (૧૫૭). ભગવાન શંકર કલંક વિનાના ચંદ્રમા સમાન અને દૂધના ફીણ જેવા શોભતા હતા. એમનું ભસ્મથી ખરડાયેલું શરીર કેવું સુંદર હતું ! કામદેવને બાળનાર ભગવાન શંકર કેવા શોભતા હતા ! (૧૫૮). ગળામાં નાગનું જનોઇ હતું અને સૂર્ય, અગ્નિ તથા ચંદ્ર જેમનાં નેત્ર છે, એવા અસાધારણ આંખવાળા અને કામદેવને બાળનાર અને ગાઢ કાંતિવાળા ભગવાન શંકર શોભતા હતા. (૧૫૯).

પશ્ચિમ દિશાના એક મુખ પર સફેદ તિલક શોભે છે. શ્વેત વર્ણ અને મઝાનું હાસ્ય કરતા મુખવાળા એ ચંદ્રમોલિ ગૌરવર્ણ શરીરવાળા હતા. (૧૬૦). બીજું મનોહર મુખ ઉત્તર દિશા તરફ હતું જે દાડમના પુષ્પ જેવું તાંબાંના જેવા વર્ણવાળું શોભતું હતું. (૧૬૧). જેમ સવારમાં રવિમંડળ શોભે છે તેમ ભગવાન શંકરનું આ બીજું મુખકમળ ખૂબ જ તેજથી શોભી રહ્યું હતું. (૧૬૨). ગંગાથી વિભૂષિત, નાગથી વીંટળાયેલ અને જટાધર એવું પૂર્વ દિશામાં અર્ધચંદ્ર યુકત ત્રીજું મુખ આવેલું હતું. (૧૬૩). નીલરંગનું, ભયંકર દાઢવાળું ચોથું મુખ દક્ષિણ દિશામાં આવેલું હતું. જેમાંથી અગ્નિની માફક જવાળા નીકળતી હોય તેવું ભકતને અભય કરનારું ખરેખર તીવ્રમૂર્તિ સમાન એ વિશાળ મુખ શોભી રહ્યું હતું. (૧૬૪-૧૬૫). મધ્યમાં આવેલું પાંચમું મુખ વ્યકત અને અવ્યકત સ્વરૂપનું છે. એ નિરાકાર તેમજ સાકાર તથા નિર્ગુણ અને સગુણ સ્વરૂપવાળું છે. (૧૬૬).

પંચમુખી ભગવાન શંકર સાક્ષાત્ પરબ્રહ્મ જ છે. લક્ષ્ય-અલક્ષ્યથી પર એવો જગતનો તાત શોભી રહ્યો હતો. (૧૬૭). કાળ અને વ્યાળ વગેરે સર્પો ગળે માળા થઇને શોભી રહ્યા હતા અને બંને પગનાં તળિયાં લાલ કમળ સમાન શોભી રહ્યાં હતાં. (૧૬૮). અર્ધચંદ્ર સમાન જેના નખ શોભી રહ્યા હતા એવા સાપના અલંકારથી ભગવાન શંકર અનન્ય રીતે શોભી રહ્યા છે. (૧૬૯). જેમણે વાઘનું ચામડું ઓઢ્યું છે અને જેઓ નાગપાશથી વીંટળાયેલા છે તે ભકતોના દર્શનમાત્રે સંકટ હરી લે છે. (૧૭૦).

નાભિ ઉપર ઊંડાં વમળ જેવી ત્રણ રેખાઓ શોભી રહી છે, જેનાં દર્શનથી હૃદય રોમાંચ અનુભવે છે એ ભગવાન શંકર ભકતોનાં પાપ તરત જ હરી લે છે. (૧૭૧). આ રીતે ભગવાન શંકર સિંહાસન પર શોભી રહ્યા હતા અને ડાબી બાજુ જન્મમૃત્યુને હરી લેનાર મા પાર્વતીજી બેઠાં હતાં. (૧૭૨).

એ સર્વેશ્વરી મા પાર્વતીનાં સૌંદર્યનું વર્ણન કોણ કરી શકે? પોતાનાં તેજથી પ્રસન્ન એવાં મા ઉમા શોભી રહ્યાં હતાં. (૧૭૩). સોનચંપાના વર્ણ સમાન એ ગૌરવર્ણનાં હતાં. ગળામાં મુકતાહાર અને મસ્તકે રત્નનો મુગટ (શોભતો) હતો. (૧૭૪). વિવિધ પ્રકારના અલંકારોથી એમનું અલૌકિક શરીર શોભતું હતું. નાગથી વિભૂષિત એવાં મા પાર્વતીએ અવર્ણનીય એવાં ચિન્મય ચીર પહેર્યાં હતાં. (૧૭૫).

મુગટમાં જે ફૂલો ખોસ્યાં હતાં તેની સુગંધથી આકર્ષાઇને ભમરાઓ આવીને ઊંચા પ્રકારના ગાયકની જેમ ગુંજારવ કરતા હતા. (૧૭૬). મુગટ ઉપરની મુકતામાલા તારાની જેમ શોભી રહી હતી અને એની વચ્ચે

પૂર્ણચંદ્ર સમાન પાર્વતીનું સુંદર મુખ શોભતું હતું. (૧૭૭). એવી વિશ્વવંદ્ય પરમેશ્વરી જગતજનનીનું મુખ મંદ હાસ્યથી અનુપમ રીતે શોભી રહ્યું હતું. (૧૭૮). કોમળ નાસિકા ઉપર સફેદ મોતી શોભી રહ્યું હતું. વિવિધ પ્રકારનાં રત્નોવાળી વાંકી વળેલી નથડી સુંદર રીતે શોભી રહી હતી. (૧૭૯). લાલચોળ હોઠ પ્રવાલવલ્લીની જેમ શોભી રહ્યા હતા અને રત્નાવલિના જેવા શોભિત દાંત હતા ! એ મા પાર્વતીને ધન્ય છે ! (૧૮૦).

મહામાયા પાર્વતીના કાને રત્નના અલંકારો શોભતા હતા. આખા શરીરે રત્નોની અને મણિઓની અનુપમ શોભા દશ્યમાન થતી હતી. (૧૮૧). છાતીના ભાગે પીળા રંગનો કબજો અને કંઠમાં રત્નના સુંદર હારવાળાં મા અંબા અવનવાં શોભતાં હતાં અને સાક્ષાત્ ચિન્મૂર્તિ હોય એવાં જણાતાં હતાં. (૧૮૨). સ્તનમાંથી ઝરતા દૂધને સદ્‌ભાગી એવા સર્પો પી રહ્યા હતા. એમનાં ભાગ્યનું કોણ વર્ણન કરી શકે? દેવો પણ આશ્ચર્યથી આ જોઇ રહ્યા હતા. (૧૮૩). દાડમનાં પુષ્પ જેવું લાલ રંગનું પહેરેલું વસ્ત્ર શોભી રહ્યું હતું. લલાટમાં અભયતાનું સૂચક એવું કુંકુમ હતું. મા ગિરિજા શોભી રહ્યાં હતાં. (૧૮૪). બંને હાથો અતિ કોમળ છે અને રત્નમયી કંકણથી અને મણિબંધથી શોભી રહ્યા છે. એ શોભાનું વર્ણન કોણ કરી શકે એમ છે? (૧૮૫). રત્નોથી રણકાર કરતાં નૂપુર પગમાં શોભી રહ્યાં છે. શ્રદ્ધાપૂર્વક ‘મા’નું ધ્યાન કરવાથી એ ભક્ત ઉપર અનુગ્રહ કરે છે. (૧૮૬). લલાટમાં અનુપમ શોભાવાળી મોતીની ટીલડી હતી, જે આઠમના ચંદ્ર જેવી મનને અત્યંત આનંદ આપનારી છે. (૧૮૭). જગતનાં માતા, હિમાલયનાં પુત્રી અને ભગવાન શંકરની પ્રિયા વિવિધ પ્રકારના અલંકારથી ભૂષિત થઇને શોભી રહ્યાં છે. (૧૮૮). એમનાં અનુપમ સૌંદર્યનું વર્ણન કોણ કરી શકે? એમની સાથે ભગવાન શંકર બેઠા છે અને શ્રેષ્ઠ જીવની સાથે શિવની જેમ એ શોભતાં હતાં. (૧૮૯). આવા ભગવાન શંકરનાં દર્શને ઇંદ્ર પોતાના ગણો સાથે ત્યાં આવ્યો. સાથે અસંખ્ય દેવો, ઋષિઓ તથા સનત્‌કુમાર પણ આવ્યા. (૧૯૦).

ભગવાન શંકરના ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને વિનમ્રતાપૂર્વક પણ ગંભીરતાથી સનત્કુમાર બોલ્યા કે હે વિશ્વેશ ! હે ઉમાપતિ ! હે મહાદેવ ! તમારો જય હો ! હું તમને પ્રણામ કરું છું. આ ત્રણે લોકમાં ચારે પુરુષાર્થ આપનારો એકમાત્ર દેવ તું જ છે. (૧૯૧-૧૯૨). મુશ્કેલીથી તરી શકાય એવા આ ભવસાગરને તરવા માટે, પાપનો નાશ કરવા માટે તેં બધા જ ધર્મો મને પહેલાં કહ્યા હતા. તેમ છતાં ઓછી મહેનતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ (ચતુર્વર્ગ) આપે એવું મહાફળ આપનારાં એક સાધનની હું ખાસ યાચના કરું છું. (૧૯૩-૧૯૪). હે મહાદેવ ! બીજાં બધાં પુણ્ય તો મેળવવામાં કષ્ટ પડે એવાં છે માટે આ મૃત્યુલોકના માનવીના હિત માટે હે ત્રિમૂર્તિ ! સરળતાથી કરી શકાય એવું જે કંઇ સાધન હોય તે કહો. (૧૯૫).

આવાં વચનો સાંભળીને પ્રસન્ન થયેલા ભોળાનાથ બધા ઋષિઓના સાંભળતાં સનત્કુમારને કહેવા લાગ્યા કે હે ઋષિઓ ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું તરત જ ફળ આપે એવું ઉત્કટ સાધન કહું છું તે સાંભળો. (૧૯૬-૧૯૭). વિભૂતિ ધારણનું આ (સાધન) વેદશાસ્ત્રને માન્ય છે, સ્વર્ગીય ધર્મ આપનારું, સરળતાથી કરી શકાય એવું અને અનંત પુણ્ય દેનાર છે. (૧૯૮).

આ સાંભળીને સનત્કુમાર બોલ્યા કે હે ભોળાનાથ ! એનો ધારણ વિધિ શો? એમાં કઇ વસ્તુ લેવી? ક્યાં ધારણ કરવું? તે કહો. (૧૯૯). એનાં શક્તિ કોણ? દેવતા કોણ? અધિકૃત કર્ત્તા કોણ? અને કયા મંત્રથી ધારણ

કરવું એ બધું મને સવિસ્તર કહો. (૨૦૦).

એવું કહીને સનત્કુમારે ચરણમાં વંદન કર્યાં ત્યાં ભગવાન શંકર બોલ્યા કે ગાયનાં છાણનાં છાણાની ભસ્મ એ દ્રવ્ય છે અને સુંદર અંગધારી અગ્નિ એ એનો દેવતા છે. (૨૦૧). જાબાલ ઋષિએ કહ્યા પ્રમાણે ધારણ કરવું અથવા પૂર્વયજ્ઞ સંભૂત દ્રવ્ય ધારણ કરવા લેવું જે ઘણું જ પવિત્ર અને પુણ્ય આપનારું છે. (૨૦૨). **'સદ્યોજાતં'** મંત્રથી ભસ્મ હાથમાં લેવી. પછી **'અગ્નિઃ'** ઇત્યાદિ મંત્રથી અભિમંત્રિત કરી પવિત્ર કરવી. (૨૦૩). **'માનસ્તોકે'** મંત્રથી જમણા હાથના અંગૂઠાથી ડાબા હાથમાં લીધેલી એ સ્વચ્છ ભસ્મને ચોળવી જેથી એ બળ આપનારી થાય. (૨૦૪). **'ત્ર્યંબકં'** મંત્રથી મસ્તક ઉપર ધારણ કરવી. **'ત્ર્યાયુષં'** મંત્ર વગેરેથી યોગ્ય સ્થાને ક્રમવાર ધારણ કરવી. (૨૦૫).

દરેક સ્થાને ભ્રૂકૂટિની જેમ ત્રણ રેખા કરવી. ભક્તિથી સમંત્ર ત્રિપુંડ્ર કરવું. આનાથી વધારે ન કરવું. (૨૦૬). પહેલી આંગળી, બીજી આંગળી અને ત્રીજી આંગળી અને અંગૂઠાથી કપાળે ભસ્મ ધારણ કરવી. પછી યથા યોગ્ય સ્થાને માણસે ભસ્મ ધારણ કરવી. (૨૦૭). દેવતાનાં ધ્યાન સાથે ભાવપૂર્વક ભસ્મ ધારણ કરવી. દરેક રેખામાં નવ નવ દેવતા છે. (૨૦૮).

પ્રથમ રેખામાં અ કાર વર્ણ અને ગાર્હપત્ય અગ્નિ છે. સ્થૂળ દેહ, ભૂતત્ત્વ અને રજોગુણ છે. ક્રિયા શક્તિ છે, ઋગ્વેદ છે અને પ્રાતઃસવન છે એવું જાણ. બ્રહ્મદેવ એના દેવતા છે. આ પહેલી રેખા વિષે જાણ. (૨૦૯-૨૧૦).

બીજી રેખાનો વર્ણ ઉ કાર છે, દક્ષિણ અગ્નિ છે, નભ તત્ત્વ, સૂક્ષ્મ દેહ, યજુર્વેદ, માધ્યંદિન સવન, ઇચ્છા શક્તિ, સત્ત્વગુણ અને વિષ્ણુ દેવતા છે. (૨૧૧-૨૧૨).

ત્રીજી રેખાનો વર્ણ મ છે. આહ્વનીય અગ્નિ છે, તેજ તત્ત્વ, કારણ દેહ, તમો ગુણ, તૃતીય સવન, સામવેદ, શિવ દેવતા અને જ્ઞાન શક્તિ છે એમ માન. (૨૧૩-૨૧૪).

આમ અનુક્રમે સ્મરણ કરી ત્રિપુંડ્ર કરવું. આ વેદ અને શાસ્ત્ર સાથે સંમત એવું મહેશવ્રત મેં કહ્યું છે. (૨૧૫). મોક્ષની ઇચ્છાથી ધારણ કરવામાં આવે તો એનો ફરી પાછો જન્મ થતો નથી. એની મનોકામના (ઇચ્છા) અને અખિલ પુરુષાર્થ સિદ્ધ થાય છે. (૨૧૬). બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી એ વેદોક્ત અને સ્મૃતિમાં કહેલાં કર્મો કરતી વખતે ભસ્મ ધારણ કરવી જોઇએ. (૨૧૭). એનાથી નાનાં તેમજ મોટાં બધાં પાપો નાશ પામે છે. એનું સંચિત પાપ પણ નાશ પામે છે ને માણસ જલદીથી પવિત્ર થઇ જાય છે. (૨૧૮). સ્ત્રી અને વીરક્ષત્રિયને હણનાર પણ જો ભસ્મ ધારણ કરે તો ક્ષણમાં પાવન થઇ જાય છે. હે ઋષિવરો ! તમે પણ એ ધારણ કરો. (૨૧૯). વિધિ અનુસાર મંત્રો બોલીને શ્રદ્ધાપૂર્વક જે ભસ્મ ધારણ કરે છે તેનો મહિમા કેવળ અવર્ણનીય છે એમ માનવું. (૨૨૦).

ભસ્મધારણ વિધિનું જ્ઞાન ન હોય તો પણ જે કેવળ શ્રદ્ધાપૂર્વક ભસ્મ ધારણ કરે છે તે મુક્તિ પામે છે. એમાં શંકાને સ્થાન નથી. (૨૨૧). બીજાનું દ્રવ્ય હરી લેનાર, બીજાની સ્ત્રી સાથે વિષયભોગ ભોગવવામાં રચ્યોપચ્યો રહેનાર અને બીજાની નિંદા કરનાર પણ ભસ્મધારણથી પવિત્ર થાય છે. (૨૨૨). બીજાને પીડા આપનાર, બીજાનું ખેતર પચાવી પાડનાર, અનાજનો નાશ કરનાર અને બાગ બગીચા વગેરેનો નાશ કરનાર પણ ભસ્મધારણ કરવાથી

પાવન થાય છે. (૨૨૩). જુઠું બોલનારો, ચાડી ખાનારો, ઘરને બાળનારો અને વેદને વેચનારો પણ ભસ્મધારણ કરવાથી તરી જાય છે. (૨૨૪). ખોટી સાક્ષી પૂરનારો, અશિષ્ટ વચન બોલનારો અને કૂડ કપટ અને પાપથી પેટ ભરનારો ભસ્મધારણ કરવાથી તરી જાય છે. (૨૨૫).

ગાય, ભૂમિ, સોનું, તલ, કંબલ, વસ્ત્ર વગેરે, અથવા ભેંસનું દાન લેનાર તેમજ નીચ વ્યક્તિ પાસેથી દ્વિદળ અનાજ વગેરે દાનમાં લેનાર પણ ભસ્મ ધારણ કરવાથી શુદ્ધ થાય છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૨૨૬-૨૨૭). વેશ્યા, દાસી, રજસ્વલા સ્ત્રી, જારિણી, વિધવા કે કન્યા સાથે વિષયસંગ કરનારો પણ જો સાચા દિલથી પશ્ચાત્તાપ કરીને ભસ્મધારણ કરે તો પળવારમાં સદ્બુદ્ધિવાળો થાય છે. આમ ત્રિપુંડ્ર પાપનો નાશ કરનારું છે. (૨૨૮-૨૨૯). જે હરામખોર માંસ, મીઠું, છાસ વેચતો હોય તે પણ જો પશ્ચાત્તાપપૂર્વક ભસ્મધારણ કરે તો સંસાર તરી જાય છે. (૨૩૦).

આમ જાણતાં અજાણતાંમાં જે અપાર પાપો કર્યાં હોય તે બધાં ભસ્મધારણ કરવાથી નાશ પામે છે. એ નક્કી છે. (૨૩૧). આ ભસ્મ બધાં પાપને બાળીને ભસ્મ કરે છે. પરંતુ શિવની નિંદા કરનારને એ કદી તારતી નથી. (૨૩૨). શિવનું દ્રવ્ય હરી લેનાર, શિવની નિંદા કરનાર અથવા શિવના ભકતની નિંદા કરનાર મુક્તિ પામતો નથી. (૨૩૩). જેના ગળામાં રુદ્રાક્ષની માળા હોય અને કપાળમાં ભસ્મ શોભતી હોય તે ભલે મહાપાપી હોય તો પણ ત્રણે લોકમાં વંદનીય છે. (૨૩૪). જેણે પોતાના સુંદર દેહે કપાળમાં ભસ્મ કરી હોય તેણે પૃથ્વી ઉપરનાં બધા તીર્થોમાં સ્નાન કર્યું છે એમ જાણવું. (૨૩૫). જે કોઇ ભસ્મ ધારણ કરતો હોય તેણે વેદશાસ્ત્રમાં જણાવેલા અનંત કરોડો મંત્ર જપ્યા છે એમ માનવું. (૨૩૬). જેના શરીરે ભસ્મનું ત્રિપુંડ્ર છે તેણે હજાર જન્મોનાં પાપો ધોઇ કાઢ્યાં છે અને બધા પિતૃઓનો ઉદ્ધાર કર્યો છે એમ જાણજે. (૨૩૭). જે ભસ્મ ધારણ કરે છે તે આ લોકમાં બધા પ્રકારનું સુખ અને સો વરસનું આયુષ્ય ભોગવે છે તેમજ એના બધા રોગોનો નાશ થયો છે એમ માનજે. (૨૩૮). ભસ્મ ધારણ કરવાથી એ વીર દિવ્ય ઐશ્વર્ય, જ્ઞાન અને દિવ્ય શરીરને પામે છે અને મૃત્યુને અંતે સદ્ગતિ પામે છે. (૨૩૯). જેના શરીરે ભસ્મ લગાવેલી હોય છે તેને દેવવિમાનમાં બેસાડીને જ્યાં અનેક અપ્સરાઓ છે એવા સ્વર્ગમાં લઇ જાય છે. (૨૪૦).

સુરશ્રેષ્ઠો, વિદ્યાધર, ગંધર્વ, લોકપાલ, ઇંદ્ર વગેરે પણ ગર્વ મૂકીને એને વંદન કરે છે. (૨૪૧). લાંબો સમય સ્વર્ગનાં સુખ ભોગવીને પછી એ બ્રહ્મલોકમાં જાય છે. સાચે જ ભસ્મનો મહિમા ધન્ય કરી દે એવો છે. (૨૪૨). ભસ્મપ્રભાવથી બ્રહ્મલોકમાં સો કલ્પ સુધી રહી પછી ત્રણ કલ્પ સુધી વૈકુંઠમાં રહે છે. (૨૪૩). ત્યાંથી પછી અંતે કૈલાસમાં જઇ ભસ્મધારણના પ્રભાવથી શિવજીનું સાયુજ્ય પામે છે. આમ ભસ્મ સુપૂજ્ય છે.② (૨૪૪). હે સનત્કુમાર ! માટે વેદ ઉપનિષદ પણ એનું પ્રમાણ આપે છે કે ભાવપૂર્વક ભસ્મનું ત્રિપુંડ્ર કરવું. (૨૪૫). હું મારા પોતાના અનુભવે કહું છું કે એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે વર્ગને આપનાર છે. એમાં તું જરા પણ શંકા કરીશ નહિ. આવું કહીને ભગવાન શંકર પછી ત્યાંથી કૈલાસ ગયા. શિવચરણમાં વંદન કરીને સનત્કુમાર બ્રહ્મલોકમાં ગયા. (૨૪૬-૨૪૭).

વામદેવનાં ત્યારે એવાં વચનો સાંભળીને એના ચરણમાં રાક્ષસે વાંકા વળીને સંતોષપૂર્વક પ્રણામ

કર્યા. (૨૪૮). વામદેવ મહામુનિએ રાક્ષસને કહ્યું કે ભસ્મનો આવો મહિમા છે. મારા અંગની ભસ્મના સ્પર્શથી તને આ જ્ઞાન થયું છે. (૨૪૯-૨૫૦).

બ્રહ્મરાક્ષસે આનંદપૂર્વક જેવું ત્રિપુંડ્ર કર્યું ત્યાં તરત જ એ ક્ષણમાત્રમાં તેજના અંબાર સમો થઈ ગયો. (૨૫૧). દિવ્ય દેહવાળો એ સૂર્યની જેમ અનુપમ રીતે શોભી રહ્યો હતો. અને એના મુખ પર ખરેખર બ્રહ્માનંદ ચમકી રહ્યો હતો. (૨૫૨). બ્રહ્મરાક્ષસે વામદેવની ભાવપૂર્વક જેવી પ્રદક્ષિણા કરી કે તરત જ ત્યાં સૂર્યસમાન ઝળહળતું વિમાન ઊતર્યું. (૨૫૩). દિવ્ય વિમાનમાં બેસીને એ સ્વર્ગમાં ગયો. એને મુનીશ્વર વામદેવે પરમ પદ આપ્યું. ધન્ય છે એ મુનીશ્વરને. (૨૫૪). વામદેવ એ પોતે સાક્ષાત્ શંકર જ હતા અને પૃથ્વી પર મનુષ્યની માફક ફરતા હતા. (૨૫૫). ખરેખર ! એ સાક્ષાત્ ત્રિમૂર્તિનો અવતાર અને સહુને તારનાર જગદ્‌ગુરુ જ છે. અને જગતના લોકોનો ઉદ્ધાર કરવા માટે જ એ પૃથ્વી પર ફરતા ફરે છે. (૨૫૬).

ભસ્મનો મહિમા શ્રેષ્ઠ છે. એમાં પણ ગુરુના હાથે લગાવેલી ભસ્મનો મહિમા તો એનાથી પણ વધુ છે. બ્રહ્મરાક્ષસનાં બધાં પાપોનો નાશ થયો અને ક્ષણમાં એ સદ્‌ગતિ પામ્યો. (૨૫૭). ભલે મંત્રો અનેક રહ્યા તેમ છતાં ગુરુ વગર એક પણ મંત્ર ફળતો નથી. માટે વેદ વગેરે કહે છે કે ગુરુતત્ત્વ સૌથી શ્રેષ્ઠ છે. (૨૫૮). આ રીતે સૂતજી ઋષિવૃંદને વિભૂતિનો મહિમા કહે છે અને તેમાં પણ ગુરુના હાથે લગાવેલી ભસ્મનો તો વિશેષ મહિમા છે. આમ ગુરુ જ મુખ્ય કારણરૂપ છે. (૨૫૯). આમ ત્રિવિક્રમને શ્રીગુરુ મહારાજ કહે છે. આનંદિત થયેલા એ ત્રિવિક્રમે શ્રીગુરુના ચરણોમાં માથું નમાવ્યું. (૨૬૦).

સદ્‌ભાવથી સદ્‌ગુરુને નમન કરીને અને એમની આજ્ઞા લઈને ગુરુનો ઉપદેશ પામી એ પોતાના સ્થાને આવ્યો. (૨૬૧). બધા ભકતો જ્ઞાની થયા અને આગળ ઉપર જે બન્યું તે અલખમુખ દ્વારા **શ્રીરંગ** મતિ પ્રમાણે કહેશે. (૨૬૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ભસ્મમાહાત્મ્યવર્ણન'** નામનો **ત્યાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

# પાદટીપ :

## અધ્યાય : ૮૩

(૧) દોહરા ૧૨ થી ૧૭ દ્વારા પૂ.શ્રી બે-ત્રણ બાબત પ્રત્યે આપણું ધ્યાન દોરે છે. એક તો સત્સંગનો મહિમા અને બીજું સત્સંગની પ્રાપ્તિ. 'જેવો સંગ તેવો રંગ' એ ઉક્તિના આધારે સજ્જનોનો સંગ કરવાથી આપણી વૃત્તિ સુધરે છે. 'વૃત્તિથી વૃત્તિ ઘડાય' એ ન્યાયે સંતોનો સંગ જીવન જીવવાની ઢબ બદલે છે. જે વસ્તુ વગર ન ચાલે એવું જણાતું હોય એ વસ્તુ સંતના સંગથી સહજવારમાં છૂટી જાય છે. પૂ.શ્રીએ પૂ.ગોવિંદકાકાની ધૂમ્રપાનની ટેવ એક જ વિધાનથી છોડાવી હતી. 'ચા પીઓ તો થોડું દૂધ પણ પેટમાં જાય, આમાં તો પૈસા ખર્ચીને ધુમાડો જ પીવાનો ને !'

આ દુનિયામાં ભૌતિક વસ્તુની પ્રાપ્તિ સરળ છે પરંતુ સારા માણસોનો સંગ, એમનાં દર્શન, એમનો સહવાસ મળવો ખૂબ મુશ્કેલ છે. સત્સંગથી પાપી પણ સુપાવન થાય છે.

પૂ.શ્રી તો સત્સંગ પણ નછૂટકે કરવાનું જ કહે છે. બને ત્યાં સુધી તો કોઇનો સંગ જ કરવો નહિ.

રંગે પટ રંગાય છે, સંગે લાગે રંગ;
માટે નિ:સંગી થવું, કરવો વા સત્સંગ.
(અધ્યાય ૯ / દોહરો ૧૦૦)

(૨) દોહરા ૨૨૨ થી ૨૨૪માં ભસ્મ ધારણનું ફળ જણાવ્યું છે. આ બધા દોહરા વાંચતાં કોઇ ભણેલાને શંકા પણ થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ વર્ણન પાછળનો મુખ્ય સૂર એ છે કે એવી લાલચથી પણ વ્યક્તિ ભસ્મ ધારણ કરે તો એમાં એને લાભ જ છે. રેડિયોએક્ટિવ કિરણની અસરનો પ્રતિકાર કરવામાં ભસ્મ ખૂબ જ અસરકારક છે એવું વૈજ્ઞાનિક સંશોધન છે. ગિરનારના નાગા બાવા રાખોડો ચોળીને પડી રહે છે તે કેવળ ધાર્મિક નથી. એની પાછળ વૈજ્ઞાનિક દષ્ટિ પણ છે. તુલસી, ઔદુંબર, વડ, પીપળા વિશેનાં સંશોધનો દ્વારા મળતી માહિતી એવું સૂચવે છે કે એને કારણે જ આ વૃક્ષોમાં ભગવાનનો વાસ છે એવું આપણા ધર્મે જણાવ્યું હશે.

●

# અધ્યાય : ૮૪

આ અધ્યાયનું નામ '**પતિવ્રતાશોકહરણ**' છે. આ અધ્યાયમાં **૧૬૮** દોહરા છે.

આ અધ્યાયમાં શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીએ ગાણગાપુરમાં કરેલી લીલાનું વર્ણન છે.

નિરંજને અલખગુરુને વંદન કરીને એમનો ઉપકાર માનતાં અને પોતાનો રાજીપો વ્યકત કરતાં આગળની લીલાનું વર્ણન કરવા વિનંતી કરી. (૧-૯).

નિરંજનની વિનંતીને સ્વીકારતાં અલખ પ્રભુ બોલ્યા કે હે નિરંજન ! શ્રીગુરુ ગાણગાપુરમાં હતા ત્યારે લોકોનાં ટોળે ટોળાં દર્શને આવતાં હતાં. બધાની મનોકામના ફળતી હતી. હું તને આ અંગેનું એક દૃષ્ટાંત કહું છું તે તું સાંભળ. (૧૦-૨૨).

માહુરપુરમાં ગોપીનાથ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એને પુત્રો થતા હતા પણ મૃત્યુ પામતા હતા એટલે એની પત્નીએ દત્ત ભગવાનની આરાધના કરી. આના ફળ સ્વરૂપે એક પુત્ર જીવ્યો. એનું નામ દત્ત પાડ્યું. (૨૩-૨૬).

દત્ત પાંચ વર્ષનો થતાં જનોઇ આપી અને બાર વરસનો થતાં એનું સાવિત્રી નામની કન્યા સાથે લગ્ન કરાવ્યું. પરસ્પર પ્રેમ દાખવતાં પતિપત્નીને જોઇ કામદેવ અને રતિનું સ્મરણ થતું હતું. પરંતુ નસીબજોગે દત્તને ક્ષયનો વ્યાધિ લાગુ પડ્યો. દવા અને દુઆ પાછળ ખૂબ પૈસા ખર્ચ્યા પણ કોઇ સુધારો થતો ન હતો. આખરે થાકીને સાવિત્રીએ સાસુ-સસરાની અનુમતિથી એને ગાણગાપુર શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી પાસે લઇ જવાનું નક્કી કર્યું. (૨૭-૭૬).

દત્તને પાલખીમાં બેસાડી ખૂબ કાળજીપૂર્વક સાવિત્રી એને ગાણગાપુર લઇ જતી હતી. ધીમે ધીમે એ ભીમાનદીના કિનારે આવી ત્યાં જ દત્તના પ્રાણ નીકળી ગયા. આ જોઇને સાવિત્રીએ અતિશય કલ્પાંત કર્યું. એણે વિનયક્રોધ કરીને શ્રીગુરુને ઘણો ઠપકો પણ આપ્યો. એ કલ્પાંત કરતી હતી ત્યાં જ એક ભસ્મ અને રુદ્રાક્ષધારી તપસ્વી આવીને ઊભો રહ્યો. એણે સતીને જ્ઞાનની વાતો કહી સંભળાવીને આશ્વાસન આપવા માંડ્યું. આ નશ્વર દેહનો મોહ છોડવાનું સમજાવ્યું. એ સાંભળીને સતીનું મન થોડું શાંત થયું. તપસ્વીએ કહ્યું કે ખરેખર તો આ જન્મમરણનો ફેરો કેવી રીતે ટળે એ લક્ષ્યનો જ વિચાર કરવો જોઇએ અને એને માટે જ પ્રયત્ન કરવો જોઇએ. (૭૭-૧૬૨).

એનો આ ઉપદેશ સાંભળીને સતીએ કહ્યું કે હે તપસ્વી ! તું મને જેવો ઉપદેશ કરશે તે પ્રમાણે હું વર્તીશ. તું જ માતા-પિતા અને સર્વસ્વ છે. એ સાંભળીને પ્રસન્ન થયેલા મુનિશ્રેષ્ઠે જે કહ્યું તે હવે પછીના અધ્યાયમાં વર્ણવાશે. (૧૬૩-૧૬૮).

સદ્‌બુદ્ધિવાળા શિષ્ય નિરંજને અલખનાં દિવ્ય ચરણ ગ્રહીને બંને હાથ જોડીને અનન્ય ભક્તિથી ફરીથી વિનંતી કરતાં કહ્યું કે હે અલખ યોગીશ્વર ! આપનો જય હો ! આ સંસારથી તારનાર દેવ તું જ છે. અજ્ઞાનરૂપી અંધારું તરત દૂર કરનાર જ્યોતિરૂપ આપ જ છો. (૧-૨). હું અવિદ્યાના ઊંડા સાગરમાં ડૂબ્યો હતો. ત્યાંથી હે ગુરુ ! તેં કૃપા કરીને ક્ષણવારમાં મને બહાર કાઢ્યો છે. (૩). તેં મને મારો સાચો રસ્તો બતાવ્યો છે જેથી હું પરમાર્થને પામી શક્યો છું. તું વિશ્વનું રક્ષણ કરનાર સાક્ષાત્ જગદ્‌ગુરુ છે. (૪). મેં સુખેથી શ્રીગુરુલીલાના અમૃતનું પાન કર્યું છે તો પણ આ ચિત્ત હજી ધરાતુંતો નથી પણ ઊલટાનું એની તરસ ખૂબ ખૂબ વધતી જાય છે. (૫).

હે નાથ ! હે ગુરુ ! હું વંશપરંપરાગત તારી સેવા કરું તો પણ તારા આ અનંત ઉપકારોનો બદલો વાળી શકું તેમ નથી. (૬). હે કરુણાના ભંડાર ! તેં કરુણા કરીને તારું મૂળ સ્વરૂપ મને બતાવ્યું છે અને પુરાણી કથાને તેં નવા જ સ્વરૂપે- અભિનવ સ્વરૂપે- કહી છે. (૭). પતિતના મુખેથી બધા વેદો બોલાવીને તેં બ્રાહ્મણોનો ગર્વ ઉતાર્યો હતો અને સંન્યાસીશ્રેષ્ઠ ત્રિવિક્રમનો ઉદ્ધાર કર્યો હતો. (૮). તેં પ્રસન્ન થઇને ત્રિવિક્રમને ભસ્મનો અગમ્ય મહિમા કહ્યો હતો. તે પછી મનને આનંદ આપે એવું શું બન્યું તે વાત હે ગુરુજી ! મને વિસ્તારપૂર્વક કહો. (૯). શિષ્યનાં એ વચન સાંભળીને અલખને ઘણો સંતોષ થયો. એને પ્રેમથી ભેટી પડીને આશ્વાસન આપીને આનંદથી બોલ્યા કે હે શિષ્યશ્રેષ્ઠ ! તને ધન્ય છે. તું ચારે પુરુષાર્થ પામ્યો છે. હે વત્સ ! તારા પર શ્રીગુરુની ચોક્કસ કૃપા થઇ જણાય છે.① (૧૦-૧૧).

ધન્ય છે તારી વાણીને. તું ખરેખર સંસાર સાગર તરી જ ગયો છે એમ માન. કારણ કે તારું ચિત્ત તરત જ શ્રીગુરુનાં ચરણમાં જોડાઇ ગયું છે. (૧૨). તારો પ્રશ્ન સાંભળીને મને અનહદ સંતોષ થાય છે. શ્રીગુરુનો મહિમા અગમ્ય છે અને એનું વર્ણન કરવા જતાં શબ્દો પણ ઓછા પડે છે. (૧૩). એક એક આખ્યાન વિશે કહેવા જતાં ગ્રંથ અનિવાર્યપણે વિસ્તૃત બની જાય એમ છે. તેથી હું તને ટૂંકમાં કહું છું તે હે બાળ ! તું સાવધાનીપૂર્વક સાંભળ. (૧૪).

થોડો સમય ગાણગાપુરમાં શ્રીગુરુ રહ્યા ત્યારે એમનો મહિમા નિત્ય નૂતન હોય એવો અપારપણે વધતો જ ગયો. (૧૫). ખરેખર એ ત્રિમૂર્તિના અવતાર હોવા છતાં મનુષ્ય જેવા જણાતા હતા. એમનો મહિમા જ્ઞાની પણ જાણી શકતા નથી ત્યારે મનુષ્યનો દેહ સ્વીકારીને એ ત્રિમૂર્તિ ત્યાં જે ચિત્ર-વિચિત્ર લીલા કરે છે એનું વર્ણન કરવાનું મારા જેવા મંદમતિનું શું ગજું? (૧૬-૧૭). એમની બધે પ્રસિદ્ધિ થવાથી ગાણગાપુરમાં લોકોનાં ટોળે ટોળાં દૂર દૂરથી દર્શન માટે આવતાં હતાં. (૧૮). ભક્તજનો આવીને ભાવપૂર્વક અખંડ સેવા કરતા હતા અને દર્શનમાત્રે એમની બધી (નાની) મોટી ઇચ્છાઓ પૂર્ણ થતી હતી. (૧૯). ગરીબ સંપત્તિવાન થતો, વંધ્યાને પુત્રની પ્રાપ્તિ થતી અને કોઢિયો હોય તે ક્ષણવારમાં સુંદર દેહવાળો થઇ જતો હતો. (૨૦). આંધળાને આંખો મળી, બહેરા સારી રીતે સાંભળી શકે એવા થયા અને ફેફરૂ વગેરે રોગો ચૂં કે ચા કર્યા વગર નાસી ગયા. (૨૧).

પારસમણિના સ્પર્શથી લોખંડનું સોનું થાય એમાં શું નવાઈ? એ જ રીતે ગુરુકૃપાથી ભક્તજનોના બધા જ મનોરથો સફળ થાય એમાં શું નવાઇ? ② (૨૨). આમ છતાં તને આશ્ચર્ય ઉપજાવે એવો એક લીલા પ્રસંગ કહું છું તે તું સાંભળ. માહુરપુર ગામમાં ગોપીનાથ નામનો એક ધનિક અને પવિત્ર બ્રાહ્મણ રહેતો હતો. તે વિદ્વાન અને

સારા ચારિત્ર્યવાળો હતો. એને પુત્રો થઇને મરી જતા હતા તેથી એ ઘણો જ દુ:ખી રહેતો હતો. (૨૩-૨૪). પુત્રોના મરણ પામવાનાં દુ:ખથી દુ:ખી એવો ગોપીનાથ પોતાની પત્ની સાથે ભગવાન દત્તાત્રેયની શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરતો હતો. (૨૫).

ભગવાનની કૃપાથી તેને એક પુત્ર થયો. માતા અને પિતા એને પ્રેમપૂર્વક ઉછેરતા હતા. (૨૬). એ એકના એક પુત્રનું નામ દત્ત પાડ્યું. એ દત્ત એકનો એક પુત્ર હતો. એના ઉપર માતાપિતા પોતાના પ્રાણથી પણ અધિક સ્નેહ કરતાં હતાં. (૨૭). એ પાંચ વર્ષનો થતાં પિતાએ એને ઠાઠ માઠથી જનોઇ દઇને ઘણું દ્રવ્ય વાપર્યું. (૨૮). પુત્ર બાર વરસનો થતાં એનું લગ્ન પણ થઇ ગયું અને નસીબજોગે એને દેખાવડી અને સુલક્ષણા પત્ની મળી. (૨૯). કામદેવની પત્ની રતિના જેવી પોતાના પુત્રની દેખાવડી પત્નીને જોઇને માતાપિતાને ખૂબ આનંદ થતો હતો અને એ બંને જણાં તેને સંભાળતાં હતાં. (૩૦).

પતિ-પત્ની વચ્ચે પણ પરસ્પર અનુપમ પ્રેમ હતો. બંને જણાં સોળ વરસની સરખી ઉંમરનાં થયાં. (૩૧). એ સુલક્ષણાં દંપતીનું જોડું ચક્રવાકનાં જોડાં જેવું હતું. એમને ખરેખર ધન્ય છે. એ બંને એક ક્ષણ પૂરતાં પણ છૂટાં પડતાં નહિ અને બંને એકબીજાનો વિરહ સહન કરી શકતાં નહિ. (૩૨). પ્રારબ્ધવશ બ્રાહ્મણનો દીકરો અચાનક રોગમાં સપડાયો. અનેક જાતનાં ઔષધો આપવા છતાં પણ એ સાજો થતો ન હતો. (૩૩). અન્ન પ્રત્યે અરુચિ થવાને કારણે અનાજનો એક કોળિયો પણ ખાઇ શકતો ન હતો. એ જોઇને એની પત્ની પણ ખાતી ન હતી. ધન્ય છે એ સતી સાવિત્રીને. (૩૪). પતિને ઉપવાસી જોઇને એ પોતે પણ ઉપવાસ કરતી હતી. પતિ જે ઔષધ લેતો તે ઔષધનું સેવન એ પણ કરતી અને એનું એંઠું-વધેલું ખાતી હતી. (૩૫).

ત્રણ વર્ષ સુધી પતિની સાથે એ સાવિત્રીએ પણ દુ:ખ વેઠ્યું તો પણ એના પતિનો એ હઠીલો રોગ ખસતો ન હતો. (૩૬). ક્ષયના રોગને લીધે જેમ જેમ પતિનો દેહ ઘસાતો ગયો તેમ તેમ પતિપરાયણ એ સાવિત્રીનું શરીર પણ સૂકાતું ચાલ્યું. ધન્ય છે એ સતીને. (૩૭). પતિનાં ચરણામૃતનું પ્રેમથી પાન કરીને એ પતિવ્રતા સ્ત્રી આનંદથી દિવસો પસાર કરતી હતી. (૩૮). રોગને લીધે દત્તનું શરીર ગંધાઇ ઊઠતાં વૈદ્ય પણ પાસે જતા ન હતા. પણ સાવિત્રી તો એક ક્ષણ પણ પતિ પાસેથી ખસતી ન હતી. (૩૯). પતિ જે જે ખાવાનું ખાય એ જ પોતે પણ ખાતી અને પતિ જે દવા લે તે દવા સાધ્વી પણ લેતી. (૪૦).

જ્ઞાતિજનો અને સગાંવહાલાં એને સમજાવીને રોકતાં તો પણ એ પતિને છોડતી ન હતી. માતા પિતા પણ ઘણું સમજાવતાં તો પણ એ પતિ પાસેથી અળગી થતી નહિ. (૪૧). મોંઘાં વસ્ત્રો અને ઘરેણાં પહેરવાનું એણે બંધ કર્યું. પતિને પોતાના પ્રાણથી પણ વધારે વહાલો માનતી હતી. એને પોતાના સુખની પડી જ ન હતી.③ (૪૨). એ બંનેનાં માતાપિતા ખૂબ જ ધનવાન હતાં. બંનેને દુ:ખિયારાં જોઇને એ લોકો ખૂબ દુ:ખ અનુભવતાં હતાં. (૪૩). મંત્ર, તંત્ર, જપ, હોમ વગેરેમાં પુષ્કળ દ્રવ્ય વાપરતાં હતાં અને સારા બ્રાહ્મણો પાસે કંઇ કેટલાંય અનુષ્ઠાનો કરાવ્યાં હતાં. (૪૪). વૈદ્યો પણ જાતજાતનાં રસાયન અને ઔષધ આપતા હતા. પણ અસાધ્ય એવા એક ક્ષય રોગમાં સહેજમાત્ર પણ સુધારો થતો ન હતો. (૪૫).

જ્યોતિષીને પૂછીને માતાપિતાએ કુળદેવતાનું પૂજન અર્ચન કર્યું તો પણ એ રોગ મટતો ન હતો. એનું

નસીબ જ અવળું હતું. (૪૬). એક દિવસ વૈદ્યોએ કહી દીધું કે હવે અમારો કોઇ પ્રયત્ન કામ કરે એમ નથી. હવે તો ભગવાન બચાવે તો બચે. બાકી માણસની શક્તિ બહારની વાત છે. (૪૭). વૈદ્યનાં આવાં વચન સાંભળીને માતાપિતા દુ:ખી દુ:ખી થઇ ગયાં અને કહેવા લાગ્યાં કે હે ગુરુશ્રેષ્ઠ દત્ત ભગવાન ! હે જગતના નાથ ! કરુણા કરીને હવે તું જલદી દોડ. હવે અમને તારા વિના કોઇનો આધાર નથી. હે ભગવાન ! અમારા કુળને તારનારો આ પુત્ર એ તો તારી કરેલી આરાધનાનું ફળ છે. (૪૮-૪૯). તેં તો અમને પુત્ર આપ્યો પણ અમારા પાપીનાં નસીબમાં જ નથી તો તું પણ શું કરે? ખરેખર ગરીબને ધનનો ખજાનો મળી જાય તો તે એને પચતો નથી. (૫૦).

આ અમારો એકનો એક પુત્ર વંશનો એકમાત્ર ધાગો છે. હે દત્તપ્રભુ ! તું એને બચાવ, નહિતર તારાં ચરણમાં અમે અમારા પ્રાણનો ત્યાગ કરીશું. (૫૧). આમ માતાપિતા દુ:ખનાં માર્યાં અનેક રીતે વિલાપ કરતાં હતાં. એમને ભેટીને એમનો પુત્ર દત્ત એમને આશ્વાસન આપતો હતો અને કહેતો હતો કે ગયા જન્મે જેટલું દેવું કર્યું હોય તેટલું સાથે રહીને ભોગવ્યું. એમાં ઓછું કે વધતું કોઇનું ચાલતું નથી. આ ઋણાનુબંધ પૂરો થતાં પછી અહીં કોઇ રહેતું નથી. પછી અહીંથી છોડીને બીજે જતા રહેવું પડે છે. (૫૨-૫૪). પુત્રનાં આવાં વચનો સાંભળીને માતાપિતા બેભાન થઇને અને ખૂબ જ દુ:ખી થઇને પુત્ર પર ઢળી પડ્યાં અને કહેવા લાગ્યાં કે હે દીકરા ! તું અમને આમ નિરાશ ના કર. અમે મનમાં ગાંઠ વાળી હતી કે તું અમારો, ઘરડાંનો તારણહાર છે. (૫૫-૫૬).

હે દીકરા ! અમને ઘડપણમાં કોણ સાચવશે? આ તારો કેવો પુત્રધર્મ? અમને દુ:ખમાં છોડીને જતા રહેતાં તારું કલ્યાણ નહિ થાય ! (૫૭). હે દીકરા ! આવા શબ્દો બોલવા તારે માટે શોભાસ્પદ નથી. આવાં ગરીબડાં વચનો સાંભળીને પિતાનાં ચરણમાં લીન થઇને આક્રંદ કરતાં કરતાં પુત્ર બોલ્યો કે અહીં બધું ઇશ્વરની ઇચ્છા પ્રમાણે જ ચાલે છે. એમાં મનુષ્યનો કોઇ પ્રયત્ન ચાલતો નથી. હે માતાપિતા ! તમે કરેલા બધા ઉપકારોને હું કેવી રીતે ભૂલી શકું? (૫૮-૫૯). એક ઘડી માટે પણ કરેલાં સ્તનપાનનું જ્યાં ઋણ વાળી શકાતું નથી તો પછી માતાના ઋણમાંથી દીકરો અહીં કેવી રીતે મુક્ત થઇ શકે? (૬૦).

તમારી કૂખે જન્મીને મેં તમને ઘણાં દુ:ખી કર્યાં છે. મેં ડગલે ને પગલે તમને દુ:ખ આપ્યું છે અને જરા સરખું પણ સુખ આપ્યું નથી. (૬૧). માતાપિતાને આવી રીતે સાંત્વન આપનાર એ પુત્રને ધન્ય છે અને પછી પત્નીને પણ પ્રેમથી વળતાં કહેવા લાગ્યો કે હે પ્રિયે ! હવે મારું આયુષ્ય પૂરું થઇ ગયું છે. તેં મારા માટે જે મહેનત કરી તે બધી તદ્દન નિષ્ફળ ગઇ છે. (૬૨-૬૩). સાચે જ હું તારો પૂર્વ જન્મનો દુશ્મન છું. એટલે મેં તને બહુ દુ:ખી કરી. આ સિવાય બીજું કારણ તો હું જાણતો નથી. (૬૪). જો તું અહીં જ રહેશે તો મારાં મા-બાપ તને દીકરાની જેમ જ પાળશે અને અહીં રહેવાનું તને ન ગમે તો તું તારા પિતાના ઘરે જજે. (૬૫).

મારા જેવો હતભાગી મનુષ્ય તારાં આ સૌંદર્યને લાયક નથી અને મારા જેવા રોગીનાં ખરાબ અંગના સ્પર્શથી તું સૌભાગ્ય વિનાની થઇ છે. (૬૬). પતિનાં આવાં વચન સાંભળીને પત્ની મૂર્છા ખાઇને નીચે પડી અને પતિના પગમાં માથું મૂકીને ખૂબ દુ:ખી થઇને સાવિત્રી કહેવા લાગી કે અરેરે ! હે પ્રાણનાથ ! આ અજ્ઞાની અને મૂઢ એવી દાસીનો ત્યાગ કરશો નહિ. આપના જેવો બીજો કોઇ દાતા નથી. સ્ત્રીને પતિ સિવાય બીજી કોઇ ગતિ

નથી. (૬૭-૬૮). હે નાથ ! જ્યાં આપ હશો ત્યાં જ હું પણ હોઇશ. એમાં કોઇ શંકા લાવશો નહિ. પ્રારબ્ધે જ આપણને ભેગાં કર્યાં છે. (૬૯). એ બંનેની વાત સાંભળીને માતાપિતા પૃથ્વી પર ઢળી પડ્યાં અને દુઃખથી હાથ ઘસવા લાગ્યાં.(૪) (૭૦).

ત્યારે સાસુ સસરાને ઉઠાડીને એમને આશ્વાસન આપીને પગે લાગતાં સાવિત્રીએ કહ્યું કે હે બા ! હે બાપુજી ! તમે જરા પણ ચિંતા કરશો નહિ. મને શ્રદ્ધા છે કે મારા સ્વામી જરૂર જીવશે. હું ભગવાનને પ્રાર્થના કરું છું. માટે હવે તમે રડશો નહિ. બચાવનારો શાંતમૂર્તિ દત્ત છે. (૭૧-૭૨). ગાણગાપુરમાં શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ વસે છે. લોકો એમ કહે છે કે એમના દર્શનથી અનેરાં કામો સાકાર થાય છે. (૭૩). નિષ્કલંક કીર્તિવાળા એ સંન્યાસીશ્રેષ્ઠ ખરેખર સાક્ષાત્ ત્રિમૂર્તિનો અવતાર છે. તમે મને પતિ સાથે ત્યાં જવાની રજા આપો. (૭૪). એમનાં દર્શનમાત્રે જ પતિની તબિયત સુધરી જશે. મને જલદીથી ત્યાં જવા દો એવું નમ્રતાથી વંદન કરીને કહેવા લાગી. (૭૫).

એની વાત સાંભળીને સાસુ અને સસરાએ પુત્ર પ્રત્યેના પ્રેમને વશ થઇને એની ઇચ્છા તરત જ સ્વીકારી અને એને જવાની રજા આપી. (૭૬). રોગીને બંધ પાલખીમાં બેસાડીને, જવાના માર્ગની વ્યવસ્થા કરીને પછી સાવિત્રી બોલી કે હવે આપ ઘરમાં મન લગાડીને નિરાંતે રહો. મને મારો પતિ પ્રાણથી પણ વધારે વહાલો છે. એ ચોક્કસ નીરોગી થઇ જશે. (૭૭-૭૮). મને ચોક્કસ ખાત્રરી છે કે કુળદેવતા એની રક્ષા કરશે. એમ કહીને એ સાસુ-સસરાને પગે લાગી. (૭૯). 'તું આ ઘરની લક્ષ્મી છે અને આ ઘરની મહારાણી છે', એવું આશ્વાસન આપતાં વચનો ગદ્ગદ્ કંઠે બોલીને તેમણે એને આશીર્વાદ આપ્યા. (૮૦).

હે સૌભાગ્યવતી સતી ! તારા નસીબના જોરે મારો આ દીકરો લાંબો સમય જીવો, એમ કહીને જવાની આજ્ઞા આપી. (૮૧). તું પતિને પાછી લઇને વહેલી વહેલી સુખેથી પાછી આવ એવું કહીને, આશિષ આપીને સાસુ-સસરાએ એને ગાણગાપુર જવાની સ્નેહપૂર્વક સંમતિ આપી. (૮૨). પછી પતિની સાથે એ પતિવ્રતા સાવિત્રી ધીમે ધીમે રસ્તો કાપતાં કાપતાં ઘણા થોડા સમયમાં ભીમા નદીના કિનારે આવી. (૮૩). લાંબો રસ્તો કાપતાં રોગના ત્રિદોષ કોપ્યા અને ગામની નજીક જતાં રોગી બેહોશ થઇ ગયો. (૮૪). દુઃખ સાથે એને તરત જ નીચે મૂકીને સતી સાવિત્રીએ પૂછ્યું કે શ્રીગુરુ ક્યાં છે? ગામના લોકોએ કહ્યું કે હમણાં જ સ્નાન માટે સંગમે ગયા છે. એ સાંભળીને સતીએ ત્યાં જવાની ઇચ્છા કરી અને પતિ પાસે અંતવેળાએ ગઇ. (૮૫-૮૬).

ત્યાં તો એકદમ જ પતિના પ્રાણ એકાએક ઊડી ગયા. પત્ની તો દિઙ્મૂઢ થઇને જોતી જ રહી ગઇ અને કશું કરી શકી નહિ. (૮૭). અરેરે ! એમ આક્રંદ કરતી હાથમાં છરી લઇને મરવા માટે તૈયાર થઇ ગઇ ત્યારે દયાળુ ગામ લોકોએ એને રોકી. (૮૮). સતી બોલી કે આ મારું નસીબ કેવું? એની આવી સ્થિતિ થઇ જ કેવી રીતે? હે પ્રભુ ! હું તો બીજી બધી આશા છોડીને તારા શરણે આવી હતી. (૮૯). મને એવો વિશ્વાસ હતો કે તું મારા પતિને સારો કરશે. હે હરિ ! એ વિશ્વાસ કેમ નિષ્ફળ ગયો? હે શિવ ! તું મારા પર કેમ રૂઠ્યો છે? (૯૦). મંદિરમાં પૂજા કરવાના હેતુથી જનાર પર મંદિર પડે અને એના મસ્તકના ચૂરેચૂરા કરી નાંખે એવું તો ક્યાંયે સાંભળ્યું નથી ! (૯૧).

પરંતુ આજે એ મેં નજરોનજર જોયું. ગરમીથી કંટાળેલો માણસ છાંયડા માટે જાય અને એના માથા પર ઝાડ પડે એવું થયું. (૯૨). તરસ્યો થઇને માણસ પાણી પીવા માટે જાય અને મગર તેને સકંજામાં સપડાવે તેવું જ અરેરે ! મારા કિસ્સામાં બન્યું છે. (૯૩). વાઘના ડરથી ગાય યવનના શરણે જાય અને એ યવન જ એનો અધવચ્ચે ઘાત કરે એવું જ મારા જીવનમાં પણ થયું. (૯૪). હું ફૂટેલા નસીબની, પાપિણી, પતિનો ઘાત કરનારી, માતા-પિતા, સાસુ-સસરાને છોડીને આટલો લાંબો રસ્તો કાપીને અહીંયાં આવી પણ આખરે બધું નકામું ગયું એમ કરી દુ:ખી થઇને રડવા લાગી. નગરના લોકો વિવિધ રીતે એને આશ્વાસન આપવા લાગ્યા અને કહેવા લાગ્યા કે હે સૌભાગ્યવતી ! તું શું કામ રડે છે? તું નાહકનો શોક ના કર. તું વિચાર કર કે ભાગ્યને ફેરવવા માટે કોઇ સમર્થ છે કે?(૫) (૯૫-૯૭).

જેમ જેમ ગામનાં સ્ત્રી-પુરુષો એને અનેક રીતે આમ સમજાવતાં હતા તેમ તેમ આગળનાં સુખને યાદ કરીને એ આવેલા દુ:ખથી વધુ રડવા લાગી. (૯૮). એ બોલી કે હે ભાઇઓ અને બહેનો અને હે મારી મા ! હું શું બોલું? હું ગુરુજીની પાસે ઘણી આશા સાથે આવી હતી. (૯૯). મારા પતિની તબિયત સારી થઇ જશે એવા દૃઢ વિશ્વાસ સાથે હું અહીંયાં આવી હતી. હવે મારી રક્ષા કોણ કરશે? હું કોને શરણે જાઉં? મને હવે કોણ માર્ગદર્શન આપશે? અરેરે ! પ્રાણપ્રિય પતિના વિયોગમાં એક ક્ષણ માટે જીવવું પણ શક્ય નથી. (૧૦૦-૧૦૧). છેક બાલ્યાવસ્થામાં તેમજ લગ્નસમયે પણ હૈયામાં પ્રેમ રાખીને મેં પાર્વતી તથા શંકરને પૂજ્યાં હતાં. (૧૦૨). સૌભાગ્યને માટે મેં ભક્તિભાવથી મંગલાગૌરીનું વ્રતાર્ચન કરીને સૌભાગ્યદાયી હરિતાલિકાદિ જેવું ઘોર વ્રત પણ કર્યું હતું. (૧૦૩). શું એ બધું કરેલું પાણીમાં ગયું? શું મા પાર્વતી રૂઠ્યાં છે? મેં ચોળી, કંકણ ને કેશ આપનાં વરદ ચરણમાં અર્પણ કર્યાં હતાં !! (૧૦૪). કાળરૂપી ચોરે આવીને મારું મંગળસૂત્ર તોડી નાંખ્યું અને મારાં સૌભાગ્યની સેંથીની હળદર હરી લીધી અને એ રીતે મને લૂંટી લઇને મને ગરીબ (પરવશ) બનાવી દીધી ! (૧૦૫).

મારું પુણ્ય ક્યાં જતું રહ્યું? પાર્વતી અને શંકરને પૂજ્યા તે પણ શું નકામું ગયું? એણે મારો વિશ્વાસઘાત કેમ કર્યો એ મને હે બહેન અને બા ! સાચે સાચું કહો. (૧૦૬). મારા પ્રાણ સમાન મારો પતિ મૃત્યુ પામ્યો તો મારે હવે શા માટે જીવવાનું? મારો પતિ કાંઇ બીજાના પતિ જેવો ન હતો. હે બહેન ! હે બા ! અરેરે ! આ મોટું દુ:ખ આવી પડ્યું છે. (૧૦૭). આમ એ ત્યાં અનેક રીતે દુ:ખ કરતી હતી અને પતિનું મુખ જોતાં તો ખૂબ જ વિલાપ કરતી હતી. (૧૦૮). મૃત્યુ પામેલા પતિને પણ વીંટળાઇ વળીને અને એનો પ્રેમ યાદ કરીને સતત રડ્યા જ કરતી હતી. (૧૦૯). એ કહેવા લાગી કે હે સ્વામી ! હે પ્રાણેશ્વર ! અરેરે ! તમે મને છોડીને કેમ જતા રહ્યા? મેં શું તારું કહ્યું નથી માન્યું, તેથી તેં આ રસ્તો પકડ્યો છે? (૧૧૦).

અરેરે ! હે નાથ ! મારું નસીબ કેમ ફૂટી ગયું? તું તો મારા ગરીબનો ખજાનો હતો. એ આજે કેમ ખોવાઇ ગયો? (૧૧૧). મેં હઠ કરીને તને સ્વજનોથી અળગો કર્યો અને તારાં મોત માટે જ હું તને અહીં લઇ આવી. હવે હું બધાને શું મોઢું બતાવીશ? (૧૧૨). જેમ શ્રવણને દશરથે અધવચમાં જ મારી નાંખ્યો હતો તેમ મેં પણ તને આ મૃત્યુનો માર્ગ બતાવી દીધો ! (૧૧૩). મેં જ તને માતા પિતાથી અળગો કરીને મારી નાંખ્યો. તારાં મૃત્યુની વાત હું કરીશ એટલે એ બન્ને પ્રાણત્યાગ કરી દેશે. (૧૧૪). આમ મારા હાથે આ ત્રણ હત્યા થશે. ખરેખર ! હું તારી

દુશ્મન જ છું. મારા જેવી પતિને મારી નાંખનારી બીજી કોઇ પાપિણી નહિ હોય. (૧૧૫).

હું અત્યંત નિંદાને પાત્ર એવી ચાંડાલણ છું કે હે પ્રાણપતિ ! મેં તારા બળજબરીથી પ્રાણ હરી લીધા છે. (૧૧૬). હું તારી પત્ની નથી પણ તારી દુશ્મન છું. ધારદાર છરીની જેમ તારાં શરીરમાં ભોંકાઇને મેં તારો જીવ લીધો છે. (૧૧૭). જો તારાં મા-બાપ અને ભાઇ ભાંડુઓ અહીંયાં હોત તો તેમને ઓછું દુ:ખ થાત. મેં બહુ મોટું વિઘ્ન કર્યું છે. (૧૧૮). સાસુ સસરાની આશા પણ પૂરી થઇ શકી નહિ. એમને ઘડપણમાં આમ છોડીને તેં કેમ આ રસ્તો પકડી લીધો? (૧૧૯). તું એમનો એકનો એક દીકરો હોવાથી હવે એમને પાળનારો બીજો કોઇ રહ્યો નહિ. અરેરે ! હું પણ દીન અને અનાથ થઇ ગઇ ! આ તો છેક અધર્મ જ ગણાય ! (૧૨૦).

કમનસીબવાળી હું ક્યાં જાઉં? મને અનાથને કોણ સાચવશે? મારી સાથે કશી જ વાતચીત કર્યા વગર જ તેં બારોબાર રસ્તો પકડી લીધો. (૧૨૧). તું મારો પ્રાણેશ્વર છે. હું તારો પ્રેમ કેવી રીતે ભૂલી શકું? તું બીજાના જેવો નથી. તેં મને ખૂબ પ્રેમથી સાચવી હતી. (૧૨૨). હે નાથ ! સ્વપ્નમાં પણ હું તારાથી અલગ સૂતી નથી. તારી સાથે જ હંમેશાં ખાધું પીધું છે. હે પિયુ ! એ વાત કેવી રીતે ભુલાય? (૧૨૩). એ બધું યાદ આવતાં મારું તો હૈયું ફાટી જાય છે. હવે તારા વગર જીવાય જ કેવી રીતે? હે નાથ ! એ મારાથી કેવી રીતે સહન થાય? (૧૨૪). તું મારો પતિ નથી પણ મારો પ્રાણ જ છે. તારા ક્યા ક્યા ગુણને યાદ કરું? તારી ધર્મપત્નીને આમ એકદમ છોડીને ઉદાસ થઇને ક્યાં જાય છે? (૧૨૫).

હું કોને શરણે જાઉં? કોણ મને સાચવે? બાળરાંડનો જનાપવાદ મારા કપાળે ચોંટ્યો છે. (૧૨૬). અરેરે ! હે પ્રાણનાથ ! તમે મારી સાથે એક પણ ગોઠડી માંડી નથી. હવે હું મારા વાળ કઢાવીને ક્યું મોં લઇને આપણે ગામ જઉં? (૧૨૭). જ્યાં સુધી તારો મારા પર પૂરેપૂરો પ્રેમ હતો ત્યાં સુધી મેં મારાં મા-બાપને પણ કોઇ દિવસ યાદ કર્યાં નથી. (૧૨૮). એમના બોલાવવા છતાં પણ હું પિયર ગઇ નથી. તો પછી હવે વિધવા થઇને હું કેવી રીતે જઉં? (૧૨૯). મારા પિયર જવાથી તારી સેવા ચાકરીમાં તકલીફ પડે એમ માનીને હું બાપના ઘરે ગઇ નથી અને તને વશ થઇને રહી છું. (૧૩૦).

જ્યાં સુધી મારે માથે તારું શિરછત્ર હતું ત્યાં સુધી હું બધે પવિત્ર મનાતી હતી. તારા જવાથી હવે હું આલોક અને પરલોકમાં નિંદાને પાત્ર બની ગઇ છું. (૧૩૧). જો હું હવે સાસુ સસરા પાસે જઉં તો મારું મુખ જોઇને બંને જણા મરી જશે. આપણું પુણ્ય ઘર હવે વન બની જશે. (૧૩૨). તારી તબિયત સારી કરવા માટે હું તને અહીં લઇ આવી છું. હવે હું તને છોડીને દુષ્ટ રાક્ષસીની જેમ ફરી પાછી ઘરે કેવી રીતે જઇ શકું? (૧૩૩). આમ એ સતી સ્ત્રી અનેક રીતે દુ:ખ કરતી હતી ત્યાં જ અચાનક એક સિદ્ધ યોગીશ્રેષ્ઠ આવી પહોંચ્યો. (૧૩૪).

એનું શરીર ભસ્મથી લેપાયેલું છે. એણે રુદ્રાક્ષ ધારણ કર્યા છે, હાથમાં ત્રિશૂલધારી એને જટાધારી સુંદર દેહવાળો તપસ્વી ત્યાં આવીને ઊભો રહ્યો. (૧૩૫). સતીને આશ્વાસન આપતાં એણે કહ્યું કે તું મૂર્ખની માફક શું કામ રડે છે? વિધિના લખ્યા લેખ ટાળ્યા ટળતા નથી માટે તું રડ નહિ. (૧૩૬). પૂર્વ જન્મમાં કરેલાં કર્મનું ફળ પીઠમાં ચોંટ્યું છે. એ વાત તું નિશ્ચિતપણે સ્વીકારી લે. ત્રણે કાળમાં એ ટળી શકતું જ નથી. એટલે એનો શોક કરવો

નકામો જાણ. (૧૩૭). ભલે તું આઠ દિવસ સુધી રડ્યા કરે તો પણ શું ગયેલા પ્રાણ પાછા આવશે? વિધિએ લખેલા લેખ પ્રમાણે જ થાય છે. (૧૩૮). તું તો મૂરખની જેમ શોક કરે છે. તું જ કહે કે કોણ અમરપટો લખાવીને આવ્યું છે? કોને મૃત્યુ નથી આવવાનું? તું મને વિસ્તારથી કહે જોઉં. (૧૩૯). તું આને 'મારો પતિ' છે એવું કહે છે તો તું કહે કે એ ક્યાં ગયો છે? એ ક્યાંથી આવ્યો હતો? તું કોણ છે? અને તારાં મા-બાપ પણ કોણ છે? (૧૪૦).

પૂરમાં જેમ લાકડાનો ટુકડા પ્રારબ્ધવશ એકઠા થાય છે અને એકઠા થઇને બીજી જ ક્ષણે છૂટા પડી જાય છે, ઝાડ ઉપર પક્ષીઓનો સમૂહ રાતે ભેગો થાય છે અને સવાર પડતાં છૂટો પડી જાય છે તેમ આ બધું તું માન. (૧૪૧-૧૪૨). એ જ રીતે તું જ કહે કે આ સંસારમાં જન્મ્યો કોણ? અને મર્યો કોણ? સ્ત્રી, પુત્ર વગેરે ઘણા માયામય ખૂણાવાળી ભ્રાંતિ છે. (૧૪૩). જેમ ગંગાજળમાં પવનથી પરપોટા થાય છે તેમ કર્મના કારણે આ દેહ ઉત્પન્ન થાય છે પણ એ બધા નશ્વર છે. (૧૪૪). આત્મા ખરેખર અજ અને અક્ષય છે પરંતુ એ વાતને ભૂલી જઇને જે ખરેખર જડ છે એ દેહને તું પોતાનો પતિ કહે છે. (૧૪૫).

પાંચભૂતનો એ ગૌણ આત્મા કર્મથી થયો છે. ગુણાનુબંધી કર્મ પણ સુખ દુઃખ આપનારું છે. (૧૪૬). આ માયામય સંબંધ પણ ગુણાત્મક છે. મૃગજળની જેમ દેખાવા છતાં એ સાચો નથી. (૧૪૭). આ ત્રિગુણી માયાથી આત્મા અલિપ્ત છે. સત્ત્વ, રજસ અને તમસ એ બધા પ્રકૃતિમાંથી જન્મેલા ગુણો છે. (૧૪૮). આ સંસારમાં પ્રાણીમાત્ર કર્મને આધીન સમજ. કર્મ પ્રમાણે તે સુખ દુઃખ પામે છે. (૧૪૯). કલ્પ વર્ષના આયુષ્યવાળા દેવો પણ કર્મને આધીન છે. એ બધાનો કાળ કોળિયો કરે છે ત્યાં મૃત્યુ લોકના રાંક માનવીની તો વાત જ શી? (૧૫૦). આ શરીર કાળને આધીન હોવાથી કાળ એની સાથે આવે છે. આ પાંચભૂતના બનેલા શરીરને કોણ શાશ્વત કહેશે? (૧૫૧). આ પંચભૂતોનું બનેલું શરીર કાળ, કર્મ અને ગુણને આધીન છે. એટલે એના જન્મથી આનંદ અનુભવવો નહિ અને મૃત્યુ અંગે શોક કરવો નહિ. (૧૫૨). જ્યારે એ ગર્ભમાં આવ્યો ત્યારે પણ નશ્વર જ હતો. જ્યાં સુધી પ્રારબ્ધ હોય છે ત્યાં સુધી આ શરીર ટકે છે અને એનો એકદમ નાશ થતો નથી. (૧૫૩). કોઇનું બાળપણમાં મૃત્યુ થાય છે તો કોઇનું ઘડપણમાં મૃત્યુ થાય છે. જેનું જેવું પ્રારબ્ધ હોય છે તે રીતે શરીર ટકે છે. (૧૫૪). પૂર્વ જન્મનાં પુણ્ય અને પાપે આ જન્મે સુખ, દુઃખ વગેરે મળે છે. કર્મ પ્રમાણે જ સ્ત્રી, પુત્ર વગેરે અહીં આવીને મળે છે. (૧૫૫).

કર્મ પ્રમાણે વિધિએ લલાટમાં જે સુખ દુઃખ લખ્યાં હોય છે તે બોલ, કેવી રીતે મિથ્યા થાય? (૧૫૬). કોઇવાર પુણ્યકર્મના પ્રભાવે દુષ્કર્મ થોડા સમય પૂરતું ટળે છે પરંતુ મૃત્યુને તો દેવ, માનવ કે ક્રૂર દાનવ પણ ટાળી શકતા નથી. (૧૫૭). જો આ સંબંધ હંમેશાનો હોય તો ગયા જન્મે તું કોની પત્ની હતી તે કહે અને હવે પછીના જન્મમાં તું કોની પત્ની થશે તે કહે. આ દુઃખ તું બંધ કર. (૧૫૮). તારા કેટલાયે જન્મ વીતી ગયા છે તો એ જન્મમાં તું કોણ હતી અને હવે પછીના જન્મમાં શું થશે એ હે બહેન ! તું વિચારીને કહે. (૧૫૯). ચામડી, લોહી, હાડકાં, માંસ, હાડકાનો માવો, કફ, વિષ્ઠા અને મૂત્રનું બનેલું આ શરીર અંદરથી અને બહારથી ત્યજી દેવાને પાત્ર છે અને એ પરાધીન છે. (૧૬૦).

આવા ગંદા દેહમાં પ્રેમ કરવા જેવું શું છે તે કહે ! મળ મૂત્રથી ભરેલો આ દેહ ત્યજી દેવાને લાયક છે. એનો શોક કરવો નકામો છે. (૧૬૧). મુનિએ કહ્યું કે મુશ્કેલીથી તરી શકાય એવો આ સંસાર સાગર કેવી રીતે સરળતાથી તરી શકાય એનો જ વિચાર કરવો જોઇએ.(૧) (૧૬૨).

એ તપસ્વીનો ઉપદેશ સાંભળીને અને એનું રહસ્ય સમજીને પતિવ્રતા સાવિત્રીએ સમજુ બની માયિક શોક છોડી દીધો. (૧૬૩). એ તપસ્વીનાં ચરણમાં માથું મૂકી દઇને, એમને પગે લાગી વિનયનમ્ર થઇને તેણે કહ્યું કે હે સ્વામી ! તું મારો ઉદ્ધાર કર. (૧૬૪). તું મને જેમ ઉપદેશ આપશે તે પ્રમાણે હું અક્ષરશ: કરીશ. તું જ મારાં માતા-પિતા છે. હે દયાના ભંડાર ! તું મારો જલદીથી ઉદ્ધાર કર. (૧૬૫). તું જે રસ્તે જવા કહેશે તે રસ્તો હું પકડીશ. એમ કહીને એનાં ચરણમાં સતીએ પોતાનું માથું મૂકી દીધું. (૧૬૬).

એનાં વચનો સાંભળીને પ્રસન્ન થયેલા મુનિશ્રેષ્ઠે સ્ત્રીઓને તારનારા બન્ને પ્રકારના સધવાના અને વિધવાના ધર્મો કહ્યા. જેનું અનુસંધાન આગળ ઉપર આવશે જે નક્કી સર્વ પ્રકારની ઇચ્છાને આપનારું છે. ખૂબ ધિરજવાળા સંતો એ સાંભળો એવું રંગ ગંભીરતાથી કહે છે. (૧૬૭-૧૬૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પતિવ્રતાશોકહરણ'** નામનો **ચોર્યાસીમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૮૪

(૧) ગુરુ શિષ્યનો સંબંધ એ અલૌકિક સંબંધ છે. ગુરુની વૃત્તિમાં શિષ્યે પોતાની વૃત્તિ સમાવી દેવાની છે. ગુરુને શું ગમે? ગુરુને શાની જરૂર પડશે? બસ ! આનું જ ચિંતન કર્યા કરતા સેવા કરનાર શિષ્ય ઉપર શ્રીગુરુ એવા રીઝે છે કે પછી એને તેઓ પોતાનું રૂપ આપી દે છે, પોતાના જેવા બનાવી દે છે. એક ભજનમાં પૂ.શ્રીએ કહ્યું છે કે 'આપ સમાન કરે શિષ્યનકો દેવે પદ નિરબાના' એ પંક્તિને સમજી લઇએ તો બસ. ગુરુ અલખ શિષ્ય નિરંજનની વૃત્તિથી એવા ખુશ છે કે એને સામેથી આલિંગન આપે છે. સંતોને એના પ્રાણ કરતાં પણ એના સિદ્ધાંતો વધારે વહાલા હોય છે માટે સંતના સિદ્ધાંતોનું જે બરાબર પાલન કરે તેના પર સંત અચૂક રીઝે છે. આપણે પણ આપણા ગુરુ મહારાજ રંગ બાપજીના નિયમોનું સત્ત્વ પારખી એનું પાલન કરીએ તો એ જરૂર રાજી થાય જ.

(૨) દોહરા ૧૯ થી ૨૨ સમજવા જેવા છે. સંતની પ્રસિદ્ધિ થતાં જ સ્વાર્થ સાધવા લોકોનાં ટોળે ટોળાં ઊમટવા માંડે છે. એમને આધ્યાત્મિક પ્રગતિમાં રસ નથી, ભૌતિક સુખમાં જ રસ છે. સંત પણ એ જાણીને એને ભૌતિક સુખ આપી દે છે. જેમ નાનાં છોકરાંને એનું મનગમતું આપી દઈએ એટલે જીવ ખાતો અટકે એમ. શ્રીગુરુની કૃપા એ એવી વસ્તુ છે કે બધી મનોકામના ફળે છે. પરંતુ જો શિષ્ય ઊંચી સાત્ત્વિક વૃત્તિવાળો હોય તો તો એના મનમાં કોઈ ઈચ્છા જ ન થાય. સંત તો તમે જે માગશો તે આપશે. શું માગવું એ સાધકે નકકી કરવાનું છે.

(૩) દોહરા ૩૧ થી ૪૨ પ્રસન્ન દામ્પત્યજીવનના અને સ્ત્રીના પતિપ્રેમની પરાકાષ્ઠાનાં દર્શન કરાવે છે. પતિની માંદગી એટલે પોતાની જ માંદગી. પતિ એ જ પરમેશ્વર. પતિના સુખે સુખી અને પતિના દુ:ખે દુ:ખી. આમાં સ્ત્રીની ગુલામી નથી પણ ગૃહસ્થ ધર્મને મહેકતો કરવાની સેવાવૃત્તિ છે. આજે આ વૃત્તિની ઉપેક્ષા કરવાથી લગ્નજીવન અને પછી અંગત જીવન દુ:ખભર્યાં બન્યાં છે જે કયારેક અંતે આપઘાત તરફ લઈ જાય છે. એક પલ્લામાં સ્ત્રી સ્વાતંત્ર્ય, સ્ત્રી સન્માન અને બીજા પલ્લામાં પતિપ્રેમ, પતિ પ્રત્યે આદર, એ બે વચ્ચે સમતુલા જળવાય તો સમાજ માટે શ્રેષ્ઠ પરિસ્થિતિ નિર્વાણ થાય. ભોગને બદલે ત્યાગ દ્વારા સુખ માણવાનો ભાવ જન્માવવામાં આપણા બાપજી જેવા સંતો સારો ફાળો આપે છે.

(૪) દોહરા ૪૯ થી ૭૦ કરુણ રસના છે. વાંચતાં આંખ ભીની થઈ જાય એ સ્વાભાવિક છે. એકના એક દીકરાની માંદગી માટે દાકતરો પણ હાથ ઊંચા કરી દે ત્યારે મા-બાપ અને પત્ની ઉપર શી વીતતી હશે? પોતાનાં કર્મનો વિચાર કરીને પોતાનો જ દોષ શોધવાની વૃત્તિ સાચી છે અને બીજું ઈષ્ટદેવ ઉપર પૂરી શ્રદ્ધા-ભરોસો રાખી એની આર્ત-પ્રાર્થના કરવી એ સાચી સમજ છે. પ્રાર્થના ઘણું બધું કરી શકે એમ છે. માણસ બધું સમજતો હોવા છતાં પોતાનું સર્જન-પોતાનું સંતાન જ્યારે ગુમાવવાનું આવે ત્યારે આકુળ-વ્યાકુળ બને એ સ્વાભાવિક છે. આપણા બાપજીએ તો કંઈ કેટલાયે ભકતોની ડૂબતી નાવડીને તારી છે એ હકીકત છે. આપણે પણ શ્રીગુરુલીલામૃતનાં પારાયણ દ્વારા સાચી પ્રાર્થના કરવાનું શીખીએ તો ઘણું સારું.

(૫) દોહરા ૮૯ થી ૯૪માં અનન્ય શરણભાવ મિશ્રિત વિનયક્રોધ છે. શ્રીગુરુમાં અડગ શ્રદ્ધા તો છે જ પરંતુ પતિનું મૃત્યુ થતાં જ શ્રીગુરુને કડક શબ્દમાં મહેણાં-ટોણાં મારવાનો અધિકાર આર્ત ભકત ભોગવે છે. પોતાની અડગ શ્રદ્ધા અને તેનાં વિપરીત ફળને વર્ણવવા માટેનાં દષ્ટાંતો ખૂબ જ સરસ છે. જેનું શરણું લઈએ તેની તો ફરજ છે કે તે રક્ષણ કરે પરંતુ એ જ વ્યક્તિ વિશ્વાસઘાત કરીને રક્ષણને બદલે ભક્ષણ કરે તો કેવું થાય? આવી પરિસ્થિતિને બોલ્યા વગર હસતાં હસતાં સહન કરે અને એમાં પણ મારું કાંઈ ભલું જ થતું હશે એવું માને તે જ્ઞાની. પરંતુ આર્તભકત તો પોતાના આરાધ્ય દેવને, પોતાના ગુરુને ઠપકો આપે. મિત્ર મિત્ર વચ્ચે, પતિ-પત્ની વચ્ચે અને દેવ-ભકત વચ્ચેના આવા મીઠા ઝઘડાથી તો પ્રેમ વધે છે.


(૬) દોહરા ૧૩૬ થી ૧૬૨માં કેવળ વેદાંતના જ્ઞાનની ચર્ચા છે. દેહ એ આત્મા નથી. દેહથી આત્મા જુદો છે એ વાત ઉપર ભાર મૂકાયો છે. અજ્ઞાન વ્યક્તિ દેહને જ આત્મા માની મૃત્યુનો શોક કરે છે. આ શોક દૂર કરવા માટે બે-ત્રણ વાતોની ચર્ચા કરવામાં આવી છે.

એક તો આપણને મળતાં સુખ-દુ:ખ એ આપણાં જ કર્મોનું ફળ છે એટલે એને માટે બીજાના પર દોષારોપણ કરવું નહિ. બીજું પ્રારબ્ધમાં લખેલું બનીને જ રહે છે અને એ ભોગવ્યે જ છૂટકો. ત્રીજું પ્રારબ્ધ ભોગવવાનું હોય ત્યાં સુધી જ દેહ ટકે છે. પ્રારબ્ધ પૂરું થતાં દેહ ગમે તેટલા પ્રયત્ન કરો તો પણ ટકતો નથી. ચોથું આ સંસારમાં ઋણાનુબંધે બંધાતા સંબંધો ક્ષણિક છે, કાયમી નથી. દેહ જડ છે અને એના જન્મથી આનંદ કે મૃત્યુથી દુ:ખ કરવા જેવું નથી. આ અનિત્ય અને ગંદા દેહની આસક્તિ કરવા જેવી નથી.

અને છેલ્લે જેનાથી આ સંસાર સરળતાથી તરી જવાય તેનો વિચાર કરવો જોઇએ. દેહની આસક્તિ રાખવાથી તો જન્મ-મરણનું ચક્કર ટળતું નથી. આત્મા અજર, અમર અને અવિનાશી છે. તેનું ચિંતન થવું જોઇએ.

●

# અગત્યની નોંધ

# જીવન વ્યવહાર

જીવનનો વ્યવહાર તને શીખવાડે છે અવધૂત,
ઘરમાં સ્વર્ગ ઉતારવા કાજે વાંચ ગુરુલીલામૃત,
અમૃતનું પાન કરાવે, સાચું તને ભાન કરાવે.

પથ્થરને તેં દેવ ગણ્યા ને ખર્ચ્યા લાખો ભાઈ!
માત પિતાને કાજ કદી તેં ખર્ચી ન રાતી પાઈ,
ગોઠવી ઊંધી બાજી, દેવ રહે ક્યાંથી રાજી? જીવન

'પતિ એ મારો પરમેશ્વર' એ મંત્ર જ ભૂલી ગઈ,
મંત્ર જપ્યાં બીજા લાખ હજારો ઊંધે રસ્તે તું ગઈ,
વળે ક્યાંથી તારો દા'ડો? સાચા પંથે રે ચાલો...જીવન

એક-બીજાના દેવ બનો[1] એ ભૂલ્યા ગુરુઉપદેશ,
દેવને ભૂલી મંદિર પૂજે વધાર્યા રાગ ને દ્વેષ,
વધી જીવનમાં ભ્રાંતિ, મળે તને ક્યાંથી શાંતિ? ...જીવન

પ્રેમ હશે ત્યાં દોડતો આવી ઊભો રહે પરમેશ,
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, અંતરમાં નહીં કલેશ,
આંતરડી સહુની ઠારો, સાચું એને પૂજન માનો...જીવન

પાપીગણુ તો રંગચરણમાં મૂકી દઈને શીશ,
વિનવે વ્હાલા! આપી દેજો અંતરના આશિષ,
કહ્યાલું તારું માનું, સાચા પંથે રે ચાલું...જીવન

૧. પરસ્પરદેવોભવ।

પ્રા. કુલીન ઉપાધ્યાય
અમદાવાદ

# શ્રીગુરુચરિત્ર (૧)

મહારાષ્ટ્રમાં ભક્તોની કામનાઓ પૂર્ણ કરનાર, કલ્પદ્રુમ તરીકે ઘેર ઘેર મશહૂર થયેલા એ શ્રીગુરુચરિત્ર ગ્રંથના વખાણ મારે કેવી રીતે કરવા ? xxxxxxxx ગુરુચરિત્ર એ પવિત્ર ગ્રંથ ભારતીય વૈદિક સંસ્કૃતિનો એક નાનો સરખો ભંડાર જ છે. દત્ત સંપ્રદાયવાળા તેને વેદતુલ્ય ગણે છે. તે એક સળંગ, સ્વયંસિદ્ધ મહામાલામંત્ર છે, એનો દરેક અધ્યાય માળાના મણકા સમાન હોઈ, દરેક ઓવી(કાવ્ય પંક્તિ)માં અદ્દભુત મંત્ર સામર્થ્ય ભરેલું છે. મંત્રજપના પાળવા યોગ્ય પથ્યોનું પાલન કરી, અમુક નિયમો મુજબ અનન્ય નિષ્ઠાથી એનાં અનુષ્ઠાન અને સપ્તાહનાં પારાયણ કરીને ઘણાએ પોતાનું અને પોતાના સંબંધીઓનું આલોક તથા પરલોકનું કલ્યાણ સાધી લીધાનાં અનેક ઉદાહરણો છે. બીજા સંપ્રદાયવાળાઓ પણ અનિષ્ટ ટાળવા માટે તથા ઈષ્ટની પ્રાપ્તિ કાજે આ અસામાન્ય એવા ગ્રંથનું વારંવાર શરણું લે છે એમ જણાય છે. xxxxxxxx

xxxxxxxx સૂક્ષ્મદષ્ટિએ જોઇએ તો દુનિયાની બધી તકરારો અર્થ-કામમાંથી જ પેદા થાય છે એમ જણાઈ આવશે. માટે જ, હમણાં ચાલુ રહેલી વિશ્વશાંતિની બીજી દોડધામના કરતાં બધા પુરુષાર્થનું મૂળ જે ધર્મ, તેનો પાયો મજબૂત કરવો જોઈએ અને પછી અર્થ-કામની ઈમારત આલિશાન ઊભી કરી ઉપર મોક્ષનો કળશ ચઢાવવો જોઈએ. તોજ વિશ્વશાંતિનું ધ્યેય સિદ્ધ થવામાં બહુ વાર નહિ લાગે.

આ સામાન્ય ધર્મનું વિશુદ્ધ અને રહસ્યમય વર્ણન ટૂંકમાં શ્રીગુરુચરિત્રમાં કરેલું નજરે પડશે. એના મૂળમાં પરંપરાગત તપશ્ચર્યા અને અનન્ય નિષ્ઠ સંકલ્પબળની જોડ હોવાથી તો ગ્રંથ આટલી અસામાન્ય માન્યતા પામ્યો છે.

પરંતુ આવા ગ્રંથમાં શું છે વારુ ? ચારસો પાંચસો વરસ પહેલાં થઈ ગયેલા શ્રીસદ્દગુરુ શ્રીપાદવલ્લભ, શ્રીનૃસિંહ સરસ્વતી રૂપી દત્તમહારાજની લૌકિક અને અલૌકિક સુમધુર લીલાઓનું વર્ણન, એમનું દિવ્ય, અદ્દભુત ચરિત્ર. ગુરુચરિત્ર એ શ્રીનો પરમ મંગલ અક્ષર દેહ છે. એને કેટલીયે વાર જોઈએ તો પણ મનને સંતોષ નહિ થાય એવો એ આસેચનક વાઙ્મય દેહ છે. આવી સુંદર મૂર્તિનો શિલ્પી છે શ્રીનો કૃપાપાત્ર, શ્રીની સેવામાં છેવટ સુધી તન અને મન ખર્ચીને પાણી ભરનાર ભક્ત શિરોમણિ એવા સાયંદેવના પૌત્રનો પૌત્ર[1] સરસ્વતી ગંગાધર. છ-સાત પેઢી સુધી સતત અનન્ય ગુરુભક્તિના સંસ્કાર વડે અંદર બહારથી નખશિખાંત (નખથી મસ્તક સુધી) ગુરુમય બનેલા આ ગુરુભક્તની કૃતિમાં એ આખોયે પુણ્યસંચય સંગ્રહાયેલો છે. એથી જ આ ગ્રંથનું શ્રદ્ધાપૂર્વક સેવન કરનારાં એટલે કે તેનું વિધિ પ્રમાણે પારાયણ કરનારના હૃદયમાં તે પુણ્ય સંસ્કાર દાખલ થાય છે અને એથી ઈષ્ટ પ્રાપ્તિમાં આડે આવનારા એમના અનિષ્ટ પાપ સંસ્કાર બળી જઈ આત્મશ્રેય પ્રાપ્ત થાય છે.

દુનિયામાં મનુષ્ય માત્રની બધી પ્રવૃત્તિ, બધી દોડધામ સુખને માટે હોય છે. પણ જેમ જેમ તે સુખની પાછળ વધુને વધુ દોડતો રહે છે તેમ તેમ તે સુખ તેને છેતરીને ક્ષિતિજની જેમ એનાથી દૂર ને દૂર દોડે છે અને કદાચ થોડું ઘણું હાથમાં આવે તોય તે કેટલું ? 'સુખ જોતાં જવના દાણા જેટલું ! પણ દુઃખ તો પર્વત જેવડું'. હોલામાંથી ચૂલામાં પડવા જેવું થાય.

એક દુઃખનો છેડો આવતો નથી ત્યાં બીજું મારી સામે આવીને ઊભું છે, એવી એની દયાજનક હાલત થાય છે. એક દુઃખમાંથી છૂટ્યો ત્યાં બીજું દુઃખ 'દત્ત કહીને' ઊભું રહે છે ! અને એમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે ત્યાં ત્રીજું દુઃખ સામે ઊભું જ છે. એનું કારણ શું ? તે દુઃખનું મૂળ છે અજ્ઞાન. અજ્ઞાનથી ક્ષણભંગુર એવી ચીજોમાંથી અર્થાત્ વિષય વાસનાઓમાંથી પેદા થનારું સુખ શાશ્વત ક્યાંથી હોય ? જ્યાં સુધી એ દુઃખના મૂળમાં રહેલું અજ્ઞાન દૂર ન થાય ત્યાં સુધી સુખની આશા ક્યાંથી સફળ થાય ?

---

૧. સાયંદેવનો પુત્ર નાગનાથનો પુત્ર દેવરાવ નો પુત્ર ગંગાધરનો પુત્ર સરસ્વતી

રંગ અવધૂત

(અમર આદેશમાંથી)